

સચિત્ર ગણધરવાદ

પન્યાસ અરુણવિજય ગણિવર્ય મહારાજ

પૂ. પંન્યાસજી શ્રી અરૂણવિજયજી ગણિવર્યમહારાજનો લાક્ષણિક પરિચય

રાજસ્થાન રાજ્યની મરૂસ્થલીના પાલી જિલ્લામાં-ગોડવાડ પ્રદેશના બાલી તાલુકામાં અરવલી પર્વતમાળાની ઉત્તરી તલેટીમાં આવેલ પ્રાચીન ઐતિહાસિક શ્રી હથૂણડી રાતા મહાવીરસ્વામી તીર્થની પાસે બીજાપુર ગામના આગેવાન શ્રેષ્ઠીવર્ય શ્રી ચંદુલાલ ખુશાલચંદ ઝવેરી પરિવારના સુપુત્ર સેવાભાવી કર્મઠ કાર્યકર્તા શ્રીમાન શા. ઝવેરચંદભાઈ ચંદુલાલ કામદારના, પોરવાલ જ્ઞાતીય ધર્મનિષ્ઠ સુપુત્ર શ્રીમાન શા. ગુલાબચંદજી ઝવેરચંદજી અને તેમની ધર્મપત્ની ૧૨ વ્રતધારી તપસ્વીની સુશ્રાવિકા શ્રીમતિ શાન્તાબેનના ૫ પુત્રોમાં જેષ્ઠ સુપુત્ર શ્રી અરૂણકુમારનું આ અવનિતલ પર અવતરણ યોગાનુયોગ શ્રી રાતામહાવીર સ્વામી ભ. ની પ્રતિષ્ઠાના શુભ દિવસે માગસર શુ. ૬ વિ. સં. ૨૦૦૬માં થયુ હતુ. ભાગ્યશાલી અરૂણકુમારે મુંબઈમાં સ્કુલનું વ્યવહારિક શિક્ષણ મેળવીને સંસારથી વિરક્ત બની ભર જૂવાનીમાં મહાભિનિષ્ક્રમણ કરી દીક્ષા લીધી પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી પ્રેમસૂરિ મ.સા.ના. ગુરૂબંધુ આચાર્ય દેવશ્રી સુબોધસૂરિ મ.સા.ના શિષ્યરૂપે પૂ. મુનિશ્રી અરૂણ વિજય મ.ના રૂપમાં દીક્ષિત-અણગાર થઈ જૈન શાસનના શણગાર બન્યા.

સંયમ જીવનની સાધનાની સાથે સાથે જ્ઞાનોપાસનામાં તલ્લીન બની રાષ્ટ્રભાષા રત્નની ઉપાધિ વર્ધાથી મેળવી અને સાહિત્યના ક્ષેત્રમાં પરીક્ષાઓ આપી ''સાહિત્ય રત્ન'' (M.A.)ની ઉપાધિ પ્રયાગથી મેળવી. વિદ્યાદાતા પંડિત ઈશ્વરચંન્દ્રજી શર્મા અને પુનાના પંડિતજી શ્રી રામચન્દ્ર શાસ્ત્રી (જોશી) પાસે વર્ષો સુધી વ્યાકરણ અને દર્શન શાસ્ત્રોનો મૌલિક અભ્યાસ કરી ભા.વિ. ભવન મુંબઈથી પરીક્ષાઓ આપી પૂજ્યશ્રીએ ન્યાયાદિ દર્શનોમાં ''શાસ્ત્રી'' (B.A.) અને દર્શનાચાર્ય (M.A.)ની ઉપાધિઓ પ્રથમ ક્રમાંકે હાંસલ કરી.

ગુરૂદેવ પૂ. આચાર્યદેવ શ્રી સુબોધસૂરિ મ.સાહેબે શ્રી ભગવતીસૂત્ર પર્યન્ત યોગોદ્વહન કરાવીને ગણિવર્યની પદવીથી સુશોભિત કર્યા. પુના નગરીમાં પૂજ્યશ્રીને ''પંન્યાસ'' પદથી અલંકૃત કરવામાં આવ્યા.

દેવ ગુરૂની અસીમ કૃપાથી સચિત્ર વ્યાખ્યાતા અને સારા લેખક રૂપે પૂજ્યશ્રીની પ્રતિભા વિકસી. તેઓશ્રીના સચિત્ર શૈલીના પ્રવચનો એક અનોખી ભાત પાડે છે. જેથી સચિત્ર શૈલીના પ્રવચનકાર તરીકેની ખ્યાતી સર્વત્ર પ્રસરી છે. વિશેષે કરીને યુવા વર્ગ માટે અનેક વર્ષોથી શિબિરોના માધ્યમથી

● હથૂણ્ડી તીર્થ મંડન શ્રી રાતા મહાવીર સ્વામિને નમઃ ●

卐 એકાદશ ગણધરેભ્યો નમઃ 卐

❁ શ્રી વૃદ્ધિ–ધર્મ–ભક્તિ–પ્રેમ–સુબોધસૂરિભ્યો નમઃ ❁

અભિનવ ગણધરવાદ

—● પ્રવચનકાર અને લેખક ●—

પંન્યાસ શ્રી અરૂણવિજય ગણીવર્ય મહારાજ

(રાષ્ટ્ર ભાષા રત્ન, સાહિત્ય રત્ન, M.A.જૈન-ન્યાય - દર્શનાચાર્ય M.A.)

—● પ્રકાશક ●—

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર - મુંબઈ

- પુસ્તક નામ : ''સચિત્ર ગણધરવાદ'' ભાગ-૧
- લેખક : પૂ. સ્વ. આચાર્ય દેવશ્રી સુબોધસૂરિ મ.સા.ના શિષ્ય પંન્યાસ અરૂણવિજય ગણીવર્ય મહારાજ
- પ્રકાશક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર, મુંબઈ-૪.
- મુદ્રક : રમણિકલાલ રામચંદ સલોત, નોવેલ્ટી પ્રીન્ટર્સ, મુંબઈ-૭.
- શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન પુષ્પ - ૩૦.
- આર્થિક સહયોગ : વેપેરી જૈન શ્વે. મુ. સંઘ, શ્રી સંભવનાથ જૈન દેરાસર, ૫૯, ઈ.વી.કે. સમ્પથ રોડ, વેપેરી ચેન્નઈ (મદ્રાસ)-૬૦૦૦૦૭

પ્રથમ આવૃત્તિ	બીજી આવૃત્તિ	ઈ.સ.	વિ.સં.	વીર સં.
૩૦૦૦ નકલ	૧૦૦૦ નકલ	૧૯૯૭	૨૦૫૩	૨૫૨૩

મુલ્ય ફક્ત ૭૦ રૂપિયા ● પૂ. સાધુ-સાધ્વીજી ભગવન્તોને સાદર ભેટ

પ્રાપ્તિ સ્થાન

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર
૪૮, વસન્ત વિલાસ, ૩જે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી.પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪

શ્રી પાર્શ્વ પ્રકાશન
નિશાપોળના નાકે, ઝવેરીવાડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વીરાલયમ્ પુના
ઈન્દરમલ બોરાણા,
બોરાણા સ્ટોર્સ,
તિલક રોડ, પુના-૪૧૧૦૩૭
(મહારાષ્ટ્ર)

સરસ્વતી પુસ્તક ભંડાર
રતન પોળ, હાથીખાના,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

સંજીવ ડી. શાહ
૮૦, વેપેરી હાઈ રોડ,
ચેન્નઈ (મદ્રાસ) ૬૦૦ ૦૦૭
ફોન : ૫૩૨૫૮૪૨, ૫૩૨૫૮૯૨

બેંગલોર
શ્રી મહેન્દ્ર જ્વેલર્સ
૨૪/૨, પિલ્લપા લેન,
નગરથ પેઠ ક્રોસ બેંગલોર-૨
ફોન : ૨૨૧૫૨૯૩

અમદાવાદ
અમિત એસ. દલાલ
૪૦૧, સત્યમ ટાવર, ન્યુ વિકાસ
ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૭
ફોન : (ઓ) ૩૮૩૭૪૧

શ્રી હથૂણ્ડી રાતા
મહાવીર સ્વામી તીર્થ
પો. બીજાપુર, વાયા-બાલી, સ્ટે. ફાલના,
જિલા-પાલી, ૩૦૬ ૭૦૩. રાજ.

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
મુ.પો. શંખેશ્વર, (તા. સમી, જી. મહેસાણા), પીન-૩૮૪૨૪૬

સમર્પણ

અસીમ ઉપકાર છે જેમનો...
આ ભવ સંસારમાંથી ઉગારીને સંયમના
પંથે લાવ્યો... જ્ઞાન... ચારિત્રની
સુસાધના કરાવી સાધક બનાવ્યો....
એવા પૂજનીય ઉપકારી ગુરૂદેવ
બંધુ બેલડી...

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સા.

ના ગુરૂબંધુ

પ. પૂ. સ્વ. આચાર્યદેવ
શ્રી સુબોધ સૂરીશ્વરજી મહારાજ

ના
ચરણારવિંદમાં
કોટિ.... કોટિ.... વંદન સહ
ઉપકાર સ્મૃતિ સ્વરૂપે
સાદર સમર્પણ

પં. અરૂણવિજય મ.

શિક્ષા અને સાહિત્યના ક્ષેત્રે પ્રસાર-પ્રચાર દ્વારા જૈન શાસનની સેવા કરતી સંસ્થા

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર - મુંબઈ

પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી અરૂણવિજયજી ગણીવર્ય મહારાજ

(રાષ્ટ્રભાષા રત્ન, સાહિત્ય રત્ન M.A.) જૈન-ન્યાયદર્શનાચાર્ય M.A.(PH.D.)

ની શુભ પ્રેરણા...સદુપદેશ..., અને માર્ગદર્શન તેમની નિશ્રામાં વિદ્યાર્થી આલમમાં આચાર–પ્રચાર–પ્રસાર કરતી... સંસ્થાની પ્રાણભૂત એક પ્રવૃત્તિ

શિબ્રણ શિબિરોનું આયોજન

શ્રી મહાવીર જૈન ધાર્મિક શિક્ષણ શિબિરો

ક્યાં ક્યા વર્ષે ક્યાં આયોજન ?

૧.	વિ.સં. ૨૦૩૫	શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર-ઉપાશ્રય-ચૌપાટી, મુંબઈ-(મહારાષ્ટ્ર)
૨.	વિ.સં. ૨૦૩૬	શ્રી આરાધના ભવન, શ્રી ગોવાલીયા ટૅંક જૈન સંઘ - મુંબઈ - (મહારાષ્ટ્ર)
૩.	વિ.સં. ૨૦૩૭	શ્રી ચન્દ્રપ્રભુ જૈન દેરાસર, વા.સા. પ્રાર્થના સમાજ જૈન સંઘ. મુંબઈ.
૪.	વિ.સં. ૨૦૩૮	શ્રી ને.મે. વાડી ઉપાશ્રય, ગોપીપુરા, સુરત (ગુજરાત)
૫.	વિ.સં. ૨૦૩૯	શ્રી આત્માનન્દ જૈન ઉપાશ્રય - ઘડીયાળી પોળ, વડોદરા - (ગુજરાત)
૬.	વિ.સં. ૨૦૪૦	શ્રી વીશાશ્રીમાળી તપ જૈન સંઘ. મોહનવિજય જૈન પાઠશાળા, જામનગર.
૭.	વિ.સં. ૨૦૪૧	શ્રી અજિતનાથ જૈન ધર્મશાળા, માલદાસ શેરી, ઉદયપુર - મેવાડ (રાજસ્થાન)
૮.	વિ.સં. ૨૦૪૨	શ્રી આત્માનંદ જૈન સભા ભવન, મંદિર, જૌહરી બજાર, જયપુર (રાજસ્થાન)
૯.	વિ.સં. ૨૦૪૩	શ્રી અર્બુદગિરિ જૈન સંઘ, પિપલી બજાર, મહાવીર ચૌક-ઈન્દૌર (મધ્યપ્રદેશ)
૧૦.	વિ.સં. ૨૦૪૪	શ્રી સાબરમતી જૈન શ્વે. મૂ. સંઘ - રામનગર, સાબરમતી, અમદાવાદ (ગુજ.)
૧૧.	વિ.સં. ૨૦૪૫	શ્રી ધર્મનાથ પો. હે. જૈન સંઘ, જૈન નગર, પાલડી, અમદાવાદ (ગુજરાત)
૧૨.	વિ.સં. ૨૦૪૬	શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર વા.સા. પ્રાર્થના સમાજ જૈન સંઘ, પ્રાર્થના સમાજ, (મુંબઈ)
૧૩.	વિ.સં. ૨૦૪૭	શ્રી જગવલ્લભ પ્રાર્શ્વજિનાલય, વિજય દેવસૂર સંઘ, મલાડ (મુંબઈ)
૧૪.	વિ.સં. ૨૦૪૮	શ્રી આદિનાથ જૈન શ્વે. મૂ. સંઘ, ચિકપેઠ - બેંગલોર - કર્ણાટક)
૧૫.	વિ.સં. ૨૦૪૯	શ્રી.સંભવનાથ જિનાલય, શ્રી વેપેરી જૈન શ્વે. મૂ. સંઘ, મદ્રાસ.
૧૬.	વિ.સં. ૨૦૫૦	શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન શ્વે. મૂ. સંઘ - અક્કીપેઠ - બેંગલોર, (કર્ણાટક)
૧૭.	વિ.સં. ૨૦૫૧	શ્રી સંભવનાથ જિનાલય, શ્રી બીજાપુર જૈન શ્વે. મૂ. સંઘ - બીજાપુર (ફક્ત ચાતુર્માસ) જી. બાલી, ફાલના, રાજસ્થાન
૧૮.	વિ.સં. ૨૦૫૨	(ફક્ત ચાતુ.) શ્રી પદ્મપ્રભુ આશ્વીશ્વર જૈન પેઢી, શ્રી લુણાવા જૈન સંઘ-રાજ.
૧૯.	વિ.સં. ૨૦૫૩	શ્રી ગોવાલીયા ટૅંક જૈન સંઘ, આરાધન ભવન, મુંબઈ-૩૬.

પૂજ્યશ્રી ના ચાતુર્માસોમાં યોજાયેલ રવિવારીય યુવા ઉત્કર્ષ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં હજારો યુવાનોં-સમ્યગ્ પ્રકારે ધર્મ સમજી ધર્મ પામ્યા છે. વ્રતો નિયમોં ગ્રહણ કરી, પાપો તજી જીવન પવિત્ર બનાવ્યું છે. શિબિરોમાંથી શિબિરાર્થી યુવકો ચારિત્રના માર્ગે આગળ વધી શ્રમણ જીવન અંગીકાર કરી મુનિપદ ઉપર આરૂઢ થયા છે.

દર્પણ.....

વિષય પાન નં.

⊙ સમર્પણ..... ૩
⊙ શ્રી મહાવીર જૈન ધાર્મિક શિક્ષણ શિબિરો.... ૪
⊙ દર્પણ..... ૫
⊙ સંપાદકની કલમે..... ૬
⊙ પ્રાસ્તાવિકમ્- તત્ત્વ જિજ્ઞાસા.....૮
⊙ પ્રકાશક સંસ્થાની કલમે..... ૧૮
⊙ ૧૧ ગણધર ભગવન્તોના જીવન ચરિત્રની
સંક્ષિપ્ત તાલિકા.....૨૦
⊙ ગ્રિષ્માવકાશકાલીન જૈન શિક્ષણ
શિબિરનું સંયોજન.....૨૪
⊙ તીર્થંકર મહાવીર અને ૧૧ ગણધર..... ૧
⊙ ૧૧ ગણધર ભગવંતોનો જીવન પરિચય..... ૧૭
⊙ આત્મસિદ્ધિ - *આત્મા છે કે નહીં ?*.....૬૧
⊙ આત્મસિદ્ધિ - *આત્મા છે, તો કેવો છે ?* ૮૮
⊙ કર્મ સિદ્ધિ - *કર્મ છે કે નહીં ?*.....૧૮૮
⊙ દેહભિન્ન આત્મસિદ્ધિ,
શું આત્મા શરીરથી ભિન્ન છે ?.....૧૬૧
⊙ પંચભૂત સિદ્ધિ -
પૃથ્વી આદિ પાંચ ભૂતો છે કે નહીં ?.....૨૦૧
⊙ કર્મબંધ સિદ્ધિ -
કર્મનો બંધ થાય છે કે નહીં ?.....૨૬૮

સંપાદકની કલમે....

પર્યુષણ જેવા મહાપર્વમાં સદીઓથી પવિત્રતમ આગમ શાસ્ત્ર સૂત્ર શિરોમણી ''શ્રી કલ્પસૂત્ર'' સદા વંચાતુ રહ્યુ છે. વાચક વર્ગમાં પૂજ્ય મુનિભગવન્તો અને પદસ્થો પણ છે. તથા આજના કાળમાં શ્રાવક વર્ગમાંથી પણ ઘણાં વાચક વર્ગમાં આવે છે. બીજી બાજુ ઘણો મોટો શ્રોતાવર્ગ શ્રાવક-શ્રાવિકાઓનો છે. શ્રી કલ્પસૂત્રના કુલે ૯ વ્યાખ્યાનોં ખીમશાહીમાં છે. તેમાંના ૮ જ વંચાવાની પરંપરા છે. ૯મું સાધ્વાચારની સમાચારી હોવાના કારણે તે સભામાં વંચાતુ નથી. આ ૮ પ્રવચનોમાં એક માત્ર ૬ઠ્ઠુ પ્રવચન જે ''ગણધરવાદ''નું છે તે અત્યન્ત તાર્કિક છે. દાર્શનિક છે.

અરિહંત સર્વજ્ઞ કેવલી શ્રી મહાવીર પરમાત્મા અને ૧૧ ગણધરોની વચ્ચે આત્મા-મોક્ષાદિ તત્ત્વોના અસ્તિત્ત્વ વિષેની ચર્ચાના અધ્યાયનું નામ ''ગણધરવાદ'' છે. ગણધરો દ્વારા કરાયેલો વાદ, અથવા ગણધરો સાથે થયેલો વાદ તે ગણધરવાદ છે. આ ૧૧ ગણધરો પૂર્વાશ્રમમાં વૈદિક બ્રાહ્મણ પંડિતો હતા. વેદાધ્યયનના હિસાબે તેમની વેદાદિની માન્યતા હતી. અને વેદોનું જ અધ્યયન કરતા કરતા કેટલાક વાક્યો, શ્લોકો અને ઋચાઓ વગેરેના અર્થો બેસાડતી વખતે ઘણાનાં અર્થો ન બેઠા, કેટલાકના અર્થો વિપરીત બેઠા, પરિણામે આત્મા, મોક્ષ, સ્વર્ગ, નરક, કર્મ આદિ 'નથી' નો સૂર ઘણો મોટો થઈ ગયો. અભિમાની વૃત્તિ ના કારણે ક્યારેય કોઈને પૂછીને નિર્ણય પણ ન કરે અને પોતે જ પોતાને જ્યાં સર્વજ્ઞ સ્વરૂપ માનતા હોય પછી બીજાને કોઈને પણ પૂછવા જવાનો સવાલ જ કયાં ઉભો થાય ? નાનપ લાગે, માન ઘવાય, માનહાનિ થવાના ભયથી શંકાનું નિવારણ ન કરતા, શંકાની જ માન્યતા ઘર કરી ગઈ. તેવીજ તેમની વિચારધારા બની ગઈ.

આ પ્રમાણે આત્મા નથી, સ્વર્ગ-નરક નથી, મોક્ષ નથી, કર્મનો બંધ કે છૂટકારો નથી, પુણ્ય-પાપ જેવું કંઈજ નથી. પૂર્વજન્મ કે પુનર્જન્મ જેવું કંઈજ નથી. પરલોક નથી જન્માન્તરમાં બીજી ગતિ નથી કે બીજો ભવ જૂદી યોનિમાં થતો નથી. આવી બધી નથી...નથી...ની માન્યતા ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે ૧૧ પંડિતોની ગોઠવાઈ ગઈ હતી. બીજી બાજુ આ જ ૧૧ ધુરંધર દિગ્ગજ વિદ્વાન પંડિતો તેમના પોતાના કુલ ૪૪૦૦ શિષ્યોને ભણાવનારા છે. એટલે કેટલી ભયંકર અનર્થની પરંપરા ચાલે ? જો કે આજના વર્તમાન વિશ્વમાં આ બધીજ માન્યતાઓ પ્રચલિત છે. ભલે તે ૧૧ પંડિતો ભ. મહાવીરની પાસે ગયા, અને પ્રભુ સાથે વાદ કરીને પોતે સાચો અર્થ સમજી ગયા, પોતાની વિચારધારા માન્યતા બદલી પણ નાંખી અને આત્મા વગેરે તત્ત્વો માનતા પણ થઈ ગયા. તે છતાં પણ હજારો વર્ષો પછી પણ આજેય તેવા પ્રકારની માન્યતા પ્રચલિત છે. આત્મા નથી, મોક્ષ નથી, સ્વર્ગ-નરક નથી વગેરે કહેનારા અને માનનારા ઘણાં છે. ભલે તેમની આવી નિષેધાત્મક વિચારધારા-માન્યતા પાછળ કંઈજ ઉંડા તર્કો ન હોય. કંઈ વજૂદ ન હોય, તે છતાં પણ આવી વિચારધારા પ્રચલિત છે ખરી. જોકે સંસારમાં મિથ્યાત્વ પણ ત્રણેકાળમાં રહેનાર શાશ્વત છે. સર્વથા એનો પણ અભાવ કોઈ કાળે થવાનો નથી.

બીજી બાજુ ઘણો મોટો વાચક વર્ગ જેને વેદનો અથવા વૈદિક દર્શનનો બિલ્કુલ અભ્યાસ નથી. અને શ્રોતા વર્ગમાં તો જવલ્લેજ કોઈ આવા ષટ્ દર્શનના અભ્યાસુ ગણધરવાદના વિષયો સમજવા અને સમજાવવા બહુજ મુશ્કેલ છે. પ્રથમ વિચાર તો આપણને એ આવે કે

આવા ૧૪ વેદ વિદ્યાના પારગામી દિગ્ગજ વિદ્વાન ઈન્દ્રભૂતિ ગૌતમ જેવા ધુરંધર પંડિતોને ''આત્મા નથી''ની શંકા થઈ જ કેવી રીતે ? શંકા થવામાં કારણો કયા ? કયા તેમના પ્રબલ તર્કો છે ? અને ભ. મહાવીરે તેમના કયા મુદ્દાઓનું સમાધાન કેવી રીતે કર્યું છે ? આ અને આવા વિચારોના હિસાબે આ વિષયમાં ચંચુપાત કરવાનો પ્રયાસ કર્યો.

દેવ-ગુરૂની અસીમ કૃપાથી દાર્શનિક અભ્યાસ કરવાનો અવસર મને પણ મળ્યો. અને સ્વ-પર શાસ્ત્રોનો પૂર્વાપર અભ્યાસ કર્યા પછી આ ગણધરવાદની પૂર્વાપર શંકાઓ અને તેની પાછળના તર્કો સમજમાં આવ્યા અને અન્તે વિ. સં. ૨૦૪૦ના જામનગર શહેરમાં શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા-વિશાશ્રીમાળી સંઘમાં ચાતુર્માસ દરમ્યાન ચાતુર્માસિક ૧૬ રવિવારીય શિક્ષણ શિબિરનું વિશાળ પાયા ઉપર આયોજન થયું. તે શિબિરમાં યુવાનોને આ ગણધરવાદનો વિષય બ્લેક બોર્ડ ઉપર ચાર્ટ-ચિત્રો સાથે સરલ-સુગમ કરીને વ્યાખ્યાનમાં સમજાવતો હતો. એમાંથી જ કલમ ઉપાડવાની પ્રેરણા જાગી અને પરિણામ સ્વરૂપે ''સચિત્ર ગણધરવાદ'' સ્વરૂપ આ પુસ્તકનો જન્મ થયો. શ્રી વીશાશ્રીમાળી - જામનગર સંઘે આ પુસ્તકનું મુદ્રણ કરીને ૩૦૦૦ નકલો છપાવી. અનેક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવન્તો, વિદ્વાનો અને શ્રોતા પાઠક વર્ગના કરકમળમાં આ પુસ્તક પહોંચી. ઘણાંના આનન્દદાયક સમાચારો વારંવાર આવતા રહ્યા, કે.. વર્ષોથી ગણધરવાદ સાંભળતા અને વાંચતા રહ્યા પણ જે નહોતું સમજાતુ તે આ પુસ્તક વાંચતા સહેલાઈથી સમજાયુ છે. આવા સંતોષથી આ શ્રમનો વિશેષ આનન્દ થયો.

લગભગ ૧૦૦૦ પાનાના બે ભાગમાં છપાયેલ પુસ્તકની ૩૦૦૦ નકલો ઉપડી ગઈ. અને ચારે બાજુ માંગ ઘણી વધતા ફરીથી બીજી આવૃત્તિ છપાવવાની આવશ્યકતા ઉભી થઈ. મદ્રાસ શ્રી સંઘના ચાતુર્માસ દરમ્યાન શ્રી વેપેરી સંઘે, તથા શ્રી મામ્બલમ્ સંઘે પણ ઉદાર આર્થિક સહયોગ આપ્યો. જેના પરિણામ સ્વરૂપે આ બીજી આવૃત્તિના બન્ને ભાગો પ્રકાશમાં આવી શક્યા. શ્રીયુત રમણિકભાઈ રામચંદ સલોતે પોતાની નાદુરૂસ્ત તબીયત હોવા છતાં પણ મુદ્રણની જવાબદારી સંભાળી તે બદ્દલ તેઓ પણ પુણ્યના ભાગીદાર છે તથા મુ. હેમન્તવિજયે પ્રુફ સંશોધન કર્યું તેથી તે પણ પુણ્યના પુરે પુરા ભાગીદાર છે.

બીજી બાજુ આધુનિક મુદ્રણ પદ્ધતિના કૉમ્પ્યુટર કમ્પોઝિંગ અને ઓફસેટ પ્રિન્ટિંગ પદ્ધતીથી ચિત્રો વગેરે સાથે સુંદર મુદ્રણ થયું છે. આ માટે ''શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર'' એ બીજી આવૃત્તિ છપાવીને વાચકો સમક્ષ મૂકી છે. ખરેખર તે આનન્દનો વિષય છે. આકર્ષક મનમોહક સ્વરૂપ આ પુસ્તકનું બનાવવામાં આવ્યુ છે તે પણ ઉપયોગી છે. આ બધી બાહ્ય સુંદરતા અને સજાવટની સાથે આન્તરિક તત્ત્વ પ્રરૂપણાની કીંમત ઘણી ઉંચી છે.

ઘણા પુસ્તકો લખવાનો અને સંપાદન કરવાનો આનન્દ ઘણો આવે છે. તેથી પણ વિશેષ અધિક આનન્દ આ દાર્શનિક કક્ષાની તાત્ત્વિક પુસ્તકનું લેખન અને સંપાદન કરવામાં આવ્યો છે. મારૂ જ્ઞાનાવરણીય કર્મ વિશેષ ખપ્યુ હશે આ જ્ઞાનની આરાધનાથી અને વાચનાર વર્ગને પણ આ જ લાભ થશે એવી આશા છે. સ્વાન્તઃ સુખાયના લાભથી લેખન-સંપાદન કરવાનો જે અનહદ આનન્દ આવ્યો છે તે હું મારૂં પરમ સૌભાગ્ય માનું છું. આશા રાખુ છું કે વાચક વર્ગ આ પુસ્તકનો પૂરો લાભ ઉઠાવી જ્ઞાનવૃદ્ધિ કરી શ્રદ્ધા મજબૂત કરશે. તો મારો શ્રમ સાર્થક... સફળ... થશે. ત્રુટિ કે ભૂલ બદલ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચના સહ મિચ્છામિદુક્કડં.

શ્રાવણ શુદ પંચમી વીર સં. ૨૫૨૩.

ગોવાલીયા ટેંક જૈન સંઘ-મુંબઈ-૩૬ **- પંન્યાસ અરૂણવિજય મ.**

પ્રાસ્તાવિકમ્

તત્ત્વ જિજ્ઞાસા

- પંન્યાસ અરૂણવિજય ગણીવર્ય મહારાજ

(રાષ્ટ્રભાષા રત્ન, સાહિત્યરત્ન, ન્યાય દર્શનાચાર્ય)

સચેતન-અચેતન રૂપ આ સમગ્ર સૃષ્ટિમાં એકમાત્ર માણસ જ સર્વશ્રેષ્ઠ વિચારશીલ પ્રાણી છે. એની વૈચારિક ચેતના સદાકાળ તત્ત્વોના ચિન્તનાત્મક ગગનમાં વિચરતિ રહી છે. વિહગ સદૃશ આ ઉંડાણોંમાંથી ચિન્તનના કેટલાય મોતિઓ માનવે મેળવ્યા છે. પ્રબલ મોહનીય કર્મ ચિન્તામાં ઘસડી જાય છે પરિણામે જીવ તત્ત્વભૂત વિષયો વિસરી જાય છે. અને મનનું ક્ષેત્ર ઘણું ટુંકુ થઈ જાય છે. સત્યશોધનનું લક્ષ્ય પણ છૂટી જાય છે. અને એકમાત્ર પત્ની, પુત્ર-પુત્રી, ધન-સંપત્તિ અને પોતાની કાયા સુધી સીમિત વિષયોમાંજ માનવી ખોવાયેલો રહે છે. બાહ્ય દૃષ્ટિએ ચિંતન જેવીજ લાગતી ચિંતાની પ્રક્રિયામાં દિવસો સૂધી ડૂબ્યો રહેવા છતાં સરવાળે દુઃખ વિષાદ-ખેદની પ્રાપ્તિ સિવાય કંઈજ હાથે નથી પડતું. જ્યારે ચિંતનની પ્રક્રિયા ખુબજ આનન્દદાયી છે. સુખદાયી છે. ચિંતનમાં ઉપલબ્ધિ સારી છે. કારણ કે ચિંતાના સીમિત વલયોમાંથી મનરૂપી પક્ષી ઉડાનો ભરીને મુક્ત ગગનમાં ગમેત્યાં સ્વેર વિહાર કરી શકે છે. ચિન્તામાં વિચારો બંધનમાં રહે છે. એમાં તત્ત્વભૂત પદાર્થો એના વિષયો નથી બનતા. એના પોતાના રોજિંદા વિષયોજ કાયમ રહે છે. અને તેના કાર્યો પણ નિર્ધારિત જ રહે છે. પત્નીનું શું ? પુત્રીના લગ્નનું શું ? આ રોગ ક્યારે મટે ? સંતાનનો ખાલીપો કેવી રીતે પૂરવો વ્યાપારમાં મૂડીનું શું ? બસ, આ અને આવા જ કેટલાક ઠરાવિક વિષયો સંસારના લાખો સંસારી જીવોને વર્ષો સુધી સતાવતા જ રહે છે. એકના એક વિચારો, એકના એક વિષયો અને એના એજ કાર્યો આટલા નાનકડા કુંડાળામાં જ વારંવાર વિચારો કરીને માનવ થાકી જાય છે. સરવાળે ઉપલબ્ધિ કંઈજ ન હોવાથી મન ખેદ વિષાદની લાગણીઓ અનુભવીને શ્રાન્ત થઈ પડ્યું રહે છે. જ્યારે ચિન્તનમાં એવું નથી... ચિન્તન માટેનો વિસ્તાર અનન્ત આકાશ જેટલો અસીમ છે. અમાપ છે. વિષયો પણ આત્મા, પરમાત્મા, મોક્ષાદિના અનેક છે. જિજ્ઞાસા વધતી જાય છે. અને સત્યશોધક વૃત્તિ બને છે. જ્ઞાનના સાગરમાં તરવાનો આનન્દ આવે છે. તત્ત્વોની શોધમાં અસીમ આકાશમાં ઉડવાની પણ મનને મજા આવે છે. નવું નવું લાધતુ જ જાય છે. એટલે આનન્દની અનુભૂતિ પણ સાથેજ ચાલતી હોય છે. અને એમાં પણ બુદ્ધિ શ્રદ્ધાના પાટા ઉપર ચઢેલી હોય, શંકા-સંશયોના બંધનમાંથી મુક્ત હોય, સર્વજ્ઞોના ચરણે સમર્પિત હોય પછીતો એના ચિંતનનું પુછવું જ શું ? ચરમ સત્યોના ખજાનાના રત્નોની પ્રાપ્તિ થતી જાય એમાં આનન્દ પણ દ્વિગુણિત-ચતુર્ગુણિત બનીને પરમાનન્દની કક્ષામાં પહોંચતો જાય છે. એક પછી એક તત્ત્વોના

રહસ્યો ખુલતા જાય છે. અને સ્મૃતિના ઘરમાં એનો સંગ્રહ થતો જાય છે. જે વર્ષો સુધી સૂચવાય છે અને અવિસ્મરણીય બને છે. આ આનન્દની અનુભૂતિ પણ ચિરસ્મરણીય બને છે. અનુભવ કરનારા માટે ઘણીવાર અવર્ણનીય બને છે. તન અને મનની પીડા-વેદનાને હરી લે છે. ભૂલાવી દે છે. સુજ્ઞ સજ્જનોએ ચિન્તા નિવારક ઔષધીઓની શોધમાં રખડવા કરતા તો તત્ત્વ ચિન્તનનો માર્ગ પકડવામાં ઘણો લાભ છે.

ચિંતન, તત્ત્વોની દિશામાં : આકાશમાં ઉડવા માટે પક્ષીની સામે દિશાઓ તો ઘણી છે. લક્ષ્ય વિહીન ઉડાન નિરર્થક પણ જાય છે. જ્યારે નિર્ધારિત લક્ષ્યાનુરૂપ ઉડાન પરિણામની પ્રાપ્તિ કરાવે છે. ચિન્તાના સીમિતબંધનમાંથી મુક્ત થયા પછી મનની સામે ઘણાં વિષયો છે. પૃથ્વી ઉપર માર્ગ પૂર્વ નિર્ધારિત છે. માટે ગાડી પાટા ઉપર સાચી દિશામાં ચાલી શકે છે. જ્યારે આકાશ અને સમુદ્રમાં માર્ગ પૂર્વનિર્ધારિત નથી. બનેલો તૈયાર નથી. માટે દિશાનો નિર્ધાર કરીને તે મુજબ સુવ્યવસ્થિત ચાલવુ ઘણીવાર અઘરૂ પડે છે.

મતિ-બુદ્ધિ શેનાથી અધિવાસિત છે ? તે પણ મહત્ત્વનું છે. સર્વજ્ઞ પ્રણીત તત્ત્વોની માન્યતાવાલી સમ્યગ્ શ્રદ્ધાવાલી મતિ-બુદ્ધિ હશે તો સત્યની દિશામાં આગળ વધશે અને સરવાળે સત્યની ઉપલબ્ધિ કરતા કરતા આનન્દ પામશે. જ્યારે મિથ્યાત્વગ્રસિત માન્યતાવાલી મતિ હજાર ગણું ચિન્તન કરે તો પણ સાચી દિશામાં ન જતા ખોટા રવાડે ચઢી ગયા તો એનો છેડો કયાં આવવાનો ? પછી ઉપરથી કદાચ શંકા-કુશંકા-સંશયોના વાદળો અને વમળોમાં જ અટવાયા કરીશું... માટે બધાજ ચિન્તકો-જ્ઞાનીઓ સત્ય મેળવી શકે છે એવું નથી હોતુ. શંકાગ્રસ્ત મનનો વિકાસ રૂંધાય છે. દમના દર્દીની જેમ એનું ગળુ ઘૂંટાય છે. મુંજવણ અનુભવે છે. શંકાના ભૂતનુ વલગાડ ઘણીવાર નિરર્થક પ્રલાપ કરાવે છે. માટે જેમ જેમ કેટલુ ચાલો છો એ જેટલું મહત્ત્વનું નથી એના કરતા તમે સાચી દિશામાં ચાલો છો કે નહીં એ વધુ મહત્ત્વનું છે. દિશા જો સાચી હશે તો ધિમે-ધિમે ચાલનારો પણ ગન્તવ્યને પ્રાપ્ત કરી શકશે. પરંતુ ઘણી પ્રશંસનીય ઝડપે ચાલનારો પણ જો ખોટી દિશામાં ચાલશે તો ગન્તવ્ય સુધી નહીં પહોંચી શકે. અને જ્યાં પહોંચશે ને એના લક્ષ્યનું ન હોવાના કારણે પાછળથી અફસોસ વ્યક્ત કરતા ખૂબજ પસ્તાવાનો વખત આવશે. જેવી સ્થિતિ શારીરિક ચાલની છે. તેવીજ સ્થિતિ ચિંતનના ક્ષેત્રમાં મનની ગતિની છે. માટે જ મિથ્યાત્વની ખોટી દિશામાં વધુ ઝડપે ચાલવા કરતા સત્યસ્વરૂપ સમ્યગ્ માર્ગે ધિમે પણ ચાલવામાં સત્યની પ્રાપ્તિનું આનન્દ છે. વિદ્વાનો પણ જ્યારે ભીતભૂલી જાય છે ત્યારે કેટલા દયાને પાત્ર બની જાય છે. એ તો જ્ઞાનીઓજ અનુભવી શકે છે.

ભૂલા પડેલા પંડિતો :- પંડિત હોય અને ભૂલા પડે ખરા ? ભૂલા પડે છતાં પંડિત કહેવાય ખરા ? વિચારણીય છે. અઢી હજાર વર્ષો પૂર્વેની વાત છે. ભારત ભરમાં જેમનું નામ પંકાયેલુ હતું એવા ઈન્દ્રભૂતિ ગૌતમ, આદિ સુપ્રસિદ્ધ દિગ્ગજ વિદ્વાન પંડિતો ભૂલા

પડી ગયા. વેદ વિદ્યાના પારંગામી અને રોજેરોજ સેંકડો શિષ્યોને ભણાવનારા આવા જ્ઞાનદાતા અધ્યાપક જેવા પંડિતો જ ભૂલા પડ્યા અને હાથમાંથી સત્યનો માર્ગ સરી ગયો છે. પોતે જ શંકા-સંશયના વમળોમાં ફસાઈ ગયા છે. આત્મા-કર્મ-મોક્ષ આદિ જેવા કેટલાક પાયાના મૂળભૂત વિષયોમાં જ શંકાના ભૂતથી ગ્રસિત થઈ ગયા છે. આવી સ્થિતિમાં શિષ્યોને શું ભણાવશે ? કેવી રીતે સત્ય સમજાવશે ? વિદ્યાવ્યાસંગી છે. અધ્યાપન કરાવવું અને અધ્યયન કરવું જેમના માટે વ્યસન રૂપ છે. આત્મા-કર્મ-મોક્ષાદિની વાતો સિવાય તત્ત્વજ્ઞાન અધુરૂ છે અને એમાં જ ગુંચવાઈને શંકાનું ઘર બાંધીને બેઠેલા ધુરંધર પંડિતો હવે બીજાને કેવું જ્ઞાન આપશે ? મગધદેશના આ દિગ્ગજ ધુરંધર પંડિતોમાં ૧) ઈન્દ્રભૂતિ ગૌતમ, ૨) અગ્નિભૂતિ ગૌતમ, ૩) વાયુભૂતિ ગૌતમ, ૪) વ્યક્ત, ૫) સુધર્મા, ૬) મંડિત, ૭) મૌર્યપુત્ર, ૮) અકંપિત, ૯) અચલભ્રાતા, ૧૦) મેતાર્ય, અને ૧૧) પ્રભાસ. આ ૧૧ મહાપંડિતોની ગણતરી થાય. બધાજ ૧૪ વેદવિદ્યામાં પારંગામી ટોચના વિદ્વાનો ગણાતા હતા. આ દિગ્ગજ ધુરંધરો પણ સર્વજ્ઞ સ્વરૂપમાં પ્રસિદ્ધિ પામી ચૂક્યા હતા. અહો આશ્ચર્ય ! શંકા-સંદેહ હોવા છતાં પણ સર્વજ્ઞ ? શંકાના મિથ્યા જ્ઞાનમાંથી આત્મા નથી, કર્મ નથી ? મોક્ષાદિ કંઈજ નથી એવા પ્રકારનો મિથ્યા નિર્ણય મનમાં કરી ચૂકેલા, અને છતાં પણ પોતાની જાતને સર્વજ્ઞ માનનારા આ પંડિતો એટલા જબરદસ્ત અભિમાની હતા કે માનહાનિ થવાના ભયથી અંદરોઅંદર પણ એક બીજાને પૂછીને પોતાની શંકાનું સમાધાન કરી લઈએ એટલી પણ તૈયારી કોઈ નહોતા દર્શાવતા. પોતાને સર્વજ્ઞ માનીને બેઠેલા આ પંડિતો અહંકારની ટોચ ઉપર બેઠા હોય તે હવે માનહાનિ શા માટે થવા દે ? એક વિષયમાં કદાચ સંદેહાસ્પદ જ્ઞાન હોય એથી આપણું શું નુકશાન થઈ જશે ? શા માટે આપણી શંકા પ્રગટ કરવી ? બીજી બાજુ આ ૧૧ પંડિતોના કોઈના ૫૦૦-૫૦૦ શિષ્યો છે. કોઈના ૩૫૦ છે અને કોઈના ૩૦૦ શિષ્યો છે. એમ કુલ મળીને ૪૪૦૦ શિષ્યો છે. તે બધા રોજ હજારો વિશેષણો પૂર્વક બિરૂદાવલી પોકારતા હોય ત્યાં અહંકાર આસમાને ચઢે કે નીચે ઉતરે ? નીચે મુજબની તાલિકાથી આ પંડિતોની શંકાનો વિષય અને શિષ્ય સંખ્યા જોતા આપણને વધુ ખ્યાલ આવશે.

	પંડિતોના નામ	શિષ્ય સંખ્યા	શંકાનો વિષય
૧)	શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ	૫૦૦	આત્માના અસ્તિત્વ વિષે.
૨)	શ્રી અગ્નિભૂતિ ગૌતમ	૫૦૦	કર્મના અસ્તિત્વ વિષે.
૩)	શ્રી વાયુભૂતિ ગૌતમ	૫૦૦	શરીર એ જ આત્મા છે કે જૂદો ?
૪)	વ્યક્ત સ્વામી	૫૦૦	પંચ મહાભૂતોનું અસ્તિત્વ છે કે નહીં ?
૫)	સુધર્મા સ્વામી	૫૦૦	જન્માન્તર સાદૃશ્ય
૬)	મંડિત સ્વામી	૩૫૦	કર્મના બંધ - મોક્ષ વિષે
૭)	મૌર્યપુત્ર સ્વામી	૩૫૦	દેવતાઓની સત્તા વિષે.
૮)	અકંપિત સ્વામી	૩૦૦	નરક છે કે નહીં ?

૯) અચલાભ્રાતા સ્વામી	૩૦૦	પુણ્ય-પાપ છે કે નહીં ?
૧૦) મેતાર્ય સ્વામી	૩૦૦	પરલોક-પુનર્જન્મ છે કે નહીં ?
૧૧) પ્રભાસ સ્વામી	૩૦૦	મોક્ષ (નિર્વાણ) છે ખરૂં ?
	૪૪૦૦	

આ ૧૧ દિગ્ગજ ધુરંધર પંડિતો ૪૪૦૦ શિષ્યોના પરિવાર વાળા અને તે બધા ૧૪ વેદ વિદ્યાના પારંગામી સર્વશાસ્ત્રજ્ઞાતા પંડિતો આવી એક એક શંકાઓથી ગ્રસ્ત થયેલા છે.

जीवे कम्मे, तज्जीव, भूय, वारिसय, बंधमोक्खे य ।
देवा–णेरइय या पुण्णो, परलोय णेव्वाणि ॥

પૂ. ભદ્રબાહુ સ્વામીજીએ આવશ્યક નિર્યુક્તિ ગ્રન્થના આ શ્લોકમાં આ રીતે ૧૧ પ્રકારની શંકાઓના વિષયો સંક્ષેપમાં પ્રગટ કરી દીધા છે. મૂલ આગમ શાસ્ત્રોમાં આ ૧૧ શંકાના વિષયો, તે અંગેનો વાદ-વિવાદ, અને સમાધાન સ્વરૂપ વર્ણન નથી મળતું. પરંતુ આવશ્યક નિર્યુક્તિકાર પૂ. ભદ્રબાહુ સ્વામીએ જ સ્વરચનામાં એનો ઉલ્લેખ કર્યો છે. અને અહીંથી જ આ મૂળની પ્રાપ્તિ થાય છે. પૂજ્યશ્રીએ આવશ્યક નિર્યુક્તિ ગ્રન્થમાં ૪૨ શ્લોકમાં ૧૧ ગણધર પંડિતો, પરમાત્મા શ્રી મહાવીર દેવ, તેમના ગોત્રાદિના નામોં, શિષ્ય પરિવાર, અને શંકાના વિષયોનું વર્ણન અને અન્તે મહાવીર પરમાત્મા તરફથી સમાધાન આદિનું વર્ણન કર્યું છે. આ ૪૨ શ્લોકોના પ્રમાણને જ ગણધરવાદ કહે છે. જો કે આ ૪૨ શ્લોકોમાંથી મોટા ભાગના તો ગણધરોના પારિવારિક પરિચયાદિના છે. શંકા દર્શક વર્ણન તો ૧ શ્લોકમાંજ આવી જાય છે. શેષ થોડાક શ્લોકોમાં સમાધાનનો વિષય વર્ણવવામાં આવ્યો છે. આ રીતે ગણધરવાદના વિષયને રજૂ કરતા આવશ્યક નિર્યુક્તિ અને કલ્પસૂત્રની ટીકા આ બે જ મુખ્ય ગ્રન્થોં-શાસ્ત્રોં છે. પરન્તુ આ બે ગ્રન્થોંનો તુલનાત્મક અભ્યાસ-અધ્યયન કરતી વખતે બન્નેમાં તફાવત નજરે ચઢે છે. ૧૧ પંડિતોના મનમાં વેદ ના કયા વાક્યોના આધારે કેવા પ્રકારની શંકાઓ થઈ ? શંકા થવાના મુખ્ય કારણોં શું ? ભગવાને તે શંકાઓનું સમાધાન કયા શબ્દોમાં કર્યું છે ? વેદવાક્યોનો ભગવાને સાચો અર્થ શું કર્યો ? અને અન્ય પ્રમાણો આદિ દ્વારા સમાધાન કેવી રીતે કર્યું ઈત્યાદિ જે અને જેવું વર્ણન કલ્પસૂત્રની ટીકામાં મળે છે. તે અને તેવું જ વર્ણન આવશ્યક નિર્યુક્તિમાં નથી મળતું. નિર્યુક્તિકાર પૂ. ભદ્રબાહુ સ્વામીએ ગણધર પંડિતોની ઓળખ આપી છે. અને વાદના વિષયોનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે.

શંકાના વિષયો આમજનમાનસના છે :-

ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ પંડિતોની જે ૧૧ શંકાઓ છે તે સમસ્ત માનવોના મનની પ્રાયઃ સામાન્ય શંકા છે. અર્થાત્ સામાન્યથી વિદ્વાનકક્ષાના મનુષ્યો પણ આવી શંકાઓથી ગ્રસ્ત છે. કારણ કે આત્મા, કર્મ, મોક્ષાદિના વિષયો જ એવા છે કે જેમાં શંકા રહિત પૂર્ણ જાણકારીવાળા લોકો મળવા બહુ મુશ્કેલ છે. આત્માથી મોક્ષ સુધીના આ

બધા વિષયો તત્ત્વજ્ઞાનના વિષયો છે. તત્ત્વજ્ઞાન ગૂઢ રહસ્યોથી ભરેલુ હોય છે. તેનું પરમાર્થ રહસ્યાર્થ જાણવું બધા લોકો માટે રમત વાત નથી અને તેનું યથાર્થ ચરમસત્ય પામવું એ તો કદાચ વિદ્વાનોં માટે પણ લોઢાના ચણા ચાવવા જેવું છે. આત્માદિ વિષયક આ ૧૧ શંકાઓમાંથી તે વિદ્વાન દ્વિજપંડિતો નસીબદાર હતા કે તેમને બધાને ૧-૧ વિષયમાં જ શંકા હતી. જ્યારે આજના આ કળીયુગમાં આપણા જેવા સામાન્ય લોકોને લગભગ બધા જ વિષયોમાં શંકાઓ હશે ? એક-એક માનવી બધી શંકાઓથી ગ્રસ્ત હશે ? અજ્ઞાની-અભણ જીવોને જેમને તત્ત્વજ્ઞાનનું અંશ માત્ર પણ જ્ઞાન નથી તે છતાં પણ આવા વિષયોમાં તો તેમનું પણ મન શંકાશીલ હોય છે.

આત્માથી મોક્ષ સુધીના આ વિષયોમાં બધા તત્ત્વો સમાઈ જાય છે. નવે નવ તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે. માટે નવતત્ત્વોનો જ્ઞાતા, જૈન સંસ્કારોથી સુસંસ્કૃત લોકોનો જેમનો પાયો જીવ-અજીવ-પુદ્ગલથી અને પુણ્ય-પાપ-બંધ-મોક્ષથી સુસજ્જિત છે તેમને આત્મા-મોક્ષાદિ વિષયક આ ગણધરવાદ સહેલાઈથી સમજાશે.

આત્માદિ-વિષયક ૧૧ શંકાઓમાંથી મોક્ષ, પરલોક, જન્માન્તર સદેશ, કર્મ અસ્તિત્વ, શરીર એ જ આત્મા, વગેરે પ્રશ્નોનો બધો આધાર આત્મા ઉપર છે. માટે એક વખત સચોટ રૂપે આત્મતત્ત્વનો સર્વાંગીણ અભ્યાસ થઈ જાય તો બીજા બધા પ્રશ્નો સરળ બની જશે. કારણ કે દ્રવ્યરૂપ પદાર્થ આત્મા છે. જ્યારે બીજા બધા તો આત્માની અવસ્થા માત્ર છે. નિયમ એ છે કે... ગુણ-પર્યાયવાળો જે હોય છે તેને દ્રવ્ય કહેવાય છે. આ નિયમાનુસાર મોક્ષ પણ આત્માની એક પર્યાય છે. અવસ્થા વિશેષ છે. આત્મ દ્રવ્યજ જો ન હોય તો મોક્ષ કોનો થાય ? આત્માની કર્મ રહિત શુદ્ધાવસ્થાને મોક્ષ કહેવાય છે. એવી રીતે દયા-દાન પરોપકારાદિથી આત્મા જ શુભ પુણ્યકર્મ ઉપાર્જન કરે છે. અને હિંસા, ઝૂઠ-ચોરી આદિથી જે અશુભ કાર્યો આત્મા જ ઉપાર્જન કરે છે તેને પાપ કહેવાય છે. આ કર્મો કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓનો બનેલો પિંડ માત્ર છે. એ આશ્રવ માર્ગ દ્વારા આત્મ પ્રદેશોમાં આવે છે. અને આત્મા સાથે બંધાય છે. એકમેક થાય છે. એકરસ - એકરૂપ થાય છે. તેને કર્મ બંધ કહેવાય છે. અને નિર્જરાની પ્રક્રિયાથી જ્યારે કર્મોનો ક્ષય થાય છે તેને કર્મ ક્ષય-નિર્જરા કહેવાય છે અને સર્વથા સંપૂર્ણ કર્મોનો ક્ષય થઈ જાય અને આત્મા કર્મ બંધનથી સંપૂર્ણ મુક્ત થઈ જાય તેને મોક્ષ કહેવાય છે. આ મોક્ષ એ આત્માની કર્મબંધરહિત શુદ્ધાવસ્થા-પર્યાયને મોક્ષ કહેવાય છે. પુણ્ય કર્મથકી જન્માન્તરમાં જે સ્વર્ગ-દેવલોકની પ્રાપ્તિ થાય છે તેને દેવ ભવ કહેવાય છે અને પાપના ઉદયે જે નરક ગતિમાં જન્મ મળે તેને નરક નો ભવ કહેવાય છે. આખરે સ્વર્ગ કે નરકમાં જાય છે એક માત્ર આત્મા જ અને આ જન્મ-(જીવન) પૂર્ણ (સમાપ્ત) કરીને મૃત્યુ પામીને જાય છે તો એક-માત્ર આત્મા જ જાય છે. આ જન્મ પૂર્ણ કરીને આગામી જન્મમાં જઈને જન્મ ધારણ કરવાની પ્રક્રિયાને પુનર્જન્મ કહેવાય છે. આવા પુનર્જન્મ લેવા સ્વકર્માનુસાર આત્મા પરલોકમાં જાય છે. આપણી પૃથ્વી-કે લોકથી જે ઉપર છે

તેને ઉર્ધ્વલોક કહેવાય છે. અને આપણી પૃથ્વીથી નીચે ૭ રાજ પ્રમાણ અધોલોક છે તેને નરક લોક કહેવાય છે. આથી પરલોકનું અસ્તિત્વ પણ સિદ્ધ થાય છે. અને જીવનું એમાં જવા-આવવાપણું - જન્માદિધારણ કરવાપણાને પુનર્જન્મ કહેવાય છે. આ રીતે પુનર્જન્મ અથવા પૂર્વજન્મ અને લોકપરલોકાદિની સિદ્ધિ પણ આત્માના અસ્તિત્વના આધારે જ થશે. કારણ કે આ બધી અવસ્થાઓ આત્માએ બાંધેલા શુભાશુભ કર્મોના કારણે જ છે. અને આત્માના કારણે છે. કર્મ ક્રિયા જન્ય છે અને બધીજ ક્રિયાઓનો કર્તા એક માત્ર આત્મા જ છે. ચેતન સક્રિય દ્રવ્ય એકમાત્ર આત્મા છે. જડ-અજીવ દ્રવ્યોમાં ચેતનની ક્રિયા જેવી કોઈ ક્રિયા થતી નથી. સુખ-દુઃખની વેદના-સંવેદનાની અનુભૂતિ આદિની કોઈ ક્રિયા જડ-પુદ્ગલ અને અજીવના કોઈપણ દ્રવ્યોમાં થવી સંભવ નથી. તે એકમાત્ર ચેતન આત્મામાંજ સંભવ છે. પુણ્ય-પાપ, આશ્રવ, સંર, બંધ-નિર્જરા અને મોક્ષ આ બધા તત્ત્વવાચક શબ્દો ક્રિયાજન્ય છે. ક્રિયારૂપ છે અને તે પણ એક માત્ર આત્માની જ ક્રિયા વડે જન્ય છે. માટે આ બધા દ્રવ્યસ્વરૂપ નથી. તત્ત્વસ્વરૂપ જરૂર છે. આ બધી ક્રિયાના કેન્દ્રમાં દ્રવ્યસ્વરૂપે એક માત્ર ચેતન આત્મા છે અને અજીવના ઘરના જે દ્રવ્યો છે તેમાં ૫ દ્રવ્યો છે. અજીવ જડરૂપ હોવાથી તેનો ઉપયોગ અને ઉપભોગ વગેરે આત્મા કરે છે. આ રીતે જેમ કેન્દ્ર વિના વર્તુળ બનતુ નથી. તેમ ચેતન-આત્માના કેન્દ્રમાં રહ્યા વિના ઉપરોક્ત કોઈ ક્રિયાઓ થઈ શકતી નથી. અને આત્માને કેન્દ્રમાં રાખીને તેના વર્તુળની સીમારેખા પર બાકીના બધા તત્ત્વો રહે છે. અને તત્ત્વોના વિષયોની જ આ ૧૧ ગણધરોની ૧૧ શંકાઓ છે. અર્થાત્ ૧૧ ગણધરોની આ બધી શંકાઓના વિષયો આ નવ તત્ત્વોના જ વિષયો છે.

આ ગણધરપદારૂઢ ૧૧ મહાન પંડિતો વેદાદિદર્શનના કોઈ-કોઈ વિષયોના પારંગત છે. માટે તે નશીબદાર છે કે તેમને એક-એક પંડિતને એક-એક વિષયક શંકા છે. પરંતુ વર્તમાન સામાન્ય કક્ષાના માનવીને આજે બધીજ શંકાઓ એક-એક ને હશે. આજનો એક-એક માણસ આ બધી શંકાઓથી ભરેલો હશે ? નીતિકાર જણાવે છે કે - संशयात्मा विनश्यति, श्रद्धावान् लभते फलम् । શ્રદ્ધાલુ આત્મા લાભ મેળવે છે જ્યારે શંકાશીલ સ્વભાવવાલો સંશયાત્મા વિનાશ નોંતરે છે, માટે શંકાશીલ રહેવા કરતા શ્રદ્ધાલુ બનવામાં વિશેષ લાભ છે. બીજી બાજુ જ્યાં શ્રદ્ધા જાગૃત થાય છે. શ્રદ્ધા ગાઢ બને છે, પરિપક્વ અને પૂર્ણ બને છે ત્યારે તેમાં શંકા રહેતી નથી. શંકાયુક્ત શ્રદ્ધા સાચી શ્રદ્ધા જ નથી. માટે સમ્યકત્વી માટે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે " जं जिणेहिं पवेइयं" तमेव निःसंक सच्चं" । જે જિનેશ્વર ભગવન્તોએ કહ્યું છે પ્રતિપાદિત કર્યું છે તે જ શંકારહિત પણે સત્ય છે. અહીંયા સત્યના ઘરમાં નામમાત્ર પણ શંકા નથી. શંકા પગમાં કાંચની કણીની જેમ ખૂંચતી હોય છે. જેમ પગમાં કાંચની કણી ખૂંચે તો સીધા ન ચાલી શકાય, તેમ મનમાં શંકારૂપી કણી ખૂંચતી હોય છે જેથી તત્ત્વો ઉપર પૂર્ણ શ્રદ્ધા થતી નથી. અને શ્રદ્ધાના અભાવે નમસ્કારાદિમાં પણ કચાશ રહે છે. અને નમોભાવ વિના સમર્પણ પણ

પ્રગટતુ નથી. આવી રીતે નિઃશંક શ્રદ્ધા ઉપર કેટલો મોટો આધાર છે. અને શ્રદ્ધાનો આધાર તત્ત્વો ઉપર છે. તત્ત્વોનો આધાર તેના અર્થો ઉપર છે. અને તત્ત્વ-તથા અર્થ બન્નેના યથાર્થ જ્ઞાનને અનુરૂપ માન્યતા (માનવાપણા)ના આધારે જ સાચી શ્રદ્ધા છે. એને જ સમ્યગ્ દર્શન કહેવાય છે.

અનેક ધર્મો અને દર્શનો :-

આર્યાવર્ત ભારતની ભૂમિ અનેક ધર્મો અને દર્શનોની માતૃભૂમિ-જનની છે. અહીં અનેક ધર્મો અનેક દર્શનો અને અનેક સંસ્કૃતિઓ-સભ્યતાઓ ઉદ્ભવી-ચાલી અને કેટલીક વિલીન પણ થઇ. કેટલીક લુપ્ત પણ થઈ ગઈ. જેમાં મુખ્ય બે સંસ્કૃતિઓ શ્રમણ અને વૈદિક સંસ્કૃતિ રહી. વૈદિક સંસ્કૃતિની ધારામાં બ્રાહ્મણો પ્રધાનપણે આવ્યા. જે વેદ-વેદાન્તની માન્યતા ધરાવતા હોવાથી વૈદિક પરંપરામાં છે. બીજી બાજુ જૈનો-બોદ્ધોની ગણના શ્રમણ સંસ્કૃતિમાં છે. સર્વજ્ઞ પ્રણીત આગમ શાસ્ત્રોની માન્યતા જૈન શ્રમણ સંસ્કૃતિની રહી. જ્યારે બુદ્ધ પ્રણીત ત્રિપિટકોની માન્યતા બૌદ્ધ પરંપરામાં પ્રચલિત છે.

વૈદિક માન્યતાનુસાર બ્રાહ્મણોએ વેદને અનાદિ અનુત્પન્ન કહ્યા છે. અપૌરૂષેય છે. અર્થાત્ પુરૂષ પ્રણીત અથવા પુરૂષ વિશેષથી રચિત જ નથી એવી તેમની માન્યતા છે. અહીં સુધી કે સૃષ્ટિનો રચયિતા જે ઈશ્વર છે તે પણ વેદમાં લખ્યા પ્રમાણે વેદમાં જોઈ જોઈને સૃષ્ટિની રચના કરે છે. તેથી ઈશ્વરની પ્રાધાન્યતા વેદની પ્રાધાન્યતા કરતા નાની છે. વેદ સર્વોપરિ છે.

આ વેદો મુખ્ય ૪ છે : ૧) ઋગ્વેદ, ૨) યજુર્વેદ ૩) અથર્વવેદ, ૪) શામવેદ. આ વેદોમાં યજ્ઞ-યાગ હોમ-હવન આદિના વિધાનોની પ્રાધાન્યતા છે. મંત્ર વેદ અને બ્રાહ્મણ વેદ આવા વિભાગમાં વેદોનું મુખ્ય વિશ્લેષણ છે વેદની ઋચાઓ અનેક છે. વેદના મંત્રાદિ પદોના ઉચ્ચારણો વિશિષ્ટ શૈલીથી કરાય છે. તેની ભાષા વર્તમાન સંસ્કૃત જેવી નથી. ઘણી જૂદી પદ્ધતિની છે. પણ સંસ્કૃત ભાષા છે.

ઈન્દ્રભૂતિ ગૌતમાદિ ૧૧ પંડિતો વેદપાઠી પંડિતો હતા. વૈદિક વેદવિદ્યાના પારંગામી હતા. વેદાધ્યયનના તેઓ અધિકારી હતા. સ્વ-પરશાસ્ત્રોના જ્ઞાતા, તેઓ વાદ-વિવાદમાં પણ નિપૂણ હતા. વેદપાઠી હોવાથી વેદોનું અધ્યયન કરવું અને બીજાઓને વેદોનું અધ્યાપન કરાવવું આ જ તેમનું મુખ્ય કાર્ય હતું અને યજ્ઞ-યાગના કર્મકાણ્ડોમાં વિશ્વાસ રાખી કરાવતા હતા. તેનાથી જ પોતાનું કલ્યાણ છે આવી તેઓની સ્પષ્ટ માન્યતા હતી. વેદોમાં યજ્ઞ-યાગાદિની ક્રિયાઓમાં ઘોર હિંસાની પ્રરૂપણા પણ ઘણી છે. અશ્વમેધ યજ્ઞાદિની પ્રરૂપણા ઘણી છે. કોઈમાં ઘોડો મારવાની વાત છે તો કોઈમાં ગાય મારીને તેનો પુરોડાશ બનાવવાની વાત છે. સ્વર્ગ પ્રાપ્તિ માટે અમુક પ્રકારના યજ્ઞ કરવા અને રાજ્યપ્રાપ્તિ માટે અમુક પ્રકારના યજ્ઞ કરવા, શત્રુનાશ માટે અમુક પ્રકારના યજ્ઞ કરવા. કોઈમાં ગાયના કાળજાની પણ આહૂતિ છે તો કોઈમાં બકરા વગેરેની છે. પશુયાગની પ્રબલતા હોવાથી સેંકડો જાતના, પશુઓની હિંસા કરીને સેંકડો જાતના યજ્ઞ-યાગ

બતાવવામાં આવ્યા છે. આટલી બધી જાતની ઘોર હિંસા બતાવવામાં આવી છે છતાં પણ વૈદિકો પોતાને અહિંસક જ ગણે છે. પોતાનો બચાવ કરવા એક વાક્યને ઢાળની જેમ આગળ ધરે છે કે "વૈદિકી હિંસા ન હિંસાસ્યાત્" વેદોમાં કહેલી હિંસા-હિંસા ગણાતી નથી.

વેદોમાં પરસ્પર વિરોધાભાસી પ્રરૂપણા પણ ઘણી છે. એક બાજુ "મા હિંસ્યાત્ સર્વ ભૂતાનિ" ની વાત કરે છે અને પાછા આગળ જઈને ગાય-ઘોડા વગેરેને મારીને પણ યજ્ઞ-યાગ કરવાનું વિધાન કરે છે. આમાં સત્ય શું સમજવું ? એક તરફ ગાયમાં ૩૩ કોટિ દેવતાઓનો વાસ માને છે. આટલી પવિત્ર ગૌમાતા તરીકે ગણે છે અને બીજી તરફ ગાયને મારીને તેનું હૃદય-કાઢીને તેનો પુરોડાશ કરીને તેની યજ્ઞવિધિ કરવાના વિધાન કરે છે. આવા પરસ્પર વિરોધાભાસી વક્તવ્યો ઘણાં છે. છતાં પણ વેદોને કોઈ ઋષિ-મુનિ રચિત ન માને. ઉપરથી શાશ્વત, અનાદિકાલીન માને છે. અપૌરૂષેય કહે છે એની શ્રદ્ધાજ સાચી શ્રદ્ધા. બસ, એ સિવાયની બાકી બીજા કોઈની શ્રદ્ધા કરશો તો તે મિથ્યાભાવ કહેવાય છે. તેવા બ્રાહ્મણોનું સ્પષ્ટ કહેવું છે કે આ વેદને માનો તો જ તમે આસ્તિક કહેવાઓ અન્યથા નાસ્તિક કહેવાઓ.

શ્રમણ સંસ્કૃતિવાળા જૈનધર્માવલંબિઓ હિંસાદિની પ્રધાનતાવાળા વેદને નથી માનતા. જૈનો પાસે સર્વજ્ઞ પ્રણીત આગમ શાસ્ત્રો છે. તેને જ માને છે. તેમાં હિંસાનું નામ નથી. ઉપરથી હિંસાને પાપ કર્મ બંધાવનારી અને દુર્ગતિમાં લઈ જનારી માની છે. પંચેન્દ્રિય-વધાદિની હિંસા - નરકમાં પણ લઈ જાય છે. માટે હિંસાદિની પ્રરૂપણાના કારણે જૈનો વેદને નથી માનતા તેથી જૈનોને વૈદિકોએ નાસ્તિક અને વેદનિંદક કહ્યા છે. તેમની દૃષ્ટિએ કદાચ આ વાત તેમને યોગ્ય લાગતી હશે. પરંતુ આર્હતો-જૈનો પાસે સર્વજ્ઞ પ્રણીત આગમ શાસ્ત્રો છે. જેમાં ચરમ સત્યનું સ્વરૂપ સર્વ વિષયોમાં સ્પષ્ટ પ્રરૂપવામાં આવ્યું છે. કયાંય પણ પરસ્પર વિરોધાભાસી વાક્ય પણ નથી અને આગમો માત્ર સ્વર્ગલક્ષી નથી. મોક્ષલક્ષી વિધાનવાળા છે. એટલે ક્યાંય હિંસાદિની પ્રરૂપણાનું નામ નિશાન પણ નથી. ઉપરથી સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસાની પ્રરૂપણા આગમ શાસ્ત્રોએ કરી છે. અને તેને અનુરૂપ સુવિહિત આચાર સંહિતા પણ ગોઠવી આપી છે. જે જીવનમાં આચરાય છે. આગમ શાસ્ત્રોએ હિંસક યજ્ઞ-યાગાદિથી જૈનોને સર્વથા દૂર રાખ્યા છે. પછી વેદાદિને માનવાની વાત જ કયાં ઉપસ્થિત થાય છે ? શક્ય જ નથી.

વેદાદિ મતાવલંબી પંડિતો : ઈન્દ્રભૂતિ ગૌતમાદિ ૧૧ દિગ્ગજ ધુરંધર વિદ્વાન પંડિતો બધા વેદાનુયાયી છે. વેદપાઠી છે. વેદમાંજ શ્રદ્ધા ધરાવનારા વૈદિકો છે. રાત દિવસ વેદોનો સ્વાધ્યાય, પઠન-પાઠન કરનારા છે. તદનુરૂપ યજ્ઞ-યાગાદિના અનુષ્ઠાનો પણ કરનારા છે. આ જ તેમની પ્રવૃત્તિ છે. અને આ જ તેમનું જીવન છે. આ ૧૧ પંડિતો તેમના ૪૪૦૦ શિષ્યોને પણ સતત આ જ પ્રમાણે વેદ ભણાવતા હતા. પોતાની માન્યતાની પરંપરા અખંડ રાખવા સતત પ્રયત્નશીલ હતા.

આ ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ પંડિતો પોતપોતાની રીતે વેદાધ્યયન કરતા હતા, તે વખતે તેમને કેટલાક વાક્યોના અર્થો બરોબર ના સમજાયા અને તેમાંથી શંકાઓ જાગી ધુરંધર પંડિતો હતા અને છતાં પણ તેમને વેદ વાક્યો બરોબર ન સમજાયા તે આશ્ચર્યની વાત છે અને વેદો ઉપર તેમની શ્રદ્ધા એટલી બધી વધારે પડતી હતી કે તેમાં ભૂલ કાઢી શકે તેમ નહોતા. વિપરીત ધ્વનિ નિકળતી હતી. જેમાં 'આત્મા છે' ના બદલે 'આત્મા નથી' એવા પ્રકારની અર્થ ધ્વનિથી ઈન્દ્રભૂતિ ગૌતમના મનમાં આ વાત જડબેસલાક બેસી ગઈ હતી કે આત્મા નથી. ''આત્મા છે કે નહીં.'' આવો અર્થ બેસી ગયા પછી માન્યતા કેવી બને ? સત્યજ્ઞાનના બદલે આવા ભ્રમજ્ઞાનનીજ માન્યતા બની ગઈ અને સંશયાત્મક ભ્રમજ્ઞાન એ જ એમના માટે બ્રહ્મજ્ઞાન બની ગયું. હવે પછીની આખી વિચારધારા જ એવી બની ગઈ.

બીજી બાજુ આ બધા પંડિતો એટલા બધા અભિમાની હતા કે એક બીજા પોતાની શંકાને અન્દર-અન્દર પણ એક બીજાને કહેતા નહોતા. પોતાના મનની આ શંકાની વાતની કોઈને ખબર પણ પડવા નહોતા દેતા. સામે ''આત્મા છે''ની સત્ય માન્યતા જે જગત્માં પ્રચલિત છે તેનો પણ તેમને ખ્યાલ હતો. એટલે ''આત્મા વગેરે નથી''ની વાતો જે પોતાની મનોગત છે તે કોઈને પણ ખ્યાલ ન આવી જાય, કોઈને પણ સહેજ પણ ખબર ન પડી જાય તે માટે તેમને પોતાના મનમાં જ સંતાડી રાખી હતી. કારણ બહાર પડી જાય તો ધક્કો લાગી જાય, તેમાં નાનપ લાગે. લોકભય હતો. પોતાની આવી મોટી પ્રતિષ્ઠાને ધક્કો લાગે માટે બધા અગ્યારેય પંડિતો આ અહંકારી વળણના કારણે પોતાની ભિન્ન-ભિન્ન શંકાઓને પોતાના મનમાંજ સંતાડીને રાખતા હતા. અરે ! અન્દર પરસ્પર પણ વિચાર વિમર્શ નહોતા કરતા. આ રીતે શંકા જન્ય ભ્રમજ્ઞાનને જ બ્રહ્મજ્ઞાન માનીને ચાલતા હતા અને છતાં પણ સર્વજ્ઞ છે તેવો ડોળ લોકોમાં ઉભો કરી દીધો હતો.

શું સર્વજ્ઞ હોય તે શંકાશીલ હોય ખરો ? અને જે શંકાશીલ હોય તે સર્વજ્ઞ હોઈ શકે ખરા ? સંભવ જ નથી. સર્વજ્ઞપણું અને શંકાશીલપણું બન્ને પરસ્પર વિરૂદ્ધ વસ્તુઓ છે. વિરોધાભાસી છે. માટે આ ૧૧ પંડિતો પોતાના સર્વજ્ઞપણાની પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિને કયાંય આંચ ન આવે એવા હેતુથી પોતાની શંકાઓને પોતે મનમાંને મનમાંજ શમાવી રાખી. પણ કોઈને ખબર પડવા ન દીધી. કોઈ માણસ ને રોગના કારણે શરીર ઉપર સોજા આવી જાય અને એમાં એ એવું માની બેસે કે... વાહ ! હું કેટલો સરસ જાડો થઈ ગયો છું ? વાહ ! કેટલું સરસ મારૂ શરીર વધ્યુ છે ? આવી ભ્રમણામાં રહી જાય તો શું પરિણામ આવે ? એવી જ રીતે આ ૧૧ ધુરંધર પંડિતો પણ પોતાને સર્વજ્ઞ માનીને અભિમાનમાં ફરતા હતા. પણ પોતાની મનોગત શંકાને બહાર પડવા નહોતા દેતા.

સાચા સર્વજ્ઞની પાસે સમાધાન :

અહંકાર ભાવમાં પોતાને સર્વજ્ઞ માની લેવા એક જૂદી વાત છે, અને ચારે ઘનઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાન-કેવળદર્શનાદિ પામીને સાચા સર્વજ્ઞ બનવું એ એક

અલગ વાત છે. અભિમાનની પરાકાષ્ઠા ઉપર પહોંચીને તો આજે પણ કેટલાય પોતાની જાતને ભગવાન માની જ બેઠા છે ને ? પરંતુ સત્ય જુદું જ હોય છે. આ ઈન્દ્રભૂતિ પંડિતોની હયાતીના જ સમયમાં જૈન ધર્મના ૨૪માં તીર્થંકર પરમાત્મા મહાવીરપ્રભુ થયા હતા. તેઓને વૈશાખ સુદિ ૧૦ની તિથિના દિવસે સંધ્યાના સમયે શુકલ ધ્યાનમાં સ્થિલીન થતાં ચારેય ઘનઘાતી કર્મોનો ક્ષય થતા કેવળજ્ઞાન પ્રાપ્ત-પ્રગટ થયું. યાદ રાખવા જેવી વાત આ છે કે સર્વજ્ઞ બનવાનો સાચો માર્ગ આ જ છે. આ જ સાચી રીત છે. શાશ્વત માર્ગ છે. જ્યારે પણ કોઈને પણ કેવળજ્ઞાન થશે તો આ રીતે જ થશે, અને આથી જ કોઈ સર્વજ્ઞ બની શકશે તે સિવાય નહીં.

વૈશાખ સુદ ૧૧ના દિવસે ભગવાન મહાવીરસ્વામી વિહાર કરી અપાપાપુરી નગરીમાં પધાર્યા. સ્વર્ગથી સેંકડો દેવતાઓ આવ્યા. નગરીની બહારના મહસેન ઉદ્યાનમાં સમવસરણની રચના કરી. ચારેય બાજુ દેવદુંદુભિઓ વગાડીને દેવતાઓએ ઉદ્‌ઘોષણાઓ કરી સમવસરણમાં સર્વજ્ઞ શ્રી વીરપ્રભુની દેશના ગોઠવાઈ ગઈ. હજારો નર-નારીઓ પહોંચવા માંડ્યા. દેવતાઓ આવ્યા.

આ બાજુ અપાપાપુરીમાં જ સોમિલ નામના વિપ્રે વિરાટ યજ્ઞનું આયોજન કર્યું હતું, અને પોતાના યજ્ઞમાં એને ભારતભરમાંથી વીણી-વીણીને ઈન્દ્રભૂતિ આદિ ૧૧ દિગ્ગજ ધુરંધર વિદ્વાન પંડિતો ને લાવ્યા હતા. તે પંડિતો પણ પોતાના ૪૪૦૦ શિષ્ય પરિવાર સાથે આવ્યા હતા. યજ્ઞ-યાગ ચાલી રહ્યો હતો. એમાંથી ઈન્દ્રભૂતિ આદિ એક મહાવીર સ્વામી સાથે વાદ કરે છે. ઉંડા મનની વાતો પણ જાણનારા સાચાસર્વજ્ઞે તે પંડિતોના મનની શંકાઓ પણ પ્રગટ કરી. તે શંકા કેમ અને કેવી રીતે ઉદ્‌ભવી તેનું મૂળ કારણ અને વેદ વાક્યાદિ બધું જ પ્રગટ કરીને તે બધા પંડિતોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. અને પછી અદ્‌ભૂત ઉત્તરો આપી તે તે શંકાઓનું સમાધાન કર્યું. આ બધા પંડિતો સાચું સત્ય, વાસ્તવિક મર્મ પામી ગયા. યથાર્થ જ્ઞાન થયું તેમણે બધાએ પોતાના શિષ્ય પરિવારો સાથે શ્રી વીર પ્રભુનું શરણ સ્વીકારીને જીવન પ્રભુના ચરણોમાં સમર્પિત કરી દીધુ. દીક્ષા ગ્રહણ કરી સાચા સાધુ-અણગાર બન્યા. બધું મિથ્યાજ્ઞાન તે સાચુ જ્ઞાન બની ગયુ. બધા ભ્રમો-શંકાઓ ટળી ગયા. ભવિષ્યમાં તેઓ પણ સાચુ કેવળજ્ઞાન ચારેય ઘાતીકર્મોનો ક્ષય કરીને પામ્યા સાચા સર્વજ્ઞ બન્યા. અને આઠેય કર્મોનો ક્ષય કરી મુક્તિપુરીમાં પહોંચી સિદ્ધ બન્યા.

આ ૧૧ ગણધરોની જે આત્માદિ વિષયક શંકાઓ હતી અને તેનું શ્રી વીર પ્રભુએ જે સમાધાન કર્યું હતું. તે જ્ઞાન આપણા જેવા સર્વ સામાન્ય જીવોને ઉપયોગી થઈ શકે તે માટે વિશેષાવશ્યક ભાષ્યના આધારે પ્રસ્તુત પુસ્તકમાં વિવેચન કર્યું છે. અને બે ભાગમાં પુસ્તકરૂપે બધાના કર કમળોમાં મુક્યું છે. આશા છે સુજ્ઞો આ પુસ્તકના માધ્યમથી પોતાની શંકાઓનું નિરસન કરશે અને સાચુ સમ્યગ્ જ્ઞાન પામી મુક્તિ માર્ગે પ્રયાણ કરશે.

પ્રકાશક સંસ્થાની કલમે....

સાચું સમ્યગ્ જ્ઞાન આ જગત્માં સદાય ઉપકારી છે. સંસારમાં અનેક જીવો અજ્ઞાનમાં જ મહાલતા હોય છે. મોહમાયાના સંસારમાં ફસીને આત્માના સાચા જ્ઞાન ને ભૂલી જતા હોય છે. પરિણામે સાચા જ્ઞાનના સંસ્કાર જ નથી પડતા. અને સાચું જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા નથી રહેતી. પ્રમાદગ્રસ્તતાના કારણે પછી તત્ત્વરૂચિ પણ નષ્ટ થતી જાય છે. અને બીજી બાજુ મોહનીય કર્મનું સામ્રાજ્ય ઘણું મોટું છે એટલે એમાં ને એમાં જીવન પસાર થઈ જાય છે.

આત્મા છે કે નહીં ? મોક્ષ છે કે નહીં ? કર્મ, સ્વર્ગ-નરક છે કે નહીં ? એવી અનેક જે સર્વ સામાન્ય માનવીની શંકાઓ છે તેના વિષયો ''સચિત્ર ગણધરવાદ''ના પુસ્તકમાં ચર્ચવામાં આવ્યા છે. કલ્પસૂત્રમાં આવતા ગણધરવાદના વિષય ઉપર પૂ. ગુરૂદેવ પંન્યાસજી શ્રી અરૂણવિજયજી મહારાજ સાહેબે જામનગર શહેરની શિબિરમાં આ વિષયો ઉપર ૧૬ રવિવાર સુધી પ્રવચનો આપીને હજારો જિજ્ઞાસુઓને આ તત્ત્વો સમજાવ્યા હતા. અને પછી એનું લેખન કર્યું હતું. શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ - જામનગરે તેનું મુદ્રણ કરાવીને પુસ્તક સ્વરૂપે પ્રગટ કર્યું હતું. તેની પ્રથમ આવૃત્તિ ૩૦૦૦ નકલો સમાપ્ત થઈ જતા અમારી શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રની સંસ્થાએ બીજી આવૃત્તિ છપાવી છે.

આ પુસ્તકની અત્યન્ત ઉપયોગિતા સિદ્ધ થઈ છે. ચારેય બાજુથી હજારો જિજ્ઞાસુઓ આ પુસ્તક મેળવવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. ઘણી વખત ઘણાંને નિરાશા પણ અનુભવવી પડતી હતી. એ માટે અમે ખાસ દિલગીર છીએ.

પૂજ્ય ગુરૂદેવનું ચાતુર્માસ મદ્રાસના શ્રી વેપેરી સંઘમાં થયું. અને પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી વેપેરી સંઘે આ પુસ્તક ના બન્ને ભાગો ફરીથી છપાવવાનો નિર્ણય લીધો. અને સાથે સાથે મામ્બલમ્ શ્રી સંઘે પણ આ સાથે લાભ લીધો. મદ્રાસના આ બન્ને શ્રી સંઘોના સાથ અને આર્થિક સહયોગથી અમારી સંસ્થા આ પુસ્તકનું પુનર્મુદ્રણ કરાવી શકી છે. વાચકોના હાથમાં બીજી આવૃત્તિ મૂકી શકી છે તે બદ્દલ અમે ગૌરવ અનુભવીએ છીએ, અને શ્રી વેપેરી જૈન શ્વે. મૂ. સંઘ-મદ્રાસ, તથા શ્રી શાન્તિનાથ જૈન દેરાસર - મામ્બલમ્ જૈન શ્વે. મૂ. સંઘ-મદ્રાસનો અમે આભાર માનીએ છીએ. સાથે-સાથે તેમને ખૂબ-ખુબ અભિનંદન પાઠવીએ છીએ.

વર્તમાન વિજ્ઞાન યુગના કૉમ્પ્યુટરસિસ્ટમથી થતા સુંદર મુદ્રણ કાર્યમાં અમે આ પુસ્તક ફરીથી આખુ કંપોઝ કરાવ્યું. અને સાથે સાથે અનેક જગ્યાએ સુયોગ્ય ચિત્રો પણ મૂક્યા છે. આ મુદ્રણ વ્યવસ્થાનું કાર્ય જાણીતા સેવાભાવી **શ્રીયુત રમણિકભાઈ રામચંદ સલોતે**

પોતાની નાદુરૂસ્ત તબીયત હોવા છતાં પણ જ્ઞાનરૂચિના આધારે નિઃસ્વાર્થભાવે કરી આપ્યું છે તે બદલ અમે તેમના સદા ઋણી છીએ.

પૂજ્યશ્રી હેમન્ત વિજયજી મહારાજે મહેનત લઈ ખૂબજ ચીવટ પૂર્વક સંપૂર્ણ પ્રુફ સંશોધન કરીને આ પુસ્તકને વધુ શુદ્ધ કરવામાં મોટો ફાળો આપ્યો છે તે બદલ તેમને પણ અમે શત્-શત્ વંદન કરીએ છીએ.

લલિત સુથારે બનાવી આપેલા સુંદર ચિત્રકાર્યનું ઉપરનું કવર ગ્રાફિક ક્રિએશન પ્રેસના શ્રીમાન અવિનાશજી મહેતાએ છાપી આપ્યું છે તે બદલ તેમને પણ ધન્યવાદ આપીએ છીએ.

પૂજ્ય ગુરૂદેવ પંન્યાસજી શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજ જેઓશ્રી જૈન શ્રમણ સંઘના જાણીતા સુપ્રસિદ્ધ વિદ્વાન, પ્રવચનકાર, અને શિબિરકર્તા છે. અને સાથે સાથે સિદ્ધહસ્ત લેખક પણ છે. પૂજ્યશ્રી હિન્દી-ગુજરાતી ભાષામાં નિરંતર લેખન કરતા હોય છે. તેમની લેખન સામગ્રીને પુસ્તક રૂપે પ્રગટ કરવાનો અવસર અમારી સંસ્થાને મળતો રહે છે. અને આવા ઉંડા તત્ત્વજ્ઞાનને પુસ્તક રૂપે પ્રગટ કરવામાં અનેક સંઘો અમને સાથ-સહકાર આપતા રહે છે. આ અંગે અમે ધન્યતા અનુભવીએ છીએ. પૂજ્યશ્રી મોટા ભાગે તાત્ત્વિક વિષયો ઉપર જ લખતા હોય છે. શાસ્ત્રીય તાત્ત્વિક વિષયોને વિસ્તૃત વિવેચન કરી સરલ સુગમ શૈલીમાં રજૂ કરવાની પૂજ્યશ્રીની કલા છે. અને એમાં પણ ચિત્રો સાથે સચિત્ર પુસ્તકોની નવી અને આગવી ભાત પૂજ્યશ્રીએ જ પાડી છે. પૂજ્ય ગુરૂદેવશ્રીના બધા પુસ્તકો અભ્યાસ યોગ્ય પુસ્તકો છે. માત્ર વાર્તાના પુસ્તકોની જેમ વાંચીને મૂકી દેવા જેવા નથી. અભ્યાસ કરવો તેમજ ચિન્તન-મનન કરવાથી કાયમી બોધ થશે. તત્ત્વોની સાચી સમજણ પડશે.

અમારી સંસ્થાએ પૂજ્યશ્રીના બધા જ પુસ્તકો છપાવી ને અવસરે - અવસરે પ્રગટ કર્યા છે. અને અમને જણાવતા આનન્દ થાય છે કે પૂજ્યશ્રી દ્વારા લિખિત અને અમારી સંસ્થાદ્વારા પ્રકાશિત પ્રકાશનો દેશ-પરદેશમાં ચારે બાજુ પ્રસર્યા છે. સારી સુવાસ પ્રસરી છે. લોકોની જિજ્ઞાસા સતત બની રહે છે. સદા માંગણી રહ્યા કરે છે. અને સાથે સાથે પૂજ્યશ્રી દ્વારા સંપાદન કરેલા કેટલાક આગમ શાસ્ત્રો પણ પ્રતાકારે પ્રકાશિત કરી શક્યા છીએ. અનેક પૂજ્યોને અને જ્ઞાનભંડારોને ભેટ કર્યા છે.

અમારી સંસ્થા ''શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર'' જ્ઞાન પ્રસાર અને શિબિરોના આયોજનોનું કાર્ય મુખ્યરૂપે કરે છે, અને અમે બધા આવી શાસનની સેવા કરવા બદલ ગૌરવ અનુભવીએ છીએ. શાસન દેવ અમને શક્તિ પ્રદાન કરે અને અમે શાસનના શુભ કાર્યો સદા કરતા જ રહીએ એવી પ્રાર્થના કરી વિરમીએ છીએ.

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર ટસ્ટ્રી ગણ

શ્રાવણી શુદિ ૧. ૪ ઑગસ્ટ ૧૯૯૭.

૧૧ ગણધર ભગવન્તોના જીવન ચરિત્રની સંક્ષિપ્ત તાલિકા

		પ્રથમ ગણધર	બીજા ગણધર
૧.	નામ	ઈન્દ્રભૂતિ ગૌતમ	અગ્નિભૂતિ ગૌતમ
૨.	પિતા	શ્રી વસુભૂતિ	વસુભૂતિ
૩.	માતા	પૃથ્વી દેવી	પૃથ્વી દેવી
૪.	ભાઈ	૨, અગ્નિભૂતિ, વાયુભૂતિ, (લઘુબંધુ)	ઈન્દ્રભૂતિ, વાયુભૂતિ
૫.	જાતિ	બ્રાહ્મણ	બ્રાહ્મણ
૬.	ગોત્ર	ગૌતમ ગોત્ર	ગૌતમ ગૌત્ર
૭.	જન્મભૂમિ	મગધદેશ, કુણ્ડલપુર-ગોબર ગામ	મગધદેશ, કુંડલપુર, ગોબર ગામ
૮.	જન્મ રાશી	વૃશ્ચિક રાશી	વૃષભ રાશી
૯.	જન્મ નક્ષત્ર	જયેષ્ઠા નક્ષત્ર	કૃત્તિકા નક્ષત્ર
૧૦.	શરીર વર્ણ	સુવર્ણ વર્ણમય	સુવર્ણમય વર્ણ
૧૧.	દેહની ઉંચાઈ	૭ હાથ	૭ હાથ
૧૨.	સંઘયણ	વજ્રા ઋષભનારાચ	વજ્રાઋષભનારાચ
૧૩.	સંસ્થાન	સમચતુરસ્ર	સમચતુરસ્ર
૧૪.	વ્યવસાય	અધ્યાપન અને અનુષ્ઠાન	અધ્યાપન અને અનુષ્ઠાન
૧૫.	જ્ઞાન	૧૪ વેદ વિદ્યા, ૪ જ્ઞાન, અને કેવળજ્ઞાન	૧૪ વેદ વિદ્યા, ૪ જ્ઞાન, અને કેવળજ્ઞાન
૧૬.	અહંકાર	''હું સર્વજ્ઞ છું'' એવો	હું સર્વજ્ઞ છું એવો.
૧૭.	શંકા (સંશય)	જીવ છે કે નહીં?	કર્મ છે કે નહીં ?
૧૮.	શિષ્યસંખ્યા	૫૦૦ દીક્ષા દિવસે	૫૦૦ દીક્ષા દિવસે
૧૯.	ગૃહસ્થાવસ્થા	૫૦ વર્ષ	૪૬ વર્ષ
૨૦.	દીક્ષાવય	૫૧ વર્ષ	૪૭ મેં વર્ષે
૨૧.	દીક્ષા કયાં ?	અપાપાપુરી, મહસેન ઉદ્યાન	અપાપાપુરી-મહસેન ઉદ્યાન
૨૨.	દીક્ષા તિથિ	વૈશાખ સુદિ - ૧૧	વૈશાખ સુદિ - ૧૧
૨૩.	દીક્ષા ગુરૂ	ભ. મહાવીર સ્વામી	ભ. મહાવીર સ્વામી
૨૪.	દીક્ષા પર્યાય	૪૨ વર્ષ	૨૮ વર્ષ
૨૫.	છદ્મસ્થપર્યાય	૩૦ વર્ષ	૧૨ વર્ષ
૨૬.	કેવલી પર્યાય	૧૨ વર્ષ	૧૬ વર્ષ
૨૭.	કુલ આયુષ્ય	૯૨ વર્ષ	૭૪ વર્ષ
૨૮.	દિક્ષાદિવસે ગુરૂબંધુ	૧૦	૧૦
૨૯.	શાસ્ત્ર રચના	દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી
૩૦.	ગુણસંપદા	વિનય-નમ્રતા, સેવા ભક્તિ.	વિનય, નમ્રતા, સેવા ભક્તિ આદિ
૩૧.	લબ્ધિ	અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ
૩૨.	કેવલજ્ઞાન	આસોની અમાવસ્યાની શેષરાત્રી ૮૦ વર્ષની ઉંમરે	૫૯ મે વર્ષે
૩૩.	અનશન	૯ માસનું અનશન, પાદપોપગમન	પાદપોપગમન અનશન ૧ માસ
૩૪.	તપસંલેખના	છઠ્ઠના પારણે છઠ્ઠ	અન્તે ૧ મહિનાના ઉપવાસ
૩૫.	કર્મક્ષય	પ્રથમ ૪ ઘાતી, અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતી, અન્તે ૪ અઘાતી
૩૬.	નિર્વાણ	રાજગૃહીના વૈભારગિરિ ઉપર	રાજગૃહીના વૈભારગિરિ ઉપર
૩૭.	નિર્વાણ ક્યારે ?	ભ. મહાવીર પછી	ભ. મહાવીર પહેલા

૧૧ ગણધર ભગવન્તોના જીવન ચરિત્રની સંક્ષિપ્ત તાલિકા

ત્રીજા ગણધર	ચોથા ગણધર	પાંચમાં ગણધર
વાયુભૂતિ ગૌતમ	શ્રી વ્યક્ત સ્વામી	શ્રી સુધર્મા સ્વામી
શ્રી વસુભૂતિ	શ્રી ધનમિત્ર	શ્રી ધનમિત્ર (શ્રી ધમ્મિલ)
પૃથ્વી દેવી	વારૂણી દેવી	ભદ્દિલા દેવી
ઈન્દ્રભૂતિ તથા અગ્નિ ભૂતિ	–	–
વિપ્ર (બ્રાહ્મણ)	વિપ્ર (બ્રાહ્મણ)	વિપ્ર (બ્રાહ્મણ)
ગૌતમગોત્ર	ભારદ્વાજ ગોત્ર	અગ્નિ વેશ્યાયન ગોત્ર
મગધદેશ, કુંડલપુર, ગોબર ગામ	કોલ્લાક સન્નિવેશ ગામ	કોલ્લાક ગામ
તુલા રાશી	મકર રાશી	કન્યા રાશી
સ્વાતિ નક્ષત્ર	શ્રવણ નક્ષત્ર	ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર
સોનેરી સુવર્ણસમાન	(સોનેરી) સુવર્ણમય વર્ણ	સુવર્ણ મયવર્ણ
૭ હાથ	સાત હાથ	સાત હાથ
વજ્ર ઋષભ નારાચ	વજ્ર ઋષભ નારાચ	વજ્રઋષભ નારાચ
સમચતુરસ્ર	સમચતુરસ્ર	સમચતુરસ્ર
અધ્યાપન કાર્ય તથા અનુષ્ઠાન ક્રીયા	અધ્યાયન અને અનુષ્ઠાન	અધ્યાયન અને અનુષ્ઠાન
૧૪ વિદ્યા, ૪જ્ઞાન અને કેવલજ્ઞાન	૧૪ વિદ્યા, ૪જ્ઞાન અને કેવલજ્ઞાન	૧૪ વિદ્યા, ૪જ્ઞાન અને કેવલજ્ઞાન
હું સર્વજ્ઞ છું એવો.	હું સર્વજ્ઞ છું એવો.	હું સર્વજ્ઞ છું એવો.
દેહ એજ આત્મા ? કે ભિન્ન ?	પંચભૂત (પૃથ્વીવગેરે) છે કે નહીં ?	ગતિ બદલાઈ છે કે નહીં ?
૫૦૦ દિક્ષા દિવસે	૫૦૦ દિક્ષા દિવસે	૫૦૦ દિક્ષા દિવસે
૪૨ વર્ષ	૫૦ વર્ષ	૫૦ વર્ષ
૪૩ વર્ષ	૫૧ વર્ષ	૫૧ વર્ષ
અપાપાપુરી-મહેસન ઉદ્યાન	અપાપાપુરી-મહેસન ઉદ્યાન	અપાપાપુરી-મહેસન ઉદ્યાન
વૈશાખ સુદ-૧૧	વૈશાખ સુદ-૧૧	વૈશાખ સુદ-૧૧
ભ. મહાવીર સ્વામી	ભ. મહાવીર	ભ. મહાવીર
૨૮ વર્ષ	૩૦ વર્ષ	૫૦ વર્ષ
૧૦ વર્ષ	૧૨ વર્ષ	૪૨ વર્ષ
૧૮ વર્ષ	૧૮ વર્ષ	૮ વર્ષ
૭૦ વર્ષ	૮૦ વર્ષ	૧૦૦ વર્ષ
૧૦	૧૦	૧૦
દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી
વિનય-નમ્રતા, વિવેક, સેવા-ભક્તિ આદિ	વિનય-નમ્રતા, વિવેક સેવા-ભક્તિ આદિ	વિનય-નમ્રતા, વિવેક, સેવા-ભક્તિ આદિ
અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ અનન્ત
૫૩ મેં વર્ષે	૬૩મેં વર્ષે	૮૩મેં વર્ષે
પાદપોપગમન અનસન ૧ માસ	પાદપોપગમન અનસન ૧ માસ	પાદપોપગમન અનસન ૧ માસ
અન્તે ૧ મહિનાના ઉપવાસ	અન્તે ૧ મહિનાના ઉપવાસ	અન્તે ૧ મહિનાના ઉપવાસ
પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતીં અન્તે ૪ અઘાતી
રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર	રાજગૃહીના વૈભારગિરિ ઉપર	રાજગૃહીના વૈભારગિરિ ઉપર
ભ. મહાવીર પહેલા	ભ. મહાવીર પહેલા	ભ. મહાવીર પછી

૧૧ ગણધર ભગવન્તોના જીવન ચરિત્રની સંક્ષિપ્ત તાલિકા

છઠ્ઠા ગણધર	સાતમાં ગણધર	આઠમાં ગણધર
શ્રી મણ્ડિતસ્વામી	શ્રી મૌર્ય પુત્ર સ્વામી	શ્રી અકમ્પિતસ્વામી
શ્રી ધન દેવ	શ્રી મૌર્ય	શ્રી દેવ
વિજયાં દેવી	વિજયા દેવી	જયન્તી દેવી
-	-	-
વિપ્ર (બ્રાહ્મણ)	વિપ્ર (બ્રાહ્મણ)	વિપ્ર (બ્રાહ્મણ)
વાસિષ્ઠ ગોત્ર	કાશ્યપ ગોત્ર	ગૌતમ ગોત્ર
મૌર્ય સન્નિવેશ ગામ	મૌર્ય ગામ	મિથિલા નગરી
સિંહ રાશી	વૃષભ રાશિ	મકર રાશિ
મઘા નક્ષત્ર	મૃગશિરા નક્ષત્ર	ઉત્તરાષાઢા નક્ષત્ર
સુવર્ણ મય વર્ણ	સુવર્ણ મય વર્ણ	સુવર્ણમય વર્ણ
સાત હાથ	સાત હાથ	સાત હાથ
વજ્ર ઋષભ નારાચ	વજ્ર ઋષભ નારાચ	વજ્ર ઋષભ નારાચ
સમચતુરસ્ર	સમચતુરસ્ર	સમચતુરસ્ર
અધ્યાપન કાર્ય તથા અનુષ્ઠાન ક્રીયા	અધ્યાપન અને અનુષ્ઠાન	અધ્યાપન અને અનુષ્ઠાન
૧૪ વિદ્યા, ૪જ્ઞાન અને કેવલજ્ઞાન	૧૪ વેદ વિદ્યા, ૪જ્ઞાન અને કેવલજ્ઞાન	૧૪ વેદ વિદ્યા, ૪જ્ઞાન અને કેવલજ્ઞાન
હું સર્વજ્ઞ છું એવો.	હું સર્વજ્ઞ છું એવો.	હું સર્વજ્ઞ છું એવો.
કર્મબન્ધ અને કર્મ મોક્ષ છે કે નહીં?	દેવ છે કે નહીં ?	નારકી છે કે નહીં ?
૩૫૦ દિક્ષા દિવસે	૩૫૦ દિક્ષા દિવસે	૩૦૦ દિક્ષા દિવસે
૫૩ વર્ષ	૬૪ વર્ષ	૪૮ વર્ષ
૫૪ વર્ષ	૬૫ વર્ષ	૪૯ વર્ષ
અપાપાપુરી-મહેસન ઉદ્યાન	અપાપાપુરી-મહેસન ઉદ્યાન	અપાપાપુરી-મહેસન ઉદ્યાન
વૈશાખ સુદ-૧૧	વૈશાખ સુદ-૧૧	વૈશાખ સુદ-૧૧
ભ. મહાવીર	ભ. મહાવીર	ભ. મહાવીર
૩૦ વર્ષ	૩૦ વર્ષ	૩૦ વર્ષ
૧૪ વર્ષ	૧૪ વર્ષ	૯ વર્ષ
૧૬ વર્ષ	૧૬ વર્ષ	૨૧ વર્ષ
૮૩ વર્ષ	૯૫ વર્ષ	૭૮ વર્ષ
૧૦	૧૦	૧૦
દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી
વિનય-નમ્રતા, વિવેક સેવા-ભક્તિ આદિ.	વિનય-નમ્રતા, વિવેક સેવા-ભક્તિ આદિ.	વિનય-નમ્રતા, વિવેક, સેવા-ભક્તિ આદિ.
અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ અનન્ત
૬૮માં વર્ષે	૮૦માં વર્ષે	૫૮માં વર્ષે
પાદપોપગમન અનસન ૧ માસ	પાદપોપગમન અનસન	પાદપોપગમન અનસન
અન્તે ૧ મહિનાના ઉપવાસ	અન્તે ૧ મહિનાના ઉપવાસ	અન્તે ૧ મહિનાના ઉપવાસ
પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતીઅન્તે ૪ અઘાતી
રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર	રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર	રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર
ભગવાન મહાવીર પહેલા	ભગવાન મહાવીર પહેલા	ભગવાન મહાવીર પહેલા

૧૧ ગણધર ભગવન્તોના જીવન ચરિત્રની સંક્ષિપ્ત તાલિકા

નવમાં ગણધર	દશમાં ગણધર	અગ્યાર ગણધર
શ્રી અચલભ્રાતાસ્વામી	શ્રી મેતાર્ય સ્વામી	શ્રી પ્રભાસ સ્વામી
શ્રી વસુ	શ્રી દત્ત	શ્રી બલ (શ્રીબલભદ્ર)
નન્દા દેવી	વરુણ દેવી	અતિબલા (અતિભદ્રા)
-	-	-
વિપ્ર (બ્રાહ્મણ)	વિપ્ર (બ્રાહ્મણ)	વિપ્ર (બ્રાહ્મણ)
હારિત ગોત્ર	કૌડિન્ય ગોત્ર	કૌડિન્ય ગોત્ર
કોશલા (અયોધ્યા) નગરી	વચ્છ દેશાન્તર્ગત તુંગિક ગામ	રાજગૃહી નગરી
મિથુન રાશિ	મેષ રાશિ	કર્ક રાશિ
મૃગશિરા નક્ષત્ર	અશ્વિની નક્ષત્ર	પુષ્ય નક્ષત્ર
સુવર્ણમય વર્ણ	સુવર્ણમય વર્ણ	સુવર્ણમય વર્ણ
સાત હાથ	સાત હાથ	સાત હાથ
વજ્ર ઋષભ નારાચ	વજ્ર ઋષભ નારાચ	વજ્ર ઋષભ નારાચ
સમચતુરસ્ર	સમચતુરસ્ર	સમચતુરસ્ર
અધ્યયન અને અનુષ્ઠાન	અધ્યયન અને અનુષ્ઠાન	અધ્યયન અને અનુષ્ઠાન
૧૪ વેદ વિદ્યા, ૪જ્ઞાન, કેવળજ્ઞાન	૧૪ વેદ વિદ્યા, ૪જ્ઞાન, કેવળજ્ઞાન	૧૪ વેદ વિદ્યા, ૪જ્ઞાન, કેવળજ્ઞાન
હું સર્વજ્ઞ છું એવો.	હું સર્વજ્ઞ છું એવો.	હું સર્વજ્ઞ છું એવો.
પુણ્ય અને પાપ છે કે નહીં ?	પરલોક છે કે નહી ?	શું મોક્ષ છે ?
૩૦૦ દિક્ષા દિવસે	૩૦૦ દિક્ષા દિવસે	૩૦૦ દિક્ષા દિવસે
૪૬ વર્ષ	૩૬ વર્ષ	૧૫ વર્ષ
૪૭ વર્ષ	૩૭ વર્ષ	૧૬ વર્ષ
અપાપાપુરી-મહેસન ઉદ્યાન	અપાપાપુરી-મહેસન ઉદ્યાન	અપાપાપુરી-મહેસન ઉદ્યાન
વૈશાખ સુદ-૧૧	વૈશાખ સુદ-૧૧	વૈશાખ સુદ-૧૧
ભ. મહાવીર	ભ. મહાવીર	ભ. મહાવીર
૨૬ વર્ષ	૨૬ વર્ષ	૨૪ વર્ષ
૧૨ વર્ષ	૧૦ વર્ષ	૮ વર્ષ
૧૪ વર્ષ	૧૬ વર્ષ	૧૬ વર્ષ
૭૨ વર્ષ	૬૨ વર્ષ	૪૮ વર્ષ
૧૦	૧૦	૧૦
દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી	દ્વાદશાઙ્ગી
વિનય-નમ્રતા, વિવેક સેવા-ભક્તિ આદિ.	વિનય-નમ્રતા, સેવા-ભક્તિ આદિ.	વિનય-નમ્રતા, સેવા-ભક્તિ આદિ.
અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ અનન્ત	અણિમા-મહિમાદિ અનન્ત
૫૯માં વર્ષે	૪૭માં વર્ષે	૨૫માં વર્ષે
પાદપોપગમન અનસન ૧ માસ	પાદપોપગમન અનસન	પાદપોપગમન અનસન
અન્તે ૧ મહિનાના ઉપવાસ	અન્તે ૧ મહિનાના ઉપવાસ	
પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી	પ્રથમ ૪ ઘાતી અન્તે ૪ અઘાતી
રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર	રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર	રાજ ગૃહીના વૈભારગિરિ ઉપર
ભગવાન મહાવીર પહેલા	ભગવાન મહાવીર પહેલા	ભગવાન મહાવીર પહેલા

ગુમરાહ યુવા આલમના રાહબર...સફળ શિબિર સંચાલક

જાણીતા તત્ત્વચિંતક... પ્રવચનકાર, સિદ્ધહસ્ત લેખક... દાર્શનિક-તાત્ત્વિક વ્યાખ્યાતા-

પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી અરૂણવિજયજી ગણીવર્ય મહારાજ

(રાષ્ટ્રભાષા રત્ન, સાહિત્ય રત્ન M.A.) જૈન-ન્યાયદર્શનાચાર્ય M.A.(PH.D.)

ની શુભ પ્રેરણા...સદુપદેશ..., અને માર્ગદર્શનાનુસાર તેમની નિશ્રામાં યુવા આલમમાં સંસ્કારોનું સિંચન કરતી...સમ્યગ્ જ્ઞાનનું પ્રચાર-પ્રસાર કરતી સંસ્થા-

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર - મુંબઈ

દ્વારા વિવિધ સંઘોના સહકારથી વિવિધ ક્ષેત્રોમાં યોજાયેલ

❋ ગ્રિષ્માવકાશકાલીન જૈન શિક્ષણ શિબિરનું આયોજન ❋

૧.	ઈ.સ. ૧૯૭૯	શ્રી સર્વોદય પાર્શ્વનાથ મંદિર-હિલસ્ટેશન-માથેરાન (મહારાષ્ટ્ર)
૨.	ઈ.સ. ૧૯૮૦	શ્રી આદિનાથ સોસાયટી, પુણે-સતારા રોડ, પુના (મહારાષ્ટ્ર)
૩.	ઈ.સ. ૧૯૮૧	શ્રી વર્ધમાન આયંબિલ ભવન, શ્રી પોરવાલ જૈન સંઘ, ભિવંડી, જિ.થાણા (મહા.)
૪.	ઈ.સ. ૧૯૮૨	શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર, વલસાડ જૈન સંઘ-વલસાડ (ગુજરાત)
૫.	ઈ.સ. ૧૯૮૩	શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર-દાદાસાહેબ-કાળાનાળા-ભાવનગર (સૌરાષ્ટ્ર)
૬.	ઈ.સ. ૧૯૮૪	શ્રી અમીઝરા વાસુપૂજ્યસ્વામી જૈન દેરાસર, આ.ક.પેઢી, સુરેન્દ્રનગર
૭.	ઈ.સ. ૧૯૮૬	શ્રી હથૂણ્ડી રાતા મહાવીરસ્વામી તીર્થ બીજાપુર, જિલા-પાલી, ફાલના
૮.	ઈ.સ. ૧૯૮૯	શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર...હાઈવે રોડ, શંખેશ્વર તીર્થ, ગુજરાત.
૯.	ઈ.સ. ૧૯૯૧	શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મંદિર. શા. માનાજી કસનાજી ધડા, ભવાની પેઠ, પુના.
૧૦.	ઈ.સ. ૧૯૯૨	શ્રી શાન્તિનાથ જૈન મંદિર-શ્રી હુબલી જૈન સંઘ... હુબલી (કર્ણાટક)
૧૧.	ઈ.સ. ૧૯૯૨	શ્રી સુપાર્શ્વનાથ જૈન મંદિર - શ્રી દાવણગેરે જૈન સંઘ - દાવણગેરે (કર્ણાટક)
૧૨.	ઈ.સ. ૧૯૯૩	શ્રી સુમતિનાથ જૈન મંદિર-મૈસૂર સંઘ- વ્યસનમુક્તિ શિબિર-મૈસૂર (કર્ણાટક)
૧૩.	ઈ.સ. ૧૯૯૩	શ્રી સુપાર્શ્વનાથ જૈન મંદિર - શ્રી કોઈમ્બતુર જૈન સંઘ - કોઈમ્બતુર (તા.ના.)
૧૪.	ઈ.સ. ૧૯૯૪	શ્રી મુડિગેરે, ચિક્મંગલૂર, અને મેંગલોર - (કર્ણાટક રાજ્ય)
૧૫.	ઈ.સ. ૧૯૯૬	શ્રી જોધપુર જૈન ઓસવાલ સંઘ - ક્રિયાભવન, ખરાદિયો કા વાસ. જોધપુર. (રાજ.)
૧૬.	ઈ.સ. ૧૯૯૬	શ્રી નાકોડા પાર્શ્વનાથ તીર્થ-મેવા નગર જિ. બાડમેર, વાયા-બાલોતરા-રાજસ્થાન.
૧૭.	ઈ.સ. ૧૯૯૭	શ્રી શંખેશ્વર તીર્થ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહારમાં ધ્યાન સાધના શિબિર
૧૮.	ઈ.સ. ૧૯૯૭	શ્રી કારેલી બાગ જૈન સંઘ, મુનિસુવ્રતસ્વામી જિનાલયે-વડોદરામાં ધ્યાન યોગ-શિબિર
૧૯.	ઈ.સ. ૧૯૯૭	શ્રી તિથલમાં - બૉબી પાર્કમાં બિપિનભાઈ દ્વારા ધ્યાન-યોગ શિબિર - વલસાડ
૨૦.	ઈ.સ. ૧૯૯૭	શ્રી વીરાલયમ્ - આંબેગાંવ - કેલેવાડી, પુના. (મહારાષ્ટ્રમાં) ધ્યાન-યોગશિબિરમાં

ગ્રિષ્માવકાશકાલીન શિબિર ૧૫-૧૧ દિવસીય યોજાય છે. વિદ્યાર્થીઓ સાથે જ રહીને સંસ્કારો અને સમ્યગ્ જ્ઞાન મેળવે છે. હજારો યુવકો ધર્મ સમજીને ધર્મસન્મુખ બન્યા છે.

✤ સંસ્કારી સંતતિ એ જ સાચી સંપત્તિ છે. ✤

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક

પ.પૂ. પંન્યાસ શ્રી અરૂણવિજયજી મહારાજ

તીર્થંકર મહાવીર અને ૧૧ ગણધર

वंदामि महाभागं महामुणिं महायसं महावीरम् ।
अमरनररायमहियं तित्थयरमिमस्स तित्थस्स ॥

પરમ પૂજ્ય ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના ચરણારવિન્દમાં નમસ્કાર પૂર્વક.....

પરમ શ્રદ્ધેય ચતુર્દશપૂર્વધારી મહાપુરુષ શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજ વિરચિત ''શ્રી આવશ્યક નિર્યુક્તિ'' મહાગ્રન્થ ઉપર વિશેષ ભાષ્ય રચનાર પૂર્વધર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ મહારાજા ''શ્રી વિશેષાવશ્યકભાષ્ય''માં પરમાત્મા શ્રી મહાવીર પ્રભુને વંદન કરતા ફરમાવે છે કે –

આ તીર્થના તીર્થપતિ દેવતાઓના રાજા ઈન્દ્ર તથા મનુષ્યોના રાજા ચક્રવર્તી આદિથી પૂજાયેલા એવા અચિન્ત્ય શકિતશાળી મહાપ્રભાવવાળા હોવાથી મહાભાગ, ત્રણ જગતની ત્રિકાળસ્થિતિના જ્ઞાતા એવા મહામુનિ તથા ત્રણેલોકમાં સર્વત્ર જેમનો મહાન યશ વ્યાપેલો છે એવા મહાયશસ્વી અને કષાયકામ-ક્રોધાદિ સર્વ મહાશત્રુસૈન્યને વીરતાથી જીતેલા છે જેને એવા શ્રી મહાવીર પરમાત્માને હું વંદન કરૂં છું.

एक्कारसऽवि गणहरे पवायए पवयणस्स वंदामि ।
सव्वं गणहरवंसं वायगवंसं पवयणं च ॥

સર્વશ્રેષ્ઠ જ્ઞાન-દર્શનાદિ ગુણોના સમૂહને ધારણ કરનાર તથા આગમના પ્રથમ ઉપદેશક એવા શ્રી ગૌતમાદિ અગીયારે ગણધરો તથા સર્વગણધરોના આચાર્ય પરંપરારૂપ વંશને, તથા ઉપાધ્યાયોના વાચકવંશને અને પ્રવચનરૂપ આગમને હું વંદન કરૂં છું.

સંસાર અનાદિ- અનન્ત છે. અનાદિ એવા સંસારની કોઈ આદિ નથી. અને આ જ સંસાર પ્રવાહથી અન્ત વિનાનો હોવાથી અનન્ત છે. જેનો કોઈ કાળે પણ અન્ત થવાનો નથી. ભૂતકાળમાં પણ અનન્તા વર્ષો વીતી ગયા છે અને ભાવિમાં પણ અનન્તા વર્ષો થવાના છે એવા અનાદિ આ સંસારમાં અનન્તકાળ વીતિ ગયો છે. નદી જેમ પાણીના વહેતા પ્રવાહથી અખંડ છે. એમ આ સંસાર વહેતા કાળના પ્રવાહથી અનાદિ-અનંત છે.

કાળચક્ર

૧૦ કોડાકોડી સાગરોપમનો ૧ અવસર્પિણી કાળ, અને એ જ પ્રમાણે ૧૦ કોડાકોડી સાગરોપમનો ૧ ઉત્સર્પિણી કાળ કહેવાય છે. અને બન્નેને ભેગા કરવામાં આવતા ૧૦+૧૦=૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણે ૧ કાળચક્ર પૂર્ણ થાય છે. આવા અનન્તા કાળચક્રો ભૂતકાળમાં વીતી ગયા છે. અને ભાવિમાં થવાના છે. જેની કોઈ આદિ પણ મળે તેમ નથી -જેનો અન્તિમ છેડો પણ મળી ન શકે એવો આ કાળ-પ્રવાહથી અનાદિ-અનન્ત સંસાર છે.



૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી એમ બન્નેમાં ૬-૬ આરા હોય છે. આ ૬ આરાઓ અવસર્પિણી કાળમાં ઉતરતા ક્રમે હોય છે. અને ઉત્સર્પિણી કાળમાં ચઢતા ક્રમે હોય છે.

છ આરા	નામ	વર્ષ પ્રમાણ
૧	સુખમ્-સુખમ્	– ૪ કોડાકોડી સાગરોપમ
૨	સુખમ્	– ૩ કોડાકોડી સાગરોપમ
૩	સુખમ્+દુઃખમ્	– ૨ કોડાકોડી સાગરોપમ
૪	દુઃખમ્+સુખમ્	– ૧/-૪૨૦૦૦ વર્ષ કોડાકોડી સાગરોપમ
૫	દુઃખમ્	– ૨૧૦૦૦ વર્ષ
૬	દુઃખમ્+દુઃખમ્	– ૨૧૦૦૦ વર્ષ
		૧૦ કોડાકોડી સાગરોપમ
૧૦	કોડાકોડી સાગરોપમ	= ૧ અવસર્પિણી
૧૦	કોડાકોડી સાગરોપમ	= ૧ ઉત્સર્પિણી
૨૦	કોડાકોડી સાગરોપમ	= ૧ કાળચક્ર

તીર્થંકરોના કાળ....

દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીના ત્રીજા તથા ચોથા એટલે ત્રીજા સુખમ્-દુઃખમ્ અને ચોથો દુઃખમ્-સુખમ્ આ બે આરાઓમાં જ તીર્થંકરો થાય છે. એ સિવાયના પેલા બીજામાં એકલા સુખનો કાળ છે, યુગલિકોનો કાળ હોવાથી તીર્થંકરો થતા નથી. અને પાંચમો તથા છઠ્ઠો એ બન્ને એકલા દુઃખના આરા છે એટલે એમાં પણ થતા નથી. માત્ર ત્રીજા તથા ચોથા આરામાં જ તીર્થંકરો થાય છે.

એવા અનન્તા કાળચક્રો ભૂતકાળમાં વીતી ગયા છે, અને અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણીઓ વીતી ગઇ છે. ૧ ઉત્સર્પિણીના ૩-૪ થા આરામાં થઇને ૨૪ તીર્થંકરોની ૧ ચોવીશી, એ જ પ્રમાણે ૧ અવસર્પિણીના ૩-૪થા આરામાં પણ ૨૪ તીર્થંકરોની એક ચોવીશી એમ દરેક ઉત્સર્પિણી-અવસર્પિણીઓની ગણતા અનન્ત ચોવીશીઓ ભૂતકાળમાં વીતી ગઇ છે કહ્યું છે કે.....

આગે ચોવીશી હુઇ અનન્તી,
વળી રે હોશે વાર અનન્તી ।
નવકાર તણી કોઇ આદિ ન જાણે,
એમ ભાખે ભગવંત રે ॥

– સ્વયં અરિહંત પરમાત્મા આ પ્રમાણે ફરમાવે છે કે ભૂતકાળમાં અનન્ત ચોવીશીઓ થઇ ગઇ છે, અને ભાવિમાં પણ અનન્ત ચોવીશીઓ થવાની છે.

એટલે નવકાર મહામંત્રની પણ આદિ – અન્ત કોઇ જાણી શકે નહિં.

વર્તમાન ચોવીશી.....

ભૂત-વર્તમાન અને ભાવિ એવા કાળના ત્રણ વિભાગમાં હવે આપણે વર્તમાન એટલે આ ચાલુ અવસર્પિણીમાં થયેલ ચોવીશીના ચોવીશ તીર્થંકર ભગવંતો જોઇએ. તેમના નામપૂર્વક શ્રી ગણધર મહાપુરુષોએ નામસ્તવસૂત્રરૂપ શ્રી લોગસ્સ સૂત્રમાં સ્તુતિ કરતા જણાવ્યું છે કે –

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च ।
सुमइं च पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥
सुविहिं चं पुप्फदंतं, सियल – सिज्जंस वासुपूज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मंसंतिं-च वंदामि ॥
कुंथुं-अरं च मल्लिं वंदे मुणिसुव्वयं ।
नमिजिणं च वंदामि रिट्ठनेमिं पासं तह वध्दमाणं च ॥

૧ શ્રી ઋષભદેવ, ૨ શ્રી અજિતનાથ, ૩ શ્રી સંભવનાથ, ૪ શ્રી અભિનંદન સ્વામી, ૫ શ્રી સુમતિનાથ, ૬ શ્રી પદ્મપ્રભુ, ૭ શ્રી સુપાર્શ્વનાથ, ૮ શ્રી ચંદ્રપ્રભુ, ૯ શ્રી સુવિધિનાથ, ૧૦ શ્રી શીતલનાથ, ૧૧ શ્રી શ્રેયાંસનાથ, ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રી વિમલનાથ, ૧૪ શ્રી અનંતનાથ, ૧૫ શ્રી ધર્મનાથ, ૧૬ શ્રી શાંતિનાથ, ૧૭ શ્રી કુન્થુનાથ, ૧૮ શ્રી અરનાથ, ૧૯ શ્રી મલ્લિનાથ, ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રી નમિનાથ, ૨૨ શ્રી અરિષ્ટનેમિ, ૨૩ શ્રી પાર્શ્વનાથ, ૨૪ શ્રી મહાવીરસ્વામી. (શ્રી વર્દ્ધમાન સ્વામી)

વર્તમાન અવસર્પિણીમાં આ ૨૪ તીર્થંકર ભગવંતો થયા છે. જ્યારે જ્યારે તીર્થંકર ભગવંતો થાય છે ત્યારે ત્યારે તેમના મુખ્ય શિષ્યો તરીકે ગણધરો થાય છે. ગણધર - ગણને ધારણ કરવાના અર્થમાં વ્યાકરણ પ્રસિદ્ધ એવા ૩-૪ શબ્દો પ્રચલિત છે.

ગણેશ	=	ગણ+ઈશ	=	ગણના સ્વામી
ગણપતિ	=	ગણ+પતિ	=	ગણના રક્ષક
ગણધર	=	ગણ+ધર	=	ગણને ધારણ કરનારા
ગણનાયક	=	ગણ+નાયક	=	ગણના અગ્રેસર (નાયક)

'ગણ' શબ્દ શિષ્યાદિ સાધુઓના સમૂહ અર્થમાં વપરાયેલો છે, અમુક સંખ્યામાં સાધુઓનો સમૂહ તે 'ગણ' અને એવા ગણના સ્વામી રક્ષક– ધારક, અગ્રેસર વગેરે અર્થમાં વ્યાકરણના નિયમાનુસાર લાગતા 'ઈશ' આદિ પ્રત્યયો અનુસાર ગણેશ, ગણપતિ, ગણધર, ગણનાયક વગેરે શબ્દો બને છે.

જો કે પ્રચલિત રૂઢિ પ્રમાણે શિવજીના પુત્રને ગણેશ -ગણપતિ શબ્દથી નવાજયા છે. અને આ શબ્દો એક વ્યકિતના નામરૂપ અર્થમાં નિયત થઈ ગયા છે, પ્રચલિત અને પ્રસિદ્ધ થઈ ગયા, ત્યારે જૈન શાસનમાં તીર્થંકરોના મુખ્ય પ્રથમાદિ શિષ્યોને 'ગણધર' કહેવામાં આવ્યા. છતાં પણ ગણેશ વગેરે શબ્દોના પ્રયોગો કાવ્ય રચના વગેરેમાં દેખાય છે. દા.ત. જ્ઞાનવિમલસૂરિજીએ અગિયાર ગણધર દેવવંદનમાં કહ્યું છે કે –

"ગુરુ ગણપતિ ગાઉં", "બીજો ગણપતિ ગાઈએ"
"મૌર્યપુત્ર ગણીશ", "મેતારજ આરજ ગણી દશમો."

એટલે આ પરસ્પર સમાનાર્થક ગણેશ, ગણપતિ, ગણધર, ગણનાયક વગેરે શબ્દોના પ્રયોગો મળે છે પરન્તુ આર્હત્ દર્શનમાં ''ગણધર'' શબ્દ મુખ્ય પ્રચલિત છે.

ગણધરો દ્વારા સૂત્ર રચના ....

અર્થથી ધર્મ શાશ્વત છે. કારણ દરેક તીર્થંકર ભગવંતોનું કેવળજ્ઞાન–વીતરાગતા,

સર્વજ્ઞતા વગેરે ગુણો સમાન હોય છે. અનન્તજ્ઞાનમાં જે એક તીર્થંકરને દેખાયું તે જ અને તેવું જ બધા જ તીર્થંકરોને દેખાય છે એટલે આ જ્ઞાનસાદૃશ્ય થયું એજ પ્રમાણે વીતરાગતા, તીર્થંકરપણું વગેરે ગુણો પણ દરેકમાં સમાન હોય છે. એટલે જે ધર્મની પ્રરૂપણાં એક તીર્થંકર કરશે તેવી જ બીજા –ત્રીજા અને બધા તીર્થંકરો કરવાના છે. આ પ્રમાણે તીર્થંકરો અનન્તા થયા છે, અને બધામાં જ્ઞાનાદિ બધા જ ગુણો એકસરખા (સાદૃશ્ય) છે એટલે ધર્મની શાશ્વતતા અનાદિતા અર્થથી સિદ્ધ થાય છે. તીર્થંકર ભગવંતો સમવસરણમાં અર્થથી દેશના આપે છે ત્યારે તેમના પ્રધાન શિષ્યો ગણધર ભગવંતો તે દેશનાને સંક્ષિપ્તરૂપે સૂત્રબદ્ધ બનાવીને ગુંથે છે. આગમ શાસ્ત્રોમાં કહ્યું છે કે –

''अत्थं भासइ अरिहा - सुत्तं गुथंति गणहरा''

અર્થથી અરિહંત પરમાત્મા ઉપદેશ આપે છે અને તેને ગણધર ભગવંતો સૂત્રબદ્ધ ગુંથે છે. એ જ સૂત્રો તે આગમો કહેવાય છે.

દરેક તીર્થંકરોના કાળમાં ગણધરો જુદા-જુદા હોય છે એટલે સૂત્રથી એક સરખાપણું આગમમાં સંભવ નથી. આગમિક સૂત્ર રચનામાં ભેદ રહેવાનો, પરન્તુ અર્થથી કોઇ ભેદ નથી રહેતો. માટે અર્થથી ધર્મ શાશ્વત છે. આવી સૂત્રરચના કરનારા વર્તમાન ચોવીશીના તીર્થંકર ભગવંતોના ગણધરો અનેક થયા છે -

૨૪ તીર્થંકર ભગવંતોના ગણધરો....

	તીર્થંકરનામ	પ્રથમગણધર	સંખ્યા	
૧	શ્રી ઋષભદેવ ભ. ના	ઋષભસેનાદિ	- ૮૪	ગણધર
૨	શ્રી અજિતનાથ ભ. ના	સિંહસેનાદિ	- ૯૫	''
૩	શ્રી સંભવનાથ ભ. ના	ચારુઆદિ	- ૧૦૨	''
૪	શ્રી અભિનંદસ્વામી ભ.નાં	વજ્રનાભાદિ	- ૧૧૬	''
૫	શ્રી સુમતિનાથ ભ. ના	ચમરાદિ	- ૧૦૦	''
૬	શ્રી પદ્મપ્રભુ ભ. ના	સુવ્રતાદિ	- ૧૦૭	''
૭	શ્રી સુપાર્શ્વનાથ ભ.ના	વિદર્ભાદિ	- ૯૫	''
૮	શ્રી ચંદ્રપ્રભુ ભ. ના	દિન્નાદિ	- ૯૩	''
૯	શ્રી સુવિધિનાથ ભ. ના	વરાહાદિ	- ૮૮	''
૧૦	શ્રી શીતલનાથ ભ. ના	આનન્દાદિ	- ૮૧	''
૧૧	શ્રી શ્રેયાંસનાથ ભ. ના	ગોસ્તુભાદિ	- ૭૨	''
૧૨	શ્રી વાસુપૂજયસ્વામી ભ.ના	સુધર્માદિ	- ૬૬	''

૧૩	શ્રી વિમલનાથ ભ. ના	મન્દરાદિ	- ૫૭	''
૧૪	શ્રી અનન્તનાથ ભ. ના	યશાદિ	- ૫૦	''
૧૫	શ્રી ધર્મનાથ ભ. ના	અરિષ્ટાદિ	- ૪૩	''
૧૬	શ્રી શાંતિનાથ ભ. ના	ચક્રાધાદિ	- ૩૬	''
૧૭	શ્રી કુન્થુનાથ ભ. ના	સ્વયંભુઆદિ	- ૩૫	''
૧૮	શ્રી અરનાથ ભ. ના	કુંભાદિ	- ૩૩	''
૧૯	શ્રી મલ્લિનાથ ભ. ના	ઇન્દ્રાદિ	- ૨૮	''
૨૦	શ્રી મુનિસુવ્રતસ્વામી ભ. ના	કુંભાદિ	- ૧૮	''
૨૧	શ્રી નમિનાથ ભ. ના.	દિન્નાદિ	- ૧૭	''
૨૨	શ્રી અરિષ્ટનેમિ ભ. ના	નરદત્તાદિ	- ૧૧	''
૨૩	શ્રી પાર્શ્વનાથ ભ. ના	શુભાદિ	- ૧૦	''
૨૪	શ્રી મહાવીરસ્વામી ભ. ના	ઇન્દ્રભૂતિગૌતમાદિ	- ૧૧	''

૨૪ તીર્થંકરોના **કુલ–૧૪૪૮ ગણધરો**

૨૪માં તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના પૂર્વભવો ....

નિગોદમાંથી નિકળ્યા પછી સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા આમ તો દરેક જીવના અનન્ત ભવો થઇ ગયા છે. ભૂતકાળના ભવોની સંખ્યા ગણવા બેસીએ તો પાર આવે તેમ નથી. પછી તે ભગવાન મહાવીરસ્વામીનાં ભવો હોય કે આપણા હોય, પરન્તુ આ અનન્તા ભવોમાં જયારે આત્મા સમ્યક્ત્વ પામે છે. અને સમ્યક્ત્વ પામ્યા પછી મોક્ષે જાય છે તે દરમ્યાનના ભવોની ગણતરી થઇ શકે છે. અને ચોવીશે તીર્થંકર ભગવંતોની જે પૂર્વભવની સંખ્યા કહી છે. દા.ત. પહેલા ઋષભદેવ ભ.ના ૧૩ ભવ થયા, શાંતિનાથ ભ.ના ૧૨ ભવ થયા, નેમિનાથ ભ.ના ૯ ભવ થયા. પાર્શ્વનાથ ભ.ના ૧૦ ભવ થયા, અને મહાવીરસ્વામિ ભ.ના ૨૭ ભવ થયા. અને બાકીના તીર્થંકરોના ૩-૩ (ત્રણ-ત્રણ) ભવ થયા. પૂર્વભવો અનન્ત હોવા છતાં પણ આ ૧૩, ૧૦, ૯, ૨૭ વગેરેની મર્યાદિત સંખ્યા કયાંથી આવી ?

આ પ્રશ્નનો ઉત્તર એમ છે કે જયારથી સમ્યક્ત્વ પામ્યા અને મોક્ષે ગયા ત્યાં સુધીના ભવોની આ સંખ્યા છે. એટલે એ પ્રમાણે આ ભવ સંખ્યા આવે છે.

ભગવાનશ્રી મહાવીરસ્વામી ભ.ના ૨૭ ભવ થયા છે. બહુ જ સંક્ષિપ્તમાં આ ૨૭ ભવોનું સ્વરૂપ જોઇએ.

૧લો ભવ – નયસાર - ભગવાન મહાવીરનો આત્મા પહેલા ભવમાં પશ્ચિમ

મહાવિદેહ ક્ષેત્રમાં નયસાર નામે ગ્રામમુખી હતો. એક દિવસ પોતાના સ્વામીની આજ્ઞાથી નયસાર કાષ્ટ લેવા જંગલમાં ગયો. મધ્યાન્હે ભોજન સમયે નયસારને એવી ભાવના જાગી કે હું તો રોજ ખાઉં છું અનાદિકાળથી ખાતો જ આવ્યો છું. ઘણું ખાધુ છે. પરન્તુ આજે કોઇ અતિથિમહાત્માને ખવરાવીને પછી જ ખાવું. ખાવું તો છે જ પરન્તુ ખવરાવીને ખાવાની ભાવના છે. કોઇ અતિથિ પધારે તો ઘણું સારું.

પરન્તુ એ વખતે સંજોગો અનુકૂળ નહોતા. એક બાજુ ધૂમ તાપ છે. ભર બપોરનો સમય છે. ધૂમ તડકામાં ધરતી ચૂલા ઉપરના તવાની જેમ તપી રહી છે અને આવા પ્રતિકૂળ સંજોગોમાં પણ જંગલમાં નયસારની પ્રબળ ભાવનાના શુભ યોગે સામેથી માર્ગ ભૂલેલા કોઇ સાધુઓને આવતા જોયા જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે -

''यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी तस्य''

જેની જેવી ભાવના હોય છે તેને તેવી સિદ્ધિ (ફળ) પણ મળે છે. અને દૂરથી આવતા મુનિ મહાત્માઓને જોઇને આનન્દથી નાચી ઉઠેલો નયસાર સામે અભિવાદન કરવા ગયો. મુનિમહાત્માને બોલાવી-આમંત્રીને એક ઝાડ નીચે શીતલ છાયામાં વિશ્રાંતિ કરાવી, અવસરે આહાર વહોરાવી પોતાની જાતને ભાગ્યશાલી માની નયસાર આનંદિત થયો.

સાંજની ઢળતી સંધ્યાએ નયસાર મુનિ મહાત્માઓને માર્ગ દેખાડવા સાથે ગયો દૂરથી ગામની ભાગોળ દેખાતા મુનિઓએ કહ્યું ભાગ્યશાલી ! સારું હવે અમે જઇ શકીશું. ત્યારે યોગ્ય ભવ્યાત્મા નયસારે કહ્યું હે કૃપાળુ ! આ તો મેં આપને જંગલની કેડીનો માર્ગ બતાવ્યો, હવે કૃપા કરીને આપ મને ભવાટવીમાંથી બચવાનો માર્ગ બતાવો.

આ ભવ્યાત્માની યોગ્યતા અને તેમાં પડેલી પાત્રતા જોઇને મહામુનિઓએ નયસારને દેવ-ગુરુ–ધર્મની ઓળખ કરાવી, નવકાર મહામંત્ર આપ્યો. નયસાર સમ્યક્ત્વ પામ્યો સત્યાવીશમે ભવે તીર્થંકર થવાના બીજ આજે પહેલા ભવમાં વવાયા. બીજમાંથી વૃક્ષ બને છે તેમ આ વાવેલા સમ્યક્ત્વના બીજથીજ નયસારનો આત્મા સત્યાવીશમે ભવે તીર્થંકર મહાવીર બન્યો.

૨– મહામંત્રના સ્મરણ સાથે શુભ ભાવના ભાવતો નયસાર બીજા ભવે સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

૩– દેવલોકમાંથી ચ્યવી-નયસારનો જીવ આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવભગવાનના કૂળમાં તેમના પુત્ર ચક્રવર્તી ભરત મહારાજાના પુત્રપણે ઉત્પન્ન થયા. તેનું નામ મરીચિ રાખવામાં આવ્યું. અવસરે પ્રભુથી પ્રતિબોધ પામી મરીચિએ પોતાના દાદા શ્રી આદિનાથ ભગવાન પાસે દીક્ષા લીધી. પરન્તુ અસહ્ય ગરમી આદિ તથા વિહાર-લોચાદિ સહન ન થતા મરીચિએ દીક્ષા છોડી ઘરે જવાનો વિચાર કર્યો.

પિતાની બીકે તે સાધુ તરીકે જ રહ્યો. પણ વેશ બદલી-આચાર-વિચાર બદલી નાંખ્યા. ભગવોવેષ, જટાધારી, પગમાં ખડાઉ, શિરછત્ર વગેરે રાખ્યા. સ્નાન કરતો, હજામત કરાવતો, મરીચિ ત્રિદંડી બન્યો.

મરીચિનો બાહ્યવેષ આદિ જરૂર બદલાઇ ગયા હતા છતાં પણ મરીચિના અંતરના ભાવ એની વૃત્તિ-પરિણતિ વગેરે હજી સુધી બદલાયા નહોતા. કોઇપણ આવે તો મરીચિ ઉપદેશ આપીને બધાને ભગવાન શ્રી ઋષભદેવ પાસે જ મોકલતો. પણ એક દિવસ કપિલ નામનો જીવ આવ્યો. મરીચિએ તો પોતાના રોજના સ્વભાવ પ્રમાણે આવેલા કપિલને ભગવાન ઋષભદેવ પાસે જવાનું કહ્યું. પરન્તુ કપિલે મરીચિને પુછયું કેમ તમે મને ત્યાં શા માટે મોકલો છો ? શું તમારી પાસે ધર્મ નથી ?

આ વાત ઉપર મરીચિ વિચાર કરતા થઇ ગયા. સંઘમાં બધા સાધુઓ હવે ત્રિદંડી થયેલા મરીચિની સેવા-સુશ્રુષા વગેરે કરતા નહોતા એટલે મરીચિએ વિચાર કર્યો કે હવે તો મારે પણ એક યોગ્ય શિષ્ય કરી લેવો જોઇએ કારણ કે તબીયત નરમ-ગરમ હોય તો પાણી પીવરાવવા તથા સેવા -સુશ્રુષા કરવા એક તો શિષ્ય જોઇએ અને આ કપિલ યોગ્ય જીવ આવ્યો છે એમ વિચારીને મરીચિએ કપિલને એમ કહ્યું કે –

ભાગ્યશાલી ! તું ભગવાનના સાધુઓ પાસે જા. ત્યાં દીક્ષા લે. તે જ સાચા સાધુઓ છે. વગેરે ઘણું કહ્યું પરન્તુ ભારેકર્મી કપીલે કહ્યું ના, હું તો તમારી પાસે જ દીક્ષા લઇશ શું તમારા મતમાં ધર્મ નથી? આ પ્રશ્નના ઉત્તરમાં મરીચિએ કહ્યું :

''कपिला ! इत्थंपि'' इहयंपि'' હે કપીલ ! ધર્મ ત્યાં પણ છે અને અહીંયા પણ છે પછી કપીલે મરીચિ જે વિપરીત પ્રતિપાદન (ઉત્સૂત્ર ભાષણ) કર્યું પાસે તેમના શિષ્ય તરીકે દીક્ષા લીધી પરન્તુ મરીચિએ આ ઉત્સુત્ર પ્રરૂપણા જે કહી તેના કારણે પોતાનો કોડાકોડી સાગરોપમ જેટલો સંસાર વધારીને ઘણો કાળ સંસારમાં ભટકવું પડયું.

શ્રી આદીશ્વર પ્રભુની ભવિષ્યવાણી અને મરીચિનું અભિમાન ....

એક દિવસ ચક્રવર્તિ ભરત મહારાજા શ્રી આદીશ્વર પ્રભુને વંદન કરવા આવ્યા. વંદન કરીને પૂછયું કે હે ભગવંત ! આ આટલી મોટી પર્ષદામાં કોઇ એવો ઉત્તમ પુણ્યાત્મા છે? કે જે આ ચોવીશીમાં તીર્થંકર થવાના હોય? ભગવાન શ્રી ઋષભદેવે કહ્યું –

तं दाएति जिणिंदो एव नरिंदेण पुच्छिओ संतो ।
धम्मवरचक्कवट्टी अपच्छिमो वीरनामोत्ति ।।
आइगरो दसाराणं तिवट्ठुनामेण पोयणाहिवद्र ।
पियमित्तचक्कवट्टी मूआइ विदेहवासंमि ।।



રાજસ્થાન રાજ્યના પાલી જિલ્લાના ગોડવાડ પ્રદેશ અંતર્ગત નાનીપંચ તીર્થોમાં આવતુ ''બિજાપુર સેલાડી અને બેડા ગામ પાસે પ્રાચીન ઐતિહાસિક પ્રાકૃતિક સૌંદર્યથી સુશોભિત રમણિય **''શ્રી હથૂણ્ડી તીર્થ''**ના મૂળનાયક-૧૯૬૦ વર્ષ પ્રાચીન રેતી-વેલુ નિર્મિત ૫૧ ઈંચ ઉંચી-વિશાળ ભવ્ય અલૌકિક પ્રભાવી ચમત્કારી લાલ પ્રતિમા.... હથૂણ્ડી તીર્થ મંડન **શ્રી સાતા મહાવીર સ્વામી** ભગવાન પો. વિજાપુર સ્ટે. જવાઈ બાંધ અથવા ફાલના. જિ. પાલી, તા. બાલી, રાજસ્થાન-૩૦૬ ૭૦૭. ફોન ૩૯.

★ તત્ત્વચિંતક તાત્વિક - સાત્વિક સાહિત્યના સર્જનારા • શાસ્ત્રીય શૈલીએ સિદ્ધાંતોની તત્ત્વપૂર્ણ રજુઆત કરનારા... • દાર્શનિક પદ્ધતિએ તર્કયુક્તિ પૂર્વક છણાવટ કરનારા • શિબિરો દ્વારા યુવા આલમને જૈન તત્ત્વના રહસ્યો સમજાવનારા • ચાર્ટ-ચિત્રો સાહિત સચિત્ર શૈલીના પ્રવચન કરનારા
★ સચિત્ર શૈલીએ પુસ્તકો લખનારા લેખક **પૂ. પંન્યાસ પ્રવર શ્રી અરુણવિજયજી મહારાજ.**

દક્ષિણ ભારતના-તામિલનાડુ રાજ્યની રાજધાની-ચેન્નાઈ (મદ્રાસ) શહેરમાં

શ્રી વેપેરી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મદ્રાસના

અત્યન્ત સોહામણા - રમણીય મહાન પ્રભાવક વિશાળ સૌમ્યમુર્તિ મુળનાયક

શ્રી સંભવનાથ ભગવાન

સુંદર કલાત્મક ગાદી, પંચતીર્થીયુક્ત ભામંડળ, ચામરધારી, કિન્નરાદિ યુક્ત નયનરમ્ય મનોહર
શ્રી સંભવનાથ ભગવાન આદિની અનેક જિનમૂર્તિઓ સુપ્રતિષ્ઠિત છે.
અત્યન્ત સુંદર કલાકૃતિયુક્ત સંગમરમરનું ભવ્ય દેવવિમાન સદશ શિખરબદ્ધ જિનાલય
ચેન્નાઈ (મદ્રાસ) શહેરના ઉપનગર વેપેરી પરિસરમાં ઈ. વી. કે. સમ્પથ રોડ ઉપર આવેલું છે.
દર્શનાર્થે પધારવા સર્વેને નેહ નિતરતું નિમંત્રણ.

દક્ષિણ ભારતના-તામિલનાડુ રાજ્યની રાજધાની-ચેન્નાઈ (મદ્રાસ) શહેરમાં

- જિનાલય-ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોથી સુશોભિત -

શ્રી વેપેરી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ-મદ્રાસની

卐 પરિચયાત્મક સંક્ષિપ્ત ઝલક 卐

★ મદ્રાસ શહેરના અત્યન્ત નજદીકના ઉપનગર વેપેરી વિસ્તારમાં છેલ્લા ઘણાં વર્ષોથી એક સમ્પન્ન, અને સમૃદ્ધ શ્રી વેપેરી જૈન શ્વે. મૂ. સંઘ છે. સેંકડો જૈન પરિવારોની ઘણી સારી વસતિ છે. અનેક સોસાયટીઓ છે.

★ ચિત્તાકર્ષક નયનરમ્ય શ્રી સંભવનાથ પ્રભુજી આદિનો ભવ્ય પ્રવેશ વિ.સં. ૨૦૩૫માં જેઠ સુદ ૧૪ શનિવાર તા. ૯-૬-૧૯૭૯ના શુભ દિને પૂ. શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં અત્યન્ત ભાવોલ્લાસ પૂર્વક થયો હતો.

★ પ્રભુજીના પ્રવેશથી વેપેરી પરિસરમાં ચારે બાજુ જૈન ધર્મિઓની વસતિ વધતી જ ગઈ. શ્રી સંઘની ઉન્નતિ-પ્રગતિ ઘણી સારી થઈ.

★ નિયુક્ત ૨૧ આજીવન ટ્રસ્ટીબંધુઓએ ઈ.વી.કે. સંપથ રોડ, વેપેરીમાં ૫૯ નં. ના પ્લોટની વિશાળ જમીન ખરીદી, અને વિ.સં. ૨૦૩૯ના બીજ ફાગણ શુદ-૬ તા. ૨૦-૩-૧૯૮૩ના શુભદિને પૂ. આ. શ્રી નવીનસૂરિ મ. સા. આદિની નિશ્રામાં જિનાલયનું ભૂમિપૂજન - ખનન મુહૂર્તાદિ થયું.

★ દેવવિમાન સદશ શિખરબદ્ધ ભવ્ય સંગમરમરનું જિનાલય ફક્ત ૧૩ વર્ષના ગાળામાં નિર્માણ કરી પ.પૂ. અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરિ મ.સા.ના કરકમળોથી વિ.સં. ૨૦૫૨ના જેઠ સુદ-૬ ગુરૂવાર તા. ૨૩-૫-૧૯૯૬ના શુભ મુહૂર્તે ભવ્ય ઐતિહાસિક અંજન શલાકા - પ્રતિષ્ઠા કરાવવામાં આવી છે. આવી ભવ્ય પ્રતિષ્ઠાથી શ્રી વેપેરી સંઘનો ઘણોં સારો અભ્યુદય થયો છે.

★ શ્રી વેપેરી જૈન શ્વે. મૂ. સંઘમાં સુંદર ઉપાશ્રય - વિશાળ પ્રવચન હૉલ, ધાર્મિક પાઠશાળા, નિત્ય ચાલતી આયંબિલ શાળા આદિની સુંદર સુવિધા છે.

★ શ્રી વેપેરી સંઘમાં વર્ષોથી પૂજ્યોના ચાતુર્માસો નિયમિત થતા રહે છે. આ કડીમાં **પૂ. પંન્યાસ પ્રવર શ્રી અરૂણવિજયજી ગણીવર્ય મહારાજ સા.** તથા **મુ. શ્રી ધનપાલ વિ. મ.** તથા **મુનિ શ્રી હેમન્ત વિ. મ.** આદિ ૩ાણા-૩ નું વિ.સં. ૨૦૪૯ (ઈ.સં. ૧૯૯૩)ની સાલમાં એક અનોખુ ઐતિહાસિક ચાતુર્માસ થયું હતુ. જેમાં અદ્‌ભૂત રીતે ચાતુર્માસિક શિબિરનું આયોજન, બાલશિબિર, અનેકવિધ ધર્મારાધના, અનુષ્ઠાનો, તપશ્ચર્યાઓ થઈ હતી. સંસ્કૃત સેમિનાર અવિસ્મરણીય યોજાયુ. આવુ અનેક શાસન પ્રભાવના સભર ચાતુર્માસ આજે પણ લોકો ભૂલી શકે તેમ નથી. આ અભૂતપૂર્વ ચાતુર્માસમાં પૂ. પંન્યાસજી મ.સા.ની પ્રેરણા, સદુપદેશથી જ્ઞાનખાતામાંથી પાસ કરેલ આર્થિક સહયોગમાંથી "સચિત્ર ગણધરવાદ" પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે. વાચકવર્ગને અભ્યાસ કરી તત્ત્વ સ્વરૂપ સમજવા વિનંતી છે. વેપેરી સંઘમાં પધારવા વિનંતી છે. આમંત્રણ છે.

– હે ભરત ! તારો જ પુત્ર મરીચિ જે છે તે મહાન પુણ્યશાલી આત્મા છે તે આ ચોવીશીના અંતિમ છેલ્લા વીર (મહાવીર) નામે ધર્મના શ્રેષ્ઠ ચક્રવર્તિ અર્થાત્ તીર્થંકર થશે. પોતનપુર નગરના અધિપતિ ત્રિપૃષ્ટ નામે વાસુદેવ થશે. અને મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીની રાજધાનીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થશે.

ભગવાન આદીશ્વરની આ ભવિષ્યવાણી સાંભળીને ભરત મહારાજાને ખૂબ આનંદ થયો. અને તેમાં પણ પોતાનો પુત્ર અને તે આટલી ત્રણ શ્રેષ્ઠ પદવીઓ પ્રાપ્ત કરશે એટલે મહાન આનંદથી ભરત મહારાજા મરીચિ પાસે આવે છે. અને આવીને તેને ત્રણ પ્રદક્ષિણાં દઈને વંદન-નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને ભગવાને કહેલ ભવિષ્યવાણી સંભળાવતાં કહ્યું કે હે મરીચિ ! હું તમને અને અત્યારે રહેલા તમારા આ ત્રિદંડી વેશને નથી નમતો, પરંતુ ભાવિમાં તમે તીર્થંકર વગેરે થવાના છો માટે નમું છું. આટલું કહીને ભરત ચક્રવર્તી ચાલ્યા ગયા. અને પછી મરીચિ હાથમાં છત્ર-દંડ વગેરે લઈને નાચવા માંડયા. બહુજ આનંદમાં આવીને બોલવા લાગ્યા.

जइ वासुदेवो पढमो मूयविदेहाइ (मूयाइ विदेह) विदेहे चक्कवट्टित्तं ।
चरमो तित्थयराणं होउ कुलं एत्तियं मज्झ ॥ १७९६ ॥
अहयं च दसाराणं पिया य मे चक्कवट्टिधंसस्स ।
अज्जो तित्थगराणं अहो कुलं उत्तमं मज्झ ॥ १७९७ ॥

– હું પહેલો વાસુદેવ થઈશ. મહાવિદેહની મૂકા નગરીમાં ચક્રવર્તી થઈશ. અને છેલ્લો તીર્થંકર પણ થઈશ, અહો ! મારું કૂળ ખરેખર ઘણું જ ઉત્તમ છે. બીજુ હું વાસુદેવોમાં પહેલો થઈશ. મારા પિતા પણ ચક્રવર્તીઓમાં પહેલા, અને મારા દાદા (પિતાના પિતા) તીર્થંકરોમાં પહેલા છે. ખરેખર શું મારું ઉત્તમ કુળ છે. એમ – અહો કુલમ્ ! અહો કુલમ્! બોલતાં બોલતાં ખુબ આનન્દમાં આવ્યા અને અભિમાનમાં ચઢી ગયા.

અભિમાનનું ફળ....

કર્મશાસ્ત્રનો એવો નિયમ છે કે જે વસ્તુનું અભિમાન કરવામાં આવે છે તે જ વસ્તુ

---

૧ ''ગુરુગૌતમસ્વામી'' પુસ્તકના લેખક રતીલાલ દીપચંદ દેસાઇ તેમની પુસ્તકમાં કપિલને ગૌતમસ્વામીના જીવ તરીકે વર્ણવે છે. અને તેના પ્રમાણ તરીકે ''શ્રી શીલાંકાચાર્ય વિરચિત-**'चउपन्नमहापुरिसचरियं'** ગ્રંથના પૃઠ ૯૭-થી ૯૯નું ઉદ્ધરણ આપે છે ચાર જ્ઞાનના ધારક મુનિ શ્રી ગુણચંદ્રમહારાજશ્રીએ ત્રિપૃષ્ટ અને સિંહ સંબંધિ વાત કરી છે ત્યાં કપિલને પણ ગૌતમના જીવ તરીકે વર્ણવ્યા છે. એવી ધ્વનિ નીકળતી બતાવવામાં આવી છે. તેમજ આગમ પ્રભાકર પૂ. મુનિ પુણ્યવિજયજી મહારાજે પણ જણાવ્યું કે - ''કપિલનો જીવ જ સારથિ (ગૌતમ)નો જીવ છે તેવી કર્ણોપકર્ણ અલ્પજ્ઞાન વૃદ્ધ પરંપરા ચાલી આવે છે.'' કલ્પસૂત્ર, વિશેષાવશ્યક. ભાષ્યાદિ અન્ય ગ્રંથોમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી. તત્ત્વંતુ કેવલિગમ્યં.

આગામી કાળ કે ભવમાં હીનપણે મળે છે. એટલે અભિમાન કરવું એ હિતાવહ નથી. શાસ્ત્રમાં એવા સંભાવ્ય આઠ મદ (જેનું અભિમાન થઇ શકે છે. તે) બતાવ્યા છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

जाति-लाभ-कुलै-श्वर्य-बल- रूप-तपः-श्रुतै :

कुर्वन् मद पुनस्तानि हीनानि लभते जन : ।।

૧. જાતિમદ, ૨. લાભમદ, ૩. કુલમદ, ૪. ઐશ્વર્યમંદ, ૫. બલમદ, ૬. રૂપમદ, ૭. તપમદ, અને ૮. શ્રુત (જ્ઞાન) મદ, આ આઠ (અભિમાન) મદ કહેવાય છે. આ વિષયોમાં અભિમાન કરનારને તે જ વસ્તુ હીનપણે મળે છે.

મરીચિએ કુળનું અભિમાન કર્યું હતું. પરિણામે નીચગોત્ર કર્મ બંધાયું અને એ નીચગોત્રના કારણે ઘણાં ભવો બગડયા.

કુળમદમાં બાંધેલા નીચ ગોત્રકર્મના કારણે મરીચિ ત્રીજો ભવ પૂરો કરીને ચોથા ભવમાં સંયમસાધનાના યોગે – બ્રહ્મદેવલોકમાં દેવ થયા.

(૫) પાંચમાં ભવે-કૌશિકનામે બ્રાહ્મણ થયા. ફરી ત્રિદંડી થયા.

(૬) છઠ્ઠા ભવે -પુષ્પનામે બ્રાહ્મણ થઇ પાછા ત્રિદંડી થયા.

(૭) સાતમાં ભવે - સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

(૮) આઠમાં ભવે - ફરી અગ્નિદ્યોતનામે બ્રાહ્મણ થઇ ત્રિદંડી બન્યા

(૯) ઇશાન દેવલોકમાં દેવ થયા.

(૧૦) દસમાં ભવે-અગ્નિભૂતિનામે બ્રાહ્મણ થઇને ફરી ત્રિદંડી થયા.

(૧૧) અગીયારમાં ભવે-સનત્કુમાર દેવલોકમાં દેવ થયા.

(૧૨) બારમાં ભવે-ભારદ્વાજ બ્રાહ્મણ થઇને ફરી ત્રિદંડી થયા.

(૧૩) તેરમાં ભવે-માહેન્દ્રદેવલોકમાં દેવ થયા.

(૧૪) ચૌદમાં ભવે-સ્થાવર નામના બ્રાહ્મણ થઇને ફરી ત્રિદંડી થયા.

(૧૫) પંદરમાં ભવે-બ્રહ્મદેવલોકમાં દેવ થયા.

(૧૬) સોળમાં ભવે- વિશ્વભૂતિ રાજકુમાર થયા.

આ ભરતક્ષેત્રના ભારતમાં રાજગૃહી નામની નગરી હતી. ત્યાં વિશાખભૂતિ નામના રાજાની ધારિણી નામની રાણીની કુક્ષીએ પુત્ર તરીકે જન્મ્યા અને વિશ્વભૂતિ તેમનું નામ પડયું. ૧ કરોડ વર્ષનું આયુષ્ય હતુ. વિશ્વભૂતિ સરલસ્વભાવી હતા. પરન્તુ તેમના કાકાના દીકરા વિશાખાનંદીએ કપટ કરીને એક વખત અંતઃપુર સાથે ઉદ્યાનમાં ક્રીડા કરતા વિશ્વભૂતિને બહાર કાઢયો. અને પોતે પોતાના અંતઃપુર સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો.

પરન્તુ પાછળથી વિશ્વભૂતિને આ કપટની ખબર પડી અને તે ખૂબ રોષે ભરાયો ખીજાઇને તેને વિશાખાનંદીને પોતાની શકિતનો પરિચય દેખાડવા કહ્યું કે - 'મારી એટલી શકિત છે કે એક મુષ્ટિ મારીને આ ઝાડ ઉપરથી કોઠાના ફળ બધાં જ નીચે પાડી શકું છું.' તેમ તમારા મસ્તકો પણ પૃથ્વીતળ પર રગદોળી નાખું તેમ છું. એવી મારી શકિત છે. પરન્તુ વડીલો પ્રત્યેની મારી ભકિતથીજ હું એમ કરી શકતો નથી. આટલું બોલીને વિશ્વભૂતિ મારે આવા કપટ યુક્ત ભોગોની જરૂર નથી એમ કહીને ઘરસંસાર છોડીને નિકળી ગયા. અને સંભૂતિવિજય ગુરુ પાસે દીક્ષા લીધી. અને માસક્ષમણની તપશ્ચર્યા કરવા લાગ્યા.

તપમાં ક્રોધ અને નિયાણું .....

એક દિવસ વિશ્વભૂતિ મુનિ માસક્ષમણના પારણે ગોચરી માટે મથુરાનગરીમાં જતા હતા, ત્યારે તેમના કાકાનો પુત્ર (ભાઇ) વિશાખાનંદી પણ લગ્ન પ્રસંગે રથમાં બેસીને ત્યાં મથુરામાં આવ્યો. સાંકડા રસ્તામાં વળાંક લેતા રથને તથા ઘોડાને જોઇને સામેથી આવતી એક ગાય ભડકી ગઇ- ગભરાઇ ગઇ અને ઝડપથી દોડવા માંડી એટલામાં આ બાજુથી ગોચરીએ આવતા તપસ્વી મુનિરાજ ગાયના ધક્કાથી પડી ગયા. માસક્ષમણની તપશ્ચર્યાથી કૃશ થયેલી અશકત કાયા તો હતીજ અને તેથી સામાન્ય ધકકે પડી ગયા. આ પ્રસંગે રથમાં બેઠેલા વિશાખાનંદીએ મશ્કરી કરી, કેમ કયાં ગઇ તમારી શકિત? એક મુષ્ટિ મારીને ઝાડના બધા કોઠાં બડાની જેમ ઘડ ઉપરથી મસ્તક નીચે પાડી દેવાની શકિત કયાં ગઇ ?

આ શબ્દો વિશ્વભૂતિના હૈયે આરપાર ઉતરી ગયા અને તેઓ ક્રોધમાં લાલ-પીળા થઇ ગયા. પોતાની શકિતનો પરિચય આપવા માટે તપસ્વીમુનિએ જતી ગાયને બે હાથવડે પકડી ઉપાડીને, આકાશમાં ભમાડીને દૂર ફેંકી દીધી. અને વિશાખાનંદીને કહ્યું જોઇલે મારી શકિત. પરન્તુ એટલી વારમાં તો વિશાખાનંદી ભાગી ગયો.

વિશ્વભૂતિએ મનમાં વિચાર કર્યો-એ ભલે ભાગી ગયો અહીથી રવાના થઇ ગયો. પણ ભાગી-ભાગીને કયાં જવાનો મારા તપનો પણ પ્રભાવ છે. અને બોલી ઉઠયા, હે ભગવાન ! જો મારા તપ-તેજનો કોઇ પ્રભાવ હોય તો આવતા ભવે પણ એને મારનાર તો હું જ થાઉં. તપના પ્રભાવે નિયાણું બાંધીને મુનિએ પોતાની તપ સાધના બગાડી નાંખી. અતિચારનું પ્રાયશ્ચિત્ત પણ ન કરતા ભવ પૂરો કર્યો. મૃત્યુ પામી (૧૭) સત્તરમાં ભવે મહાશુક્ર દેવલોકમાં દેવ થયા.

(૧૮) ત્રિપૃષ્ટ વાસુદેવ-સિંહ-અને સારથિ....

ભગવાન મહાવીરનો જીવ ૧૭મો દેવનો ભવ પૂરો કરીને આ ધરાતલ ઉપર ઉતર્યો અને પોતનપુરનગરના રાજા 'પ્રજા પતિ' જેમનું મૂળ નામ હતું 'રિપુપ્રતિશત્રુ' તેમની પત્ની મૃગાવતી રાણીની કુક્ષીએ આવ્યો. શુભયોગે સાત સ્વપ્નાઓથી સૂચિત તેનો જન્મ

થયો. અને 'ત્રિપૃષ્ટ' તેનું નામ પાડવામાં આવ્યું. રિપુપ્રતિશત્રુરાજાને એક બીજો પણ પુત્ર હતો તેનું નામ હતુ અચલ. અચલ અને ત્રિપૃષ્ટ બન્ને ભાઈઓ શૂરવીર બળવાન હતા.

શંખપુરના અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ રાજાએ નગરમાં થતી સિંહની રંજાડ અને ત્રાસને દૂર કરવા માટે નગરમાં ઢોલ પિટાવ્યો ને જાહેરાત કરી, એનો દાવ આ બહાને 'ત્રિપૃષ્ટ'ને મારી નાખવાનો હતો. અને જાહેરાતનો આ ઢોલ વાગતા વાગતા પ્રજાપતિરાજાના દરવાજે આવ્યો ત્રિપૃષ્ટે આ ઢંઢેરો સાંભળીને બીડું ઝડપ્યુ અને પિતાજીને કહ્યું, પિતાજી એ સિંહને મારવા હું તૈયાર છું. આપની આજ્ઞા હોય તો હું જાઉં.

ત્રિપૃષ્ટને અધીરો થયેલો જોઈને પિતાએ મૂક અનુમતિ આપી અને કેસરીસિંહને મારવા જવા માટે ત્રિપૃષ્ટે સારથિને રથ તૈયાર કરવા કહ્યું. થોડીવારમાં તો ત્રિપૃષ્ટ રથમાં ચઢી બેઠો, સારથિએ રથ હંકાર્યો અને શંખપુરની સમીપના જંગલમાં પહોંચી ગયા. સિંહગુફાની બહાર રથ ઉભો રાખીને ત્રિપૃષ્ટ નીચે ઉતર્યો અને સિંહને બૂમ પાડી. લડવા આવવા માટે આમન્ત્ર્યો માણસની ગંધ અને અવાજથી છંછેડાઈને ગર્જના કરતો વનરાજ બહાર આવ્યો. ત્રિપૃષ્ટે ન્યાયથી લડવાનું પસંદ કર્યું. જયારે એક પશુ પાસે કોઇ શસ્ત્રાદિ કંઇજ નથી, તો મારે પણ કોઇ શસ્ત્રસામગ્રી ન રાખવી. અને એકલો ખુલ્લા શરીર સાથે સિંહ સાથે લડવા મેદાનમાં આવ્યો ૨-૩ વાર બૂમો પાડીને સિંહને ખીજવ્યો આ બાજુ સિંહની ગર્જના પણ ધરતી ધ્રુજાવે એવી હતી વિજળી વેગે ચપળ કેસરીસિંહે ગર્જના સાથે એક ત્રાડ પાડીને સીધી ત્રિપૃષ્ટના શરીર ઉપર છલાંગ મારી. જાણે હમણાંજ ત્રિપૃષ્ટના રામ રમી જશે એમ લોકોને લાગતું હતું. પરન્તુ ચતુર અને કુશળ એવા વાસુદેવ ત્રિપૃષ્ટે ક્ષણભરમાંજ સિંહના બન્ને જડબા પોતાની બાહુઓથી પકડી લીધા અને પોતાની શકિત વાપરીને જીર્ણશીર્ણ જૂના કાપડને ફાડીએ તેમ જોરથી ખેંચીને સિંહના શરીરને ચીરી નાંખ્યું બે ટુકડા કરીને ફેંકી દીધું.

સારથિની કરૂણા અને આશ્વાસન....

તરફડતા સિંહને જોઈને રથનો સારથિ તુરંત નીચે ઉતરીને સિંહની પાસે જઇ બેઠો. એની સોનેરી કેસરી જટા તથા એના મસ્તકે પ્રેમાળ હાથ ફેરવતા સારથિએ સિંહને સાન્ત્વના આપી વનરાજ સિંહની આંખમાં પાણી જોઈને આશ્વાસન આપતા કહ્યું, હે મહાભાગ! શોક ન કરશો, ખેદ ન કરશો. તમને જરૂર એમ લાગશે કે અરે રે! હું એક માનવીના હાથે કરૂણ રીતે મર્યો, ના તું કોઇ સામાન્ય માનવીના હાથે નથી મર્યો જેમ તું એક જંગલનો રાજા છે તેમ આ માનવી પણ ત્રણ ખંડનો અધિપતિ ત્રિપૃષ્ટ વાસુદેવ આ ધરતીનો મહાન રાજા છે. માટે ચિન્તા ન કર, શાન્ત થા. એમ સારથિના પ્રેમાળ આશ્વાસન અને હુંફાળી કરૂણાવડે સિંહે પ્રાણ છોડ્યા, જીવ નિકળી ગયો.

ત્રિપૃષ્ટ વાસુદેવ એ ભગવાન મહાવીરનો જીવ. એમનો આ અઢારમો ભવ અને કરૂણાપરાયણ સારથિ તે ગૌતમનો જીવ.

કાનમાં તપતુ શીશુ રેડાવ્યું....

રાત્રિએ ત્રિપૃષ્ટ વાસુદેવ શય્યામાં પોઢ્યા છે. અને નિદ્રા નથી આવતી એટલે એક સંગીત મંડળીને બોલાવી, સંગીત મંડળીએ ભિન્ન-ભિન્ન વાદ્યયંત્રોમાંથી સૂરીલા સંગીતની રમઝટ બોલાવી. ત્રિપૃષ્ટે પોતાના અંગરક્ષકને કહ્યું કે મને જો ઉંઘ આવી જાય તો સંગીત બંધ કરાવી દેજો. ત્રિપૃષ્ટને ઉંઘ આવી ગઇ. અંગરક્ષકોએ મનમાં વિચાર કર્યો કે આજે જ આપણને આવું મધુર સંગીત સાંભળવા મળ્યું છે. એટલે શય્યાપાલકો સંગીત સાંભળવામાં મસ્ત બની ગયા. સંગીત એવી વસ્તુ છે કે સાંભળનાર જો તાનમાં ચઢી જાય તો પછી ભાન નથી રહેતું. તાનમાં તલ્લીનતાના કારણે વાસુદેવની ઉંઘમાં ભંગ પડયો અને સંગીતના રંગમાં પણ ભંગ પડયો.

ઉઠીને ગરમ થઇને ત્રિપૃષ્ટે પૂછયું-કેમ ? મારી શું આજ્ઞા હતી? મારી નિંદ્રા પછી પણ તમે સંગીત ચાલુ રાખ્યું ? શા માટે ? સૈનિકોને આજ્ઞા કરી- ગરમ-ગરમ તપતા શીશાનો રસ લાવો. અને એ તપતા ગરમ શીશાનો રસ શય્યાપાલકોના કાનમાં રેડવામાં આવ્યો. શ્રી કલ્પસૂત્રમાં લખે છે કે આવી રીતે ત્રિપૃષ્ટે વાસુદેવના ભવમાં શ્રી વીર પ્રભુના જીવે ઘણાં કર્મો બાંધ્યા અને ત્યાંથી મૃત્યુ પામીને (૧૯)માં ભવે સાતમી નરકમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળા નારકી થયા. ત્યાંથી નિકળી (૨૦)માં ભવે તેઓ સિંહ થયા. અને સિંહનો ભવ પૂરો કરી મૃત્યુપામી (૨૧)માં ભવે તેઓ ફરી ચોથી પંકપ્રભા નરકમાં નારકી થયા.

ભગવાન શ્રીઋષભદેવ ૧૩ ભવમાં દેવ અને મુનષ્યની ફકત બેજ ગતિમાં ગયા અને ભગવાન પાર્શ્વનાથે ૧ ભવ તિર્યંચ ગતિમાં હાથીનો કર્યો. એટલે તેઓ ત્રણ ગતિમાં ભટકયા. જયારે ભગવાન મહાવીર તો ૨ વાર નરકમાં ગયા. ૧ વાર તિર્યંચમાં ગયા. એમ તેઓ ચારે ગતિમાં રખડ્યા.

ચોથી નરકમાંથી નિકળીને ઘણાં ભવો ભમીને બાવીશમે ભવે વિમળરાજકુમાર થયા.

પ્રિયમિત્ર ચકવર્તી (૨૩મો ભવ)....

ત્રેવીશમા ભવે ભગવાન મહાવીરનો આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં ધનંજય રાજાની ધારિણી નામની પટ્ટરાણીની કુક્ષીએ મનુષ્ય તરીકે જન્મ્યા. પ્રિયમિત્ર તેમનું નામ પાડ્યું. ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતુ. અને તેમને પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી. ૧ ક્રોડ વર્ષનું ચારિત્ર પાળીને મૃત્યુ પામી.

ચોવીશમે ભવે તેઓ મહાશુક્ર દેવલોકમાં સર્વાર્થ નામના વિમાનમાં દેવ થયા. ત્યાંથી ૧૭ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી દેવગતિમાંથી ચ્યવીને -

૨૫મો ભવ-નંદન રાજર્ષિ.....

પચ્ચીશમાં ભવે આ ભરતક્ષેત્રની છત્રિકા નગરીમાં જિતશત્રુ રાજાની ભદ્રા નામની રાણીની કુક્ષીએ પુત્રરૂપે જનમ્યા. નંદન તેમનું નામ પાડવામાં આવ્યું. ૨૫ લાખ વર્ષનું આયુષ્ય હતું. ૨૪ લાખ વર્ષ સંસારમાં વીતાવ્યા પછી ૧ લાખ વર્ષ આયુષ્ય શેષ રહ્યું ત્યારે દીક્ષા લીધી. ૧ લાખ વર્ષના ચારિત્ર પર્યાયમાં ૧૧૮૦ ૬૪૫ માસક્ષમણ કર્યા અને સાથે સાથે વિશસ્થાનકની આરાધના કરી. 'સવિજીવ કરું શાસન રસી'ની વિશ્વ કલ્યાણ ભાવના ભાવતા-ભાવતા તેઓએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અને પચ્ચીસમો ભવ પૂર્ણ કરી તેઓ-(૨૬) છવ્વીસમાં ભવે પ્રાણત નામના દશમા દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક વિમાનમાં ૨૦ સાગરોપમની સ્થિતિ વાળા દેવ થયા. ત્યાંથી દેવભવ પૂર્ણ કરી ચ્યવીને ૨૭માં ભવે ભગવાન મહાવીર થયા.

૨૭મો ભવ–શ્રમણ તીર્થંકર મહાવીર.....

છવ્વીસમો ભવ દેવગતિનો પૂર્ણ કરીને આ ભરત ક્ષેત્રના બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણના ઘરે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીને વિષે પ્રભુ અવતર્યા. ત્રીજા મરીચિના ભવમાં અહો ! કુલં ! અહો ! કુલં ! અભિમાનમાં બાંધેલા નીચગોત્ર કર્મના કારણે શેષ રહેલ કર્મના યોગે તેઓને બ્રાહ્મણકુળમાં આવવું પડયું.

૮૨ દિવસનું શેષ કર્મ પૂર્ણ થતા ઈન્દ્રમહારાજાની આજ્ઞાથી હરિણગમેષી દેવ દ્વારા ગર્ભાપહરણ કરવામાં આવ્યું અને દેવાનંદાની કુક્ષીમાંથી પ્રભુને લઈને ક્ષત્રિયકુંડગ્રામ નગરના અધિપતિમહારાજા સિદ્ધાર્થના પટ્ટરાણી ત્રિશલાદેવીની કુક્ષીમાં મૂકયા. અને ત્રિશલાનો ગર્ભ દેવાનંદાની કુક્ષીમાં સંક્રમાવ્યો.

ચૈત્ર શુદિ ૧૩ના પાવન દિવસે પરમાત્માનો જન્મ થયો. પ્રભુ અનુક્રમે મોટા થયા આઠ વર્ષની ઉંમરે નિશાળગમન થયું. યૌવનવયમાં આવતા પ્રભુના યશોદાની સાથે લગ્ન થયા. પ્રભુનું પાણિગ્રહણ થયું. સંસારના સુખો ભોગવતા પ્રભુ એક કન્યાના પિતા બન્યા. રાજકુમારી પ્રિયદર્શના ના લગ્ન જમાલિ સાથે કર્યા. અને ભર યૌવનની ૩૦ વર્ષની ઉંમરે પ્રભુએ મહાભિનિષ્ક્રમણ કર્યું. અને સંસાર છોડીને દીક્ષા લઈને એકાકી જંગલમાં ઘોર સાધના તપશ્ચર્યા કરવા નિકળી પડ્યા.

દેવ-દાનવ-મનુષ્યો તથા પશુઓ તરફથી થતા ઘોર ઉપસર્ગોને પ્રભુએ સહન કર્યા. સાડા બાર વર્ષની ઘોર સાધનાના આ કાળમાં પ્રભુએ ફકત ૩૪૯ દિવસ જ આહાર લીધો. અર્થાત્ પારણા કર્યા. અને શેષ બધા દિવસો ઉપવાસમાં ગયા. છઠ્ઠથી ઓછું તપ પ્રભુએ

કર્યું નથી. અને ઉત્કૃષ્ટ છ' છ' માસના ચઉવિહારા નિર્જલ ઉપવાસ કર્યા. ભગવંતે બધા ઉપવાસ ચઉવિહારા નિર્જલ કર્યા છે. સાડા બાર વર્ષમાં માત્ર ૨ ઘડી પ્રમાણની જ નિદ્રા લીધી. પલાંઠી વાળીને ભૂમિ ઉપર પ્રભુ નિરાંતે બેઠા પણ નથી. સંગમે કરેલા ઉપસર્ગો, ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાનો ઉપસર્ગ, ગોવાળીયાઓએ કરેલ ઉપસર્ગ તથા ચંડકૌશિકના ઉપસર્ગ આદિ દેવ-દાનવ-માનવ અને તિર્યંચોના અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને સમભાવે સહન કરતા કરતા પરમાત્માએ અદ્‌ભૂત કર્મ નિર્જરા કરી. અનેક જન્મોના કર્મો ભગવંતે આજે ખપાવ્યા.

પ્રભુ કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બન્યા .....

સાડા બાર વર્ષના અન્તે પ્રભુ વિહાર કરતા કરતા બંગદેશમાં ઋજુવાલિકા નદીના કાંઠે પધાર્યા. ગોદોહિકાસને બિરાજમાન પ્રભુએ શુકલધ્યાનના બે ભાગ પસાર કર્યા. મોહનીય –જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય અને અન્તરાય એવા આ ચાર ઘનઘાતી કર્મો ખપાવીને પ્રભુ વીતરાગી બન્યા. અનન્તજ્ઞાની સર્વજ્ઞ કેવળી બન્યા. અનન્તવસ્તુના વિષયવાળુ કેવળ–જ્ઞાન કેવળદર્શન પામ્યા. ભગવાનને વૈશાખ સુદી દસમના દિવસે દિવસના અન્તભાગે કેવળજ્ઞાન પ્રગટ થયું.

वइसाहसुद्धदसमी हत्थुत्तरजोगी वीरस्स ।।
तेवीसाए नाणं उप्पन्नं जिणवराण पुव्वण्हे ।
वीरस्स पच्छिमहे पमाणपत्ताए चरिमाए ।।

વિશેષાવશ્યકભાષ્યમાં પૂજ્ય પૂર્વધર શ્રી જિનભદ્ર ગણિક્ષમાશ્રમણજી જણાવે છે કે વીર સિવાયના ૨૩ તીર્થંકરોને દિવસના પૂર્વાન્હભાગમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. જયારે શ્રી મહાવીર પ્રભુને દિવસના છેલ્લા ભાગમાં (પશ્ચિમ ભાગમાં) કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. અને તે વૈશાખ સુદ દસમીના દિવસે હસ્તોત્તરા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત થતા કેવળજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે. હવે પ્રભુ સર્વજ્ઞ, સર્વજ્ઞાની, સર્વદર્શી બન્યા. અનન્ત બ્રહ્માણ્ડના અનન્ત પદાર્થોને ત્રણેકાળની બાધા વિના એકીસાથે જોઇ શકે છે– જાણી શકે છે. માટે કેવળજ્ઞાન ત્રિકાળાબાધિત હોય છે- અનન્તજ્ઞાન હોય છે- અવિનાશીજ્ઞાન હોય છે. હવે સર્વજ્ઞાની ભગવંત સર્વ ચરાચર વિશ્વના અનન્ત પદાર્થોને દ્રવ્ય-ગુણ પર્યાય સાથે જુએ છે અને જાણે છે. સર્વ આત્માઓના મનોગત ભાવોને પણ જાણે છે. અનન્તજ્ઞાની માટે આ જગતનું કંઇ પણ છાનું નથી. બ્રહ્માણ્ડનો એક તલભાર પદાર્થ પણ હવે તેમનાથી અજાણ્યો નથી.

સમવસરણ....

વૈશાખ સુદ દસમના પવિત્ર દિવસે પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકે દેવતાઓ આવ્યા.

સમવસરણની રચના કરી. ત્રણ ગઢ બનાવ્યા. પ્રથમ પ્રાકાર રજતમય બનાવ્યો. એના ઉપર દેવતાઓ પોતાના વાહન આદિ મૂકે. અને તેની ઉપર બીજો પ્રાકાર સુવર્ણમય બનાવ્યો. આ બીજા પ્રાકારમાં પશુ-પક્ષી તિર્યંચો બેસે છે. પ્રભુની વાણીનો અચિન્ત્ય પ્રભાવ કે બધા પશુ-પક્ષી પોતાના વૈરભાવો ભૂલીને બેસે છે. ગાયની સાથે સિંહ, ઉંદરની સાથે બિલાડી, મોરની સાથે સાપ, અને નોળિયાની સાથે સાપ એમ જન્મજાત વૈરી શત્રુએવા પશુ-પક્ષીઓ સાથે બેસે છે. છતાં પણ પ્રભુની દેશનાના પ્રભાવે તેઓ પરસ્પરના વૈરભાવને ભૂલી જાય છે. તેની ઉપર ત્રીજો પ્રાકાર સુવર્ણમય બનાવીને હીરારત્નાદિ જડવામાં આવે છે. રત્નકાંતિથી સુશોભિત એ ત્રીજા પ્રાકારના કેન્દ્રમાં અશોકવૃક્ષ છે. તેની નીચે સિંહાસન છે. પ્રભુ સિંહાસને બિરાજમાન થાય છે. દેવતાઓ પ્રભુનું સ્વરૂપ ચારે દિશામાં બધાને એક સરખું દેખાય તેવું બનાવે છે. બાર પર્ષદા બિરાજે એ રીતે બનાવે છે. દેવ-દેવીઓ નર-નારીઓ, સાધુ-સાધ્વી આદિ બધા પ્રભુની દેશના શ્રવણ કરવા બિરાજે છે. આ સમવસરણની રચનામાં દેવતાઓ ચારે દિશામાં ચારે બાજુ દરવાજા મુકે છે. અશોકવૃક્ષ, સુરપૃષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, છત્રત્રય, ભામંડલ અને દેવદુંદુભિ આદિ અષ્ટ મહાપ્રાતિહાર્યથી પ્રભુ શોભે છે. 'એ ઠકુરાઇ તુજ કે બીજે નવિ ઘટે રે.' એમ જણાવતા વાચકવર્યજી કહે છે કે આવુ સમવસરણ આદિ બીજે કયાંય સંભવતુ નથી. અર્થાત્ બીજા કોઈ ભગવાનો માટે આવા સમવસરણની રચના નથી હોતી.

વૈશાખ સુદ ૧૦ના દિવસે કેવળજ્ઞાન પામેલા પ્રભુ મહાવીર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકના મહોત્સવ પ્રસંગે દેવતાઓએ આ રામવસરણની રચના કરી. પરન્તુ સન્ધ્યાના સમયે ઋજુવાલિકા નદીના કાંઠે, નર-નારીઓ કોઈ આવી ન શકયા. ફકત દેવતાઓજ દેશના શ્રવણ કરવામાં હતા. પણ અવિરતિના ઉદયવાળા દેવતાઓને ભગવાનની દેશના શ્રવણ કરવા છતા કોઈ વિરતિના પરિણામ ન થયા. એટલે ભગવાનની દેશના નિષ્ફળ ગઈ. એમ એક અચ્છેરૂ થયું. આ પ્રસંગ કલ્પસૂત્રમાં એક અચ્છેરારૂપે વર્ણવવામાં આવ્યો છે.

વૈશાખ સુદ ૧૧ના દિવસે મંગળ પ્રભાતે પરમાત્મા મહાવીર અહીંથી વિહાર કરીને નજીકમાં અપાપાનગરી હતી ત્યાં પધાર્યા. દેવતાઓએ સવારે અપાપાનગરીની બહાર મહસેન ઉદ્યાનમાં સમવસરણની રચના કરી અને પ્રભુ દેશના આપવા બિરાજમાન થયા.

સોમિલવિપ્રના યજ્ઞમાં હજારો વિદ્વાનોની હાજરી ....

આજથી અઢીહજાર વર્ષ પહેલા વૈદિક સંસ્કૃતિના અનુયાયિ બ્રાહ્મણવર્ગમાં યજ્ઞ-યાગાદિનો પ્રચાર વધારે હતો. કોઈ પણ ભોગે યજ્ઞ-યાગાદિ કરીને સ્વર્ગાદિ સુખ સંપત્તિ પ્રાપ્ત કરવી એ જ એક માત્ર લક્ષ હતું. સ્વર્ગ પ્રાપ્તિ માટે નરબલી અને પંશુબલીની આહૂતિ પણ આપવામાં આવતી હતી.

'स्वर्गकामो अग्निहोत्रं जुहुयात्, 'अश्वमेघयज्ञं कुर्यात्'

એમ ભિન્ન ભિન્ન યજ્ઞો કરવામાં આવતા. અને ગાય ઘોડા વગેરે પશુઓની પણ બલી આપવામાં આવતી.

આવું એક વિશાળ યજ્ઞનું આયોજન એ કાળમાં સોમિલવિપ્રે અપાપાનગરીમાં આરંભ્યુ હતું. અને એ યજ્ઞમાં દૂરદૂરથી મહાન વેદ-વેદાન્તના મહાજ્ઞાની વિદ્વાન પંડિતોને શિષ્યપરિવાર સાથે આમન્ત્ર્યા હતા. અને આ યજ્ઞમાં હાજરી આપવા માટે મગધદેશ, ગોબ્બર ગામ, મૌર્ય સન્નિવેશ, મિથિલા, રાજગૃહ, કોલ્લાગ સન્નિવેશ વગેરે અનેક ગામો, અને શહેરોમાંથી અનેક વિદ્વાન ધુરંધર પંડિતો પોતાના શિષ્ય પરિવાર સાથે હજારોની સંખ્યામાં આવ્યા હતા. આટલી મોટી સંખ્યામાં પધારેલા વિદ્વાનોમાં ૧૧ પંડિતો તો નામાંકિત પ્રસિદ્ધ મુખ્ય પંડિતો હતા. તેમના નામો છે. (૧) શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ, (૨) અગ્નિભૂતિ ગૌતમ (૩) વાયુભૂતિ ગૌતમ, (૪) વ્યકત, (૫) સુધર્મા, (૬) મંડિત, (૭) મૌર્યપુત્ર, (૮) અકંપીત, (૯) અચલભ્રાતા, (૧૦) મેતાર્ય, અને (૧૧) પ્રભાસ,

(શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ગ્રન્થના આધારે)

૧૧ ગણધર ભગવંતોનો જીવન પરિચય.....

૧૧ ગણધરોના નામ .....

पढमेत्थ इंदभूई बितिओ पुण होति अग्गिभूइत्ति
ततिए य वाउभूती तओ वियत्ते सुधम्मो य ॥
मंडिय मोरियपुत्ते अकंपिए चेव अयलभाया य ।
मेयज्जे य पभासे गणहरा होंति वीरस्स ॥
जं कारणणिकखमणं वोच्छुं एएसि आणुपुव्वीए ।
तित्थं च सुहम्माओ णिरवच्चा गणहरा सेसा ॥

૧૧ ગણધરોની શંકાઓ.....

जीवे कम्मे तज्जीव भूय तारिसय बंधमोक्खे य ।
देवा णेरइए या पुण्णे परलोय णिव्वाणे ॥

૧૧ ગણધરોનો શિષ્ય પરિવાર .....

पंचण्हं पंचसया अद्धुसया य होंति दोण्ह गणा ।
दोण्हं तु जुवलयाणं तिसओ तिसतो हवई गच्छो ॥

૧૧ ગણધરોની જન્મભૂમિઓ

મગહા ગોબ્બરગામે જાયા તિણ્ણેવ ગોયમસગોત્તા ।
કોલ્લાગ સન્નિવેસે જાઓ વિઅત્તો સુઝ્મ્મો અ ॥ ૬૪૩ ॥
મોરીયસન્નિવેસે દો ભાયરો મંડમોરિયા જાયા ।
અયલો ય કોસલાએ મહિલાએ અકંપિઓ જાઓ ॥ ૬૪૪ ॥
તુંગીય સન્નિવેસે મેયજ્જો વચ્છભૂમિએ જાઓ ।
ભગવંપીયપ્પભાસો રાયગિહે ગણહરો જાઓ ॥ ૬૪૫ ॥

૧૧ ગણધરોના જન્મ નક્ષત્રો....

જેટ્ઠા કિત્તિય સાઈ સવણો હત્થુત્તરા મહાઓ ય ।
રોહિણિ ઉત્તરસાઢા મિગસિર તહ અસ્સિણી પૂસો ॥ ૬૪૬॥

૧૧ ગણધરોના માતા પિતાના નામો....

વસુભૂઈ ઘણમિત્તે ધમ્મિલ ધણદેવ મોરિએ ચેવ ।
દેવે વસૂ ય દત્તે બલે ય પિયરો ગણહરાણં ॥ ૬૪૭ ॥
પુહવી ય વારુણી ભદ્દિલા ય વિજયદેવા તહા જયંતી ય ।
ણંદા ય વરુણદેવા અઈભદ્દા ય માયરો ॥ ૬૪૮ ॥

૧૧ ગણધરોના ગોત્ર નામ....

તિણ્ણ ય ગોયમગોત્તા ભારદ્દા અગ્ગિવેસ વાસિટ્ઠા ।
કાસવ ગોયમ હારિય કોડિણ્ણદુગં ચ ગોત્તાઈં ॥ ૬૪૯ ॥

૧૧ ગણધરોના ગૃહવાસ પર્યાય....

પણ્ણા છાયાલીસા બાયલા હોઇ પણ્ણ પણ્ણા ય ।
તેવણ્ણ પંચસટ્ઠી અડયાલીસા ય છાયાલા । ૬૫૦ ॥
છત્તીસા સોલસગં અગારવાસો ભવે ગણહરાણં ।
છઉમત્થપરિયાગં અહક્કમં કિત્તઇસ્સામિ ॥ ૬૫૧ ॥

૧૧ ગણધરોનો છદ્મસ્થાવસ્થાનો કાળ....

તીસા બારસ દસગં બારસ બાયાલ ચોદ્દસ દુગં ચ ।
ણવગં બારસ દસ અટ્ઠગં ચ છઉમત્થપરિયાઓ ॥ ૬૫૨ ॥
છઉમત્થપરીયાગં અગારવાસં ચ વોગસિત્તાણં ।
સવ્વાઉગસ્સ સેસં જિણાપરિયાગં વિયાણાહિ ॥ ૬૫૩ ॥

૧૧ ગણધરોનો કેવળી પર્યાય....

બારસ સોલસ અટ્ઠારસેવ અટ્ઠારસેવ અટ્ઠેવ ।
સોલસ સોલ તહેકવીસ ચોદ્દ સોલે ય સોલે ય ॥ ૬૫૪

૧૧ ગણધરોનો સર્વાયુ કાળ....

બાણઉઈ ચઉહત્તરી સત્તરિ તત્તો ભવે અસીઈ ય ।
એગં ચ સયં તત્તો તેસીઈ પંચણ ઉઈ ય ॥ ૬૫૫
અટ્ઠત્તરિં ચ વાસા તત્તો બાવત્તરિં ચ વાસાઇં ।
બાવટ્ઠી ચત્તા ખલુ સવ્વગણહરાઉયં એયં ॥ ૬૫૩ ॥

૧૧ ગણધસેનો વ્યવસાય તથા શાસ્ત્ર પ્રમાણ....

સવ્વેએ માહણા જચ્ચા સવ્વે અજ્ઝાવયા વિઊ ।
સવ્વે દુવાલસંગી ય સવ્વે ચોદ્દસપુવ્વિણો ॥ ૬૫૭ ॥

૧૧ ગણધરોનું નિર્વાણગમન....

પરિણિવ્વુયા ગણહરા જીવંતે ણાયએ ણવજગણાઉ ।
ઇંદભૂઈ સુઇમ્મો ય રાયગિહે નિવ્વુએ વીરે ॥ ૬૫૮ ॥

૧૧ ગણધરોની અંતિમ સંલેષણા,સંઘયણ તથા સંસ્થાન...

માસં પાઓવગયા સવ્વેઽવિય સવ્વ લદ્ધિસંપન્ના ।
વજ્જરિસહસંઘયણા સમચઉરંસા ય સંઠાણેં ॥ ૬૫૯ ॥

અગ્યારે ગણધર ભગવંતોના જીવન ચરિત્ર અંગેની માહિતિ વિશેષાવશ્યકભાષ્ય ગ્રંથમાં જેટલી ઉપલબ્ધ છે તેટલી અગ્યારેની સંયુકત સશ્લોકબદ્ધ રજુ કરી છે. હવે એ ઉદ્ધૃત શ્લોકોનો અર્થ ૧૧ ગણધરોના જીવન પ્રસંગનો એક કોષ્ટક બનાવીને અત્રે રજુ કરીએ છીએ –

પહેલા ગણધર
શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ

જીવન ચરિત્ર પરિચય

શ્રી વિશેષાવશ્યકભાષ્યના આધારે
૧૧ ગણધરોનો ક્રમશઃ

ભારતભૂમિના પૂર્વ વિભાગના મગધદેશની સમીપના ગોબ્બર ગામમાં ગૌતમગોત્રીય વિપ્રશ્રેષ્ઠ વસુભૂતિ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની ધર્મપત્ની પૃથ્વીદેવી હતી. પત્નીની સાથેના સંસારસુખના ફળસ્વરૂપે વસુભૂતિ બ્રાહ્મણને ત્રણ સંતાનની પ્રાપ્તિ થઈ હતી. જયેષ્ઠા નક્ષત્રમાં પૃથ્વીમાતાએ ઈન્દ્રભૂતિ ગૌતમને જન્મ આપ્યો હતો. ત્રણે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની ત્રિપુટીની જેમ શોભતા હતા. ત્રિબંધુ તરીકેની પ્રસિદ્ધિ પામ્યા હતા. અનુક્રમે પિતાએ ત્રણેના નામો આ પ્રમાણે પાડયા (૧) ઈન્દ્રભૂતિ (૨) અગ્નિભૂતિ અને ત્રીજા વાયુભૂતિ. ગુણને અનુરૂપ નામોની સ્થાપના થઈ હતી. આ ત્રણે ભાઈઓમાં ઈન્દ્રભૂતિ જયેષ્ઠભ્રાતા - મોટા ભાઈ હતા.

વેદ-વેદાંગના શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા પિતાશ્રી વસુભૂતિ અધ્યાપકની પ્રસિદ્ધિ ધરાવતા હતા. પિતાએ ત્રણે પુત્રોને ભણાવીને વેદ-વેદાંગમાં તૈયાર કર્યા. ગૌતમનુ પુરૂ નામ શ્રી ઈન્દ્રભૂતિ વસુભૂતિ ગૌતમ હતું. ગૌતમ એમનું ગોત્ર હતું. પણ તે ગૌતમ ગોયમથી વધુ જાણીતાં થયાં.

બ્રાહ્મણકુળ વિદ્યાધ્યયન માટે પ્રસિદ્ધ છે. ઈન્દ્રભૂતિ પણ વેદ-વેદાંગ, શ્રુતિ-સ્મૃતિ આદિનો ગંભીર અભ્યાસ કરીને પિતાના પગલે તેઓ પણ અધ્યાપકના વ્યવસાયમાં પ્રવેશ્યા. જીવનના ૫૦ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને વાદ-વિવાદો તથા અધ્યયન અધ્યાપન એમને ખૂબ કર્યુ. એમની વિદ્વત્તાની પ્રસિદ્ધિ દશે દિશામાં પ્રસરેલી હતી. એમને 'વાદવિજેતા'ની પદવી અનેકવાર પ્રાપ્ત થઈ ચુકી હતી.

જાણે સાક્ષાત્ સરસ્વતીના અવતાર ન હોય ! એવા આ મહાન વિદ્વાન પંડિતનો લગભગ ૫૦૦ શિષ્યોનો વિશાળ પરિવાર હતો. તેઓશ્રી પ્રસિદ્ધ ૧૪ વેદ વિદ્યાઓના પારંગત ધુરંધર વિદ્વાન હતા. વેદ-વેદાંગ-શ્રુતિ-સ્મૃતિ-પુરાણ, નિઘંટુ છન્દ, ઈતિહાસ, ન્યાય-વ્યાકરણ આદિ અનેક શાસ્ત્રોની તેમની વિદ્વત્તાની પ્રસિદ્ધિ દેશવિદેશમાં સર્વત્ર પ્રસરેલી હતી.

દેશમાં વિવિધ પાઠશાળાઓ તથા રાજ્યાશ્રયમાં થતા અનેક વાદોમાં તેમનો વિજય

અનેકવાર થયો હતો. પણ આવા ખ્યાતિપ્રાપ્ત દિગ્ગજ વિદ્વાન ઈન્દ્રભૂતિના મનમાં વેદ વાંચતી વખતે શ્લોકનો અર્થ વ્યવસ્થિત ન થયો, અને એમાંથી વીપરીત અર્થની જે ધ્વનિ એમની ભૂલના કારણે નિકળી તે જ મનમાં ઘર કરી ગઈ. અને આત્મા છે કે નહીં ? આ શંકાના સ્વરૂપે **''न प्रेत्यसंज्ञाऽस्ति''** 'આત્મા છે જ નહીં' એવી તેમની દ્રઢ માન્યતા થઈ ગઈ હતી.

સોમિલવિપ્રને ત્યાં યોજાયેલા યજ્ઞમાં હાજરી આપવા વિદ્વવર્ય ઈન્દ્રભૂતિ પણ પોતાના ૫૦૦ શિષ્ય પરિવાર સાથે પધાર્યા હતા. દેવતાઓને યજ્ઞમંડપ છોડીને અન્યત્ર જતાં જોઈને અને લોકોના મોઢે સાંભળીને ઈન્દ્રભૂતિ પણ ૫૦૦ શિષ્યો સાથે સમવસરણે ભગવાન મહાવીર પાસે આવે છે. અને આત્મા વિષે ચર્ચા-શાસ્ત્રાર્થ શરૂ થયો. આવા દિગ્ગજ વિદ્વાનને પરમાત્મા મહાવીર પ્રભુએ એમની નાની પણ ગંભીર ભૂલ સમજાવી. અને વેદપદનો સાચો અર્થ કરી આપ્યો.અને અન્ય અનેક પ્રમાણો સાથે 'આત્મા' સાબિત કરી આપ્યો. ઈન્દ્રભૂતિના ગળે વાત ઉતરી ગઈ તેઓ સમજી ગયા. અને પોતાનો એક નિયમ યાદ કર્યો મારી શંકાનું જે કોઈ સમાધાન કરી આપે તો આજીવન એના દાસ થઈ જવું.

આ નિયમ પ્રમાણે ૫૦ વર્ષની ઉમરે શ્રી ઈન્દ્રભૂતિ ૫૦૦ શિષ્યો સાથે શ્રી વીરપ્રભુજીના ચરણોમાં શિષ્યત્વ અંગીકાર કરી દીક્ષા લઈ સાધુ બન્યા. આમ તો ભગવાન મહાવીર કરતા પણ ઈન્દ્રભૂતિ ઉંમરમાં મોટા હતા. ભગવાન મહાવીરને જ્યારે કેવળજ્ઞાન થયું છે ત્યારે પ્રભુ ૪૨ વર્ષની ઉંમરના હતા અને એના બીજા દિવસે દીક્ષા લીધી ત્યારે ઈન્દ્રભૂતિ ૫૦ વર્ષના હતા. ભગવાન મહાવીરનું કુલ આયુષ્ય ૭૨ વર્ષનું હતું. ગૌતમનું કુલ આયુષ્ય ૯૨ વર્ષનું હતું. ભગવાન મહાવીર કરતા તેઓ ૨૦ વર્ષ ઉંમરમાં મોટા હતા ભગવાન મહાવીર કરતાં ૮ વર્ષ પહેલા એમનો જન્મ થયો હતો અને ૧૨ વર્ષ મોડું એમનું નિર્વાણ થયું હતું.

ઘર સંસારના ૫૦ વર્ષ પૂરા કરી ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ બન્યા. તે કુલ ૪૨ વર્ષ ચારિત્ર પર્યાયપાળી સાધુ તરીકે વિચર્યા. અને આ ૪૨ માં પણ ૩૦ વર્ષ છદ્મસ્થ પણે રહી ભગવાન મહાવીરની સાથે પડછાયાની જેમ રહીને સતત સેવા-ભક્તિ કરી છે. ભગવાન મહાવીરના નિર્વાણની રાત્રિ આસોની અમાવાસ્યાના અન્તિમ પ્રહરે અર્થાત્ કાર્તિક માસના મંગલ પ્રભાતે તેઓશ્રી ઉમરના ૮૦માં વર્ષે કેવળજ્ઞાની-સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. અને ૧૨ વર્ષ સુધી કેવળજ્ઞાની તરીકે આ ધરતીના ધરાતલને પાવન કરતા વિચર્યા.

ચોથા આરામાં જન્મેલા અને નિરૂપક્રમ આયુષ્ય ધરાવતા પૂજય ઈન્દ્રભૂતિ ગૌતમ વજ્રઋષભનારાચ નામનું પ્રથમ સર્વોત્તમ શરીરનું સંઘયણ તથા મોક્ષગમનયોગ્ય સમચતુરસ્ત્ર સંસ્થાન ધરાવતા હતા. એમની તપશ્ચર્યા અજોડ હતી. આજીવન છઠ્ઠના પારણે છઠ્ઠની તપશ્ચર્યા તેમણે કરી છે. (અનુસંધાન પાના નં ૨૨ ઉપર)

બીજા ગણધર

શ્રી અગ્નિભૂતિ ગૌતમ

જીવન ચરિત્ર પરિચય

શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમના નાનાભાઈ અને વસુભૂતિ વિપ્રવર્ય પિતા તથા પૃથ્વીમાતાના બીજાપુત્ર તરીકે એમનું પુરું નામ-શ્રી અગ્નિભૂતિ વસુભૂતિ ગૌતમ હતું. ગૌતમ એમનું ગોત્ર હતું અને પૃથ્વી દેવીમાતાએ કૃતિકા નક્ષત્રમાં જન્મ આપ્યો હતો. જયેષ્ઠભ્રાતા શ્રી ઈન્દ્રભૂતિથી તેઓ ૪ વર્ષ નાના હતા. પોતાના-ભાઈ- અને પિતાના પગલે ચાલીને તેમણે પણ ૧૪ વિદ્યાનો અભ્યાસ કર્યો અને વેદ-વેદાંત-આદિ શાસ્ત્રોના પારંગત વિદ્વાન થયા.

ગૃહવાસના કાળમાંજ તેમની પણ કીર્તિ તેમના મોટાભાઈની જેમ ચારે બાજુ પ્રસરી હતી. અને અનેક વાદોમાં વિજેતા બનીને તેમને પણ વાદી-વિજેતાનું બિરૂદ પ્રાપ્ત કર્યું હતુ. અધ્યયન-અધ્યાપન કરાવતા શ્રી અગ્નિભૂતિ પંડિતને પણ ૫૦૦ શિષ્યોનો મોટો પરિવાર હતો. ''સોનાની થાળીમાં લોઢાની મેખ''ની જેમ આવા ધુરંધર વિદ્વાનના મનમાં એક શંકા વેદ-વેદાન્તનો અભ્યાસ કરતા-કરતા અમુક શ્લોકનો અર્થ વ્યવસ્થિત ન બેઠો એથી કર્મ છે કે નહિં ?' એવી શંકા મનમાં દ્રઢ થઈ ગઈ હતી. કર્મ નામની કોઈ સત્તા છે જ નહીં. અમૂર્ત એવા આત્માને મૂર્ત કર્મો લાગે કયાંથી ? વળી કયારેય દેખાતા નથી.તો પછી કર્મ માનવા જ શા માટે ? એમ કર્મ નથીની શંકા બહુ પ્રબલ તેમના મનમાં કોરાઈ ગઈ હતી.

(અનુસંધાન પાના નં ૨૩ ઉપર)

(અનુસંધાન પાના નં ૨૧ થી શરૂ)

અનેક લબ્ધિઓના નિધાન ઈન્દ્રભૂતિ ગૌતમ લબ્ધિભંડાર હતા. એક પાત્રમાં અંગૂઠો રાખી ૧૫૦૦ તાપસોને પારણું કરાવ્યું. સૂર્યની કિરણો પકડીને અષ્ટાપદતીર્થ ચઢ્યા. જંઘાચારણ લબ્ધિ વગેરે અનેક લબ્ધિઓ તેમની પાસે હતી. 'કવલ તે કેવળરૂપ હુએ રે' એ જેને દીક્ષા આપતા તેને કેવળજ્ઞાન થતું હતું. ત્રિપદી પામી દ્વાદશાંગીના રચયિતા અને ૧૪ પૂર્વોના જ્ઞાતા છદ્મસ્થકાળથી જ હતા. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૧૨ વર્ષે ગૌતમનું નિર્વાણ થયું. તેઓ પોતાની ૯૨ વર્ષની દીર્ઘવયે રાજગૃહી પધાર્યા અને ત્યાં અન્તિમ સાધનારૂપે ૧ માસની (પાદપોપગમન અનશન) સંલેષણા કરીને અન્તે દેહ છોડીને સદાને માટે અજર-અમર-અવિનાશી બની ગયા. સિદ્ધ, બુદ્ધ, મુકત , નિરંજન-નિરાકાર બની ગયા. પ્રભુ મહાવીરના પ્રથમ શિષ્ય-પ્રથમ ગણધર તરીકે મોટું સદ્‌ભાગ્ય મેળવી ચૂકેલા ઈન્દ્રભૂતિ ગૌતમ-આજે પણ ''ગૌતમસ્વામી''ના નામથી પ્રસિદ્ધ છે. તેમના જીવનના વિશેષ પ્રસંગો આગળ જોઈશું. ■

ત્રીજા ગણધર

શ્રી વાયુભૂતિ ગૌતમ

જીવન ચરિત્ર પરિચય

શ્રી ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ એવા બન્ને મોટાભાઈથી નાના ત્રીજા ભાઈ તરીકે શ્રી વાયુભૂતિ હતા. વસુભૂતિ પિતા અને પૃથ્વીમાતાના તેઓ ત્રીજા નંબરના પુત્ર હતા. ઈન્દ્રભૂતિથી તેઓ ૮ વર્ષ નાના અને અગ્નિભૂતિથી તેઓ ૪ વર્ષ નાના હતા. પૃથ્વીમાતાએ તેમને ઉત્તમ એવા સ્વાતિ નક્ષત્રમાં જન્મ આપ્યો હતો. મગધદેશની ગોબ્બર ગામની ધરતી તેમની જન્મભૂમિ હતી.

બ્રાહ્મણ જ્ઞાતિના વિપ્રવર્ય વાયુભૂતિએ પણ પોતાના કુળાચાર પ્રમાણે વેદ-વેદાન્તનો અભ્યાસ કર્યો. શ્રુતિ-સ્મૃતિ-વેદ-પુરાણ, નિઘંટુ-છંદ, ન્યાય-વ્યાકરણ આદિ વિદ્યાઓમાં તેઓ સિદ્ધહસ્ત થયા. અનેકોને અધ્યાપન કરાવતા તેમને ૫૦૦ શિષ્યોનો પરિવાર થયો

અનુસંધાન પાના નં ૨૨ થી શરૂ

૫૦૦ શિષ્યો સાથે સોમિલ વિપ્રના યજ્ઞ મંડપમાં હાજરી આપવા ખાસ અપાપાપુરીમાં પધારેલા આ અગ્નિભૂતિ ગૌતમ પણ પોતાના મોટાભાઈ શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમના પગલાને અનુસરે છે. ગયેલા ઈન્દ્રભૂતિ પાછા કેમ નથી આવ્યા ? એ ચિન્તાથી તેઓ પણ ૫૦૦ શિષ્યો સાથે સમવસરણે જાય છે.

પરમાત્માની સાથે કર્મ વિષયક તાત્ત્વિક ચર્ચા થઈ. ભગવાને વેદપદનો અર્થ પણ સાચો કરી બતાવ્યો. અને એથી અગ્નિભૂતિ ગૌતમે પણ પોતાની ૪૬ વર્ષની ઉંમરે શ્રી વીરપ્રભુ પાસેં દીક્ષા લીધી. સંસાર છોડી સાધુ બન્યા. પ્રભુની પાસે ત્રિપદી પામીને ભગવાનના બીજા મુખ્ય શિષ્ય અને ગણધર થવાનું માન મેળવ્યું. દ્વાદશાંગીની રચના કરી. ૧૪ પૂર્વોનું જ્ઞાન પામ્યા. ૪૬ વર્ષની ઉંમરે દીક્ષા લઈ ૨૮ વર્ષનું ચારિત્ર પાળ્યું અને તેમાં પણ તેઓ ૧૨ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા અને ૧૬ વર્ષ સુધી કેવળી-સર્વજ્ઞ તરીકે રહીને આ દેશને પાવન કરી અનેક ભવ્યાત્માઓને તારી તેઓ ૭૪ વર્ષનું આયુષ્ય ભોગવીને અન્તિમ કાળે રાજગૃહીમાં પધાર્યા અને છેલ્લે ૧ માસની સંલેષણા કરીને ભગવાન મહાવીર પ્રભુની હયાતીમાંજ તેઓશ્રીને મળેલા વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા શરીરનો સદાના માટે ત્યાગ કરીને મોક્ષે સિધાવ્યા, નિર્વાણ પામ્યા, સિદ્ધ-બુદ્ધ-મુકત થયા. ■

હતો. અધ્યયન-અધ્યાપનના વ્યવસાયમાં જોડાયેલા એવા પ્રસિદ્ધ વિદ્વાન વિપ્રવર્ય વાયુભૂતિએ પણ અનેક શાસ્ત્રાર્થ સભાઓમાં ભાગ લીધો હતો અને ઘણાંને વાદ-ચર્ચામાં હરાવીને વાદી-વિજેતાનું બિરુદ મેળવ્યું હતું.

પરન્તુ આટલા ધુરંધર વિદ્વાન એવા વાયુભૂતિને એક વસ્તુ ગળે નહોતી ઉતરતી કે જીવ એ જ શરીર છે કે શરીર એ જ જીવ છે ? પોતાના મોટાભાઈની જેમ તેઓ સર્વથા જીવનું અસ્તિત્વ નથી માનતા એમ નથી. જીવનું અસ્તિત્વ તો માને છે, પરન્તુ જીવ-શરીર જુદા નથી માનતા, જીવ ખાતો નથી. એટલે તેમણે શરીરને જ જીવ અને જીવને જ શરીર માની લીધો. પણ વેદપદોનો અર્થ બરોબર ન કરતા તેમના મનમાં આ શંકા ઘર કરી ગઈ હતી.

પોતાના બન્ને મોટાભાઈઓને ભગવાનની પાસે ગયેલા જાણીને અને પાછા નથી ફર્યા તેથી આશ્ચર્ય પામીને વાયુભૂતિ પણ પોતાના ૫૦૦ શિષ્યોનો કાફલો લઈને ભગવાન મહાવીર પાસે જવા ઉપડ્યા. સમવસરણે પહોંચ્યા. અને ભગવાનની સાથે જીવ-શરીર એક છે કે ભિન્ન-ભિન્ન છે ? આ પ્રશ્નની ચર્ચામાં સુંદર સમાધાન થયું. ચેતન એવો આત્મા જડ એવા શરીરરૂપે એક થઈને તો કેવી રીતે રહે ? બન્નેના ગુણધર્મો સાવ ભિન્ન-ભિન્ન છે... વગેરે વેદપદોના અર્થો પણ સાચા સમજાવ્યા. આ ભેદ ઉકલી ગયો એટલે વૈશાખ સુદ ૧૧ના દિવસે સમવસરણમાંજ પોતાના ૫૦૦ શિષ્યો સાથે ૪૨ વર્ષની ઉમરે દીક્ષા લઈ લીધી. સદા ના માટે અણગાર સાધુ બન્યા. કુલ ઉમરમાં પણ તેઓ બન્નેભાઈ કરતા નાના હતા. એમને ૪૨ વર્ષે દીક્ષા લીધી અને ૨૮ વર્ષ સુધી ચારિત્ર પાળીને ૭૦ વર્ષની ઉમરે મોક્ષે ગયા. ૨૮ વર્ષના ચારિત્ર પર્યાયમાં પણ તેઓશ્રી ૧૦ વર્ષ છદ્મસ્થ રહ્યા. અને ૧૮ વર્ષ કેવળી પણે વિચર્યા. ઉમરમાં ભલે બન્ને મોટાભાઈ કરતા નાના હતા. પરન્તુ કેવળી પર્યાયમાં તેઓ બન્ને કરતા મોટા હતા.

ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા પૂજ્યવાયુભૂતિગૌતમ ૭૦ વર્ષની અંતિમ ઉમરે રાજગૃહી પધારીને છેલ્લા ૧ માસની સંલેષણા કરીને ભગવાન મહાવીરની હયાતીમાં જ નિર્વાણ પામ્યા. મોક્ષે ગયા. **શ્રી ઇન્દ્રભૂતિં વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નં, સ્તુવન્તિ દેવા સુરમાનવેંદ્રા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ! શ્રી વર્ધમાનાત્ ત્રીપદીમવાપ્ય, મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન । અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ! શ્રી વીરનાથેન પુરા પ્રણીતં, મંત્રંમહાનંદસુરવાય યસ્ય । ધ્યાયંત્યમિ સૂરિવરા સમગ્રા ।, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ॥ ૩ યસ્યાભિધાન મુનયોઽપિ સર્વે, ગૃહણન્તિ ભિક્ષાભ્રમણસ્ય કાલે; મિષ્ટાન્નપાનાંબર પૂર્ણકામા ૪ અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા યયો જિનાનાં પદવંદનાય । નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ; સ ૫ ત્રિપંચસંખ્યાશતતાપસાનાં, તપઃકૃશાનામપુનર્ભવાય । અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા; સ ગૌતમો । સદક્ષિણં ભોજનમેવદેય, સાધર્મિક સંઘસપર્યયતિ । કૈવલ્યવસ્ત્રંપ્રદદૌ મુનિનાં સ... શિવંગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્ત્વમિહૈવમવ્વા । પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ૮ ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં,**

जिनराजबीजंज ! यन्नाम चोक्ते विदधाति सिद्धि स गौतमो यच्छतु वांछितं मे ॥
९ श्री गौतमस्याष्टकमादरण, प्रबोधकाले मुनिपुंगवा ये । पठंति ते सूरिपदं सदैवा-
नंदं लभंते सुतरां कमेण. ॥ १०



શ્રી ૧૧ ગણધરોનો જીવનચરિત્ર વિષયક કોષ્ઠક

સંખ્યા	નામ	પિતા	માતા	જાતિ	ગોત્ર	ધંધો	જન્મ નગર	જનમ નક્ષત્ર	ગૃહવાસ પર્યાય	છદ્મસ્થ પર્યાય	કેવલી પર્યાય
૧	ઇન્દ્રભૂતિ	વસુભૂતિ	પૃથ્વી	બ્રાહ્મણ	ગૌતમ	અધ્યાપક	મગધદેશ	જ્યેષ્ઠા	૫૦	૩૦	૧૨
૨	અગ્નિભૂતિ	,,	,,	,,	,,	,,	,,	કૃત્તિકા	૪૬	૧૨	૧૬
૩	વાયુભૂતિ	,,	,,	,,	,,	,,	,,	સ્વાતિ	૪૨	૧૦	૧૮
૪	વ્યક્ત	ધનમિત્ર	વારુણી	,,	ભારદ્વાજ	,,	કોલ્લાગ સન્નિવેશ	શ્રવણ	૫૦	૧૨	૧૮
૫	સુધર્મા	ધમ્મિલ	ભદ્દિલા	,,	અગ્નિ	,,	,,	હસ્તોત્તર	૫૦	૪૨	૮
૬	મંડિક (ત)	ધનદેવ	વિજયાદેવી	,,	વાશિષ્ઠ	,,	મોરીય સન્નિવેશ	મઘા	૫૩	૧૪	૧૬
૭	મૌર્યપુત્ર	મૌર્ય	,,	,,	કાશ્યપ	,,	,,	રોહિણી	૬૫	૧૪	૧૬
૮	અકંપિત	દેવ	જયંતિ	,,	ગૌતમ	,,	મિથિલા	ઉત્તરાષાઢા	૪૮	૯	૨૧
૯	અચલભ્રાતા	વસુ	નંદા	,,	હારિત	,,	કોસલા	મૃગશિર	૪૬	૧૨	૧૪
૧૦	મેતાર્ય	દત્ત	વરુણદેવી	,,	કૌડિન્ય	,,	વત્સભૂમિ તુંગિય સન્નિવેશ	અશ્વિની	૩૬	૧૦	૧૬
૧૧	પ્રભાસ	બલ	અતિભદ્રા	,,	,,	,,	રાજગૃહ	પુષ્ય	૧૬	૮	૧૬

પેલો ગણધર વીર નો રે શાસન નો શણગાર ; ગૌતમ ગૌત્ર તણો ધણી રે, ગુણમણિ રયણ ભંડાર. જયંકર જીવોગૌતમસ્વામ. એતો નવનિધિ હોય જસનામ ; એતો પૂરે વાંછીત કાજ, એતો ગુણમણી કેરોધામ. જયં..૧ જયેષ્ઠા નક્ષત્રે જનમીયા રે ગોબર ગામ મોઝાર ; વસુભૂતિ સુત પૃથ્વી તણો રે, માનવ મોહનગાર. જય...૨ સમવસરણ ઇન્દ્રે રચ્યું રે, બેઠા શ્રી વર્ધમાન; બેઠી તે બારે પર્ષદા રે, સુણવા શ્રી જિનવાણ. જયં...૩ વીર કન્હે સંજમ લહ્યું રે, પંચસયા પરિવાર; છઠ છઠ તપ પારણે રે, કરતા ઉગ્ર વિહાર. જયાં...૪

શ્રી ૧૧ ગણધરોનો જીવનચરિત્ર વિષયક કોષ્ઠક

સર્વ ચરિત્ર પર્યાય	સર્વાયુ	શિષ્ય	શિષ્ય પરંપરા	નિર્વાણ ભૂમિ	સંસ્થાન	સંઘયણ	નિર્વાણ સમય	શાસ્ત્ર	મુક્તિમાં સંદેહ/બાધા	શંકા	
૪૨	૯૨	૫૦૦	×	રાજગૃહ	સમચતુરસ્ર	વજ્રઋષભનારાચ	મહાવીર પછી ૧૬ વર્ષ	પૂર્વાનુપૂર્વી અંગ ૧૨	સાધ્ય ૧	આત્મા છે કે નહીં ?	ત્રિપદી (ગણિ) આ ત્રણ સહોદર (ભાઈ)
૨૮	૭૪	૫૦૦	×	,,	,,	,,	ભ./મ. પહેલા	,,	,,	કર્મ નથી ?	
૨૮	૭૦	૫૦૦	×	,,	,,	,,	,,	,,	,,	જીવ જ શરીર છે ?	
૩૦	૮૦	૫૦૦	×	,,	,,	,,	,,	,,	,,	પંચ ભૂત નથી ?	
૫૦	૧૦૦	૫૦૦	જંબુ આદિ	,,	,,	,,	ભ./મ. પછી	,,	,,	જન્માન્તર સાદૃશ્ય	
૩૦	૮૩	૩૫૦	×	,,	,,	,,	ભ./મ. પહેલા	,,	,,	કર્મ બંધ-મોક્ષ નથી	ત્રિપદી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત
૩૦	૯૫	૩૫૦	×	,,	,,	,,	,,	,,	,,	દેવ નથી	
૩૦	૭૮	૩૦૦	×	,,	,,	,,	,,	,,	,,	નરક નથી	
૨૬	૭૨	૩૦૦	×	,,	,,	,,	,,	,,	,,	પુણ્ય-પાપ નથી	
૨૬	૬૨	૩૦૦	×	,,	,,	,,	,,	,,	,,	પરલોક નથી	
૨૪	૪૦	૩૦૦	×	,,	,,	,,	,,	,,	,,	મોક્ષ નથી	

અષ્ટાપદ લબ્ધે ચડયા રે, વાંદ્યા જિન ચોવીશ; જગ ચિંતામણિ તિંહા કર્યુ રે, સેવીયા શ્રી જગદીશ. જયં....૫
પનરસે તાપસ પારણે રે, ખીર ખાંડ ઘૃત પૂર; અમિય જાસ અંગૂઠડો રે, ઉગ્યો તે કેવળ સૂર. જયં...૬
દીવાળી દિન ઉપન્યું રે, પ્રભાતે કેવળનાણ ; અક્ષિણ લબ્ધિ તણો ધણી રે, નામે તે સફલ વિહાણ.જયં...૭
પચાસ વરસ ઘરવાસમાં રે, છદ્મસ્થાએ ત્રીસ; બાર વરસ લગે કેવળી રે, બાણું તે આયુ જગીશ. જયં...૮
ગૌતમ ગણધર સરીખાં રે, શ્રી વિજયસેનસૂરીશ; એ ગુરુચરણ પસાઉલે રે, ધીર નમે નિશદિશ. જયં...૯

ચોથા ગણધર

શ્રી વ્યકતસ્વામી

જીવન ચરિત્ર પરિચય

આજથી અઢી હજાર વર્ષ પૂર્વે આર્યાવર્ત ભારતભૂમિના મગધદેશની સમીપમાં કોલ્લાગસન્નિવેશ ગામ વિદ્યાનું ધામ ગણાતું હતું. મોટા મોટા વિદ્વાનોં આ ગામમાં વસતા હતા. બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. ભારદ્વાજ ગોત્રના એક વિદ્વાન બ્રાહ્મણ ધનમિત્રની ધર્મપત્નિ વારૂણીદેવીની કુક્ષીએ એક બાળક આવ્યો. માતાએ ગર્ભમાંથી જ વિદ્યાના ઉત્તમ સંસ્કાર મળે તે કાળજી રાખી અને યોગ્ય સમયે શ્રવણનક્ષત્રમાં બાળકને જન્મ આપ્યો. વ્યકતકુમાર એનું નામકરણ કરવામાં આવ્યું. એમનું પુરું નામ - શ્રી વ્યકત ધનમિત્ર ભારદ્વાજ હતું.

સોળે કળાએ ખીલતા ચન્દ્રમાની જેમ બાળક મોટો થયો. પિતાએ વિદ્વાનો પાસે ભણાવી ને વિદ્વાન બનાવ્યો. વ્યકૃત એક વિદ્વાન અધ્યાપક તરીકે પ્રસિદ્ધ થયા. વેદ-વેદાન્તના પારંગામી અને કર્મકાંડી પંડિત તરીકેની તેમની પ્રસિધ્ધિ થઈ. અધ્યાપનના વ્યવસાયમાં તેમના ૫૦૦ શિષ્યો તૈયાર થયા હતા. દ્વિજસમાજમાં એમની યશકીર્તિ ઘણી સારી પ્રસરી હતી.

વેદ-વેદાન્તોનું અધ્યયન કરતા આ પંડિત શ્રી વ્યકતને એવું લાગ્યું કે 'બ્રહ્મસત્યં જગન્મિથ્યા', 'સ્વપ્નોપમં વૈ જગત' અર્થાત્ જગત્ તો મિથ્યા છે. સ્વપ્નના જેવો આ સંસાર છે. ઈન્દ્રજાલ જેવુ બધું રૂપ છે. તો પછી પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ આ જે પંચમહા ભૂતથી આ સંસાર બન્યો છે, તો શું આ વાત ખોટી ? પરસ્પર વિરોધાભાસી આ વાતથી વ્યકત પંડિતના મનમાં એવી શંકા ઘર કરી ગઈ કે પંચભૂત છે કે નહીં ? અને એમને એમના મનમાં નિર્ધાર કરી લીધો કે સ્વપ્ન જેવા આ સંસારમાં ઈન્દ્રજાલ જેવા માયાવી સંસારમાં પંચભૂત જેવું કંઇ છે જ નહી.

યોગાનુયોગ શ્રી વ્યકત પંડિતને પણ પોતાના ૫૦૦ શિષ્ય પરિવાર સાથે અપાપાપુરીમાં સોમિલ બ્રાહ્મણે યોજેલા યજ્ઞમાં પધારવાનું થયું. અને યજ્ઞાવસરે પોતાની આગળના પંડિતોને સમવસરણે ગયેલા જાણીને તે પણ ત્યાં પહોંચ્યા. સર્વજ્ઞ પરમાત્મા પાસેથી પંચભૂતની સત્તા વિષે જાણ્યું- શંકાનું સમાધાન થયું. અને જ્ઞાની - મહાજ્ઞાનીના

(અનુસંધાપ પાના નં. ૨૯ ઉપર)

પંચમ ગણધર

શ્રી સુધર્માસ્વામિ

જીવન ચરિત્ર પરિચય

અગ્યારે ગણધરોમાં ઘણી લાંબી અને આજ દિવસ સુધી ચાલી રહેલી શિષ્યપરંપરા જો કોઇની ચાલી હોય તો તે એકમાત્ર સુધર્માસ્વામીની. વર્તમાન સમસ્ત સાધુ સાધ્વીરૂપ શ્રમણસંઘની પરંપરાના આદ્ય ગુરુ શ્રી સુધર્માસ્વામી છે. શ્રી સુધર્માસ્વામીએ મગધદેશની સમીપના વિદ્યાના ધામ જેવા કોલ્લાગસન્નિવેશ ગામમાં બ્રાહ્મણ જાતિમાં અગ્નિવેશ્યાયન ગોત્રવાલા વિપ્રવર્યશ્રી ધમ્મિલના ઘરે બ્રાહ્મણીની કુક્ષીથી જન્મ લીધો હતો. ઉત્તરાફાલ્ગુની (હસ્તોત્તરા) નક્ષત્રમાં જન્મેલા આ સુધર્મા આગળ જતા મહાન વિદ્વાન બન્યા. બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાધ્યયન સમાપ્ત કરી તેઓએ ગૃહસ્થાશ્રમમાં પગલા માંડયા. કર્મકાંડી અને શાસ્ત્રના જ્ઞાતા પંડિતશ્રેષ્ઠ તરીકેની એમની યશકીર્તિ દશે દિશામાં પ્રસરી હતી. ચૌદ

(અનુસંધાન પાના નં ૨૮ થી શરૂ)

ચરણોમાં જીવન સમર્પિત કરીને તેઓ પણ ૫૦૦ શિષ્યો સાથે ૫૦ વર્ષની ઉંમરે સંસાર છોડી દીક્ષા લઇ સાચા અણગાર બન્યા. સ્યાદ્‌વાદનો સિદ્ધાન્ત સમજૂયા. ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. અને ભગવાન શ્રી મહાવીરના શ્રમણસંઘમાં ચોથા ગણધર તરીકેનું અદ્‌ભૂત માન મેળવ્યું.

ચોથા આરામાં જન્મેલા અને તદ્‌ભવમોક્ષગામી આત્મા એવા શ્રી વ્યક્તસ્વામી વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાન યુકત, ઉત્તમ શરીર ધરાવતા હતા. ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમમાં વીતાવ્યા પછી તેમણે ૩૦ વર્ષ સુધીનો કુલ ચારિત્ર પર્યાય પાળ્યો. ૩૦ વર્ષના ચારિત્રકાળમાં ૧૨ વર્ષ સુધી છદ્મસ્થ રહીને ઉંમરના ૬૨માં વર્ષે અને ચારિત્ર લીધા પછીના ૧૨મા વર્ષે તેઓ ભગવાન મહાવીરની હયાતીમાં જ ચારે ઘનઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાની - કેવળદર્શની બન્યા. ૧૮ વર્ષ સુધી સર્વજ્ઞ - સર્વદર્શી તરીકે આ ધરતીને પાવન કરી અનેક ભવ્યાત્માઓને તારી તેઓશ્રી ૮૦ વર્ષની ઉંમરે રાજગૃહી પધાર્યા અને તેમણે પોતાનું સમાપ્ત થતું આયુષ્ય જાણીને અન્તિમ એક માસની સંલેષણા કરીને સમાધિપૂર્વક પ્રભુની હયાતીમાં જ નિર્વાણપદ એવા મોક્ષને પામ્યા. સદાના માટે સંસારનો અન્ત કર્યો અને સિદ્ધિધામે બિરાજમાન થયા. તેમની પછી કોઇ શિષ્ય પરંપરા નથી ચાલી.

વેદ વિદ્યાના પારંગામી વિદ્વદ્‌શિરોમણી સુધર્મા પંડિતનું પુરુ નામ હતું - શ્રી સુધર્મા ધમ્મિલ અગ્નિવેશ્યાયન. તેઓશ્રી અધ્યાપક તરીકે વ્યવસાયમાં જોડાયેલા હતા એમના જ્ઞાનથી આકર્ષાઈને ૫૦૦ બ્રાહ્મણો એમના શિષ્ય બન્યા હતાં.

આટલી મોટી વિદ્વત્તામાં પણ એક મનની વાત એ કોઈને પણ જણાવતા નહોતાં, શાસ્ત્રાર્થ અને વાદ-વિવાદમાં નિષ્ણાત અને વાદિ વિજેતા આ પંડિતના મનમાં એવું ઠસી ગયું હતું કે આ જન્મ જેવો જ આવતો જન્મ થાય છે. મૃત્યુ પછી જન્મ ભલે બદલાય. પરંતુ ગતિ નથી બદલાતી, એનું કારણ એમ કે શાલીમાંથી શાલિ જ ઉત્પન્ન થાય છે. એવી જ રીતે માણસ મરીને માણસ જ થાય, ઘોડો મરીને ઘોડોજ થાય, દેવ મરીને દેવ અને નારકી મરીને પાછો નારકી થાય છે. એમ તેઓ જન્માન્તર સાદૃશ્ય માનતા હતા.

યોગાનુયોગ સોમિલ બ્રાહ્મણના આમંત્રણને માન આપીને તેઓ અપાપાપુરીમાં યજ્ઞમાં પોતાના ૫૦૦ શિષ્યો સાથે પધાર્યા હતા. અને જયારે પોતાની આગળ ચાર મોટા ધુરંધર વિદ્વાનોને ભગવાન પાસે સમવસરણમાં ગયેલા જાણ્યા ત્યારે તેઓ પણ તૈયાર થયા. સમવસરણમાં ત્રિકાળ જ્ઞાની સર્વજ્ઞ શ્રી મહાવીરપ્રભુ પાસે પોતાની શંકા વ્યકત કરી. કર્મની વિચિત્રતાનો વિપાક સમજ્યા, અને જીવનું જન્માન્તર તેમજ ગત્યન્તર સમજીને ૫૦ વર્ષની ઉમરે ત્યાં ને ત્યાંજ સર્વ સમર્પિતભાવથી ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લઈને સાચા સાધુ બન્યા. બસ, હવે તો પ્રભુના ચરણોમાંજ જીવન જીવવું છે, એમની વાણીનું જ પાન કરવું છે. તેમનું કુલ આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું નિરૂપક્રમ આયુષ્યવાળા તેઓશ્રીએ ૫૦ વર્ષ ઘર સંસારમાં વીતાવ્યા અને ૫૦ વર્ષ ચારિત્ર પાળ્યું.

વીરપ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી, ૧૪ પૂર્વના જ્ઞાતા થયા. તેઓશ્રી ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ નામનું સર્વશ્રેષ્ઠ શારીરિક સંઘયણ અને સર્વોત્તમ સમચતુરસ્ર સંસ્થાનવાળું શરીર પામ્યા હતા. પુણ્ય પ્રતાપી મહાપુરુષે ૫૦ વર્ષના ચારિત્ર પર્યાયમાં ૮ વર્ષનો કેવળીપર્યાય ભોગવ્યો જો કે અગીયારે ગણધરોમાં સહુથી મોટામાં મોટી ૧૦૦ વર્ષની ઉંમર તેમની જ હતી. પરન્તુ સહુથી ઓછામાં ઓછો કેવળીપર્યાય ફકત ૮ વર્ષ પણ સુધર્માસ્વામીનો જ હતો. ૪૨ વર્ષના દીર્ઘકાળ સુધી તેઓ છદ્મસ્થ રહ્યા અને ભગવાન મહાવીરના નિર્વાણ પછી ઉમરના ૯૨માં વર્ષે કેવળજ્ઞાન-કેવળ દર્શન પામ્યા હતા. અને આઠ વર્ષ સુધી કેવળજ્ઞાની રહીને ૧૦૦ વર્ષની અંતિમ ઉમરે તેઓશ્રી રાજગૃહી પધાર્યા, ઉમરમાં સહુથી મોટા હોવાના કારણે બીજા બધાજ ગણધરો પોતાનો શિષ્યપરિવાર એમને સોંપતા ગયા.બીજા કોઈ ગણધરોની લાંબી શિષ્ય પરંપરા નથી ચાલી. પણ પાંચમા ગણધરશ્રી સુધર્મા સ્વામીની શિષ્ય પરંપરા ઘણી લાંબી ચાલી. તેમના શિષ્ય જંબુસ્વામી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. જંબુસ્વામીના શિષ્ય

(અનુસંધાપ પાના નં. ૩૧ ઉપર)

છઠ્ઠા ગણધર

શ્રી મંડિતસ્વામિ

જીવન ચરિત્ર પરિચય

વર્તમાન અવસર્પિણીના ચોથા આરામાં ભગવાન મહાવીર કરતા પણ પહેલા જન્મેલા અને ઉંમરમાં પણ ભગવાન મહાવીર કરતા મોટા અને ભગવાન મહાવીરની હયાતીમાં જ મોક્ષે જનારા છઠ્ઠા ગણધર શ્રી મંડિતસ્વામી હતા. મોરીયસન્નિવેશ ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્વાન વાશિષ્ઠ ગોત્રના વિપ્રવર્ય શ્રી ધનદેવના ઘરે મઘા નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. તેમની માતા વિજયાદેવી હતા, જો કે આ વિજયાદેવીના બીજા લગ્ન થયા હતા. પહેલા લગ્ન વિજયાદેવીના મોરીયસન્નિવેશ ગામના જ કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણ મૌર્યની સાથે થયા હતા. અને મૌર્યથી તેમને એક સંતાનની પ્રાપ્તિ પણ થઈ હતી જેનું બીજાું કોઈ વિશેષ નામકરણ નહોતું કરવામાં આવ્યું. એટલે માત્ર મૌર્યપુત્ર નામથીજ ઓળખાતા હતા. નાની ઉમરમાં વિધવા થયેલી નાના સંતાન વાળી વિજયા બ્રાહ્મણીના બીજા લગ્ન તે જ ગામના વાશિષ્ઠ ગોત્રના બ્રાહ્મણ ધનદેવની સાથે થયા હતા. શ્રી કલ્પસૂત્રના આઠમા વ્યાખ્યાનમાં એનો ખુલાસો એમ આપે છે કે- 'તે દેશમાં એક પતિ મરી ગયા પછી બાલ વિધવાના માટે બીજા લગ્ન કરી બીજો પતિ બનાવવાનો તે વખતે નિષેધ નહોતો. એમ વૃદ્ધ આચાર્યોનો મત છે. એટલે મંડિત અને મૌર્યપુત્ર બન્ને એક માતાના પુત્ર હતા, બંનેની માતા એક હતી. પણ પિતા જુદા જુદા અને તેથી જ પિતાના

(અનુસંધાપ પાના નં. ૩૨ ઉપર)

(અનુસંધાન પાના નં ૩૦ થી શરૂ)

પ્રભવસ્વામી, તેમના શિષ્ય શય્યંભવસ્વામી ..... આદિ શિષ્યના શિષ્ય પ્રશિષ્યાદિની પરંપરા ચાલી અને વર્તમાન અવસર્પિણીના ૨૧૦૦૦ વર્ષના પાંચમા આરાના અન્તિમ છેડે થનારા શ્રી દુપ્પસહસૂરી સુધી ચાલશે. ત્યાં સુધી તેમના આગમ અંગસૂત્રાદિ રહેશે. અત્યારે પ્રચલિત દ્વાદશાંગી તેમની જ છે. અને સર્વ સાધુ- સાધ્વી તેમની જ શિષ્ય પરંપરામાં છે.

૧૦૦ વર્ષની ઉમરે રાજગૃહીમાં તેમણે છેલ્લે ૧ માસની સંલેષણા સાથે પાદપોપગમન કરી દેહ છોડી, સદાના માટે જન્મ-મરણનો ફેરો ટાળી, ભગવાન મહાવીર પછી અજરામર સ્થાન નિર્વાણ-મોક્ષપદ પામ્યા.

નામે ચાલતા ગોત્રના કારણે બન્નેના ગોત્રો પણ જુદા-જુદા હતા. મંડિતનું ગોત્ર વાશિષ્ઠ અને મૌર્યપુત્રનું ગોત્ર કાશ્યપ હતું.

છઠ્ઠા ગણધરનું પુરું નામ- શ્રી મંડિત ધનદેવ વાશિષ્ઠ હતું. તેઓ વેદ વિદ્યાના અઠંગ અભ્યાસી અધ્યાપક હતા. મઘા નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. છંદ, નિઘંટુ પુરાણ - ન્યાય- વ્યાકરણ આદિ શાસ્ત્રોમાં તેમની વિદ્વતા પ્રશંસનીય હતી. અધ્યાપક તરીકે પ્રસિદ્ધિ પામેલા તેમના લગભગ ૩૫૦ શિષ્યો હતા. શિષ્યો પણ પ્રખર વિદ્વાન હતા.

સોમિલ બ્રાહ્મણે આરંભેલા મોટા યજ્ઞમાં પધારવાનું આમંત્રણ મળતા તેઓશ્રી પણ પોતાના ૩૫૦ શિષ્યો સાથે અપાપાપુરીમાં પધાર્યા હતા અને પોતાની પહેલા પાંચ વિદ્વાન પંડિતોને ભગવાન મહાવીર પાસે જઈ શંકાનું સમાધાન કરી જૈન સાધુ બન્યાનું જાણીને તેઓ પણ પોતાની શંકાને છેદવાના ભાવથી પ્રભુ પાસે સમવસરણે પહોંચ્યા.

વ્યાપક -વિગુણ એવા આત્માને કર્મનો બંધ-મોક્ષ છે જ નહી. આત્મા જેવા અનન્તશકિતશાળીને વળી બંધ-મોક્ષ હોઈ શકે જ નહી ? આ તેમની માન્યતા વેદવાકયો ઉપરથી દઢ થઈ ગઈ હતી. અને ભગવાન મહાવીર પાસેથી અનેક પ્રમાણો સાથે યુકિતપૂર્વકના સમાધાન કારક ઉત્તર મળતા શંકા ટળી ગઈ. અને ૫૩ વર્ષની ઉમરે પોતાના ૩૫૦ શિષ્યો સાથે જૈનત્વ સ્વીકારી મહાવીર પાસે દીક્ષા લીધી. સાચા અણગાર સાધુ બન્યા ભગવાન મહાવીરના શાસનમાં છઠ્ઠા ગણધર થવાનું માન પામ્યા.

ચારિત્ર લીધા પછી દ્વાદશાંગીની રચના કરી, ૧૪ પૂર્વના જ્ઞાતા બન્યા અને ૧૪ વર્ષ સુધી છદ્મસ્થ પર્યાયમાં રહીને ઉમરના ૬૭ માં વર્ષે ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા.સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. ૧૬ વર્ષ સુધી કેવળી તરીકે અનેક ભવ્યાત્માઓને તારી પોતાનું કુલ ૩૦ વર્ષનું ચારિત્ર પાળ્યું. ચોથા આરામાં જન્મેલા મંડિતસ્વામી ખરેખર મહાપુણ્યાઈ યોગે સર્વશ્રેષ્ઠ વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનવાળું શરીર પામ્યા હતા. શિષ્યોની પરંપરા તેમની ન ચાલી. પોતાની ૮૩ વર્ષની અંતિમ અવસ્થામાં રાજગૃહીમાં પધાર્યા. અને છેલ્લે ૧ મહિનાના નિર્જલ ઉપવાસ કરી પાદપોપગમન અનશન કરી અઘાતી ચારે કર્મો પણ ખપાવીને નિર્વાણ પામી પ્રભુ મહાવીર પહેલા મોક્ષે સિધાવ્યા. સંસારનો અંત કર્યો.

સાતમા ગણધર

શ્રી મૌર્ય પુત્રસ્વામી

જીવન ચરિત્ર પરિચય

મૌર્ય સન્નિવેશ ગામના કાશ્યપગોત્રીય બ્રાહ્મણ શ્રેષ્ઠ મૌર્યવિપ્રના ઘરે સાતમા ગણધરનો જન્મ થયો હતો. તેમને જન્મ આપનારી રત્નકુક્ષી, માતા વિજયાદેવી ઉત્તમ એવા રોહીણી નક્ષત્રમાં જન્મ આપી ધન્ય-ધન્ય બની ગઇ હતી. વિજયાદેવી બે સંતાનોની માતા હતી તેમાં પ્રથમ મૌર્યપુત્ર હતા. અને બીજા મંડિત.

પિતાના નામ અને ગામના નામથી જ બનેલા પોતાના નામવાળા ''મૌર્યપુત્ર''નું પુરું નામ હતું- શ્રી મૌર્યપુત્ર મૌર્ય કાશ્યપ બ્રાહ્મણ. કુળને સુલભ એવી વેદ વિદ્યાના અધ્યયનમાં તેઓ વ્યસ્ત થયા. અનેક શાસ્ત્રોનો પાર પામ્યા. સિદ્ધહસ્ત વિદ્વાન થયા. અધ્યાપનના વ્યવસાયમાં જોડાઈને તેમને અનેક બ્રાહ્મણ પુત્રોને તૈયાર કરી સરસ્વતીપુત્ર બનાવ્યા એમ તેઓ ૩૫૦ શિષ્યોના અધ્યાપક ગુરું બન્યા.

દેશ-પરદેશમાં શાસ્ત્રાર્થ સભામાં હાજરી આપતા. અને પોતાની ઉપસ્થિત તથા કંઠસ્થ વિદ્યાથી તેઓ સભાજનોને મંત્ર મુગ્ધ કરતા. કર્મકાંડી બ્રાહ્મણ તરીકે પણ તેઓ યજ્ઞ-યાગાદિ અનુષ્ઠાનોમાં પણ જતા.

યોગાનુયોગ એક અપાપાપુરીમાં મંડાયેલા વિશાળ યજ્ઞમાં તેઓ સોમિલવિપ્રના આમંત્રણથી શિષ્યો સાથે ગયા. શંકાઓનું સમાધાન કરવાની સોનેરી તક સાંપડી છે. એમ સાંભળીને તેઓ પણ ભગવાન મહાવીર પાસે જવા ઉત્સુક થયા. અને પોતાના ૩૫૦ શિષ્યોના પરિવાર સાથે સમવસરણે આવ્યા.

વર્ષોથી યજ્ઞ-યાગાદિ કર્મકાણ્ડ કરાવતા, છતાં પણ મંત્રાદિનો જાપ નિત્ય કરતા તેમને કયારેય દેવ-દેવીઓને જોયા નહોતા. એટલે આ યજ્ઞ-યાગાદિ ફકત મનઃશાન્તિ માટેજ છે કે શું ? એટલે દેવ-દેવી કોંઇ છે જ નહીં ? હોય તો અહિં શા માટે ન આવે? વળી તેઓનું શરીર, રહેઠાણ વગેરે કંઇજ દ્રષ્ટિગોચર થતું નથી, એટલે આ શંકાના માટે તેઓ આજે પ્રભુ પાસે ખુલાસો કરવા આવ્યા હતા. ભગવાનને પ્રશ્ન પણ પુછ્યો, પરંતુ સમવસરણમાં ઉપસ્થિત સેંકડો દેવતાઓને દેખાડતા ભગવાને મૌર્યપુત્રનો સંશય છેદ્યો. અને પ્રત્યક્ષ દેખાયા પછી તો મન શા માટે કબુલ ન કરે. દેવતાઓને પ્રત્યક્ષ જોઇ મૌર્યપુત્રે

(અનુસંધાપ પાના નં. ૩૪ ઉપર)

આઠમા ગણધર

શ્રી અકંપિતસ્વામી

જીવન ચરિત્ર પરિચય

આર્યાવર્ત ભારતની મિથિલા નગરી ઘણાં વર્ષોથી વિદ્વાનોની ખાણ તરીકે પ્રસિદ્ધ છે. સેંકડો વર્ષોથી આ નગરીમાં સંસ્કૃતના તથા ન્યાય-દર્શન આદિ શાસ્ત્રોના ધુરંધર વિદ્વાનો તૈયાર થયા છે. અને આજે પણ અનેક પંડિતો આ ભૂમિમાંથી તૈયાર થાય છે. અઢી હજાર વર્ષો પૂર્વે ગૌતમગોત્રના બ્રાહ્મણ શ્રેષ્ઠ દેવશર્મા મિથિલામાં રહેતા હતા. જયંતિની સાથેના લગ્ન પછી સંસારસુખ ભોગવતા તેમને એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો હતો. તેનું નામ અકંપિત રાખવામાં આવ્યું હતું. ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મેલા આ કુમારનું પુરું નામ - અંકપિત દેવશર્મા ગૌતમ હતું. વેદાભ્યાસ ને સહજ સુલભ એવા બ્રાહ્મણ કુળમાં અકંપિત

(અનુસંધાપ પાના નં. ૩૫ ઉપર)

(અનુસંધાન પાના નં ૩૩ થી શરૂ)

મહાવીર ઉપર શ્રદ્ધાને દઢ કરી. સમ્યકૂત્વ પામ્યા. અને ૬૫ વર્ષની વૃદ્ધ વયે પણ પોતાના ૩૫૦ શિષ્યો સાથે જીવન વીરપ્રભુના ચરણે સમર્પિત કરીને સાચા સાધુ બન્યા. ત્રિપદી પામ્યા. સ્યાદ્વાદની દૃષ્ટિથી સત્ય સમજાઇ ગયું. શ્રી વીરપ્રભુના સાતમા ગણધર થવાનું માન મળ્યું અને દ્વાદશાંગીની ૧૪ પૂર્વોની રચના કરી. ૩૫૦ શિષ્યોનો ગણ સંભાળનારા તેઓ ગણી હતા.

ચોથા આરામાં જન્મેલા અને ભગવાન મહાવીર કરતા પણ ઘણી મોટી ઉંમરવાળા શ્રી મૌર્યપુત્ર વજ્રઋષભનારાચ ધયણ તથા સમચતુરસ્ર નામનું સંસ્થાન ધરાવતા હતા. એમને પણ ૩૦ વર્ષનો ચારિત્ર પર્યાય પાળ્યો. અને તેમાં ૧૪ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા. ત્યાર પછી તેમને ઉમરના ૭૯ વર્ષની વૃદ્ધવયે કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થયું. સર્વજ્ઞ બની તેઓશ્રી ૧૬ વર્ષ સુધી આ પૃથ્વીને પાવન કરતા વિચરતા રહ્યા. અનેક ભવ્યાત્માઓને તાર્યા.

૯૫ વર્ષની અંતિમ ઉંમરે તેઓશ્રી રાજગૃહી પધાર્યા. અને છલ્લે ૧ મહિનાના નિર્જલ ઉપવાસની સંલેષણા પૂર્વક પાદપોપગમન અનશન કરી ભગવાન મહાવીરની હયાતીમાંજ નિર્વાણપદ - મોક્ષ - પામી સદાના માટે સ્થિર બન્યા. નિરંજન - નિરાકાર બન્યા.

વેદ-વેદાન્ત -ન્યાય - દર્શન - તથા સ્વપર શાસ્ત્રોનો અભ્યાસ કરીને પાંડિત્ય સંપાદન કર્યું અને પ્રખર વિદ્વાન થયા. વાદકલામાં પણ નિપુણ સિદ્ધ થયા. અનેકોને અધ્યાપન કરાવતા અધ્યાપક તરીકેના વ્યવસાયમાં તેમને ૩૦૦ શિષ્યો થયા હતા. કર્મકાંડી અને ચતુર્વેદી તરીકે તેમની પ્રસિદ્ધિ હતી.

કરેલા પાપની સજા પ્રમાણે જીવ નરકમાં જાય છે. અને નારકીમાં જઈને દુઃખો ભોગવે છે. વગેરે વાતોમાં તેમને શ્રદ્ધા નહોતી. એટલે નારકી અને નરક છે કે નહીં ? આ વાતની આ મહાન વિદ્વાનના મનમાં શંકા હતી. કારણ આ નરકગતિ અહીંયા પ્રત્યક્ષ નજરે તો દેખાતી નથી. એટલે શંકાને સ્થાન હતું.

અપાપાપુરીમાં સોમિલવિપ્રે યોજેલા યજ્ઞમાં અકંપિત પંડિત પોતાના શિષ્યપરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને સમવસરણમાં ગયેલા પોતાની આગળના વિદ્વાનોની પાછળ પોતે પણ ગયા અને સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ પાસે પોતાની શંકાના સમાધાન કારક ઉત્તર મેળવ્યા. વેદપદોના સાચા અર્થ સમજાવ્યા અને તરત જીવન સમર્પિત કરીને જૈનત્વની દીક્ષા અંગીકાર કરી. ૩૦૦ શિષ્યો સાથે સાધુ બન્યા. ૪૮ વર્ષનો ગૃહસ્થાશ્રમ પૂરો કરી સાચા અણગાર બન્યા. વીરપ્રભુ પાસેથી ત્રિપદી પામી. દ્વાદશાંગની રચના કરી. ચૌદપૂર્વી બન્યા.

ચારિત્ર પર્યાયમાં ૩૦ વર્ષ રહ્યા અને તેમાં પણ ૯ વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહીને ઉમરના ૫૭ માં વર્ષે ચાર ઘનઘાતી કર્મોનો ક્ષયકરી ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પામ્યા. સર્વજ્ઞ સર્વદર્શી બન્યા. અને ૨૧ વર્ષ સુધી કેવળજ્ઞાની તરીકે આ પૃથ્વીતલ ઉપર વિચરી અનેક ભવ્યાત્માઓને તાર્યા. વીરપ્રભુના અગીયારે ગણધરોમાં સહુથી વધુ કેવળીપર્યાય ૨૧ વર્ષનો અકંપિત સ્વામીનો છે. આટલા વર્ષ સુધી બીજા કોઈ ગણધર કેવળી તરીકે રહ્યા નથી.

પોતાની ૭૮ વર્ષની અંતિમ ઉંમરે તેઓ ૩૦૦ શિષ્યો સાથે રાજગૃહી પધાર્યા અને અંતિમ ૧ માસની નિર્જલ ઉપવાસની સંલેષણા પૂર્વક તેઓશ્રી પાદપોપગમન અનશન કરી ભગવાન મહાવીરની હયાતીમાં નિર્વાણપદ પામ્યા, મોક્ષે સિધાવ્યા. સદાને માટે શાશ્વતધામમાં બિરાજમાન થયા.

નવમા ગણધર

શ્રી અચલભ્રાતા

જીવન ચરિત્ર પરિચય

બંગદેશની કોસલાનગરીના જાણીતા પ્રસિદ્ધ વિપ્રશ્રેષ્ઠ હારીતગોત્રના વસુદેવ બ્રાહ્મણના પુત્ર અચલભ્રાતા હતા. તેમની માતા નંદા દેવીએ અચલભ્રાતાને મૃગશિર નક્ષત્રમાં જન્મ આપ્યો હતો. પિતાએ સારી રીતે અભ્યાસ કરાવ્યો. પોતાના વંશવારસામાં ચાલતા વેદ-વેદાન્તનો અભ્યાસ કરાવીને પિતાએ પુત્રને અધ્યાપક બનાવ્યો.

મંડાયેલા ગૃહસ્થાશ્રમમાં અધ્યાપકનો વ્યવસાય કરતા અચલભ્રાતાને ૩૦૦ શિષ્યો થયા હતા. કર્મકાંડી તરીકેનું પણ કાર્ય કરતા આ વિદ્વાન પંડિત સ્વ-પર શાસ્ત્રના પારંગત થયા હતા. અનેક દેશોમાં શાસ્ત્રાર્થ સભાઓમાં આમંત્રણથી તેઓ જતા હતાં.

અપાપાપુરીમાં સોમિલિવિપ્રે આરંભેલ યજ્ઞ-યાગમાં આ પંડિતપ્રવર પણ ૩૦૦ શિષ્યો સાથે હાજરી આપવા ગયા હતા. તીર્થંકર મહાવીરની સર્વજ્ઞ તરીકેની કીર્તિ સાંભળીને તેઓશ્રી પણ પોતાના મનની શંકા ટાળવા માટે ખાસ સમવસરણે ગયા. કરૂણાસાગર મહાજ્ઞાની સર્વજ્ઞભગવાન મહાવીરસ્વામીએ તેમની પુણ્ય-પાપ વિષેની શંકાનું સમાધાન કરાવ્યું. પુણ્ય અને પાપ અદૃષ્ટ હોવા છતાં પણ રોજના વ્યવહારમાં જેની પ્રતીતિ થાય છે. એ પુણ્ય-પાપની ઓળખ અચલભ્રાતાને થઈ ગઈ અને તેઓ સંતુષ્ટ થઈ ને તથા મહાવીરપ્રભુના જ્ઞાનથી પ્રભાવિત થઈ ને તેમના શિષ્ય થવા તૈયાર થઈ ગયા. અને ૪૬ વર્ષનો ગૃહસ્થાશ્રમ પૂરો કરીને આ ઉમરે તેમણે તે જ સમવસરણમાં ૩૦૦ શિષ્યો સાથે આર્હતી દીક્ષા અંગીકાર કરી જીવન પ્રભુના ચરણે સમર્પિત કરી દીધુ. સાચા ત્યાગી સાધુ બની ગયા. ભગવાનની પર્ષદામાં નવમાં ગણધર થવાનું માન તેઓને મળ્યું. અચલભ્રાતા મહાત્માએ લગભગ ૨૬ વર્ષ સુધી ચારિત્ર પર્યાય પાળ્યું. અને તેમાં પણ ૧૨ વર્ષ સુધી છદ્મસ્થાવસ્થામાં રહી ઉમરના ૫૮ માં વર્ષે ક્ષપકશ્રેણી માંડી ચારે ઘનઘાતી કર્મો ખપાવી સાચા વીતરાગ અને સર્વજ્ઞ સર્વદર્શી - કેવળજ્ઞાની - કેવળદર્શની બન્યા.

૧૪ વર્ષ સુધી કેવળી તરીકે વિચરીને તેઓશ્રીએ અનેક ભવ્યાત્માઓ ઉપર મહાન ઉપકાર કર્યો. ત્રિપદીપામી દ્વાદશાંગીની રચના કરી ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ર નામના પ્રથમ સંસ્થાન શરીરવાળા તેઓશ્રી પોતાની ૭૨ વર્ષની અંતિમ ઉંમરે રાજગૃહી પધાર્યા. તેમની શિષ્યપરંપરા ન ચાલી. રાજગૃહીમાં ૧ માસના નિર્જલ ઉપવાસ સાથે સંલેષણા કરીને પાદપોપગમન અનશન પૂર્વક, ભવોપગ્રાહી શેષ ચાર અઘાતીકર્મોનો ક્ષય કરી ભગવાન મહાવીર પહેલા તેમની હયાતીમાંજ નિર્વાણ પામ્યા. મોક્ષે પહોંચ્યા સદાના માટે નિરંજન નિરાકાર બન્યા. ■

દસમા ગણધર

શ્રી મેતાર્યસ્વામી

જીવન ચરિત્ર પરિચય

વત્સભૂમિ તુંગિયસન્નિવેશ નગરીના કૌંડિન્યગોત્રના પ્રસિદ્ધ વિદ્વાન બ્રાહ્મણ શ્રી દત્તવિપ્રના ઘરે દસમા ગણધરનો જન્મ થયો હતો. વરૂણાદેવી માતાએ અશ્વિનિ નક્ષત્રના શુભયોગમાં આ તેજસ્વી બાળકને જન્મ આપ્યો હતો. માતા - પિતાએ મેતાર્ય (મેતારજ) એવું તેમનું નામકરણ કર્યું હતું. પુરું નામ મેતાર્ય દત્તવિપ્ર કૌંડિન્ય હતું. બ્રાહ્મણકુળ પ્રમાણે તેઓ અધ્યયન અધ્યાપનમાં લાગ્યા અને વિદ્યા એજ બ્રાહ્મણકુળનું ધન છે એમ સમજીને ખૂબ અભ્યાસ કર્યો. નિઘંટુ, છંદ, પુરાણ, ન્યાય-દર્શન તર્કશાસ્ત્ર તથા વેદ વેદાન્ત આદિનો અભ્યાસ કરીને તેઓ એક ઠોષ વિદ્વાન અધ્યાપક બન્યા. અધ્યાપકના વ્યવસાયમાં તેમનાં ૩૦૦ શિષ્યો હતા શાસ્ત્રાર્થ - ચર્ચામાં તેઓ ભાગ લેતા હતા.

સોમિલવિપ્રના આમંત્રણથી તેઓ પણ યજ્ઞમાં ભાગ લેવા ખાસ અપાપાપુરી પોતાના ૩૦૦ શિષ્યો સાથે પધાર્યા હતા અને ઘણાં વિદ્વાનોના સંશય મહાવીરપ્રભુ પાસે છેદાયા છે. એમ જાણીને તેઓ પણ પોતાના શિષ્ય પરિવાર સાથે સમવસરણે ગયા. વિજ્ઞાન ઘન ઈત્યાદિ વેદપદનો અર્થ ખોટો કરતા પરલોક જેવું કંઈ છે જ નહીં એવી માન્યતા મનમાં ઘર કરી ગઈ હતી. પરલોકની સત્તા - અને અસ્તિત્વ તેઓ માનવા તૈયાર નહોતા. તો પછી આત્માનું પરલોકમાં ગમન-આગમન માનવાની વાત જ કયાં રહી ? અને પરલોકમાં ગમનાગમન ન માનવામાં આવે તો પૂર્વજન્મ અને પુનર્જન્મનો પણ પ્રશ્ન મોટો ઉપસ્થિત થાય. સર્વજ્ઞ મહાવીરસ્વામી સાથે સમવસરણમાં આ વિષય ઉપર ઘણી ચર્ચા થઈ. પ્રભુએ વેદપદોનું રહસ્ય સમજાવ્યું મેતાર્ય ને વાસ્તવિકતા સમજાઈ ગયા પછી તેઓ પકકડ રાખનારા વક્ર નહોતા, સરલ અને નમ્ર સ્વભાવી મેતાર્યે તુરંત પોતાની શંકાનું સમાધાન થતાં શ્રી મહાવીરના ચરણે જીવન સમર્પિત કરી દીધુ અને ૩૬ વર્ષની યુવાન વયે તેઓએ ગૃહસ્થાશ્રમ છોડીને સાધુત્વ સ્વીકાર કર્યુ . ૩૦૦ શિષ્યો સાથે તેઓ સાચા સાધુ અણગાર બન્યા અને દશમાં ગણધરપદે બિરાજમાન થયા.

૨૬ વર્ષના ચારિત્ર પર્યાયમાં તેઓશ્રી ૧૦ વર્ષ સુધી છદ્મવસ્થામાં રહ્યા. ત્રિપદીપામી દ્વાદશાંગીની રચના કરી. ચૌદ પૂર્વી થયા અને ઉંમરના ૪૬માં વર્ષે તેઓશ્રી મોહનીયાદિ ચારઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન - કેવળદર્શન પામ્યા, સર્વજ્ઞ સર્વદર્શી બન્યા. અને ૧૬ વર્ષ તેઓ કેવળી તરીકે વિચર્યા ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્રસંસ્થાન યુકત શરીર ધરાવતા તેઓશ્રી ઉમરના ૬૨માં વર્ષે શિષ્યો સાથે રાજગૃહી પધાર્યા. તેમની શિષ્યસંતતિની પરંપરા ન ચાલી. અન્તે ૧ માસના નિર્જલ ઉપવાસપૂર્વક સંલેષણા કરીને પાદપોગમન અનશન કરી ભગવાન મહાવીરની પહેલાં તેમની હયાતીમાંજ નિર્વાણપદ પામ્યા. મોક્ષે સિધાવ્યા, સંસારથી મુકત થયા. ■

અગિયારમા ગણધર

શ્રી પ્રભાસસ્વામી

જીવન ચરિત્ર પરિચય

ભગવાન મહાવીરના ૧૧ ગણધરોમાં અંતિમ છેલ્લા ગણધર થવાનું માન જેને મળ્યું છે એવા મહાત્મા મહાપુરુષ શ્રી પ્રભાસસ્વામી રાજગૃહી નગરીના રહેવાસી બ્રાહ્મણ હતા રાજગૃહીના કૌડિન્યગોત્રના દ્વિજશ્રેષ્ઠ બલભદ્ર તેમના પિતા હતા અને અતિભદ્રા બ્રાહ્મણી તેમની માતા હતી. પુષ્ય નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. પુરું નામ પ્રભાસ બલભદ્ર કૌડિન્ય હતું. ચોથા આરામાં જન્મેલા આ મહાપુરુષ કંચનવર્ણી કાયા વાળા હતા અને વજ્રઋષભનારાચ સંઘયણવાળા તથા સમચતુરસ્ર સંસ્થાનવાળુ ઉત્તમ શરીર ધરાવતા તેઓશ્રી તદ્‌ભવમોક્ષગામી આત્મા હતા. શ્રુતિ-સ્મૃતિ-પુરાણ વેદ-વેદાંતનો અભ્યાસ કરીને ૧૬ વર્ષની નાની ઉમરે વિદ્વાન પંડિત બન્યા હતા અને નાની ઉંમરથી જ ચતુર બુદ્ધિશાલી પંડિત પ્રભાસ અધ્યાપકનો વ્યવસાય કરતા હતા અને તેમને ૩૦૦ શિષ્યોનો પરિવાર તો માત્ર સોળ વર્ષની ઉમરે હતો આટલી નાની ઉંમરે તેઓ શાસ્ત્રાર્થ સભાઓમાં ચર્ચા કરવા જતા હતા.

સોમિલવિપ્રે આ પંડિતને પણ આમંત્રણ આપીને પોતાના યજ્ઞમાં તેડાવ્યા હતા. આવા વિદ્વાન પંડિત અને તેમાં પણ તદ્‌ભવમોક્ષગામી એટલે તે જ ભવે મોક્ષમાં જનારા હતા. છતાં પણ આશ્ચર્ય તો એ હતું કે મોક્ષમાં જ તેઓ માનતા ન હતા મોક્ષ છે કે નહીં? મોક્ષ હોય ખરો ? મોક્ષ કયાં હોય છે ? મોક્ષમાં શું હોય છે ? દેહ રહિત જન્મ મરણ-રહિત આત્માની મુકતાવસ્થા માનવા તેઓ તૈયાર નહોતા.

પરંતુ અપાપાનગરીમાં મહસેન ઉદ્યાનમાં પધારેલા સર્વજ્ઞ મહાવીરની વાત સાંભળીને તેઓ પણ યજ્ઞમંડપથી પોતાના ૩૦૦ શિષ્યોના પરિવાર સાથે સમવસરણમાં ગયા. વિદ્વાનોને ઈશારો જ પર્યાપ્ત હોય છે અને પ્રભુએ વેદવાકયના અર્થનું રહસ્ય સમજાવ્યું. વિચક્ષણ વિદ્વાને બીજ બુદ્ધિથી તરત મોક્ષનો વિષય સમજી લીધો, ભ્રમણા દૂર થઈ, સાચુ સમ્યક્ તત્ત્વ સમજાયું અને સરલ સ્વભાવી કૃતનિશ્ચયી પ્રભાસે ૧૬ વર્ષની યુવાન વયે તેજ ઘડીએ સંસાર છોડી દીધો અને વૈશાખ સુદ ૧૧ ના દિવસે ૩૦૦ શિષ્યો સાથે દીક્ષિત થઈ સાધુ બન્યા. અને વીરપ્રભુના ૧૧માં ગણધર થવાનું માન મેળવ્યું. વીરપ્રભુના અગીયારે ગણધરોમાં પ્રભાસ સહુથી નાની ઉમરના યુવાન ગણધર હતા. અને

ચારિત્ર પામ્યા પછી સહુથી ઓછામાં ઓછી ફકત ૮ વર્ષની છદ્મસ્થાવસ્થામાં પ્રભાસ જ રહ્યા છે.

વીરપ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. ચૌદપૂર્વી થયા, ૮ વર્ષની છદ્મસ્થાવસ્થા પૂરી કરીને તેઓશ્રી ઉમરના ૨૪માં વર્ષે તો ચાર ઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન-કેવલદર્શન પામ્યા. સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. ભગવાન મહાવીરના ગણધરોમાં નાનામાં નાની ઉંમરના કેવળજ્ઞાની પ્રભાસસ્વામી એકલાજ હતા તેમને ૧૬ વર્ષ સુધી કેવળ-સર્વજ્ઞ તરીકે વિહાર કરી ધરતી ઉપરના અનેક ભવ્યાત્માઓને તાર્યા. શ્રી પ્રભાસસ્વામીનું આયુષ્ય અલ્પ હતું. તેઓ ૪૦ વર્ષની નાની ઉમરે પોતાની જન્મભૂમિ રાજગૃહીમાં પધાર્યા અને અંતે ૧ મહિનાના નિર્જલ ઉપવાસ સાથે સંષલેણા કરીને પાદપોપગમન કરી નિર્વાણ પામ્યા, મોક્ષે સિધાવ્યા. સિદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર થયા. ૧૧ ગણધરોમાં બહુજ નાની ઉમરે તેઓ મોક્ષે ગયા. તેમની શિષ્ય સંતતિની પરંપરા ન ચાલી.



શ્રી વીરપ્રભુના ગણ અને ગણધરો

ચોવીશ તીર્થંકરોમાં ૨૩ તીર્થંકરોને ગણ અને ગણધર સમાન સંખ્યાવાળા જ હતા. પરન્તુ શ્રી વીરપ્રભુને ગણ ૯ હતા અને ગણધર ૧૧ હતા. ગણ એટલે સાધુઓનો સમૂહ. જે ગણધર જેટલા સાધુઓના સમૂહને વાચના આપતા તે એક ગણ કહેવાતો. એમાં પ્રથમ ગણધર ગૌતમસ્વામી ૫૦૦ શિષ્યોના એક ગણને વાચના આપતા બીજા ગણધર પણ ૫૦૦ શિષ્યોને વાચના આપતા. ત્રીજા પણ ૫૦૦ શિષ્યોને, ચોથા પણ ૫૦૦ શિષ્યોને, પાંચમા પણ ૫૦૦ શિષ્યોને વાચના આપતા હતા. છઠ્ઠા-૩૫૦ શિષ્યોને, સાતમાં ૩૫૦ શિષ્યોને આઠમા અને નવમાં ગણધર અકંપિત અને અચલભ્રાતા બન્નેની એક જ વાચના થઈ. અને એજ પ્રમાણે દસમા મેતાર્ય અને અગ્યારમા પ્રભાસની પણ એક જ વાચના થઈ. એક વાચનાવાળા સાધુઓનો સમૂહ (સમુદાય) તે ગણ કહેવાય, તેથી પહેલા ૭ ગણધરોના ૭ ગણ સ્વતંત્ર હતા, જયારે આઠમા અને નવમાંનો એક ગણ અને દસમા-અગ્યારમાનો એક ગણ એમ ૭ અને ૨ કુલ ૯ ગણ થયા. પરન્તુ ગણધરો

તો ૧૧ જ કહેવાય.

અગ્યારે ગણધરો દ્વાદશાંગરૂપ ગણિપિઠકને ધારણ કરનારા ભાવાચાર્ય હતાં. તથા ૧૪ પૂર્વોના ધારક હતા, ૯ ગણધરો ભગવાન મહાવીરની હયાતીમાં જ મોક્ષે ગયા અને ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના નિર્વાણની રાત્રિના અંતિમ પ્રહરે કેવળી થયા. અને ૧૨ વર્ષ કેવળી તરીકે રહી ૯૨ વર્ષનું આયુષ્યપૂર્ણ કરી ભગવાન મહાવીર પછી બાર વર્ષે મોક્ષે ગયા. અને ત્યારે સુધર્માસ્વામીને કેવળજ્ઞાન થયું. તેઓ ૯૨ વર્ષે કેવળી થયા. અને ૮ વર્ષ સુધી કેવળી રહી ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી અર્થાત્ ભગવાન મહાવીર પછી ૨૦માં વર્ષે મોક્ષે ગયા.

નવ ગણધરો પોતાનો શિષ્ય પરિવાર ગૌતમસ્વામીને સોંપતા ગયા. અને અંતે ગૌતમસ્વામી પણ પોતાથી મોટી ઉમરના સુધર્માસ્વામીને સર્વ શિષ્ય પરિવાર સોંપીને ગયા. કારણ સર્વ ગણધરોમાં ઉમરમાં મોટામાં મોટા ૧૦૦ વર્ષના સુધર્મા સ્વામી હતા. બીજા કોઈ ગણધરોથી શિષ્ય પરંપરા ન ચાલી. પરંતુ સુધર્મા સ્વામીની શિષ્ય પરંપરા ઘણી લાંબી ચાલી. તેમની પાટે જંબુસ્વામી પછી પ્રભવસ્વામી-પછી શય્યંભવસૂરી આદિ જે પરંપરા ચાલી છે તે આજ સુધી ચાલી રહી છે.

શ્રી ગણધરોનું ચરિત્ર શ્રી વિશેષાવશ્યકભાષ્ય મહાગ્રન્થના મૂળ-તથા ટીકાના શ્લોકોના આધારે તથા સૂત્રશિરોમણિ શ્રી કલ્પસૂત્ર અને જ્ઞાનવિમળ સૂરિકૃત દેવવંદનના આધારે લખવામાં આવ્યું છે. કોષ્ટક બનાવીને તથા તેના આધારે દરેકનું સ્વતંત્ર ચરિત્ર પણ જણાવ્યું છે.

ગણધરવાદ.....

વ્યાખ્યાન તથા ગ્રન્થ લેખનનો મુખ્ય વિષય છે ગણધર+વાદ ગણ+ધર+વાદ. સાધુઓના સમૂહને ધારણ કરનાર તે ગણધર. અને આવા મુખ્ય ૧૧ ગણધરોએ શ્રી મહાવીર પ્રભુ સાથે જે વાદ અર્થાત્ શાસ્ત્રાર્થ, ચર્ચા, પ્રશ્નોત્તરી કરી છે. તે છે ગણધરવાદ.

અર્થાત્ શંકા -સમાધાન. ગણધરોની શંકાઓ અને તીર્થંકર શ્રી મહાવીર સ્વામી તરફથી સમાધાન. આ બન્ને વચ્ચેની ચર્ચા તે ગણધરવાદ.

૧૧ ગણધરોની શંકાના વિષયો આ પ્રમાણે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬

जीवे कम्मे तज्जीव भूय तारिसय बंधमोक्खेय ।

૭ ૮ ૯ ૧૦ ૧૧

देवा णेरइए या पुण्णे परलोय णेव्वाणे ।।

	ગણધર	શંકાનો વિષય		
૧	શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ	જીવના વિષયમાં		શંકા
૨	શ્રી અગ્નિભૂતિ ગૌતમ	કર્મ	,,	,,
૩	શ્રી વાયુભૂતિ ગૌતમ	જીવને શરીર	,,	,,
૪	શ્રી વ્યકત	પંચમહાભૂત	,,	,,
૫	શ્રી સુધર્મ -	જન્માન્તર સાદૃશ્ય	,,	,,
૬	શ્રી મંડિત -	કર્મના બંધ-મોક્ષ	,,	,,
૭	શ્રી મૌર્યપુત્ર -	દેવના	,,	,,
૮	અકંપિત -	નરકના વિષયમાં શંકા		
૯	અચલભ્રાતા -	પુણ્ય-પાપ	,,	,,
૧૦	મેતાર્ય -	પરલોક	,,	,,
૧૧	પ્રભાસ -	મોક્ષ	,,	,,

આ ૧૧ ગણધરોને વેદના ભિન્ન-ભિન્ન પદોના અધ્યયનથી તથા પરસ્પર વિરૂદ્ધ વેદવાકયના અયથાર્થ અર્થથી શંકાઓ જાગી હતી. પરન્તુ કોઈએ પણ તે શંકાઓની અંદરોઅંદર-પરસ્પર વિચારોની આપ લે કરીને વિચારણા નથી કરી. એક-બીજાના માન ઘવાઈ ન જાય તે બીકે. તથા પોતાના જ્ઞાનના અહંભાવને કારણે બીજાને પોતાની શંકાની જાણ પણ થવા ન દીધી. અન્તે શ્રી તીર્થંકર મહાવીર પરમાત્મા સાથે જ અગ્યારેની ચર્ચા થઇ આ વિષયમાં ઘણો વિસ્તૃત વાદ ભગવાનની સાથે થયો. તે વાદનો વિષય તે ગણધરવાદ છે.

આત્માથી લઈને મોક્ષ સુધીના તત્ત્વજ્ઞાનના તમામ વિષયો આ ગણધરોની શંકાના વિષય તરીકે છે અને ગણધર વિદ્વાન પંડિતો તો ભાગ્યશાળી હતા કે તેમને તો એક એકને એક એક શંકા હતી. એક એક વિષયમાં શંકા હતી. પરન્તુ આપણે એવા અજ્ઞાની છીએ કે આપણને એક એકને ૧૧-૧૧ વિષયમાં શંકા છે. બધા જ વિષયમાં આપણને સર્વેને શંકા છે. શંકા તો શું પણ અજ્ઞાન જ છે. એટલે આ અજ્ઞાન અને શંકાઓના નિવારણાર્થ તથા નિરાકરણાર્થ ગણધરવાદના વિષયોની ચર્ચા જાણવી આવશ્યક છે. એટલે આ ગણધરવાદનો વિષય લીધો છે. પરમાત્મા શ્રી મહાવીર પ્રભુએ-આત્મા, કર્મ, જીવશરીરવાદ, પંચ મહાભૂત, જન્માંતર સાદશ્ય, કર્મ બંધ-મોક્ષ, દેવ (સ્વર્ગ) નરક પુણ્ય-પાપ, પરલોક-પુનર્જન્મ તથા મોક્ષાદિના સર્વ વિષયો ઉપર પ્રત્યક્ષ. અનુમાન, તર્ક, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તથા આગમાદિ પ્રમાણો દ્વારા આ સર્વ અદ્રષ્ટ વિષયોની યુકિત પુરસ્સર જે સમજણ આપી છે. જ્ઞાન કરાવ્યું છે તે આ અગાધ શ્રુતસાગરના તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરવુ અને સાચા સમ્યગ્ દ્રષ્ટિ બનવું એજ મુખ્ય હેતુ છે. આત્મકલ્યાણ સાધી પરમપદને પામવું એ જ મહત્વનું છે.

તીર્થસ્થાપના અને ગણધર પદારોપણ એક જ દિવસે ૪૪૪૪ની દીક્ષા.....

અઢી હજાર વર્ષ પહેલાનો ચોથા આરાનો એ પવિત્ર દિવસ વૈશાખ માસની અગ્યારસ (એકાદશી)ની તિથિનો હતો. અગિયારે મુખ્ય વિદ્વાન પંડિતો (ગણધરો) જે પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે સમવસરણે પધાર્યા હતા.

૧૧ ગણધરોનો કુલ શિષ્ય પરિવાર –

पंचण्हं पचसया अद्धुट्ठसया य होंति दोण्ह गणा ।
दोण्हं तु जुयलयाणं तिसओ तिसतो हवई गच्छो ।। २०१६ ।।

પહેલાના ૫૦૦ + બીજાના ૫૦૦ + ત્રીજાના ૫૦૦ + ચોથાના ૫૦૦ + પાંચમાના ૫૦૦ + છઠ્ઠાના ૩૫૦ + સાતમાના ૩૫૦ + આઠમાના + ૩૦૦ + નવમાના ૩૦૦ + દશમાના ૩૦૦ અગ્યારમાના + ૩૦૦ = એમ કુલ ૪૪૦૦ શિષ્યો અગ્યાર ગણધરોના હતા. અને + ૧૧ મુખ્ય ગણધરો એટલે કુલ ૪૪૧૧ આ સર્વે બ્રાહ્મણ વિદ્વાન પંડિતોએ શંકાનું સમાધાન થતાં સમવસરણમાં શ્રી મહાવીર સ્વામી પાસે આર્હતી દીક્ષા વૈશાખ સુદ ૧૧ના પવિત્ર દિવસે લીધી. અને ગણધર નામકર્મની પ્રકૃતિવાળા ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ ગણધર પદે બિરાજમાન થયા. આ સાથે ચંદનબાળા, મૃગાવતી આદિ અન્ય ગૃહસ્થોની પણ તે પવિત્ર દિવસે દીક્ષા થઇ અને ૪૪૪૪ની વિશાળ સંખ્યાની દીક્ષા બાદ પ્રભુએ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ધર્મતીર્થ પ્રવર્તાવ્યું પશુબલી-નરબલી આદિના યજ્ઞયાગો બંધ થયા. લોકોને સ્વર્ગના ચરમ ધ્યેય તરફથી મોક્ષના ચરમ લક્ષ્ય તરફ પ્રભુએ કેન્દ્રિત કર્યા. ચાતુવર્ણની વ્યવસ્થાને બદલે ચતુર્વિધ સંઘની વ્યવસ્થા થઇ. વ્યકિત કરતા ગુણ મહાન છે તે સ્પષ્ટ થયું. આ ચરમ તીર્થપતિનું વૈશાખ સુદ ૧૧ના દિવસે સ્થપાયેલ શાસન આજે વર્તમાનમાં ચાલે છે. અને પાંચમા આરાના ૨૧૦૦૦ વર્ષ સુધી અર્થાત્ અંતિમ દુપ્પસહ સુરી સુધી ચાલશે.

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી ગણધરના પૂર્વભવો ....

જીવ માત્ર નિગોદમાંથી નિકળીને સંસારના વ્યવહારમાં પરિભ્રમણ કરતો કરતો જ્યાં સુધી મોક્ષે નથી પહોંચતો ત્યાં સુધી આ સંસારમાં અનંત ભવપરંપરા કરી નાંખે છે. ૮૪ના

ચક્કર અને ચાર ગતિમાં પરિભ્રમણ કરતા જીવે અનન્ત જન્મ-મરણ ધારણ કર્યા. એમ દરેક જીવના અનન્ત ભવો થયા.

ભગવાન મહાવીરના જીવના પણ અનન્ત જન્મ-મરણ આ સંસારમાં થયા. પરન્તુ સમ્યક્ત્વ પામ્યા પછી મોક્ષે ગયા સુધીના ફકત ૨૭ ભવ થયા. એ જ પ્રમાણે ગૌતમ સ્વામીનો આત્મા પણ ચારે ગતિનાં ૮૪ના ચક્કરમાં પરિભ્રમણ કરતો કરતો અનન્ત જન્મ-મરણના ભવો કરતો કરતો આ સંસારની ભવપરંપરાનાં પ્રવાહમાં ભગવાન મહાવીરની સાથે પૂર્વભવોમાં જોડાયો.

વિદ્વાન પંડિત રતીલાલ દીપચંદ દેસાઈના મતે 'चउपन्नमहापुरीसचरिउं' ગ્રંથના આધારે કહેવાય છે મહાવીર અને ગૌતમના સ્નેહ સંબંધના તાંતણાં ઘણાં લાંબા છે. અને તેઓ મહાવીરના ત્રીજા ભવમાં-મરીચિના ભવમાં બન્ને ભેગા થયા હતા. મહાવીરનો જીવ મરીચિ હતો ત્યારે તેમના શિષ્ય તરીકે ગૌતમસ્વામીનો જીવ કપિલ તરીકે હતો. (तत्त्वं तु केवलिगम्यं)

ત્યારપછી બીજીવાર ફરી તેઓ શ્રી મહાવીરના ૧૮માં ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં ભેગા થયા. મહાવીરનો આત્મા ૧૮માં ભવે ત્રિપૃષ્ટ નામે વાસુદેવ થયા ત્યારે ગૌતમસ્વામીને જીવ તેમના સારથી તરીકે તેમની સાથે જોડાયા. અર્થાત્ ચરમ ભવના આ બન્ને ગુરુ-શિષ્ય ભૂતકાળની ભવપરંપરામાં ભેગા થયા હતા. એટલે ગાઢ સ્નેહના તાંતણા ઘણાં લાંબા છે.

ગૌતમ સ્વામીના ૫ પૂર્વજન્મો અને સ્કંદક પરિવ્રાજક સાથેના સંબંધો .....

'दिच्छसि णं गोयमा ! पुव्वसगतियं''

શ્રી ભગવતીસૂત્રના આ વાકયમાં પ્રભુ મહાવીર સ્વામીએ એક દિવસે ગૌતમને કહ્યું કે - ''હે ગૌતમ ! તું આજે તારા એક પૂર્વના ઓળખીતાને જોઈશ– મળીશ.'' અને તે પૂર્વના ઓળખીતા હતા–સ્કંદક પરિવ્રાજક જેમની સાથે ગૌતમસ્વામીની પાંચ-પાંચ ભવના સંબંધની પરંપરા હતી.

સ્કંદકના પાંચ ભવ	ગૌતમ સ્વામીના પાંચ પૂર્વભવ
૧ સુધર્માશ્રાવક	૧ મંગળ શેઠ
૨ સ્વર્ગમાં દેવ	૨ સમુદ્રમાં મત્સ્ય (માછલો)
૩ ધનમાલા કન્યા	૩ સૌધર્મ દેવલોકમાં જયોતિર્માલીદેવ
૪ દેવલોકમાં દેવ	૪ વેગવાન વિદ્યાધર
૫ સ્કંદક કાત્યાયન	૫ આઠમા સ્વર્ગે દેવ

(૧) મંગલ શેઠ અને સુધર્મા શ્રાવક , ઈન્દ્રભૂતિ ગૌતમ.....

જંબુદ્વિપના પૂર્વમહાવિદેહમાં બ્રહ્માવર્ત નગરમાં મંગલ શેઠ નામના એક શેઠ રહેતા હતા. પ્રમાણિક અને ન્યાયપ્રિય વ્યાપાર કરતા હતા. ધર્મિષ્ઠ વ્રતધારી શ્રાવક હતા. સુમંગલા તેમની પત્નીનું નામ હતું એમના પાડોશમાં એક સુધર્મા શ્રાવક રહેતા હતા. બન્નેને ગાઢ મિત્રાચારી હતી. પર્વતિથિની તેઓ સાથે ધર્મારાધના કરતા હતા.

એક દિવસ મંગલશેઠ માંદા પડયા. દવા ઉપચાર ઘણા કર્યા પરંતુ રોગ ન જાણવા મળ્યો અશાન્તિ અને શરીરમાં ગરમી વધતી ગઇ. પથારી વશ થઇ ગયા. અને ઉન્હાળાની સખત ગરમીમાં વૈદ્યે દવા આપી. પાણી પીવાની ના પાડી, શેઠને અસહ્ય તરસ લાગી. ગરમી સહન ન થઇ. પાણી પાણી કરવા લાગ્યા, વૈદ્યની સલાહ પ્રમાણે કુટુંબી ચાલ્યા પાણી ન આપ્યું. મંગલશેઠ ધીરજ ખોઇ બેઠા. પાડોશી સુધર્મા શ્રાવક આવ્યા. અને ધર્મારાધના કરાવવા લાગ્યા. તૃષા અસહ્ય હતી. વેદના સહન ન થઇ. તેમને તેમના કુટુંબ ઉપર ભારે તિરસ્કાર થયો. અરે! કોઇ પાણી પણ નથી આપતું. એના કરતા સરોવર અને સમુદ્રના માછલા કેટલા ભાગ્યશાલી છે ! તેમને તો સતત પાણી મળ્યા જ કરે છે. માંગવા જવું જ નથી પડતું. માછલા તો પાણીમાં યથેચ્છ રમ્યા જ કરે... આ રીતે મંગલશેઠનું મન આર્તધ્યાનમાં ગયું. ભવ પૂરો થયો. અને મરીને માછલા તરીકે જનમ્યા. વિપાશાંતરનદીમાં માછલા થયા. (આ મંગલશેઠ તે ગૌતમસ્વામીનો જીવ. અને સુધર્મા શ્રાવક તે સ્કંદકનો જીવ).

(૨) મત્સ્ય અને સુધર્માશ્રાવક....

માછલો પાણીમાં મજા કરે છે. નાના-નાના માછલાનું ભક્ષણ કરે છે. એક વખત નદીમાં ફરતા-ફરતા તે માછલાએ મુનિની કાયાના આકાર જેવા કોઇ માછલાને જોયો. સંસારમાં મત્સ્ય જાતિમાં સેંકડો જાતિના માછલા હોય છે. માછલો વિચારમાં પડી ગયો. એવામાં એને પૂર્વ ભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. બસ, બધું જ નજર સમક્ષ પ્રત્યક્ષ દેખાવા માંડયું. માછલાને પૂર્વનો ભવ જોઇને ભારે પશ્ચાતાપ થયો, અફસોસ થયો અને મનથી સંકલ્પ કરીને માછલા વગેરે ખાવાનું બંધ કર્યું.

પૂર્વ જન્મના પાડોશીમિત્ર સુધર્માશ્રાવક એક વાર વહાણમાં નદીની મુસાફરીએ

(૧૯માં સૈકામાં લખાયેલ હસ્તપ્રત જે ચાણસ્માના જ્ઞાનભંડારમાં ૧૬૩નંબરની પોથી છે. ૧૩ પાનાની આ પોથીમાં ઉપરોકત ભવોનું કથાનક લખાયું છે. પૂ. ગીતાર્થજ્ઞાની અભયસાગરજી મહારાજે ૧-૭-૧૯૭૧ના શ્રી ''મહાવીર શાસન'' માસિકના અંકમાં તથા 'સુધોષા' માસિકની તા. ફેબ્રુઆરી ૧૯૭૨ના અંકમાં લખેલ લેખ ''શ્રી ગૌતમસ્વામીના પૂર્વના પાંચ ભવો''માં આ હકિકત આપવામાં આવી છે. તેનું કથાનક આ પ્રમાણે છે.

નિકળ્યા. ઝંઝાવાતમાં વહાણ તુટી ગયું. અને પેલા માછલાએ સુઘર્માશ્રાવકને પોતાના ઉપકારી જાણીને પોતાની પીઠ ઉપર બેસાડીને કાંઠે લાવ્યા. ઉગાર્યા. પૂર્વના સ્નેહથી શેઠને બચાવ્યા. અંતે તે માછલો અનશન કરી ભવ સુધારે છે. અને મરીને સ્વર્ગમાં દેવ તરીકે જન્મે છે.

(૩) દેવલોકમાં દેવ.....

અંતિમ સમયની આરાધનાથી માછલો પહેલા સૌધર્મ દેવલોકમાં દેવ થયો. અને સુઘર્માશ્રાવક મરીને દેવ થયો સ્વર્ગમાં બન્ને મિત્ર થયા. પૂર્વજન્મની ધર્મ આરાધનાના સંસ્કારના પ્રભાવે આ જન્મમાં પણ ધર્મભાવના સારી રહી બન્ને સાથે ધર્મારાધના જિનભક્તિ આદિ કરતા રહ્યા. બન્ને મિત્ર-દેવો દેવભવ પૂરો કરીને મનુષ્ય લોકમાં મનુષ્યગતિમાં આવ્યા.

(૪) વેગવાન વિદ્યાધર અને ધનમાલા .....

દેવલોકથી ઉતરી મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં વેગવતીનગરીમાં રાજા સુવેગના ઘરે (ગૌતમસ્વામીનો જીવ) વેગવાન વિદ્યાધર તરીકે જન્મ્યો. અને બીજો દેવ.ધનવંતીવિજયમાં તરંગિણીનગરીમાં ધનદેવ ને ત્યાં ધનમાલા તરીકે જન્મી.

યોગાનુયોગ સંસારના વ્યવહારમાં બન્ને લગ્નગ્રંથીથી જોડાયા. અને પતિ-પત્ની બન્યા. વિષયાસકત ધનમાલાનું મન પતિના બદલે બીજામાં લાગ્યું. તે બીજામાં આસકત બની. એથી વેગવાનને વૈરાગ્ય જાગ્યો. આચાર્ય મહારાજનો યોગ મળ્યો. અને વેગવાને તથા મંત્રીએ દીક્ષા લીધી ધનમાલાને પણ અવસરે પાપકર્મ સમજાઇ ગયું અને પશ્ચાતાપ કરી એને પણ દીક્ષા લીધી. નિર્મળ ચારિત્ર પાળીને મંત્રી સાથે ત્રણે જીવો આઠમાં દેવ્લોકમાં દેવ થયા.

(૫) દેવલોકમાં દેવ.....

(ગૌતમસ્વામીનો જીવ) વેગવાન વગેરે ત્રણે આઠમા દેવલોકમાં દેવ થયા. દેવલોકમાં સુખેથી કાળ નિર્ગમન કરતા હતા. ત્યાં ભગવાન મહાવીરના ૨૬માં દેવભવમાં બન્નેનો ભેટો થયો. મહાવીર સ્વામીનો આત્મા ૨૬માં ભવે દસમા પ્રાણતનામના દેવલોકમાં દેવ તરીકે હતા. ૨૦ સાગરોપમનું આયુષ્ય હતું. (''શ્રી ભગવતીસાર ગ્રંથમાં પૃષ્ઠ ૧૭૩-૧૭૭'') પ્રભુ મહાવીરે ગૌતમ ગણધરને આશ્વાસન આપતા એક વખત કહ્યું - હે ગૌતમ! તરતના દેવભવમાં અને તરતના મનુષ્યભવમાં તારી સાથે મારો સંબંધ છે'' આનો અર્થ એ છે કે બન્ને વૈમાનિક દેવભવમાં મળ્યા છે અને ત્યાંથી દેવભવ પૂરો કરીને ઉતરીને મહાવીર અને ગૌતમ થયા છે.

મહાવીર અને ગૌતમ.....

ભગવાન મહાવીરનો જીવ ૨૭માં ભવે વૈશાલીનગરીના બ્રાહ્મણકુંડગ્રામમાં ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં પ્રથમ નીચગોત્રકર્મના કારણે પધાર્યા અને ત્યાર પછી હરિણગમેષીદેવથી સંક્રમાઈને મહાવીર ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં સિદ્ધાર્થરાજાની પટ્ટરાણીની કુક્ષીએ પધાર્યા. અને વર્ધમાનસ્વામી તરીકે ચરમ તીર્થંકર થયા. અને ગૌતમનો જીવ આઠમા દેવલોકથી ઉતરીને મગધદેશના ગોબ્બર ગામમાં ગૌતમગોત્રીય વસુભૂતિવિપ્રને ત્યાં પૃથ્વીદેવી બ્રાહ્મણીની કુક્ષીએ બ્રાહ્મણકુલમાં જન્મ લઈને ઈન્દ્રભૂતિ ગૌતમ થયા.

ભગવાન મહાવીર અને ગૌતમના જીવો ત્રિપૃષ્ટ વાસુદેવ અને સારથી તરીકે પહેલા મળ્યા હતા અને ત્યાર પછી વૈમાનિક દેવલોકમાં મળ્યા અને ત્યાર પછી બન્ને આજે પોતપોતાના છેલ્લા ભવમાં એક તીર્થંકર અને એક ગણધર તરીકે મળ્યા છે અને પરમાત્મા મહાવીરે ગૌતમને આશ્વાસન આપતા કહ્યું કે, હે ગૌતમ ! આ ભવ પુરો કરીને ઉપર મોક્ષમાં જઈને પણ આપણે સદાના માટે બન્ને સરખા થઈ જશું અને સદાના માટે સાથેજ રહીશું ! શ્રી ગૌતમસ્વામીના રાસમાં કહ્યું છે કે –

ચરમ જિણેસર તવ ભણે, ગોયમ મ કરિસ ખેઉ ।
છેડે જઈ આપણે સહી, હોસ્યું તુલ્લા બેઉ ॥

વર્ધમાનકુમાર મોટા થયા. ૮ વર્ષની ઉંમરે પાઠશાળા ગમન થયું. અને યૌવનવયે યશોદા સાથે પાણી ગ્રહણ થયું. તેમને એક પુત્રી થઈ પ્રિયદર્શના. તેના પણ લગ્ન જમાલિ સાથે થયા. ૨૮ વર્ષની ઉંમરે માતા-પિતા રાજા સિદ્ધાર્થ તથા રાણી ત્રિશલાદેવીના સ્વર્ગ ગમન પછી દીક્ષા લેવાની ઈચ્છા વર્ધમાનકુમારે વ્યકત કરી. પરંતુ જયેષ્ઠભ્રાતા નંદિવર્ધને રોકૃયા અને ત્યાર પછી ૩૦મા વર્ષે દીક્ષા લીધી અને સાડા બાર વર્ષ સુધી છદ્મસ્થાવસ્થામાં રહી ઘોર ઉપસર્ગો સહન કરી, ઘણાં કર્મો ખપાવ્યા ૧૮માં ભવે કાનમાં તપતુ શીશુ રેડાવવાને કારણે બાંધેલા કર્મના વિપાકરૂપે મહાવીરના કાનમાં ખીલા પણ ઠોકાયા ઈત્યાદિ ઉપસર્ગો સાથે મહાન તપશ્ચર્યા પણ કરી અને સાડાબાર વર્ષના અન્તે ઋજુવાલિકા નદીના કાંઠે વૈશાખ સુદ ૧૦ના દિવસે દિવસના છેલ્લા પ્રહરે કેવળજ્ઞાન કેવળદર્શન પામ્યા અને વૈશાખ સુદ ૧૧ના દિવસે અપાપાપુરીના મહસેન ઉદ્યાનમાં પ્રભુ પધાર્યા છે દેવતાઓએ સમવસરણ રચ્યુ છે અને પ્રભુ દેશના ફરમાવી રહ્યા છે.

ઈન્દ્રભૂતિ ગૌતમનું આગમન અને અભિમાન.....

ઈન્દ્રભૂતિ ગૌતમ પણ ઉંમરમાં મોટા થયા. વેદ-વેદાન્તાદિ શાસ્ત્રોનો તથા ૧૪ વિદ્યાનો અભ્યાસ કરી પારંગત બન્યા. ધુરન્ધર વાદિ વિજેતા બન્યા અને સર્વત્ર યોજાતી

વાદ સભાઓમાં ચર્ચાર્થે જતા. અનેક સભાઓમાં વિજય મેળવી અનેક બિરૂદો ધારણ કરતા કરતા ૫૦૦ શિષ્યોના ગુરુ બન્યા. ૫૦ વર્ષની ઉંમરના થયા અને એકવાર અપાપાપુરીમાં વિશાળ યજ્ઞસંમારંભમાં સોમિલ વિપ્રના આમંત્રણથી યજ્ઞમાં આહૂતિઓ અપાઈ રહી છે-મંત્રોચ્ચાર થઈ રહ્યા છે. અને એટલામાં આકાશમાંથી દેવતાઓ ઉતરતા જોવામાં આવ્યા. ઈન્દ્રભૂતિ આદિ પંડિતોનું તથા યજ્ઞમંડપમાં બેઠેલા સભાજનોનું અચાનક ધ્યાન ખેંચાયું. અને બધાએ આકાશમાં જોયું. બધા જ ખૂબ આનંદિત થયા દેવતાઓ આવ્યા, દેવતાઓ આવ્યા...આહા...હા...શું આપણા યજ્ઞનો પ્રભાવ ? શું આપણા મંત્રોચ્ચારોનો પ્રભાવ...? ખરેખર આપણા મંત્રો અને યજ્ઞો તથા કર્મકાંડો કેટલા સાચા છે...? ઓહો....હો આનન્દ...આનન્દ...

પરન્તુ અચાનક પ્રસંગે બીજો વળાંક લીધો. દેવતાઓ યજ્ઞમંડપની ઉપરથી આગળ વધ્યા, અને મહસેન ઉદ્યાનમાં મંડાયેલા સમવસરણે પહોંચ્યા. શ્રી સર્વજ્ઞવીર પ્રભુની દેશના શ્રવણ કરવા પહોચ્યાં. આ જોઈને બીજા બધાને તો ઠીક પરન્તુ વિદ્વાન ધુરંધર બ્રાહ્મણ પંડિત ઈન્દ્રભૂતિને બહુજ આશ્ચર્ય લાગ્યું. તેઓ તો ભારે વિમાસણમાં મૂકાઈ ગયા અરે ! શું ગામમાં હું સર્વજ્ઞ છું છતાં બીજો કોઈ સર્વજ્ઞ આવ્યો છે ? અરે આ શું ? વિશિષ્ટ બુદ્ધિશાળી તરીકે ઓળખાતા વિબુધ એટલે દેવતાઓ પણ થાપ ખાઈ ગયા ? ભરમાઈ ગયા ? અરે આ શું થયું ? શું કોઈ ધુતારો આવ્યો છે ? અરે ! આ કોણ છે ? શું વાત છે ? એમ વિચારોમાં અહંભાવની-અભિમાનોની તરંગોમાં ચઢી ગયા છે અને બોલે છે.–

व्योम्नि सूर्यद्वयं किं स्याद् ? गुहायां केसरियम्
प्रत्याकारे च खड्गौ द्वौ किं सर्वज्ञावहं स च ? ॥

–શું આકાશમાં બે સૂર્ય સંભવ છે ? અને શું એક ગુફામાં બે સિંહ રહી શકે ખરા? અને શું એક મ્યાનમાં બે તલવાર રહી શકે ખરી ? અર્થાત્ ન જ સંભવે એ જ પ્રમાણે શું અમે બે સર્વજ્ઞ શી રીતે રહી શકીએ ? ખરેખર કોઈ આડંબરવાળો ઈન્દ્રજાળિઓ લાગે છે-લોકોને ઠગનારો લાગે છે.

આ પ્રમાણે ઈન્દ્રભૂતિ ગૌતમ અભિમાનના વિચારો કરતા યજ્ઞમંડળની બહાર આવ્યા. રસ્તે જતા-આવતા લોકોને પુછ્યું ભાઈ શું વાત છે ? કોણ છે એ ? કેવો છે ? લોકોએ કહ્યું ખરેખર મહાન સર્વજ્ઞ છે. એના ગુણો તો ગણી શકાય તેમ નથી. આ પ્રમાણે મિથ્યાભિમાનમાં અભિમાની ઈન્દ્રભૂતિ ગૌતમ એને હરાવવા માટે, એની સાથે વાદવિવાદ કરવા જવા માટે તૈયાર થયા, અરે ! જો કે મારા શિષ્યો પણ એને હરાવી શકે તેમ છે. છતાં પણ ઘણાં વખતથી વાદ માટે કોઈ મને મળ્યો નથી એટલે આજે તો હું જ જાઉં. એમ ઈચ્છા કરીને જવા માટે તૈયાર થયા.

ઈન્દ્રભૂતિ ગૌતમનું અભિમાન દશામાં સમવસરણે આગમન.....

હવે વિલંબ કરવા જેવો નથી એમ વિચારી ઈન્દ્રભૂતિ ગૌતમ ૫૦૦ શિષ્યો સાથે જવા રવાના થયા. માર્ગમાં ચાલતા ચાલતા ગૌતમના મનમાં હવાઈ તરંગો તો ચાલી રહ્યા છે. અને સૂર્ય આગળ રાત્રી કયાં સૂધી ટકી શકે ? અને અગ્નિ આગળ ઘાસનું નાનું તણખલું કયાં સુધી ટકી શકે ? અરે દીવા આગળ અંધારું કયાં સુધી ટકી શકે ? એમ મારી આગળ આ સર્વજ્ઞ પણ કયાં સુધી ટકી શકશે ? એમ વિચારતા વિચારતા આગળ વધી રહ્યા છે.

સાથેના અનેક શિષ્યો લાંબી બીરૂદાવલી ગાઈ રહ્યા છે હે સરસ્વતી કંઠાભરણ ! હે વાદીમદગજજન ! હે વાદિતરૂન્મૂલન હસ્તિન્ ! હે વિજ્ઞાતાખિલપુરાણ ! હે શિષ્યીકૃતિ બૃહસ્પતે ! જય હો...જય હો... એમ શિષ્યોએ વાતાવરણ ગજાવી નાખ્યું. ૫૦૦ શિષ્યોની સાથે ચાલતા ઈન્દ્રભૂતિના મનમાં તો અભિમાનનો ઉદધિ હિલોળે ચઢ્યો છે. મસ્તિના મોઝાઓ ઉછળી રહ્યા છે.

માર્ગમાં વિચાર કરે છે..અરે ! મને તો બધા શાસ્ત્રો ઉપસ્થિત છે. હું કયા શાસ્ત્રમાં કાચો છું ? વેદ-વેદાન્ત, નિઘંટુ, છંદ,પુરાણ અલંકાર, ન્યાય, તર્ક આદિ સર્વશાસ્ત્રો તથા ૧૪ વિદ્યામાં હું પારંગત છું. આ પ્રમાણે વિચારતા અને બોલતા ઈન્દ્રભૂતિ ગૌતમ સમવસરણની સમીપે આવી પહોચ્યા. દૂરથી સમવસરણનો દૈવી વૈભવ, ભવ્ય ઠકુરાઈ તથા પરમાત્માને જોઈને અગ્નિની સામે ઘી પીગળે તેમ ગૌતમ પણ પીગળી ગયા. હિમાલયની ઠંડી હવામાં જેમ પાણી થીજીને બરફ થઈ જાય તેમ ગૌતમ ઠંડા થઈ ગયા. બરફની જેમ થીજી ગયા. સમવસરણ જોઈનેજ આશ્ચર્યમાં પડી ગયા. આશ્ચર્યમાં બોલવા લાગ્યા-

"चन्द्रः किं? स न यत् कलङ्कलितः सूर्योऽपि नो मो तीव्रसकू, मेरुः किं ? न स यद् नितान्तकठिनो विष्णुर्न यत् सोऽसितः बह्मा किं न जरातुरः स च जराभीरुन यत सोऽतनु-र्ज्ञातं दोषविर्जिऽताऽखिलगुणार्णोऽन्तिमस्तीर्थकृत ॥"

શું આ ચન્દ્ર હશે ? ના ચન્દ્ર તો કલંક યુક્ત કાળા ડાઘવાળો છે. અને આ તો કલંક રહિત છે. શું આ સૂર્ય છે ? ના-ના સૂર્યનો તાપ કેટલો ? સામું પણ ન જોવાય. અને આ તો સૌમ્યપ્રકૃતિવાળો છે. તો શું આ મેરૂ હશે ? ના, મેરૂ તો કઠણ પર્વત છે. અને આ તો કોમળ છે. શુ આ કૃષ્ણ હશે ? ના...ના..આ તો કંચનવર્ણી કાયા વાળો છે. તો શું આ બ્રહ્મા હશે ? ના, બ્રહ્મા તો ઘરડા વૃદ્ધ છે આ તો યુવાન છે. તો શું આ કામદેવ છે? ના, કામદેવ તો અશરીરી છે. અને આ સશરીરી છે. ઓહો...હો..! હા હા... હવે ખબર પડી આ તો સર્વ દોષ રહિત છેલ્લા તીર્થંકર છે. હવે ઈન્દ્રભૂતિના હવાઈ તરંગો ઉડી ગયા. અને તે ચિન્તાગ્રસ્ત થયા...અરે રે...! ખરેખર હું સંકટમાં મૂકાઈ ગયો. પણ હવે પાછું

તો જવાય તેમ નથી. ચાલો, ત્યારે આગળ...હજી કદાચ ભાગ્ય હશે તો જીતી પણ જઈશું.

એમ વિચારતા ઈન્દ્રભૂતિ ગૌતમ સમવસરણના પગથિયે આવ્યા. મહાન કરૂણાસાગર વીરપ્રભુએ ઠંડી-મીઠી-મધુરી વાણીમાં બોલાવ્યા-હે ગૌતમગોત્રીય ઈન્દ્રભૂતિ ! આવો ભાઈ આવો. ભલે આવ્યા..અને ઠંડા મેઘનો જાણે વરસાદ વરસ્યો હોય તેમ ગૌતમ તો સાંભળીને છક્ક થઈ ગયા. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો..અરે ! આ તો મારું નામ પણ જાણે છે...કપાળે હાથ દેતા... અરે !...હા મારું નામ કોણ નથી જાણતું ? ગલી ગલીમાં મારું નામ છોકરે છોકરા જાણે છે. મને કોણ ન જાણે ? કેટલો પ્રસિદ્ધ છું વળી અહંકારની જેટલી માત્રા બાકી હતી બધી જ પ્રગટ થઈ ગઈ. ગૌતમ બોલ્યા-નામ તો ઠીક પણ મારા મનની ગુપ્ત શંકા જો કહી આપે તો સાચા સર્વજ્ઞ માનું ! અહીંયાં ગૌતમના મનમાં વિચાર આવ્યો નથી ને ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞના માટે શું અજાણ્યું છે.

અંતર્યામી પ્રભુએ તરત કહ્યું-'આત્મા છે કે નહીં ? એવા સંશયવાળા હે ! ગૌતમ! આવો ભાઈ આવો. ભલે આવ્યા. અને પ્રભુએ તો કયારે શંકા થઈ ? શા માટે શંકા થઈ? વેદ પદનો કયો શ્લોક વાંચતા શંકા થઈ ?'ન' નો અર્થ બરોબર ન લગાડતા શ્લોકનો અર્થ વીપરીત થઈ ગયો, અને તેમાંથી જાગેલી શંકાથી આત્મા નથી એવા વિચારમાં તમે સંશયી બની તમે તમારી શંકાને દ્રઢ કરી લીધી છે.

પછી તો ભગવંતે ગૌતમને બધુ જ સ્પષ્ટ કરી સમજાવ્યું. આત્મા વિશે મહાવીર-ગૌતમ વચ્ચે શું ચર્ચા થઇ? કેવી ચર્ચા થઈ ?કયા અને કેટલા પ્રમાણોથી આત્માની સિદ્ધિ કરી વગેરે સર્વ ગણધરોની ચર્ચાના વિષયને આગળ ઉપર ચર્ચવામાં આવશે.

ઈન્દ્રભૂતિ ગૌતમનું આત્મસમર્પણ.....

શ્રી સર્વજ્ઞ પરમાત્માના તર્ક-યુકિતગમ્ય, બુદ્ધિગમ્ય તથા પ્રમાણયુકત વચનો સાંભળી ગૌતમની આત્મા વિષેની શંકા ટળી ગઈ. આત્મા માની લીધો. સત્ય સ્વરૂપ સમજાઈ ગયું અને આત્મપ્રતીતિ થતા વેદ વાકયનો વાસ્તવિક અર્થ સમજાવતા ગૌતમે ૫૦૦ શિષ્યો સાથે આત્મસમર્પણ કરી દીધું. પ્રભુના ચરણોમાં શિષ્યત્વ સ્વીકારી દીક્ષા લઈ સાચા અણગાર સાધુ બન્યા. પ્રભુએ ગૌતમને દીક્ષિત કરી સંઘમાં લઈને ત્રિપદીનું જ્ઞાન આપ્યું. પોતાના આદ્ય (પ્રથમ) શિષ્ય બનાવી ગણધરપદ આપ્યું. ઈન્દ્રભૂતિ ગૌતમ ગણધર બન્યા. દ્વાદશાંગીની રચના કરી. ઈન્દ્રભૂતિ ''ગૌતમ સ્વામી''ના નામથી ઓળખાવા માંડયા. ગૌતમ નામજ પ્રસિદ્ધ થઈ ગયું. પરમાત્માના પરમ વિનયી શિષ્ય ગૌતમ પ્રભુની સેવામાં લાગી ગયા. ૩૦ વર્ષ સુધી વીરપ્રભુની સાથે તડકાને છાયાની જેમ સાથે રહી અદ્‌ભૂત સેવા કરી છે.

ગૌતમસ્વામીના પ્રશ્નો અને વીરપ્રભુનું સંબોધન

જે જે સંશય ઉપજે એ; તે તે પર ઉપકાર; કારણ પૂછે મુનિપવરો.....

મનમાં કંઈ પણ જિજ્ઞાસા જાગી કે મનમાં કોઈ પણ પ્રશ્ન ઉભો થયો એટલે ગૌતમસ્વામી તરત વીરપ્રભુને પૂછતા હતા. સમવસરણમાં અનેકોને પણ જ્ઞાન થાય. જાણવા મળે. એ દ્રષ્ટિથી પર ઉપકાર ભાવથી પણ પ્રભુને પ્રશ્નો પૂછતા હતા. શ્રી ભગવતી સૂત્ર પંચમાંગ મહા આગમમાં લગભગ ૩૬૦૦૦ પ્રશ્નો ગૌતમસ્વામી દ્વારા પૂછવામાં આવ્યા છે. અને અનન્ત ઉપકારી કૃપાળુદેવે વારંવાર ગૌતમ ને સંબોધીને ગોયમા ! ગોયમા! એમ કહીને ઉત્તર આપ્યા છે. કંઈ પણ કહેવું હોય અને કોઈને પણ કહેવું હોય તો વીર પ્રભુ ગૌતમને ઉદ્દેશીને જ કહેતા હતા. 'गोयमा । समयं मा पमायए ।'–હે ગૌતમ! સમયમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં. મહાવીર અને ગૌતમની જોડી એ એક અદ્‌ભૂત ગુરું-શિષ્યની જોડી થઈ ગઈ. એવી તો જોડી જોવા પણ નહીં મળે. ગૌતમને વીરપ્રભુ પ્રત્યે અનહદ ભાવ- ઘણો જ અહોભાવ, ખુબજ પૂજ્યભાવ, માણસ શ્વાસ લીધા વગર રહી શકે પરન્તુ ગૌતમ મહાવીર વિના પલભર રહી શકતા નહોતા. ગૌતમને વીર ઉપર ખુબજ પ્રશસ્ત ભાવનો રાગ હતો. સદા -અને સતત વીર-વીર જ કરતા હતા.

ગૌતમસ્વામીની ઉગ્ર તપશ્ચર્યા....

ગૌતમસ્વામી આજીવનના મહાન તપસ્વી હતા,
છઠ છઠ તપને પારણે રે, કરતા ઉગ્ર વિહાર...

શ્રી વિજયસેનસૂરીએ લખેલ એક છંદમાં ખાસ ગૌતમસ્વામીના તપનું વર્ણન કરતા કહ્યું છે કે-દીક્ષા લીધી ત્યારથી ગૌતમસ્વામી છઠ-છઠ તપની મહાન તપશ્ચર્યા કરતા હતા. છઠના પારણે છઠ, અર્થાત્ છઠ કરી પારણું કરી ફરી છઠ એમ મહાન દીર્ઘ તપશ્ચર્યા કરનાર ગૌતમસ્વામી વીરપ્રભુના ૧૪૦૦૦ શિષ્યોમાં આદ્ય શિષ્ય હતા- ગણધર હતા. ઉગ્ર વિહાર કરતા હતા. આવી મહાન તપશ્ચર્યાના કારણે ૫૦ લબ્ધિ તેમને પ્રગટ થઈ હતી. તેઓ લબ્ધિનિધાન; લબ્ધિના ભંડાર હતા. અનેક લબ્ધિઓ તેમને પ્રગટ થઈ હતી. અંગુઠામાં પણ લબ્ધિ હતી. અને વાણીમાં પણ લબ્ધિ હતી એટલે જ કહેવાય છે કે-

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણાં ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીએ મનવાંછિત ફળ દાતાર ...

અંગુઠે અમૃત વસે...ની લબ્ધિ-અને ૧૫૦૦ તાપસને કેવળજ્ઞાન.....

ગૌતમસ્વામીની લબ્ધિઓ ખરેખર ચમત્કારિક જ હતી. ગૌતમસ્વામીને મોક્ષ પ્રાપ્તિની બહુ જ અધીરાઈ હતી. વારંવાર પ્રભુને મુક્તિનો ઉપાય પૂછતા, અને મને મોક્ષ

મળશે કે કેમ ? એનો સંતોષ તો કયારે થાય ? પ્રભુ કંઈ કહીને નિશ્ચિંત કરે તો સંતોષ થાય. આ મોક્ષ માટેનો અજંપો વધી જતાં તીવ્ર ઝંખનાથી પ્રભુને પૂછે છે-હે કૃપાળુ ! મારો મોક્ષ આ ભવે થવાનો છે તેની ખાતરી કોઈક રીતે મળે તો નિરાંત થાય.

ગૌતમસ્વામી આવી ખાતરી મળે તેની રાહ જોતા હતા. અને એક દિવસ પ્રભુએ ફરમાવ્યું કે- ''જે સાધક પોતાની લબ્ધિના બળે અષ્ટાપદ પર જઈ, ત્યાં રહેલા સર્વ જિનબિંબોને વંદના કરી, એક રાત્રિ ત્યાં વસે તે મોક્ષનો અધિકારી બનીને તે જ ભવમાં મોક્ષમાં જાય છે'' (ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિમાં આ પ્રમાણે કહેવાયું છે.)

ગૌતમસ્વામીએ પ્રભુ મુખથી ઉપર મુજબ સાંભળ્યુ અને મોક્ષની ખાતરી કરવા તેઓ અષ્ટાપદ તીર્થે જવા તૈયાર થઈ ગયા. પ્રભુની અનુમતી લઈ ગૌતમ ચારણ લબ્ધિથી વાયુવેગે સૂર્યના કિરણો પકડીને અષ્ટાપદ તીર્થ ઉપર ચઢી ગયા. ચોવીશ જિનને વંદન કર્યા.

અષ્ટાપદ લબ્ધે ચઢ્યા રે, વાંદ્યા જિન ચોવીશ,
જગચિંતામણી તિહાં કર્યુ રે, સ્તવીયા શ્રી જગદીશ .....

સ્તોત્રમાં શ્રી વિજયસેનસૂરિએ લખ્યા મુજબ ગૌતમસ્વામી અષ્ટાપદે ચઢીને ૨૪ જિનને વંદના કરી અને ''જગચિંતામણિ સૂત્ર'' ત્યાં રચ્યું. રાત્રિ ત્યાં વાસ કર્યો.

આ બાજુ અષ્ટાપદના પગથિયાઓ ઉપર કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ મુખ્ય તાપસો પોતાના ૫૦૦-૫૦૦ શિષ્યો સાથે અષ્ટાપદ ચઢવાના પ્રયત્નો કરી રહેલા હતા. તેઓ કોઈ પહેલા કોઈ બીજા અને કોઈ ત્રીજા પગથિયે આવીને અટકી ગયા હતા. થાકી ગયા હતા. વિવિધ આસનો કરતા-કરતા તથા કંદમૂળ-પાંદડા આદિનું ભક્ષણ કરતા કરતા કાળ નિર્ગમન કરતા હતા.

આ તાપસોએ ગૌતમસ્વામીને ચઢતા જોયા. એટલે નિર્ણય કર્યો કે તે મહાત્મા નીચે ઉતરે એટલે પકડી લઈએ. અને તેમને ચઢવાનો ઉપાય પૂછીએ.

અનેક દેવો, અસુરો અને વિદ્યાધરોને ઉપદેશ આપી ગૌતમસ્વામી પાછા ફર્યા. એટલામાં ૧૫૦૦ તાપસોએ ઉપાય પૂછયો. અને કહ્યું કે હે મહાતપસ્વી ! હે મહાયોગી! આપ જ અમારા ગુરુ. અને અમારો શિષ્ય તરીકે આપ સ્વીકાર કરો. ગૌતમસ્વામીએ કહ્યું-સર્વજ્ઞ ભગવાન મહાવીરને જ તમે ગુરુ માનો. આ સાંભળીને તાપસો વિચારમાં પડયા. ઓ હો ! આ જ આટલા મહાન છે તો એમના ગુરુ તો કેટલા મહાન હશે. અને ગૌતમસ્વામીને દીક્ષા આપવા અનુગ્રહ કર્યો.

ગૌતમસ્વામીએ ૧૫૦૦ તાપસોને દીક્ષા આપી પછી બધાને તપનું પારણું કરાવવા

માટે બધાની ઇચ્છાનુસાર ખીર લાવ્યા. બધા આશ્ચર્ય પામ્યા. એક પાત્ર ખીર ૧૫૦૦ ને કેવી રીતે પહોંચશે ? બધાને લાઈનમાં બેસાડી ગૌતમસ્વામીએ અંગૂઠો પાત્રમાં રાખીને ૧૫૦૦ તાપસોને પારણું કરાવ્યું. લબ્ધિનો તો પાર જ નહિં ત્યાંથી વિહાર કરી આવતાં રસ્તામાં ગુરુ રૂપ ભગવાનનું વર્ણન સાંભળતા ૫૦૧ને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા ૫૦૧ સમવસરણ સુધી આવતા, સમવસરણની શોભા- ઠકુરાઇ જોઇને જ કેવળજ્ઞાન પામ્યા, અને ત્રીજા ૫૦૧ તો પ્રભુના મુખારવિન્દના દર્શન કરતા કેવળજ્ઞાન પામ્યા. ગૌતમસ્વામીના હાથે દીક્ષા લીધેલા ઘણા કેવળજ્ઞાન પામ્યા. રાસમાં કહ્યું છે કે- ''જિહાં જિહાં દીજે દિક્ષ તિહાં તિહાં ઉપજે કેવળ રે, કવળ કે કેવળ રૂપ હુઓ રે...''

ગૌતમસ્વામી જેને જેને દીક્ષા આપતા તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું હતું.

પાંચને દીક્ષા અને માર્ગમાં ચાલતા-કેવળજ્ઞાન.....

તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ ૨૯મું ચોમાસું રાજગૃહીમાં પૂર્ણ કરી ચંપાનગરીના ઉપનગર પૃષ્ઠચંપામાં પધાર્યા. પૃષ્ઠચંપાના રાજા સાલ પોતાવણ ભાઈ મહાસાલ સાથે પ્રભુની દેશના શ્રવણ કરી. અને શ્રી વીર પ્રભુ પાસે બન્ને ભાઈઓએ ચારીત્ર ગ્રહણ કર્યુ. ત્રણ વર્ષ પછી ૩૨મું ચાતુર્માસ વૈશાલીમાં કરી ભગવાન રાજગૃહી પધાર્યા. ત્યારે ગૌતમસ્વામી સાલ-મહાસાલ મુનિઓ સાથે તેમની જન્મ-ભૂમિ પૃષ્ઠચંપામાં પધાર્યા. અને સાલ-મહાસાલ મુનિના બહેન તથા બનેવી અને તેમના પુત્ર-પિઠર-યશોમતી અને પુત્ર ગાગલીને ગૌતમસ્વામીએ ધર્મોપદેશ આપ્યો. બધાએ પ્રતિબોધ પામી ગૌતમસ્વામી પાસે દીક્ષા લીધી અને ગુરુ ગૌતમસ્વામી સાથે પ્રભુ મહાવીરના ચરણોમાં જવા ચંપા તરફ વિહાર કર્યો. ગૌતમસ્વામીની સાથે આ પાંચ મુનિઓ હતા. બધાને માર્ગમાં ચાલતા-ચાલતા ભાવની અદ્‌ભૂત વિશુદ્ધિ આવી, શુકૂલધ્યાનમાં ચઢ્યા અને માર્ગમાં જ કેવળજ્ઞાન પામ્યા. ગૌતમસ્વામીમાં એવી તે કઈ જાદુભરી લબ્ધિ હતી કે જેથી કેવળજ્ઞાન જલ્દી થતું હતુ. તે જ વંદનીય છે.

એક આશ્ચર્ય - ગૌતમસ્વામી પાસે દીક્ષા લીધી- અને-વીરપ્રભુને જોઈને ભાગી ગયો.....

અવસરે શ્રી વીરપ્રભુએ ગૌતમને એક નાનકડા ગામમાં હાલિક (ખેડુત)ને દીક્ષા આપવા મોકલ્યા. ગૌતમસ્વામીએ આત્મા કર્મ-અને સંસારનું સ્વરૂપ સમજાવ્યું. અને હાલિક ઉપર જાણે ચમત્કાર થયો હોય તેમ તે સંસારથી વિરકત બન્યો. અને ગૌતમસ્વામી પાસે તુરંત દિક્ષા લઈ લીધી.

ગૌતમસ્વામી તો પછી વિના વિલંબે પ્રભુના દર્શન-વંદનાર્થે નિકળ્યા. સાથે વિહારમાં

પેલા નૂતનમુનિ હાલિકે પૂછ્યું ગુરુજી ! કયાં જવું છે ? ગૌતમસ્વામીએ કહ્યું-મારા પરમગુરુના દર્શન-વંદને

હાલિક-સાહેબ ! તમારા વળી ગુરુ ! (આશ્ચર્ય)

ગૌતમસ્વામી-હા. હા. મારા મહાન ઉપકારી ભગવાન મહાવીર એ મારા પરમગુરુ ।

હાલિક-ગુરુદેવ ! એ કેવા હશે...? ગૌતમસ્વામી માર્ગમાં વર્ણન કરતા કરતા ચાલી રહ્યા હતા., સમવસરણ નજદીક આવ્યું. અને ગૌતમસ્વામીએ હાલિકને શ્રી વીરપ્રભુ ઓળખાવ્યા.

એટલામાં તો હાલિક ચમકયો. અને સાહેબ...! સાહેબ...! જો આ તમારા ગુરુ હોય તેા લો, આ તમારો ઓઘો પાછો અને મારે નથી રહેવું. હું તો આ ભાગ્યો. બસ, એટલું બોલ્યો ન બોલ્યો ત્યાં તો ઓઘો મૂકીને ભાગ્યો...

આ આશ્ચર્ય જોઈને ગૌતમસ્વામીએ પ્રભુને પુછ્યું-હે પ્રભુ ! આ શું બન્યું ? આવું કેમ બન્યું ? પ્રભુ બોલ્યા હે ગૌતમ ! આપણે મારા ૧૮માં ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં ત્રણે ભેગા હતા. હું વાસુદેવ, તું મારો સારથિ અને આ હાલિક તે સિંહ હતો. મે આ સિંહને ફાડી નાખ્યો હતો ત્યારે તે કરૂણાભાવથી એના માથે હાથ ફેરવીને આશ્વાસન આપ્યું હતું. બસ તે કર્મના તથા ભયના કારણે આ ભવમાં તે હાલિક થઈ તને જોઈ તારી પાસે દીક્ષા લીધી અને મને જોઈને ભયથી ભાગી ગયો છે. બસ કર્મ તણી ગતિ ન્યારી છે.

સરલસ્વભાવી ગૌતમસ્વામીનું–"મિચ્છામિદુક્કડં".....

ગૌતમસ્વામીએ આપેલી દીક્ષાવાળા મહાનુભાવો સમવસરણે આવતા આવતા કેવળજ્ઞાન પામતા. અને જયારે કેવળીઓની પર્ષદામાં બેસવા જતા ત્યારે ગૌતમસ્વામી કહેતાં... આ બાજુ ન બેસાય. કેવળીઓની પર્ષદામાં ન બેસાય. પરંતુ તુરત પ્રભુ કહેતા... હે ગૌતમ ! કેવળીઓની આશાતના ન કરો. અને ગૌતમ તરત સમજી જતા ,ઓહો...હો આ મહાભાગ્યશાલી - મહાત્માઓને કેવળજ્ઞાન થયું છે. પછી તે પોતાના શિષ્ય હોવા છતાં ગૌતમસ્વામી તરત મિચ્છામિદુક્કડં આપી દેતા હતા.

વાણિજ્યગ્રામનગરમાં વસતા ધનાઢય શ્રીમંત આનંદે સર્વ પરિગ્રહનું પરિમાણ કરી વ્રત સ્વીકારી શ્રાવક બન્યા. આહાર-પાણીના પણ ઘણાં પચ્ચૂંખાણો રાખ્યા હતા. તપશ્ચર્યા કરનાર મહાત્મા આનન્દ શ્રાવકને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે. આ સમાચાર સાંભળીને નગરમાં ગોચરીએ પધાર્યા હતા અને આનન્દ શ્રાવકને મળવા ગયા. આનન્દ શ્રાવક ત્યાગતપશ્ચર્યામાં કૃશકાયાવાળા થઈ ગયા હતા. અન્તે આનન્દ શ્રાવક મરણ પર્યંતના

અનશન સ્વીકારી લીધા હતા. ગૌતમસ્વામી આનન્દના સંથારા નજીક આવ્યા. આનન્દે ભાવથી ગૌતમસ્વામીના ચરણકમળમાં વંદન કર્યું. ચરણ રજ મસ્તકે ચઢાવી પછી આનન્દ પોતાને અવધિજ્ઞાનમાં આટલે સુધીનું દેખાય છે તેની વાત કરી એટલે ગૌતમસ્વામીએ કહ્યું આનન્દ ! શ્રાવકને આટલું અવધિજ્ઞાન થાય નહીં. માટે મિચ્છામિદુક્કડં આપી દો.

આનન્દે કહ્યું-હે કૃપાલુ ! શું ભગવાનના શાસનમાં સાચું બોલનારને પણ મિચ્છામિદુક્કડં આપવું પડે છે. પછી ગૌતમસ્વામી ત્યાંથી નિકળી પ્રભુ પાસે આવ્યા. અને વંદન કરી એટલું જ પૂછયું કે પ્રભુ ! મિચ્છામિદુક્કડં મારે આપવાનું કે આનન્દે ? પ્રભુ બોલ્યા-ગૌતમ ! તમારે આપવાનું.

બસ, આટલામાં તો બધુ સમજાઈ ગયું. અને ગૌતમ ગોચરી બાજુમાં મુકીને તરત આનન્દ શ્રાવક પાસે જઈ મિચ્છામિદુક્કડં આપી આવ્યા. ધન્ય હતા એ મહાત્મા ગણધર. આવા મહાન અને મોટા અને સરલતા પણ કેટલી મહાન હતી બધું જ પડતું મૂકીને એક ક્ષણમાં તો મિચ્છામિદુક્કડં આપી આવ્યા.

બાળ કેવળી અતિમુકતકકુમાર.....

પોલાસપુરનગરમાં એકવાર ગૌતમસ્વામી ગોચરીએ ગયા. અને ગામના ચાર રસ્તાના ચોકમાં રમતા છોકરાઓમાંથી એક છોકરાએ આવીને ગૌતમસ્વામીની આંગળી પકડી લીધી. અને તેમને ગામમાં ઘરો બતાવવા ગોચરીએ લઈ ગયો. રસ્તામાં પોતાની ભાષામાં વાતો કરી. ગૌતમસ્વામી જેવા મોટા મહાપુરુષ નાના બાળક સાથે બાળસ્વભાવી થઈ જતા હતા. ગૌતમસ્વામીની વાતોથી બાળક ખૂબ રાજી થઈ ગયો હતો. અને સાથે સાથે ધર્મોપદેશ પણ પામ્યો. અતિમુકત કુમાર પણ ગોચરી પછી ગૌતમસ્વામીની સાથે ગયો અતિમુકતકનો અંતરાત્મા જાગૃત થઈ ગયો. માતા-પિતાની અનુમતિ લઈ આવ્યો. અને સાધુ થઈ શ્રમણ સંઘમાં ભળ્યો. અને અવસરે બાળવયમાં નાનકડી ભૂલના પશ્ચાતાપમાં ઈરિયાવહીની ક્રિયા કરતા કેવળજ્ઞાન પામી કેવળી બન્યા. પરંપરાએ પરમપદ ને પામ્યા.

પરમાત્મા શ્રી મહાવીર પ્રભુની સાથે ગૌતમસ્વામી ૩૦ વર્ષ સુધી રહ્યા. ૩૦ ચાતુર્માસ સાથે ફર્યા. સાથે વિચર્યા. સંશયો પ્રભુને પૂછતા અને પ્રભુ તરફથી મળતા ઉત્તરથી ખુદ સંતોષ પામતા, હર્ષિત થતા. ગૌતમસ્વામીના કેશિ ગણધર સાથે પણ સંવાદો થયા. અને સ્કંદક પરિવ્રાજક સાથે પણ સંવાદ થયો.

ગૌતમસ્વામીનું દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ માટે ગમન.....

પરમાત્મા શ્રી મહવીર પ્રભુ પોતાનું ચરમ ચોમાસું એટલે ૪૨મું ચાતુર્માસ કરવા

અપાપાપુરીમાં હસ્તિપાલ રાજાની પૌશધશાલામાં પધાર્યા. ચાતુર્માસ પૂર્ણાહૂતિના આરે છે. અને આસો માસની સમાપ્તિના ફકત બેજ દિવસ બાકી છે અને આસોની ચતુર્દશીએ પ્રભએ પોતાનું અલ્પાયું જાણીને ભવ્ય જીવો ઉપર ઉપકારની દ્રષ્ટિએ બે દિવસની સળંગ (૧૬ પ્રહર)ની દેશના આપવાની શરૂઆત કરી. ૯ લિચ્છવી તથા-૯મલ્લી દેશના ૧૮ રાજાઓ આવ્યા હતા. એ દિવસે પંચાવન પ્રશ્નો પુણ્યના અને પંચાવન પ્રશ્નો પાપના પુછાયા. પ્રભુએ બધાને ઉત્તર આપ્યા. અને ત્યાર પછી વગર પૂછયે પણ પ્રભુએ ૩૬ અધ્યયનો કહ્યા.

આસોની એ અમાવાસ્યા હતી. પ્રભુના ૯ ગણધરો તો પ્રભુની હયાતીમાં જ મોક્ષે સિધાવ્યા હતા એટલે હવે બેજ ગણધરો ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી ઉપસ્થિત હતા.

ઘણાં જન્મોથી કહો કે ઘણાં વર્ષોથી કહો ગૌતમને મહાવીર ઉપર ઘણો સ્નેહ હતો ઘણાં રાગનાં તાંતણે બંધાયેલા હતા. મહાવીર ઉપર મોહ-મહત્વ ઘણો વધારે હતો અને હકીકતમાં આજ મોહ-મમત્વ કે રાગ ગૌતમને કેવળજ્ઞાનમાં વિઘ્નરૂપ હતો. કેવળજ્ઞાનને અટકાવતું હતું- શ્રી વીરપરમાત્મા આ હકીકત સ્પષ્ટ જાણતા જ હતા. પરન્તુ ભાવિની ભવિતવ્યમાં જે ભાવિ ભાવ હોય છે તે બને જ છે. ગૌતમસ્વામીને આવતી કાલે કેવળજ્ઞાન થવાનું છે. એ જાણીને તેના ઉપાયરૂપે શ્રી વીરપ્રભુને ગૌતમને દૂર મોકલવાનું યોગ્ય લાગ્યું જેથી મારા ઉપરનો રાગ-અને મોહ ઓછા થાય અને વચ્ચેનું આ પાતળુ પડલ ચીરાશે તો જ કેવળજ્ઞાન થશે.

વીરપ્રભુએ ગૌતમને બોલાવીને આસોની અમાવાસ્યાની સંધ્યાએ કહ્યું-હે ગૌતમ ! અહીંથી થોડે દૂર એક ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા જવાનું છે. તેમાં તમને અને દેવશર્મા બન્નેને ઘણો લાભ છે.

પરમપિતા પરમાત્મા વીર પ્રભુ જે પરમગુરુ છે તેમની આજ્ઞા આયુષ્યભરમાં કયારેય ન લોપનાર આજ્ઞાંકિત ગૌતમસ્વામી આજે શા માટે ગુરુ આજ્ઞા લોપે ? હે કૃપા સિન્ધુ ! આપની આજ્ઞા તહત્તી. શિરોધાર્ય. કહીને ગૌતમ ગયા. ગૌતમને એટલી પણ ગંધ ન આવી કે આજની રાત્રીએ પ્રભુ નિર્વાણ પામવાના છે. જો આટલી ગંધ આવી હોત તો તો રોકાઈ જાત.પરન્તુ ભવિતવ્યાતા એવીજ હતી. ગૌતમસ્વામી વિહાર કરીને ગયા. થોડાજ ઉપદેશમાં દેવશર્મા ધર્મ પામી ગયો. બહુ અલ્પ સમય લાગ્યો અને રાત્રિ તો ત્યાંજ વીતાવવી પડી અને પ્રભાતે વહેલા ગૌતમસ્વામી પ્રભુના દર્શનવંદને આવવા માટે નિકળ્યા કાર્ય પત્યા પછી હવે વિલંબ શા માટે ?

શ્રી વીરપ્રભુનું નિર્વાણ અને ગૌતમનો વિલાપ....

આ બાજુ શ્રી વીર પરમાત્માએ ૩૬ અધ્યયનો કહ્યા. આસોની અમાવસ્યાની મધ્ય રાત્રીએ ૩૬મું મરુદેવા અધ્યયન કહેતા કહેતા પદ્માસને સ્થિર થયા. ભવોપગ્રહી શેષ અઘાતી ચાર કર્મોનો ક્ષય કર્યો. અયોગી થઈને ચૌદમા ગુણસ્થાન કે પંચહ્રસ્વાક્ષર ઉચ્ચારમાત્રા કાળમાં તો એક સમયાવચ્છેદે કરીને ઋજુગતિએ પ્રભુ મોક્ષે સિધાવ્યા. મહાનિર્વાણ પામ્યા સદાના માટે સિદ્ધશિલા ઉપર અચર-સ્થિર થયા. અશરીરી બન્યા. જન્મ-મરણ રહિત બન્યા. કર્મરહિત-દેહરહિત પ્રકાશપુંજની જેમ જયોતસ્વરૂપે આત્મા-પરમાત્મસ્વરૂપે રહ્યા. સિદ્ધ-બુદ્ધ-મુકત-નિરંજન-નિરાકાર બન્યા.

પર્ષદામાં ઉપસ્થિત સર્વ સભાજનો એકાએક શોક અનુભવવા લાગ્યા ભાવદીપક ઓલવાઈ જવાથી દ્રવ્ય દીપક નાના-નાના દીવડાઓ પ્રગટાવ્યા. અમાવસ્યાની અંધારી રાતમાં પ્રકાશ પથરાવવા માંડયા. નિર્વાણ કલ્યાણક પ્રસંગે અનેક દેવતાઓ આકાશમાર્ગે આવ્યા. તેમને પણ દીવડા પ્રગટાવ્યા તે દિવસે દીપાવલી પર્વ બની ગયું અને તેની પરંપરા ચાલી શોકમગ્ન જનસમૂહ સ્મશાન યાત્રામાં જોડાયા. મોટાભાઈ નંદીવર્ધને પાવાપુરીમાં પ્રભુના નશ્વર દેહને અગ્નિદાહ દીધો અપાપાપુરી તે પાવાપુરી બની ગઈ. ભસ્મને લેતા-લેતા ત્યાં મોટું સરોવર નિર્માણ થયું. મોટાભાઈ નંદિવર્ધને ત્યાં ચિરસ્મૃતિરૂપે પ્રભુના ચરણનું મંદિર બનાવ્યું. જલમંદિર પાવાપુરી તરીકે એ તીર્થ બન્યું.

અનેક સાધુઓએ અનશન સ્વીકાર્યા. શોકમગ્ન જનસમુહ ચારે બાજુ ગયો. અને ટોળાબંધ લોકો ભેગા થઈને અશ્રુની ધારા વહાવવા લાગ્યા.

ગૌતમસ્વામીનો વિલાપ અને કેવળજ્ઞાન.....

દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધીને આદ્ય ગણધર ગૌતમસ્વામી અમાવાસ્યાની અંધારી રાતના છેલ્લા પ્રહરે વહેલી પ્રભાતે પાછા પાવાપુરી પ્રભુના દર્શન-વંદનાર્થે ઝડપથી આવી રહ્યા હતા. મનમાં હતું કે કયારે કેટલો જલ્દી પ્રભુના ચરણોમાં પહોંચું. પ્રભુ પ્રત્યેના અનહદ સ્નેહના કારણે ગૌતમ થોડીવાર પણ પ્રભુનો વિયોગ સહન કરી શકે તેમ નહોતા. માટે પ્રભુ પાસે સત્વરે પહોંચવાની તીવ્ર ઝંખનાથી ઝડપથી ચાલતા-ચાલતા આવી રહ્યા છે...

અને...અને...અર્ધે રસ્તે જ ચારે બાજુ શોકમગ્ન રડતા ટોળાઓને જોયા. ચારે તરફ માનવ મહેરામણ આજે શોકમગ્ન કેમ છે? અશ્રુની ધારા કેમ વહાવી રહ્યા છે ?... જનસમૂહને પૂછતા જ અસહ્ય આઘાતજનક શબ્દો કાને પડ્યા-''વીર પ્રભુ નિર્વાણ પામ્યા''-''વીર પ્રભુ મોક્ષે ગયા.'' આ શબ્દો પૂરા કાને પડયા ન પડ્યા ત્યાં તો હિમાલય

માથે પડયું હોય તેમ વજ્રઘાતથી ગૌતમ ઘડીભર ડઘાઈ ગયા. એમનું અંતર આ આઘાત જીરવી ન શકયું હૃદય સ્તબ્ધ બની ગયું. મન રહી ન શકયું. અને દડદડ બન્ને આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. જાણે શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો ગૌતમના પગ ભારે થઈ ગયા. હવે પગ ઉપડતા નથી...અંતરની વેદનાની કોઈ સીમા ન રહી... ખરેખર દિગ્મૂઢ થઈ ગયા. રોમે રોમ બેચેન બની ગયા. અને જાણે વાચા હણાઈ ગઈ હોય તેમ મોઢેથી કંઈ બોલાતું જ નથી..અને ગૌતમ વિયોગની વિરહ વેદનાના વિચારોમાં ગરકાવ થઈ ગયા. બસ એક જ શબ્દ છે મુખે વીર...વીર...હે વીર..! આ શું થયું. અરે..રે...આ શું થયું...અરે...રે આ શું થયું. અરે ! આતો આભ ફાટી ગયું. હું તો સંસારમાંજ રહ્યો અને તમે મોક્ષે ચાલ્યા ગયા ! અરે રે.. પ્રભુ ગયા તો હવે મારું કોણ ! મારું કોણ..હવે મને ગૌતમ કહીને કોણ સંબોધશે. હવે મને .આજ્ઞા કોણ કરશે. હવે વીર...વીર કોને કહીશ...કોના ચરણોમાં નમીશ. કોના દર્શન કરીશ...અરે ! કોને વંદન કરીશ...અરે! હવે મારું શિરછત્ર કોણ ? હે વીર ! તમે આ શું કર્યું..મને એકલો અહીયાં મૂકીને ચાલ્યા કેમ ગયા.મને પણ તમારી સાથે જ લઈ જવો હતો ને...હું તમારી સાથે આવ્યો હોત તો શું વાંધો હતો... ઉપર કયાં જગ્યા ઓછી હતી....! અને હે વીર! મને સાથે લઈ ગયા હોત તો શું તમને ઉપર જવા ન મળત ?...મુંજ રંક ઉપર તો ડુંગર તૂટી પડયો... આ વજ્રઘાત હું કેમ સહન કરી શકીશ ? હે પ્રભુ ! ઉપર જગ્યા તો ઘણી વિશાળ હતી...હે વીર તમે લોક વ્યવહાર પણ ન પાળ્યો ? અરે.. રે...આખું જગત અંતિમ સમયે પુત્ર-પુત્રી આદિ પરિવારને પણ દૂરથી સમીપ બોલાવે છે. અને તમે ..એટલું પણ ન કર્યું ? ઉલ્ટું હું નજીક હતો તો પણ મને દૂર મોકલી દીધો...અરેરે...આ શું કર્યુ હે પ્રભુ ! આ શું કર્યુ...? હે જીવ તું કેટલો અભાગીયો કમનશીબ કહેવાય-આખી જીંદગી સાથે રહ્યા અને આજે છેલ્લી ઘડીએ દૂર ગયો...અરેરે...હે પ્રભુ !...તમને એવો શું ભય હતો કે આ છોકરાની જેમ કેડે લાગશે...અને તમને જવા નહીં દે અને તમારી આંગળી પકડી લેત...હે વીર...!...હે કરૂણાં સિન્ધુ !...આ શું કર્યુ...? હે વીર બસ તમારા વિના કંઈજ સૂઝતું નથી...હે વીર...વીર...(ગૌતમની આંખો આંસુની ધારા વહાવી રહી હતી, હૃદય વેદનાભર્યો પોકાર કરી રહ્યું હતુ ગૌતમ ખૂબજ અધીરા બની ગયા...)

હે વીર...! તમે આ શું કર્યુ...મારું વહાણ મઝધાર મૂકીને ચાલ્યા ગયા...હવે હું શું કરું ? કયાં જાઉ ? હે વીર !...આ તો આપે કેવો અન્યાય કર્યો. કેવો વિશ્વાસભંગ કર્યો. હે કૃપાસિંધુ ! મારા કયા અપરાધ બદલ મારા તરફ આટલી કઠોરતા દાખવીને હે વીર! અન્તસમયે મને અળગો રાખ્યો ? આજે હું દીન-અનાથ અસહ્ય બની ગયો છું. આજે એકલો...અસહાય બની ગયો છું.

ચારે બાજુ સમગ્ર વાતાવરણ અને ઝાડ-પાન પણ જાણે ગમગીન બની ગયા છે. વાતાવરણ કરૂણાથી ભરાઈ ગયું હતું.



સ્મશાનની નીરવ શાંતિ છવાઈ ગઈ હતી) અને ગૌતમ વીર ....વીર...વી...૨ કરતા કરતા વેદનાના આક્રંદનને કારણે પોતે પોતાનું જ ભાન ભુલી ગયા હતાં...

અચાનક મનના ઉઠતાં તરંગો...અને જીભે બોલતા શબ્દોમાં વારંવાર બોલાતું વીરના નામમાં...કાળ વધુ લાગવા વી...૨ અને વી થી એમને 'વીત...' અને '૨'...થી રાગ...એમ-અચાનક વીર...વીર...બોલતા..તેમનાં મોઢે ''વીતરાગ'' શબ્દ નિકળ્યો...વીર કરતા એમાં બે અક્ષર વધારે છે...પણ વી..૨..અક્ષર તો એમાં પણ છે જ...

ગુણીયાજીમાં કેવળજ્ઞાન....

વીરમાંથી...વીતરાગ શબ્દ યાદ આવતા...એકા એક ગૌતમ સ્થિર થવા માંડયા. અધીરૂ મન શાન્ત થવા માંડયું... કરૂણાભર્યા વિલાપમાંથી મન હવે...ચિન્તામાંથી ચિન્તન તરફ વળવા માંડયું. અને સમજાઈ ગયુ-અરે ખ્યાલ આવી ગયો હે વીર–! તું તો વીતરાગ છે વીત+રાગ=જેનામાંથી રાગ ગયો છે એવો તું રાગરહિત ભગવાન–તુ વીતરાગી– અને હું રાગી–વતરાગી ને રાગ ન હોય...અરે–રે-આ તો મેં મારા મનના રાગના કારણે વિલાપ કર્યો. વીતરાગીને શું હોય ? એ નિર્મોહીને વળી મારા ઉપર મોહ શેનો હોય ?

બસ, ગૌતમ જાને જ પોતાના અંતરાત્માને સમજાવવા માંડયા. રાગમાંથી ગૌતમ પણ વીતરાગતા તરફ વળવા માંડયા. મન સ્થિર થઈ ગયું. વીતરાગતાના ચિન્તનમાં આત્મસ્વરૂપની પૂર્ણતા ચિન્તનમાં આવવા માંડી, અને પછી તો ચમત્કાર...ગૌતમની પોતાની પણ રાગદશા ઓછી થઈ મોહ-મમત્વ તો ગયો. ગૌતમ પણ સાથે મોહનીય કર્મ ખપાવવા લાગ્યા. માત્ર આછાપાતળા પડદાની જેમ અડીનેજ રહેલા મોહનીય આદિ ચાર ઘાતી કર્મો શુકલધ્યાનની આગમાં બળીને ખલાસ થઈ ગયા...અને મંગળ પ્રભાતે ગૌતમસ્વામી અનન્ત-અનુપમ એવું કેવળજ્ઞાન-કેવળ દર્શન પામ્યા. અનન્તજ્ઞાની-સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા.

અમાવાસ્યાની અંધારી રાત વીતી ગઈ. અને આજે ફરી કેવળજ્ઞાનનો-સૂર્ય ઉદય થયો. નવા વર્ષની નવી પ્રભાત સોનેરી કિરણોં લઈને ઉગી...કેવળીનો મહિમા થયો. કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવાયો. ગૌતમસ્વામીએ આજે પ્રથમ કેવળી બનીને દેશના આપી અનેક ભવ્યાત્માઓ બૂઝયા-પામ્યા–તર્યા...ગુણીયાજીની એ પવિત્ર ભૂમિ કેવળજ્ઞાનનું તીર્થ બની ગયું ''દિવાળી દિન ઉપન્યુ રે, પ્રભાતે કેવળજ્ઞાન.

શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું.....

અહંકારોડપિ બોધાય, રાગોડપિ ગુરુભક્તયે ।
વિષાદ : કેવલાયડભૂત, ચિત્રં શ્રી ગૌતમપ્રભો; ॥

ખરેખર આશ્ચર્ય છે કે- ગૌતમસ્વામીનો કરેલો અહંકાર પણ બોધને માટે થયો, રાગ પણ ગુરુભક્તિ માટે થયો-અને ખેદ વિરહ-વિલાપ પણ કેવળજ્ઞાનને અપાવનારો થયો-ખરેખર આશ્ચર્યકારીજ છે..

પચાસ વરસ ઘરમાં વસ્યા ! છદ્મસ્થાએ ત્રીશ,
બાર વરસ લગે કેવળી રે, બાણું તે આયુજગીશ.
જયંકર જીવો ગૌતમસ્વામ.

૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમાં રહ્યા પછી દીક્ષા લીધી. ૩૦ વર્ષ પ્રભુની સાથે છદ્મસ્થાવસ્થામાં રહ્યા. ૮૦ માં વર્ષે કાર્તિક સુદિ ૧ના દિવસે નૂતનવર્ષારંભે કેવળજ્ઞાન પામ્યા. ૧૨ વર્ષ સુધી કેવળી તરીકે વિચર્યા. કુલ ૪૨ વર્ષનું ચારિત્ર પર્યાય પાળ્યું અને ૯૨ વર્ષની અંતિમ ઉંમરે રાજગૃહી પધાર્યા. અન્તમાં ૧ માસના નિર્જલ ઉપવાસ પૂર્વક સંલેષણા કરી, પાદપોપગમ અનશન કરી સદાના માટે માયા છોડી શેષ ચાર ભવોપગ્રાહી અઘાતી કર્મો ખપાવી અનન્તના ધામ મોક્ષે સિધાવ્યા. મોક્ષમાં સદાના માટે શ્રી વીરપ્રભુનો સમાગમ થઈ ગયો અને હવે આ સમાગમ એવો હતો કે કયારેય વિયોગ થવાનો જ નથી. વીરની સાથે થયા-અને વીરના જેવા થયા બસ-સાધવાનું સધાઈ ગયું. પામવાનું પામી ગયા–

ધન્ય ધન્ય શ્રી વીર પ્રભુ.... .... ધન્ય ધન્ય શ્રી ગૌતમ પ્રભુ
જય હો... જય હો... જય હો... .... શ્રી વીર ગૌતમ પ્રભુની જય હો...

૧૧ ગણધર ભગવંતો ની અનોખી વિશેષતા...

ચોવીશે તીર્થંકરોમાં એક માત્ર ચોવીશમાં શ્રી વીરપ્રભુ જ એક એવા તીર્થંકર હતા જેમના સર્વ ગણધરો જાતિએ બ્રાહ્મણ હતા. બીજા કોઈ પણ તીર્થંકર ના નહીં.

ચોવીશમાં થી ૨૩ તીર્થંકર ભગવન્તો ના ગણ અને ગણધરોની સંખ્યા એક સરખી સમાન હતી. જ્યારે ચોવીશમાં મહાવીરપ્રભુના ગણ અને ગણધરોની સંખ્યા વિષમ હતી. એક સરખી ન હોતી. ગણ ૯ અને ગણધરો ૧૧ હતા.

૧૧ ગણધરોમાં સૌથી મોટામાં મોટી ઉંમર ના ગણધર શ્રી સુધર્માસ્વામી ૧૦૦ વર્ષ ના હતા, જ્યારે અંતિમ ૧૧માં ગણધર શ્રી પ્રભાસસ્વામી સૌથી નાનામાં નાની ફક્ત ૪૦ વર્ષની ઉંમરના જ હતા. જેમણે ફક્ત ૧૬ વર્ષની ઉંમરે ૩૦૦ શિષ્યો ના ગુરૂ તરીકેનું પંડિત પદ મેળવ્યુ હતું, અને ૩૦૦ શિષ્યો ને ૧૬ વર્ષ ની ઉંમરથી ભણાવતા હતા. અને ૧૬ વર્ષની ઉંમરે શ્રી વીરપ્રભુ પાસે મોક્ષ વિષયક શંકાનું નિરસન થતા દીક્ષા લીધી હતી અને એજ ઉંમરે ગણધર પદ પર આરૂઢ થયા હતા. ફક્ત ૮ વર્ષ છદ્મસ્થ રહી ૨૪ વર્ષની ઉંમરે કેવળ જ્ઞાન પામી ૧૬ વર્ષ કેવળી તરીકે વિચરી ૪૦ વર્ષની ઉંમરે નિર્વાણ પામી મોક્ષે સિધાવ્યા.

૧૧માં થી ૯ ગણધરો (ઈન્દ્રભૂતિ ગૌતમ અને સુધર્માસ્વામી સિવાય) ભગવાન મહાવીર ની હયાતિમાંજ નિર્વાણ પામી મોક્ષે સિધાવ્યા હતા. જ્યારે ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી વીર પ્રભુના નિર્વાણ પછી ક્રમે ૮ અને ૧૨ વર્ષ પછી નિર્વાણ પામ્યા હતા.

ચોવીશે તીર્થંકરોમાં ફક્ત ભગવાન મહાવીર સ્વામીના જ ૧૧ ગણધરો માં ૩ સગા ભાઈઓ હતા. ૧) ઈન્દ્રભૂતિ, ૨) અગ્નિભૂતિ અને ૩) વાયુભૂતિ ગૌતમ.

અગિયારે ગણધરો સમચતુરસ્ર સંસ્થાન, અને વજ ઋષભનારાચ સંઘયણવાળા હતા.

એક પણ ગણધર સ્વતંત્ર મનઃપર્યવજ્ઞાન નથી પામ્યા. બધા સીધા કેવળજ્ઞાનજ પામ્યા છે.

શ્રી વીરપ્રભુ ના બધા જ ગણધરો રાજગૃહી તીર્થે એક માસનું અનશન કરીને નિર્વાણ પામી મોક્ષે સિધાવ્યા હતા.

ચોવીશે તીર્થંકર ભગવંતો માં ફક્ત એકલા શ્રી વીરપ્રભુના જ બધા ગણધરો શંકાઓનું સમાધાન કરવા આવ્યા અને હાર સ્વીકારીને દીક્ષા ગ્રહણ કરી હતી. અને પરમાત્મા શ્રી મહાવીર દેવે તે અગિયારે શંકા વાદીઓને ગણધર પદ આપ્યું હતું.

ચોવીશે તીર્થંકરોમાં ફક્ત એકલા શ્રી વીરપ્રભુના જ બધા ગણધરો વ્યવસાયે અધ્યાપક હતા. વેદપાઠી કર્મકાંડી પંડિતો હતા.

ચોવીશે તીર્થંકરોમાં એકલા શ્રી વીરપ્રભુના જ બધા ગણધરો એવા હતા જેમને સંસારી પણાથીજ ૫૦૦, ૩૫૦ અને ૩૦૦ જેટલી મોટી સંખ્યામાં શિષ્યો હતા. જે દીક્ષા લેતાની સાથે પાછા બધાએ દીક્ષા લઈ શિષ્ય જ રહ્યા હતા.

દીક્ષા લેતાની સાથે જ અને ગણધર પદ મળતાની સાથે જ સેંકડોની સંખ્યામાં શિષ્યો ફક્ત શ્રી વીર પ્રભુના જ ૧૧ ગણધરોને હતા.

સૌથી ઓછામાં ઓછા કેવળી પર્યાય માં ફક્ત ૮ વર્ષ સુધી સુધર્માસ્વામી રહ્યા. જે ઉંમરમાં સૌથી મોટા ૧૦૦ વર્ષના હતા. જ્યારે ૧૧માં સૌથી વધુમાં વધુ કેવળી પર્યાયમાં ૮ માં ગણધર શ્રી અકંપિતસ્વામી ૨૧ વર્ષ સુધી કેવળીતરીકે રહ્યા. તેમનુ કુલ આયુષ્ય ૭૮ વર્ષનું હતું.

આત્મસિદ્ધિ

શંકા : આત્મા છે કે નહીં ?

दट्ठूण कीरमाणीं-महिमं देवेहिं जिणवरिदस्स ।
अह एइ अहंम्माणी अमरिसिओ इंदभूइत्ति ॥ नि.१४८ ॥

–પ.પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામિને નમસ્કારપૂર્વક...

પૂર્વ પીઠિકા.....

વૈશાખ સુદિ ૧૦ ની તિથિના પવિત્ર દિવસે ૧૨॥ વર્ષની ઘોર સાધનાના યોગે ચાર ઘનઘાતિ કર્મોનો ક્ષય કરી અનન્ત વસ્તુના વિષયવાળું અનુપમ એવું કેવળજ્ઞાન-કેવળદર્શન પામી શ્રી વીર પરમાત્મા સર્વજ્ઞ, સર્વદર્શી બન્યા. વીતરાગી તીર્થંકર બન્યા. સમસ્ત ચરાચર વિશ્વ અને તેમાં રહેલા સર્વે પદાર્થો તેની અનન્ત પર્યાયો અનન્ત ગુણો સાથે ત્રણે કાળની બાધા રહિત પ્રભુને સ્પષ્ટ દેખાવા માંડ્યા- જણાવા માંડયા. એટલે પ્રભુ ત્રિકાળાબાધિત રીતે ત્રણે કાળના પદાર્થોને-ભાવોને હસ્તામલકવત્ અર્થાત્ હાથમાં આમળાની જેમ જોવા લાગ્યા. વૈશાખ શુદિ ૧૦ની તિથિએ ઋજુવાલિકા નદીના કાંઠે દેવતાઓએ કરેલા કેવળજ્ઞાન મહોત્સવમાં દેશના આપીને વેશાખ સુદિ ૧૧ ના પવિત્ર દિવસે પ્રભાતે વિહાર કરીને અપાપાપુરી નગરીમાં મહસેન ઉદ્યાનમાં પધાર્યા. દેવતાઓએ સમવસરણની રચના કરી. અષ્ટપ્રાતિહાર્યાદિ ગુણોથી શોભતા પરમાત્મા શ્રી વીરપ્રભુ દેશના આપવા બિરાજમાન થયા. નગરજનો શ્રવણાર્થે ઉમટ્યા. દેવતાઓ પણ આવ્યા. યજ્ઞ મંડપ ઉપરથી દેવતાઓને જતા જોઈને સોમિલવિપ્રે આરંભેલા યજ્ઞમાં ઉપસ્થિત ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ વિદ્વાન પંડિતો વિસ્મય પામ્યા. અને પરસ્પર ચર્ચા વિચારણા કર્યા પછી દેવતાઓ વડે જિનેશ્વર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીનો મહિમા કરાઈ રહ્યો છે એમ સાંભળીને મત્સરવૃત્તિથી અભિમાનથી ભરેલા પ્રથમ પંડિત શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ ૫૦૦ શિષ્યો સાથે સમવસરણે આવ્યા. માર્ગમાં આવતા અભિમાનદશાની વિચાર તરંગો ખૂબ ચાલી (જેનું વર્ણન આપણે કરી ગયા છીએ) એમ વિચારતા વિચારતા સમવસરણે આવ્યા.

आभट्टो य जिणेणं जाइजरामरणविप्पमुक्केणं ।
णामेण य गोत्तेण य सव्वण्णू सव्वदरिसीणं ॥ नि. १४९ ॥

જન્મ-જરા મરણથી મુકત અને સર્વજ્ઞ-સર્વદર્શી એવા જિનેશ્વર ભગવંત શ્રી મહાવીરસ્વામીએ ઈન્દ્રભૂતિ ગૌતમને નામ-અને ગોત્રથી બોલાવ્યા. વીરપ્રભુની મીઠી-મધુરી વાણીનો આવકાર મળતા ઠંડા થઈ ગયેલા ઈન્દ્રભૂતિ ગૌતમ ૫૦૦ શિષ્યો સાથે સમવસરણના પગથીયા ચઢયા.

किं मन्ने अत्थि जीवो उयाहु नत्थित्ति संसओ तुज्झ
वेयपयाण य अत्थं ण याणसी तेसिमो अत्थो ॥ नि. १५० ॥

– અંતર્યામી શ્રી જગદીશ્વર વીર પ્રભુએ અનન્ત જ્ઞાનથી ગૌતમના મનની શંકા તથા મનોગત ભાવ જાણીને એની શંકા સાથે સંબોધન કરતા કહ્યું - 'આત્મા છે કે નથી? એવી શંકા ધરાવનારા હે ગૌતમ ! ભલે આવ્યા. વેદપદોના અર્થ બરોબર ન કરવાથી આવી શંકા તમને થઈ છે. આ સંશય તમારો 'આત્મા વિષયક' સંશય છે. એટલે હવે તમારી એવી માન્યતા થઈ ગઈ છે કે 'આત્મા નથી' આત્મા નામની કોઈ વસ્તુ આ સંસારમાં અસ્તિત્વ ધરાવતી નથી.

વેદ શું છે – એક પરિચય....

જગતમાં વિદ્યમાન સર્વ ધર્મોના મુખ્ય પવિત્ર ધર્મગ્રન્થો છે. જેમ જૈનોમાં પવિત્ર ધર્મ ગ્રંન્થોને આગમ કહીએ છીએ, બૌદ્ધ ધર્મમાં ત્રિપીટકો પવિત્ર ધર્મગ્રંથ છે. બાઈબલ એ ક્રિશ્ચીયનોનો, કુરાન એ ઈસ્લામનો પવિત્ર ધર્મગ્રન્થ છે, એ જ પ્રમાણે વૈદિક હિન્દુ ધર્મનો મૂળભૂત મુખ્ય ગ્રન્થ 'વેદ' છે. વેદ-વેદાન્ત, પુરાણ, શ્રુતિ-સ્મૃતિ આદિ ગ્રન્થો પ્રસિદ્ધ છે, વૈદિક મતાનુયાયિયોની એવી માન્યતા છે કે 'વેદો અપૌરૂષેય –વેદ અપૌરૂષેય છે, અર્થાત્ કોઈ પુરૂષ દ્વારા બનાવેલા-રચેલા નથી. વેદ–અનાદિ કાળથી છે. સૃષ્ટિનો કર્તા ઈશ્વર છે, પરન્તુ વેદ તો ઈશ્વરે પણ નથી બનાવ્યા. ઉલ્ટુ ઈશ્વર વેદમાં જોઈને વેદ પ્રમાણે સૃષ્ટિની રચના કરે છે. વેદ કોઈના દ્વારા બનાવવામાં-રચવામાં કે લખવામાં આવ્યા છે એ વાત વૈશેષિક,નૈયાયિક, સાંખ્ય,મીમાંસકાદિ વૈદિક મતાવલમ્બી નથી માનતા. માટે વેદ પુરુષ જન્ય નથી. આવા વેદ ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ,સામવેદ. આ વેદોમાં સમસ્ત વિશ્વનું જ્ઞાન ભરેલું છે. જે વેદમાં નથી. એ બહાર કયાંય નથી. અને બહાર વિશ્વમાં જે કંઈ પણ છે તેનું મૂળ વેદ છે. એવી વૈદિકોની માન્યતા છે. માટે જ વેદાનુયાયિ તે વૈદિક કહેવાય. વેદને ન માને તેને તેઓ નાસ્તિક કહે છે. અને વેદને માને, વેદમાં લખેલું બધું માને તેને તેઓ આસ્તિક કહે છે.

વેદ પદોમાંથી શંકા....

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ ગૌતમને કહ્યું - હે ગૌતમ ! એ વેદોનું અધ્યયન-અભ્યાસ કરતી વખતે જે વેદના પદો-શ્લોકો આવ્યા તેમનો અર્થ સાચો,યથાર્થ ન થતા, અને પરસ્પર ભિન્ન ભિન્ન વિરોધાભાસી શ્લોકો વાંચતા તમને શંકા થઈ છે. અર્થાત્ એક શ્લોક વાંચતા તેમાં 'આત્મા નથી' એવો અર્થ તેં કાઢયો અને બીજી બાજુ બીજા વેદ પદોમાં જયાં આત્માનું સ્પષ્ટ વર્ણન છે. એટલે વેદ પદોમાં પણ પરસ્પર મેળ નથી- સરખાપણું નથી. એથી હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! તું સંશયમાં પડયો કે આત્મા છે કે નહીં ? અને પછી તેં મનમાં નક્કી કરી લીધું - તું એક નિશ્ચય ઉપર આવી ગયો કે 'આત્મા નથી.'

વેદ વાકય અને તેનો અર્થ.....

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय ।
तान्येवाऽनुविनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति ।।

અર્થાત્– વિજ્ઞાનના સમુદાયરૂપ આત્મા પૃથિવ્યાદિ ભૂતોમાંથી ઉત્પન્ન થઈને પાછો તે જ ભૂતોમાં નષ્ટ થઈ જાય છે. તેથી પરલોકની સંજ્ઞા નથી રહેતી (અર્થાત્ મર્યા પછી પુનર્જન્મ નથી રહેતો.) કારણ કે આત્મા નથી તો પછી પુનર્જન્મ કોનો ? હે ગૌતમ ! આવી રીતે ઉપર -ઉપરની દષ્ટિએ અર્થ કરવાથી તને એવી શંકા મનમાં દૃઢ થઈ ગઈ કે આત્મા નથી. એક બાજુ આ શ્લોકનો અર્થ કરીને આત્મા નથી એ તેં નક્કી કર્યું. અને વળી બીજી બાજુ, બીજા વેદના વાકયો એવા છે કે જે સ્પષ્ટ 'આત્મા છે', 'પરલોક છે' એ વાતનું સમર્થન કરે છે જેવા કે 'स वै अयमात्मा ज्ञानमयः' અર્થાત્ તે આ આત્મા જ્ઞાનમય છે. 'न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरं वा वसन्ते प्रियाप्रिये न स्पृशतःइत्यादि' - આ વેદવાકયોથી જીવ છે એમ કહ્યું છે. અને 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकाम :' અર્થાત્ સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. આમાં અગ્નિહોત્ર યજ્ઞના ફળની વાત કરી છે. જેથી પરલોક છે. સ્વર્ગ વગેરે છે. એવી પરસ્પર વિરોધી બે વાતો, બે જાતના શ્લોકો આવવાથી તું મુંઝાઈ ગયો. વિમાસણમાં પડ્યો. અને તને સંશય થયો કે આમાંથી શું નક્કી કરવું ? આત્મા છે કે નહીં ?

અને અભિમાનવૃત્તિ હોવાથી કોઈને પૂછવાથી માન ઘવાશે, હીલના થશે, નાનપ આવશે એ ભયથી એકબીજાએ પરસ્પર પણ અન્દર અન્દર, અન્યોન્ય કોઈને પૂછયું પણ નહીં. અને વર્ષો થયા મનમાં શંકા ઘર કરી ગઈ. અને માટીમાં પાણી મળીને કાદવ થાય તેમ ઉપરોકત વેદપદોથી થયેલી શંકાને પ્રત્યક્ષાદિથી આત્મા ન દેખાતો હોવાથી ટેકો મળ્યો. કારણ કે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આદિ પ્રમાણોથી પણ આત્મા કયાં સાબિત થાય છે ? આત્મા નજરે તો દેખાતો નથી-માટે 'આત્મા નથી' એ જ પક્ષ સાચો છે, એમ માની

તેં મનમાં પાકો નિર્ધાર કરી લીધો કે આત્મા છે જ નહીં. આ વાતને પૂજયજિનભદ્રગણી ક્ષમાશ્રમણજી મહારાજ વિશેષાવશ્યકભાષ્યમાં જણાવે છે કે–

जीवे तुह संदेहो पच्चक्खं जं न घिप्पई धडोव्व ।
अच्चंता पचंक्खं च नत्थि लोए खुपुप्फं व ॥ १५४९ ॥

જેમ-ઘડો વગેરે નજર સામે આંખથી સ્પષ્ટ દેખાય તેમ આત્મા તો દેખાતો નથી.ખરેખર જે લોકમાં અત્યન્ત પ્રત્યક્ષ નથી એવા આકાશપુષ્પ વગેરે જેમ વિદ્યમાન નથી. તેમ આંખેથી પ્રત્યક્ષ ન દેખાતો આત્મા પણ નથી. એવો હે ગૌતમ ! તને સંશય છે, એવી તારી માન્યતા છે.

न य सो अणुमाणगम्मो जम्हा पच्चक्खपुव्वयं तंपि ।
पुव्वोवलद्धसंबंधसरणओ लिंग - लिंगीणं ॥ १५५० ॥

–વળી આત્મા અનુમાનથી પણ સાબિત નથી થતો. કારણ કે પહેલાં તો અનુમાન માટે પણ પ્રત્યક્ષની જરૂર તો પડે જ છે. અને જે વસ્તુનું કદી પણ પ્રત્યક્ષ થયું જ નથી. તેનું અનુમાન તો થઈ જ કયાંથી શકે ? પરોક્ષ અગ્નિના અનુમાન માટે ધુમડા પ્રત્યક્ષની જેમ અનિવાર્ય આવશ્યકતા છે. એ જ પ્રમાણે અપ્રત્યક્ષ આત્માના અનુમાન માટે કોનો પ્રત્યક્ષ થાય ? અને સાધ્ય-સાધના ના સંબંધના સ્મરણપૂર્વક અનુમાન થાય છે. માટે આત્મા નથી એવી તારી માન્યતા થઈ ગઈ છે.

नागमगम्मोऽवि तओ भिज्जइ जं नागमोऽणुमाणाओ ।
न य कस्सइ पञ्चक्खो जीवो जस्सागमो वयणं ॥ १५५२ ॥
जं चागमा विरुद्धा परोप्परमओऽवि संसओ जुत्तो ।
सव्वप्पमाण विसयाईओ जीवोत्ति ते बुद्धि ॥ १५५३ ॥

–આગમ એટલે શાસ્ત્ર પ્રમાણ અને આગમ પ્રમાણ ને પણ અનુમાન પ્રમાણની અંતર્ગત ગણી લઈએ તો તે કોઈ સ્વતંત્ર પ્રમાણ નથી. દ્રષ્ટાર્થવિષયક આગમ અને અદ્રષ્ટાર્થ વિષયક આગમ. એમ બન્ને પ્રકારના આગમમાં આત્મા સિદ્ધ થઈ શકે તેમ નથી. કારણ કે આત્માનો કોઈએ પ્રત્યક્ષ અનુભવ કર્યો જ નથી. તો પછી આગમ પ્રમાણોથી આત્મા સિદ્ધ થવાની વાત જ કયાં રહી ? એટલે હે ગૌતમ ! પ્રત્યક્ષ, અનુમાન, આગમ આદિ અનેક પ્રમાણોંથી જયારે આત્મા પ્રત્યક્ષ થતો નથી જણાતો, એટલે પછી આત્મા માનવાનો સવાલ જ કયાંથી ઉત્પન્ન થાય ? જે પદાર્થ જાણવા યોગ્ય એવા કોઈ પણ પ્રમાણોથી જણાતો જ ન હોય તો તેની સત્તા કેવી રીતે માનવી ? માટે 'આત્મા નથી' એવી તારી માન્યતા છે. આ પ્રમાણે પૂર્વપક્ષમાં આત્મા નથી એવી ઈન્દ્રભૂતિ ગૌતમની માન્યતા સાથે તેની શંકા તથા શંકાનું કારણ દેખાડયુ છે. અને એ જ પ્રમાણે ઉપમાન, અર્થાપત્તિ, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા,

તર્ક, આદિ પ્રમાણોથી પણ આત્મા સિદ્ધ થાય છે. હવે ક્રમશઃ એક એક પ્રમાણથી આત્મા સિદ્ધ કેવી રીતે થાય છે તે જણાવવામાં આવે છે.

વેદ પદથી આત્મસિદ્ધિ.....

હે ગૌતમ ! સર્વ પ્રથમ તો જે વેદના શ્લોકના વીપરીત અર્થથી તને 'આત્મા નથી' એવી શંકા થઈ છે તે વેદપદનો વાસ્તવિક અર્થ કરીને આત્મસિદ્ધિ કરી બતાવુ છું. તે આ પ્રમાણે છે–

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय ।
तान्येवाऽनु विनश्यति न प्रेत्यसंज्ञास्ति ।।

"विज्ञानघन" એટલે જ્ઞાન-દર્શનના ઉપયોગરૂપે જે વિજ્ઞાન તેના સમુદાયરૂપ જે આત્મા "एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय" પૃથ્વી-જલ વાયુ-અગ્નિ આકાશાદિ ભૂતો થકી ઉત્પન્ન થયેલામાં આ ઘટ છે, આ પટ છે ઈત્યાદિ પ્રકારે તે તે ઘટ-પટરૂપ ભુતોના વિકારરૂપે ઉત્પન્ન થઈને "तान्येवाऽनु विनश्यति" અર્થાત્ તે જ ઘટ-પટ આદિ ભૂતવિકારજન્ય પદાર્થોના નષ્ટ થઈ જવાથી તે ઘટાકાર પટાકાર ઉપયોગાત્મક આત્મા પણ નાશ પામે છે, તેથી 'प्रेत्यसंज्ञास्ति' કહ્યું છે. પરન્તુ એક પદાર્થની જ્ઞાનાકારતારૂપ ઉપયોગ નષ્ટ થઈ બીજા પદાર્થની જ્ઞાનાકારતા રૂપ ઉપયોગમય આત્મા ઉત્પન્ન થાય છે. એટલે એક પદાર્થ નષ્ટ થવાથી તે પદાર્થની સાથે તેનું જ્ઞાન નષ્ટ ન થઈ જાય. જયારે જયારે માટીમાંથી બનેલો ઘડો આપણી આંખ સામે આવે છે. ત્યારે આત્માને ઘટાકાર જ્ઞાન થાય છે. અર્થાત્ 'આ ઘડો છે.' એવું જ્ઞાન થયું. એને ઘટ ઉપયોગાત્મક જ્ઞાન કહીએ છીએ. ઘટ એ પદાર્થ જ્ઞેય (જાણવા યોગ્ય) છે, અને ઘટજ્ઞેય પદાર્થનું જ્ઞાન ઘટાકાર ઉપયોગાત્મક જ્ઞાન હવે ભૂતજન્ય માટીનો ઘડો ફુટી જાય અને ઘડો ફરી માટીમાં મળી ગયો તો શું ઘડો ફુટતાની સાથે ઘડાનું જે જ્ઞાન આપણને હતું કે 'આ ઘડો છે.' એ જ્ઞાન પણ નષ્ટ થઈ જાય ? ના, એ જ્ઞાન નષ્ટ નથી થતું. પરન્તુ એ ઘડો નજર સામેથી જાય અને પછી બીજો પદાર્થ નજર સામે આવે તે વખતે આત્મા બીજા પદાર્થના જ્ઞાન વાળો થાય છે. હવે મને પટનું જ્ઞાન છે. હવે મારો આત્મા પટાત્મક જ્ઞાનવાળો છે. પટાકાર જ્ઞાનવાળો છે. એમ આપણે કહીએ છીએ. એટલે જયારે પટનું જ્ઞાન છે ત્યારે અર્થાત્ તે ક્ષણે ઘટનું જ્ઞાન કયાંથી હોય ? વર્તમાનકાળ અલ્પ હોય છે. અને વર્તમાનકાળે આત્માની સામે જે વખતે જે પદાર્થ હોય છે. તે વખતે આત્મા તે પદાર્થના જ્ઞાનવાળો કહેવાય. પરન્તુ ભૂતકાળના પદાર્થવાળો ઉપયોગ અત્યારે નથી રહેતો. એક ક્ષણે એક જ ઉપયોગ રહે છે. એટલે ઘટ ફૂટી જવાથી ઘટાકાર ઉપયોગ ગયો, અને નવો પદાર્થ પટ આવ્યો એટલે આત્મા હવે પટાકાર ઉપયોગવાળો થયો. એટલે એક (જ્ઞાન)નું ચાલ્યા જવું અને બીજા જ્ઞાનનું ઉત્પન્ન થવું

એ ક્રમ છે. પરંતુ એનો અર્થ એમ નથી થતો કે આત્મા છે જ નહીં ? એમ નહીં, આત્મા છે તો જ બીજા ઉત્પન્ન પદાર્થનું જ્ઞાન થયું. જ્ઞાનની પ્રક્રિયામાં આત્મા તે તે પદાર્થના જ્ઞાનાકાર વાળો થાય છે. ઘટને જોઈને ઘટાકાર જ્ઞાનવાળો આત્મા, પટાકાર જ્ઞાનવાળો આત્મા. એમ કહેવાય છે. કારણ જ્ઞાન અને આત્મા અભિન્ન છે. એટલે જ્યારે હું ઘટને જોઉ છું ત્યારે મારો આત્મા ઘટાકાર ઉપયોગ (જ્ઞાન) વાળો છે, અને ઘટ ફુટી જતા તે ઘટાકાર ઉપયોગવાળું જ્ઞાન ખસી જાય છે. અને સામે નવા ઉપસ્થિત થયેલ પટના આકાર વાળું જ્ઞાન થાય છે. આત્મા જ્ઞાનાત્મક જ છે. આત્મા સદા જ્ઞાનમય જ હોય છે. આત્મા અને જ્ઞાનનો અભેદ સંબંધ છે. પરન્તુ જ્ઞેય પદાર્થ પ્રમાણે ઉપયોગો બદલાતા જાય છે.

ઈન્દ્રિય નષ્ટ થવા છતા જ્ઞાન રહે છે....

સંભવ છે કે ૫૦ વર્ષની ઉંમરે કોઈની આંખો જતી રહી હોય અને દેખાવાનું બંધ થઈ ગયું તો શું એ વ્યકિતએ ૫૦ વર્ષ સુધીમાં અનેક વસ્તુઓ જે જોઈ હતી, તેથી જે તેને જ્ઞાન થયું હતું. એ બધુ કયાં ગયું ? આંખો જવા છતાં પણ જ્ઞાન તો રહે જ છે. આંખે દેખાતું હતું ત્યારે જે જ્ઞાન થયું હતું અને હવે આંખો ગયા પછી પણ તેને પૂછવામાં આવે કે ઘટ-પટ વગેરે પદાર્થો તમે જે જોયા હતા તેનું જ્ઞાન તમને છે કે નહીં ? તે જરૂર હા પાડશે. એવી રીતે ઈન્દ્રિય નષ્ટ થઈ જવા છતાં પણ જ્ઞાન રહે છે. કદાચ કોઈ જન્મથી અંધ છે અને ઘટ-પટ નજરે તો જોયા જ નથી તો પછી એને શું ઘટ-પટનું જ્ઞાન થઈ શકે કે નહીં ? જરૂર થાય. આંખ એવી એક ઈન્દ્રિયથીજ જ્ઞાન થાય અને બીજી ઈન્દ્રિયથી જ્ઞાન ન થાય એવો નિયમ નથી. જન્માંધ હાથથી સ્પર્શ કરીને, શ્રવણેન્દ્રિયથી સાંભળીને પણ આ ઘટ-પટ છે એવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

આંખ જૂએ છે કે આંખ વડે જોઈએ છીએ .....?

'વડે' એ કરણ અર્થમાં તૃતિયા વિભકિત છે. આ બન્ને પ્રકારની વાકય રચનામાં ક્યુ વાકય વ્યાકરણ શુદ્ધ અને સાચું છે ? શું પહેલું વાકય - આંખ જૂએ છે એ બરોબર છે ? કોઈને પણ પૂછતા-તે ક્યારેય નહીં કહી શકે કે-આંખ જૂએ છે. કારણ જો એમ કહે તો મડદાને પણ બન્ને આંખો તો છે. આંખો ખુલ્લી પણ હોય તો શું મડદું જૂએ છે ખરું? ના પાંચે ઈન્દ્રિયો મડદાને છે. તો પણ હવે એક પણ ઈન્દ્રિય કામ નથી કરતી. હવે જોવાનું, સુંઘવાનું, ખાવાનું, સાંભળવાનું બધું જ બંધ છે.

એટલે આંખ વડે જોઈએ છીએ. કાન વડે સાંભળીએ છીએ. નાક વડે સુંઘીએ છીએ, જીભ વડે ચાખીએ છીએ. આ દરેક વાકયમાં કરણ અર્થમાં તૃતીયા વિભકિતનો વાચક 'વડે' વાપર્યો છે. સર્વ સામાન્ય પ્રતીતિ આ જ છે. આંખ વડે જોઈએ છીએ એમ કહેવાથી એ સાબિત થાય છે કે જોનાર કોઈ જૂદો છે અને જેના વડે જોઈએ છીએ તે આંખ તો

સાધન માત્ર છે. મડદાને સાધન આંખ તો છે પરન્તુ જોનાર અંદર કોઈ હવે રહ્યો નથી. એટલે આંખ હોવા છતાં પણ એ જોઈ નથી શકતો. કારણ કે -કરણથી પણ કર્તા વધારે મહત્ત્વનો છે. અહીંયા જોનાર, સાંભળનાર, ચાખનાર, બોલનાર, ખાનાર, સ્પર્શ કરનાર કોઈ જૂદો જ છે. અને તે છે આત્મા, તેને આત્મા શબ્દથી નવાજો, કે જીવ કહો, અથવા ચેતન કહો. શબ્દ ગમે તે વાપરો પણ આ જોવા આદિની ક્રિયાનો કરનાર કર્તા કોઈ છે ખરો અને આ ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા પણ છે ખરો. એટલું તો જરૂર સિદ્ધ થાય જ છે. અને તે છે આત્મા. આત્માની ઉપસ્થિતિમાં બધી ઈન્દ્રિયો કામ કરે છે. પછી સંભવ છે આઘાત-પ્રત્યાઘાતથી ઈન્દ્રિયોની શકિત નષ્ટ થઈ ગઈ હોય અથવા ઈંદ્રિય નષ્ટ થઈ ગઈ હોય તો પણ આત્મા તો રહે જ છે.

વ્યાપ્તિ નિયમનો પ્રશ્ન – જ્યાં જ્યાં ઈન્દ્રિયો રહે ત્યાં ત્યાં આત્મા રહે ? કે સંસારમાં જ્યાં જ્યાં આત્મા રહે ત્યાં ત્યાં ઈન્દ્રિયો રહે ?

ઉત્તર– ઈન્દ્રિયો રહે ત્યાં આત્મા ફરજિયાત રહે જ. એમ કહેશો તો મૃત શરીર મડદાને પણ ઈન્દ્રિયો તો છે જ, પરન્તુ આત્મા નથી. મડદાની પણ આંખ સુંદર છે. વ્યવસ્થિત છે. એની આંખનો પરદો વગેરે બધુ જ જેવું હતું એવું જ છે. છતાં કેમ નથી દેખાતું ? તેનું કારણ એક જ કે અન્દરનો જોનાર ચાલ્યો ગયો છે. (જીવ જતો રહ્યો છે) જોનાર તે આત્મા. હવે તેના ગયા પછી જૂએ છે કોણ ? પરન્તુ માનવી મરી ગયા પછી ઘણાં 'ચક્ષુદાન' કરે છે. એ મૃતકની ચક્ષુઓ તાત્કાલિત કાઢી નાંખવામાં આવે અને તે જ બીજા કોઈને લગાડવામાં આવે છે. તો જેને તે આંખો બેસાડી છે તે જોઈ શકે છે. પણ મડદું નથી જોઈ શકતું. આમાં કારણ આત્મા જ છે, એટલે સર્વ ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા કોણ ? એ પ્રશ્નના ઉત્તરમાં આત્મા જ કહેવો પડશે. માટે સંસારમાં જે જે આત્મા છે તે તે ઈન્દ્રિય વાળો જ છે. જ્યાં જ્યાં સંસારમાં આત્મા છે ત્યાં ત્યાં ઈન્દ્રિયસહિત જ છે. એવો એક પણ જીવ આ સંસારમાં નથી કે જે ઈન્દ્રિયવિનાનો હોય. સંભવ જ નથી. કારણ કે જીવને સંસારમાં રહેવા માટે શરીર તો જોઈએ જ. સંસારમાં જીવ શરીર વિના રહી શકે જ નહીં. કોઈ પણ પાત્રના આધાર વિના પ્રવાહી દ્રવપદાર્થ એવું પાણી કેવી રીતે રહે ? પાણી એ પ્રવાહી દ્રવપદાર્થ છે તો તેને રહેવા માટે કોઈ પણ આધારભૂતપાત્ર તો જોઈએ જ. ભલે પછી તે આધારપાત્રનો આકાર ગમે તે હોય. વાટકો, ગ્લાસ, જગ, ઘડો, બોટલ, બાલ્ડી, (ડોલ) તપેલું, તાસ, માટલું, ટાંકી, કે કોઠી આદિ. પાત્ર કેવા આકારનું છે તે મહત્વનું નથી. પણ પાત્રનું હોવું મહત્વનું છે. એમ દ્રવ્ય એવા આત્મા નામના પદાર્થને પણ સંસારમાં રહેવા માટે આધારભૂત પાત્ર તે શરીરનું હોવું અનિવાર્ય છે. સાવ શરીર વિના અશરીરી થઈ ને જે રહે તે તો સિદ્ધાત્મા, મુકતાત્મા કહેવાય. અને જે શરીરમાં

રહે તે સંસારી આત્મા કહેવાય. પછી તે આધારપાત્ર શરીર ગમે તે આકારનું હશે તો પણ ચાલશે. આકારનું મહત્વ નથી. શરીર બે પગનું હોય તો પણ શું, અને ચાર પગનું હોય તો પણ ચાલશે, છ પગનું, આઠ પગનું, ૧૬ પગનું, ઘણાં પગનું અથવા પગ વગરનું શરીર પણ ચાલે. પણ શરીર હોવું જોઈએ.

શરીર–ઈન્દ્રિયો અને આત્મા....

એક મકાન છે તો એમાં કોઈ રહેનાર મકાન માલિક પણ હોવો તો જોઈએ જ ને? મકાન એ માલિક નથી અને માલિક એ મકાન નથી. બન્ને જુદા છે. પણ મકાનમાં રહેનાર માલિક હોય છે. અને મકાન ઘર હોય, તો તે ઘરને બારી-બારણાં પણ હોય તો ખરા કેમ નહીં? જરૂર હોય, એવું એક પણ ઘર નથી કે જેના બારી બારણાં જ ન હોય તે સંભવ જ નથી. ભલે ઓછા-વધારે હોય તે સંભવ છે. પણ હોવા જોઈએ. એમ અહીયાં પણ આત્માને રહેવા માટેનું મકાન–ઘર તે શરીર. તેને આપણે શરીરના નામથી ઓળખીએ છીએ. અને આ શરીરીમાં રહેનાર માલિક તે શરીરી. શરીરી તે જ આત્મા. શરીરી આત્મા શરીરથી જૂદો છે. શરીર એનું રહેઠાણ-ઘર છે. અને આ ઘરનો માલિક તે શરીરી-આત્મા છે.

હવે ઘરના બારી બારણાંની જૈમ શરીરરૂપી મકાનના બારી-બારણાં તે આપણી ઈન્દ્રિયો. કહ્યું છે કે- Our senses are gateways of our body : Our senses are Windows of our body house. આપણી ઈન્દ્રિયો તે આ શરીરરૂપી મકાનની બારીઓ છે. બારી-બારણાં છે. જેના વડે અંદર બેઠેલો આતમરામ આંખમાંથી બહારનું જોઈ શકે છે. કાન વડે સાંભળી શકે છે. જેમ એક મકાનની બારીમાંથી માણસ રસ્તા ઉપર જતા વરઘોડા કે સરઘસને જોઈ શકે છે. તેમ આત્મા શરીરરૂપી મકાનમાં રહીને ઈન્દ્રિયોરૂપી બારી-બારણાઓમાંથી બહારનું જોઈ શકે છે. માટે શરીરનો માલિક અને ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા તે આત્મા જ છે. ઈન્દ્રિયો કરણ છે અને આત્મા કર્તા છે, શરીર આધાર છે. આત્મા તેમાં રહેનાર આધેય અધિષ્ઠાતા છે. માટે આત્મા છે.

ભાષાશાસ્ત્રીય પ્રમાણોથી આત્મસિદ્ધિ.....

સંસારમાં વ્યવહારનું પ્રધાન સાધન ભાષા છે. ભાષા જ અરસપરસ મનુષ્યો વચ્ચે વ્યવહાર ચલાવે છે. ભાષા જ વ્યવહારમાં પણ સંબંધો બાંધે છે. અને સંબંધ બગાડે પણ છે, અને સંબંધ તોડે પણ છે. દરેક દેશવાસી પોત-પોતાની ભાષા બોલે છે. ભાષામાં શબ્દો છે અને તે તે શબ્દોના અર્થો છે. શબ્દ એ અર્થનો વાચક છે, દ્યોતક છે, પ્રકાશક છે શબ્દથી જ ભાવ સમજી શકાય છે. આ ભાષાની શુદ્ધિ-અશુદ્ધિ માટે તેનું વ્યાકરણ છે. વ્યાકરણ શબ્દોની સિદ્ધિ કરે છે, વ્યાકરણ વાકય રચના કરે છે, વાકય શુદ્ધિ કરે છે. દા.ત. 'જીવ

ગયો' એ એક વાક્ય છે. જીવ નથી, 'આત્મા નથી' 'આત્મા છે જ નહીં' 'આત્મા ગયો' વગેરે આ બધા વાક્યો વ્યાકરણ સિદ્ધ છે. વ્યાકરણ સિદ્ધ વાક્યો કે પદોનો ભાષામાં પ્રયોગ થાય છે.

'જીવ જાય છે' 'જીવ ગયો'....

ભાષાકીય વ્યવહારમાં આ વાક્યો પ્રસિદ્ધ છે, દા.ત. એક પ્રસંગ છે માણસ હોસ્પિટલમાં પથારીમાં પડ્યો છે સખત બિમારીમાં પટકાયેલો છે. હોસ્પિટલમાં ભર્તી કરવામાં આવતા તેની તાત્કાલિક સારવાર થઈ રહી છે. તેને નાકમાં નળી ભરાવી OXYZEN ઉપર રાખેલ છે. અન્તિમ અવસ્થા છે. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. છેલ્લા શ્વાસોશ્વાસ છે. અને અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે...આ પ્રસંગે સગા-સંબંધીઓ જે બધા ભેગા થયા છે તેઓ બધા પરસ્પર વાતચિત કરી રહ્યા છે...હમણાં માથું હલાવ્યું હતું...હમણાં આંખ ખોલી હતી...છે...છે હજી જીવ છે. હજી જીવ છે... હજી જીવ ગયો નથી...ખરેખર એમનો જીવ બહુ મુંઝાય છે. 'ઘણો જ મુંઝાય છે.' બિચારાનો જીવ ઘણો રીબાય છે... આવી વાતો અંદર અંદર ચાલતી હોય છે. છેલ્લી ઘડીએ મરનારનો પુત્ર પુત્રી-પિતા -માતા વગેરે સગાવહાલા દુરથી દોડતા...દોડતા હાંફતા...આવે અને બધા જ અચાનક રાજી થઈ જાય અને કહે...કાકા ! તમારો દીકરો આવી ગયો છે...બધા કાકાને બોલાવે છે. અને સામે પેલા દીકરાને કહે છે કે, જલ્દી બાપુજી સાથે વાત કરી લે...ચાલ... ''હજી જીવ છે.'' હજી જીવ ગયો નથી... અને એ પ્રમાણે જીવ છે ત્યાં સુધી વાત કર્યાનો પુત્ર સંતોષ માની લે છે...હાશ, હું નશીબદાર કે મારે બાપુજી સાથે વાત થઈ ગઈ. બસ, છેલ્લે છેલ્લે જીવ જવામાં ૨-૫ મિનિટ બાકી હતી અને હું મળી ગયો. વાતચિત થઈ ગઇ. બાપુજી મને જોઈને રાજી થયા... મારી સાથે બે શબ્દો બોલ્યા અને... બસ, પછી તો બે મિનિટમાં જ એમનો જીવ ગયો... ખરેખર હું નસીબદાર કે છેલ્લી ઘડીએ, અને છેલ્લા શ્વાસોશ્વાસ ચાલતા હતા ત્યારે મારે બાપુજીની મુલાકાત થઈ ગઈ. અને બસ...પછી બાપુજીનો જીવ ચાલ્યો ગયો..એમનો 'આત્મા ગયો'..

ભાષા વ્યવહાર– આવા પ્રસંગો તો રોજ બને છે ઘણીવાર બને છે. કારણ કે સંસારમાં સેંકડો મરે છે. રોજ કેટલાય મરે છે. અને આવા પ્રસંગો આપણે નજરે જોઈએ છીએ. હોસ્પિટલમાં કે ઘરે આપણે બધા ભેગા થઈને ઉભા હોઈએ છીએ. અને મરનારનો જીવ ગયા પછી આપણે તરત મરણોત્તર ક્રિયાની તૈયારીમાં લાગી જઈએ છીએ. બધીવાત સાચી પણ ઉપર કહ્યા મુજબનો જે ભાષાકીય વ્યવહાર છે તે સાચો છે કે ખોટો ? એનો વિચાર કરવા જેવો છે. આત્મા જો ન હોય તો આત્મા ગયો- જીવ ગયો એવું શા માટે બોલાય છે, ભાષાના વ્યવહારમાં તમે કયારેય પણ કોઈના પણ મોઢે એવું સાંભળ્યું છે ખરું કે - 'શરીર ગયું.' ના ના જીવ નથી ગયો...' 'શરીર ગયું.' એમ કોઈ બોલે છે ખરા ?

ના, ભાષા વ્યવહારમાં ક્યારેય કોઈ આવું બોલતું નથી. આત્મા ન માનનાર નાસ્તિક પણ શરીર ગયું એમ નથી બોલતો. કારણ કે શરીર તો સામે પડયું છે. શરીરની તો હવે અગ્નિસંસ્કારની ક્રિયા કરવાની છે... એટલે શરીર ગયું એ તે ક્યાંથી બોલાય ? શક્ય જ નથી. માટે ભાષાકિય વ્યવહાર જ સાબિત કરે છે કે આત્મા છે. આત્મા ગયો, જીવ ગયો. હકીકતમાં છે કે જે આવ્યો, તે ગયો. જે જન્મે છે -તે મરે છે. જે શરીરમાં આવે છે તે જ શરીરમાંથી જાય છે. જે શરીર ગ્રહણ કરે છે તે જ શરીર છોડે છે. માટે જન્મ મરણ પણ કોના ? શરીરના નહીં. પણ આત્માના. આત્મા જન્મ્યો, આત્મા મર્યો એમ કહેવાય છે . શરીર જન્મ્યો કે શરીર મર્યો એમ વ્યવહારમાં પણ ક્યાંય પ્રસિદ્ધ નથી.

"નથી" શબ્દથી નિષેધ પ્રમાણથી આત્મસિદ્ધિ.....

જો કે પ્રમાણોની સંખ્યામાં નિષેધ કોઈ સ્વતંત્ર પ્રમાણ નથી. પરંતુ વસ્તુના અભાવને નિષેધ શબ્દથી કહીએ છીએ. જગતની સર્વભાષાનો માનવી 'છે' અને 'નથી' નો વ્યવહાર તો કરે જ છે.

છે	-	નથી	-	ગુજરાતી ભાષામાં
હૈ	-	નહીં	-	હિન્દી ભાષામાં
Yes	-	No	-	અંગ્રેજી ભાષામાં
आहे	-	नाहीं	-	મરાઠી ભાષામાં
अस्ति	-	नास्ति	-	સંસ્કૃત ભાષામાં

આ પ્રમાણે દરેક ભાષામાં વ્યવહાર છે. દરેક ભાષાવાચી માનવી છે. 'છે' અને 'નથી' નો વ્યવહાર તો કરે જ છે. અને નથી. એ તો ક્રિયાપદ છે. તો શું વાકય રચનામાં બીજો કોઈ પ્રયોગ ન કરતાં ફકત ક્રિયાપદનો જ પ્રયોગ કરવાથી ચાલશે ? દા.ત. ફકત 'છે' 'નથી' આટલા પ્રયોગથી ચાલશે ? પરંતુ પ્રશ્ન એ થશે કે શું છે ? અને 'શું નથી'? આ પ્રમાણે પ્રશ્નચિન્હયુકત વાકય થશે. મતલબ કે જ્યારે પણ છે કે નથી બોલીએ ત્યારે શું છે ? અને શું નથી ? એ પ્રમાણે સમજીને જ બોલાય છે. હવે શું છે ? અને શું નથી? આ બન્ને વાકયોમાં છે અને નથી. એ ક્રિયાપદ તો કાળની દ્રષ્ટિએ સત્તાની દ્રષ્ટિએ સૂચના કહે છે. પરન્તુ 'શું' ? શબ્દ કોને સૂચવે છે ? 'શું' થી શું સમજવું ?

પદાર્થ (વસ્તુ)

દ્રશ્ય (રૂપી)	**અદ્રશ્ય (અરૂપી)**
પૃથ્વી, પાણી, અગ્નિ, સોનું, રૂપુ હીરા-મોતી, શરીર, ઘર, પશુ, પક્ષી, માણસ, ધન - ધાન્ય, વસ્ત્રાદિ	આત્મા, પરમાત્મા, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, દિશા, પરમાણુ,

ઉત્તર – 'શું' શબ્દ કોઈ પણ પદાર્થ કે વસ્તુ તરફ સૂચન કરે છે. અર્થાત્ શું છે ? અર્થાત્ કઈ વસ્તુ છે ? શું કોઈ પદાર્થ છે ? અથવા શું કોઈ વસ્તુ નથી ? હવે તે વસ્તુ કઈ ?પદાર્થોમાંથી આપણે કઈ વસ્તુ તરફ છે કે નથીની સૂચના કરીએ છીએ ?

આ સમસ્ત ચરાચર બ્રહ્માણ્ડમાં ઘણી વસ્તુઓ દ્રશ્ય છે-રૂપી છે. જે આંખે જોઈ શકાય છે. અથવા તો બીજી ઈન્દ્રિયાદિની મદદથી અનુભવી પણ શકાય છે અને જગતના વ્યવહારમાં ઘણું મહત્વ ધરાવતી ઘણી વસ્તુઓ છે પરન્તુ તે અદશ્ય છે. ઈન્દ્રિયગોચર થતી નથી. આત્મા, પરમાત્મા , કર્મ, પરમાણુઓ, સુક્ષ્મવર્ગણાઓ, પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક, મોક્ષ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ આદિ અનેક પદાર્થોનું અસ્તિત્વ હોવા છતાં અદ્રશ્ય છે અરૂપી હોવાથી દૃષ્ટિગોચર થતાં નથી. પરન્તુ અનુભવાય છે. વ્યવહાર છે. જીવનમાં ઉપયોગી છે. જેના વિના ચાલે તેમ નથી.

"પ્રત્યક્ષના ગુણ-દોષો....

નરી આંખે દેખાતા પદાર્થોને માનનારા તો ઘણાં છે. એ તો આબાલ-ગોપાલ પ્રસિદ્ધ વસ્તુ છે. આંખે દેખાય એમાં કોણ ના પાડશે ? પરન્તુ આંખ ઉપર પણ કેટલો વિશ્વાસ મૂકવો ? ઘણીવાર આંખ પણ દગો દઈ જાય છે. દોરડાને સાપ માની લે છે. રણમાં રેતીને પાણી માની લે છે. છીપ ને મોતી માની લે. અને કાન્તિભાઈને શાંતિભાઈ પણ કહી દે છે.

આ દુનિયામાં બધું જ આંખે દેખાય તો જ માનવું. એવો નિર્ણય યોગ્ય નથી ગણાતો. એવો કોઈ નિર્ણય નથી કે માત્ર આંખે દેખાય તો જ પદાર્થનું અસ્તિત્વ માનવું ? ના... એવો કોઈ કાયદો નથી. હા, જરૂર આ સંસારનો મોટો વર્ગ આ પક્ષનો છે કે આંખે દેખાય તો જ માનવું, નજરે જોઈએ તો જ માનવું. પ્રત્યક્ષ થાય તો જ સ્વીકારવું. સ્વાભાવિક છે કે આ વર્ગ ઘણો મોટો હોય પરન્તુ એથી શું ?

આપણે એમને પૂછીએ કે હવા શું આંખે દેખાય છે ? બોલાતા શબ્દો, અને નિકળતી ધ્વનિ શું આંખે દેખાય છે ? ખાધેલા ખોરાકની કે પીધેલા દૂધની શકિત આંખે દેખાય છે? શું દૂધમાં ઘી દેખાય છે ? શું તલમાં તેલ આંખે દેખાય છે ? ના...તો શું તે વસ્તુની સત્તા જ ન માનવી ? ના...એમ નથી ભલે આંખે ન દેખાય તો બીજી રીતે તેની સિદ્ધિ તો થાય જ છે ને ? શરીરે સ્પર્શ થતાં, કપડાં હાલતાં, ઝાડના પાંદડા હાલતાં, શિખર ઉપરની ધ્વજાને ઉડતી જોઈને આપણે હવાની સત્તાનું અનુમાન કરીએ છીએ. પેટમાં ગેસ બહુ થઈ ગયો, પેટ તડાતુમ થઈ ગયું હોય ત્યારે ગેસ ન દેખાતો હોવા છતાં પણ આપણે ગેસની સત્તા સ્વીકારીએ છીએ, પવનછૂટ-ઓડકાર આદિના કારણે આપણે ગેસ (હવા)નું અનુમાન કરીને પણ તેની સત્તા માનીએ છીએ, ફુલ દેખાય છે પણ તેની સુગંધ નથી દેખાતી. છતાં સૂંઘીને પણ સુગંધની સત્તા માનીએ છીએ, હારમોનીયમમાંથી નિકળતી શબ્દ-ધ્વનિ

દેખાતી નથી છતાં સાંભળીને પણ તેનો સ્વીકાર કરીએ છીએ. અને દૂધમાં ઘી નથી દેખાતુ છતાં પણ એક પ્રક્રિયા દ્વારા દૂધનું દહીં બનાવી છાસ બનાવી, છાસ વલોવીને તેમાંથી માખણ કાઢીને અને માખણનું ઘી બનાવીને અથવા બીજી રીતે દૂધની મલાઈ તનાવીને ઘી બનાવીને ઘીની સત્તા આપણે માનીએ છીએ તેમજ આત્મા-સ્વર્ગ-નરક મોક્ષ આદિ અહીંયા એક ઈન્દ્રિયથી અથવા બધી જ ઈન્દ્રિયોથી ન પણ દેખાય છતાં પણ અન્ય પ્રમાણથી પણ સિદ્ધ થતાં હોય તો માનવા યોગ્ય છે.

બીજુ ઘણીવાર આંખ સામે વસ્તુ હોવા છતાં પણ ઘણાં દોષોના કારણે પણ પ્રત્યક્ષ નથી થતો. નથી પણ દેખાતા સાંખ્ય કારિકામાં કહ્યું છે કે

अतिदूरात् सामीप्यान्द्रियघातान्मनोऽनवस्थानाच्च ।
सौक्ष्म्याद् व्यवधानादभिभवात् समानाभिहाशत् ॥

(૧) અતિદૂર :– ઘણીવાર વસ્તુઓ ઘણી દૂર-અત્યન્ત દૂર હોવાથી પણ (હોવા છતાં) પણ નથી દેખાતી.

(૨) અત્યન્ત સમીપ :– આંખની બહુ નજીક હોવાથી પણ વસ્તુ ઘણીવાર નથી દેખાતી. જેમકે ચોપડી સાવ આંખે અડાડી ને બહુ નજીક રાખીને વાંચીએ તો પણ ન દેખાય.

(૩) ઈન્દ્રિયઘાત :– આંખ ચાલી જવાથી, કમજોર થવાથી, મોતીયો આવવાથી બહેરાશ આવવાથી પણ પ્રત્યક્ષ નથી થતું.

(૪) મનની અસ્વસ્થતા :– મન ચિન્તાગ્રસ્ત હોય; મન બીજે ભમતું હોય, તો પણ વસ્તુ સામે હોવા છતાં નથી જણાતી. ચિન્તાગ્રસ્ત અવસ્થામાં પુત્ર સામે હોવા છતાં પણ (રોગી) પિતા દીકરા ! એમ બૂમ પાડે છે.

(૫) અતિ સૂક્ષ્મ :- પરમાણુ આદિ અત્યંત સૂક્ષ્મ હોવાના કારણે પાસે હોવા છતાં પણ નથી દેખાતા.

(૬) વ્યવધાન :- જોવાની દ્રષ્ટિમાં વચ્ચે ભીંત કપડું વગેરે આડે આવવાથી પણ નથી દેખાતું.

(૭) અભિભુત :- તારા (star) દિવસે ન દેખાય એટલે નથી એમ તો ન જ કહેવાય. દિવસે સૂર્યના પ્રકાશમાં તારાનો પ્રકાશ ઢંકાઈ જાય છે. તેથી હોવા છતાં તારા દિવસે નથી દેખાતા.

(૮) સમાનમાં મળી જવાથી :- દૂધ દૂધમાં મળી ગયું, તળાવમાં વરસાદનું પાણી ભળી ગયું. હવે આપણે કેવી રીતે કોઈ શકશું કે જુઓ આ ગ્લાસમાં એક બાજુ મુંબઈનું દૂધ છે અને બીજી બાજુ જામનગરનું દૂધ છે. અથવા આ બાજુ ગાયનું અને આ બાજુ

બકરીનું દૂધ છે અથવા તળાવમાં આ તળાવનું પાણી છે અને આ વરસાદનું પાણી છે. એમ સ્પષ્ટ નથી દેખાતું કારણ કે સામે સરખા સમાનરૂપે મળી ગયા છે. જુદા હતા છતાં પણ હવે નથી દેખાતા. આવા ઘણાં કારણોસર વસ્તુ પણ છે અને જોનાર પણ છે છતાં પણ પ્રત્યક્ષ નથી થતું આવા ઘણાં દોષોની સંભાવના છે. માટે આપણે એવો જ દાવો કરીએ કે આંખે દેખાય તો જ માનું ? તો તો જીવનમાં સેંકડો વસ્તુઓ ન માનવાની આપત્તિ આવશે.

આસ્તિક – નાસ્તિક.....

અસ્તિ - એટલે 'છે' નાસ્તિ - એટલે 'નથી'.

અસ્તિત્વ = છે તેની સત્તા. નાસ્તિત્વ = નથી તેની સત્તા, આ પ્રમાણે સંસ્કૃત ભાષાની શબ્દ રચનામાં 'છે તેને અસ્તિ અને 'નથી' તેને નાસ્તિ તરીકે ઓળખીએ છીએ. અસ્તિ એટલે જે વસ્તુ છે. જે વસ્તુની સત્તા છે તે વસ્તુને કોઈ પણ પ્રમાણ દ્વારા માનવી કે સ્વીકારવી તે માનનાર કે સ્વીકારનાર વ્યકિતને-આસ્તિક અને વસ્તુની સત્તા હોવા છતાં પણ ન માનનાર નાસ્તિક કહેવાય છે.

આ સંસારમાં જીવોના બન્ને પ્રકાર છે. કોઈ આસ્તિક છે અર્થાત્ આત્મા આદિ પદાર્થોની સત્તા એનું અસ્તિત્વ સ્વીકારે છે. વસ્તુતથ્યને માને છે. જ્યારે નાસ્તિક આત્મા આદિ પદાર્થના અસ્તિત્વને નકારે છે. નથી એમ સ્પષ્ટ કહે છે, અસ્તિત્વાદિ સ્વીકારવાની દ્રષ્ટિ કદાચ જીવોની ભિન્ન ભિન્ન હોય તે સંભવ છે. કેટલાક લોકો શ્રદ્ધાથી દૃષ્ટ પદાર્થોનું અસ્તિત્વ-સત્તા માને છે. તો કેટલાક લોકો તર્ક - યુકિતથી પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારે છે, જેમકે - પૂજ્ય હરીભદ્ર સૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य, तस्य कार्यपरिग्रह ।।

અર્થાત્ હવે કંઈ મને કપિલાદિ પ્રત્યે દ્વેષ છે અને શ્રી વીરપ્રભુ પ્રત્યે પક્ષપાત (રાગ) છે. એવું પણ નથી પરન્તુ જેનું વચન (સિદ્ધાન્ત) તર્ક યુકિત ગમ્ય છે. સત્ય છે. તે જ મારે તો સ્વીકાર છે, શ્રદ્ધાથી પદાર્થની માન્યતા જાગે અથવા તર્ક-યુકિતથી જાગે. માર્ગ જુદા છે. અન્તે આસ્તિકતા એક જ છે.

नास्ति परलोके मति-र्दृष्टि र्यस्य स नास्तिकः ।
अस्ति परलोकादिविषये मति-र्द्रष्टिर्यस्य स आस्तिकः।।

અર્થાત્-આત્મા-પુણ્ય-પાપ-પરલોક-સ્વર્ગાપવર્ગાદિ વિષયોમાં જેની માન્યતા નથી તે નાસ્તિક; અને જેની આ વિષયોમાં દૃષ્ટિ-શ્રદ્ધા, માન્યતા છે તે આસ્તિક છે. પ્રત્યક્ષ ગમ્ય

ઈન્દ્રિયજન્ય માત્ર પદાર્થોનો સ્વીકાર કરવાથી આસ્તિકતા નથી. સાબિત થતી આસ્તિક તો પ્રત્યક્ષ-પરોક્ષાદિ સર્વ પ્રમાણોથી પદાર્થોનું અર્થાત્ અદૃષ્ટ તત્ત્વોનું અસ્તિત્વ સ્વીકારે છે. જ્યારે નાસ્તિક ફકત પ્રત્યક્ષ પ્રમાણ જ સ્વીકારે છે. માત્ર ઈન્દ્રિયજન્ય, અને પ્રત્યક્ષગમ્ય પદાર્થમાં જ તેની માન્યતા હોય છે. અને આત્મા, પરમાત્મા, પરલોક, પૂર્વજન્મ-પુનર્જન્મ-સ્વર્ગાપવર્ગાદિ પદાર્થો કદાપિ પ્રત્યક્ષગમ્ય, અને ઈન્દ્રિયજન્ય હોઈ જ ન શકે. તો પછી એ પદાર્થોનું જ્ઞાન કે માન્યતા નાસ્તિકને તો સંભવે જ નહીં. માટે જ તે નાસ્તિક કહેવાય. અને આ સર્વ પ્રત્યક્ષ કે પરોક્ષ-દૃષ્ટાદૃષ્ટ પદાર્થોને પ્રત્યક્ષ-તથા પરોક્ષાદિ પ્રમાણો વડે માને જાણે છે તે આસ્તિક છે.

નાસ્તિક મતથી જ ('નથી' શબ્દથી) પદાર્થોની સિદ્ધિ.....

નાસ્તિ – કે 'નથી' કહેનાર ને જ આપણે પૂછીએ શું નથી ? (किं नास्ति ?) એટલે તે શું જવાબ આપશે ? જવાબ આપશે ? આત્મા નથી. જીવ નથી, પરલોક નથી.

મોક્ષ નથી. સ્વર્ગ-નરક નથી ઈત્યાદિ. પ્રશ્ન–'આત્મા નથી.' આ વાકયમાં આત્મા તો Object છે. મુખ્ય વિષય છે. 'નથી' એ ક્રિયા છે. 'નથી' ક્રિયા પદાર્થના અસ્તિત્વની 'ના' પાડે છે કે પછી સંયોગ-સમવાય-સામાન્ય-વિશેષાદિ સંબંધની ના પાડે છે ? શું તે પદાર્થનો સાવ અભાવ જ માને છે ? એટલે આત્માદિ પદાર્થનો સર્વથા અભાવ કેવો છે ? શું આત્માદિ-વન્ધ્યાપુત્રની જેમ, અથવા આકાશના ફુલની જેમ, અથવા સસલાના સિંગ ની જેમ સાવ અભાવાત્મક છે ? કે પછી આત્માદિ નથી દેખાતા માટે સંયોગાદિ સંબંધનો અભાવ છે ? આપણે દષ્ટાન્તથી જોઈએ....

'નથી'નો અર્થ શું કરવો....

મુંબઈની એક દસમાળની મોટી બિલ્ડીંગમાં રહેતા મિત્ર ને મળવા નિકળેલા ભાઈ દસમાળ ચઢવા કરતા પહેલા નીચેથી અવાજ મારીને પૂછી લઉ કે છે કે નહીં ? પછી ઉપર ચઢું જેથી વ્યર્થ ફેરો ન થાય. એટલે એણે નીચેથી બૂમ પાડી કાન્તિભાઈ છે ? દસમામાળથી કાન્તિભાઈના પત્નિએ જવાબ આપ્યો-કે-નથી. નીચેથી ફરી' પૂછયું -છે?

પત્નીએ ફરી જવાબ આપ્યો-નથી. નીચેથી પ્રશ્ન -શું વાત કરો છો ? ખરેખર નથી? પત્નીએ જવાબ આપ્યો. હા, એકવાર તો કહ્યું કે નથી. નથી....નથી નીચેથી ફરી પૂછયું -અરે ! પણ કયારથી નથી ? હજી સવારે મને મળ્યા છે ને ? અને એકદમ શું થયું ? કયારથી નથી ? તમે પણ ખરા છો. મને જણાવતા પણ નથી ? કેવા છો ? ભાભી, સાચું તો બોલો અને એટલું તો કહો કે તમે કયારથી વિધવા થયા છો ? આ સાંભળીને બીજાયેલા બહેને ઉપરથી કહ્યું-તમારું ભલુ થાય. જોજો આવુ બોલતા. હું કંઈ વિધવા નથી થઈ ગઈ. 'નથી'

એટલે કંઈ મરી નથી ગયા. એ તો દિલ્હી ગયા છે. 'નથી' શબ્દનો આટલો પણ અર્થ તમે નથી સમજી શકતા ? ભારે આશ્ચર્ય લાગે છે. તમારામાં બસ આટલી જ બુદ્ધિ છે?

આના ઉપરથી આપણે 'નથી' શબ્દનો અર્થ સમજી શકીએ છીએ કે નથી- એટલે સાવ અભાવ નહીં. કાંતિભાઈ નામની વ્યકિત છે જ નહીં એમ નથી વ્યકિત તો છે. અર્થાત્ કાન્તિભાઈ નામની વ્યકિતની સત્તા તો સાબિત થઈ ગઈ. પરન્તુ તેનો ઘરની સાથેનો સંબંધ અત્યારે નથી. તે હાલમાં વર્તમાન કાળે દિલ્હીમાં છે. અર્થાત્ વ્યકિત છે છતાં પણ 'નથી' એ પ્રકારનો વ્યવહાર થાય છે. આ નથી ના વ્યવહારથી વ્યકિતનો સર્વથા અભાવ નથી સિદ્ધ થતો પરન્તુ વ્યકિતનો સ્થાન સાથેના તેના સંયોગ સંબંધનો નિષેધ સિદ્ધ થાય છે.

એ જ પ્રમાણે આ દૃષ્ટાન્તથી 'આત્મા નથી' એ વાકયથી શું સિદ્ધ થાય છે ? તે જોવાનું છે. 'આત્મા નથી' એ વાકય કયારે બોલાય છે ? હોસ્પીટલમાં માણસ મૃત્યુ પામ્યા પછી જ્યારે મડદું પડયું હોય છે ત્યારે એમ કહેવાય છે કે હવે જીવ નથી, આત્મા નથી. આ વાકયથી એટલુ તો જરૂર સિદ્ધ થાય છે કે આત્મા અને દેહનો સંયોગ નથી. સંયોગ સંબંધ નથી એવો અર્થ થાય છે.

અત્યારે આ શરીરમાં આત્મા નથી. એટલે તે મૃતક (મડદુ) છે. જીવવિનાનું કલેવર માત્ર છે. કાળનો જો વિચાર કરીએ તો 'હવે જીવ નથી' આત્મા ગયો 'હવે આમાં કયાં આત્મા છે ? આત્મા તો ગયો હવે ફકત ખોળિયું છે. મૃતક છે. 'આ બધા વાકયોમાં આવતું 'હવે' શબ્દ કાળનું સૂચન કરે છે. હવે નથી એનો અર્થ જ એ થયો કે પહેલા હતો પણ હવે નથી. જેમ કાન્તિભાઈ કલાક પહેલા હતા પણ 'હવે' નથી. અર્થાત્ વર્તમાનકાળે અત્યારે દિલ્હી (ગયા) છે. છે તો ખરા. અને હતા પણ ખરા અને દિલ્હી ૨-૪ દિવસ રહેવાના છે. પછી આવશે. એટલે ભાવિમાં હશે પણ ખરા એજ પ્રમાણે આત્મા પણ હતો, વર્તમાનમાં છે. માત્ર સ્થાન (શરીર) બદલ્યું છે. અને હવે જે શરીરમાં જ્યાં ગયો છે એટલે હવે ભાવિની અમુક વર્ષોનો કાળ એ ત્યાં કાઢશે. એટલે હશે પણ ખરો. એમ વાકયના કેટલાક શબ્દના અર્થ પ્રમાણે ત્રણે કાળમાં આત્માની સિદ્ધિ સ્પષ્ટ કરવામાં આવે છે.

'નથી' ના ચાર અર્થ.....

'નથી' સંયોગ આદિ સંબંધોમાં ચાર અર્થ સૂચવે છે.

(૧) ***સંયોગ નિષેધ-અર્થાત્*** જેમ કાંતિભાઈ નથી. એટલે કાંતિભાઈ અને ઘરનો સંયોગ નથી.

(૨) ***સમવાય નિષેધ–*** ખર વિષાણ નથી. અર્થાત્ ખર એટલે ગધેડો અને વિષાણ એટલે શિંગ ગધેડાને શિંગડું નથી. ગધેડો પણ છે. અને શિંગડું નામની વસ્તુ પણ જગતમાં

છે. પરન્તુ ગધેડાને શિંગડા નથી. ગધેડા અને શિંગડાનો સમવાય નથી.

(૩) **સામાન્યનિષેધ** -બીજો ચન્દ્ર નથી. અહીંયા સાદશ્ય-અર્થાત્ સમાનતાનો નિષેધ છે. ચન્દ્ર નથી એમ નહી. પણ આના જેવો બીજો ચન્દ્ર નથી. સાદશ્યતાના કારણે સામાન્ય નિષેધની વાત છે.

(૪) **વિશેષ નિષેધ**–'ઘડા જેવડું મોતી નથી' ઘડો પણ છે, અને મોતી પણ વિદ્યમાન છે. બન્નેનું અસ્તિત્વ છે. સત્તા બન્નેની છે. પરન્તુ વિશેષ વાત એ છે કે મોતી હોવા છતાં પણ મોતી ઘડા જેવડું મોટું નથી. ઘડાના આકાર જેવડું નથી. એટલે બન્ને જગતમાં હોવા છતાં પણ વિશેષનો નિષેધ છે. એટલે સ્પષ્ટ કહેવાય છે કે ઘડા જેવડું મોતી નથી.

એ જ પ્રમાણે નિષેધના વિવિધ અર્થોથી 'આત્મા નથી' આ વાકયથી ચારમાંથી કયો નિષેધ સમજવો ? કયો અર્થ લગાડવો ? તે વિચારવા જેવું છે. એટલે 'નથી'. શબ્દ બોલતા પહેલા આટલો વિચાર કરી લેવો. જેથી વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થાય.

'આત્મા નથી' આ વાકય સસલાને શિંગડું નથી, ગધેડાને શિંગડું નથી, વન્ધ્યાપુત્ર નથી એવી કોઈ સર્વથા અભાવાત્મક વસ્તુ નથી પણ બન્ને પ્રકારના વાકયોમાં ઘણું મોટું અંતર છે. આત્મા નથી આ વાકય સદ્‌ભાવનિષેધની જાતિનું વાકય છે.

'નથી' શબ્દના પ્રયોગથી જ 'આત્મસિદ્ધિ....'

'નથી' એ નિષેધવાચી શબ્દ છે. અને જ્યારે આપણે નથી એમ કહીએ છીએ ત્યારે શું ની સાથે પ્રશ્નાર્થક વાકયથી પૂછીએ 'શું નથી?' 'શું' એ વસ્તુનું સૂચક છે.

ઉત્તર-'આત્મા નથી' એ વાકય બરાબર છે કે, 'નથી આત્મા' આ ભાષા બરાબર છે? બન્નેમાંથી કઇ વાકય રચના ભાષાના વ્યાકરણ પ્રમાણે બરાબર છે? અર્થાત્ નથી ને આગળ મૂકવું કે પાછળ ? નથી એ ક્રિયાપદ છે. અને આત્મા Object તરીકે છે. એટલે ચાલુ વ્યવહારમાં પ્રાયઃ ક્રિયાપદને પાછળ મૂકીને વાકય રચના બનાવીને બોલીએ છીએ. એટલે આત્મા નથી, આ વાકય રચના પ્રમાણે આત્મા શબ્દ નથીની પહેલા વપરાયેલ છે. શું નથી ? તો આત્મા નથી એમ આપણે કહીએ છીએ. જગતમાં નિષેધ કોનો કરાય ?

સત્ પદાર્થનો કે પછી અસત્ પદાર્થનો ? અભાવાત્મક પદાર્થનો નિષેધ શું કરાય ? દા.ત. આ વન્ધ્યાપુત્ર નથી. આ સસલાને શિંગડા નથી. આ ગધેડાને શિંગડા નથી. આ આકાશપુષ્પ નથી, આવું કયારેય આપણે બોલતા પણ નથી. જેને સન્તાન નથી એ જ વન્ધ્યા કહેવાય છે. તો પછી વન્ધ્યાપુત્ર તો કયાંથી બોલાય ? એટલે વન્ધ્યાપુત્ર, અને સસલાને શિંગડા આદિ જગતમાં અસત્ પદાર્થ છે. ત્રણે કાળમાં અવિદ્યમાન પદાર્થ છે.

તો પછી તેના માટે નિષેધનો વ્યવહાર પણ નથી કરતા આકાશપુષ્પ નથી એમ આપણે કયારેય નથી કહેતા. કારણ કે આકાશ પુષ્પ હોતા જ નથી. મૂળમાંજ એની સત્તા નથી. તો પછી નિષેધ કોનો કરાય સત્પદાર્થનો જ નિષેધ થઈ શકે. અર્થાત્ વિદ્યમાન પદાર્થ જે અસ્તિત્વ ધરાવે છે તે જ પદાર્થનો સંયોગવશાત્ નિષેધાદિનો વ્યવહાર કરી શકાય જેમ કે આત્મા નથી. ઘડો નથી, પૈસા નથી, વગેરે વ્યવહારો સત્પદાર્થ, વિદ્યમાન વસ્તુના નિષેધવાચી વાકયો છે. અત્યારે ઘરમાં ઘડો નથી. અત્યારે મારી પાસે પૈસા નથી. એ વાત બરોબર છે. પણ સંસારમાં ઘડો, પૈસા જેવી વસ્તુ પોતાની હસ્તી ધરાવે જ છે ને ? તો જ તેનો પ્રસંગવશાત્ નિષેધ કહી શકાય એમ ત્રણે કાળમાં સંસારમાં જેની સત્તા વિદ્યમાન છે એવા આત્મા પદાર્થ માટે જ સંયોગવશાત્ નિષેધ કહી શકાય. એટલે જે જે સત્ પદાર્થ છે તેનો જ નિષેધ કહી શકાય. અને જેનો નિષેધ કરાય છે તે તે સત્ પદાર્થ છે જ. અસત્ પદાર્થનો નિષેધ નથી થતો. એટલે આત્મા નથી. આ વાકયમાં જેનો નિષેધ કરવામાં આવી રહ્યો છે એવો આત્મા નામનો પદાર્થ સત્ છે સત્તા ધરાવે છે. તેનું અસ્તિત્વ છે., માત્રનું મૃત્યુ આદિના પ્રસંગવશાત્ સંયોગ સંબંધ નથી. એટલે જે કોઈ પણ પદાર્થ નથી. એમ બોલશો ત્યારે પ્રથમ તો પદાર્થનું અસ્તિત્વ તો સાબિત થઈ જ જાય છે. પછી તેને આપણે દશ-ક્ષેત્ર-કાળથી આપણે 'નથી' એમ નિષેધ કરીએ છીએ, એટલે આ તર્કથી પ્રથમ આત્માનું અસ્તિત્વ નિષેધ પ્રમાણથી જ સિદ્ધ થાય છે. 'આત્મા' સર્વથા આકાશ પુષ્પ, સસલાને શિંગડા અથવા વન્ધ્યાપુત્ર જેવો અભાવાત્મક, અસત્ પદાર્થ હોત તો તેનો પણ નિષેધ ન થાત. પરન્તુ આત્મા નથી એ વાકય પ્રયોગ જ આત્માને સિદ્ધ કરે છે. ઘરમાં છે તો પણ કોણ બાપુજી. અને નથી તો પણ કોણ બાપુજી. એટલે બીજાની વાત નથી. એમ છે, તો પણ કોણ ? આત્મા અને નથી, તો પણ કોણ ? આત્મા. શું નથી ? એના ઉત્તરમાં પણ 'આત્મા' એ જ સિદ્ધ થાય છે.

નિષેધવાચી શબ્દ.....

અજીવ અ+જીવ. આ શબ્દમાં પણ 'અ' ઉપસર્ગ નિષેધ અર્થમાં જોડાયો છે. એટલે જ 'અ' કોનો નિષેધ કરે છે ? જીવનો જ. એટલે જ અજીવ શબ્દ પ્રચલિત છે. પત્થર, મકાન, ટેબલ, ઘડો, જગ, થાળી—ગ્લાસ વગેરે પદાર્થોને આપણે અજીવ કહીએ છીએ. કે તેમાં જીવ નથી માટે જ તો. જીવને જાણતા હોઈશું- ઓળખતા હોઈશું તો જ એવો વાકય પ્રયોગ થાય. કે ઘડો અજીવ છે. મતલબ કે ઘડામાં જીવ નથી. પરન્તુ માણસને, ઘોડા-ગધેડા બકરાને આપણે કયારેય એમ નથી કહેતા કે આ અજીવ છે ના, મૂરખ માણસ પણ એવું નથી બોલતો. એટલે સંસારના સર્વ લોકોને સ્પષ્ટ ખબર છે કે જીવ કોને કહેવાય અને અજીવ કોને કહેવાય તે સર્વ કોઈ સ્પષ્ટ રીતે જાણે છે અને માટે જ વ્યવહાર પણ ભાષાકીય દૃષ્ટિએ સ્પષ્ટ કરે છે. એ અજીવાદિ શબ્દો પણ જીવની જ સિદ્ધિ કરે છે. અજીવ શબ્દમાં 'અ'નો અર્થ તો નિષેધ કર્યો પરંતુ જીવશબ્દનો અર્થ શું કરવો ? તે જ જીવની

સિદ્ધિ કરે છે. અર્થાત્ જેમાં 'જીવ' નથી તે અજીવ. તો પછી જીવ શું છે ? અને જીવ કેવો છે? જીવ કયાં છે? વગેરે પ્રશ્નો સત્ પદાર્થમાં જ થઈ શકે.

अत्थि अजीव विषकरयो पडिसेहाओ घरोऽघरस्सेव ।
नत्थि घडोत्ति च जीवत्थिक्तयरो नत्थि सद्योऽयम् ॥

પ્રતિપક્ષી શબ્દથી પણ પદાર્થની સિદ્ધિ થાય છે. જેમ અજીવનો પ્રતિપક્ષી જીવ છે. અઘરનો વિરોધી શબ્દ ઘર છે તેમ જડનો વિરોધિ શબ્દ ચેતન છે. 'ઘડો નથી' એમાંનો નથી શબ્દ ઘડાને સિદ્ધ કરે છે. તે જ પ્રમાણે 'આત્મા નથી' આ વાકયમાં પણ નથી એ શબ્દ આત્માને જ સિદ્ધ કરે છે.

प्रतिपक्षी शब्दथी आत्मसिद्धि....

આ સંસારમાં અનન્ત શબ્દો છે. સર્વ ભાષામાં એક શબ્દનો પ્રતિપક્ષી-વિરોધી શબ્દ હોય છે. કારણ કે વિરૂદ્ધ પદાર્થ અસ્તિત્વ ધરાવે છે માટે

શબ્દો	વિરોધી શબ્દ
રાગ	દ્વેષ
સુખ	દુઃખ
જીવ	અજીવ
જડ	ચેતન
જીવતો	મરેલો

આ પ્રમાણે ભાષાકીય વ્યવહારમાં સેંકડો શબ્દો છે. કારણ કે જગતમાં વ્યવહારમાં સેંકડો પદાર્થો છે. માટે તેના વાચક શબ્દો પણ છે. એટલે પ્રતિપક્ષી શબ્દ પણ વસ્તુના અસ્તિત્વને સાબિત કરે છે. એમ જો અજીવ શબ્દને લઈએ તો તેનો પ્રતિપક્ષી જીવ થાય છે. અને જડ શબ્દ લઈએ તો તેનું પ્રતિપક્ષી ચેતન થાય છે. એજ પ્રમાણે દરેકે દરેક શબ્દોના પ્રતિપક્ષી શબ્દો હોય જ. એટલે જીવ, ચેતન, વગેરે શબ્દો પણ આત્મા ને સાબિત કરે છે.

वाच्य-वाचक संबंधथी आत्मसिद्धि.....

વિશ્વમાં વસ્તુ એ વાચ્ય છે અને તેના વાચક તે શબ્દ છે. વાચક શબ્દના આધારે વાચ્ય વસ્તુનો વ્યવહાર થાય છે. એટલે વસ્તુ અને શબ્દની વચ્ચે વાચ્ય–વાચક સંબંધ કહેવાય છે. આપણે ઘડીભર એવો વિચાર કરીએ કે શું આ જગતમાં એવો કોઈ પદાર્થ છે કે જેનો વાચક શબ્દ ન હોય. વસ્તુ હોય અને તેનું નામ ન હોય. શું એ સંભવ છે ? અથવા આ જગતમાં વાચક કોઈ પણ એક શબ્દ એવો છે કે જેનાથી વાચ્ય કોઈ વસ્તુ

ન હોય. શું એ પણ સંભવ છે ?

ઉત્તર- ના આપણે એવી એક પણ વસ્તુ દેખાડી શકીએ તેમ નથી કે જેનો વાચક કોઈ શબ્દ જ ન હોય. હા, કદાચ એ સંભવ છે કે તેનો શબ્દ આપણને યાદ ન હોય. આપણી સ્મરણ શકિતમાં ઉપસ્થિત ન હોય એ બનવાજોગ છે. પરન્તુ વસ્તુ છે અને તેનો વાચક શબ્દ જ ન હોય એવું પણ સંભવ નથી. અને એ જ પ્રમાણે શબ્દો છે-નામ છે અને વસ્તુ નથી શું એ પણ સંભવ છે ? નામ જો પ્રચલિત છે તો વસ્તુ ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે. અને ભવિષ્યમાં પણ રહેશે. માત્ર સંયોગ-વિયોગ થયા કરે છે.

અહીંયા 'આત્મા' 'જીવ' 'ચેતન' એ વ્યાકરણ શાસ્ત્રના નિયમ પ્રમાણે સિદ્ધ-શુદ્ધ શબ્દો છે. શબ્દો અશુદ્ધ નથી. જો આત્મા-જીવાદિ શબ્દો કે નામો પ્રચલિત છે, પ્રસિદ્ધ છે અને તેનાથી વાચ્ય કોઈ આત્મા નામનો પદાર્થ અસ્તિત્વ જ ન ધરાવતો હોય એ કેમ બને ? પદાર્થની સત્તા જ ન હોય છતાં પણ તેના માટે શબ્દો છે. અને તે પણ હજારો-લાખો વર્ષોથી પ્રચલિત છે. વ્યવહારમાં છે. પ્રસિદ્ધ છે. તો શું એ સાવ ખોટા શબ્દો છે? હા, ભલે એ આત્માદિ શબ્દોથી વાચ્ય પદાર્થ આપણને નજરે નથી દેખાતો એ જુદી વાત છે. પરન્તુ આપણને નથી દેખાતો એટલે છે જ નહીં એ ન્યાય કઈ રીતે સાચો કહેવાય? એમ તો એક અંધ માણસ એમ કહે કે મને દુનિયા ન દેખાય એટલે હું દુનિયા માનતો જ નથી. એમ નથી ચાલતું. આ સંસારમાં બધું જ આપણી એકની માન્યતા ઉપર નથી ચાલતું સંસારમાં પદાર્થો - વસ્તુઓ કેટલી ? - તો કહેવાશે. અને તેના વાચક નામો - કે શબ્દો પણ કેટલા છે તો પણ આપણી ગણતરીની મર્યાદા બહાર છે. સંખ્યા ભલે ગમે તેટલી ઓછી વધારે હોય તેની સાથે સંબંધ નથી. પરન્તુ તે વસ્તુ અને શબ્દોની વચ્ચે વાચ્ય--વાચકભાવ સંબંધ છે. એ વસ્તુ પહેલા કે વસ્તુનું અસ્તિત્વ પહેલા છે ? વસ્તુનું નામકરણ તો આપણે જ કર્યું છે. છોકરો પહેલા જન્મ્યો કે નામ પહેલા પાડયું ? **ઉત્તર**—પહેલા છોકરો જન્મ્યો છે. પછી આપણે નામ પાડીએ છીએ. એ લોકવ્યવહાર છે. વસ્તુઓ તો જડ છે. જડ પોતાની સાથે નામ લઈને નથી આવ્યો નામ તો આપણે પાડીએ છીએ. આપણે એટલે આત્મા. જ્ઞાન ગુણ વાળો કોણ છે ? તો તે એક માત્ર આત્મા જ્ઞાનમય છે. એટલે આત્માજ વસ્તુના નામ પાડે છે. કારણ નામ—કે શબ્દ એ જ્ઞાનનો વ્યવહાર છે.

જ્ઞાનગુણવાળો તે આત્મા.....

જ્ઞાન એ દ્રવ્ય નથી પણ ગુણ છે. જેમ સુગંધ એ દ્રવ્ય નથી પણ ગુણ છે. અને ગુણ કયારેય દ્રવ્ય વિના સ્વતંત્ર એકલો રહેતો નથી. ગુણ ગુણીનો અભેદ સંબંધ છે. દ્રવ્ય વિના ગુણ ન રહે અને ગુણ દ્રવ્ય વિના નથી રહેતો માટે જ તત્ત્વાર્થમાં દ્રવ્યનું લક્ષણ કરતા પૂજ્ય ઉમાસ્વાતિજી ભગવંત ફરમાવે છે કે ''ગુણપર્યાયવદ્દ્રવ્યમ્' ગુણ અને પર્યાય વાળો જે હોય

તે દ્રવ્ય કહેવાય છે. સુગંધ ગુણનો આધાર દ્રવ્ય જેમ કુલ છે. તેમ જ જ્ઞાનગુણનો આધાર દ્રવ્ય આત્મા છે. જ્ઞાન જો દ્રવ્ય હોય તો કયાંય પણ દેખાય. પરન્તુ કોઈએ જ્ઞાનને દ્રવ્યરૂપે લોકવ્યવહારમાં હજી સુધી જોયુ નથી. પુસ્તક-ચોપડા એ જ્ઞાન દ્રવ્ય નથી. એ તો સાધન છે. પુસ્તક તો જડ કાગળની છે. પણ એમાં લખાયેલા શબ્દો તો લીપિ છે. અને એ શબ્દો તો માત્ર આકાર કે લીપિ છે. એનું જ્ઞાન કયાં છે ? આત્મામાં. જ્ઞાનરૂપી ગુણનો આધાર દ્રવ્ય તે આત્મા. આત્મા ચેતન દ્રવ્ય છે. એ સિવાય જ્ઞાન ગુણ જગતના અનન્તા જડ પદાર્થોમાં કયાંય નથી રહેતો. તે એક માત્ર આત્મામાં જ રહે છે. પ્રકાશ ગુણનો આધાર જેમ દીપક કે સૂર્યાદિ છે તેમ જ્ઞાન ગુણનો આધાર દ્રવ્ય તે આત્મા-ચેતન.

જ્ઞાન કયાંથી આવે છે ? ***ઉત્તર-*** આત્મામાંથી જ. જ્ઞાનનો મૂળ ઝરો આત્મા જ છે. જ્ઞાન આત્મામાંથી જ આવે છે. એટલે ટેબલ ખૂર્સી, પાટ, પાટલો, પલંગ વગેરે નામો આપણે જ પાડયા છે. ભલે બધાને ચાર પાયા છે. છતાં પણ જૂદા જૂદા નામો પાડયા છે.ગ્રીક દાર્શનિક પ્લુટો કહે છે કે -'Knowledge is nothing but it is Intutional' જ્ઞાન અંદરથી જ પ્રગટે છે અંદરથી જ બહાર આવે છે.

જગતમાં જ્ઞાનનો વ્યવહાર ઘણો મોટો છે. અને આ જ્ઞાન વ્યવહાર કર્તા એક માત્ર આત્મા છે. જ્ઞાન વ્યવહાર જગતમાં પ્રગટ છે પ્રસિદ્ધ છે. તેનો અધિષ્ઠાતા આત્મા અપ્રગટ છે. દૃષ્ટિગોચર નથી.

'હું' પદ થી આત્મ સિદ્ધિ.....

જ્ઞાનના વ્યવહારનો મુખ્ય આધાર ભાષા ઉપર છે, લોકવ્યવહારમાં સર્વત્ર ભાષા તો ચાલે જ છે. માનવ ભાષાથી જ ઓળખ આપી શકે છે. ભાવો વ્યકત કરી શકે છે. જગતમાં સેંકડો ભાષાઓ વ્યવહારમાં છે. દરેક ભાષામાં 'હું' અને 'મારા' ના શબ્દો તો છે જ.

ગુજરાતી ભાષામાં	–	***હું અને મારું.***
હિન્દીમાં	–	मैं और मेरा
અંગ્રેજીમાં	–	I and My
મરાઠીમાં	–	मी आणी माझा
સંસ્કૃતમાં	–	अहं – मम

આ પ્રમાણે દરેક ભાષામાં ''હું અને મારું'' નો વ્યવહાર તો ઘણો મોટો છે. આ બન્ને શબ્દો કોના વાચક છે ? કયા વ્યવહારમાં ઉપયોગી છે ? તે જોઈને કોનાથી કોને સંબોધન કરાય ? અર્થાત્ - હું એટલે કોણ ? અને મારું એટલે કોણ ? આ બન્ને શબ્દોનો આપણા વ્યવહારમાં ઘણો મોટો હિસ્સો છે 'મારું' શબ્દ આપણે કયારે વાપરીએ છીએ ? અને હું શબ્દ કયારે વાપરીએ છીએ ? શું આપણે કયારેય આમ બોલીએ છીએ

ખરા ? કે-હું ગાડી, હું ઘર, હું મકાન, હું કપડાં, હું શરીર, હું પૈસો ? વગેરે આપણે સ્વપ્ને પણ નથી બોલતા. દુનિયાનો કોઈ પણ ભાષા-ભાષી આ પ્રમાણે નથી બોલતો. પરંતુ મારી ગાડી, મારું ઘર, મારું મકાન, મારા કપડા, મારું શરીર વગેરેમાં સર્વત્ર મારા શબ્દથી જ વ્યવહાર થાય છે. અને એ જ બરોબર છે. જો મારા શબ્દથી આ સર્વ બાહ્ય પદાર્થો વાચ્ય છે તો પછી 'હું' શબ્દ કયા અર્થમાં વાપરવો ? હું કયારે વાપરવો ? હું નો પ્રયોગ કોના માટે કરવો?

આપણે ડૉકટર પાસે જઈએ છીએ. પેટ કે માથું કે કંઈ પણ દુઃખતું હોય તો આપણે સારવાર લઈએ છીએ. દર્દની જાણ કરતા કયારેય પણ હું શરીર દુઃખે છે. હું પેટ દુઃખે છે. આવી ભાષાનો પ્રયોગ નથી કરતા. શું એ વાકય યોગ્ય છે ? ના, ત્યાં પણ હું ન વાપરતા ''મારું'' શબ્દ વાપરીને બોલીએ છીએ. મારું પેટ દુઃખે છે મારા હાથ-પગ બહુ દુઃખે છે. મારું માથું દુઃખે છે. જે શરીર ઈન્દ્રિય વગેરે મારા છે. હું પેટ દુઃખે છે, એમ નથી બોલાતું તો પછી 'હું' પદથી કોને લેવો? 'આત્મા' હું ખાઉં છું, હું પીઉ છું, હું જાઉં છું. હું આવું છું ઈત્યાદિ શબ્દો આપણે 'હું' પદ સાથે રાખીને બોલીએ છીએ. વ્યવહારમાં એક જ દેખીતી ક્રિયામાં પણ ક્રિયા-કર્તામાં ભેદ. હું એ કર્તા ખાવું પીવું વગેરે ક્રિયા છે ક્રિયા અને કર્તામાં પણ ભેદ છે બન્ને સ્વતંત્ર છે.

બન્ને જૂદા છે એ જ હું પદથી જે વાચ્ય છે તે આત્મા છે. અને 'મારું'' શબ્દથી જે વાચ્ય છે તે આત્મેતર બાહ્યાદિ પદાર્થો છે. આ ભાષાનો પ્રયોગ પ્રત્યક્ષ છે. સ્પષ્ટ છે. માટે પ્રત્યક્ષ પ્રયોગથી આત્મસિદ્ધિ થાય છે. કારણ કે 'હું' શબ્દથી આત્મા સિવાય બીજા કોઈને પણ સંબોધિ શકતા નથી. સંસ્કૃત ભાષામાં 'હું' ને 'અહં' કહીએ છીએ 'अहं प्रत्यय' આત્મસિદ્ધિ માટે જ વપરાય છે. જ્ઞાન કયારેય નિર્વિષય હોતું નથી. 'અહંપદવાચ્ય' આત્મ પ્રતિતિ છે.

સંશયથી આત્મસિદ્ધિ.....

સંશય-શંકા અને સંદેહ વગેરેનો અનુભવ માનવને થતો હોય છે. સંશયથી આપણે અજાણ નથી. પરસ્પર વિરોધી ધર્મોનો એક સ્થાને, એક સાથે દેખાવું તે સંશયનું કારણ બને છે. દા.ત. અંધારામાં વાંકા-ચૂકા સર્પાકારે પડેલા દોરડાને જોઈને આ સાપ છે, કે દોરડું ? એવું સંશયાત્મક જ્ઞાન થયું. અંધારામાં જોઈને સર્પની શંકાથી ઘણાં ડરી પણ જાય. ખેતરમાં ઉભો કરવામાં આવેલો ચાડીયો જોઈને ભ્રમ થઈ જાય છે કે આ માણસ છે કે ઝાડનું ઠુંઠું છે ? એ જ પ્રમાણે ચળકાટ જોઈને આ છીપઆદિમાં ચાંદી તો નથી ને ? એવો ભ્રમ થઈ જાય છે. રણપ્રદેશમાં દૂરથી જોતાં એમ લાગે છે કે પાણી હશે. એટલે બિચારો તૃષાતુર માણસ પાણી પીવા જાય છે ત્યારે કંઈ જ નથી હોતું. રેતી ઉપર પડેલ પ્રકાશના કિરણોએ પાણીનો ભ્રમ ઉત્પન્ન કર્યો હતો. જેને ઝાંઝવાના નીર કહીએ છીએ, એ પણ સંશય છે.

આવા સંશયો ઘણાં પ્રકારના થાય છે. એ પણ છે તો જ્ઞાનનો જ પ્રકાર. પરન્તુ ભ્રમોત્પાદક છે. આ સંશય પણ કોને થવાનો ? 'હું' વિષયક સંશય થશે ? કે મારા વિષયક સંશય થશે ? અર્થાત્ 'હું છું કે નહીં ?' એવો સંશય થશે ? કે મારું છે કે નહીં ? મારું ઘર છે કે બળી ગયું ? પગમાં ખાલી ચઢયા પછી મારા પગ છે કે નહીં ? મારાં કપડાં-પૈસા છે કે નહીં ? આવા પ્રકારના અનેક સંશયો થઈ શકશે. પરન્તુ હું છું કે નહીં ? આવો સંશય ક્યારેય નથી થતો કારણ સંશય કરનાર જ હું પોતે છું. તો પછી મને મારામાં જ સંશય કેવી રીતે થાય ? અને સંશય કરનાર સંશયી કોણ આત્મા કે શરીરને સંશય થતો હોત તો મૃતક મડદાને પણ સંશય થાત. પણ મડદાને કોઈ પ્રકારનો સંશય થતો નથી જર્મન વિદ્વાન રે'ને ડેકાર્ટ એમ કહે છે કે (The Cosito Ergo Sum) અર્થાત્ I think there for I am એટલે હું વિચારું છું માટે હું છું એવી અનુભૂતિ-પ્રતિતિ થાય છે. અર્થાત્ વિચાર કરનાર કોણ ? આત્મા કે મન ? મન વિચાર કરાવનાર છે. કરાવવામાં મન સહાયક છે. પરન્તુ જ્ઞાનધારા તો આત્માની જ છે આત્મા જ વિચાર કરનાર છે. પરન્તુ વિચાર કરાવવામાં સહાયક મન છે. માટે આત્મા એ મન નથી. અને મન એ આત્મા નથી. બન્ને જુદા જુદા છે આત્માનું અસ્તિત્વ ચાલતી વિચારધારાના કારણે પણ સિદ્ધ થાય છે. એક મડદામાં નથી હોતી, સંશય કયા વિષયમાં થાય જે જે વિદ્યમાન વિષયો હોય તેમાં જ શંકા થાય છે. અસત્ અને અવિદ્યમાન પદાર્થોમાં ક્યારેય શંકા થતી નથી જેમકે આ સાપ છે કે દોરડું આ જે શંકા થઈ તો તે પણ સત્ પદાર્થમાં જ શંકા થઈ છે. અર્થાત્ સાપ પણ વિદ્યમાન છે. અને દોરડું પણ જગતમાં છે. 'स्थाणुर्वा पुरूसोवा' માં પણ સ્થાણું અને પુરુષ બન્ને વિદ્યમાન પદાર્થો છે. એટલે જ સંશય થયો. અવિદ્યમાન-અભાવાત્મક પદાર્થો જેવા કે વન્ધ્યાપુત્ર, આકાશપુષ્પ, સસલાનેશિંગડા આવા કોઈ પણ પદાર્થોમાં આપણને શંકા થતી જ નથી. શું આ વન્ધ્યા (વાંઝણી) નો પુત્ર તો નથી ને ? આવી શંકા ક્યારેય થતી જ નથી. કારણ કે વન્ધ્યાને પુત્ર હોતો જ નથી. અને પુત્ર હોય તો તે વન્ધ્યા કહેવાય જ નહીં. એટલે સત્તાસ્વરૂપે વિદ્યમાન, અસ્તિત્વ ધરાવતા સત્ પદાર્થોમાં જ સંશય થાય. માટે 'આત્મા છે કે નહીં ?' આવા પ્રકારના સંશયનું સ્વરૂપ જ આત્મા સિદ્ધ કરે છે. હે ગૌતમ ! તને એવો સંશય છે ને ? તારા મનમાં એવી શંકા થઈ તો છે ને ? કે આત્મા છે કે નહીં ? એ તારો સંશય જ પ્રથમ આત્માના અસ્તિત્વને પુરવાર કરે છે. Can I dought on my self ? No, Nobody can dought on our own self. સંશયનું સ્વરૂપ સ્વસંવિદિત છે. સ્વ પ્રત્યક્ષ છે. તદનુરૂપ આત્માને સ્વની પ્રતિતિ થાય છે. સંવેદન તે જ્ઞાન છે. સ્વતઃ આત્માને થનાર જ્ઞાન તે સ્વસંવેદન કહેવાય છે. એ સંશય પણ સ્વસંવિદિત છે. માટે સંશયના કારણે પણ આત્મસિદ્ધિ થાય છે.

વિવિધ પ્રમાણોથી "આત્મસિદ્ધિ".....

''मानाधीना मेयसिद्धि'' પ્રમેય પદાર્થોની સિદ્ધિ પ્રમાણોને આધીન છે. જગતમાં અનેક પ્રમાણો છે.



૧. स्व-पर व्यवसायि ज्ञानं प्रमाणम् ।। ૧-૨। ૨ स्पष्टं प्रत्यक्षम् । ૧ तद् द्विविधं प्रत्यक्षं परोक्षं च । ૩ तद् द्विप्रकारं सांव्यवहारिकं पारमार्थिकं च ।. ૪ तद् विकलं सकलं च । ૫ तत्र विकलमवधिमनःपर्यायज्ञान तया द्वेधा । ૬ सकलं तु सामग्रीविशेषतः समुहभूत समस्तावरण क्षयापेक्षं परोक्षं निखिलद्रव्यपर्याय साक्षात्कारिस्वरूपं केवलज्ञानम् ।૭ स्मरणप्रत्यभिज्ञानतर्कानुमानागमभेदतस्तत् पंचप्रकारम्। 'श्री प्रमाणनय तत्त्वालोक' महाग्रंथमां पूज्य वादिदेवसूरी महाराजा प्रामाण्यनी विचारणावसरे प्रमाणोना लक्षणो तथा भेदो ઉપર મુજબ ફરમાવે છે. જગતના આત્માદિ પ્રમેય પદાર્થોને જાણવા માટે અનેકવિધ પ્રમાણો છે. તે પ્રમાણોથી જ પ્રમેય પદાર્થોની સિદ્ધિ થાય છે. અહીંયા આત્મસિદ્ધિનો અધિકાર ચાલી રહ્યો છે. સર્વપ્રથમ પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા આત્મસિદ્ધિનો વિચાર કરીએ–

પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા આત્મસિદ્ધિ.....

જેમ શબ્દ અને હવા હોવા છતાં પણ તે આંખથી નથી દેખાતા; પરન્તુ અન્ય ઇન્દ્રિય વડે તેનો પ્રત્યક્ષ થાય છે. પરન્તુ આત્મા શબ્દ કે હવા જેવો પણ નથી. એટલે આંખ કે આંખ સિવાયની બીજી કોઈ પણ ઈન્દ્રિય વડે આત્માનો પ્રત્યક્ષ થઈ જ ન શકે. આત્મા સત્ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતો પદાર્થ હોવા છતાં તે અરૂપી છે. અમૂર્ત છે.... એટલે રૂપ-રંગ વિહિન આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષ થઈ જ ન શકે. તો પછી આત્માની પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધિ કેવી રીતે થઈ શકે ?

સુખ-દુઃખ પ્રત્યક્ષ કારણે- 'આત્મસિદ્ધિ'.....

વૃદ્ધાવસ્થામાં મોટી ઉંમરે સાધુ મહારાજની તબીયત બગડી. કોઈ અશાતા વેદનીય કર્મ ભારે ઉદયમાં આવ્યો. અને રાત્રે ડૉકટરને બોલાવવામાં આવ્યા. ડૉકટરે પેટ જોઈ કરીને દવા આપી. કાલે પાણીમાં લેજો. સારું. ડૉકટર-મહારાજ એક વાત પુછું ? આત્મા વગેરે કંઈ છે તો નહીં ? અને તમે આ તપશ્ચર્યા અને સાધના ખોટી-નિરર્થક શા માટે કરો છો ? શું તમે આત્મા દેખાડી શકો છો ? સાધુ મહારાજ – ડૉક્ટર ! એવો કોઈ નિયમ છે ખરો કે જે ડૉકટર હોય તે માંદા ન જ પડે ?

ડૉકટર- ના...ના... મહારાજ ! અમારે પણ શરીર તો છે જ ને ? કેમ અમને રોગ ન આવે ? જરુર આવે.

પણ મહારાજ બીજાની વાત તો જવા દો હું જ ઘણીવાર બિમાર રહું છુ માથાનો દુઃખાવો સખત રહે છે.

ભારે દુઃખ છે. દુખે ત્યારે તો એવું દુખે કે રહેવાય નહીં. સાધુ મહારાજ – કેમ તમે તો ડૉકટર છો ને ? દવા લઈ લો તો મટી જતું હશે ને ?

ડોકટર – ના...ના દુઃખ તો ઘણું વધારે છે.

સાધુ મહારાજ – શું વાત કરો છો ? દુઃખ છે ? દુઃખાવો છે ? દુઃખ વળી શું છે ? દુઃખ વળી કેવું હોય છે ? લાવોને દેખાડોતો હું માનું.

ડૉકટર કહે મહારાજ ! તમેય ખરા છો. દુઃખ તે કંઈ હાથમાં દેખાડાતું હશે ? એ તો અનુભવાય છે.

સાધુ મહારાજ - તો આત્મા તે કંઈ હથેલીમાં દેખાડાતો હશે ? એ તો અનુભવાય છે. આત્મા અનુભવગમ્ય હોય છે. અને સુખ-દુઃખ જ તેનો પ્રત્યક્ષ પુરાવો છે. સુખ-દુઃખ આત્માની ઓળખ કરાવે છે. હું સુખી છું. હું દુઃખી છું. વગેરે સુખ-દુઃખની પ્રતીતિ પણ આત્માની જ છે. શરીર સુખી છે કે મારું શરીર સુખી છે કે શરીર બિચારું દુઃખી છે કે મારું શરીર દુઃખી છે. એવી પ્રતીતિ નથી થતી, આજ પ્રત્યક્ષીકરણ છે. માટે હું સુખી છું. દુઃખી છું. એવી પ્રતીતિ થશે. એ સુખ-દુઃખની અનુભૂતિ જેને થાય તે જ આત્મા. એટલે સુખ દુઃખ આત્માની ઓળખ કરાવનાર પ્રત્યક્ષ પ્રમાણ છે.

गोयम । पच्चक्खोच्चिय जीवो जं संसयाइविन्नाणं ।
पच्चक्खं च न सज्झं जह सुह-दुक्खं सदेहम्मि ॥ २०३३ ॥

- હે ગૌતમ ! આત્મા તને પણ પ્રત્યક્ષ છે. નહીંતર આ સંશયાદિજ્ઞાન થાય નહીં. માટે જેમ પોતાનાં શરીરમાં અનુભવસિદ્ધ સુખ-દુઃખના અન્ય પ્રમાણોથી સધાતા સિદ્ધ કરાય છે. માટે સુખ-દુઃખની અનુભૂતિથી જ આત્મા છે એ પ્રતીતિ સિદ્ધ થાય છે.

સુખ-દુઃખ દેખાતા નથી, પ્રત્યક્ષ ગોચર નથી, ઈન્દ્રિય છતાં સુખ-દુઃખની પ્રતીતિ-અનુભૂતિ થાય છે. તેથી તેના જ વડે આત્માની સિદ્ધિ થાય છે.

પ્રદેશી રાજા અને કેશીગણધરનો આત્મવિષયક સંવાદ

સમ્રાટ પ્રદેશીરાજા નાસ્તિક શિરોમણી તરીકે ગણાતો હતો. તેના રાજ્યમાં ચિત્ર નામે જૈન મંત્રી હતો. ચિત્રમંત્રીએ એકદા યુક્તિ કરી શ્રી પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય શિષ્ય કેશી ગણધરને વિનંતી કરીને નગરમાં બોલાવ્યા, કેશી ગણધર ભગવન્ત પધાર્યા. નગર બહાર ઉદ્યાનમાં પ્રવચન ગોઠવાયું. સેંકડો ભાવિકો શ્રવણાર્થે આવ્યા. ત્યાંથી પસાર થતાં પ્રદેશી રાજાએ સાધુને જોયા એટલે ખીજાયા આત્મા વગેરે કંઈ છે નહીં. અને આ મહાત્મા નિરર્થક લોકોને ખોટા માર્ગે દોરી જાય છે. આ પ્રમાણે ગુસ્સે થઈને રાજા પ્રદેશી મહારાજ પાસે આવ્યો કેમ મહારાજ ? શું આત્મા છે ? કયાં છે ? કેવો છે ? કોણે જોયો છે ? વગેરે પ્રશ્નોનો વરસાદ શરૂ થયો અને મહાત્માજી શાન્ત ચિત્તે સાંભળતા રહ્યા. રાજાપ્રદેશીએ કહ્યું જુઓ મહારાજ !

એક વાર એક ચોર મારે ત્યાં પકડાયો. ત્યારે અમે એને એક લોખંડની બંધ પેટીમાં પૂરી દીધો. ઉપર મોટા તાળાં લગાડયા. અને પેટીની તડને પણ લાખ વગેરે લગાડી હવા જાય નહીં કે અંદરથી આવે પણ નહીં તે રીતે પેક કરી અને ચારે બાજુ બંદુક ધારી પહેરેદારો ઉભા રહ્યા. થોડાં કલાકો પછી પેટી ખોલીને ચોરને બહાર કાઢયો તો તે મૃત્યુ પામેલો હતો. બોલો જો જીવ જેવું કંઈ પણ હોત અને તે જીવ ગયો વગેરે. વ્યવહાર પ્રમાણે જો જીવ પેટીની બહાર નીકળ્યો હોત તો દેખાવો તો જોઈએ ને ? નથી પેટીમાં કયાંય ખૂણે ચોટયો ? કે નથી બહાર નીકળ્યો. મહારાજ-જૂઓ રાજન્ ! એક બંધ અને પેક ઓરડીમાં વગાડેલા શંખનો આવાજ જે રૂપી છે છતાં પણ ન દેખાય તે રીતે બહાર નીકળી જાય છે ને ? તો આત્મા તો અરૂપી છે. નિરંજન-નિરાકાર છે એતો ગમે ત્યાંથી આવે જાય પણ દષ્ટિગોચર ન થાય.

રાજા પ્રદેશી- મહારાજ બીજીવાર એક વખતે પકડાયેલા ચોરને પેટીમાં પૂર્યો અને તે મૃત્યુ પામ્યો. પછી કેટલાય દિવસે પેટી ખોલી જોયું તો તેમાં કીડા પડેલા હતા. તો આટલા કીડા કયાંથી અંદર આવ્યા ?

કહેશો મહારાજ- એક લોખંડનો ગોળો છે. એને અગ્નિમાં તપાવતા અંદર અગ્નિ કયાંથી પ્રવેશી ? છિદ્ર તો હતું નહીં તો અગ્નિ કયાંથી પ્રવેશ કરી ગઈ ? એમ હે રાજન્! અનેક આત્માઓ વિના છિદ્રે પણ પ્રવેશી શકે છે. તે અરૂપી છે.

પ્રદેશી રાજા- એક માણસનું જીવતા વજન કર્યું. અને પછી તેના મરી ગયા પછી પણ ફરીથી તરત વજન કર્યું. પરન્તુ કોઈ ફરક ન પડયો. તમારા કહેવા મુજબ જો જીવ હોત અને જીવ ગયો એ વાત સાચી હોત તો જીવ ગયા પછી કંઈક વજનમાં ઘટાડો થવો જોઈએ ને?

કેશી ગણધર- ભાગ્યશાળી ! એક રબરના ફુગ્ગામાં કે મસકમાં હવા ભર્યા પહેલાં વજન કરીએ અને પછી કરીએ તો પણ ફરક નથી પડતો. જોકે હવા કંઈ આત્મા જેવી અરૂપી નથી. છતાં પણ આ પ્રમાણે બને છે. પરન્તુ આત્મા તો અરૂપી છે. અગુરૂલઘુ

છે. વજન રહિત છે. એટલે તેનું તો વજન હોતું જ નથી. વજન કોનું હોય ? આ શરીરનું. જે પુદ્‌ગલનું બનેલું છે. માટે વજનમાં તોલવા કે માપવામાં આત્મા પકડાય તેમ નથી.

ઈત્યાદિ પ્રશ્નો તો ઘણાં છે. આ અધિકાર શ્રી રાયપસેણી (રાજાપ્રદેશી) સૂત્ર નામના આગમમાં વર્ણવવામાં આવ્યો છે. બીજા પ્રશ્નો ફરી બીજીવાર આગળ ઉપર વિચારીશું

પદાર્થ સત્તાની દૃષ્ટિએ આત્મસિદ્ધિ.....

ચરાચર સમસ્ત વિરાટ બ્રહ્માણ્ડમાં મુળભૂત દ્રવ્યની સત્તાનો વિચાર કરતા સ્પષ્ટ જણાય છે કે આ વિશ્વમાં મુળભૂત બે જ દ્રવ્યોની સત્તા છે.



આ બે સિવાય ત્રીજા કોઈ દ્રવ્યની સત્તા જ આ વિશ્વમાં નથી. અન્ય સર્વ સ્વરૂપો આ બન્નેના સંયોગ વિયોગ સ્વરૂપે છે. પરન્તુ મુળભૂત દ્રવ્ય જો સત્તામાં કોઈ પણ પડયું હોય તો તે એક માત્ર જડ-ચેતન આ બે જ છે.

જડ(અજીવ)	ચેતન (જીવ)
નિષ્ક્રિય દ્રવ્ય છે. ચેતના શકિત રહિત, જ્ઞાન-દર્શનાદિ ગુણ રહિત, વર્ણ - ગન્ધ - રૂપ સ્પર્શાત્મક છે, જન્મ - મરણ રહિત, રૂપી, વિનાશી.	સક્રિય દ્રવ્ય છે. ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન દર્શનાત્મક ગુણ યુકત વર્ણ - ગન્ધ -રૂપ - રસ સ્પર્શ રહિત, જન્મ - મરણ કરનારો અરૂપી - અવિનાશી.
unconcious Matter	Concious Matter

આ પ્રમાણે મુળ-ભૂત ભેદ ધરાવતા ગુણોવાળા આ બન્ને સ્વતંત્ર દ્રવ્યોના જ સંયોગ-અસ્તિત્વ ધરાવે છે, આ બન્ને દ્રવ્યોના સંયોગ-વિયોગનો આ સંસાર છે. આ બન્ને દ્રવ્યો ના જ મિશ્રણથી વિશ્વની ઉત્પત્તિ થાય છે. વિયોગે વિનાશ થાય છે.

જડમાં ચેતનના આરોપનો વ્યવહાર.....

શહેરોમાં લોકો રસ્તા ઉપર કોઈને બૂમ મારે છે - એ ટેકસી ! એ રીક્ષા ! એ ગાડી અને આ અવાજ સાંભળતાની સાથે જ કોઈ રીક્ષા -કે ટેકસી ઉભી રહી જાય છે. ટેકસી કે રીક્ષા જડ છે કે ચેતન ? તમારી અવાજથી એક જડ ટેકસી કે રીક્ષા ઉભી રહી જાય. તો શું એ ચમત્કાર છે ? ના..ના બોલાવનાર પહેલા જોઈને બુમ મારે છે કે-ટેકસીમાં ટેકસીડ્રાઈવર છે કે નહીં ? રીક્ષા ચાલક છે કે નહીં ? ન બેઠો હોય તો બુમ નથી મારતા.

નથી બોલાવતા કારણ કે બોલાવનાર સમજે છે કે કોણ જડ છે અને કોણ ચેતન ? એમ જો ચેતન વગરનો જડ જો બોલાવવાથી આવી જતો હોત... તો... મડદાને બાપુજી કહીને બોલાવવાથી બાપુજી પાછા ઘેર આવી જાત. કોઈ દૂર પડેલા પત્થર કે ટેબલને બુમ પાડીને બોલાવવાથી તે નથી આવતુ ટેક્સીવાળા, રીક્ષાવાળા, ગાડીવાળા એમ બુમ પાડવી જોઈએ. પરન્તુ ટુંકી ભાષા વાપરવાવાળો ટુંકમાં એ ટેક્સી, એ રીક્ષા, એ ગાડી એમ બુમ પાડે છે અને બુમ પાડનાર તથા બુમ સાંભળનાર બન્ને ટેવાઈ ગયા છે. એટલે જ સાંભળનાર ડ્રાઈવર પણ ગુસ્સે નથી ભરાતો. એ સમજી જાય છે કે ટેક્સી-રીક્ષા (જડ) ના નામે બોલાવનાર ઉપલક્ષણથી તો મને જ બોલાવે છે, અર્થાત્ જડના ઉપલક્ષણથી પણ આપણે ઓળખીએ છીએ તો ચેતન ને જ. જાણીએ છીએ તો ચેતન આત્માને જ. અને એનો જ વ્યવહાર કરીએ છીએ. પરન્તુ ભાષાના ટુંકા વ્યવહારમાં આપણે જડને વચ્ચે લઈ લીધો છે.

સ્વામી-માલીક, અધિષ્ઠાતા-ગુણી તે-આત્મા.....

જેમ ઘરવાળા, ઘરવાળી વગેરે શબ્દો પ્રચલિત થઈ ગયા છે. અર્થાત્ ઘરમાં રહેનાર, ઘરના માલિક, ઘરના સ્વામી, ઘરની માલકણ, ઘરની શેઠાણી એ અર્થમાં ઘરવાળા શબ્દથી આપણે વ્યવહારમાં પતિને તથા ઘરવાળી શબ્દથી પત્ની શેઠાણીને ઓળખીએ છીએ. તે જ પ્રમાણે આ શરીર રૂપી ઘરમાં રહેનાર કોણ ? આ શરીરનો માલિક સ્વામી કોણ ? તો તે એકમાત્ર આત્મા, આપણા શરીરનો માલિક બીજો સંભવ જ નથી. આપણા શરીરના માલિક, સ્વામી, અધિષ્ઠાતા, હકદાર આપણે પોતે અર્થાત્ આપણો આત્મા છે. ગુણોના સમૂહનો માલિક તે ગુણી. અર્થાત્ જ્ઞાન-દર્શનાદિ ગુણોનો માલિક ગુણી તે આત્મા. ગુણ અને ગુણીનો આધારાધેય સંબંધ છે. ગુણ-ગુણીનો અભેદ સંબંધ છે. અને વ્યવહારમાં ગુણોનો પ્રત્યક્ષ થાય છે. અનુભવ થાય છે તો ગુણ-ગુણીના અભેદથી આત્માનો પણ પ્રત્યક્ષ જાણવો--અર્થાત્ જ્ઞાન દર્શન એ ગુણ છે અને આ બન્નેનો આત્મા સાથે અભેદ સંબંધ છે. એટલે જ્ઞાન-દર્શન ગુણની ક્રિયા, ગુણના વ્યવહારનો પ્રત્યક્ષ કરનાર ગુણીનો પણ પ્રત્યક્ષ કરે છે. કારણ આત્માથી જ્ઞાન જુદું નથી. અને જ્ઞાનથી આત્મા જૂદો નથી. એટલે ગુણોનો ગુણી, આધારોનો આધેય અધિષ્ઠાતા તે જ આત્મા.

આત્મસિદ્ધિના વિષયમાં અન્ય પ્રમાણો દ્વારા આત્માનું સ્વરૂપ, અસ્તિત્વાદિનું તર્ક-યુક્તિ આદિ પ્રમાણો સાથે વિશેષ વર્ણન આગળ ઉપર જોવાં પ્રયત્ન કરીશું.

+ શિવમસ્તુ સર્વજગતઃ +

પહેલા ગણધર
શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ

આત્મસિદ્ધિ

(વ્યાખ્યાન બીજું)

શંકા : આત્મા છે તો કેવો છે ?

પરમ પૂજય ચરમતીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર પૂર્વક...

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાની દાર્શનિક ઈમેન્યુઅલ કાન્ટ એક વખત સવારે ફરવા નિકળ્યા. તેમના હાથમાં એક લાકડી હતી ચાલતા ચાલતા તે લાકડી એક માણસને વાગી ગઇ. સામે વાળો માણસ એકદમ ગરમ થઇ ગયો. અને કાન્ટની સામે જોઇને તરત પૂછયું- તમે કોણ છો ?

કાન્ટ-શું પુછયું ?

સજ્જન - હું પૂછું છું- તમે કોણ છો ?

કાન્ટે કહ્યું Sir, If you could answer that same question for me. I would give you my half kingdom (તમે કોણ છો ?) એ પ્રશ્ન જે તમે પૂછયો છે, જો તેનો ઉત્તર તમે જ આપી શકતા હો તો હું તમને મારું અર્ધુ રાજય આપવા તૈયાર છું.

સજ્જન-(સામે વાળો સજ્જન સાંભળી છક થઈ ગયો.) કેમ આવું બોલો છો ? આ તો સીધી વાત છે કે તમે કોણ છો ? તમારે તમારું નામ-ઠામ કહી દેવું જોઈએ ને ?

કાન્ટ- આ પ્રશ્નનો ઉત્તર હું વર્ષોથી શોધું છું - કે હું કોણ છું ? કારણ ક્યારેક મને કોઈ પુછશે કે તમે કોણ છો ? એ હું જાણતો ન હતો માટે હું વર્ષોથી એના ઉત્તરની શોધમાં છું. માફ કરજો મને હજી એનો ઉત્તર નથી મળ્યો . માટે એ જ પ્રશ્ન કદાચ હું તમને જો પૂછું તો તમે શું ઉત્તર આપો ?

સજ્જન-(આ સાંભળીને બોલ્યા) શું તમે કોઈ દાર્શનિક કે તત્ત્વજ્ઞાની છો ? કે જેથી સામાન્ય વાત માંથી મોટું તત્ત્વ શોધી રહ્યા છો ?

બસ, આપણે પણ એ જ કરવું છે. જો આપણે પણ 'હું કોણ છું' ? એટલું જો જોઈ શકતા હોઈએ અને જો એનો ઉત્તર શોધાઈ જાય તો આપણે પણ વિશ્વના મહાન તત્ત્વ-જ્ઞાની બની શકીએ છીએ. વિચારીએ તો વાત ઘણી ગંભીર છે. અને ન વિચારએ, ચિંતન

ન કરીએ તો આ વાત સાવ સામાન્ય છે. આપણા રોજીન્દા વ્યવહારમાં બોલાય છે. અને પૂછાય છે.

Who am I ? New Reserch.

વિશ્વના એક મહાન વૈજ્ઞાનિકને એના શિષ્યોએ પુછ્યું- Sir ! Which Will be our further new reserch ? વૈજ્ઞાનિક - First I will think over it for three days, and then I will give you the answer.

શિષ્યો - O.K. Sir . સારું.

વૈજ્ઞાનિક -(ત્રણ દિવસ પછી) ખુબ ચિંતન કર્યા પછી કહ્યું કે - " To Know they Self " I think so that It will be our new Last and Latest Reserch.

આપણી જાતને ઓળખવી એ જ નવી અને છેલ્લી શોધ આપણી હશે.

શિષ્યો - Sir ! To know thy self that "Who am I ? " is it a Reserch?

વૈજ્ઞાનિકબસ ! હું એટલું જ કહેવા માગું છું કે ભૌતિક જડ વિજ્ઞાનનું બધું જાણવા છતાં પણ હું જો મારી જાતને જ નથી જાણતો કે " હું કોણ છું ? " તો કદાચ સમસ્ત વિશ્વને જાણવા છતાં હું મોટો અજ્ઞાની ઠરીશ. વર્તુળની વચ્ચે કેન્દ્ર? કે કેન્દ્રની વચ્ચે વર્તુલ? સંસારની વચ્ચે આત્મા? કે આત્માની વચ્ચે સંસાર? કેન્દ્ર સ્થાનમાં રહેલા આત્માની ચારે બાજુ રહેલ વર્તુળની જેમ સમસ્ત સંસારના અનન્ત પદાર્થો છે. અને જો આત્મા કયારેય પણ પોતાના અસ્તિત્વનો વિચાર જ નહીં કરે તો સદાય બહાર જોનારને બાહ્ય જગત જ દેખાશે. કયારેય પણ હું કોણ છું એ નહીં દેખાય. માટે ફરી વિચારીએ કે- જયાં કેન્દ્ર હોય ત્યાં વર્તુળ હોય? કે વર્તુળ હોય તો કેન્દ્ર ? અર્થાત્ કેન્દ્ર હોય તો વર્તુળ હોય ? કે વર્તુળ હોય તો કેન્દ્ર ? બન્નેમાં કાર્ય કારણભાવ સંબંધ છે. આ સંસારના કેન્દ્રમાં રહેલા આત્માને જ ઓળખવો જરૂરી છે. આપણે શોધ કરીએ સંશોધન કરીએ કે- ''હું કોણ છું ?''

ભૌતિક જગતની શોધો ઘણી કરી. ચન્દ્ર ઉપર પણ ગયા. અને મંગળ ઉપર પણ ગયા. પરન્તુ નથી ગયા માત્ર પોતાના અંતરમાં. અંતરમાં હજી પ્રવેશ કર્યો નથી. આંખ ઉઘાડતા જેમ બાહ્ય સંસાર દેખાય છે તેમ આંખ બંધ કરતા આંતરિક સ્વરૂપ, અંતરાત્મા કેમ નથી દેખાતો ?

આંખ બંધ કરીને ઉંઘા કેમેરે ફોટા.....!

ટેડ સિરિયોસ નામના એક યુવાન અમેરિકાના શિકાગો શહેરમાં કેટલાક વૈજ્ઞાનિકોની હાજરીમાં ફોટા પાડે છે. એ પૂછે છે કે બોલો, શેનો ફોટો પાડું ? કોનો ફોટો પાડું? પણ

એક શરત કે એ દ્રશ્ય મારું જોયેલું હોવું જોઇએ. શ્રી કર્ટીસ કુલર આદિ વૈજ્ઞાનિકોની હાજરીમાં ટેડ સિરિયોસે પોલેરોઇડ કેમેરો હાથમાં લીધો, કેમેરાનો લેન્સ એને કપાળ સામે રાખ્યો. એક-બે મિનિટ આંખ બંધ કરીને વિચાર કર્યો અને કેમેરાની ચાંપ દાબી. પોલેરોઇડ કેમેરો તરત કુલરના હાથમાં પાછો આપ્યો. અને તેમાંથી તરત ફોટો બહાર આવ્યો. એ જોયો તો એમાં એરોડ્રામનું ચિત્ર હતું Air Divisionના શબ્દોનું પાટિયું સ્પષ્ટ વંચાતુ હતું. ત્યાર પછી પણ ટેડ સિરિયોસે આવા ઘણાં પ્રયોગો કર્યા છતાં. પણ વિજ્ઞાનના ક્ષેત્રે એ પ્રશ્નરૂપ કોયડો છે.

આંખ બંધ કરીને માણસ બીજા ચિત્રો ખેંચી શકે છે. પરન્તુ આંખ બંધ કરીને આંતર્નિરીક્ષણ કરી નથી શકતા. અંતરાત્માને જોવો, અનુભવવું, એની પ્રતીતિ કરવી એ જ આપણી મોટી શોધ, સિદ્ધિ કહેવાશે.

जे एगं जाणइ से सव्वं जाणइ ।।

– શ્રી આચારાંગ સૂત્રમાં પરમાત્મા મહાવીર પ્રભુ ફરમાવે છે કે-જે એક ને જાણે છે તે બધું જ જાણે છે. એક તે કોણ ? એક આત્માને ઓળખીએ એટલે બધું જ ઓળખી શકાય છે. કારણ કે આ સંસારના સમસ્ત દ્રવ્યો આત્માને કેન્દ્રમાં રાખીને રહેલા છે. વર્તુળના મધ્યમાં કેન્દ્ર છે. એમ આ સમસ્ત સંસારના કેન્દ્રમાં 'આત્મા' છે. બસ, આત્માને જ ઓળખવો જરૂરી છે. ધર્મઆરાધનાના મૂળમાં 'આત્મા' છે. તત્ત્વજ્ઞાનના કેન્દ્રમાં આત્મા છે. સર્વ જ્ઞાનની મધ્યમાં આત્મા છે. એટલે જ આત્માને ઓળખ્યો તો બધું જ ઓળખાઇ ગયું. અને આત્માને ન ઓળખ્યો તો આ જગતમાં બધું જાણવા છતાં પણ કંઇ જ નથી જાણતા એમ સમજવું. એટલે જ આત્મ તત્ત્વ, આત્મ જ્ઞાન, અધ્યાત્મશાસ્ત્રાદિ શાસ્ત્રોના અભ્યાસની જરૂર છે.

અનેક પ્રમાણોથી આત્મસિદ્ધિ....

प्रमाणात् प्रमेयसिद्धिः પ્રમાણો વડે પ્રમેય પદાર્થોની સિદ્ધિ થાય છે. એવા દૃષ્ટાદૃષ્ટ પ્રમેય પદાર્થો જગતમાં અનેક છે. તેને વિવિધ પ્રમાણો વડે જાણી શકાય છે. એ પ્રમાણો પ્રત્યક્ષ, અને પરોક્ષ બન્ને ભેદે મુખ્ય રીતે ઓળખાય છે. પ્રત્યક્ષ પ્રમાણનો વિચાર આપણે કરી ગયા છીએ.

આજે અનુમાન, સ્મૃતિ, તર્ક, પ્રત્યભિજ્ઞા, અને આગમ આદિ પ્રમાણો વડે આત્મસિદ્ધિ કેવી રીતે થાય છે? તેનો વિચાર કરીએ-

અનુમાન પ્રમાણથી 'આત્મસિદ્ધિ' .....

સાધ્ય-સાધનના સહચાર નિયમની વ્યાપ્તિથી વસ્તુનું જ્ઞાન મેળવીએ છીએ તેને અનુમાન પ્રમાણ કહેવાય. દા. ત. ધૂમાડા વડે અગ્નિનું અનુમાન કરીએ છીએ. આગ નથી દેખાતી છતાં પણ આગનું અનુમાન કરીએ છીએ. આગ નથી દેખાતી છતાં પણ

ધૂમાડો જોઈને અનુમાન કરીએ છીએ. એ જ પ્રમાણે આત્માના અસ્તિત્વનું અનુમાન કોને જોઈને કરવું ?

આત્મા અરૂપી હોવાથી દૃષ્ટિગોચર તો થઈ શકતો નથી. એવા ઘણાં પદાર્થો આ સંસારમાં છે કે જેનો પ્રત્યક્ષ દૃષ્ટિ ગોચર નથી થતો. પણ આપણે અનુભવ કરીએ છીએ. માનીએ છીએ કહ્યું કે -

पाषाणेषु यथा हेम, दुग्धमध्ये यथा घृतं ।
तिलमध्ये यथा तैलं, देहमध्ये तथा जीवः ।।
काष्टमध्ये यथा वन्हि, शक्तिरुपेण तिष्ठति
अयमात्मा शरीरेषु, यो जानाति स पंडितः ।।

જેમ પત્થર (માટી)માં સોનું છે પરન્તુ પ્રથમાવસ્થામાં નથી દેખાતું. જેમ દૂધમાં ઘી છે, તલમાં તેલ રહેલ છે, તેમ આ શરીરમાં જીવ રહેલ છે. અને જેમ બે અરણિના કાષ્ઠમાં અગ્નિ રહેલ છે. તે જ પ્રમાણે આ આત્મા શરીરમાં રહેલ છે. અને આવું જે જાણે છે તે પંડિત વિદ્વાન કહેવાય.

આપણા વ્યવહારમાં જોઈએ છીએ. ભલે દૂધમાં જોતાની સાથે જ ઘી નથી દેખાતું વાંસના કાષ્ઠમાં આગ નથી દેખાતી, તો શું ન માનવી? કારણ કે જો ના પાડીએ તો બે વાંસ-અરણિના કાષ્ઠ ને ઘસીએ એટલે તરત અગ્નિ દેખાય છે. બે ચકમકમાં આગ દેખાતી નથી. પણ ઘસતાની સાથે જ તરત આગ પ્રગટ થાય છે. દૂધની મલાઇ તપાવીએ એટલે તરત ઘીની પ્રતીતિ થાય છે. તલમાંથી તેલ નીકળે છે.

નથી દેખાતું માટે ન માનવું એવો નિયમ નથી. નથી દેખાતું છતાં પણ માનવું પડે છે. જોઈને પણ માનવું પડે છે. એ જ પ્રમાણે આ શરીરમાં પણ આત્મા છે. ભલે નથી દેખાતો, છતાં પણ સુખ-દુઃખના અનુભવથી આત્મા છે એ અનુમાનથી સિદ્ધ થાય છે. જન્મ મરણના પ્રત્યક્ષથી આત્માનું અનુમાન થઈ શકે છે. આત્મા નથી એમ નહીં.

જેમ અગ્નિ વિના ધૂમાડો નથી હોતો. તેમ ભોગી વિના ભોગ્ય ન હોય. શરીર ભોગ્ય છે અને આત્મા ભોકતા છે.

પ્રેમ-લાગણી–સ્નેહ–રાગ–દ્વેષાદિ કરનાર તે આત્મા .....

પ્રેમ- લાગણી આદિ શું છે ? લાગણીશીલ સ્વભાવ આદિ શું છે ? શું લાગણી–પ્રેમ શરીર કરે છે કે આત્મા? જો આત્મા ન હોય તો શું મડદું કોઈને પ્રેમ કરી શકે છે? ના મડદું કોઈને પ્રેમ-લાગણી, સ્નેહ- રાગ- વગેરે કંઈ જ નથી કરતો. એટલે એ નકકી થઈ ગયું કે પ્રેમ-લાગણી વગેરે શરીરના ધર્મો નથી. પરન્તુ આત્માના ધર્મો છે. આત્માના ગુણો જ છે. જે રાગ કરે તો પણ આત્મા અને દ્વેષ કરે તો તે પણ આત્મા કરે છે. પ્રેમ-લાગણી-

સ્નેહ વગેરે રાગના જ ઘરના છે. અને ઈર્ષ્યા અસૂયા- મત્સર વગેરે દ્વેષના ઘરના છે. એટલે આ બધી પ્રેમ લાગણી આદિની પ્રવૃત્તિ કરનાર તે આત્મા. આત્મા ન હોય તો પ્રેમ-લાગણી આદિ કંઇ રહે જ નહીં. આત્મા છે તો પ્રેમાદિ બધું છે. કોઇ મરેલી મૃતક શરીરની સ્ત્રી-કે કન્યા સાથે પ્રેમ કરે છે ? ના, કયારેય નથી કરતો.

ગુણોથી ગુણીની ઓળખ.....

गुणपच्चक्खत्तणओ गुणीवि जीवो घडोव्व पच्चक्रवो ।
घडओऽवि घेप्पइ गुणी गुणमेत्तग्गहणओ जम्हा ॥ १५५८ ॥
अन्नोऽणन्नो व गुणी होज्ज गुणेहिं, जइ नाम सोऽणन्नो ।
ननु गुणमेत्तग्गहणे घेप्पइ जीवो गुणी सक्खं ॥ १५५९ ॥

વિશેષાવશ્યક ભાષ્યમાં પૂજય શ્રુતધર મહાત્મા શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજા ફરમાવે છે કે- જેમ ઘડો પ્રત્યક્ષ દેખાય છે તેમ ગુણોના પ્રત્યક્ષથી ગુણી આત્મા પણ પ્રત્યક્ષ ગમ્ય થઇ શકે છે. રૂપ-વર્ણાદિ ઘડાના ગુણો છે. તેથી ઘટ ગુણીનો પ્રત્યક્ષ થઇ શકે છે. તે જ પ્રમાણે કેટલાક વિશિષ્ટ ગુણો છે જેથી બીજા કોઇ જડની અનુભૂતિ ન થતા આત્માની જ અનુભૂતિ થાય. ગુણ-ગુણીનો અભેદ સંબંધ હોય છે. સૂર્ય-અને પ્રકાશ, પ્રદીપ અને પ્રકાશનો જેમ અભેદ સંબંધ છે. તેમજ જ્ઞાન દર્શનાદિ સાથે આત્માનો પણ અભેદ સંબંધ છે. સંબંધી આત્મા અને ગુણી આત્મા. ગુણો સાથે અભેદ ભાવે છે. ગુણ-ગુણીનો અભેદ હોવાથી ગુણો ગ્રહણ થાય તો ગુણીનો પણ ગ્રહણ અવશ્ય થાય જ. જો રૂપાદિ ગુણોને ઘટાદિથી જૂદા માની ગુણ ગુણીમાં ભેદ માનવામાં આવે તો રૂપાદિના પ્રત્યક્ષથી વ્યવહારમાં પણ ઘટ-પટાદિનો પ્રત્યક્ષ ન થાય તો પછી રૂપાદિ ગુણોનો આશ્રય શું માનવો ? શું ગુણો ગુણી વગર રહી શકે ખરા ? સુગંધ આવતી હોય પરન્તુ તપાસ કરતા ખ્યાલ આવે છે કે શેની સુગંધ છે ? ફૂલની? કે અત્તરની કે તેલની ? સુગંધ દ્રવ્ય નથી. એ તો ગુણ છે તો એનો આધાર કોણ? નિર્ણય કરવો જ પડે કે અહીં અત્તરની બાટલી છે. કે ફૂલ છે... એ જ પ્રમાણે સુગંધ ગુણથી તેના ગુણી દ્રવ્ય અત્તર-કે ફૂલનો નિર્ણય થાય છે. તે જ પ્રમાણે પ્રકાશ કોનો છે ? પ્રદીપનો, ચંદ્રનો, સૂર્યનો, અગ્નિનો એમ જેનો પ્રકાશ હોય તેનો નિર્ણય થાય છે. એમ ગુણથી ગુણીના નિર્ણયના ન્યાય પ્રમાણે આ જગતમાં સ્મૃતિ, જિજ્ઞાસા છે વગેરે વ્યવહાર કોણ કરે છે ? આત્મા કે શરીર? માટે ગુણ-ગુણીને ભેદ થઇ શકે તેમ નથી. અભેદ સંબંધથી જ સ્વીકારવા પડે.

દ્રવ્યનું લક્ષણ - 'ગુણ+પર્યાય = દ્રવ્ય' 'गुण पर्यायवद् द्रव्यं' ઉમાસ્વાતિજી મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં દ્રવ્યનું લક્ષણ કહેતા આ પ્રમાણે કહ્યું કે ગુણ અને પયાર્ય વાળો જે હોય તે દ્રવ્ય કહેવાય. જે જે દ્રવ્ય હોય તેના ગુણ-પર્યાય અવશ્ય હોય જ. દ્રવ્ય હોય અને તેના ગુણ પર્યાય ન હોય તે સંભવે જ નહીં. સૂર્ય નથી, પ્રદીપ નથી પણ પ્રકાશ છે. સૂર્ય વિના

પણ દિવસ છે. એમ આપણે કહી જ ન શકીએ. તેમ આવો વ્યવહાર જગતમાં ક્યાંય નથી. એટલે હકીકતમાં દ્રવ્ય તો ગુણોનો આધાર-સમૂહ થયો. ગુણોનો પિંડ-સમૂહ બનેલો,જે હોય તે દ્રવ્ય. અને તેનો આકાર વિશેષ તે તેની પર્યાય કહેવાય.

જ્ઞાન એ ગુણ છે કે દ્રવ્ય .....?

'જ્ઞાન' આપણે દરેકના અનુભવનું સ્વરૂપ છે. તો જ્ઞાનને ગુણ કહેવું કે દ્રવ્ય? દ્રવ્ય કહીશું તો શું જ્ઞાનનો સ્પષ્ટ વસ્તુ તરીકે વ્યવહાર થઈ શકશે કે આ વસ્તુને જ્ઞાન કહેવાય? ના, સંભવ જ નથી. એટલે જ્ઞાનને ગુણ તરીકે રાખીને તેના આધાર રૂપે આત્માને દ્રવ્યરૂપે સ્વીકારીએ 'મને જ્ઞાન છે.' એવો વ્યવહાર થાય છે. 'હું જ્ઞાન છું' એવું કોઇ ન બોલે પરન્તુ 'હું જ્ઞાની છું.' ભગવાન જ્ઞાની છે. એમ આપણે વ્યવહાર કરીએ છીએ.

ગુણોનો ક્રિયારૂપે વ્યવહાર.....

દ્રવ્યના ગુણોનો ક્રિયામાં વ્યવહાર થાય છે. જ્ઞાન-દર્શનાદિ જે ગુણો છે તેનો વ્યવહારમાં ક્રિયારૂપે અનુભવ આપણે કરીએ છીએ.

જ્ઞાનની ક્રિયા-જાણવું, અને દર્શનની ક્રિયા- જોવું- જાણવું, જોવું એ વ્યવહાર તો આપણાં રોજંદા જીવનમાં થાય છે. હું જાણું છું,જોઉં છું, આ જાણવા અને જોવાની ક્રિયા કરનાર કોણ? હું. હું આ જાણું છું. હું રસોઇ કરવાની રીત જાણું છું. હું મોટર બનાવવાનું જાણું છું, મને મકાન બનાવતા આવડે છે. રાજ્ય કેમ કરવું? તે હું જાણું છું. મને આ સભામાં હજારો માણસો દેખાય છે. હું બધાને જોઉં છું. ટ્રેનની બારીમાંથી હું બધું જોઉં છું. આ પ્રમાણેના સ્પષ્ટ વ્યવહારોમાં જાણનાર અને જોનાર કોણ? આત્મા. આત્મા ન હોય તો શું મડદુ જૂએ છે કે જાણે છે? ના, ન જ જોઇ શકે. ન જ જાણી શકે. જાણવું અને જોવું એ જડનો ધર્મ નથી, જડની ક્રિયા નથી. અરીસો આપણને જૂએ છે? કે આપણે અરીસા ને જોઈએ છીએ ? કોઈ પણ સ્પષ્ટ ઉત્તર આપશે કે આપણે અરીસાને જોઈએ છીએ.

ક્રિયાઓનો કર્તા તે જ 'આત્મા'.....

જગતની તમામ ક્રિયાઓનો કર્તા કોણ ? આત્મા. મુળભૂત કર્તા તરીકે આત્મા જ ગણાશે. ખાવું-પીવું, ઉઠવું, બેસવું, બોલવું, જાણવું, જોવું, આવવું, જવું, ઉંઘવું, જાગવું વગેરે સેંકડો ક્રિયાઓ છે. તો તે ક્રિયાઓ અને તેના કર્તા માલિકમાં કંઈ પણ તફાવત છે કે નહીં ? ક્રિયા જૂદી છે. અને ક્રિયાનો કરનાર કર્તા જૂદો છે. ક્રિયા અનેક છે. પણ કર્તા એક છે- આત્મા. આત્માની અનુપસ્થિતિમાં મૃતક શરીર કોઈ ક્રિયા કરતો નથી. હવે મડદાથી ખાવા-પીવા જાણવા જોવા વગેરેની કોઈ ક્રિયા થવાની નથી. માટે ક્રિયાનો કર્તા આત્મા સિવાય બીજો સિદ્ધ થઈ શકે તેમ જ નથી. સંભવ છે કે દૃષ્ટાદૃષ્ટ કર્તા હોઈ શકે

છે. સ્વયં સંચાલિત વાહનની પાછળ પણ મૂળ કર્તૃત્વ તો આત્માનું જ છે.

જાણવુ-જોવું એ આત્માના જ્ઞાન-દર્શન ગુણ ને આભારી છે. અને આ ગુણોનો આશ્રય આત્મા સિવાય બીજો કોઈ કલ્પી પણ ન શકાય. શું આ મકાન, ટેબલ, ગાડી જાણે છે ? કંઈ પણ જાણે છે ? હજાર પુસ્તકો કબાટમાં હોવા છતાં પણ શું કબાટને જ્ઞાન થાય છે ? સર્વવિદિત સ્પષ્ટ જ છે કે કોઈ જડ પદાર્થ કંઈ પણ નથી જાણતો કે નથી જોતો. પરન્તુ જાણવું-જોવું તો જગતમાં સ્પષ્ટ જ છે. વ્યવહાર ગમ્ય છે. તો આ ક્રિયાનો કર્તા, તથા જ્ઞાન-દર્શનાદિ ગુણોના ગુણી તરીકે એક માત્ર આત્માને માન્યા સિવાય બીજો વિકલ્પ જ નથી.

જ્ઞાનાદિ ગુણસૂચક આત્માનું લક્ષણ....

. અરૂપી, અનામી અદૃશ્ય એવો આત્મા પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર નથી. ઈન્દ્રિય ગમ્ય નથી. છતાં પણ તેનું લક્ષણ નક્કી કરતા પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજે તત્ત્વાર્થમાં કહ્યું છે કે–

''उपयोगो लक्षणं'', ''चेतना लक्षणो जीवः''

આત્માનું લક્ષણ કરતા ઉપયોગ અને ચેતના એવા શબ્દો વાપર્યા છે. ઉપયોગ એટલે શું ? ઉપયોગ એટલે જ્ઞાનાત્મક 'ઉપયોગ, દર્શનાત્મક ઉપયોગ. જ્ઞાન-દર્શનને જ ઉપયોગ કહેવાય છે. આપણે સંવત્સરી પ્રતિક્રમણ આદિમાં કહીએ છીએ. 'ઉપયોગ રાખો' 'ઉપયોગ રાખજો. એટલે આ સૂચનાથી શું કહેવાનું છે ? શું ચરવળાનો ઉપયોગ કરવાનો છે ? ના...પરન્તુ તમે બીજાની સાથે વાતમાં પડયા. કંઈપણ બીજી ક્રિયામાં પડયા તેથી પ્રતિક્રમણ વ્યાખ્યાનાદિ ક્રિયામાં વિક્ષેપ થવા માંડયો, બીજાની પણ એકગ્રતા તૂટવા માંડી. એટલે તમને કહેવામાં આવ્યું ભાઈ ! ઉપયોગ રાખજો. અર્થાત્ જે આરાધના ક્રિયા, ધ્યાન, વ્યાખ્યાન શ્રવણમાં તમારો જાણવા અને જોવારૂપ જ્ઞાન દર્શનનો જે ઉપયોગ ચાલી રહ્યો છે. તેમાંજ તમે સ્થિર રહેજો તમારી એકાગ્રતા તૂટી ન જાય માટે. એટલે ઉપયોગ રાખવાનો એટલો જ અર્થ થયો કે તમે તમારા જ્ઞાન-દર્શન ગુણમાં જ સ્થિર રહો.



આ બન્ને આત્માના ગુણો છે. અને તેથી તેને જ ઉપયોગ નામ આપવામાં આવ્યું છે. એટલે જ ઉપયોગમાં રહેવાની સૂચના જે આપવામાં આવી છે તે ખૂબજ ઉપકારક છે. સ્વભાવરમરણતા, સ્વભાવદશામાં સ્થિર રહેવાનું કહ્યું છે.

તેરા હૈ સો તેરી પાસ...અવર સબ અનેરા...!

અવધુ સદા મગન મેં રહના.....

આ શબ્દો આપણને એજ સૂચવે છે કે હે આત્મન્ ! જે જ્ઞાન-દર્શનાદિ તારા ગુણો

છે. એ તારી પાસે જ છે. એ બીજો કોઈ પણ લઈ શકે તેમ નથી. એ જ તારો મહાન ખજાનો છે. આત્માના ગુણો જ આત્માનો ખજાનો છે. જે જ્ઞાન દર્શનાદિ ગુણો તારા છે તે તારી પાસે જ છે. અને એ ગુણો સિવાય આ સંસારમાં બીજું કંઈ પણ તારું નથી. આત્મભાવ સિવાયની સર્વ વસ્તુઓ બાહ્ય છે. તે તારી હતી નહીં, છે નહીં, અને તારી થવાની પણ નથી. તો પછી બાહ્ય વસ્તુઓને તું તારી બનાવવા શા માટે મથી રહ્યો છે? એ જ તારી ભારે અજ્ઞાનતા છે. મિથ્યાદશા છે. માટે જ તારુ શું છે ? તે શોધી કાઢ. અને તેની જ શોધમાં સાધના કર. જે તારું છે- તે જ તને મળશે. અને જે તારું નથી તેને જો મેળવવા પ્રયત્ન કર્યો, અને કદાચ મેળવી પણ લીધી, તો પણ તે બાહ્ય વસ્તુ તારી પાસે રહેવાની નથી, ટકવાની નથી. એ બધી વસ્તુઓ અને હાટ-હવેલી અહીંયા મૂકીને જીવને એકલા જ જવાનું છે. માટે આ અજ્ઞાનદશા જીવે જ ટાળવી જોઈએ. તે માટે જે પુરુષાર્થ કરવો તે જ ધર્મ.

ચેતના શકિત - ઈલેકટ્રીસીટી એક શકિત છે. તારમાં વહેતી વિજળી આંખે દેખાતી નથી. છતાં પણ વહેતી ઈલેકટ્રીસીટી પંખો ચલાવે, લાઈટ થાય, મશીન ચાલે તેનાથી અનુમાન કરીને આપણે વિજળી શકિતને માનીએ છીએ. તે જ પ્રમાણે શરીરમાં થતી સર્વ ક્રિયાઓનો કર્તા તે કોણ ? એક માત્ર આત્મા. ક્રિયા કરાવનાર કર્તામાં ચેતના શકિત પડી છે.

આત્મા કે જીવનું બીજું નામ છે ચેતન. સંસારમાં મુળભૂત બે જ દ્રવ્યો છે.



મુળભૂત દ્રવ્યોનો વિચાર કરતા આ બે સિવાય ત્રીજું કોઈ દ્રવ્ય જગતમાં નજરે ચઢે તેમજ નથી. ચેતન નામ કેવી રીતે પડ્યું ? અર્થાત્ ચેતન શબ્દ જે બન્યો છે તે ચેતના શકિત ઉપરથી બન્યો છે. ચેતના શકિત જેનામાં છે તે ચેતન દ્રવ્ય અને તે ચેતન એ જ આત્મા. ચેતના એ શકિત વિશેષ છે. અને ચેતન તેનો કર્તા તે આત્મા.



જ્ઞાનાત્મક ચેતના જાણવાનું કાર્ય કરે છે, અને દર્શનાત્મક ચેતના જોવાનું કાર્ય કરે છે. આ બન્ને જાણવા અને જોવાની શકિત (ચેતના) નો માલિક આત્મા. ઉપયોગ અને ચેતના બન્ને સમાનાર્થક જ થયા. જાણવા-અને જોવારૂપ જ્ઞાન-દર્શનાત્મક ચેતના આત્મા સિવાય આત્મેતર પદાર્થ જડ ટેબલ, ખૂર્સી વગેરે બીજા કોઈમાં નથી. ઈલેકટ્રીસીટીમાં પણ

જાણવા અને જોવારૂપ ચેતના નથી. એ વિજળી જાણી કે જોઈ નથી શકતી. એને ખબર નથી કે આ પુસ્તકમાં શું લખ્યું છે ? વિજળીનો ગોળો નથી જાણતો કે આ હોલમાં કેટલા માણસો બેઠા છે ?

એટલે આત્માના લક્ષણ તરીકે ઉપયોગ અને ચેતનાના શબ્દોથી લક્ષણ કરવામાં આવ્યું. અને તેથી જ ઉપયોગ અને ચેતના એ આત્મગુણ વિશેષ, અથવા આત્મધર્મ વિશેષ, અથવા આત્મ શકિત વિશેષ થયા. ગુણથી જ ગુણી ઓળખાય. ક્રિયાથી જ કર્તા ઓળખાય. જ્ઞાનથી જ જ્ઞાની ઓળખાય. દર્શન ગુણ થી જ દર્શની આત્મા ઓળખાય. આ બન્ને કરવામાં આવેલા આત્માના લક્ષણો પૂર્ણ છે, પરિપૂર્ણ છે, અને બરોબર સૂચક છે. કારણ કે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવઆદિ ત્રણે લક્ષણના દોષોથી રહિત છે. જો લક્ષણમાં ઉપરોકત દોષો હોયતો તે લક્ષણ લક્ષણ નથી કહેવાતું. એ જ પ્રમાણે આત્માના કરેલા આ લક્ષણો ઘટાવી જોઈશું તો એમાં આપણને આમાંથી એક પણ દોષ આ લક્ષણમાં નહીં દેખાય. એટલે ત્રિદોષ રહિત આ લક્ષણો જ આત્માની સાચી અને વાસ્તવિક ઓળખ આપે છે. ગુણોના પ્રત્યક્ષથી, ગુણોની અનુમાનની સિદ્ધિ ગુણોના વ્યવહારરૂપ ક્રિયાથી કર્તારૂપી ગુણીની અનુમાનથી સિદ્ધિ કરીએ છીએ. જેમ ધૂમાડો જોઈને આગ લાગી છે એવા સ્થળમાં આગ નથી દેખાણી. આગ જોઈ પણ નથી છતાં પણ આગ લાગી છે એ અનુમાન કરીને બંબાવાળા ને ફોન કરીએ છીએ કે આગ લાગી છે. ટેલીફોનમાં આગ લાગી છે એમ કહીએ છીએ ધૂમાડો છે એમ બંબાવાળા ને નથી કહેતા. કારણ કે ધૂમાડો જોઈને આપણે આગનો નિર્ણય કર્યો છે માટે હવે વ્યવહાર કાર્યનો નહીં પણ કારણનો કરીએ છીએ. ધૂમાડાનું નહીં પણ આગનું અનુમાન કરીએ છીએ અને તે જ વ્યવહાર સત્ય હોય છે. એ જ પ્રમાણે જ્ઞાન-દર્શનાદિ-ગુણોના વ્યવહારમાં સ્પષ્ટ જોઈને તેનો આધાર ગુણી આત્મા જ માનવો પડે છે. અને તે જ પ્રમાણે તે ગુણોને અનુરૂપ ક્રિયાઓને જોઈને તેનો કર્તા આત્માને જ માનવો પડે છે. ગુણ-ક્રિયાના મૂળમાં તો આત્મા જ છે.



સત્ પદાર્થની ત્રણ અવસ્થા છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય. પર્યાયો દૃષ્ટિગોચર થાય છે. પરન્તુ તેની અંદર રહેલ મુળભૂત દ્રવ્ય દૃષ્ટિગોચર નથી થતો.

દ્રવ્ય તો પર્યાયોની અંદર રહેનાર છે. પરન્તુ જો દ્રવ્ય ન રહે તો અર્થાત્ આત્મા ન હોય તો માણસ માણસ તરીકે ન રહે. પર્યાયો ગમે એટલી બદલાતી જાય પરન્તુ દ્રવ્ય નથી બદલાતો દ્રવ્ય તો એક જ રહે છે. દા.ત. સોનાના દાગીનાના આકારો જુદા જુદા

છે, એક ચેન છે, બંગડી છે, વીંટી છે, વગેરે જુદા જુદા આકારોમાં રહેલું મૂળ દ્રવ્ય સોનું તો તે જ છે. એ જ પ્રમાણે શરીર ભિન્ન ભિન્ન છે. પરન્તુ તેમાં રહેલ મુળ દ્રવ્ય આત્મા તો તે જ છે.

શરીર એની ભિન્ન ભિન્ન પર્યાયો છે. જેના આધારે મુળ દ્રવ્ય રહે છે. એ પ્રમાણે ગુણો અને પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય. અને તે જ પ્રમાણે જડ દ્રવ્ય પણ બન્ને દ્રવ્યની કક્ષામાં તો છે જ, જડ દ્રવ્યમાં જડના ગુણો-પર્યાયો હોય. ત્યારે ચેતન આત્મામાં જ્ઞાનાદિ ગુણો અને શરીરાદિ પર્યાયો રહે.

આત્મા દ્રવ્ય રૂપે કેવો છે .....?

આત્મા એક સત્ દ્રવ્ય છે એ સિદ્ધ થઈ ગયું છે. જો કે આત્મા નિરંજન-નિરાકાર, અરૂપી, અનામી, અગુરુ-લઘુ, વર્ણરહિત, ગંધરહિત, રસરહિત, સ્પર્શ રહિત, શબ્દ, રહિત છે. એટલે એવા આત્માને ઈન્દ્રિય પ્રત્યક્ષથી નજરે જોવો તો અસંભવ છે. અશકય છે. અર્થાત્ જ્યારે આત્મા કોઈ સાકાર દ્રવ્ય નથી તો કેવો છે ? એ સમજવા માટે તો કલ્પના ચિત્ર જ રજુ કરી શકાય.

મુળભૂત સત્તા તરીકે દ્રવ્ય જગતમાં બે જ છે.

જડ/અજીવ	ચેતન/જીવ
ગુણો - વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શબ્દાદિ ગુણયુકત અજીવ છે. જ્ઞાન-દર્શનાદિ ચેતના રહીત, જન્મ-મરણાદિ રહિત છે. કર્મ બંધ - મોક્ષાદિનો કોઈ પ્રશ્ન જ નથી, આનન્દ-સુખ-પ્રેમ-સ્નેહ લાગણી આદિની પણ કોઈ સંવેદના નથી.	ગુણો - આત્મા સ્વયં સ્પર્શ, રસાદિ મીઠો, ખાટો, તીખો, કડવો, તૂરો વગેરે રસ રહિત તે આત્મા, સંસારમાં આત્મા શરીરી રહે છે. જન્મ-મરણ કરનાર, કર્મ બાંધ-નાર, કર્મના ફળને ભોગવનાર તે આત્મા છે. સિદ્ધ-બુદ્ધ-મુકત શુદ્ધ-સ્વરૂપી તે આત્મા સચ્ચિદાનન્દ, સત્ચિત સ્વરૂપે છે. જ્ઞાન-દર્શનાદિ ગુણવાન આત્મા છે.



આ પ્રમાણે મૂળભૂત દ્રવ્યોની સત્તા બે જ છે. જીવ-અને અજીવ (જડ-ચેતન) અને એમાં અજીવના પેટા ભેદોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ પુદ્ગલાસ્તિકાય એ પાંચ છે. આ પાંચની સાથે જીવને જોડતા ષડ્ દ્રવ્યો થાય છે. મૂળભૂત સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા દ્રવ્યોમાં મૂળ આ છ દ્રવ્યો થાય છે. આ છ માં પણ કાળને સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા દ્રવ્યોની ગણતરીમાં ન ગણતા અને પ્રદેશોના સમૂહ રૂપ અસ્તિત્વ ધરાવતા એવા પાંચ દ્રવ્યો છે. તેને પંચાસ્તિકાય કહેવાય છે. અને આ પંચાસ્તિકાયમાં પણ રૂપી-અરૂપી દ્રવ્યોની દ્રષ્ટિએ વિભાજન કરતા ફકત પુદ્ગલાસ્તિકાય એક જ રૂપી દ્રવ્ય છે. અને એ સિવાયના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય (આત્મા) અરૂપી છે. જેને પ્રદેશોનો સમૂહ હોય છે તે સપ્રદેશી દ્રવ્યો કહેવાય છે. માટે જ અસ્તિકાય શબ્દ તેમની સાથે જોડીને બોલાય છે. જીવ+અસ્તિક+કાય=જીવાસ્તિકાય સપ્રદેશી. પ્રદેશોનો સમુહ રૂપ અસ્તિત્વ ધરાવતો જીવ તે જીવાસ્તિકાય.

આત્મા અને તેના પ્રદેશો ....

જોકે કોઈ પણ અરૂપી નિરાકાર પદાર્થનો આકાર સ્થાપી જ ન શકાય. પરન્તુ અસંખ્ય પ્રદેશી એવો આત્મા પ્રદેશો સાથે કેવો હોઈ શકે. એનું એક ગોળાકાર ચિત્ર બનાવી તેમાં પ્રદેશો બતાવવામાં આવ્યા છે.



એક આડા અને એક ઉભા એવા દોરાથી વણાયેલા કપડાની વણાટ જેવું આત્માનું બંધારણ છે. આત્મામાં તેના અસંખ્ય પ્રદેશો છે. તેથી જ આત્મા સપ્રદેશી કહેવાય છે. એક ઉભી અને એક આડી રેખા એક બીજાને પરસ્પર જ્યાં ક્રોસ કરે છે ત્યાં તે ક્રોસ પોઈન્ટ પ્રદેશની સંજ્ઞામાં ગણાય છે. એક જાળીની જેમ, અથવા કપડાની જેમ ગુંથાયેલ આત્મા પણ અસંખ્ય પ્રદેશોયુકત છે. આ પ્રદેશો સંખ્યામાં અસંખ્ય હોય છે. અને અખંડ હોય છે. પુદ્‌ગલમાં પ્રદેશ છુટો પડે છે ત્યારે તે પરમાણું સંજ્ઞા પામે છે. પરન્તુ આત્મા, આકાશ, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આ બધા એક અને અખંડ દ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશોના સમૂહાત્મક અસ્તિકાયવાળો આત્મા સ્વયં એક પૂર્ણ અખંડ દ્રવ્ય છે. અનન્તા કાળે પણ છેદન-ભેદન તાડન આદિ કોઇ પણ નિમિત્તે તેનો એકપણ પ્રદેશ છૂટો નથી પડતો. જો છૂટા પડવાની શકયતા હોય અને છેદન-ભેદન આદિ પ્રસંગે જો એક એક પ્રદેશ છૂટો પડતા જાય તો અનન્તા કાળે આત્મા નષ્ટ થઈ જાય નાશ પામી જાય. એક દિવસ એવો પણ આવી જાય કે જ્યારે આત્માનો એક પણ પ્રદેશ ન રહે. અને આત્મા નષ્ટ થઇ જાય. એનું અસ્તિત્વ કે સ્વરૂપ રહે જ નહીં. પરન્તુ એવું બનતું જ નથી. એવું સ્વરૂપ જ નથી. માટે આત્માને અવિનાશી અખંડ દ્રવ્ય કહ્યો છે. એ કયારેય વિનાશી તત્ત્વ છે જ નહીં. વિનાશી છે તે પુદ્‌ગલ. અને અવિનાશી છે તે આત્મા. માટે જ આત્માને અજર-અમર અવિનાશી કહ્યો છે. જન્મ-જરા-મરણ-અને વિનાશ રહિત આત્મા છે.

''जीवो अणाइ, अणिधणो, अविणासी, धुओ निच्चं''

શ્રી ભગવતીસૂત્રમાં ગૌતમને જણાવતા શ્રી વીરપ્રભુએ કહ્યું: હે ગૌતમ ! આત્મા (જીવ) અનાદિ છે. અનિધન અર્થાત્ મૃત્યુ રહિત અમર છે, નાશ ન પામનારો અવિનાશી છે. ધ્રુવ-અર્થાત્ શાશ્વત છે. સદા નિત્ય રહેનારો છે. આત્માને અગ્નિમાંથી અર્થાત્ સળગતી જ્વાલાઓમાંથી પણ ગમન કરવું પડે તો પણ તે કરે છે. અને છતાં પણ તે દાઝતો નથી. બળતો નથી. અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અકાટ્‌ય આવા વિશેષણો આત્માને માટે વપરાયાં છે. 'આત્મા' એ સ્વતંત્ર અખંડ દ્રવ્ય છે તેથી તેને છેદી શકાતો નથી. તલવાર-ચપ્પુ આદિથી કાપી શકાતો નથી ભાલા આદિ અણિદાર શસ્ત્રોવડે પણ ભેદી શકાતો નથી.

અને અગ્નિ આદિમાં બાળી પણ શકાતો નથી.એટલે ઉપરોક્ત વિશેષણો વાળો આત્મા છે.

સપ્રદેશી આત્મ સ્વરૂપ....

ચૌદરાજ લોકમાં વ્યાપીને રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય (લોકાકાશ)ના જેટલા પ્રદેશો છે. તેટલા જ એક આત્માના પ્રદેશો છે. અર્થાત્ સમસ્ત ચૌદરાજલોક વ્યાપી એ ધર્માસ્તિકાયના, કે અધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો છે, લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલા જ આત્માના પ્રદેશો છે. તે સંખ્યામાં અસંખ્ય જ છે. અસંખ્ય પ્રદેશોની સંખ્યા આ ચારેયમાં સમાન છે. ચારે ગતિમાં ૮૪ લાખ જીવયોનિમાં ગમે ત્યાં જીવ ગમે તે શરીર ધારણ કરે તો પણ પ્રદેશ સંખ્યામાં ફરક નથી પડતો. આત્માના પ્રદેશોની સંખ્યા ત્રણેય કાળમાં એક સરખી સમાન રહે છે. ભૂતકાળમાં પણ અસંખ્ય જ હતા. વર્તમાનમાં પણ અસંખ્ય જ છે. અને ભાવિમાં પણ અસંખ્ય જ રહેશે. માટે આત્મા એક અખંડ દ્રવ્ય છે. અસંખ્ય આત્મ પ્રદેશોમાં નથી તો એક પણ વધવાનો કે નથી એક પણ ઘટવાનો અર્થાત્ એક પણ આત્મપ્રદેશ છૂટો પડતો નથી. અને એક પણ નવો ઉમેરાતો નથી. પુદ્ગલમાં થતા ભેદ-સંઘાતની જેમ આત્મામાં ભેદ-સંઘાત નથી થતા. એટલે જ આત્માનું છેદન-ભેદન-દહન આદિ થતું જ નથી. માટે જ આત્મા અછેદ્ય-અભેદ્ય, અદાહ્ય, અવિનાશી, અખંડ દ્રવ્ય છે.

અનન્ત જ્ઞાનાદિ ગુણવાન - 'આત્મા'....

नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य एअं जीवस्स लक्खणं ।।



જ્ઞાન-દર્શન-ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગાદિ આત્માના વિશિષ્ટ ગુણો બતાવવામાં આવ્યા છે. આ જ્ઞાનાદિ ગુણોનો સમૂહ દ્રવ્ય તે આત્મા. આત્માને જે ગુણોનો સમૂહ દ્રવ્ય કહ્યો છે. તે ગુણો મુખ્ય પણે ૮ આઠ છે. જે બાજુના ચિત્રોમાં દર્શાવ્યા પ્રમાણે છે.

આત્માના ૮ ગુણો.

(૧) અનન્ત જ્ઞાન ગુણ. (૨) અનન્ત દર્શન ગુણ (૩) અનન્ત ચારિત્ર્ય ગુણ (યથાખ્યાત ચારિત્ર) ગુણ (૪) અનન્ત

વીર્ય ગુણ (૫) અનામી અરૂપી ગુણ (૬) અગુરુ લઘુ ગુણ (૭) અનન્ત સુખ ગુણ (અવ્યાબાધ સુખ) ગુણ (૮) અક્ષય સ્થિતિ ગુણ

(૧) અનન્ત જ્ઞાન ગુણ-આત્માને ઓળખવા માટે જ્ઞાન ગુણ જ મુખ્ય ગુણ છે. આત્માના સર્વગુણોમાં જ્ઞાન ગુણજ પ્રધાન ગુણ છે. એક આ ગુણ સંપૂર્ણ પણે સારી રીતે સમજાઈ જાય તો આત્મા સારી રીતે ઓળખાઈ જાય. કારણ કે આત્માને ઓળખવાની બધી પદ્ધતિઓ અને પ્રમાણોમાં 'જ્ઞાન' ગુણનું પ્રમાણ જ મુખ્ય અને પ્રબળ પ્રમાણ છે. કારણ કે આત્મા જ્ઞાનમય છે. જ્ઞાન અને આત્મામાં ભેદ નથી. "જ્ઞાનાધિકરણમાત્મા" આત્માને જ્ઞાનનો અધિકરણ કહેવાના બદલે જૈન દર્શન "જ્ઞાનમયોઽયમાત્મા આત્માને જ્ઞાનમય જ કહે છે. આત્મા જ્ઞાનથી જૂદો નથી. અને જ્ઞાન આત્માથી જૂદુ નથી. કથંચિત્ અભિન્ન છે. આત્માને જ્ઞાનથી ભિન્ન કલ્પી શકાય તેમ જ નથી. અને જ્ઞાનને આત્માથી ભિન્ન કહી શકાય તેમજ નથી.

અસંખ્ય પ્રદેશી પ્રત્યેક આત્માના પ્રત્યેક આત્મપ્રદેશમાં અનન્તજ્ઞાનાદિ શકિત ભરેલી પડી છે. આ જ્ઞાન-દર્શનાત્મક ચેતના શકિતનો પૂર્ણપણે આવિર્ભાવ એ જ આત્માનો શુદ્ધ-સિદ્ધ પર્યાય છે. અને એજ જ્ઞાન-દર્શનાદિ ચેતના શકિતનો તિરોભાવ એ આત્માનો અશુદ્ધ પર્યાય કહેવાય છે.

આત્મામાં જ્ઞાનનો કોઈ ભેદ નથી. પરન્તુ એ અનન્ત જ્ઞાન ઉપર આવેલા આવરણ વિશેષોથી, આત્માના પ્રાદુર્ભૂત જ્ઞાનની ન્યૂનાધિકમાત્રાની દ્રષ્ટિએ જ્ઞાનના પાંચ ભેદ મુખ્ય કરવામાં આવ્યા છે.

૧ પંચ જ્ઞાન સ્થાપના



૨ પંચ જ્ઞાન સ્થાપના



ચિત્ર ૧ અને ૨ માં દર્શાવ્યા પ્રમાણે આ પાંચે જ્ઞાનોની સ્થાપના ભિન્ન ભિન્ન નયોની અપેક્ષાએ કરવામાં આવી છે. ૧ માં કેવળજ્ઞાનને કેન્દ્રમાં રાખી તેની જ પ્રધાનતા અને સર્વોપરિતા તથા સર્વશ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે. જ્યારે બીજામાં કેવળજ્ઞાનની અનુપસ્થિતિના કાળમાં

શ્રુતજ્ઞાનની ઉપકારિતાના નયથી તેને કેન્દ્રમાં દર્શાવવામાં આવેલ છે.

કેવળજ્ઞાન–આત્માના અનન્ત જ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. હવે કેવળજ્ઞાન જ જ્ઞાન છે- અનન્ત જ્ઞાન છે. સમસ્ત ચરા-ચર વિશ્વ-અને લોકાકાશ-અલોકાકાશ વિશ્વ અને લોકાકાશ-અલોકાકાશના સર્વ પદાર્થોને જાણી શકે છે નાણેણ જાણઇ ભાવે ઉત્તરાધ્યયન સૂત્ર આગમમાં જણાવવામાં આવ્યું છે કે જ્ઞાનવડે પદાર્થોને જાણવામાં આવે છે. લોકમાં શું શું છે ? અને શું શું નથી ? તે જ પ્રમાણે અલોકમાં પણ શું શું છે ? અને શું શું નથી? ઈત્યાદિ સર્વ ભાવ-અને અભાવ જાણનાર અને જોનાર કોણ ? તો તે એક માત્ર આત્માજ છે. જાણ્યા અને જોયા પછી બીજાને જણાવનાર પણ એક માત્ર આત્મા જ છે. જડ જાણતો પણ નથી અને જણાવતો પણ નથી.

અનન્ત લોકો-અલોકાકાશ

સુધી કેવલજ્ઞાની જૂએ છે.



આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તિર્ચ્છાલોકમાં આ પૃથ્વી ઉપર કોઈ પણ આત્માને કેવળજ્ઞાન થયું એટલે તરત અનન્ત લોક અને અલોકાકાશમાં સર્વત્ર દેખાય છે. જણાય છે.

એ જ પ્રમાણે ચૌદરાજ લોકના અગ્રભાગે પહોંચેલ સિદ્ધાત્માને પણ તેમના કેવળજ્ઞાનથી લોકાલોકના સર્વ પદાર્થો એ જ સમયે જણાય છે અને દેખાય છે. આ જાણવા અને જોવાનો અર્થાત્ જ્ઞાન અને દર્શનનો સ્વભાવ એક માત્ર ચેતન તત્ત્વ આત્માનો જ છે. જડમાં આ જાણવા અને જોવાની શક્તિ જ નથી માટે તે જોઈ શકતો જ નથી.

(૨) **અનન્ત દર્શન** – જાણવું એ જ્ઞાન, અને જોવું એ દર્શન, જેમ આત્મામાં અનન્ત જ્ઞાન ગુણ છે. તે જ પ્રમાણે બીજા નંબરે જ્ઞાનની સાથે જ સંલગ્ન દર્શન ગુણ છે. દર્શન ગુણ પ્રત્યક્ષરૂપે વસ્તુને જોઈ શકે છે. માટે અનન્તદર્શની (સર્વદર્શી) પરમાત્માના માટે તો આત્મા પ્રત્યક્ષ જ છે. આ આત્મા આદિ સર્વનું સ્વરૂપ સર્વજ્ઞ-સર્વદર્શી ભગવંતે સ્પષ્ટ જોઈને જ કહ્યું છે. એમણે ન જોયું હોત તો આ પ્રમાણે આપણને જણાવત કોણ ? આગમ શાસ્ત્રોમાં પણ વર્ણન આવ્યું ક્યાંથી ? તીર્થંકર-સર્વજ્ઞોએ કહ્યાનુસાર જ આગમમાં વર્ણવવામાં આવ્યું છે. એટલે આગમોનો આધાર પણ સર્વજ્ઞ-સર્વદર્શી ભગવંતો જ કહેવાય, એક જ સમયે સર્વદર્શી (કેવળદર્શની) પ્રભુ સમસ્ત લોક- અને અલોકમાં શું શું છે ? અને શું શું નથી ? જોઈ શકે છે. જાણવું એ જ્ઞાન ગુણની ક્રિયા છે. અને જોવું એ દર્શનગુણની ક્રિયા છે.

(૩) **અનન્ત ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર)**– આત્માનો ત્રીજો ગુણ છે અનન્ત ચારિત્ર.યથાખ્યાત સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર, યથા-આખ્યાત જેવું સ્વરૂપ છે તેવા જ સ્વરૂપમાં રહેવું એ જ આત્માનો યથાખ્યાત ચારિત્ર ગુણ છે. અનન્ત ચારિત્ર પણ એને કહેવાય છે. જેમ ગરમ કર્યા પછી પાણી ઠારતા તે ફરી ઠંડુ થઈ જાય છે. પોતાનાં મૂળ સ્વભાવ શીતલતામાં આવી જાય છે. એમ-રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ-ઈર્ષ્યા-આદિ આત્મામાં કર્મજન્ય છે. એ આત્મગત ગુણો નથી કર્મગત દોષો છે. આ રાગ-દ્વેષાદિ સદંતર નષ્ટ થઈ જાય ત્યારે આત્મામાં વીતરાગતા પ્રગટ થાય છે. તે આ ગુણને આભારી છે. હવે એ પૂર્ણાત્મામાં કોઈ પણ પ્રકારના રાગ દ્વેષ અંશમાત્ર પણ ન રહે. એટલે પોતાના મુળભૂત ગુણમાં સ્થિર થયો એમ કહેવાય, અનન્ત જ્ઞાન ગુણથી જે અનન્તા પદાર્થો જાણ્યા છે, અનન્ત દર્શનથી જે અનન્તા પદાર્થો જોયા છે તેનું જ યથાર્થ વર્ણન કરાવનાર આ યથાખ્યાત ચારિત્ર ગુણ છે. એટલે વીતરાગી ખોટું બોલે તેમ નથી. કારણ ખોટું બોલવાના જે કારણો હતા તે બધા હવે નષ્ટ થઈ ગયા છે. એટલે આત્મા સર્વદોષ રહિત વિશુદ્ધ છે. ચારિત્ર સ્વરૂપ છે. એટલે જ જેવું સર્વજ્ઞે જાણ્યું અને જોયું છે તેવું જ વર્ણવે છે. તેવું જ કહે છે. હવે આત્માને કોઈ-મોહ-મમત્વ-લોભાદિ કંઈ જ ન રહે.

(૪) **અનન્તવીર્ય ગુણ**– ચૌદરાજ લોક જેટલા અસંખ્ય પ્રદેશો ધરાવતો આત્મા પોતાની સર્વશકિત વિકુર્વે તો તે પણ પોતાનું સ્વરૂપ ચૌદરાજ લોક જેવડું વિશાળ કરી શકે એટલી અનન્ત શકિત આત્મામાં પડી છે. એટલે જ આત્મા અનન્તવીર્ય ગુણવાળો કહેવાય છે. આ શકિતના કારણે જ આત્મા ભોકતા છે, ભોગ્ય વસ્તુઓ આ જગતની જડ વસ્તુઓ છે, અને એ સર્વને ભોગવનાર કોણ ? તો તે એક માત્ર આત્મા જ સિદ્ધ થશે. ભગવાન મહાવીર પ્રભુ જન્મના પ્રથમ દિવસે શરીરથી તો કેટલા નાના છે અને છતાં પણ

જન્માભિષેક વખતે ઈન્દ્ર મહારાજા પ્રભુ ને પોતાનાં ખોળામાં લઈને બેઠા છે. ૬૪ ઇન્દ્રો અભિષેક કરતા હતા. ત્યારે ઈન્દ્ર મહારાજાને મનમાં શંકા થઈ કે આટલા નાના દેહવાળા પ્રભુ આટલુ પાણી કેવી રીતે સહન કરી શકશે ? અને આ ઉત્તર આપવા પ્રભુએ પોતાના પગનો અંગુઠો માત્ર મેરૂ પર્વતને સ્પર્શ કર્યો. અને ૧ લાખ યોજનવાળો મેરૂ પર્વત ધ્રુજી ઉઠ્યો. આ કંપાયમાનથી મોટી મોટી શીલાઓ ગબડીને પડવા માંડી. આત્માના અનન્ત વીર્ય ગુણની શકિતનો આ તો એક જ સામાન્ય પરિચય હતો. આટલી અનન્તવીર્ય શકિતના કારણે જ આત્મામાં કર્તા-ભોકતા ભાવ રહેલો છે.

(૫) અનામી-અરૂપી–વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શાદિ તો જડના ગુણધર્મો છે. જડ ને રૂપ છે. (વર્ણ) ગન્ધ, રસ, સ્પર્શ હોવાથી તે આંખે દેખાય, કાને સંભળાય, નાકે સૂંઘાય, સ્પર્શ પણ થઈ શકે. પરન્તુ એ સર્વ જડધર્મથી ચેતન આત્મા જૂદો છે. આત્મા અનામી છે. અરૂપી છે. અમૂર્ત છે. નિરંજન-નિરાકાર છે. કોઈ તેનો આકાર વિશેષ નથી. કે આ આકારનો છે, કે અમુક આકારનો છે. એ વ્યવહાર આત્મા માટે નથી. રૂપરહિતઅરૂપી છે. નામ વિનાનો અનામી છે. આત્માનું કોઈ નામ નથી આકાર વગરનો આત્મા નિરાકાર (અનાકાર) છે. ગન્ધરહિત-નિર્ગન્ધ છે, રસ રહિત નિરસ છે. સ્પર્શ રહિત-અસ્પૃશ્ય છે. અર્થાત્ સ્પર્શેન્દ્રિયથી પણ સ્પર્શ ગમ્ય નથી. શબ્દરહિત નિઃશબ્દ છે. ધ્વનિ ગમ્ય પણ નથી. આ અનામી ગુણથી જ આત્મા નામી-રૂપી-સાકાર એવા જડ પદાર્થથી સર્વથા ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય રૂપે સિદ્ધ થાય છે. માટે જે અદૃશ્ય છે. દ્રષ્ટિ ગ્રાહ્ય નથી.

(૬) અગુરૂ લઘુગુણ – ગુરુ= એટલે ભારે, મોટો, અને લઘુ એટલે હલ્કો-નાનો. ભારી અને હલકુ એ વજનમાં માપવાના વ્યવહારમાં છે. અને જે ભારે કે હલકુ છે તે જડ પુદ્ગલ છે. આત્મા તો અગુરુલઘુ છે. એટલે વજન રહિત છે. આત્માનું કોઈ વજન હોતું નથી. એટલે આત્મા તોલી કે માપી શકાતો નથી, ૮૦ કિલો, ૧૨૦ કિલો મારું વજન છે. આ તો શરીર માટે બોલાય છે. આપણા શરીરનું આટલું વજન છે. એટલે જ મારું વજન-મારા શરીરનું આટલુ વજન છે એવો વ્યવહાર થાય છે. નહીં કે હું ૮૦ કિલો વજન છુ. એવો વ્યવહાર નથી થતો. હું આત્મા માટે વાચ્ય શબ્દ છું. અને આત્મા સર્વથા વજન રહિત ગુણવાળો છે. તેથી વજનમાં માપી શકાય તેમ નથી. એજ પ્રમાણે બીજો અર્થ કરીએ–

ગુરું=એટલે મોટો, લઘુ-એટલે નાનો અને આગળ નિષેધવાચી 'અ' છે. એટલે જે નાનો-મોટો પણ નથી તે-આત્મા છે. આત્મા નાનો કે-મોટો એવો વ્યવહાર થતો જ નથી. કારણ કે નાના-મોટાપણું પણ શરીર જન્ય કર્મજન્ય છે. અને જડના ગુણધર્મ છે. આત્મા અગુરુલઘુ ગુણ વાળો છે. એટલે સર્વ સમાન છે. આત્મદૃષ્ટિએ સર્વ

આત્માઓ સરખા છે.

(૭) **અનન્ત (અવ્યાબાધ) સુખ**– વ્યાબાધ=એટલે કોઈથી પણ પરાભવ પામવું, વ્યાબાધ એટલે અવરોધના અર્થમાં પણ વપરાય છે. દા.ત. ભીંત વ્યાબાધ સ્વરૂપ ધરાવે છે. તમને પેલી તરફ (બીજી-બાજુ) જવામાં અવરોધ (વ્યાબાધ) કરનાર ભીંત છે તે અટકાવશે. પરન્તુ આત્મા અવ્યાબાધ ગુણ ધારક છે. આત્માને ગમનાગમનમાં માર્ગના કોઈ અવરોધો એને નડતા નથી. અગ્નિમાંથી પસાર થાય તો પણ અદાહ્ય રહે. અને પર્વતમાંથી પસાર થાય તો પણ અભેદ્ય રહે. ચૌદે રાજલોકમાં આત્માનું ગમનાગમન સમયની ગણત્રીના કાળમાત્રમાં થઈ શકે છે. તેને વચ્ચેના કોઈ વ્યાબાધો-અવરોધો નડતા નથી. પોતાના અનન્ત જ્ઞાન ગુણથી આત્મા આનન્દ વેદતો હોય છે. અને એ અવ્યાબાધ હોય છે. એટલે આપણે 'સચ્ચિદાનન્દ' -ચિદ્‌ઘન, ચિદાનન્દ, 'આનન્દઘન' વગેરે શબ્દો આત્મા માટે જ વાપરીએ છીએ. જડ માટે ક્યારેય આનન્દ કે સુખ શબ્દ પણ નથી વાપરતા. મડદાને અત્તર લગાડો કે એરકંડીશનમાં સોફા ઉપર સુવાડો. નવા કપડા પહેરાવો કે (કપડા)ન પહેરાવો. અથવા તેને બાળો કે છેદન-ભેદન કરો. હવે મડદાને નથી તો કોઈ સુખ કે નથી કોઈ દુઃખ આ સર્વ સુખ-દુઃખ ભોગવનાર તો એક માત્ર આત્મા છે. ભોગવનાર શરીર તો માત્ર સાધન-માધ્યમ તરીકે કામમાં આવે છે. અને જ્યાં સુધી સંસારના ભૌતિક-પૌદ્‌ગલિક સુખો છે ત્યાં સુધી તે સુખની અથવા સુખાભાસની ગણતરીમાં ગણાય છે. અને જ્યારે આત્મા મુક્ત થઈ ગયો. પછી મોક્ષમાં તો હવે કોઈ શરીર પણ નથી. ત્યાં આત્મા અશરીરી એકલો સ્વતંત્ર છે. શરીર નથી તો ઈન્દ્રિયો પણ નથી, કર્મ નથી, મન પણ નથી. એટલે મન-ઈન્દ્રિય-શરીર વડે જે સુખ ભોગવાતું હતું તેમાંનુ તો હવે કંઈ રહ્યું જ નથી. એટલે અશરીરી આત્મા હવે આનન્દ અનુભવે છે. માટે સચ્ચિદાનન્દ કહેવાય-આનંદઘન કહેવાય. જ્ઞાનની મસ્તીમાં આનંદ આદિ શબ્દોથી કહીએ છીએ. સત્ + ચિદ્ + આનન્દ. સત્ એવો ચિદ્-જ્ઞાન અને તેનો આનન્દ અનુભવનાર આત્મા તે સચ્ચિદાનન્દ અનુભવવું. આ જડનો ગુણ હોઈ જ ન શકે. સંભવ જ નથી. માટે આનન્દ અનુભવનાર તે એક માત્ર આત્મા જ છે. અને એ આનન્દ રૂપે સંસારમાં સુખ અનુભવે છે. સંસારના સુખો સુખાભાસ રૂપે છે. છતાં પણ તેનો ભોક્તા તો આત્મા જ છે.

(૮) **અક્ષય સ્થિતિ** – ક્ષય એટલે નષ્ટ થવું. નાશ વિનાશી અને 'અ' નિષેધાર્થમાં આગળ જોડાયો છે. એટલે અક્ષય. સ્થિતિ એ કાળ મર્યાદા સૂચક છે. જેની કાળ-અવધિ અમર્યાદિત છે. અર્થાત્ ક્ષય ન થવા વાળી છે. એવી સ્થિતિ તે અક્ષય સ્થિતિ. એવી અક્ષય સ્થિતિ આત્માની છે. ભૂતકાળમાં પણ અનન્ત કાળ વીત્યો, અને ભવિષ્યમાં પણ અનન્ત

કાળ વીતશે. ગમે એટલો કાળ વીતે તો પણ આત્મા અવિનાશી જ રહેશે. વિનાશી નહીં થાય. માટે જ આત્મા અનાદિ-અનન્ત કાળે પણ એક દિવસ એવો નથી આવવાનો કે જે દિવસે આત્મા નષ્ટ થઈ જશે. એ સંભવ જ નથી. માટે આત્મા અવિનાશી, અજર, અમર શાશ્વત કહેવાય છે. અકાળ એટલે કાળાતીત. જેને કાળની કોઈ અસર થાય તેમ નથી એવો દ્રવ્ય તે આત્મા.

મોક્ષમાં ગયા પછી તો ક્ષેત્રથી પણ સ્થિતિ અક્ષય થઈ જાય છે. પણ સંસારમાં કે મોક્ષમાં ગમે ત્યાં હોય ૮૪ ના ચક્કરમાં જન્મ-મરણના ફેરા ફરતો હોય છતાં પણ આત્મા સ્વ સ્વરૂપથી અક્ષય સ્વભાવી છે. અનન્તા કાળે પણ એક આત્મ પ્રદેશ પણ ખરે તેમ નથી. છૂટો પડે તેમ નથી. માટે આત્મા અખંડ-અવિનાશી-શાશ્વત દ્રવ્ય છે. ક્ષણિકવાદી બૌદ્ધદર્શનવાદીઓ આત્માને પણ ક્ષણિક માને છે. નૈરાત્મ્યવાદ માનનારા નૈરાત્મ્યવાદી બૌદ્ધો પણ છે. આત્માના આ મુખ્ય ૮ ગુણો છે.

આગમ પ્રમાણથી આત્મસિદ્ધિ....

'आप्तवचनादाविर्भूतमर्थ संवेदनमागमः' આગમ શું છે ? એ સમજાવતા પૂજ્ય વાદિ દેવસૂરી મહારાજા પ્રમાણનયતત્ત્વાલોકગ્રંથમાં જણાવે છે કે-આપ્ત પુરુષના વચનથી ઉત્પન્ન થયેલું અર્થજ્ઞાન તે આગમ કહેવાય છે. એટલે આપ્તવચનને આગમ કહ્યા છે. આપ્ત એટલે શું ? આપ્ત કોને કહેવા ? "आप्तस्तु यथार्थवक्ता" જે યથાર્થ અર્થાત્ વાસ્તવિક કહેનાર છે. અર્થાત્ જેવું છે તેવું કહેનાર, જેવું જોયું અને જાણ્યું તેવું જ કહેનાર તે યથાર્થવકતા આપ્ત મહાપુરુષ કહેવાય છે. જેના માટે હવે મૃષા કે વૃથા બોલવાનું કોઈ પ્રયોજન નથી એવા યથાર્થ પ્રતિપાદન કરનાર તે આપ્ત કહેવાય છે. આવા આપ્ત પુરુષ બે પ્રકારના હોય છે-

स च द्वेधा लौकिको, लोकोत्तरश्च ।
लौकिक जनकादिः र्लोकोत्तरस्तु तीर्थकरादिः ॥



તે લોકોત્તર આપ્ત સર્વશ્રેષ્ઠ પરમેષ્ઠિ સર્વજ્ઞ અને વીતરાગી એવા તીર્થંકર પરમાત્મા છે. જેને જ્ઞાન-દર્શન પણ અનન્ત થયું છે. સર્વજ્ઞ - સર્વદર્શની છે. તેમણે સર્વ લોકાલોકના સમસ્ત પદાર્થો દ્રવ્ય - ગુણ - પર્યાય રૂપે યથાર્થ જોયા છે. અને જાણ્યા છે. તથા પદાર્થગત

અનન્તધર્મો ને પણ જેઓ યથાર્થ સ્વરૂપે જાણે છે અને જૂએ છે. આવા સર્વજ્ઞ-સર્વદર્શ તીર્થંકર ભગવંતો જેઓ વીતરાગી છે. રાગ-દ્વેષ રહિત છે. તે લોકોત્તર આપ્ત છે. અને વીતરાગતાના કારણે હવે તેમને અપયાર્થ કે મૃષા કે વૃથા બોલવાનું કે કહેવાનું કોઈ પ્રયોજન નથી. માટે આવા લોકોત્તર આપ્ત સર્વજ્ઞ-સર્વદર્શી-વીતરાગી પરમાત્માના જે વચન જે ઉપદેશ છે તે જ આગમ સ્વરૂપ છે. અને તેથી આગમ પ્રમાણ વસ્તુને માનવા સ્વીકારવામાં મહાન ઉપયોગી છે.

આગમ પ્રમાણ માનવું અર્થાત્ સાક્ષાત્ જિનાજ્ઞા માનવી. સર્વજ્ઞ વીતરાગી પ્રભુને તથા વીતરાગીના ઉપદેશને માનવા જેવું છે. આગમ વચનમાં સંદેહ કરવો અર્થાત્ સર્વજ્ઞના વચનને ન માનવા બરોબર છે. વીતરાગીપણાથી વસ્તુ તથ્યને સ્વીકારવા, તથા વસ્તુ તથ્યના યથાર્થજ્ઞાનને સ્વીકારવા માટે મહાન આધાર રૂપ છે આગમો. આગમ પ્રમાણથી વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ પ્રતિપાદિત થાય છે.

જિનેશ્વર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવંતને ૧૨૧૧ વર્ષની ઘોર તપશ્ચર્યા–ધ્યાન સાધનાના ફળ સ્વરૂપે ચાર ઘન ઘાતિ કર્મોના ક્ષયે કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયું. અને તેમને જે અર્થથી ઉપદેશ આપ્યો તેને ગણધર ભગવંતોએ ગુંથી રાખ્યો. તે પરંપરામાં ચાલતો આવ્યો. તે ગ્રન્થોને આગમ કહેવાય છે...વર્તમાન કાળે એવા મુખ્ય ૪૫ આગમો છે. આચારાંગ સૂત્રાદિ ૧૧ અંગ સૂત્રો + ૧૨ ઉપાંગ સૂત્રો, + દશ ૧૦ પયન્ના, + છ (૬) છેદ સૂત્રો. ૪ મુળસૂત્રો અને ૨ અનુયોગ દ્વાર તથા નન્દિસૂત્ર એક એમ કુલ ૪૫ આગમો છે. આચારાંગાદિ તથા ભગવતી સૂત્ર આદિમાં આત્મા વિષે ઘણાં પ્રમાણો છે. આત્માથી મોક્ષ સુધીના સર્વ તત્ત્વોનું પૂર્ણ સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે.

શ્રી ભગવતી સૂત્રમાં આત્મસ્વરૂપ....

૪૫ આગમોમાં ૧૧ અંગ સૂત્રોમાં પંચમાંગ શ્રી ભગવતી સૂત્ર છે. ભગવતી નામ તો પૂજ્યાર્થમાં છે. મૂળનામ તો ''શ્રી વિવાહપણ્ણત્તિ સૂત્ર'' છે. એમાં ભગવાન મહાવીર અને ગૌતમની વચ્ચે પ્રશ્નોત્તરી રૂપે સંવાદ છે. તેમાં અનેક વિષયો ને લગતા પ્રશ્નો શ્રી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે. અને શ્રી વીરપ્રભુ ઉત્તર આપે છે. જીવ વિષયક પ્રશ્ન શ્રી ગૌતમસ્વામી પૂછે છે કે(ગૌતમસ્વામી)--જીવત્થિકાએ णं भंते ! कतिवण्णे, कतिगंधे कतिरसे कतिफासे ?

उत्तरः--गोयमा ! अवण्णे, जाव अत्थि, जीवे सासए, अवट्ठिए लोगदव्वे; से समासओ पंचविहे पण्णत्ते- तं जहा-दव्वओजीव गुणओ; दव्वओ णं जीव - त्थिकाए अणंताहं, जीवदव्वाहं, खेत्तओ लोगप्पमाणमेते, कालओ न कयाइ न आसी, जावनिच्चे भावओ पुण अवण्णे, अगंधे अरसे, अफासे; गुणओ उवओगगुणे *(श्री भगवतीसूत्र. शतक. २. उद्देश-१०)*

અર્થઃ—હે ભગવંત ! જીવાસ્તિકાયને કેટલા રંગ છે ? કેટલા ગંધ છે ? કેટલા રસ અને સ્પર્શ છે?

ઉત્તરઃ— હે ગૌતમ ! જીવાસ્તિકાય (આત્મા) રંગ વિનાનો અરૂપી છે. તે જીવ છે. શાશ્વત છે. અને અવસ્થિત, લોક દ્રવ્ય છે. સંક્ષેપથી જીવાસ્તિકાયના પાંચ પ્રકાર કહ્યા છે. દ્રવ્યથી જીવાસ્તિકાય, ગુણથી જીવાસ્તિકાય. દ્રવ્યથી અનન્તજીવો દ્રવ્ય રૂપ છે. ક્ષેત્રથી લોકપ્રમાણ છે. કાળથી તે કયારેય તે ન હતો એમ નથી. તે શાશ્વત છે. ભાવથી તે રંગ રહિત, ગંધ રસ, અને સ્પર્શ રહિત છે. અર્થાત્ અરૂપી, (અવર્ણ) અગંધ, અરસ, અસ્પર્શ યુકત છે. અને ગુણથી આત્મા ઉપયોગ ગુણ પ્રધાન છે.

अप्पा कत्ता विकत्ता य, दुक्खाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ ।।

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી વીરપ્રભુએ અંતિમ દેશનાવસરે જણાવતા ફરમાવ્યું કે- આત્મા પોતે જ સુખ-દુઃખનો કર્તા તથા નાશ કરનારો છે. સન્માર્ગે વળેલો આત્મા મિત્ર સ્વરૂપ છે. અને દુર્માર્ગગામી આત્મા પોતે જ પોતાનો શત્રુ પણ છે.

'एगे आया'એક આત્મા છે. તે શાશ્વત છે. અનાદિ-અનિધન છે. ઈત્યાદિ પ્રતિપાદન જિનેશ્વરના આગમમાં છે.

'जे एगं जाणइ से सव्वं जाणइ' શ્રી આચારાંગમાં જણાવ્યા પ્રમાણે જે એક આત્માને જાણે છે તે સર્વ જાણે છે.ઈત્યાદિ પ્રરૂપણા કરવામાં આવી છે. આ પ્રમાણે જીવાભિગમ, ભગવતી સૂત્ર, આચારાંગ, સ્થાનાંગાદિ આગમો જે તીર્થંકર પ્રરૂપિત છે. તેમાં અનેક સ્થળે પ્રરૂપણા કરવામાં આવી છે.

જિનાગમોના આધારે પૂર્વાચાર્યોએ અનેક પ્રકરણગ્રંથો તથા દર્શન શાસ્ત્રો આદિમાં પણ આત્મવિષયક પ્રતિપાદન કર્યું છે. દા.ત. પૂજ્ય હરિભદ્રસૂરી મહારાજા શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રન્થમાં ફરમાવે છે કે—

यः कर्ता कर्मभेदानां भोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाता सह्यात्म नान्यलक्षणः ।। १० ।।

જે જ્ઞાનાવરણીય આદિ વિવિધ કર્મોનો કર્તા છે અને તે જ કર્મોના ફળોનો જે ભોકતા છે અને તે જ પ્રમાણે કરેલા કર્માનુસાર સ્વર્ગ-નરકાદિ ગતિઓમાં જે પરિભ્રમણ કરે છે. અને જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોની સાધનાથી જે કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરનાર છે તે જ આત્મા છે. આ પ્રમાણે આત્માનું લક્ષણ રજુ કરવામાં આવ્યું છે અને આ જ લક્ષણ, આજ શ્લોક ષડ્ દર્શન સમુચ્ચ ગ્રન્થમાં પણ પૂજ્ય હરિભદ્રસૂરી મહારાજે મૂકયો છે.

પૂજ્ય વાદિદેવસૂરી મહારાજે પ્રમાણનયતત્ત્વાલોક મહાગ્રન્થમાં આત્મા વિષે જણાવતા કહ્યું છે કે–

''प्रमाता प्रत्यक्षादि प्रसिद्ध आत्मा'' ॥ ७५५ ॥

–તે પ્રમાણે તે આત્મા છે. પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણોથી પ્રસિદ્ધ આત્મા છે.

૧ चैतन्यस्वरूप : ૨ परीणामी, ૩ कर्ता ૪ साक्षाद् भोक्ता, ૫ स्वदेहपरिमाण : ૬ प्रतिक्षेत्रं भिन्न : ૭ पौग्दलिकादृष्ट ૮ वांश्चायम् ।

આ પ્રમાણે જે આત્મા છે તે ચૈતન્ય સ્વરૂપ છે. નિરંતર પરિણામવાળો છે. કર્મનો કર્તા છે. અને કર્મના ફળનો સાક્ષાત્ ભોકતા છે, અને શરીરના જ પ્રમાણવાળો છે, અને દરેક શરીરમાં ભિન્ન ભિન્ન છે. અને પૌદ્ગલિક કર્મવાળો છે. તે આત્મા છે.

(૧) ચૈતન્ય સ્વરૂપ :– ચેતના તે જ્ઞાન-દર્શનાત્મકશક્તિ વિશેષ છે. જ્ઞાનોપયોગ તથા દર્શનોપયોગ રૂપ ચેતના શક્તિ વાળો જે છે તે ચેતન. એ જ આત્મા છે તે ચૈતન્ય સ્વરૂપી આત્મા છે.

(૨) પરિણામી :–સમયે સમયે નવા–નવા પર્યાયોમાં ગમન તે પરિણમન અને પરિણમન વાળો તે પરિણામી અર્થાત્ ઘટાકાર, જ્ઞાન પરિણામી અને ઘટ પછી પટ પદાર્થ આવતા ઘટાકાર ઉપયોગ ગયો અને પટાકાર ઉપયોગ વાળો આત્મા પટજ્ઞાન વાળો કહેવાય. પટ પરિણામી આત્મા કહેવાય. આ પ્રમાણે વારંવાર બદલાતાં પદાર્થોના ઉપયોગવાળો તે જ્ઞાનાકાર ઉપયોગવાળો આત્મા પરિણમન કરનારો છે તેથી પરિણામી છે.

(૩) કર્તા :- જગતમાં જે પ્રત્યક્ષસિદ્ધ છે તે દષ્ટ છે એવા સારા-ખરાબ અર્થાત્ શુભ-અશુભ કર્મોનો કર્તા પણ આત્મા જ છે. આત્મા ન હોય તો મૃત શરીર કોઈ કર્મ (કોઈ ક્રિયા) કરતો નથી. શુભ = પુણ્ય, અશુભ–પાપ આ બન્ને પ્રકારના કર્મોનો કર્તા તે આત્મા છે.

(૪) સાક્ષાદ્‌ભોક્તા :- જે કર્મ કરે છે તે જ તે કર્મના સારા-નરસા ફળ ભોગવે છે. શુભ કર્મના પરિણામે સુખ,અને કરેલા અશુભ કર્મના પરિણામે દુઃખ ભોગવનાર પણ કોણ ? સાક્ષાત્ આત્મા જ. આત્મા વિના મૃતશરીર કોઈ કર્મના સારા-નરસા ફળ નથી ભોગવતું. માટે કર્તા-ભોકતા ભાવવાળો તે આત્મા જ સિદ્ધ થાય છે.

સાંખ્ય દર્શનવાદીઓએ ''अकर्ता निर्गुणो भोक्ता...'' કહીને આત્મા (પુરુષ) ને અકર્તા કહ્યો છે. આત્મા કંઈ જ કરતો નથી. તે પુષ્કર - પલાશવત્ નિર્લેપ છે. આત્મા ને કંઈ જ કરવાનું હોતું જ નથી. તે નિર્ગુણ છે. પરંતુ શુભા-શુભ ફળ ભોગવે છે. આ વિપરીતતા વિસંગત લાગે છે. જો કર્તા નથી તો ભોકતા કેવી રીતે સિદ્ધ થાય ? અકર્તા કહ્યા પછી

સાંખ્યોનું 'ભોકતા' ફળનો ભોકતા કહેવું એ અસંગત છે વીપરીત છે. વદતો વ્યાઘાત જેવું છે.

જૈન દર્શન કર્તા અને સાક્ષાત્ ભોકતા એમ બન્ને સ્વરૂપે આત્માને માને છે. સાક્ષાત્ વિશેષણ આત્માના પોતાના માટે જ છે. કર્મ એક કરે અને ફળ બીજો ભોગવે એ સુસંગત જ નથી. માટે જે કર્મ કરે છે તે જ તેના ફળ ભોગવે માટે સાક્ષાત્ ભોકતા કહ્યો છે.

(૫) સ્વદેહ પરિમાણ :- દરેક જીવે ગતિ કે જાતિમાં જે શરીર ધારણ કર્યું હોય, જેવડું શરીર ધારણ કર્યું હોય તે શરીરના પ્રમાણમાં જ આત્મા પ્રસરીને રહે છે. આત્મા શરીરથી બહાર નથી. શરીરનો વિસ્તાર જેટલો છે તેટલો જ આત્માનો વિસ્તાર છે.

(૬) પ્રતિક્ષેત્ર ભિન્ન :- અદ્વૈત વેદાન્તિ સમસ્ત વિશ્વનો એક જ આત્મા માને છે. પરન્તુ આર્હત્ દર્શને દરેક શરીરે-શરીરમાં આત્મા જુદો માન્યો છે. દરેકનો આત્મા સ્વતંત્ર જુદો જુદો છે. દરેક જીવને સ્વતંત્ર રીતે સુખ દુઃખની પ્રતીતિ થાય છે.

એના ઉપરથી અનુભૂતિ થાય છે. કીડીનો આત્મા જૂદો, હાથીનો આત્મા જૂદો, માંનો આત્મા જૂદો અને પુત્રનો આત્મા જૂદો એ પ્રમાણે દરેકના આત્મા જુદા-જુદા છે.

(૭) પૌગ્દલિકા દૃષ્ટવાંશ્ચાયમ્ ચેતન આત્મા સિવાય બીજુ દ્રવ્ય અજીવ જ છે. આ બે જ મૂળ દ્રવ્ય તરીકે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. કર્મ પણ પૌદ્ગલિક અર્થાત પુદ્ગલજન્ય છે. કાર્મણ વર્ગણા છે. તે જ કર્મરૂપે પરિણમે છે. પરન્તુ તેને આત્મા સાથે જોડી કર્મરૂપે પરિણમાવનાર કોણ ? તો તે આત્મા પોતે જ છે. અદૃષ્ટ-જે-શુભ અશુભ પૌદ્ગલિક કર્મ છે તેને આધીન બનેલો તે આત્મા, કારણ આત્મા સિવાય તો બીજો કર્મબાંધનાર કોઈ છે જ નહીં.

(૮) અયમ્ :- ઉપરોકત વિશેષણોથી જણાવી સ્પષ્ટ કર્યું છે સ્વરૂપ જેનું એવો પ્રમાતા આત્મા છે.

આ પ્રમાણે પૂજ્ય વાદિદેવસૂરી મહારાજે પ્રમાણનયતત્ત્વાલોક ગ્રન્થમાં વિસ્તારથી આત્માનું સ્વરૂપ સમજાવવા આ સૂત્ર રચ્યું છે. એમાં આપેલા એક એક વિશેષણો અન્ય મતના ખંડન માટે છે અને સ્વમતથી વાસ્તવિક આત્મસ્વરૂપની પુષ્ટિ માટે છે. એ જ પ્રમાણે અનેક જૈન દાર્શનિક મહાપુરુષોમાં પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજ, પૂ. સિદ્ધસેન દિવાકરસૂરી મહારાજ, પૂ. હરિભદ્રસૂરી મહારાજ, પૂજ્ય વાદિદેવસૂરી મહારાજ, પૂ. હેમચન્દ્રાચાર્ય મહારાજ, પૂ. ઉપાધ્યાય યશોવિજયજી વાચક આદિ અનેક પુજનીય - વંદનીય-અને આદરણીય મહાપુરુષોએ તાર્કિક અને દાર્શનિક પદ્ધતિએ પોતપોતાના ગ્રંથોમાં આત્માનું અદ્ભૂત સ્વરૂપ વર્ણવ્યું છે.

વેદ પ્રમાણથી આત્માસ્તિત્વ સિદ્ધિ.....

જૈન દર્શનના પવિત્ર ધર્મગ્રન્થો આગમ કહેવાય છે. આ પ્રમાણે આગમ તથા આગમેતર શાસ્ત્રોથી પણ આત્મસ્વરૂપના નિર્ણાયક પ્રમાણો મળ્યા. હવે વૈદિક સંસ્કૃતિના અનુયાયિયો જે ચારવેદ ને મુખ્ય આધાર માને છે તેમાં પણ ઘણે સ્થળે આત્મા સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે એવા અનેક પુરાવાઓ છે. જે વેદ સૂત્રો વાંચતા જ આત્મા છેની ધ્વનિ નિકળે છે તે વેદ સૂત્રો કેટલાક આ પ્રમાણે છે.

'स वै अयमात्मा ज्ञानमय :' તે આ આત્મા જ્ઞાનમય છે. 'सत्येन लभ्यस्तपसा ह्योष ब्रह्मचर्येण नित्य ज्योतिर्मयो 'हि शुद्धोऽयं पश्यन्ति धीरा यतयः स यमात्मानः ।'' वेदऽपि आत्मा सदैव स्वयंज्योति : स्वयंविदितज्ञानाभिन्न :, पठ्यते ''आत्मज्योतिरयं पुरुष 'इति' – વેદમાં પણ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે આત્મા સદા સ્વયં જ્યોતિ સ્વરૂપે છે. અર્થાત્ જ્ઞાન સ્વ પ્રકાશ સ્વરૂપ છે.

''पुरुष एवेदँमग्निं सर्वं , यद् भूतं् यच्च भाव्यं, ।
उतामृतत्वस्येशानः, यदन्नेनातिहति यदेजति यद् नैजति,
यद् दूरे, यद् अन्तिके, यदन्तरस्य सर्वस्य यत् सर्वस्यास्य बाह्यतः

અર્થાત્ :– આ ચેતન - અચેતન વાળુ જે દેખાય છે તે સર્વ પુરુષ આત્માજ છે. જે થઈ ગયું છે, જે થશે, જે મોક્ષનો સ્વામી છે જે આહાર વડે વૃદ્ધિ પામે છે, જે કંપે છે, જે ચાલે છે એવા આસ્વાદિ, જે પર્વતાદિ સ્થિર છે જે મેઘ વગેરે દૂર છે, જે નજીકમાં છે, જે સર્વ ચેતન અચેતનની અંદર અને બહાર છે તે સર્વ પુરુષ-આત્મા જ છે.

न प्रिया ह वै सशरीरस्य प्रिययोरपहतिरस्ति
अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः इत्यादि.

આ પ્રમાણે વેદના પ્રમાણોથી પણ આત્માના અસ્તિત્વની સિદ્ધિ થાય છે. એવા કેટલાક વેદના પદો છે. આ પ્રમાણે પરમાત્મા શ્રી વીરપ્રભુએ ગૌતમને વેદપદોના અર્થોને વાસ્તવિક યથાર્થ કરી બતાવ્યા. અને જે વિજ્ઞાનઘન એ વેદપદમાંથી ગૌતમને જે શંકા થઈ હતી. અને તેથી આત્મા નથી એવું માનનાર ગૌતમને શ્રી વીર પ્રભુએ વેદ પદોના સાચા અર્થ કરી બતાવ્યા અને કહ્યું હે ગૌતમ ! આત્માના દરેક પ્રદેશે જ્ઞાન-દર્શનમાં ઉપયોગરૂપ અનંતા પર્યાયો રહેલા છે. અને આ પર્યાયો રૂપે ઉત્પત્તિ અને વિનાશસ્વરૂપે આત્મા ઉત્પત્તિમાન અને વ્યયરૂપી છે. પરંતુ મૂળ આત્મા અખંડ દ્રવ્ય રૂપે ધ્રુવ નિત્ય છે. આ પ્રમાણે આત્મા-ઉત્પત્તિ, વિનાશ તથા નિત્ય (ધ્રુવ) એમ ત્રણ સ્વભાવે છે. સુવર્ણ (સોનું) જેમ મૂળ દ્રવ્ય છે. અને આભુષણોના નવા જૂના પર્યાયો રૂપે સદાય તેની ઉત્પત્તિ અને વિનાશ થતા જ રહે છે. એ જ પ્રમાણે મૂળ દ્રવ્યરૂપે આત્મા ધ્રુવ-નિત્ય છે. ત્રણે કાળમાં

અપરિવર્તનશીલ શાશ્વત છે. અને જ્ઞાન-દર્શનાત્મક ઉપયોગરૂપ અનન્ત પર્યાયવાળો આત્મા તે તે પ્રમેય પદાર્થોના ગમનાગમન તથા ઉત્પત્તિ-વિનાશના આધારે આત્માની પણ જ્ઞાન-દર્શનાત્મક ઉપયોગની ઉત્પત્તિ-વિનાશ થાય છે. પર્યાયો ઉત્પાદવ્યય-સ્વરૂપે બદલાયા કરે છે. ચેતન સત્તા સ્વરૂપે આત્મા દ્રવ્યથી સદા શાશ્વત-નિત્ય-ધ્રુવ રહે છે. હે ગૌતમ ! આ જ વાતને સમજાવતું તે વેદ પદ છે જેનાથી તને શંકા થઈ છે.

विज्ञानघन एवैतेभ्यो भुतेभ्य समुत्थाय ।
तान्वेवानुविनश्यति न प्रेत्यसंज्ञाऽस्ति ।।

આ વેદવાક્યોનો અર્થ યથાર્થ ન કરતા તને શંકા થઈ કે આત્મા છે કે નહીં ? અને બીજા આત્માનું જ સમર્થન કરનારા વેદ વાક્યો પણ તેં જોયા, વાંચ્યા. કેટલાક વેદપદો આત્મા છે એવો અર્થ કરે છે. અને આ વેદપદમાં 'न प्रेत्यसंज्ञाऽस्ति' પછી આત્મા નામની કોઈ સંજ્ઞા રહેતી જ નથી એવો ધ્વનિ તેં આ વેદપદમાંથી કાઢયો એમ પરસ્પર વિરૂદ્ધાર્થ ભાસતા વેદપદોના અર્થથી તું વિમાસણમાં મુકાયો કે આત્મા છે કે નથી ? અને આ પદથી તો તેં નિર્ણય કરી લીધો કે આત્મા છે જ નહીં. પરન્તુ એવુ નથી. એ જ વેદપદોનો યથાર્થ સાચો અર્થ કરતા આત્માના અસ્તિત્વને તે જ વેદપદો સુચિત કરે છે. ધ્વનિત કરે છે.

विज्ञानघनादि पदोनो अर्थ.....

विण्णाणाओऽणण्णो विण्णाणाघण्णोत्ति सव्वसो वावि ।
स भवई भुएवितो घडण्णिाणाई भावेणं ।। १५९३ ।।
ताइं चिय भुयाईं सोऽणु विणरस्सइ विणस्समाणाईं ।
अत्थंतरोवओगे कमसो विण्णेय भावेणं ।। १५९४ ।।
पुव्वावरविण्णाणोवओगओ विगम संभवसहावो ।
विण्णाणसंतईए विण्णाणघणोऽयमविणासी ।। १५९५ ।।

પૂજ્ય મલધારી હેમચન્દ્રાચાર્ય મહારાજા વિશેષાવશ્યકભાષ્યના અર્થમાં જણાવે છે કે વિજ્ઞાનથી અભિન્ન એવો આત્મા જ વિજ્ઞાનઘન છે. અથવા આત્માના દરેક પ્રદેશ અનન્ત વિજ્ઞાનના સમૂહથી વ્યાપ્ત હોવાથી આત્મા જ વિજ્ઞાનઘન છે. ઘટ-પટાદિભૂતોથી ઘટાદિ વિજ્ઞાનભાવે આત્મા બીજા ઉપયોગવાળો થાય છે. અને તે વિજ્ઞાનના આલંબનભૂત ઘટાદિના નાશ થવાથી અનુક્રમે આત્મા પણ અર્થાન્તર (બીજી વસ્તુ)માં ઉપયોગવાળો થાય છે. તેથી તે વિજ્ઞેયભાવે જ વિનાશ પામે છે. નહીં કે સર્વથા નષ્ટ થઈ જાય છે એમ નથી. પહેલા અને પછીના વિજ્ઞાનના ઉપયોગથી નાશ અને ઉત્પત્તિના સ્વભાવવાળો આત્મા જ છે. અને વિજ્ઞાનસંતતિ વડે આ વિજ્ઞાનઘન તે આત્મા અવિનાશીનિત્ય દ્રવ્ય છે. મૂળદ્રવ્યથી આત્મા શાશ્વત (ધ્રુવ) છે.

न च पेच्चनाणसण्णाऽवतिष्टए संपओवओगाओ ।
विण्णाणघण भिक्खो जीवोऽयं वेयपयभिहिओ ॥ १५९६॥

હે ગૌતમ ! વર્તમાનકાળના ઉપયોગ (જ્ઞાન)ના કારણે જ સમયે પૂર્વસંજ્ઞા રહેતી નથી. તેથી વેદપદોમાં આત્માને જ વિજ્ઞાનઘનના નામથી કહ્યો છે. પરન્તુ તારી માન્યતા જ્ઞાનને ભૂતધર્મ માનવાની જે છે તે અયોગ્ય છે. અર્થાત્ ઘટપટાદિ ભૂત પદાર્થો હોય તો જ જ્ઞાન હોય એવો નિયમ નથી. સૂર્યાસ્ત થઈ ગયા પછી રાત્રિમાં પણ દિવસ અને સૂર્યવિષયક જ્ઞાન તો આપણને રહે જ છે. અને તેથી જ આવતી કાલે સૂર્ય ઉગવાનો છે. હવે થોડા કલાકોમાં દિવસ ઊગશે વગેરે આપણે બોલીએ છીએ. એટલે ઘટ-પટાદિ ભૂતજન્ય પદાર્થોની અનુપસ્થિતિમાં પણ જ્ઞાનનો સદ્ભાવ તો રહે છે. જ્ઞાન ઘટ-પટાદિ જ્ઞેયથી ભિન્ન છે. તેથી તે ભૂતધર્મ નથી. એટલે ન પ્રેત્ય સંજ્ઞા થી આત્મા નથી એવો અર્થ ન કરવો.

ભૂત ચૈતન્યવાદ-નાસ્તિક મત....

પૃથ્વી-જલ-તેજ-વાયુ આદિ આ મુખ્ય ભૂતો છે. અને તે ભૂતોના જ સમ્મેલનથી આત્મા બને છે. ભૂતસંઘાત=અર્થાત્ પૃથ્વી-જલ-તેજ વાયુ એવા ભૂતોના મિશ્રણથી તેમાં ચેતનાશક્તિ ઉત્પન્ન થાય છે.જેમ સડન-ગલનના સ્વભાવથી ગોળના પાણી વગેરેમાં મદશક્તિ ઉત્પન્ન થાય છે. અને પીનાર મદિરાની મદશક્તિથી ઘેનની અસરમાં અથવા તાડ,ધાવડીના ફુલ, મહુડાના ફુલ, કોદ્રવાદિના સડનગલન-તથા મિશ્રણાદિ દ્વારા જેમ મદશક્તિ ઉત્પન્ન થાય છે–રહે છે.

તેમ આ આત્મા પણ કોઈ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતુ કોઈ અલગ દ્રવ્ય જેવુ કંઈ છે જ નહીં અને પુણ્ય-પાપ કંઈ જ નથી. અને પુણ્ય-પાપરૂપ શુભાશુભ ક્રિયાવાળુ કર્મ વગેરે કંઈજ નથી અને જો કર્મ નથી તો પછી આ ભવ કે પરભવ, પૂર્વજન્મ કે પુનર્જન્મ વગેરે માનવાની વાત જ ક્યાં રહી ? અને પૂર્વજન્મ-પુનર્જન્મ કંઈ જ નથી પછી લોક-પરલોક ક્યાંથી હોય ? અને એ જ પ્રમાણે મોક્ષ વગેરે પણ કાંઈ જ નથી.

આવી માન્યતા ધરાવનાર નાસ્તિકમતવાળાઓએ આત્માનો નિષેધ કરી તેના આધારે રહેનાર સર્વ પદાર્થોનો નિષેધ કર્યો, કંઈ જ રહેતું નથી. આત્મા જ નથી. તો પછી આ ધર્મધ્યાન-આરાધના-ત્યાગ તપશ્ચર્યા આદિની કંઈ જ આવશ્યકતા નથી. એવું કહેનાર, અને આવી માન્યતા ધરાવનાર તે મતને ચાર્વાકમત અથવા નાસ્તિકમત કહેવામાં આવે છે. એમની માન્યતા છે કે –

यावज्जीवेत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पीबेत्
भस्मी भूतस्य देहस्य, पुनरागमनं कुतः ॥ १ ॥

અર્થાત્-જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખપૂર્વક જીવો. દેવું કરીને પણ ઘી પીવું. અર્થાત્

ખાઈ-પીને મોજ કરવી. મર્યા પછી, બાળી નાંખ્યા પછી આ શરીર ક્યાં પાછુ આવવાનું છે. માટે જે સુખો અને ભોગો મળ્યા છે તેનો જેટલો ભોગ ભોગવાય તેટલો ભોગવી લેવો. Eat, Drink and be many ખાઓ પીઓ અને મજા કરોની વાતો ચાર્વાક અર્થાત્ નાસ્તિક મતવાળાની ચાલી. આત્મા ન માનવાના પરિણામે આ સ્થિતિ સર્જાઈ ગઈ.

શરીરને જ આત્મા માનનારા નાસ્તિકો આત્માને દેહભિન્ન સ્વતંત્ર દ્રવ્ય નથી માનતા. અને આત્મા માત્ર દેહમાં રહેલી શક્તિ વિશેષ છે. જે ભૂતસમુદાયમાંથી ઉત્પન થાય છે. આવી ભૂતચૈતન્યવાદી નાસ્તિકોની માન્યતા છે.

વર્તમાન વિજ્ઞાન પણ આવી જ માન્યતા ધરાવે છે. અને ચેતન એવા આત્માને જ્ઞાન-દર્શનાત્મક ચેતના શક્તિમાન સ્વતંત્ર દ્રવ્ય માનવા વિજ્ઞાનીઓ પણ તૈયાર નથી. શરીરથી ભિન્ન આત્મા જૂદુ તત્ત્વ નથી. અને શરીરની અંદર રહેલી આ ચેતના શક્તિ કોઈ મિશ્રણમાંથી બની શકતી હશે એવી માન્યતા આજનો વિજ્ઞાનવાદી પણ ધરાવે છે. એ જ માન્યતા નાસ્તિકમતવાદી ચાર્વાકોની પણ છે. તેથી તે ભૂતચૈતન્યવાદી કહેવાયા.

શું આત્મા ભૂતસમૂહજન્ય છે.....?

ભૂતચૈતન્યવાદી નાસ્તિક ચાર્વાકો ચાર ભૂત જ મુખ્ય માને છે. પૃથ્વી-જલ-તેજ-વાયુ. અને આ ભૂતસમુદ્‌ઘાતમાંથી આત્મા મદશક્તિની જેમ ઉત્પન્ન થઈ જાય છે. જેમ મદિરા પીધેલ માણસમાં મદની મસ્તિ સ્પષ્ટ દેખાય છે. તેમ ભૂતોના સમૂહમાં પ્રગટ થતી શક્તિને ચેતના શક્તિ તરીકે ચાર્વાકો ઓળખે છે.

સ્વતંત્રપણે રહેલા પૃથ્વી આદિ ભૂતોમાં ચેતના શક્તિ જો નથી દેખાતી તો શું ચારે ભૂતો ભેગા થવાથી તે શક્તિ ઉત્પન્ન થઈ જશે ? દા.ત. રેતીના એક-એક કણમાં તેલ નથી તો શું રેતીના ઘણાં કણો ભેગા કરીને પીલવાથી તેલ નિકળશે ? જે એક કણમાં નથી તે કણોના સમૂહમાંથી ક્યાંથી નિકળવાનું ? એ જ પ્રમાણે પૃથિવ્યાદિ સ્વતંત્ર ભૂતમાં ચેતના શક્તિ નથી તો તે ચારે ભૂતોના સમૂહમાંથી ક્યાંથી પ્રગટ થઈ શકે ? સંભવ જ નથી. મદિરાનું દૃષ્ટાન્ત પણ દોષ યુક્ત છે. કારણ કે તાડ, ધતૂર, મહુડાના ફૂલ આદિમાં તો સ્વતંત્ર અવસ્થામાં પણ મદ શક્તિ અવ્યક્ત પડી જ છે.અને તે ઉત્તેજીત થઈને સમુદાય આદિમાં સડન-ગલન પ્રસંગે પ્રગટ થાય છે. પરન્તુ ભૂતોમાં તો પૃથગ્ અવસ્થામાં પણ અવ્યક્ત નથી તો સમુદિત અવસ્થામાં ક્યાંથી માની શકાય ?

આત્મા કોઈ પણ પદાર્થોના મિશ્રણથી નિર્માણ થઈ શકે જ નહીં. જો કોઈ પદાર્થોના મિશ્રણથી ઉત્પન્ન માનીએ તો કયા દ્રવ્યોના મિશ્રણથી ઉત્પન્ન માનવો ? જો પૃથિવ્યાદિ ભૂતોના મિશ્રણથી ઉત્પન્ન માનશો તો આત્મા-ચેતના શક્તિમાં પણ પૃથિવ્યાદિના ગુણધર્મો આવી જશે. તો આત્મા પણ રૂપી થશે. નાશવંત થશે. તો સાકાર થશે. અને

રૂપી તથા સાકાર દ્રવ્યો તો પ્રત્યક્ષથી દ્રષ્ટિગોચર થવા જોઈએ. તે ઈન્દ્રિયોનો વિષય બનવા જોઈએ. પરન્તુ વ્યવહારમાં પણ એ ઈન્દ્રિયપ્રત્યક્ષ સિદ્ધ નથી થતો. અર્થાત્ આંખથી જોવાનો વિષય નથી બનતો. કોઈની પણ મૃત્યુ સમયે આપણે ઉપસ્થિત રહીને જોઈએ તો પણ જતો જીવ દેખાતો નથી, પણ વ્યકિતની હલન-ચલન-બોલવા-શ્વાસોશ્વાસ લેવા આદિની ક્રિયા બંધ થઈ જતા જીવ ગયો એ પ્રતીતિ થાય છે.

જો દેહભિન્ન પૃથગ્ ચેતના શકિત ન માનતા તેને કાયાકાર પરિણામી અને ભૂતજન્ય માનીએ તો તો માણસ મરવો જ ન જોઈએ. કારણ ભૂતો તો છે. અને કાયાકાર પણ છે. ચેતના શકિતના કારણો ઉપસ્થિત હોવા છતાં ચેતના શકિત ન રહે. એ તર્ક યોગ્ય નથી. માટે આત્મા-ચૈતન્ય સ્વરૂપી છે. ભૂતજન્ય નથી. આત્મા કોઈ પણ પદાર્થોથી જન્ય નથી. કોઈ પણ મિશ્રણથી ઉત્પન્ન શકિત વિશેષ નથી, પરન્તુ સ્વતંત્ર અરૂપી-અજર-અમર-શાશ્વત-અવિનાશી તત્ત્વ છે. એ જ તર્ક--બુદ્ધિ ગમ્ય છે. અનુમાનાદિ પ્રમાણોથી સિદ્ધ છે.

પ્રમાણથી આત્મસિદ્ધિ....

બે પદાર્થની વચ્ચે ગુણધર્મોની સમાનતા (સાદશ્યતા)ના કારણે જે ઉપમા આપીને ઓળખ અપાય છે તે ઉપમાન પ્રમાણ કહેવાય છે. સાદશ્યતા એકદેશીય પણ હોય છે. અને સર્વ દેશીય પણ હોઈ શકે છે. જેમ ચંદ્રમુખી અર્થાત્ ચન્દ્રના જેવા મુખવાળી, અહીંયા સ્ત્રીના મુખને ચંદ્રની ઉપમા આપવામાં આવી છે. તે ઉપમા એકદેશીય છે. એ જ પ્રમાણે સાદૃશ્ય ધર્મની ઉપમા આપીને આત્માને ઓળખવો હોય તો કેવી રીતે ઓળખાય ?

આત્માને ઓળખવા માટે કોની ઉપમા આપી શકાય ? કોઈની નહીં ? કારણ કે આત્મા જેવો તો આ જગતમાં બીજો સમાનધર્મી કોઈ પદાર્થ જ નથી. બે જ તો દ્રવ્ય છે. એક જડ અને બીજો ચેતન. ચેતનને જડની તો ઉપમા જ ન અપાય. છતાં પણ એકદેશીય સાદશ્યની ઉપમા આપવા માટે આત્માને એક અંશમાં વાયુ (હવા) સાથે સરખાવી શકાય. વાયુ દેખાતો નથી છતાં પણ હલતા કપડા, ધ્વજા, પેટમાં થયેલા ગેસથી જેમ હવાની સાબિતી સ્વીકારીએ છીએ તે જ પ્રમાણે ગમતા-અણગમતા પ્રસંગો તથા પદાર્થોમાં અનુકૂળ-પ્રતિકૂળ નિમિત્તોમાં જાગતા ક્રોધ, માન,ક્ષમા, અભિમાન, પ્રેમ, સ્નેહ, લાગણી, દ્વેષ, તિરસ્કાર,ઈષ્ટ તરફ પ્રવૃત્તિ તથા અનિષ્ટ તરફ નિવૃત્તિ વગેરે જે ભાવો દેખાય છે, તે મુખ ઉપર પણ દેખાઈ આવે છે-તેનાથી આત્મા જ છે, એમ મનાય છે. કારણ આત્માની અનુપસ્થિતિમાં મૃતકમાં કોઈ હર્ષશોક-ક્રોધ-ક્ષમાદિની લાગણી આદિ મુખ ઉપર નથી દેખાતી. માટે આ શરીરમાં મુખાદિ ઉપર દેખાતા ભાવોથી તેની પાછળ આત્મા જ છે એ સ્પષ્ટ જણાય છે. તેમ હલતા કપડા, પાંદડા, ધ્વજાની પાછળ હવા છે તેમ ક્રોધ-ક્ષમા-પ્રેમ દ્વેષ આદિની પાછળ પણ આત્મા જ છે. આ સ્પષ્ટ થાય છે. તેથી

ઉપમાન પ્રામાણ્યમાં હવાની સાથે આત્માની એકદેશીય તુલના કરવામાં આવી છે.

અર્થાપત્તિ પ્રમાણથી આત્મસિદ્ધિ....

'पीनो देवदत्तः दिवा न भुंक्ते.' જાડો દેખાતો દેવદત્ત દિવસે નથી ખાતો. આ વાકયમાં દિવસે નથી ખાતો છતા જાડો છે. આમાં ન ખાવાપણું અને જાડા પણું બે સાથે સંભવે જ નહીં. ત્યારે દિવસે ન ખાતો હોય તો રાત્રે ખાતો હશે એ અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. મૃત્યુ પછી જરાય હીલચાલ ન કરી શકનારા શરીરમાં મૃત્યુ પૂર્વે જે હીલચાલ દેખાય છે. તે જીવંત સ્થિતિ વિના અર્થાત્ શરીરમાં આત્માની સત્તા વિના સંભવી જ ન શકે. માટે મૃત્યુ પહેલા શરીરમાં આત્મા હતો એ અર્થાપત્તિ સિદ્ધ થાય છે. એજ પ્રમાણે, સંભવપ્રમાણ. ઐતિહ્ય પ્રમાણ પ્રત્યભિજ્ઞા પ્રમાણ આદિ પ્રમાણોથી આત્મા સિદ્ધ થાય છે.

સર્વજ્ઞ પ્રત્યક્ષ પ્રમાણ ....

જેને ચારે ઘનઘાતી કર્મોના ક્ષયે અનન્ત જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે એવા સર્વજ્ઞ-સર્વદર્શી-કેવળજ્ઞાની, કેવળદર્શી પરમાત્માને સમસ્ત ચરાચર વિશ્વના સર્વ દ્રવ્ય પદાર્થો સ્પષ્ટ દેખાય છે. કેવળજ્ઞાન એ આત્મપ્રત્યક્ષ જ્ઞાન છે. ઈન્દ્રિયો કે મનની એમાં આવશ્યકતા પણ નથી. એવા સર્વજ્ઞ ભગવંતોએ જ આત્માને આત્મપ્રત્યક્ષ કેવળજ્ઞાનથી જોયો છે. અને જાણ્યો છે. અને તેમને જોઈ અને જાણીને આપણને જણાવ્યું છે. એટલે સર્વજ્ઞ પ્રત્યક્ષને પ્રમાણભૂત માનીને આત્માને સ્વીકાર કરવો જોઈએ.

ઈન્દ્રભૂતિ ગૌતમનું આત્મ સમર્પણ....

छिन्नम्मि संसयम्मी जिणेण जरा-मंरणविप्पमुक्केणं ।
सो समणो पव्वइओ पंचहिं सह खंडियसएहिं।। १६०४ ।।

આત્મસિદ્ધિના વિષયમાં ઈન્દ્રભૂતિ ગૌતમની સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ સાથે વાદ-ચર્ચા ઘણી ચાલી વેદપદોના અર્થો, તેમજ અનેક પ્રમાણોથી શ્રી વીર પ્રભુ સાથે વાત કરીને આત્મ તત્ત્વને શ્રી ગૌતમસ્વામી સમજ્યા. તર્ક, યુકિતથી 'આત્મા છે.' એ તેમના જ્ઞાનમાં સ્પષ્ટ સમજાયું.

આત્મા છે. અને આત્મા છે તો કેવો છે એ સમજાતા અને પોતાની વર્ષો જુની શંકાનું સમાધાન થતા આજે મોટું અજ્ઞાન ટળી ગયું. અજ્ઞાનના આવરણ–પડલો વિખરાઈ ગયા, મારી શંકાનું સમાધાન જે કરી આપે તેને મારું જીવનભર તેમના ચરણોમાં સમર્પિત કરી દેવુ એવી ઉદાત્ત ભાવનાથી ઈન્દ્રભૂતિ ગૌતમે ભગવાન મહાવીરના ચરણોમાં નતમસ્તક થઈ ગયા. પોતાનું સર્વસ્વ જીવન સમર્પિત કરી દીધું. અને ગુરુને સમર્પણ કરતા જોઈને ગૌતમ સ્વામીના ૫૦૦ શિષ્યોએ પણ ગુરુની પાછળ આત્મ સમર્પણ કર્યું. અને તે જ ક્ષણે

વૈશાખ સુદ ૧૧ના પવિત્ર દિવસે સમવસરણમાં ઈન્દ્રભુતિ ગૌતમે પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. સંસાર છોડી સાચા અણગાર સાધુ બન્યા. જન્મજરા-મરણનો નાશ કરનાર શ્રી મહાવીર પ્રભુની પાસે કલ્યાણકારી પાપનાશક ચારિત્ર અંગીકાર કર્યું.

શ્રી વીર પ્રભુએ એ જ ઈન્દ્રભૂતિ ગૌતમને પોતાના આદ્ય શિષ્ય બનાવ્યા. અને મસ્તકે વાસચૂર્ણ (વાસક્ષેપ) નાખી ગણધર પદે સ્થાપ્યા. એ જ ઈન્દ્રભૂતિ ગૌતમ એ વીરશાસનના આદ્ય ગણધર બન્યા.

એ જ ગુરુ ગૌતમસ્વામી બન્યા...અનેકોને તારનારા થયા. અનેકોને કેવળજ્ઞાન પમાડનારા થયા. વીર-ગૌતમની બેલડી એક અજોડ બેલડી થઈ.

ધન્ય હો ગુરુગૌતમસ્વામી.....

ધન્ય.....ધન્ય.....ગુરુગૌતમસ્વામી

મંગલં ભગવાન વીરો.....

મંગલં ગૌતમ પ્રભુ : ।

(ગણધરવાદના વિષય ''આત્મસિદ્ધિ''ને લક્ષમાં રાખી વિશેષાવશ્યક ભાષ્ય તથા કલ્પસૂત્રાદિ ગ્રન્થોના આધારે આ વિષય ચર્ચ્યો છે. અને સર્વગ્રાહી બનાવવા તથા સરલ બનાવવા અન્ય વિવેચન પણ વિષયની પુષ્ટિ માટે કર્યું છે અન્ય આત્મવિષયક ચર્ચા વાયુભૂતિ ગૌતમની ચર્ચા પ્રસંગે કરવામાં આવશે.)

બીજા ગણધર

શ્રી અગ્નિભૂતિ ગૌતમ

કર્મ સિદ્ધિ

(વ્યાખ્યાન ચોથું)

શંકા : કર્મ છે કે નહીં ?

तं पव्वइअं सोउं बितिओ आगच्छइ अमरिसेणं ।
बच्चामिण आणेमी पराजिणित्ताण तं समणं ॥ १६०६ ॥

– પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર પૂર્વક..

શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં પૂજય શ્રુતધર મહાપુરુષ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજા ફરમાવે છે કે...

પોતાના મોટાભાઈ શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ જે સર્વજ્ઞ મહાવીર પાસે ગયા અને વાદમાં પરાસ્ત થઈ ગયા છે. અને શિષ્ય પરિવાર સાથે તેમની પાસે જ દીક્ષા લઈને રહી ગયા છે. એમ સાંભળીને શ્રી અગ્નિભૂતિ ગૌતમ પણ જવા તૈયાર થયા. મનમાં વિચાર કરે છે કે...હું હમણાં જ ત્યાં જાઉં અને એ સર્વજ્ઞ શ્રમણનો પરાભવ કરું, એમને વાદમાં હરાવું અને મારા મોટાભાઈને પાછા લાવું. સંભવ છે કે તે સર્વજ્ઞ માયાવી ઈન્દ્રજાલિક હોવો જોઈએ. અને મારા બંધુ ને છળ-નિગ્રહસ્થાનાદિમાં ફસાવીને ઠગ્યો લાગે છે. નહીંતર મારા ભાઈ કોઈથી પણ પરાભવ પામે એવા નથી. અને આ બન્યું કેમ ? કોણ જાણે ત્યાં શું બન્યુ હશે ? મારે હકીકત પણ જાણવી તો જોઈએ. અને તે માટે જવું પણ જોઈએ.

આ પ્રમાણે વિચાર કરતા કરતા અગ્નિભૂતિ ગૌતમ પણ પોતાના ૫૦૦ શિષ્ય સાથે તૈયાર થયા. અને સમવસરણે જવા નિકળ્યા. માર્ગમાં અનેક વિચારના તરંગોમાં ચઢ્યા. અન્તે એક વિચાર એવો પણ આવ્યો કે સમર્થ સર્વજ્ઞતુલ્ય મારા મોટાભાઈને જેમણે હરાવી દીધા છે એવા તે સર્વજ્ઞ શ્રમણ જો ખરેખર મહાવિદ્વાન હશે, અને જો મારા મનના સંશયને દૂર કરશે તો હું પણ સર્વસ્વ તેમના ચરણોમાં સમર્પિત કરીને સદાના માટે તેમનો શિષ્ય બની જઈશ...આ પ્રમાણે વિચાર કરતા કરતા સમવસરણ પાસે આવી ૫૦૦ શિષ્યો સાથે સમવસરણના પગથીયા ચઢવા માંડયા. ઉપર આવ્યા ત્યાં તો અગ્નિભૂતિ ગૌતમને 'શિષ્યપરિવાર સહ આવતા જોઈને અનન્ત ઉપકારી કરૂણાના સાગર શ્રી મહાવીર પ્રભુએ મધુરી મીઠી ભાષામાં સંબોધ્યા અને એમના મનની શંકા પ્રગટ કરતા કહ્યું કે –

किं मन्ने अत्थि कम्मं उयाहु नत्थित्ति संसओ तुज्झ ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥ १६१० ॥

– હે ગૌતમગોત્રીય અગ્નિભૂતિ ! ભલે પધાર્યા. કર્મ છે કે નહીં ? આવો તને સંશય છે. કારણ કે વેદના પદોનો અર્થ તેં બરોબર કર્યો નથી. તેથી વર્ષોથી આવી શંકા તારા મનમાં ઘર કરી ગઈ છે. પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા વેદના પદોમાં તું મુંઝાઈ ગયો છે. અને તેથી અર્થ કરવામાં ભૂલ કરતા તને શંકા થઈ છે કે કર્મ છે કે નહીં ? તે વેદના પદો આ પ્રમાણે છે -

શંકાનું સ્થળ – વેદ પદો .....

''पुरुष एवेदंमग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम् ।''

અર્થાત્ પ્રત્યક્ષ જણાતું ચેતન-અચેતન સ્વરૂપ જે ભૂતકાળમાં થયેલું છે, અને ભવિષ્યકાળમાં થવાનું છે તે સર્વ (પુરુષ) અર્થાત્ આત્મા જ છે. હે અગ્નિભૂતિ ! આ પ્રમાણે આ વેદવાક્યનો અર્થ તેં કર્યો અને એમ માની લીધું કે સર્વ જે છે તે આત્મા જ છે. આત્મા સિવાય કર્મ-ઈશ્વર વગેરે કંઈ જ નથી. આથી કર્મ નથી એમ તેં મનમાં નિર્ધાર કરી લીધો. પરન્તુ બીજી બાજુ વેદમાં બીજા પણ એવા પદો જોયા. જેવા કે – '' पुण्यं पुण्येन कर्मणा? पाप : पापेन कर्मणा ''– (આ વાક્ય બૃહદારણ્યક ઉપનિષદમાં (૪-૪-૫) છે. અર્થાત્ પુણ્ય કર્મથી જીવ પવિત્ર થાય છે. અને પાપકર્મથી અપવિત્ર થાય છે. હે અગ્નિભૂતિ ! આ પ્રમાણે ભિન્ન ભિન્ન વેદપદોને જોઈને અને તેના અર્થો કરીને તું મુંઝાયો કે કર્મ છે કે નહીં ? એક વાક્યમાં તો ફક્ત આત્મા જ છે...એમ હતું અને બીજામાં આગળ કર્મ છે એવી પણ વાત મળે છે. એટલે તું મુંઝાયો અને તારા મનમાં શંકા ઘર કરી ગઈ કે કર્મ જેવી કોઈ વસ્તુ જગતમાં અસ્તિત્વ ધરાવે છે કે નહીં ? એથી કર્મ છે કે નહીં એવા સંશયમાં તું પડયો.

અને બીજી બાજુ વિચાર કરતા પણ તને એમ લાગ્યું કે -ઉપર પ્રમાણેનું પહેલું વેદ વાક્ય પણ બરોબર જ છે. કારણ કે આત્મા અમૂર્ત છે. વળી મૂર્ત એવા કર્મ શેના લાગે ? ચેતન આત્મા ઉપર જડ કર્મો શાના લાગે ? કર્મ વડે આત્મા ઉપર અનુગ્રહ કે ઉપગ્રહ અર્થાત્ લાભ-હાનિ પણ શી રીતે સંભવે ? જેમ અમૂર્ત એવા આકાશને મૂર્ત એવા અગ્નિ વગેરે પદાર્થો શું કરી શકે ? તેમ આત્મા ને પણ કર્મ શું કરી શકે ? માટે કર્મ નામનું કોઈ સ્વતંત્ર તત્ત્વ જગતમાં નથી.

આ જ પ્રમાણે સ્વબુદ્ધિથી વિચાર કરતા તને એમ પણ લાગ્યું કે કર્મ એ પ્રત્યક્ષ તો દેખાતા નથી. પ્રત્યક્ષ, અનુમાન-ઉપમાન, આદિ પ્રમાણોથી પણ સિદ્ધ નથી થતાં. જ્ઞાનનો વિષય જ્ઞેયરૂપે તો કર્મો છે નહીં. કર્મ સર્વ પ્રમાણાતીત છે. જેમ ઈન્દ્રભૂતિ ગૌતમ ! સર્વ પ્રમાણોથી આત્મા સિદ્ધ નથી એમ માનતા હતા, તે જ પ્રમાણે તમે પણ

એમ માનો છો કે કોઈ પણ પ્રમાણથી કર્મ પણ સિદ્ધ નથી થતા. એટલે કર્મ નથી એ તમારો નિર્ણય થયો. અને બીજી બાજુ બીજા વેદ પદોથી સંદેહ થયો કે કર્મ છે કે નહીં ?

વેદ પદોના પ્રકારો....

અનન્તજ્ઞાની શ્રી વીરપ્રભુએ ફરમાવ્યું – હે અગ્નિભૂતિ ગૌતમ ! તમે વિચારો છો તેમ નથી; અને તમે જે વેદ પદોના અર્થ પણ કરો છો તે પણ બરોબર નથી; પ્રથમ તો એ સમજો કે વેદમાં આવતા પદોના અર્થથી ભિન્ન પ્રકારના છે. વેદ પદો મુખ્યરૂપે ત્રણ પ્રકારના છે.

(૧) વિધિદર્શક વેદ પદો.
(૨) અનુવાદદર્શક વેદ પદો.
(૩) સ્તુતિ દર્શક વેદ પદો.

(૧) કેટલાક વેદના વાક્યો વિધિ સૂચવતા હોય છે. – તે વિધિદર્શક વેદ પદ કહેવાય છે. જેમ કે - "स्वर्गकामो अग्निहोत्रं जुहुयात्" – અર્થાત્ જેને સ્વર્ગ મેળવવાની ઈચ્છા હોય તે અગ્નિહોત્ર યજ્ઞ કરે. અહીંયા યજ્ઞ કરવાની વિધિ સૂચવવામાં આવી છે. - "मन्त्र ब्राह्मणात्मको वेद :" - મન્ત્ર અને બ્રાહ્મણ એમ વેદના બે ભાગ કહ્યા છે.

(૨) જે વાક્ય વડે જગતમાં પ્રસિદ્ધ એવા પદાર્થોનો અનુવાદમાત્ર અર્થ કરવામાં આવ્યો હોય તે અનુવાદ દર્શક વાક્યો કહેવાય છે. દા.ત. "द्वादशमासा संवत्सरः" અર્થાત્ (૧૨) બાર મહિનાનો ૧ વર્ષ (સંવત્સર) થાય છે.

"अग्निरुष्ण :" અર્થાત્ અગ્નિ ગરમ છે. આમાં અનુવાદ પ્રતિપાદિત કરવામાં આવ્યો છે.

(૩) જેમાં સ્તુતિની પ્રધાનતા દર્શાવવામાં આવી હોય એવા વેદવાક્યો સ્તુતિદર્શક વેદ વાકય કહેવાય.દા.ત.

जले विष्णुः स्थले विष्णु : विष्णु पर्वत मस्तके ।
सर्व भूतमयो विष्णु –स्तस्माद् विष्णुमयं जगत् ॥

– અર્થાત્ જલમાં વિષ્ણુ છે, સ્થલ (ભૂમિ)માં વિષ્ણુ છે, પર્વતના શિખર પર વિષ્ણુ છે. અને સર્વ ભૂતમય વિષ્ણુ છે એટલે સમગ્ર વિશ્વ વિષ્ણુમય જ છે. આ વેદ પદમાં વિષ્ણુનો મહિમા બતાવી વિષ્ણુની સ્તુતિ કરવામાં આવી છે એનો અર્થ એવો નથી કે વિષ્ણુ સિવાયની કોઈ વસ્તુ આ સંસારમાં છે જ નહીં ? એકના મહિમા કે ગુણગાન કરવાથી બીજી વસ્તુ આ વિશ્વમાં છે જ નહીં એવું સિદ્ધ નથી થતું. કે એવો કોઈ નિયમ પણ નથી. એજ પ્રમાણે 'पुरुष एवेदमग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम्' - આ વાક્ય પણ સ્તુતિ દર્શક છે. એમાં આત્માની સ્તુતિ કરવામાં આવી છે. પણ એનાથી આત્મા સિવાય બીજી

કોઈ વસ્તુ કર્મ -ઈશ્વરાદિ જગતમાં છે જ નહીં એવો અર્થ નથી નિકળતો.

પરંતુ આત્મા સિવાય અન્ય પદાર્થોના અસ્તિત્વ-નાસ્તિત્વ વિષે કોઈ વિધાન કરતું નથી. માટે આ વાકયમાં કર્મ -ઈશ્વર જેવું કંઈ નથી. એવો ધ્વનિ નથી નિકળતો, એવો એનો અર્થ પણ નથી થતો. એવો કોઈ ભાષા-શાસ્ત્રીય નિયમ નથી કે એકની વધુ પડતી પ્રશંસા કરવામાં આવે તો એ સિવાય બીજી વસ્તુ જગતમાં છે જ નહીં ? સ્તુતિ કે પ્રશંસા જેવી કરાય છે તે વસ્તુની અતિરેકથી પણ પ્રશંસા કરી શકે છે. પરન્તુ તે વાકય બીજાનો નિષેધ નથી કરતો માટે કર્મની સત્તા સામે આ વાકય કોઈ નિર્દેશ નથી કરતો.

સમાધાન માટે વિનંતિ.....

પોતાની શંકા સ્પષ્ટ સમજાઈ ગઈ અને આ સંશય શા માટે થયો ? કયાંથી થયો? કેમ થયો ? વગેરે ભગવંતે સ્પષ્ટ કહી બતાવ્યુ એટલે અગ્નિભૂતિ ગૌતમે સર્વજ્ઞ શ્રી વીરપ્રભુને વિનંતિ કરી કે હે સ્વામી ! જયારે આપે કર્મ વિષયક મારી શંકાને સ્પષ્ટપણે જણાવી આપી છે તો એનું સમાધાન પણ આપ જ જણાવો. આનો ઉત્તર પણ આપ જ આપો. કારણ કે આપના વિના હવે મારો સંશય છેદનાર પણ બીજો કોઈ નથી.મને નિઃસંદેહ કરનાર પણ હવે આપ જ છો. માટે કર્મ સત્તા કેવી રીતે છે ? કર્મ શું છે ? કર્મ કેવા છે ? કર્મ કેટલા છે ? વગેરે આપ જ જણાવો. અને તે સાથે વિવિધ પ્રમાણોથી કર્મનું અસ્તિત્વ સાબિત કરી આપો. જેથી મારુ અજ્ઞાન ટળે. અને મને પણ કર્મના વિષયનું વાસ્તવિક યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય.

વેદ પદોનો યથાર્થ અર્થ....

''पुरुष एवेदमग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम्''

અર્થાત્ આ પ્રત્યક્ષ જણાતું ચેતન-અચેતન સ્વરૂપ જે ભૂતકાળમાં થયેલું છે અને ભવિષ્યકાળમાં થવાનું છે તે સર્વ આત્મા જ છે. આ વેદવાકય આત્માની સ્તુતિ કરે છે.

સંસાર સ્વરૂપ –ચરાચર વિશ્વરૂપ આ સંસારને નજરે જોતાં એમાં અનેક પ્રકારની વિચિત્રતા આપણને નજરે પડે છે. જડ-ચેતન બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર દ્રવ્યો આ સંસારમાં આજે એકત્ર રહ્યા છે. જડ દ્રવ્યને ઘર બનાવીને ચેતન આત્માઓ એમાં મોહ-મમત્વ ભાવથી રહ્યા છે. આ સંસાર ઉપર એક સાધક તટસ્થભાવથી દૃષ્ટિપાત કરીને જૂએ તો મુખ્યપણે એને સંસારમાં ત્રણ જાતના પ્રકારો ખાસ નજરે પડશે

(૧) વિષમતા (૨) વિવિધતા (૩) અને વિચિત્રતા.

(૧) **વિષમતા** - આ સંસારમાં કયાંય સમાનતા દેખાતી નથી. વિષમ એટલે એકથી બીજુ ન મળે. એકના જેવા ગુણધર્મો બીજામાં ન હોય તે વિષમ) એવી વિષમતા આ સંસારમાં ડગલેને પગલે દેખાય છે. જેમકે-માતા-પિતાના ગુણધર્મો પુત્રો સાથે નથી

મળતા. માતાના જેવી પુત્રી નથી હોતી, અને પુત્રી જેવી માતા નથી હોતી, પિતા જેવો પુત્ર નથી હોતો અને ભાઈ જેવો ભાઈ પણ સરખા વિચાર વાળો નથી, એક માતાના ચાર પુત્રો પણ સમાન વિચારધારા, સમાન ગુણધર્મો, સમાન સ્વભાવ આદિ નથી ધરાવતા. આ સંસારમાં પણ એક રાજા છે તો બીજો રંક પણ જોવા મળે છે. બન્ને સરખા સુખી નથી. બન્ને સરખા પદાધિકારી નથી. બન્નેને સરખી સત્તા પણ નથી મળી. એક જ બાપની બન્ને દીકરીઓ એક સરખા ઘરમાં રહી નથી શકતી. એક સરખી સુખી પણ નથી થઈ શકતી.

વિવિધતા : એ જ પ્રમાણે વિવિધતા પણ ઘણી છે. એક સુખી છે તો બીજો દુઃખી છે એક રાજા છે તો બીજો રંક છે. એક શ્રીમંત-અમીર છે તો બીજો નિર્ધન-ગરીબ છે. એક રાજી છે તો બીજો નારાજ છે. એક શેઠ તો બીજો નોકર છે. એક માલિક છે તો બીજો ગુલામ છે. એક ઉચ્ચ કુળમાં જન્મ્યો છે તો બીજો હલકા કુળમાં પણ જન્મ્યો છે. એક મળ-મૂત્રાદિ સાફ કરવાના હલકા કામો પણ કરે છે– તો બીજો રાજમહેલ બંગલામાં સોનાના પારણામાં ઝુલે છે. એકને ખાવા પણ નથી મળતુ– તો બીજાના ઘેર ખાવાનું અઢળક છે પણ ખાનાર કોઈ નથી. એક ફૂલોથી પૂજાય છે- તો બીજાના કોઈ ભાવ પણ નથી પૂછતુ. એકને મળવા હજારો દોડતા આવે છે તો બીજાને માંદગીમાં પણ કોઈ સામું નથી જોતું. એકની સેવા કરનારાઓ ખડે પગે ઘણાં ઉભા છે. તો બીજાની સેવા વિનંતિ છતાં પણ કોઈ નથી કરતું, એકને પહેરવા કપડા ઢગલા બંધ છે. ત્યારે બીજાને શરીરની લાજ ઢાંકવા ફાટેલું ચીથરું પણ નથી. એકને આંખના ઈશારે પણ પાણીના બદલે દૂધ પીવા મળે છે, જયારે બીજાને દૂધ તો જોવા પણ નથી મળતું, પરન્તુ પાણી વિના પણ તરસ્યા મરવું પડે છે. એકને બંગલો અને હાટ-હવેલીઓ ઘણી છે. જયારે બીજાને ઘાસની ઝુંપડીના પણ ઠેકાણાં નથી. આવી સેંકડો પ્રકારની વિષમતા તથા વિવિધતાઓથી આ સંસાર ભરેલો પડયો છે. એટલું જ નહીં પણ વિષમતા, અને વિવિધતાઓની સાથે સાથે વિચિત્રતાઓ પણ આ સંસારમાં ઘણી છે.

વિચિત્રતા : સંસાર ખરેખર ચિત્ર-વિચિત્ર છે. એક કાબર ચિતરા નાગ જેવા ચિત્ર-વિચિત્ર રંગો હોય છે. તેમ આખોય સંસાર અનેક વિચિત્રતાઓથી ભરેલો છે. જે ન બનવું જોઈએ. જે બનવાની શકયતા કે સંભાવના વિચારી પણ ન શકાય તે આ સંસારમાં બનતી દેખાય છે. તેનું નામ છે વિચિત્રતા, દારૂ પીવા જેવો નથી. તેના કેવા ભયંકર પરિણામો આવે છે. અને કેટલાયને આવ્યા પણ છે, તે નજર સામે જોવા છતાં પણ જીવો છોડી નથી શકતા. અને નવા પીવે છે, અને પસ્તાય છે. એ જ દશા સીગારેટ-બીડી તમાકુની છે. આપણી આગળ પીનારા કેટલાયને કેન્સર જેવા જીવલેણ રોગો થયા છે, કેટલાય મરણને શરણ થઈ જાય છે. છતાં આ વ્યસનો છોડી નથી શકતા. કેટલાય ચોરી કરીને જેલની હવા ખાઈ રહ્યા છે. છતાં પણ નવા લોકો ચોરી, ખૂન બળાત્કારના પાપો છોડી

નથી શકતા. આવા વિચિત્ર સંસારની વિચિત્રતાઓનો કોઈ પાર નથી. સંસરણશીલ સ્વભાવવાળા સંસારનું ચિત્ર જ વિચિત્ર રંગવાળું છે. આ રીતે વિવિધ વિચિત્રતાઓ, વિષમતાઓ તથા વિવિધતાઓથી આ સંસાર ભરેલો છે. એનું જ નામ સંસાર છે. જયાં વિચિત્રતા આદિ નથી ત્યાં સંસાર નથી. અને સંસાર નથી ત્યાં વિચિત્રતા આદિ નથી.

વિચિત્રતા વિષમતા અને વિવિધતાનો કર્તા કોણ ....?

વિવિધ વિવિધતાઓ, વિચિત્રતાઓ અને વિષમતાઓથી ભરેલો આ સંસાર બનાવ્યો કોણે ? એનો કર્તા કોણ ? માત્ર માનવ જાત, સુખ-દુઃખનો અનુભવ સતત કરે છે; એટલું જ નહિ. જગતનો નાનો મોટો દરેક જીવ સુખ-દુઃખનો અનુભવ કરે છે. હવે પ્રશ્ન એ છે કે આ સુખ-દુઃખનો કર્તા કોણ ? શું આ સુખ-દુઃખ કોઈ ઈશ્વરના હાથમાં છે ? ઈશ્વર ધારે એને જ સુખી કરે. અને ઈશ્વર ધારે એને દુઃખી કરે. કોઈ સુખ-દુઃખની પાછળ ઈશ્વરને કારણ માને છે, કોઈ કુદરત નામ પાડે છે. કોઈ નશીબ, ભાગ્ય પણ કહે છે. કોઈ વગર નામ પાડયે 'ઉપરવાળો' આ પ્રમાણે પણ કહે છે. અને કોઈ જયોતિષના ગ્રહ-નક્ષત્રોને પોતાના સુખ-દુઃખના કારણ માને છે. કોઈ અન્ય દેવદેવીઓને પણ સુખ-દુઃખના કારણ માને છે.

શું આ બધા પક્ષો સાચા છે ? જે જેને સુખ-દુઃખના કારણ માને છે. તે જીવ સુખ ની પ્રાપ્તિ તથા દુઃખની નિવૃત્તિમાં તેમની જ આરાધના-ઉપાસના કરે છે. જો ઈશ્વર હોય તો ઈશ્વરની અને જો ગ્રહ-નક્ષત્રો હોય તો તેમની ઉપાસના કરે છે, પરન્તુ આશ્ચર્ય એ વાતનું છે કે આટલી ઉપાસના કરવા છતાં હજી સુધી જીવો સંપૂર્ણ સુખ પામી નથી શકયા. તથા સર્વથા દુઃખથી મુકત પણ નથી થઈ શકયા.

શું ઈશ્વર સુખ-દુઃખનો કે સૃષ્ટિનો કર્તા છે..?

જેને ઘણાં ફકૂત ઉપરવાળો જ કહે છે. કોઈ એને ઘણી કહે છે, કોઈ એને માલિક, ઈશ, ઈશ્વર હજારહાથવાળો વગેરે ભિન્ન ભિન્ન નામોથી ઓળખાવે છે. વ્યવહારમાં બોલાય છે કે– ધાર્યુ ધણીનું થાય. માલિક કરેગા વહી હોગા, ઈશ્વરની ઈચ્છા,ઉપરવાળાની મરજી મુજબ થશે. ઉપરવાળો હજાર હાથવાળો છે એ જે ધારે તે કરી શકે. એની ઈચ્છા વિના ઝાડનું પાંદડુ પણ નથી હલતું. એ ધારે તો રાજા ને રંક કરે અને એ ધારે તો રંક ને પણ ક્ષણમાં રાજા બનાવી દે. આ પ્રમાણે જગતમાં સર્વત્ર વ્યવહારમાં આવી ભાષા બોલાય છે. અને એવી ભાષા પાછળ એવી માન્યતા પણ રખાય છે.

આને મંગળ નડે છે. આ મંગળવાળી કન્યા છે. આને શનિ નડે છે, આને તો પનોતિ બેઠી છે. અને આને તો ગુરુ હમણાં ઉચ્ચનો છે. એટલે એનો ઘોડો હમણાં તેજીમાં છે એના તો ઘણા સારા દિવસો છે. ભાઈ તારે તો હમણાં શનિના જાપ કરવા પડશે.

તારે મંગળના જાપ કરવા પડશે. તારે રાહુની શાંતિ કરાવવી પડશે...આ પ્રમાણે જ્યોતિષીઓ આપણા સુખ-દુઃખની નાડ હાથમાં જાણે લઈને ન બેઠા હોય! તે પ્રમાણે લોકોને ઉપદેશ આપતા હોય છે. એટલે જેના કારણે જે દુઃખી છે તે બિચારો તે દુઃખને દૂર કરવા માટે તેની ઉપાસના- જાપ આદિ કરે છે. પરન્તુ ઘણું કરી છૂટ્યા પછી પણ દુઃખીનો દુઃખી.

એટલે પ્રશ્ન એ થાય છે કે દુઃખમાંથી છૂટવાની ઈચ્છા સાચી હોવા છતાં શું એની મહેનત સાચી છે ? અને જો મહેનત સાચી છે તો શું એની માન્યતા સાચી છે કે ખોટી? જેને એ જીવે સુખ-દુઃખનો દાતા-કર્તા માન્યો છે તે માન્યતા સાચી છે કે ખોટી ? આ બધા પ્રશ્નોથી આપણું અંતર મુંઝાય છે. કયાંય સાચો માર્ગ મળતો નથી. કઈ રીતે દુઃખમાંથી છૂટવું ? અને દુઃખ શું છે ? સુખ-દુઃખ જીવનમાં શા માટે આવે છે ? કયાંથી આવે છે ? કોણ મોકલે છે. કેમ આવે છે ? એક મહાદુઃખી અને બીજો મહાસુખી. એક બિચારો રોગથી રીબાય છે? તો બીજાને નખમાંય રોગ નથી. એકને પીડા અસહ્ય છે તો બીજાને લીલા લહેર છે. એકના ઘરમાં ખાવાનું ઘણું છે તો બીજાને ત્રણ દિવસથી ભીખ માંગવા છતાં પણ મળતું નથી. કોઈને પુત્ર છે તો પણ દુઃખ છે અને કોઈને પુત્ર નથી તેનું દુઃખ છે. કોઈને પૈસો અઢળક છે છતાં દુઃખી છે અને કોઈને પૈસો નથી એનું દુઃખ છે. કોઈ પરણ્યો છે છતાં દુઃખી છે. અને કોઈ નથી પરણ્યો તેનું દુઃખ છે. કોઈના ઘરમાં અઢળક ધન-સંપત્તિ અને વૈભવ છે. છતાં મહાદુઃખી છે. અને કોઈને ઉપર આભને નીચે ધરતી છે.:. આવી આ જગતની વિચિત્ર અને વિષમ લીલાની પાછળ કોણ કારણભૂત હશે ? આ બધી કોની માયા હશે ? આ કોના હાથની વાત છે ? શું ઈશ્વરની આ બધી માયા હશે ? શું કુદરત કરતી હશે ? શું આ બધું જ્યોતિષના આધારે બનતું હશે ? અર્થાત્ શું ગ્રહ-નક્ષત્ર કે સૂર્ય કરે છે ?

જગત્કૃત્વવાદ : ઈશ્વરને કર્તા હર્તા માનવામાં દોષો....

દૃષ્ટિગોચર થતું આ ચરાચર જગત શું ઈશ્વરે બનાવ્યું છે ? શું આ દેખાતા નદી-નાળા-તળાવને સમુદ્ર, ડુંગરાઓ અને ટેકરાઓ, આ ધરતી અને આકાશ, આ પાણી અને હવા, આ ઝાડ વનસ્પતિ વન અને બગીચાઓ આ સર્વ શું ઈશ્વરે બનાવ્યા છે ? જગતમાં મોટા ભાગના ધર્મો ઈશ્વરને જગતનો કર્તા માને છે. અને જે જગતનો કર્તા છે તે જ આ જગતનો પ્રલય કરનાર છે. તે જ આ વિશ્વનો પાલનહાર છે એવી જગતકર્તૃત્વવાદીઓની માન્યતા છે. આ સૃષ્ટિની રચના ઈશ્વરે કરી છે. તેનો નિયન્તા, ધાતા, વિધાતા, તે જ છે. પ્રલય કરનાર સંહારક પણ ઈશ્વર જ છે. એટલે ઈશ્વરના પણ ભિન્ન ભિન્ન રૂપ-સ્વરૂપ માનવામાં આવ્યા છે.

જગત કરતા પણ અનેક અજાયબીઓથી ભરેલું આ માનવીનું શરીર એક અદ્‌ભૂત આશ્ચર્ય છે. એમ કહો તો પણ ચાલે કે સંસારની બધી અજાયબીઓ આ એક શરીરમાં

ભરી છે. આજનું વિજ્ઞાન પણ એમ કબુલ કરે છે કે માનવ શરીરનું એક એક અંગ પછી તે મગજ હોય કે હૃદય હોય બધાય આશ્ચર્ય જનક છે. સેંકડો આશ્ચર્યોનું એક આશ્ચર્ય છે. હજારો અજાયબીઓની એક અજાયબી છે. હજારો કોમ્પ્યુટરો ભેગા કરવામાં આવે તો પણ માનવ શરીરના એક મગજની તોલે નથી આવી શકતા.એવું આજના વૈજ્ઞાનિકોનું માનવું છે. અર્થાત્ માનવ શરીરની રચના એ આપણી બુદ્ધિની પરની વાત છે. કોઈ કોમ્પ્યુટર માનવ મસ્તિષ્કની તોલે આવી ન શકે.

આવું અનેક અજાયબીઓથી ભરેલું આ શરીર પણ અનેક ખામીઓ અને ખુબીઓથી ભરેલું છે. કેટલાકના શરીરમાં જન્મજાત ખામીઓ પણ હોય છે. કોઈ જન્મથી આંધળા-પાંગળા, લુલા, લંગડા,અપંગ, હીનાંગ, અધિકાંગ, વિકલાંગ પણ હોય છે. કોઈ જન્મથી મૂંગો, બહેરો, બોબડો પણ હોય છે. કોઈને જન્મથી એક હાથ કે પગ, કે આંગળાઓ, કે હોઠ, કે તાળવું ઈત્યાદિ અનેક અંગોપાંગોની ખામીઓ પણ હોય છે. અને કોઈને જન્મથી મગજશક્તિ ઓછી મળી છે. તો કોઈને મગજ શક્તિ બધાને આશ્ચર્ય પમાડે તેવી મળી છે. કોઈને રૂપ-રંગ-સૌંદર્ય લાવણ્ય એવું અદ્‌ભૂત મળ્યું હોય છે કે ઘણાં ભમરાની જેમ આકર્ષાય છે. અને કોઈને કદરૂપ, ઉંટના અઢારે અંગ વાંકા જેવું ખુંધવાળુ શરીર, કોઈ અતિશય લાંબો, કોઈ અતિશય પાતળો, કોઈ ખુબ જાડો કોઈ ખૂબ ટૂંકો, સાવ વામન રૂપ...ઈત્યાદિ ભિન્ન ભિન્ન શરીર હોય છે.

વળી આવા શરીરોની રચનામાં પણ ઘણું સારૂં રૂપ-સૌંદર્ય હોવા છતાં પણ જન્મથી બિમાર, રોગી, ગાંડો, લૂલો-લંગડો વગેરે હોય છે તો આ બધી કોની માયા છે ? કોઈ ઘણું લાંબુ જીવે છે તો કોઈ બાલ્યાવસ્થામાં જ મરી જાય છે કોઈ જુવાનીમાં મૃત્યુ પામે છે. તો કોઈ લગ્ન પછી પણ મૃત્યુ પામે છે. આ બધી વિચિત્રતાઓનો પ્રત્યુત્તર શું માત્ર એક ઈશ્વર, કે કુદરત શબ્દ વાપરવાથી ચાલી જશે ? શું આ બધું ઈશ્વર જો કરતો હોય તો આવો ભેદભાવ શા માટે કરે છે ?

ઈશ્વર તો દયાળુ-માયાળુ છે, પૂર્ણ તત્ત્વ છે. સંપુર્ણ તત્ત્વ છે. મહાજ્ઞાની છે, સર્વજ્ઞાની છે. અને એ જો સૃષ્ટિની કે શરીરની રચના કરવા બેસે તો શું એની કૃતિ (રચના)માં અંશમાત્ર પણ ખામી હોઈ શકે ખરી ? અનન્ત શક્તિવાળાની રચના કે કૃતિમાં આપણા જેવો સામાન્ય અલ્પ બુદ્ધિવાળો ભૂલ કાઢી શકે ખરો ? અને કદાચ માનો કે માનવી ઈશ્વરની રચનામાં ભૂલ શોધવા પણ બેસે તો નિકળે ખરી? અને જો ભૂલ નિકળે તો ઈશ્વર શું પરિપૂર્ણ સંપૂર્ણ અને અનન્ત શક્તિશાળી ઠરશે ખરો ? તો તો ઈશ્વરમાં પણ સેંકડો દોષો દેખાશે.

શું માતાના ગર્ભમાં બેસીને ઈશ્વર સતત શરીરોની રચના જ કરતો રહે છે ? તો તો કેટલા શરીરો બનાવે ? વર્તમાન જગતમાં દર ૧ મિનિટે ૧૦૦ બાળકો જન્મે છે. તો ઈશ્વર કેટલે ઠેકાણે પહોંચે ? અને પછી તમે કહો કે ઈશ્વરને બહું ઝડપ-ઉતાવળ કરવી

પડે છે. એક એકનું શરીર બનાવવા પાછળ જો સાડા નવ-નવ મહિનાનો સમય આપે તો પછી બીજાનો ત્રીજાનો...અને એમ કરતા કરતા ૧ મિનિટમાં ૧૦૦ નો વારો ક્યાંથી આવે ? અને એનો ઉત્તર તમે એમ આપો કે ઈશ્વર તો બહુરૂપી છે. એ તો બધે જ પહોંચી શકે. તો ઈશ્વર કેટલા રૂપ કરે ? એક માખી એક સાથે ૪૦ ઈંડા મૂકે છે. એક સાપ ૧૦૦ ઈંડા પણ મૂકી શકે છે. એક માછલી કેટલા ઈંડાં મૂકે ? શું એ જીવ સૃષ્ટિ નથી ? એમ શું તમે ના પાડશો? ના તો પાડી શકાય તેમ નથી. કારણ આહાર-નિદ્રા-ભય-મૈથુન આદિની સંજ્ઞા-તથા ક્રિયાઓની ઘણી સમાનતા બધામાં અરસપરસ મળે છે. તો મનુષ્યને જ જીવસૃષ્ટિ કહેવી અને બીજા જીવોમાં જીવ નથી એમ કહેવું તે કેટલું તર્ક-યુક્તિ ગમ્ય છે ?

અને જો બહુરૂપ કરીને ઈશ્વર જો બધે પહોંચી શકતો હોય તો તો પછી ઉતાવળ કે ભૂલની વાત જ કયાં રહે ? અને જો ઈશ્વરની ભૂલ નથી તો પછી જગતમાં ઘણાં જીવોને આંખ નથી, કાન નથી, મૂંગા-બહેરા છે, વિકલાંગ છે. વગેરે જે ખોડ-ખાંપણ દેખાય છે તેનો ઉકેલ શું ? તે શા કારણે છે ?

શું તમે એમ કહેશો કે જે ગ્રહ-નક્ષત્રમાં જન્મ્યો છે. તે ગ્રહ-નક્ષત્રની અસર છે અને તેના કરણે આ ખોડ-ખાપણ રહી ગઈ છે. તો શું આ પક્ષ કે મત પણ યોગ્ય છે ? એક જ નક્ષત્રમાં સેંકડો બાળકો જન્મે છે. એક જ રાશિવાળા પણ સેંકડો માણસો છે. અને એક સરખી જન્મકુંડળી વાળા બે સરખા માણસો પણ સમાન સુખી કે સમાન સત્તાધીશ નથી પણ દેખાતા. મૂળ નક્ષત્રમાં જન્મેલા બધાજ કંઈ મરી નથી જતાં અથવા તો બધાનાં મા-બાપ પણ મરી નથી જતાં, પરંતુ એ મૂળ નક્ષત્રમાં જન્મેલો એક મરે છે. તો કોઈના માતા-પિતા મરતા હશે. અને કેટલાક તો જગતમાં મહાન પણ થઈ જાય છે. તો શું મૂળ નક્ષત્રનો વાંક છે કે ? લાભ છે ? કે કારણ છે ? જન્મકુંડળીમાં ઘણી વખત ઘણાં સારા ઉંચા ગ્રહો પણ પડયા હોય છે જયારે વ્યવહારમાં વ્યકિત ઉચ્ચ સ્થાને ન પણ દેખાતી હોય. એક હોંશિયાર ગણિતશાસ્ત્રી ગણિત સારામાં સારૂં જાણે છે. વિદ્વાન તરીકે પંકાય છે.

છાપાઓમાં ફોટા સાથે પ્રસિદ્ધિ સારી મેળવી છે. પરન્તુ વ્યવહારમાં ગાંડામાં ગણાય છે. ખીસામાં ચા પીવા જેટલા પણ પૈસા નથી. આ પરિસ્થિતિ શું ઈશ્વરને આધીન સોંપીશું ?

એક કદરૂપ–બેડોળ કન્યાનો કોર્ટમાં કેસ....

એક યુવતિએ કોર્ટમાં પોતાના મા બાપ ઉપર કેસ કર્યો. કેસનો મુદ્દો એવો હતો કે મારા માં-બાપે મને સાવ આવું કુરૂપ, અને બેડોળ શરીર શા માટે આપ્યું ? આજે મારી જિન્દગીનું શું ? હવે પરણવાની તો વાત કયાં રહી પરન્તુ કોઈ મારી સામું પણ જોતા નથી એનું શું ? સાવ કુરૂપ અને પાછું બેડોળ શરીર, જજ સાહેબ ! આ શું મારા માતા-પિતાનો અપરાધ ન કહેવાય ? એકની તો જિંદગી બગડીને ?

આ સાંભળીને જજ પણ વિચારમાં પડયા. કાયદા કાનૂનની ભાષામાં આ અપરાધ કોનો કહેવાય ? કાયદાના ચોપડા ઉથલાવવા માંડયા પણ કંઈ મળે જ નહીં. છેવટે આરોપી તરીકે મા-બાપને બોલાવ્યા. મા-બાપ કોર્ટમાં હાજર થયા. જજે પ્રશ્ન કર્યો-શું આ છોકરીએ તમારા ઉપર કેસ કર્યો છે તે સાચો છે ? શું ખરેખર તમે અપરાધી છો ? એક કન્યાની જાતને તમે આવું કદરૂપ અને બેડોળ શરીર શા માટે આપ્યું ? બિચારીનું આવું શરીર શા માટે ઘડયું ? હવે એની જિન્દગીનુ શું ?

મા-બાપઃ- જજ સાહેબ ! આપણાં ધર્મશાસ્ત્રોમાં તો કહ્યું છે કે આ બધી ઈશ્વરની લીલા છે. એ ઉપરવાળો જ બધાનો ઘડવૈયો છે. સૃષ્ટિનો નિર્માતા એ જ છે. એ જ બધુ બનાવે છે. તો પછી અમે ગુનેગાર કેવી રીતે ? સાહેબ, તમારે જે કાયદો ચલાવવો હોય કે સજા કરવી હોય તે તમે ઉપરવાળાને કરો.

આ સાંભળીને તો જજ પણ વિમાસણમાં મૂકાયા હવે શું કરવું ? ઉપરવાળાને કોર્ટમાં હાજર ક્યાંથી કરવો ? અને એને સજા શી રીતે કરવી ? જજ સાચો ઉકેલ શોધવામાં નિષ્ફળ ગયા. અને એ યુવતિને કહ્યું કે બહેન હવે તું કેસ ઉપરવાળા સામે કર. યુવતિએ કહ્યું સાહેબ ! મારો કેસ તો સાચો જ છે. ભલે પછી એ જેની સામે હોય તેની સામે. હવે તમારી ફરજ છે કે તમે એના ઉપર સમન્સ કાઢીને પણ એને હાજર કરો. જેથી કારણ પૂછવાની મારી ઈચ્છા છે.

જજ સાહેબે કહ્યું :- બહેન ઉપરવાળો કંઈ કોર્ટમાં હાજર થાય નહીં ને તારું કારણ પકડાય નહીં. એના કરતા આ વિચારણા તું છોડી દે.

યુવતિ :– શું જજ સાહેબ ! તમે પણ સાવ નમાયલુ બોલો છો. મારે આખી જિન્દગી જીવવી છે અને તમે કહો છો કે તું આ વિચારજ મૂકી દે. શી રીતે મૂકાય ? કાં તો તમે મને પરણાવી દો.. તો પણ આ વિચાર મનમાંથી જતો રહે.

સમસ્યાનો ઉકેલ....

જો આ બધી સમસ્યાઓનો ઉકેલ લાવવો હોય તો ઈશ્વર, કુદરત, માલિક અથવા ઉપરવાળા કોઈને પણ તમારા સુખ-દુઃખના કર્તા માનવા કરતા તમે પોતે તમારા ભૂતકાળમાં કરેલા સારા-નરસા કર્મને જ કારણ માની લો તો બધી જ સમસ્યાઓ અને વિટંબણાઓનો ઉકેલ આવી જાય. પછી ઈશ્વરના માથે પણ દોષ કે આરોપ મૂકવાનો પ્રશ્ન જ ન રહે. પરંતુ પેલા જજ સાહેબ પણ આ કર્મનો સિદ્ધાન્ત જાણતા ન હતા. એ પણ આ બધી ઉપરવાળાની લીલાને જ માનનારા હતા. એટલે આગળ વિશેષ બુદ્ધિ ન ચાલી. પણ કર્મશાસ્ત્રની માન્યતામાં બધા જ ઉકેલ છે.

ભર જુવાનીમાં એકના એક પુત્રના મૃત્યુ બાદ માતા-પિતાના મનમાં જો જીવના પોતાના કર્મ માની લીધા હોત તો ઈશ્વરના પ્રત્યે અશુભ ભાવ ન આવત. એ જ પ્રમાણે

પેલી કદરૂપી કન્યા પણ સ્વોપાર્જિત કર્મનો આ વિપાક (પરિણામ) છે એમ માનતી હોત તો બીજા ઉપર કેસ કરવાનો પ્રશ્ન જ ન ઉભો થાત. સારુ થાય તો માનવી અભિમાન લે છે કે આ બધું મેં કર્યું છે. અને ખરાબ થાય તો ઉપરવાળાની મરજી ! દા.ત. પરીક્ષામાં પાસ થયા તો-વિદ્યાર્થી કહે છે. મેં કેટલી મહેનત કરી છે ? કેટલા ઉજાગરા કર્યા છે ? ત્યારે માંડ પાસ થયો છું. અને બીજો નાપાસ થશે તો કહેશે ઉપરવાળાની મરજી નહોતી.

વ્યાપાર-ધંધો સારો ચાલતો હોય. અને કમાણી સારી થતી હોય ત્યારે બોલાય છે. હમણાં તો કેટલી મહેનત કરીએ છીએ ? લોહીનો પરસેવો નિતારીએ છીએ...અને નુકશાન થાય તો...ઉપરવાળાની મરજી. લોટરી લાગી જાય તો ભગવાનની દુઆ છે.

જુગારમાં જીતી જાય તો–હમણાં ઈશ્વરની મહેરબાની સારી છે. અને ગાંઠનાય પૈસા જતા રહે અથવા લોટરી ન લાગતી હોય તો હમણાં ઉપરવાળો નારાજ છે. એની મહેર નથી, રહેમ નથી દયા નથી...આ બધું શું યોગ્ય બોલાય છે ?

એક ચોર ચોરી કરવામાં સફળ થાય તો શું એમ માનવું કે ઉપરવાળાની દયા સારી છે. અને જો પકડાઈ જાય તો શું સમજવું ? ના...ના હમણાં ઈશ્વરની દયા સારી નથી. એમ આ રીતની માન્યતાઓથી આપણે જેને ભજીએ છીએ. જેને પૂજીએ છીએ એનું સ્વરૂપ વિકૃત કરવા જેવી આ વાત છે. અરે...રે...ઈશ્વરનું સ્વરૂપ આટલું વિકૃત કરવું અને પછી તેને ભજવો, કે માનવો, પૂજવો કે સ્મરણ કરવું ?

એક કાપડની માર્કેટ છે. ત્રણસો દુકાનો છે. બધી દુકાનોમાં એક જ મીલનું કાપડ જતુ હોય. બધી એક જ દિવસે સાથે ઉઘડે અને બધી એક જ સાથે એક દિવસે બંધ પણ રહે. અને બધી જ દુકાનોમાં એક જ ભાવે કાપડ વહેંચાતુ હોય છતાં પણ સરવાળે ખબર પડે છે કે એકને નુકશાન જાય છે. અને બીજો ઘણું કમાય છે. એક લાખો કમાઈને કરોડપતિ બને છે, અને બીજો ગુમાવીને બીચારો રોડપતિ બને છે. શું આ ઈશ્વરની લીલા માનીશુ?

તો પછી ઈશ્વરનું સ્વરૂપ શું નક્કી કરવું ? ઈશ્વરને કેવા સ્વરૂપે જોવો કે ભજવો? એ પ્રશ્ન થશે. આવો જો ઈશ્વર છે, અને આવી જો એની લીલા કે ઈચ્છા છે ? તો પછી એ ઈચ્છા શું વસ્તુ છે ? પ્રશ્ન એવો થશે કે – ઈશ્વર ઈચ્છાને આધીન છે કે ઈચ્છા ઈશ્વરને આધીન છે ? પણ પ્રથમ તો ઈચ્છાનો જ નિર્ણય નહીં થાય ત્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ આવે જ કયાંથી ?

ઈચ્છા તો – રાગાત્મક કે દ્વેષાત્મક બે રૂપે જ હોય છે. કાં તો ઈચ્છામાં રાગનું પ્રમાણ હોય છે. કાં દ્વેષનું પ્રમાણ હોય છે. અને અનુગ્રહ-નિગ્રહ કરનાર ઈશ્વરમાં જો આ ઈચ્છા માનીશું તો ઈશ્વર રાગ-દ્વેષ વાળો ઠરશે. અને ન માનીએ તો પછી ઈશ્વર કયા પ્રયોજને આ બધું કરે ? શું વિના પ્રયોજને લીલા ખાતર કરે છે ? તો પછી લીલા શા માટે કરે છે ? શું એ પણ પ્રયોજન વિના કરે છે ? અથવા તમે એમ કહેશો કે ના ના લીલા

કરવીએ તો ઈશ્વરનો સ્વભાવ છે. એ સ્વભાવથી કરે છે તો પછી સ્વભાવ શું વસ્તુ છે? સ્વભાવ તો આપણે ઘણાંનો જાણીએ છીએ. કોઈનો સારો, કોઈનો ખરાબ, કોઈનો વિચિત્ર સ્વભાવ કોઈનો ક્રોધી, માની, માયાવી, લોભી...વગેરેનો વ્યવહાર સંસારમાં સ્વભાવ તરીકે થાય છે. જો ઈશ્વરને આવા કોઈ સ્વભાવવાળો નક્કી કરીશું તો ઈશ્વર પણ આપણા જેવા રાગી-દ્વેષી નક્કી થઈ જશે. અને જો રાગી-દ્વેષીને ઈશ્વર કહેવાતા હોય તો શા માટે ઉપરવાળાને જ ઈશ્વર કહેવો ? તો આપણે શા માટે ઈશ્વર ન કહેવાઈ એ?

કદાચ તમે કહેશો આપણે બધા જ ઈશ્વર જ છીએ ? તો તો કેટલા ઈશ્વર થયા? અનન્તા ?

તો શું આ પૃથ્વી-સમુદ્ર-આકાશ, નદી, ડુંગર બધું આપણે કર્યુ છે? શું આ બધી આપણી લીલા છે ? અરે એ કાળમાં એ યુગમાં ભગવાને લીલા કરી તો ચાલી. લોકોએ એને પણ લીલા કહીને વધાવી લીધી. અને જો એ જ લીલા આજે આપણે કરીએ તો...ચાલે...? શું એ લીલા કરીએ તો લોકો આપણને ભગવાન માનશે ? કે પછી જેલમાં નાંખીને ધીબી નાંખશે,રોજ વાંચીએ છીએ-જોઈએ છીએ. કે લીલા કરવા ગયાને ગાલ લાલ થઈ ગયા.

તો આવી લીલા કરનાર, આવી ઈચ્છા કરનાર અને આવી સૃષ્ટિ રચનાર ઈશ્વરને સશરીર માનવા કે અશરીર માનવા ? જો અશરીર કહેશો તો આટલી વિશાળ સૃષ્ટિ શરીર વિના તો રચી જ કેવી રીતે શકે ? અને જો સશરીર માનીએ તો એ શરીર કેવું માનવું? શું આપણા જેવું ? તો પછી આપણાં જેવું આ શરીર બન્યું કયાં ? તો ઈશ્વરે પહેલા શરીર બનાવ્યું ? કે પહેલા પોતે બન્યા ? તો શું એ શરીરની ઉત્પત્તિ માટે માતા-પિતાની પણ જરૂર તો પડી હશે કે નહીં ? તો શું ઈશ્વરે પહેલા-માતા-પિતાને બનાવ્યા કે માતા-પિતાએ ઈશ્વરને જન્મ આપ્યો ? અને જો આપણા જેવું શરીર માનીએ તો તે દૃષ્ટ કે અદૃષ્ટ? જો દૃષ્ટ હોય તો કયાંક કોઈને તો દેખાય ને ? અને એને પણ આહારાદિની જરૂર પડે કે નહીં? તો આહાર માટે આજીવિકા...વગેરે સેંકડો પ્રશ્નો ઉભા થશે.

—અને જો સશરીર ઈશ્વરે આ સૃષ્ટિ રચી છે એમ જો કહેશું તો પ્રશ્ન એ થશે કે આખી સૃષ્ટિ ક્રમશઃ એક પછી એક એમ રચી કે... પછી એક સાથે જ કોઈ જાદુ-ચમત્કાર કર્યો અને સૃષ્ટિ બની ગઈ ? તો તો પછી ઈશ્વરને જાદુગર કહેવો ? એ પ્રશ્ન થશે...આ પ્રમાણે સેંકડો પ્રશ્નોની ઝડી વરસતી જ જશે. અને તેનો કોઈ સ્થિર ઉકેલ આવી જ નહીં શકે. આમાં તો ઈશ્વરની વિટંબણા કેવી થશે ?

ઈશ્વરને જ જો સારા-નરસા કર્મોનો ફળનો દાતા માનીએ એ જ માનવીના શુભાશુભ કર્મોના ફળનો દાતા છે. એમ જો કહીએ તો કર્તાપણું ઈશ્વરમાં નહીં રહે ? કર્મ કરવા એ જીવોની ઈચ્છા. અને ફળ આપવું એ ઈશ્વરની ઈચ્છા. તો તો ઈશ્વરની ઈચ્છા કે લીલાને કોઈ સંબંધ નહીં રહે. અને કર્મ અને ફળની વચ્ચે કોઈ સુમેળ નહીં રહે. ઈશ્વર

એની ઈચ્છાથી ફળ આપે છે ? કે પછી તમારા કર્માનુસાર ફળ આપે છે ? જો એમ કહો કે - ઈશ્વર તમારા કર્માનુસાર ફળ આપે છે તો જ ફળ-અને કર્મની સુસંગતતા જળવાય. એમ જો માનીએ તો તો કર્મો પોતાની મેળે જ ફળ આપતા હોય છે, એવો દૃષ્ટ -પ્રત્યક્ષ વ્યવહાર દેખાય છે. જો કર્યા કર્મ પ્રમાણે ફળ મળી જતા હોય તો ઈશ્વરની આવશ્યકતા જ નહીં રહે. અને જો ઈશ્વર સ્વઈચ્છાનુસાર ફળ આપતો હોય તો તો પછી કર્મમાં સારા ખરાબપણાનો વિવેક જ માનવ નહીં રાખે. શા માટે સારા કર્મ કરવા ? શું કરવા ઉપવાસ, તપ, દાન, પુણ્ય કરવું ? કારણ કે આમે ફળ તો ઈશ્વર એની ઈચ્છા મુજબ જ આપવાનો છે તો પછી અહીંયા જ ખરાબ પાપ કર્મ કરીને મોજ મજા ન કરીએ ? મસ્ત ભોગો ન ભોગવીએ ? ખરાબ કર્મ કરનારને પણ જો ઈશ્વરની ઈચ્છાનુસાર જો સારા ફળ પણ મળી જતા હોય, કારણ કે ઈશ્વર આપણા કર્મને તો જોવાનો જ નથી. એ તો એની ઈચ્છા મુજબ જ ફળ આપે છે તો પછી સારા-ખરાબ કર્મનો હેય-ઉપાદેયનો વિવેક રહેશે જ નહીં. વિદ્યાર્થી કહેશે શા માટે મહેનત કરવી ? શું કરવા ઉજાગરા કરીને ભણવું ? કારણ ફળ આપવુ તો ઉપરવાળાની ઈચ્છાને આધીન છે. તો પછી પહેલા તો ફરી એ નિર્ણય કરો કે ઉપરવાળો ઈશ્વર ઈચ્છાને આધીન છે ? કે ઈચ્છા ઈશ્વરને આધીન છે ? ઈશ્વર જો ઈચ્છાને આધીન હોય તો તો ઈશ્વર કરતા પણ ઈચ્છા એ મોટી-મહાન પ્રબળ શક્તિ થઈ ગઈ. ઈશ્વર ઈચ્છાનો ગુલામ, પરાધીન પરતન્ત્ર થઈ ગયો. અને ઈચ્છાને ઈશ્વરાધીન માનીએ તો ઉપર કહ્યા મુજબના બધા દોષો ફરી ઉપસ્થિત થશે. અને જો ઈશ્વરની ઈચ્છા કે લીલા ન માનીએ અને જીવોના કર્મ પ્રમાણે જ ફળ મળે છે.' જેના જેવા કર્મ તેને તેવા ફળ' આ નિયમ પ્રમાણે ચાલીએ તો ઈશ્વરનું કર્તાપણું કે, લીલાપણું, કે ઈચ્છાપણું, કે ફળદાતાપણું પણ નિરર્થક નીવડશે. તેની કોઈ આવશ્યકતા નહીં રહે. એટલે તેથી ભિન્ન ઈશ્વરનું કોઈ શુદ્ધ-શાન્ત-સ્થિર સ્વરૂપ માનવું પડશે.

તો બરોબર છે. ઈશ્વરનું શુદ્ધ, શાન્ત, સ્થિર, સિદ્ધ-બુદ્ધ-મુક્ત, વીતરાગી-વીતદ્વેષી, સર્વજ્ઞ, સર્વદર્શી, શુદ્ધાત્મ સ્વરૂપ, પૂર્ણાત્મસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ અરિહંત સ્વરૂપ તો જૈનો માને જ છે. એ જ વાસ્તવિક સત્ય સ્વરૂપે જૈનો ઈશ્વર ને માને છે, ભજે છે, આરાધે છે,ઉપાસના કરે છે. કર્મનો કર્તા અને તેના ફળોનો ભોક્તા જીવ ને જ માને છે. જીવ પોતે જ પોતાના કર્મોનો કર્તા છે, અને કરેલા કર્મોના ફળોનો ભોક્તા પણ પોતેજ છે. પૂજય હરિભદ્રસૂરીજી મહારાજે શાસ્ત્રવાર્તા સમુચ્ચય, ષડ્દર્શન સમુચ્ચય જેવા ગ્રન્થોમાં સ્પષ્ટ જ જણાવ્યું છે કે–

यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।
संसर्ता परिनिर्वाता सह्यात्मा नान्यलक्षणः ।।

–અર્થાત્ જે કર્મ નો કર્તા છે, તેજ કર્મના ફળનો ભોક્તા છે, અને કર્યા કર્મના કારણે ૮૪ લાખ જીવયોનિઓના ચક્રમાં પરિભ્રમણ કરનાર છે, તેમજ દર્શન-જ્ઞાન-

ચારિત્રાદિ ધર્મ તથા પરમાત્મ ભક્તિ આદિ વડે કર્મનો ક્ષય કરનાર પણ જે પોતે જ છે તે સંસારી જીવ છે. આત્મા છે. માટે આ સિદ્ધાન્ત નાણે કર્મનું કર્તાપણું અને ફળનું ભોક્તાપણું બન્ને જીવને આધીન સિદ્ધ થયું. ઈશ્વર, કે ઈશ્વર ઈચ્છા, અને લીલાની અથવા ફળ-દાતા ઈશ્વર આદિની કયાંય જરૂર ન પડતી. જીવ પોતે જ સિદ્ધ થશે. ઈશ્વર નહીં.કદાચ અહીં એવો પ્રશ્ન થશે કે જો ઈશ્વર જૈનો નથી માનતા તો પછી પૂજા-ભક્તિ ઉપાસના આદિ વ્યર્થ જશે ?

તમારો પ્રશ્ન બરોબર છે પરન્તુ એટલું સ્પષ્ટ સમજવા જેવું છે કે જૈનો ઈશ્વરને નથી માનતા એમ નથી. જૈનો ઈશ્વરને જરૂર માને જ છે. ઈશ્વરની સત્તાનો નિષેધ નથી કર્યો. પણ ઈશ્વર જ જગતનો કર્તા છે, અને કર્મના ફળનો દાતા છે. ઈત્યાદિ ઈશ્વર કર્તૃત્વવાદ, અને જગત્કર્તૃત્વવાદનો જૈનો નિષેધ કરે છે. ઈશ્વરને કર્તા, સૃષ્ટા, સંહર્તા આદિ રૂપે વિટંબણા કરીને માનવાનું કામ જૈનો નથી કરતા.

હવે એ પણ વિચારી લઈએ કે જૈનો કેવા ઈશ્વરને માને છે પૂજે છે ?

જે રાગ-દ્વેષ રહિત વીતરાગી, વીતદ્વેષી હોય તે ઈશ્વર. જે સર્વજ્ઞ-સર્વદર્શી હોય તે ઈશ્વર, જે સર્વ કર્મ રહિત હોય તે શુદ્ધાત્મા ઈશ્વર. જે અરિહંત સ્વરૂપે પરમાત્મા છે તે ઈશ્વર.

આ પ્રમાણે ઈશ્વરસ્વરૂપ નિર્ણય માટે તો ઘણાં ગ્રન્થોના ગ્રન્થો છે-શાસ્ત્રો છે. ટુંકમાં અરિહંત, વીતરાગી સર્વજ્ઞ-સર્વદર્શી, સિદ્ધ, બુદ્ધ, મુક્ત, સર્વકર્મરહિત તીર્થંકર એવા પરમાત્મ સ્વરૂપને ઈશ્વર-કે ભગવાન તરીકે માનવા માટે આટલા વિશેષણો પર્યાપ્ત છે. આ વિશેષણો જ ઈશ્વરના શુદ્ધાત્મ સ્વરૂપના નિર્ણય માટે છે. એટલે જૈનો વધુ શુદ્ધ અને સારા સ્વરૂપે ઈશ્વરને આરાધે છે, ઉપાસના કરે છે. ઈશ્વરના સ્વરૂપની વિટંબણા નથી કરતા. તેથી જૈનો નાસ્તિક તો ન જ ઠરી શકે પણ પરમાસ્તિક સિદ્ધ થશે.

આપણે એ પ્રશ્નનો પણ ઉત્તર વિચારી લઈએ કે - જો જીવ જ પોતાના કર્મનો કર્તા છે અને કરેલા કર્મના ફળનો ભોકતા છે તો પછી ઈશ્વરની ઉપાસના કે ભગવદ્ ભક્તિની આવશ્યકતા કયાં રહી ? ઈશ્વરને પૂજવા જપવા, આરાધવાથી શું લાભ ? જયારે ઈશ્વર કંઈ જ નથી કરતો, સારા નરસા ફળ પણ નથી આપતો, સુખી-દુઃખી પણ નથી કરતો તો પછી એવા ઈશ્વરની પૂજા-ભક્તિ જાપ-આરાધના-ઉપાસના બધુ-વ્યર્થ, નિરર્થક જશે?

ના...ના...ઈશ્વર-ભગવાન ભલે કર્મ ફળ ન આપે. ભલે સુખી-દુઃખી ન કરે...અમે જેનો એ કયાં ઈશ્વરને એવી પ્રાર્થના કરે છે કે હે ઈશ્વર ! હે માલિક ! સુખી કરજે, દુઃખ કાપજે, મારું દુઃખ ઓછું કરજે...વગેરે...ના...કયારેય નહીં... પ્રાર્થના કે આવી માંગણી કરવાની હોતી જ નથી. કારણ સમજીએ છીએ કે જો ઈશ્વરને કર્મ ફળનો

દાતા માનીશું તો તો નરકના મંત્રીઓ પરમાધામીઓ જે જીવોને કર્મનું ફળ આપે છે. અશુભ પાપ કર્મની સજા-છેદન-ભેદન-તાડન રૂપે કરે છે એવા પરમાધામીઓ જે છે તે પણ ઈશ્વર ઠરશે. તેમનામાં પણ ઈશ્વરની અતિવ્યાપ્તિ થશે. માટે આવી પરમાત્માની અતિવ્યાપ્તિ પરમાધામી (પરમઅધાર્મિક) માં પણ ન થાય તે માટે ઈશ્વરને કર્મનો કર્તા કે કારક અથવા કર્મના ફળનો દાતા પણ નથી માનતા.

હા, જરૂર આવા શુદ્ધ સચ્ચિદાનન્દ પૂર્ણ સિદ્ધ-બુદ્ધ -મુકત અરિહંત-વીતરાગી પરમાત્માની ભકિત -પૂજા -જાપ -ધ્યાનથી આપણી શુભ અને શુદ્ધ ભાવના નિર્માણ થાય. ભાવ અને ભાવનામાં એમના આદર્શથી ઉત્તમ શુદ્ધિ આવે જેથી આત્માના અશુભ કર્મોનો ક્ષય થાય- નાશ થાય આત્મા અશુભ કર્મોના બંધનમાંથી મુકત થાય. અને સદાના માટે મુકત થઈ જાય એ જ એક માત્ર ઈશ્વર અરિહંતની પૂજા-ભકિત-જાપ-આરાધના ઉપાસનાની પાછળ એક માત્ર લક્ષ છે. માટે જ ત્યાગ પ્રધાનતા રાખી છે–ભોગ પ્રધાનતા નથી. માટે જ ઈશ્વરને લીલા પ્રધાન-ભોગ પ્રધાન નથી કહ્યો. પણ ત્યાગ પ્રધાન વિરકત વિરાગી અને વીતરાગી માન્યા છે, અને તેમના જ માર્ગે ચાલવા માટે તેમને આલંબનરૂપે ધ્યાનના કેન્દ્રમાં રાખવાની સાધના કરવી એ તો સર્વોત્તમ શ્રેષ્ઠ સાધના-આરાધના-ઉપાસના છે. એમાં ઈશ્વરની વિટંબણા નથી. ઈશ્વર-ભગવાનનું શુદ્ધપણું સ્વરૂપ જળવાઈ રહે છે. અને જીવ પોતાની ભકિત-પૂજા-ઉપાસના પણ કરી શકે છે. તે કર્મ ક્ષય કારક હોવાથી સાર્થક છે. સહેતુક છે. લાભદાયિ છે. ફળદાયિ છે. શુદ્ધ-બુદ્ધ-સિદ્ધ-મુકત વીતરાગી-અરિહંતના આદર્શની ભકિત એના જ શુભ આલંબનની ભકિત આત્માને જેવું અને જેનું આલંબન એવા બનાવશે. કહ્યું છે કે–वीतरागं स्मरन् योगी वीतरागत्वमाप्नुते। અર્થાત્ વીતરાગનું સ્મરણ કરનાર યોગી પણ વીતરાગતા ને પામે છે. એ જ આપણું પરમ ધ્યેય છે. માટે એ જ આપણા પરમ ઉપાસ્ય છે. 'सव्वपावप्पणासणो' સાધકનુ લક્ષ જ સાચું લક્ષ છે. એ જ પ્રથમ સાધ્ય છે. અને એની જ સાધના ધર્મ છે. એ જ ધર્મ કર્મક્ષયકારક નીવડશે.

कर्तास्ति कश्चिद् जगतः स च एकः स सर्वगः स स्ववशः नित्यः।
इमा : कुहेवाक् विडंबना स्युस्तेषां न येषामनुशासकस्त्वम ॥

–હેમચન્દ્રાચાર્ય મહારાજા-અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા રૂપ સ્યાદ્વાદમંજરી મહાગ્રન્થમાં જણાવે છે કે કોઈ જગતનો કર્તા છે. તે એક જ છે. તે સર્વ વ્યાપી છે. તે સ્વવશ છે. અને પાછો નિત્ય છે. ઈત્યાદિ રૂપે જે ઈશ્વરની વિડંબના કરવામાં આવી છે તે હે નાથ ! તેમની જ છે. જે ઈશ્વરને જગતનો કર્તા, જીવોના સુખ દુઃખનો કર્તા માને છે તેમની છે તારી નથી. તું તો શુદ્ધ-બુદ્ધ-મુકત સિદ્ધ છે.

આટલી વિવેચનાથી એટલું તો જરૂર ફલિત થાય છે કે ઈશ્વર સૃષ્ટિનો કર્તા-હર્તા નથી. તેમ આપણા શરીરનો કર્તા પણ નથી. આપણા સુખ-દુઃખનો દાતા-કર્તા પણ તે

નથી. કર્મ કર્તૃત્વ અને ફલદાતૃત્વ પણ ઈશ્વરના હાથમાં નથી.

હવે આપણે એ પ્રશ્નનો ઉકેલ લાવીએ કે - જો ઈશ્વર આપણા સુ:ખ-દુ:ખનો કર્તા નથી તો પછી કોણ છે ? કોઈતો હશેજ ને ? કોઈ તો હોવો જ જોઈએ ને ? કારણ કે સંસારમાં ચરાચર સૃષ્ટિ તો છે જ. સંસારમાં સુખ-દુ:ખ પણ છે. સુખી-દુ:ખી પણ અનન્તાત્માઓ છે. અને જો તેમને બધાને સુખ-દુ:ખ આપનાર કોઈક તો હશેજ ને ? તો તે કોણ છે ? છે તો ખરો કે નહીં ? અને તે કોણ છે ? છે, તો ક્યાં છે ? છે, તેા કેવો છે ? છે તો શું છે ?... ઈત્યાદિ અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેના ઉત્તર રૂપે હવે વિચારીએ...

કર્મ શું છે ? –

આપણે પહેલા પણ વિચારી ગયા કે સમસ્ત બ્રહ્માણ્ડમાં મૂળભૂત દ્રવ્યો બે જ છે. એક ચેતન-આત્મા (જીવ) અને બીજો જડ. (અચેતન, અજીવ)



૩ + ૩ + ૩ + ૧ + ૪ = ૧૪

અજીવ દ્રવ્યના મુખ્ય પાંચ વિભાગ. (૧) ધર્માસ્તિકાય , (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશ, (૪) કાળ, અને (૫) પુદ્ગલ. વર્તમાન વિજ્ઞાને શોધેલા 111 Elements ની સમસ્ત ગણના જૈન વિજ્ઞાનના ફકત એક પુદ્ગલના જ વિભાગમાં સમાઇ જાય છે અને જૈન વિજ્ઞાન (Jain Science) જે પુદ્ગલના ભેદો બતાવે છે, જેટલા ભેદો બતાવે છે તે તો હજી વિજ્ઞાનને શોધતા કદાચ બીજા લાખોવર્ષો લાગશે. અને કોને ખબર બીજા લાખોં વર્ષો પછી પણ આ વિજ્ઞાન કે વૈજ્ઞાનિકો શોધી શકશે કે કેમ ? તે પ્રશ્નરૂપ કોયડો જ છે. અથવા તો પછી કોને ખબર કે વિજ્ઞાને વિકસાવેલી આ વિનાશક શસ્ત્રોની હારમાળા જ કયાંક વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો અને આ વિશ્વનો વિનાશ તો નહીં સર્જે ને? વિકાસ તો કેટલો નજરમાં આવતો હશે ? અને વિકાસ તો આમ જનતાના સર્વ સામાન્ય માનવ સુધી પહોંચી શકયો પણ છે કે કેમ? પણ વિનાશ તો એટલો ભયંકર સર્જાવાની

સંભાવના... યા શક્યતા દેખાય છે કે તે કદાચ સર્વસામાન્ય માનવજાતનો તો શું પણ પશુ-પક્ષી ... સમસ્ત જીવ સૃષ્ટિ જ નહીં કદાચ આ વિનાશક અણુશસ્ત્રો અજીવ સૃષ્ટિનો પણ સંપૂર્ણ વિનાશ કરી નાખશે. આ ધરતી ઉપર ઝાડનું પાંદડું પણ રહેશે કે કેમ? કાશ.. આ વાતું વિજ્ઞાન એ વિજ્ઞાન છે કે નર્યું અજ્ઞાન છે ? જો વિજ્ઞાનનો પણ ઉપયોગ કરતા ન આવડે તો તે વિજ્ઞાન કહેવાય કે અજ્ઞાન કહેવાય એનો ઉત્તર તો કહેવાતું વિજ્ઞાન અનુયાયિ એ જ શોધવો રહ્યો પરમાત્માએ અજ્ઞાન નાશ કરવા વિજ્ઞાન બતાવ્યું છે. નહીં કે સૃષ્ટિનો નાશ કરવા બસ ધર્મના વિજ્ઞાનમાં અને આધુનિક વિજ્ઞાનમાં આટલો જ તફાવત છે. ધર્મ એ જરૂર એક અદ્‌ભૂત વિજ્ઞાન છે, અને ધર્મમાં પણ અદ્‌ભૂત વિજ્ઞાન છે, પણ અફસોસ કે વિજ્ઞાન એ ધર્મ પણ નથી. અને વિજ્ઞાનમાં પણ ધર્મ નથી. માટે આપણે ધર્મ વિહોણા વિજ્ઞાનની જરૂર નથી ધર્મના વિજ્ઞાનની જરૂર જ જરૂર છે.

પુદ્‌ગલ પરમાણું અને વર્ગણા ....

વર્ણ - ગંધ - રસ- સ્પર્શાત્મક અજીવ દ્રવ્યને પુદ્‌ગલ કહીએ છીએ. તેના પણ ચાર પેટા ભેદ છે.



એક કોઈ પણ અખંડ દ્રવ્ય તે સ્કંધ કહેવાય. અને સ્કંધને જ આજનું વિજ્ઞાન Molecule કહે છે. સ્કંધનો પણ એક ભાગ તે દેશ કહેવાય. અર્થાત્ સ્કંધનો નાનામાં નાનો ભાગ. અને દેશનો પણ નાનામાં નાનો સૂક્ષ્મ ભાગ જે હજી દેશની સાથે જોડાયેલો છે તે પ્રદેશ કહેવાય. અને આ જે પ્રદેશ જ્યારે દેશથી છૂટો પડી જાય અને હવે સ્વયં એક સ્વતંત્ર ઈકાઈ બની જાય. આવી અવસ્થામાં જ્યારે તે અવિભાજય, અખંડ, અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અત્યન્ત સૂક્ષ્મતમ બની જાય છે એવો દેશથી ભિન્ન પ્રદેશ પરમાણું (Atom) કહેવાય છે.



વર્તમાન વિજ્ઞાને કલ્પેલો Atom જે પહેલા વૈજ્ઞાનિકોના મતે અવિભાજય મનાતો હતો તે આજે વિભાજય બની ગયો છે. Blast કરવામાં આવે છે. અણુવિસ્ફોટ જેને કહેવાય છે. મતલબ હજી વિજ્ઞાન એક સિદ્ધાન્તની ઘરી ઉપર સ્થિર નથી. વિજ્ઞાન આજે કહેશે અને કાલે બદલશે. કહેવત જ પડી ગઈ છે કે Science is ever Changeble. પરન્તુ એની સામે ધર્મ તત્ત્વ, ધર્મના વિજ્ઞાનના સિદ્ધાન્તો સનાતન છે. શાશ્વત છે. Religion is Never changeble. ધર્મ અપરિવર્તનશીલ છે. તેના સિદ્ધાન્તો કયારેય ફરતા નથી. The Religion in a Philosodhycal doctrine is a Supperior Science but The Modern Suience is inferior than the Religion. ધર્મ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોમાં એક સર્વોત્તમ વિજ્ઞાન છે. પરંતુ આધુનિક વિજ્ઞાન એ ધર્મ કરતાં પણ લઘુતમ છે.

અષ્ટ મહાવર્ગણાઃ– પરમાણુઓનો મોટો જથ્થો એ વર્ગણા કહેવાય છે. અર્થાત્ ઘણાં પરમાણુઓનો સમૂહ તે વર્ગણા. એવી વર્ગણા મુખ્યપણે આઠ છે. તેથી અષ્ટ મહાવર્ગણા કહેવાય છે. તે અત્યન્ત સૂક્ષ્મ છે. માટે જ પરમાણુના જ ભેદમાં ગણાય છે.

(૧) ઔદારિક વર્ગણા (૨) વૈક્રિય વર્ગણા (૩) આહારક વર્ગણા (૪) તૈજસ વર્ગણા (૫) શ્વાસોશ્વાસ વર્ગણા (૬) ભાષા વર્ગણા (૭) મનોવર્ગણા તથા (૮) કાર્મણ વર્ગણા એમ કુલ આઠ મુખ્ય વર્ગણા છે.

ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે આ આઠે પ્રકારની વર્ગણાઓ ચૌદે રાજલોકના અનંત બ્રહ્માંડમાં ડબ્બીમાં મેશની જેમ ઠાંસી ઠાંસીને ભરાયેલી છે. એક સોયની અણી પ્રવેશ કરી શકે એટલી જગ્યા પણ ખાલી નથી કે જયાં વર્ગણાઓ ન હોય. અર્થાત્ સર્વત્ર છે. આ આઠે મહાવર્ગણા ક્રમશઃ એક પછી એક એમ સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. જે વર્ગણાઓનો આપણા રોજિંદા જીવનમાં ઉપયોગ થાય છે, છતાં પણ આપણને ખ્યાલ નથી આવતો. આંખે પ્રત્યક્ષ દેખાતો નથી. કોઈ પણ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ નથી થતી. છતાં પણ છે. નથી એમ ના તો ન જ કહી શકીએ. કારણ, નથી દેખાતી એટલા માત્રથી ના પાડીએ એ કોઈ કારણ નથી.

પરમાણુ સ્વરૂપે સૂક્ષ્મ છે માટે દૃષ્ટિગ્રાહ્ય નથી, દૃષ્ટિગોચર નથી. પરન્તુ અસ્તિત્વ તો ધરાવે છે, જેને જીવો સતત ગ્રહણ કરે છે. ઉપયોગમાં લે છે. જેના વગર સંસારમાં જીવો એક ક્ષણ પણ નથી રહી શકતા એનો નિષેધ કેવી રીતે કરાય ? હા, અનુભવગમ્ય જરૂર છે. એનું કાર્ય તથા ઉપયોગ જોઈએ.

(૧) **ઔદારિક વર્ગણા :–** ઉત્પત્તિ સ્થાનમાં, માતાના ગર્ભમાં આવેલો જીવ ગર્ભમાં પોતાનું શરીર નિર્માણ કરવા જે પુદ્ગલ પરમાણુઓનો સંચય કરે છે તે ઔદારિક વર્ગણા છે. ઉદાર આહારાદિમાંથી ગ્રહણ કરેલા પુદ્ગલ પરમાણુઓનો જથ્થો તે ઔદારિક વર્ગણા કહેવાય. મનુષ્ય તથા તિર્યંચ પશુ-પક્ષીને જન્મ સ્થાનમાં અર્થાત્ ગર્ભમાં શરીર બનાવવા માટે જે ઉપયોગી બને છે તે ઔદારિક વર્ગણા. આનાથી જ શરીરની રચના થાય છે.

(૨) **વૈક્રિય વર્ગણા :–** એ જ પ્રમાણે દેવ-નારકીઓને પણ સ્વર્ગ-નરકમાં શરીર નિર્માણ કરવા માટે જે પુદ્ગલ પરમાણુઓની આવશ્યકતા પડે છે તે વૈક્રિય વર્ગણા છે. માટે જ દેવતાઓનું શરીર વૈક્રિય શરીર કહેવાય છે. તેથી જ આપણા કરતાં જુદું છે.

શરીર બનાવનાર કોણ ? ઈશ્વર નથી, જીવ પોતે જ છે. જીવ વિના શરીર કોણ બનાવી શકે ? જીવ જ્યાં સુધી માતાના ગર્ભમાં ન આવે ત્યાં સુધી શરીર રચના સંભવ જ નથી. માટે જૈન ધર્મ તો સ્પષ્ટ જ કહે છે કે, પ્રથમ ઉત્પત્તિ સ્થાનમાં માતાના ગર્ભમાં

જીવ (આત્મા) આવે છે અને પછી તે માતા-પિતાના રજ-વીર્ય પુદ્ગલોનો આહાર લે છે. અને પછી આ જ ઔદારિક વર્ગણાને ગ્રહણ કરીને શરીર રચના જીવ જ કરે છે. પણ અફસોસ કે આજનું કહેવાતું આધુનિક વિજ્ઞાન હજી એ વાતમાં પણ અધૂરું છે. એમાં પણ મતભેદો છે. કોઈ કહે છે કે, પાંચમા અઠવાડિયા પછી જીવ આવે છે. કોઈ કહે છે પાંચમા મહિના પછી જીવ આવે છે. અને હમણાં જ વિજ્ઞાન મતના વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું કે અભિમન્યુ માતાના ગર્ભમાં રહીને યુદ્ધની કળા શીખી શકયો. તે સંભવ છે. ગર્ભમાં પણ જીવ શીખી શકે છે. જ્ઞાન થઈ શકે છે, એ વાત આજે વિજ્ઞાનને સમજાણી છે. એમ કરતાં કરતાં હજી આવતાં હજારો-લાખો વર્ષોમાં આધુનિક વિજ્ઞાનને હજી લાખો વાતો - સિદ્ધાન્તો સમજવાના બાકી છે. તે સંભવ છે કે ધીમે ધીમે સમજાશે. ગર્ભમાં જીવની સત્તાનો કાળ હજી વિજ્ઞાનને નથી સમજાતો ત્યાં સુધી વિજ્ઞાન અચોક્કસ જ રહેવાનું છે. અધૂરું રહેવાનું છે. અધૂરો ઘડો છલકાય અને A little Knowledge is more dargerous –અધુરું જ્ઞાન ઘણું ખતરનાક હોય છે. આ કહેવત આજે વિજ્ઞાને પુરવાર કરી આપી અને ગર્ભમાં જીવની સત્તાના જ્ઞાનના અભાવે ગર્ભપાતની પ્રક્રિયા મોટા પાયા ઉપર જોરશોરથી ચાલુ કરી દીધી. ગર્ભપાતની અનેક રીતરસમો શોધી લીધી અને પરિણામે દર વર્ષે કરોડો ગર્ભગતજીવોનો સંહાર કરવામાં આવે છે, આજે સરકારે પણ ચારે બાજુ ગર્ભપાત કરાવવાનાં કતલખાનાં જ ખોલી નાખ્યા છે. અને આ રૂપાળા કતલખાનામાં કહેવાતા નિર્દય ડૉકટરોએ આજના સફેદ કસાઈનું રૂપ લઈ લીધું છે. ગર્ભમાં જીવતા બાળકની જીવાદોરી કાપીને તરફડતા જીવને મારતાં પણ જો ભ્રૂણ હત્યારાઓને કોઈ હિચકારો નથી લાગતો. એક નહીં એવી અનેક અવનવી પદ્ધતિઓથી ગર્ભના જીવને મારી નાંખવાની પદ્ધતિથી આજના ડૉકટરો કહેવાતા દુરાચારીઓ, વ્યભિચારીઓ, બળાત્કારીઓની પાપ લીલાને છાવરવાનું કામ કરે છે. લોકોને દુરાચારનો રસ્તો ખુલ્લો કરી આપે છે.

આજની કહેવાતી માતાઓ પણ પુત્ર-ખૂની અને હત્યારી બની ગઈ છે. હાય રે કલિકાળ ! તારી આ કારમી લીલા કે જેમાં માતા પોતાના પેટમાં જીવતા બાળકને મારીને યમ સદને પહોંચાડે તો માતાને ઈનામ મળે છે. અને એ જ પેટનું બાળક જન્મ્યા પછી મોટું થાય છે ત્યારે તે જ બાળકને મારનારી માતાને ખૂની કહેવામાં આવે છે. એના માથે હત્યા-ખૂનનો આરોપ મૂકવામાં આવે છે. અને એને જેલની કડક સજા ભોગવવી પડે છે.

અરે, આ ભયંકર ઘાતકી પાપમાં સરકારનું પ્રોત્સાહન પણ કેટલો સાથ આપે છે કે, ગર્ભપાત કરાવનારીને પણ ઈનામ મળે અને એ લોભમાં આજની ૧૪-૧૫ વર્ષની કોલેજીયન કહેવાતી સુઘરેલી યુવતી ૨-૩ વાર તો ગર્ભપાત કરાવી ચૂકી હોય છે, એવા દાખલાઓનું પ્રમાણ સમાજમાં વધતું જાય છે. આટલી ભ્રૂણ હત્યાઓ કરનારી એક ખૂની યુવતિ એક દિવસ માતા બનશે. હાય રે... કલિયુગ ! આ માનવીની પાશવી પાપલીલાએ

માઝા મૂકી છે. માતા જ પોતાના સંતાનનું ખૂન કરનારી નરી રાક્ષસી પૂરવાર થઈ, અને રક્ષક સેવાભાવી ડૉકટરો જ જયાં ભક્ષક ભયંકર ખાટકી પુરવાર થયા...અને પરિણામે કહેવાતા સુધરેલા દેશો અને શહેરોમાં ગલીએ ગલીએ આવા ભ્રૂણ હત્યાના કતલખાના ઉઘડતા જાય છે. બસ, એ જ દેશ અને શહેરની શોભા થઈ ગઈ છે. એને જ ઉત્તેજના. બસ ! એમાં જ વધારો અને એ પણ એટલી હદે કે એક દેશ બીજા દેશોની સાથે હરીફાઈમાં ઉતર્યો છે. અને તે માટે આર્યાવર્ત ભારત દેશના વડાપ્રધાનને ઈનામ મળે, આ વિષયમાં તેમનું હજારો રૂપિયાની રકમ સાથે સન્માન થાય...બસ, હદ થઈ ગઈ...લાગે છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિની વાત સાચી પડવાનો વખત આવી ગયો છે. આજ કહેવાતું વિજ્ઞાન...અને સરકાર, માતા, ડૉકટરો, આજના દુરાચારી-વ્યભિચારી પિતાઓ જે બધા ભેગા મળીને એક પંચેન્દ્રિય મનુષ્ય જીવોની સામૂહિક ભયંકર જે કત્લેઆમ ચલાવી રહ્યા છે, એ ભ્રૂણ હત્યાનું ઘોર પાપ માનવજાતને વિનાશ તો શું પણ સર્વનાશના માર્ગે ન ખેંચી જાય ?

બુદ્ધિજીવીઓએ ! ખૂબ સમજવા જેવું છે. વિચારવા જેવું છે. કયાંક પેન્સિલ છોલવા જતાં આંગળી છોલાઈ ન જાય, અને કયાંક ફટાકડા ફોડવા જતાં દાઝી ન જવાય... તે પહેલાં જ સાવધાન થવા જેવું છે.

આશા છે, વર્તમાન કાળના કહેવાતા બુદ્ધિજીવીઓ અને કહેવાતા સુશિક્ષિતો, કહેવાતા મંત્રીઓ અને પ્રધાનો આ વાત ઉપર ખૂબ ઉંડાણથી વિચારશે અને માનવજાતને, સંપૂર્ણ વિશ્વને વિનાશના મોઢામાંથી બચાવશે. દેશને બરબાદ નહીં પણ આબાદ બનાવશે. આટલું સર્વ હિત માટે લખાઈ ગયું છે. પાપકર્મથી બચાય તો સારું.

(૩) **આહારક વર્ગણા** :– ૧૪ પૂર્વધારીઓ શંકાનું સમાધાન કરવા માટે જે નાનું શરીર બનાવી શકે તે આહારક શરીર માટે વપરાતી વર્ગણા તે આહારક વર્ગણા.

(૪) **તૈજસ વર્ગણા** :– આત્મા સાથે રહેતું સૂક્ષ્મ તૈજસ શરીર જેનાથી પાચનાદિની ક્રિયાઓ ચાલતી હોય છે, એવા તૈજસ શરીર બનાવવા યોગ્ય જે વર્ગણાઓ તે તૈજસ વર્ગણા.

(૫) **શ્વાસોશ્વાસ વર્ગણા** :– પ્રાણધારી પ્રાણીઓને જીવવા માટે પ્રાણરૂપે જે શ્વાસોશ્વાસ લેવી પડે છે તેને યોગ્ય જે વર્ગણા તે શ્વાસોશ્વાસ વર્ગણા કહેવાય છે.

(૬) **ભાષા વર્ગણા** :– જીવોને વચનયોગ દ્વારા બોલવા માટે જે ભાષા વાપરવાની જરૂર પડે છે, તે ભાષા બનાવવા માટે જે વર્ગણા અર્થાત્ પુદ્ગલ પરમાણુઓના જથ્થાની જરૂર પડે છે તે ભાષાવર્ગણા કહેવાય છે.

(૭) **મનોવર્ગણા** :– સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓને વિચારવા માટે જે મનની જરૂર પડે છે, તે મન બનાવવા માટે જે પુદ્ગલ પરમાણુઓના જથ્થાની જરૂર પડે છે તેને મનોવર્ગણા કહેવામાં આવે છે.

(૮) **કાર્મણ વર્ગણા** :– આઠે વર્ગણામાં અત્યન્ત સૂક્ષ્મતમ વર્ગણા તે કાર્મણ વર્ગણા કહેવાય છે. જીવ જ્યારે શુભાશુભ-સારી ખરાબ પ્રવૃત્તિ કરે છે ત્યારે જીવોને બંધાતા પાપ-પુણ્ય માટે જે પુદ્‌ગલ પરમાણુઓના મોટા જથ્થાની જરૂર પડે છે તે છે અંતિમ કાર્મણ વર્ગણા. જે કર્મરૂપે પરિણમે છે તે કાર્મણ વર્ગણા.

જૈનવિજ્ઞાન (Jain Science)નું આ એક અદ્‌ભૂત વિજ્ઞાન છે. સર્વજ્ઞ-સર્વદર્શી તીર્થંકર મહાપુરુષોની આ એક અનુપમ શોધ કહો કે ભેટ કહો તે અનોખી છે. જેમણે આ અદ્‌ભૂત વિજ્ઞાન પોતાના અનન્ત જ્ઞાનથી બતાવ્યું છે. અને તેનો ઉપયોગ, સદુપયોગ સમજાવ્યો છે, અને તેના બંધનમાંથી મુક્ત થવાનો પણ અદ્‌ભૂત ઉપાય બતાવ્યો છે એવા અનન્ત ઉપકારી અનન્ત જ્ઞાનીઓને અનન્ત-અનન્ત નમસ્કાર થાઓ.

કર્મ જડ અને આત્મા ચેતન....

કાર્મણ વર્ગણા એટલે ચૌદે રાજલોકના અનન્ત બ્રહ્માંડમાં પ્રસરેલા પુદ્‌ગલના પરમાણુઓ છે. અને પુદ્‌ગલ તે જડનો ભેદ છે. માટે કર્મ પણ જડ થયાં. બે જ તો મૂળભૂત દ્રવ્યો છે. જડ અને ચેતન. અને તેને લાગતાં કર્મો તે જડ. માટે કર્મ જડ છે, ચેતન નહીં. તે લાગે છે ચેતનને.

આત્માને લાગ્યા પહેલાં જ આ કાર્મણ વર્ગણા 'કર્મ' નથી કહેવાતા. માટે જ કાર્મણ-વર્ગણા તરીકે ઓળખાય છે. વર્ગણા એટલે જ પુદ્‌ગલ પરમાણુઓનો જથ્થો. વર્ગણા શબ્દ એટલા માટે વાપરવામાં આવે છે કે તે એક...એક પરમાણુ નથી. પણ એક...એક એવા અનંત પરમાણુઓ ભેગા થાય છે ત્યારે તે વર્ગણા કહેવાય છે. અને એ કાર્મણ વર્ગણા જ્યારે આત્માને ચોંટે છે, ત્યારે જ તે ''કર્મ'' સંજ્ઞા પામે છે, ત્યારે જ તે કર્મ કહેવાય છે, કર્મ બને છે.

શું ચેતન એવા આત્માને જડ કર્મો લાગી શકે ....?

ગણધરવાદની ચર્ચાના વિષયમાં બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ ગૌતમ શ્રી વીરપ્રભુ સાથે શંકાઓ પ્રગટ કરીને સમાધાન મેળવી રહ્યા છે. કર્મવાદની ચર્ચામાં અગ્નિભૂતિએ પ્રશ્ન કર્યો કે હે ભગવંત ! આત્મા તો ચેતન છે. અને કર્મ (કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓ) તો જડ છે. તો જડ કર્મો ચેતન એવા આત્મા ઉપર શું ચોટી શકે છે ? અને ચોંટે તો શું રહી શકે ? શું જડ ચેતનને અસર કરી શકે છે ?

આ શંકાનું સમાધાન કરતાં પ્રભુએ ફરમાવ્યું કે આ સંસારમાં મૂળભૂત આ બે જ દ્રવ્યો છે. એક ચેતન એ તો આત્મા (જીવ) અને બીજો જડ, અજીવ. કર્મ તો કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓમાંથી બન્યા છે. જેમ માટીમાંથી ઘડો બન્યો છે તેમ. માટે કર્મ જડ જ ગણાય. અજીવ તત્ત્વના પેટાભેદ પુદ્‌ગલાસ્તિકાયમાં તેની ગણતરી થાય છે. હવે આ જ બન્ને પદાર્થોનો સંસારમાં સંયોગ -વિયોગ થતો હોય છે. જેમ મુંબઈ સ્ટેશન

તો જડ છે. એ જયાં છે. ત્યાં જ સ્થિર છે. એ ખસતું નથી, પરંતુ આપણે ક્રિયા કરીને મુંબઈ ગયા છીએ. અને છતાં કહીએ છીએ કે મુંબઈ આવ્યું. દેખીતી રીતે આ ભાષા વ્યવહાર અર્થથી અશુદ્ધ જ છે પણ ઘણાં જીવોએ એનો વ્યવહાર પ્રચલિત કર્યો છે, એટલે ચાલે છે. એ જ પ્રમાણે ક્રિયા કરનાર સક્રિય તત્ત્વ ચેતન (આત્મા) છે. આત્મા પોતે રાગ દ્વેષાદિની ક્રિયા કરે છે. અને તેથી એને કાર્મણ વર્ગણા ચોંટે છે. તે જ કર્મરૂપે પરિણામ પામે છે. અને તે જ કર્મ કહેવાય છે.

વળી જડ એવા કર્મની અસર પણ ચેતન આત્મા ઉપર થાય છે. જેમ કે પ્રત્યક્ષ જોઈએ છીએ કે આ માણસે દારૂ પીધો છે. તે આપણે જોઈને કહી દઈએ છીએ. મહુડા ધતુરાનાં ફુલો વગેરે મિશ્ર કરીને જેમ સડાવી ગળાવી વગેરે ક્રિયામાંથી દારૂ બનાવે છે અને તે દારૂ પીએ એટલે કેટલી અસર થાય છે ? કેટલો બકવાસ કરે છે ? બોલ બોલ કરે અને પછી ચાલવા-બોલવા-ખાવા પીવાનું પણ ભાન ન રહે. અહીંયાં દારૂ જડ છે અને પીનાર આત્મા ચેતન છે. તો જડ એવા દારૂની પણ પીનાર આત્મા ઉપર પણ અસર તો સ્પષ્ટ દેખાય છે. તે જ પ્રમાણે, કર્મો જડ હોવા છતાં આત્મા ઉપર ચોંટીને પોતાનો ભાગ ભજવે છે. આત્માને સંસારના સ્ટેજ ઉપર ગાંડો કરે છે, પાગલ બનાવે છે.

પ્રશ્ન - હે ભગવાન, કર્મો દૃષ્ટ કે અદૃષ્ટ ? શું કોઈ પણ ઈન્દ્રિયથી ગમ્ય છે ? કેમ નથી દેખાતા ?

ઉત્તર – પ્રભુએ કહ્યું, હે ગૌતમ ! કર્મો અદૃષ્ટ છે, જડ છે. પણ આત્માને ચોંટે છે. તે અત્યન્ત સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુ સ્વરૂપે તે જડ છે. અત્યન્ત સૂક્ષ્મ હોવાના કારણે દૃષ્ટિગોચર નથી અને કોઈ પણ ઈન્દ્રિયથી ગમ્ય નથી.

પ્રશ્ન – હે પ્રભુ ! જો કર્મો અદૃષ્ટ છે તો કેવી રીતે માનવું કે કર્મ છે ? અદૃષ્ટ હોવાથી કર્મોની સત્તા કયા પ્રમાણથી માનવી ?

ઉત્તર – પ્રભુએ ફરમાવ્યું, હે અગ્નિભૂતિ ગૌતમ ! શું જગતમાં એવો કોઈ નિયમ છે ? જે જે અદૃશ્ય વસ્તુ નથી દેખાતી, ઈન્દ્રિય પ્રત્યક્ષજન્ય નથી તે શું ન માનવી ?

એવો જો નિયમ કરીએ તો તો સ્વર્ગ, નરક, પાતાલ, મોક્ષ તથા આત્મા, આકાશ, દિશા, મન, કાળ, આ બધા હોવા છતાં પણ નથી દેખાતાં. એટલે શું ન માનવાં ? ના એવો કોઈ નિયમ નથી. ન દેખાવામાં ઘણાં દોષો વચ્ચે કારણભૂત છે. ૮ દોષોની ચર્ચા કરવામાં આવી છે. અર્થાત્ વસ્તુ હોવા છતાં નથી દેખાતી છતાં અનુભવ આદિમાં છે. માનવા માટે અનુમાન આદિ ઘણાં કારણો છે.

શું કર્મ પ્રત્યક્ષ સિદ્ધ છે જ.....?

ઉત્તર - અગ્નિભૂતિ ગૌતમના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું કે ! કર્મ આત્માની સાથે એકરસ થઈ ગયા પછી તે ઈન્દ્રિય પ્રત્યક્ષગમ્ય નથી રહેતા. અને જયારે

બહાર લોકાકાશમાં કાર્મણ વર્ગણા રૂપે જ માત્ર હોય છે, ત્યારે તે કર્મ સંજ્ઞા પામ્યા નથી હોતા. અને કાર્મણ વર્ગણા પણ પુદ્ગલ પરમાણુરૂપે જ હોય છે, પરમાણુ અતિ સુક્ષ્મ હોય છે- એક પ્રદેશી જ હોય છે -અવિભાજય હોય છે- તેથી ઈન્દ્રિયગમ્ય તો નથી જ. અને કાર્મણ વર્ગણા પણ આત્મા જયારે ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે, ત્યારે પણ તે અતિ સૂક્ષ્મ હોવાથી ઈન્દ્રિય પ્રત્યક્ષગમ્ય તો નથી જ બનતા. માટે ચક્ષુ આદિ ઈન્દ્રિય પ્રત્યક્ષગમ્ય કર્મ નથી. પરંતુ સર્વજ્ઞને તો કર્મ અને કાર્મણ વર્ગણા પણ અનન્ત જ્ઞાનગમ્ય છે. અનન્તજ્ઞાની સર્વજ્ઞના માટે તો ચરાચર અનન્ત લોકાલોકાશનો એક પણ દ્રવ્ય જ્ઞાનગમ્ય ન હોય એવું હોતું જ નથી. અને કેવળજ્ઞાનમાં જોવા માટે ઈન્દ્રિય કે અતીન્દ્રિય મનની કોઈની પણ આવશ્યકતા સર્વજ્ઞને પડતી જ નથી. માટે હે ગૌતમ ! મને તો કર્મો પ્રત્યક્ષ જ છે. હું કોઈ પણ જીવના કર્મના ભૂત-ભાવિના આધારે ભૂતકાળના તથા ભવિષ્યકાળના ભવો કહી શકું છું.

પરન્તુ હે સૌમ્ય ! જો તું એમ માનતો હોય કે મને કર્મનો પ્રત્યક્ષ કેમ નથી ? તો તે યોગ્ય નથી. જગતમાં એવો કોઈ નિયમ નથી કે એક ને એક વસ્તુ દેખાય એટલે બીજાને દેખાવી જ જોઈએ. કારણ કે બન્નેની જોવાની દૃષ્ટિમાં ફરક હોય. એ જ પ્રમાણે બન્નેના જ્ઞાનમાં પણ તફાવત હોય. એટલે જે સર્વજ્ઞને પ્રત્યક્ષ હોય તે છદ્મસ્થને ન પણ હોય. કારણ, જ્ઞાનના પ્રમાણમાં ઘણું મોટું અંતર છે. પરન્તુ પરંપરાગત પ્રત્યક્ષના નિયમથી જો સર્વજ્ઞને પ્રત્યક્ષ હોય તે પરંપરાના સંબંધથી સ્વીકારી શકાય છે.

જેમ એક માણસે સિંહ, હંસ, વગેરે જોયા જ ન હોય તો એમ તો ન કહી શકે કે સિંહ-હંસ જેવી કોઈ વસ્તુ કે પશુ-પક્ષી હોઈ જ ન શકે. છે જ નહીં, એમ ન જ કહી શકે. પિતા, બંધુ, મિત્ર, ગુરુ આદિ દ્વારા જોવામાં આવ્યા હોય અને તેમને પ્રત્યક્ષ થયા પછી તે બીજાને જણાવતા હોય ત્યારે બીજી વ્યકિત વ્યવહારમાં જેમ સ્વીકારે છે, વિશ્વાસથી માને છે, તેમ હે ગૌતમ ! અનન્તજ્ઞાનથી પ્રત્યક્ષ કર્મનુ સ્વરૂપ જોઈને હું તને જણાવતો હોઉં તો શ્રદ્ધાથી સ્વીકારવા કે માનવામાં કોઈ હાનિ નથી.

બે પ્રકારનાં કર્મ....



પ્રભુએ કહ્યું, હે ગૌતમ ! દ્રવ્ય અને ભાવના ભેદથી કર્મ બે પ્રકારના છે. એક તો જયારે જીવ કર્મ બાંધતો હોય તે વખતે જેટલા કાર્મણ વર્ગણાના પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓને ગ્રહણ કરીને જ કર્મ રૂપે પરિણમાવે છે. તે દ્રવ્ય કર્મની સંજ્ઞાથી ઓળખાય

છે. અને બીજા જે ભાવ કર્મ રૂપે કહેવાય છે તે રાગ દ્વેષાદિ આત્માની પરિણતિ રૂપ છે. અને તે રાગ-દ્વેષ તો સંસારના વ્યવહારમાં સર્વત્ર જીવમાત્રમાં પ્રત્યક્ષ દેખાય છે.



આ પ્રમાણે રાગદ્વેષ એ જ મુખ્ય ભાવ કર્મની પરિણતિ છે. માયા અને લોભ એ રાગના જ ઘરના પેટા ભેદ છે. અને ક્રોધ તથા માન એ દ્વેષના ઘરમાં રહેનારા છે. હવે આ શબ્દથી તો બધા પરિચિત છો. સંસારી જીવોમાં એકબીજા પ્રત્યે પરસ્પર ક્રોધ-માન-માયા-લોભ આદિ તો વ્યવહારમાં પ્રત્યક્ષ દેખાય છે. વ્યક્તિને વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે રાગ-દ્વેષ હોય છે. અને તે ક્રોધ-માન વગેરેથી પ્રગટ થાય છે. ક્રોધ-માનઆદિ જીવોની ભાષા, હાવ-ભાવ, વગેરે પ્રગટ કરે છે, એ તો આપણને નજરે દેખાય છે. માટે ભાવકર્મના વ્યવહારથી કર્મ પ્રત્યક્ષ છે. એ સર્વ પ્રત્યક્ષ ગમ્ય છે.

કર્મ રૂપી છે કે અરૂપી .....?

હે ગૌતમ ! કર્મ રૂપી છે. કારણ કે પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. તે જડ છે અને પુદ્ગલના જ ચાર ભેદ જે સ્કંધ દેશ પ્રદેશ અને પરમાણુ પડયા તેમાં પરમાણુ સ્વરૂપે રહેલી આઠે મહાવર્ગણામાં કાર્મણ વર્ગણા છે. તેથી પુદ્ગલ જડ દ્રવ્ય હોવાથી કર્મ પણ રૂપી જ છે.

પ્રશ્ન– હે સ્વામી ! જો કર્મ રૂપી છે તો પછી તે દેખાતા કેમ નથી ?

પ્રભુનો ઉત્તર – હે ગૌતમ ! એવો પણ કોઈ નિયમ નથી કે જે જે રૂપી હોય તે દૃષ્ટ જ હોય. હવા પણ રૂપી જ છે છતાં દૃષ્ટ નથી. કર્મ જે કાર્મણ વર્ગણામાંથી બનેલા છે તે સૂક્ષ્મ હોવાના કારણે રૂપી હોવા છતાં દૃષ્ટિગોચર નથી થતા.

કર્મ મૂર્ત છે કે અમૂર્ત...?

અગ્નિભૂતિ ગૌતમે પ્રશ્ન કર્યો, હે સ્વામી ! કર્મ મૂર્ત છે કે અમૂર્ત ?

आह णणु मुत्तमेवं मुत्तचिय कज्जमुत्तिमत्ताओ ।
इह जह मुत्तत्तणओ घडस्स परमाणवो मुत्ता ॥ १६२५ ॥

મૂર્ત એટલે મૂર્તિમાન રૂપી હોવું તે. પ્રભુએ કહ્યું, કાર્ય મૂર્તિમાન હોવાથી કારણ પણ મૂર્તિમાન હોય છે. જેમ ઘડો મૂર્તિમાન હોવાથી તેના પરમાણુઓ પણ મૂર્તિમાન હોય છે. ઘટની જેમ શરીર પણ મૂર્ત છે, તો તે શરીર કાર્ય છે. અને કાર્ય જયારે મૂર્ત છે તો

તેનાં કારણ પણ મૂર્ત જ હોવા જોઈએ. અર્થાત્ શરીર રચનાના કારણરૂપે જે કર્મ છે તે મૂર્ત જ છે.

પ્રશ્ન – હે ભગવંત ! કાર્ય મૂર્ત હોવાના કારણે આપ કારણને પણ મૂર્ત ફરમાવો છો. તો પછી સુખ-દુઃખ એ કાર્ય છે કે કારણ ? સ્પષ્ટ દેખીતી રીતે સુખ-દુઃખ કાર્ય જ છે. તો તે મૂર્ત કે અમૂર્ત ? સુખ-દુઃખ મૂર્ત હોઈ ન શકે ? કારણ કે સુખ-દુઃખ આત્માના ધર્મ છે. કર્મ તો ઉદ્‌ભવમાં નિમિત્ત કારણ છે. માટે કર્મ મૂર્ત છે. સુખ-દુઃખ મૂર્ત નથી.

અગ્નિભૂતિ–હે કૃપાળુ ! શું મૂર્તનો અમૂર્તથી સંબંધ થઈ શકે ? શું મૂર્ત એવા રૂપી કર્મ અમૂર્ત એવા આત્માની સાથે જોડાઈ શકે ? કે બંધાઈ શકે ?

ભગવાન ઉત્તર આપે છે, હે ગૌતમ ! જેમ આકાશ અમૂર્ત છે અને ઘડો મૂર્ત છે. તો એ ઘડો જ્યાં પડયો છે ત્યાં આકાશ છે કે નહીં ?

અગ્નિભૂતિ– હા સાહેબ. આકાશનો સંબંધ તો સર્વત્ર બધે જ હોય. તો અમૂર્ત એવા આકાશનો મૂર્ત એવા ઘડાની સાથે સંબંધ થયો.

બીજું, શરીર મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. અને આત્મા અત્યારે શરીરમાં રહ્યો છે. તો અમૂર્ત એવા આત્માનો મૂર્ત એવા શરીરની સાથે સંબંધ થયો કે નહીં ? બસ, એ જ પ્રમાણે આત્મા અને કર્મનો સંબંધ છે.

અગ્નિભૂતિ – (હા. અવશ્ય થયો.) હે સ્વામી ! ઠીક, મૂર્તનો અમૂર્તની સાથે સંબંધ તો થયો પણ આપ જે કહો છો કે મૂર્ત એવા કર્મ અમૂર્ત એવા આત્માની સાથે બંધાઈને આત્મા ઉપર ભારે અસર કરે છે. તો શું મૂર્ત એવા કર્મ અમૂર્ત એવા આત્મા ઉપર અસર કરી શકે ? વીરપ્રભુએ ફરમાવ્યું–હે અગ્નિભૂતિ ! વ્યવહારમાં જોઈ શકાય છે કે, એક માણસ દારૂ પીએ તો તેના જ્ઞાન ઉપર કેવી વિકૃત અસર થઈ જાય છે ? દારૂ તો મહુડાનાં ફળ, ધતુરાનાં ફળ આદિના સડન-ગલનમાંથી બનાવવામાં આવેલ છે. તો તે દારૂ તો મૂર્ત જ કહેવાયને ? છતાં માણસ મદિરાના સેવનથી કેવી અસરનો અનુભવ કરે છે ?

એ જ પ્રમાણે એક મન્દ મતિવાળા મનુષ્યને બ્રાહ્મી આદિનું સેવન કરાવવાથી તેની મતિ તીવ્ર બને છે. એ પણ મૂર્ત એવી બ્રાહ્મીનો અમૂર્ત એવા આત્મા ઉપર અસર થઈ કે નહીં ? બસ, તો એ જ પ્રમાણે કર્મ જે મૂર્ત છે, તે અમૂર્ત એવા આત્મા ઉપર મદિરા અને બ્રાહ્મીની જેમ નિગ્રહ-અનુગ્રહાત્મક ઊભય અસર કરે છે. લગાડેલી અગ્નિની જ્વાળાઓની જેમ આકાશ સાથે સંબંધ થાય છે, તેમ કર્મ પણ આત્મા સાથે બંધાય છે. અને અમૂર્ત એવા આત્મા ઉપર મૂર્ત એવા કર્મ અસર કરે છે. એટલે કર્મ આત્મા ઉપર ઘણી મોટી અસર કરી શકે છે.

કર્મનારૂપી (મૂર્ત) પણાને સમજાવવા દૃષ્ટાંત

आहार इवानल इव घडुव्व नेहाइकयबलाहाणो ।
रवीरमिवोदाहरणाइं कम्मरुवित्तगमगाइं ॥ १६२७ ॥

'કર્મ રૂપી-મૂર્ત છે તેને સમજાવવા માટે આ શ્લોકમાં ચાર દૃષ્ટાંત આપ્યાં છે :

(૧) જેનો સંબંધ થવાથી સુખ-દુઃખ આદિની અનુભૂતિ થાય, તે કર્મ અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમની જેમ મૂર્ત હોય છે. પણ અમૂર્ત એવા આકાશ વગેરેનો જો સંબંધ થાય તો અમૂર્તના સંબંધથી અમૂર્તને કંઇ જ સુખ-દુઃખ પણ થઇ શકતા નથી. માટે સુખ દુઃખનો અનુભવ આત્માને જેનાથી થાય છે તે મૂર્ત છે.

(૨) બીજું, જેના સંબંધની વેદના-પીડા થાય છે, તે પણ મૂર્તરૂપી જ સ્વીકારવો જોઇએ. દા. ત., અગ્નિના સ્પર્શથી આપણે દાઝી જઇએ છીએ. મૂર્ત એવો અગ્નિ અમૂર્ત એવા આત્માને દઝાડે છે. એ જ પ્રમાણે અમુક કર્મના ઉદયથી આત્માને અશાતા- વેદના પીડા અનુભવાય છે તો તે અનુભવનાર આત્મા અમૂર્ત છે, પણ કર્મ મૂર્ત છે. પણ આકાશને સ્પર્શ કરવાથી કોઇ વેદના નથી થતી. કારણ તે અમૂર્ત છે.

(૩) આત્માના જ્ઞાનાદિ ધર્મોથી તદ્દન ભિન્ન એવાં પત્ની, પુત્ર, ઘર, ચંદન, ફુલમાળા અદિ જે બાહ્ય વસ્તુઓ છે તેના સંસર્ગથી આત્મા મોહમાં પડે છે અને ભારે થાય છે. તેથી અમૂર્ત આત્મા મૂર્ત કર્મને બાંધે છે. અને મિથ્યાત્વાદિ હેતુઓથી કર્મની જડ મજબૂત કરે તો તે કોને બંધાય ? માટે મૂર્તની સાથે અમૂર્ત આત્મા બંધાયેલો છે.

(૪) જેમ દૂધ વગેરે રૂપી દ્રવ્યો છે તે જ પ્રમાણે કર્મો પણ રૂપી દ્રવ્ય છે. કારણ, ચેતન અમૃત આત્માથી તે તદ્દન ભિન્ન દ્રવ્ય છે. એ જ પ્રમાણે, તે કર્મ આત્માની સાથે ચોંટી રહે તો પણ મૂર્ત જ હોય છે. કારણ, ચેતન દ્રવ્યથી ભિન્ન છે.

આત્મા અને કર્મનો સંબંધ કયારથી .....?

પ્રશ્નઃ– શું મૂર્તનો અમૂર્તની સાથે સંબંધ થઇ શકે ? અને જો થાય તો શું તે અનાદિ હોઇ શકે ?

અગ્નિભૂતિના આ પ્રશ્નનો ઉત્તર ફરમાવતા પ્રભુએ કહ્યું, હે ગૌતમ ! આકાશ જે અમૂર્ત છે, તેની સાથે જીવ અને જડનો સંબંધ છે કે નહિ ? કારણ, જીવ કે જડ બધા કયાં રહે છે ? આકાશમાં, હવે આ સંબંધ કયારથી છે ? અનાદિ કાળથી. આ જ શબ્દો કહેવા પડશે.

કારણ કે તેથી આદિ નથી માટે અનાદિ. શું હીરો ખાણમાં હતો ત્યારે માટીની સાથે મિશ્રિત હતો કે નહીં ? ચોકકસ. પહેલેથી જ સોનું માટીની સાથે મિશ્રિત જ હતું. માટીથી છુટું પાડીને જ સોનું જુદું મેળવવામાં આવ્યું છે. એજ પ્રમાણે, આ સંસારમાં આત્મા અને

કર્મનો સંબંધ અનાદિનો છે, જયારે સંબંધ અનાદિ છે તો બીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે -

આત્મા અને કર્મમાં પહેલાં અને પછી કોણ .....?

આત્મા અને કર્મ આ બેમાંથી પહેલાં કોને માનવું ? શું પહેલાં આત્મા હતો અને પછી કર્મ ઉત્પન્ન થયું ?

ના. આ પ્રશ્ન જ અસ્થાને છે. આવો પ્રશ્ન જ સંભવિત નથી. કારણ કે આત્માની ઉત્પત્તિ કોઇ નિશ્ચિત કાળમાં માનવાની જ નથી. કારણ કે સંસારરૂપ આ ચૌદ રાજલોકના બ્રહ્માંડમાં મૂળભૂત સત્તા સ્વરૂપે પ્રથમ જ અનન્ત આત્માઓ છે. જે નિગોદના ગોળાઓ પ્રથમથી જ અસ્તિત્વ ધરાવે છે, એ જ સૂક્ષ્મ નિગોદ જીવોની ખાણ છે. અને જયારે જીવો નિગોદની સ્થિતિમાં આટલું પ્રાથમિક અસ્તિત્વ ધરાવે છે, ત્યારે તે જ કાળથી ચૌદેરાજલોકમાં સર્વત્ર વ્યાપી ને રહેલી આઠે મહાવર્ગણાઓતો હતી જ. કારણ, વર્ગણાઓ જડ છે અને આ સંસારમાં મુળભૂત સત્તા અને અસ્તિત્વ જ આ બે દ્રવ્યોનું છે, જડ-ચેતનનું. એટલે જડ ચેતનનો સંબંધ તો સંસારમાં અનાદિ માનવો જ પડશે. અર્થાત્ મુળભૂત ખાણમાં જ (નિગોદ)માં જીવ છે. ત્યારથી જ કર્મથી બંધાયેલ જ છે.

કારણ કે જેનો પણ પરસ્પર કાર્યકારણભાવ સંબંધ હોય છે, તેની પરંપરા હમેશાં અનાદિની હોય છે. દા. ત., જેમ ઈંડુ અને મરઘી, બીજ અને વૃક્ષનો કાર્યકારણ ભાવ, જન્ય-જનકભાવ સંબંધ પરસ્પર છે. ઈંડામાંથી મરઘી કે મરઘીમાંથી ઈંડું એનો નિર્ણય કયારેય થઇ શકે તેમ નથી. તે જ પ્રમાણે, બીજ અને વૃક્ષમાં કયારેય નિર્ણય થઇ શકે તેમ જ નથી. કે વૃક્ષ બીજમાંથી થયું કે વૃક્ષમાંથી બીજ થયું ?

કર્મ અને દેહ....

એ જ પ્રમાણે, આત્માને જે દેહ (શરીર) મળ્યું છે અર્થાત્ જે શરીરમાં આત્મા રહ્યો છે તે શરીરની સાથે પણ આત્માનો સંબંધ થયો ખરો કે નહીં ? આત્મા અને શરીરનો સંબંધ પણ અનાદિ કાળનો છે. કારણ કે આત્મા કયારેય શરીર વિના તો સંસારમાં રહી શકતો જ નથી. ભલે જન્મ-મરણ પ્રસંગે શરીર બનાવે છે અને છોડે છે. પ્રણ શરીરની અનાદિતા તો રહેવાની જ છે ને જો આત્મા શરીર વિનાનો થઇ જાય તો તો અશરીરી અર્થાત્ સિદ્ધ-બુદ્ધ- મુકત થઇ જાય. એટલે એ નિર્વિવાદ થયો કે આત્મા સંસારમાં કયારેય એક સમય પણ અશરીરી રહેતો નથી. જે તે શરીરમાં જ રહે છે.

હવે પ્રશ્ન એ છે કે, શરીર આત્મજન્ય છે કે કર્મ જન્ય ? એના ઉત્તરમાં શરીર કર્મજન્ય છે. આત્મા જો પોતાની રીતે વિચારે તો એને કોઇ શરીરની જરૂર જ ન પડે. શરીર વિના પણ એ રહી શકે છે. પણ સંસારી આત્મા કર્મવશ છે, માટે દેહાધીન છે. કર્મજન્ય આ શરીર છે એટલે જ શરીરની વિચિત્રતા, ઇન્દ્રિય વિકલતા, અંગવિકલતા આદિ કર્મના

જ કારણે છે. માટે કહી શકાય કે, શરીરની વિચિત્રતાના કારણે કર્મનું પ્રત્યક્ષ સ્પષ્ટ જ છે. આ શરીર જ્યારે કર્મ જન્ય છે, એટલે શરીર અને કર્મની વચ્ચે કાર્ય-કારણભાવ સંબંધ, જન્ય-જનકભાવ સંબંધ થયો. અને આ સંબંધ પણ અનાદિ છે. તેથી ઈંડું-મરઘી જેવી સ્થિતિ અહીં પણ થઇ. જેમ ઈંડામાંથી મરઘી કે મરઘીમાંથી ઈંડું તેમ કર્મથી દેહ અને ફરી દેહથી કર્મ એટલે શરીરની સંતતિ અર્થાત્ પરંપરા અનાદિ સિદ્ધ થઇ.

કાર્મણ શરીર....

આત્મા અને કર્મ તો અનાદિ કાળથી આ સંસારમાં જોડાયેલાં જ છે. કર્મ આત્માના ઘરમાં બેઠું છે. એટલે તે ત્યાં બેઠું બેઠું બધુ સંચાલન પ્રવૃત્તિ કરતું રહે છે. આત્માને જન્મ મરણના ૮૪ના ચક્કરમાં ફેરવનાર કર્મ જ છે. જન્મ-મરણ એટલે શું? જનમ એટલે નવા શરીરનું ધારણ કરવું અને મરણ એટલે એ શરીરને છોડીને ચાલ્યા જવું.

અર્થાત્ મૃત્યુ પછી આત્મા એક શરીરને છોડીને ચાલ્યો જાય તો તો પછી શરીરને છોડયા પછી આત્મા અશરીરી થઇ ગયો ને ?

ના. કારણ કે લોકાકાશમાંથી ખેંચીને લીધેલી કાર્મણ વર્ગણાને જે કર્મરૂપે પરિણમી છે, તે કર્મનું એક કાર્મણ શરીર બની જાય છે. અને મૃત્યુ વખતે આ જે ઔદારિક શરીર હતું તેનો ત્યાગ કર્યો. જીવે આ ઔદારિક શરીરને છોડયું તેનું નામ છે મૃત્યુ. પરન્તુ મૃત્યુ પછી પણ તૈજસ-કાર્મણ શરીર તો આત્માની સાથે કાયમ છે. તો તો છૂટતું જ નથી.



(હોસ્પિટલમાં દર્દી મૃત્યુ પામે છે. શરીર છોડી આત્મા બીજી વાંદરાની ગતિમાં જાય છે. આત્માની સાથે કાર્મણ શરીર માર્ગમાં દેખાય છે.)

કાર્મણ વર્ગણાથી બનાવેલ કર્મ અને તે કર્મોનો પણ એક પિંડ બની જાય છે. તેનું

જીવ કાર્મણવર્ગણાને ખેંચે છે



નામ છે કાર્મણ શરીર. આ કાર્મણ શરીર કયારે સર્વથા નાશ પામે કે જયારે આત્મા સદંતર સર્વથા સર્વ કર્મનો ક્ષય-નાશ કરી નાંખે ત્યારે. પરંતુ જયાં સુધી સદંતર સર્વથા સર્વ કર્મનો ક્ષય-નાશ ન થાય ત્યાં સુધી તો આ કર્મણ શરીર આત્માની સાથે અચૂક રહેવાનું જ છે હા, એક પરિવર્તન કાર્મણ શરીરમાં પણ આવે છે. અને તે એ કે જુનાં જુનાં કર્મો ખપતાં જાય તેમ નવાં નવા કર્મો પાછાં એમાં ઉમેરાતાં જાય છે. જેમ પાણીનો ટાંકો ખાલી નથી થતો. નીચેથી પાણી બધાં ઘરોમાં પહોંચતું પણ હોય છે. અર્થાત્ જાય છે અને પાછું પાઇપ લાઇન વડે નવું પાણી સતત આવતું પણ હોય છે તેવી સ્થિતિ આપણા પેટની છે. જેમ ગઇ કાલે ખાધેલું અન્ન આજે મળરૂપે નીકળી જાય છે. અને આજે ફરી જે નવું અન્ન-આહાર આપણે ખાવાના છીએ તેનું પાચન થશે અને તે પણ કાલે નીકળશે. એમ પેટમાં એક આવ્યું અને ગયુ અને બીજું આવ્યું અને ગયું. પરન્તુ પેટ તો ખાલી ન જ થયું ને? હા, સદંતર ઉપવાસ કરીએ. અનશન કરીએ. અને એનિમા આદિથી પેટ સ્વચ્છ નિર્મલ કરી નાંખીએ તો વાત બરોબર છે. એ જ પ્રમાણે નવા પાપ સર્વથા ન જ કરીએ તો કોઇ નવાં કર્મ બંધાશે નહીં. અને જુના પાપ કર્મોનો સર્વથા ક્ષય કરી નાંખીએ તો જુનું કોઇ કર્મ રહે જ નહીં. તો આત્મા એક દિવસ સર્વથા સર્વ કર્મ રહિત થઇ જાય. આવી સ્થિતિ ભગવાન મહાવીર આદિ અનન્ત સિદ્ધાત્માઓ કરીને ગયા છે, તો જ સિદ્ધ થઇ શકયા. હવે તેઓ અશરીરી બની ગયા છે. એટલે કાર્મણ શરીર પણ હવે રહ્યું નથી. જો કાર્મણનો અંશ પણ રહી ગયો હોત તો સિદ્ધાત્માને પણ મોક્ષમાંથી પાછા નીચે ગાડત પરન્તુ એવું બન્યુ નથી કે એક પણ મુકતાત્મા મોક્ષમાંથી પાછા આવ્યા હોય. માટે મોક્ષમાં કર્મનો, કાર્મણ શરીરનો અંશ પણ સંભવ નથી.

આ જ વાતને શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં સ્પષ્ટ જણાવી છે કે –

तो जइतणुमेतं चिय हवेज्ज का कम्मप्पणा नाम ? ।
कम्मंपि नणु तणु च्चिय सण्हयरब्मतरा नवरं ॥ १६३२॥
को तीय विणा दोसो थूलाए सव्वहा विमुक्कस्स ।
देहग्गहणाभावो तओ य संसारवोच्छित्ती ॥१६३३॥
सव्व विमोवखावडी निवकारणउव्व सव्वसंसारो ।
भवमुक्खणं च पुणो संसरणमओ अणासासो ॥१६३४ ॥

કાર્મણ વર્ગણાથી બેનલું કર્મ પણ શરીર જ છે. માત્ર તે અતિસૂક્ષ્મ અને આભ્યંતર છે. એટલે દૃષ્ટિગોચર થવુ શકય નથી અને આ જે બહારનું ઔદારિક શરીર દેખાય છે

તે સ્થૂલ શરીર છે. અને આ સ્થૂલ શરીરનો તે આધાર પણ સૂક્ષ્મ કાર્મણ શરીર ઉપર છે. એટલે જો કાર્મણશરીર ન માનીએ તો આપત્તિ એ આવશે કે આવતા જન્મમાં જતાં જીવને ઉત્પત્તિ સ્થાને કોણ લઇ જશે? કર્મ મુજબ નક્કી થયેલી આગામી ગતિ અને જાતિ સુધી આત્માને પહોંચાડશે કોણ? અને જો એક વાર ગતિ, જાતિ, શરીર, આયુષ્ય, કુળ, ગોત્ર, વગેરે માટે બાંધેલુ તે કર્મ જો હવે પિંડ (શરીર) રૂપે આત્માની સાથે ન રહે, તો પછીજીવને ગતિ-જાતિ વગેરે અપાવશે કોણ? કારણ, આજે તો હજી આત્મા મુકત થયો નથી. મુકત થયો નથી તો કર્મો તો છે. અને તમે એમ કહો કે કર્મો અહીંયાં બાંધે ખરો પણ મૃત્યુ પછી કર્મ ન રહે.

જો એમ કહેશો તો શું મૃત્યુ બધા કર્મનો નાશ કરનારું છે એમ સિદ્ધ થશે ? તો તો ઘણું સારું. મૃત્યુ આવવાથી જો બધાં કર્મો નષ્ટ થઇ જતા હોય તો તો ઘણું સારું. બધા મૃત્યુને જ ભેટવા લાલાયિત થશે. શા માટે ઉપવાસ-પ્રતિક્રમણ, માસક્ષમણ, સામાયિક-પૌષધ આદિનો ધર્મ કોઇ કરે? કારણ, મૃત્યુ વખતે તો બધાં જ કર્મ નષ્ટ થઇ જવાના છે ને ? પણ એવું નથી. મોહનીય આદિ કર્મની બંધાયેલી ઉત્કૃષ્ટ ૭૦ કોડોકોડી સાગરોપમ આદિની અતિ દીર્ઘ સ્થિતિ જે આટલો કાળ રહેવાની છે, તો પછી કાર્મણશરીર ન માનવાથી કેવી રીતે રહેશે? પણ જન્મો પહેલાનાંય કર્મો ઉદયમાં તો આવે છેને ? તેના તો સેંકડો દૃષ્ટાન્તો છે.

ભગવાન મહાવીરને ઉદયમાં આવેલાં કર્મો .....

ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામી ભગવાનના જીવે પૂર્વ ભવોમાં ત્રીજા મરીચિના ભવમાં જે અહો કુલં ! અહો કુલં ! બોલીને નાચ્યા હતા, ઉચ્ચ કૂળની અદ્ભૂત પ્રશંસા કરી હતી, મદ કર્યો હતો. પરિણામે ત્રણથી ચૌદમા ભવ સુધીમાં બ્રાહ્મણ-ત્રિદંડી તરીકે તેમના કેટલા ભવ થયા? અને અંતે એ જ કર્મના જે ૮૨ દિવસ શેષ રહ્યા હતા, તે શ્રી વીરપ્રભુને છેલ્લા સત્તાવીશમા ભવે પૂરા કરવા પડ્યા, અને ૨૬મો ભવ દશમા પ્રાણત નામના દેવલોકમાં ૨૦ સાગરોપમના વર્ષનું આયું પૂર્ણ કરીને ઉતરતી વખતે પ્રથમ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવવું પડયુ અને ૮૨ દિવસ ત્યાં તે નીચ ગોત્ર કર્મના ભોગવીને પૂરા કર્યા પછી ઇન્દ્ર મહારાજાની આજ્ઞા દ્વારા હરિણેગમેષી દેવ દ્વારા પ્રભુ દેવાનંદાની કુક્ષીમાંથી મહારાણી ત્રિશલા દેવીની કુક્ષીમાં સંહરાયા.

છેક ત્રીજા ભવના બાંધેલા કર્મ વડે આજે સત્તાવીસમાં ભવે પણ સહન કરવાનો વખત આવ્યો. પૂર્વોપાર્જિત કર્મની પ્રબળતા કેટલી પ્રબળ છે ?

કાનમાં તપતું શીશું રેડાવવાના પરિણામે કાનમાં ખીલા ઠોકાયા....

''शठं प्रति शाठयं Tit For Tat"નો આ કર્મ સત્તાનો નિયમ કેટલો નક્કર છે તેનો સ્પષ્ટ પુરાવો ભગવાન મહાવીરના જીવનમાં ચોખ્ખો દેખાય છે. ૧૮માં ત્રિપૃષ્ટ વાસુદેવના

ભવમાં નિદ્રાભંગ થતાં શય્યાપાલકોના કાનમાં તપતુ શિશુ રેડાવ્યું હતું. તેના પરિણામે જે ભયંકર કર્મ બંધાયા તેના કારણે સતાવીશમાં ભવે ભગવાન મહાવીરના કાનમાં ખીલા ઠોકાયા. છેવટે હાથના કર્યા જ હૈયે વાગ્યા. જેવા કર્યા તેવા જ ભોગવવા પડ્યા. પોતાના કર્યા કર્મ પોતાને જ ભોગવવાના છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે कडाण कम्माण न मोक्खोत्ति કર્યા કર્મથી કોઇ છુટકારો નથી.

ઈશ્વર અને કર્મ ....

હે જીવ ! ઇશ્વર આદિ કોઇ તારા કર્મમાં કારણ નથી, નથી તો ઇશ્વર કર્મ કરાવતો, નથી કર્મ કરવામાં પ્રેરણા કરતો, નથી તો તે કર્મની સજા કે ફળ આપતો ઇશ્વરને તારા કર્મની સાથે કયાંય સંબંધ નથી. અને કર્મ જન્ય જે સુખ દુઃખ છે તે પણ ઇશ્વરના હાથમાં નથી, એ તારા કર્મ કર્યા ઉપર જ આધાર રાખે છે. માટે ઇશ્વરથી ડરવાની જરૂરી નથી. ઇશ્વરનો ભય કે ડર રાખવાનો ન હોય. કારણ, ઇશ્વર મારનાર નથી, કર્મની સજા આપનાર નથી. હા ઇશ્વર તો ઉપાસ્ય છે. આરાધ્ય છે. જે જગત્કર્તા નથી તે ઇશ્વર ધ્યેય (ધ્યાન કરવા યોગ્ય) છે. જેની આરાધના, ઉપાસના અને ધ્યાન કરવાનું છે તે તો તારા કર્મની નિર્જરા માટે જ. જેથી આપણાં કર્મ ક્ષય થાય. અને આત્માની કર્મ ક્ષયથી એટલી શુદ્ધિ થાય. માટે જ લક્ષ્ય જે રાખવાનું કહ્યું છે તે છે - "सव्वपावप्पणासणो" આપણી સાધનાનું કેન્દ્ર છે, ધ્યેય છે.

જીવ કર્મનો અનાદિ સંયોગ....

જીવ કર્મ અર્થાત્ ચેતન અને જડ તત્ત્વ સંસારમાં અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે. અને સાથે સાથે બન્નેનો સંયોગ સંબંધ પણ અનાદિથી છે. એમ પણ નહીં કહેવાય કે આત્મા પહેલા શુદ્ધ હતો અને પછી ધીમે-ધીમે એને કર્મ લાગતા ગયા પણ પહેલાથી જ જીવ કર્મવાળો નહોતો. એમ કહેવું પણ યોગ્ય નથી. જો એમ માનીએ કે આત્મા પહેલા શુદ્ધ હતો અને પછી ધીમે ધીમે કર્મ બંધાતા ગયા. અર્થાત્ જીવ+કર્મના સંયોગની અનાદિ ન માનીએ તો મોટો દોષ એ આવશે કે જે મુક્તાત્મા છે, મોક્ષે ગયેલા સિદ્ધના આત્મા જે શુદ્ધ છે, તેમને પણ કર્મ લાગવાનાં સંભાવના આ કર્મના કારણે ઉભી થઇ જશે. આવો જો નિયમ કરીએ તો સિદ્ધના શુદ્ધાત્માને પણ કર્મ બંધાશે.

માટે મુળભૂત ખાણમાંથી જયારે પણ સોનું નીકળે છે ત્યારે તે માટીની સાથે મિશ્રિત જ નીકળે છે એમ જીવ પણ પ્રથમથી જ કર્મ સંયુકત જ છે. માટે જીવકર્મ સંયોગ અનાદિ જ માનવો પડે. અને તેથી ઈંડા-મરઘી જેવો ન્યાય આત્મા અને કર્મ સાથે સંબંધમાં વિચારીએ કે પહેલા જીવ કે પહેલા કર્મ ?

એના ઉત્તરમાં પણ ઈંડા- મરઘીના ન્યાયે અથવા બીજ વૃક્ષના ન્યાયે બન્નેને સમકાલીન તથા સંયોગ સંબંધથી જ સંયુકત જ માનવા પડશે.

પ્રત્યક્ષ પ્રમાણથી કર્મની સિધ્ધિ....

જેનો પ્રત્યક્ષથી અનુભવ થાય પ્રતીતિ થાય તે પ્રત્યક્ષ પ્રમાણ છે. અને આ પ્રત્યક્ષ પ્રમાણ વડે પણ કર્મની સિદ્ધિ થાય છે કે નહીં તે જોઈએ.

પ્રશ્ન : સુખ-દુઃખનો અનુભવ તો સર્વત્ર સર્વ જીવમાત્રને છે કે નહીં ?

હા.. અવશ્ય છે. એમાં તો કોઈ પણ ના નહીં પાડી શકે. નાના-મોટા દરેક જીવને સુખ-દુઃખનો અનુભવ છે. હવે પ્રશ્ન એ છે કે સુખદુઃખ એ શું છે? કાર્ય છે કે કારણ? કાર્ય અર્થાત્ પરિણામ-ફળ Result છે કે પછી કારણ છે? જેમ ધૂમાડા અને અગ્નિમાં ધૂમાડો એ કાર્ય છે. અગ્નિ એ કારણ છે. અગ્નિથી ધૂમાડો ઉત્પન્ન થયો છે. માટે અગ્નિ કારણ અને ધૂમાડો કાર્ય તેમ અહીંયાં શું છે ?

ઉત્તર : સુખદુઃખ તો કાર્ય છે. (પરિણામ–ફળ છે.)

પ્રશ્ન : તો પછી તેના કારણ કોણ? કારણ કે, કાર્ય હોય અને કારણ ન હોય એ સંભવ નથી. કારણ વિના કાર્ય સંભવે નહીં. જો સુખ-દુઃખ છે, અને તે કાર્ય ફળ સ્વરૂપે છે તો તેના કારણરૂપે કોને માનવા ?

શું ઈશ્વરને કારણ માનવો ? જો ઈશ્વરને કારણ માનીએ તો કેટલા દોષો ઉભા થાય છે તેનો આપણે પહેલા વિચાર કરી ગયા છીએ. એટલે ફરી અહીયાં પુનરાવર્તન નથી કરતા. તો શું કાળ કારણ છે ? ના, કાળ પણ જડ છે. કાળ તો સર્વત્ર એક સરખો હોય છે. તો પછી એક સુખી અને બીજો દુઃખી શા માટે ? શું જયોતિષ ચક્રના સૂર્ય-ચન્દ્ર ગ્રહ-નક્ષત્રાદિ કારણ છે ? ના, એવું પણ નથી. કારણ એક જ રાશીવાળામાં પણ એક સુખી અને બીજો દુઃખી દેખાય છે. એક જ નક્ષત્રમાં જન્મેલા બધાં જ સુખી નથી પણ દેખાતા. એટલે જયોતિષ પણ પ્રબળ કારણ સિદ્ધ નથી થતું.

એટલે સર્વ દોષ રહિત એવુ પ્રબળ કારણ જો કોઈ સિદ્ધ થયું હોય તો તે એક માત્ર કર્મ. કરેલા શુભાશુભ કર્મોના કારણે જીવો સુખી-દુઃખી છે. એટલે કાર્યરૂપ દેખાતા સુખ-દુઃખના કારણરૂપે શુભાશુભ કર્મને જ માનવા એ નિર્દોષ પક્ષ છે. સત્યપક્ષ છે.

કાર્ય	→	સુખ	–	દુઃખ
		↑		↑
કારણ	→	શુભ કર્મ (પુણ્ય)	–	અશુભકર્મ (પાપ)

શુભ કર્મને જ પુણ્ય અને અશુભ કર્મને જ પાપ કહેવાય છે. આનાથી જ જન્ય સુખ-દુઃખ છે. એનું અનુમાન પણ એ રીતે સ્પષ્ટ થશે કે જ્યારે જ્યારે જે કોઈ સુખી-દુઃખી હશે તે અવશ્ય સ્વોપાર્જિત કર્મના કારણે જ હશે. જેમ જ્યાં જ્યાં ધૂમાડો હશે ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હશે. જેમ જયાં જયાં કાર્ય હશે ત્યાં ત્યાં કારણ અવશ્ય હશે. એ જ પ્રમાણે જ્યાં જયાં સુખ- દુઃખ હશે ત્યાં ત્યાં કર્મ અવશ્ય કારણરૂપ હશે જ. એ રીતે પણ કર્મ સિદ્ધ થાય

છે. ધૂમાડો દૂરથી દેખાય છે અને આગ નથી દેખાતી. તો પણ આપણે કાર્યથી કારણનું અનુમાન કરીએ છીએ. અર્થાત્ ધૂમાડાથી અગ્નિનું અનુમાન કરીએ છીએ. એમ સુખ દુઃખથી કર્મનું અનુમાન કરીએ છીએ.

ક્રિયાજન્ય કર્મ .....

જીવમાત્ર સંસારના વ્યવહારમાં ક્રિયા કરે છે. એક પણ જીવ એવો નથી કે જે સાવ નિષ્ક્રિય જ હોય અને કોઈ ક્રિયા કરતો જ ન હોય. તે સંસારમાં સંભવ જ નથી. આહાર, નિદ્રા ભય મૈથુન આદિની સર્વ સંજ્ઞાઓ જીવ માત્રમાં સંસારી અવસ્થામાં પડી છે. એટલે ક્રિયા સર્વત્ર છે. એટલું જરૂર કે ક્યાંક વ્યક્ત અને ક્યાંક અવ્યક્ત ક્રિયા પણ હોય તે સંભવે છે. આ ક્રિયા કરવા માટે સંસારી જીવોને ત્રણ સાધનો મુખ્ય મળ્યાં છે. ૧. મન. ૨. વચન અને ૩. કાયા (શરીર) ઈન્દ્રિય સાથે.

		કરણ		ક્રિયા
	→	મન	→	વિચાર
આત્મા	→	વચન	→	ભાષા (વાગ્ વ્યવહાર)
	→	કાયા	→	પ્રવૃત્તિ

સંસારમાં કેટલાક અસંજ્ઞી જીવોને મન પણ નથી મળ્યાં અને એકેન્દ્રિય જીવોને વચન યોગ પણ નથી મળ્યો. પણ કોઈ પણ સંસારમાં એવો જીવ નથી કે જેને કાયા (શરીર) ન મળી હોય. અર્થાત્ દરેકે દરેક જીવ માત્રને સંસારમાં શરીર મળ્યું છે અને તે શરીરના બારી-બારણાં રૂપ ઈન્દ્રિયો દ્વારા જોવા આદિની સર્વ પ્રવૃત્તિ જીવો કરે છે.

હવે આ ત્રણે સાધનો વડે જીવ જે જે ક્રિયા કરે છે તેનો કર્તા-માલિક-સ્વામી તો આત્મા જ છે. માટે મન-વચન અને કાયા કરે છે એમ નથી. તેના વડે વિચાર કરાય છે, વચન વડે વ્યવહાર કરાય છે, અને શરીર વડે અન્ય પ્રવૃત્તિ કરાય છે, માટે આ ત્રણે કરણ કહેવાય છે. એમના દ્વારા કરાયેલી ક્રિયાનું ફળ તો જીવને જ ભોગવવું પડે છે. કારણ કે ભવાન્તરમાં શરીર સાથે નથી જતું. આત્મા જ એકલો જાય છે. આત્મા તે તે ગતિ કે જાતિમાં જઈ ને પછી ત્યાં નવું શરીર ઉત્પન્ન કરે છે, બનાવે છે અને પછી તેના દ્વારા શુભાશુભ ફળ પણ ભોગવે છે.

ક્રિયાના પણ સારા-ખરાબ ભેદ....

આ સંસારમાં થતી ક્રિયા બે વિભાગમાં વિભક્ત કરી શકાય છે (૧) સારી (૨) અને ખરાબ. જેને બીજા શબ્દોમાં આપણે શુભ અશુભ પણ કહીએ છીએ. મન સારા વિચાર પણ કરે અને ખરાબ વિચાર પણ કરે. એ જ પ્રમાણે વચનયોગથી સારી ભાષા પણ બોલાય

અને ખરાબ ભાષા પણ બોલાય અને શરીરથી સારી પ્રવૃત્તિ પણ કરાય અને ખરાબ પણ કરાય. ઇન્દ્રિયોનો સારો ઉપયોગ પણ થાય અને ખરાબ ઉપયોગ પણ થાય.



હવે આપણે સંસારની સર્વ ક્રિયાને શુભ-અશુભ આ બે વિભાગમાં વહેંચીને સ્પષ્ટ સ્વરૂપે કેટલીક ક્રિયાનાં નામો જોઇએ.

ક્રિયા

શુભ (સારી) ક્રિયા	અશુભ (ખરાબ) ક્રિયા
૧. નમસ્કાર કરવો.	૧. તિરસ્કાર કરવો.
૨. દાન દેવું.	૨. કોઇનું ઝુંટવી લેવું.
૩. સમતા રાખવી.	૩. કષાય કરવો, ક્રોધ કરવો.
૪. નમ્રતા રાખવી.	૪. અભિમાન રાખવું
૫. સરલતા રાખવી.	૫. વક્રતા રાખવી, દગો, વિશ્વાસઘાત, માયા
૬. સંતોષ રાખવો.	૬. તીવ્ર લોભ કરવો.
૭. આવો પધારોનો આવકાર.	૭. જાઓ, શા માટે આવ્યા? અપમાન કરવું.
૮. હિતચિંતન.	૮. અહિત ચિંતન, અશુભ ચિંતવવું.
૯. મૈત્રી ભાવના.	૯. શત્રુતા, દુશ્મનાવટ, દ્વેષ રાખવો.
૧૦. જીવ રક્ષા (અહિંસા).	૧૦. જીવોને મારવા, હિંસા કરવી.
૧૧. દયા પાળવી.	૧૧. નિર્દયતા, ક્રુરતા દાખવવી, ઘાતકીપણું..
૧૨. સત્ય બોલવું.	૧૨. મૃષા બોલવું, ખોટું, અસત્ય બોલવું.
૧૩. ચોરી ન કરવી.	૧૩. ચોરી કરવી.
૧૪. બ્રહ્મચર્ય પાળવું.	૧૪. દુરાચાર, વ્યભિચાર, બળાત્કાર કરવો.
૧૫. અપરિગ્રહી રહેવું.	૧૫. સંગ્રહખોર, પરિગ્રહી બનવું.
૧૬. સન્માન સાચવવું.	૧૬. અપમાન કરવું.

શુભાશુભકર્મ કેવી રીતે બંધાય છે .....?

આટલી ક્રિયાઓને જોયા પછી અને ક્રિયાઓના શુભ અશુભના વર્ગીકરણ જોયા પછી એ સ્પષ્ટ થઇ જ જાય છે કે આ સંસારમાં આવી સર્વ ક્રિયા કરનારા જીવો છે. કારણ કર્તા એટલે કોણ? ક્રિયાનો કારક તે કર્તા. તો કર્તા કોણ જીવ. અર્થાત્ આ શુભ-અશુભ સર્વ ક્રિયાઓને કરનારા જીવો છે. સંસારમાં અનંતા જીવો છે. અને એથી જ સંસારમાં અનંત ક્રિયાઓ છે. આ સર્વ ક્રિયાઓનો કર્તા જીવ જે શુભ ક્રિયા કરે છે, તેમાંથી તે જીવો શુભ પુણ્યકર્મ ઉપાર્જન કરે છે. અને જે જીવો અશુભ ક્રિયા કરે છે તેમાંથી તે અશુભ પાપ કર્મ નિર્માણ કરે છે. આ ક્રિયાઓમાંથી જે હેતુપૂર્વક જે અદૃષ્ટ ઉત્પન્ન થાય છે તેનું જ નામ છે કર્મ. જેવી ક્રિયા કરે તેવું કર્મ બંધાય. જો ક્રિયા-વ્યવહાર-વર્તન શુભ તો સ્પષ્ટ જ છે કે તેનું કર્મ પણ શુભ. અને ક્રિયા-વ્યવહાર-વર્તન જો અશુભ હશે તો તેમાંથી નિર્માણ થતું અદૃષ્ટ તેનું જ નામ છે કર્મ પણ અશુભ.

કર્મની વ્યાખ્યા.....

આમ કર્મ શબ્દથી માત્ર ક્રિયા અર્થ જ નથી કરવો. પણ કંઇક વિશિષ્ટ વ્યાખ્યા કરવી છે. કર્મ શબ્દની વ્યાખ્યા કરતાં પૂજય દેવેન્દ્રસૂરી મહારાજ જેઓ કર્મશાસ્ત્રના રચયિતા છે. તેઓ કર્મશાસ્ત્રના પ્રારંભમાં કર્મ શબ્દની વ્યાખ્યા કરતાં ફરમાવે છે કે-

''कीरइ जीएण हेउहिं जेणं तो भन्नए कम्मं''

અર્થાત્ જીવ વડે હેતુપૂર્વક જે કરવામાં આવે છે, તે કર્મ કહેવાય છે. આ વ્યાખ્યામાં હેતુ શબ્દ અને જીવ આ બન્ને મહત્વના છે. જીવ પોતે મૂળ કર્તા છે. જીવ વડે જ ક્રિયા કરવામાં આવે છે. પણ કરાતી ક્રિયામાં પણ હેતુ તો હોય છે.

કેટલીક વાર ક્રિયા સરખી હોય છે પણ હેતુ જુદા-જુદા હોય છે. દા. ત. છરી ચલાવવાની ક્રિયા એક સર્જન ડૉકટર પણ કરે છે. ઓપરેશન વખતે સર્જન છરી ચલાવશે. પેટ ચીરશે, લોહી નીકળશે. અને આટલી આ દ્રશ્યતા એક ખૂનીમાં પણ દેખાશે. ખૂની પણ કોઇના પેટ ઉપર છરી ફેરવશે. પેટ ચીરાશે. લોહી નીકળશે. પણ ક્રિયાની સમાનતા હોવા છતાં પણ હેતુ-ભાવ જુદા જુદા છે. ડૉકટર મરતાને બચાવવા માંગે છે અને ખુની જીવતાને પણ મારવા માંગે છે. આ પ્રમાણે બન્નેના ભિન્ન ભિન્ન હેતુઓના કારણે બન્નેને કર્મબંધ પણ ભિન્ન-ભિન્ન બંધાશે. એકને પુણ્ય કર્મ તો બીજાને પાપ કર્મ. આ પ્રમાણે ક્રિયામાંથી કર્મ નિર્માણ થાય છે.

કરાતી ક્રિયાના આશ્રવ (આગમન) માર્ગથી અસંખ્ય કાર્મણ વર્ગણા જીવ ગ્રહણ કરે છે. અને તે કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમે છે. અને તે કર્મનું પિંડ કાર્મણ શરીર રૂપે થઇ

ને જીવની સાથે જનમ-જનમ સુધી સુક્ષ્મશરીર રૂપે સાથે રહે છે. અને તેના કારણે જીવને અનેક જન્મોમાં શુભ-અશુભ પરિણામ ભોગવવા પડે છે. કર્મની સંતતિ કહો કે પરંપરાનું આ ચક્ર એકધારું ચાલ્યા કરે છે.



કર્મ શું છે ?.....

કર્મના અસ્તિત્વ-સત્તા અંગે વિચાર્યું. તેની ઉત્પત્તિ અંગે વિચાર્યું. અત્યારે થોડો વિચાર એ પણ કરી લઈએ કે હકીકતમાં કર્મ છે શું ? ખરેખર, કર્મ શું કહેવાય છે ?

આગળના બે પ્રકરણમાં આપણે આત્મતત્ત્વ અંગે વિચાર કર્યો. અને એમાં પણ આત્મા કેવો છે ? આત્માના કેટલા ગુણો છે વગેરે વિષયો આપણે વિચાર્યા છે, તેમાં આત્માના જે આઠ ગુણો છે તેના ઉપર આવતા આવરણને કર્મ કહીએ છીએ. આગળ દર્શાવેલી એવી શુભા-શુભ ક્રિયાઓ જીવ સદાય સતત કરતો જ રહે છે. અને તે સારી ખરાબ ક્રિયાઓના કારણે આત્મામાં જે કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ પ્રવેશ કરે છે, તે આત્મ પ્રદેશો ઉપર છવાઇ જાય છે. જેમ આકાશમાં વાદળા છવાઇ જાય છે. આકાશ ઘેરાઇ જાય છે. અને તે વાદળાંના કારણે ચળકતો સૂર્ય પણ ઢંકાઇ જાય છે. સૂર્યનો તેજ-પ્રકાશ પણ ઢંકાઇ જાય છે. આવરાઇ જાય છે. અર્થાત્ સૂર્યના પ્રકાશને ધરતી ઉપર આવવામાં વાદળા આવરણરૂપ વચ્ચે આવી જાય છે અને પરિણામે ધરતી ઉપર સૂર્ય કે સૂર્યનો પ્રકાશ હોવા છતાં પણ નથી દેખાતો. એ જ પ્રમાણે આત્માના અનન્ત જ્ઞાન-દર્શનાદિ જે આઠ મુખ્ય ગુણો છે તેના ઉપર બાહરી કાર્મણ વર્ગણાના પરમાણુઓ આવીને, છવાઇ જાય છે. જેમ બંધ ઘરની લાદી ઉપર ધૂળ-અને કચરાનો ઢગલો જામતો જાય છે. અને એક દિવસ એટલા થર જામી જાય છે કે જેના કારણે સુંદર લાદી પણ દેખાતી નથી. એમ આત્મગુણો ઉપર જે આ કાર્મણ રજકણોનું આવરણ છવાઇ ગયું છે તે જ કર્મની સંજ્ઞા પામે છે. એટલે આત્મ ગુણોની આવરણ કાર્મણ રજકણો તે કર્મ કહેવાય છે. એનાથી આત્મગુણો ઢંકાઇ જાય છે.

આત્માના ૮ ગુણો	તેના આવરક ૮ કર્મો
૧. અનન્ત જ્ઞાન ગુણ	૧. જ્ઞાનાવરણીય કર્મ
૨. અનન્ત દર્શન ગુણ	૨. દર્શનાવરણીય કર્મ
૩. અનન્ત ચારિત્ર ગુણ	૩. મોહનીય કર્મ
૪. અનન્ત વીર્ય ગુણ	૪. અંતરાય કર્મ
૫. અનામી અરૂપી ગુણ	૫. નામ કર્મ
૬. અગુરુલઘુ ગુણ	૬. ગોત્ર કર્મ
૭. અનન્ત (અવ્યાબાધ)ગુણ	૭. વેદનીય કર્મ
૮ અક્ષય સ્થિતિ ગુણ	૮. આયુષ્ય કર્મ

ગુણ+ આવરણ = તે કર્મ. ગુણના ઉપર આવેલ આવરણ તે કર્મ. આવરણ અર્થાત્ આચ્છાદક -ઢાંકણું. જેમ વાદળા સૂર્ય તથા સૂર્યના પ્રકાશ સામે આવરણ રૂપ છે તેમ આત્માના જ્ઞાનાદિ ગુણોના આવરકને તે તે કર્મ કહેવાય છે. દા. ત. જ્ઞાન ગુણનું આવરક તે જ્ઞાનાવરણીય કર્મ. દર્શન ગુણના આવરક તે દર્શનાવરણીય કર્મ.

આત્માના આઠ ગુણો અને તેના આવરક આઠ કર્મો



સંસારના લોક વ્યવહારમાં થતી કોઇ પણ ક્રિયાફળની દૃષ્ટિએ નિરર્થક નથી થતી. ક્રિયા કરનાર ફળની અપેક્ષા તો રાખે છે. જેમ ખેતી કરનાર પાકની અપેક્ષા રાખે છે. પરીક્ષા આપનાર વિદ્યાર્થી પાસ થવાની આશા રાખે છે. રેસમાં દોડનાર વિદ્યાર્થી જીતવાની આશા તો રાખે છે. શુભક્રિયામાં કર્તા ફળની અપેક્ષા રાખે છે. અને તે મળશે કે નહીં મળે? આશા પ્રમાણે મળશે કે કેમ? ઇત્યાદિ વિચારણા કર્તાની ક્રિયા, ભાવના આદિ ઉપર આધાર રાખે છે. અશુભ ક્રિયા કરનાર કદાચ ફળની અપેક્ષા નહીં પણ રાખતો હોય. પણ અશુભ ક્રિયાનું અશુભ ફળ તો મળે જ છે. ચોરી કરનાર પકડાઇ તો નહીં જાઉં

અસંખ્ય આત્મ પ્રદેશો ઉપર છવાયેલી કાર્મણ વર્ગણાઓનાં રજકણો ક્રિયાના અદ્રશ્ય ફળ તે કર્માધીન



ને ? જેલમાં તો નહીં જવું પડે ને ? એવી ભીતિ રાખે છે. પ્રવૃત્તિ કરનાર પણ ભયભીત છે. અને ખોટું બોલનાર પણ પકડાવાની બીક તો ધરાવે જ છે. તેના ફળો તો નજર સમક્ષ દેખાય છે. સંભવ છે કે અહીંયા કોઇના હાથમાંથી છુટી જશે. અથવા છટકી જશે તે સંભવ છે. પણ આ શુભા-શુભ બંધાયેલી ક્રિયાના કારણે બંધાયેલા કર્મ જ એક એવી સત્તા છે કે જેના કારણે ભાવીના કાળમાં, ભાવિના જન્મોમાં, અથવા ભાવિની ગતિમાં જીવને તેના પરિણામ તો ભોગવવા જ પડે છે. અને ક્રિયા પછી ફળની પ્રાપ્તિની વચ્ચેના વર્ગો કે જન્મોનો કાળ વિક્ષેપ થવા છતાં પણ કર્મ વચ્ચે હતાં તો હજારો વર્ષો પછી તે કર્તાને શુભ-અશુભ ફળ પણ મળ્યું અને જો કર્મ જેવી કોઇ સત્તા જ ન માનવામાં આવે તો.. ક્રિયા પછી જન્માન્તરમાં ફળ કેવી રીતે મળશે?

દા. ત. એકજીવે આજે એક અશુભ-કે શુભ હિંસા કે જીવ રક્ષા આદિની ક્રિયા કરી. (અને જો કર્મ ન જ માનીએ તા) અને ૧ હજાર વર્ષ પછી ચોથા જન્મમાં માનો કે તેને તે કરેલી હિંસાનું ફળ મળવું જોઇએ. પણ થયેલી ક્રિયામાંથી કર્મ જેવું જો કંઇ પણ બંધાઇને આત્માની સાથે રહ્યું જ નહીં હોય તો ફળ કેવી રીતે મળશે? ફળ આપનાર કોઇ ઇશ્વર આદિ તો છે જ નહીં. તો પછી એ ક્રિયાને યાદ રાખનાર કોણ? કારણ, આપણાં કરેલા કર્મોને યાદ રાખનાર, કર્મોનો હિસાબ રાખનાર જીવ પોતે જ છે. બીજો કોઇ નથી. કરાતી ક્રિયા વખતે જીવે ગ્રહણ કરેલી કાર્મણ વર્ગણા તે ક્રિયાનું ફળ આપ્યા વિના તો એમ ને એમ કયાંથી ખરી જાય? તે જ કાર્મણ વર્ગણાનું જે પિંડ-કાર્મણ શરીર જે આત્માની સાથે લાગેલ છે તે જ ૧ હજાર વર્ષ, ૧ લાખ વર્ષ, અથવા ૧ કરોડ વર્ષ અથવા ૭૦ કોડાકોડી વર્ષ આદિ કાળ સુધી આત્માની સાથે રહેનાર છે અને તેના જ કારણે આત્માને ભવભ્રમણમાં સુખ-દુઃખ અનુભવવું પડે છે.

પોપટની પાંખ કાપવાના કારણે કાંડા કપાયા....

રાજકુમારી સુલોચનાએ પોપટ પાળ્યો હતો. પોપટ ઉપર અત્યન્ત પ્રેમ-સ્નેહ હતો.

અને એના કારણે એના વિના એક દિવસ પણ રહી નહોતી શકતી. યોગાનુયોગ જ્ઞાની ગીતાર્થ ગુરુમહારાજના ઉપદેશની અસર થઇ. અને તે પોપટને પોતાની પશુગતિ ઉપર ભારે અફસોસ થયો. અને આ ગતિમાંથી છૂટવા મનોમંથન કર્યું. ભૂતકાળના ભવોમાં કોઇ સુકૃત નહી કર્યું હોય તેના કારણે કદાચ આજે આ જન્મ મળ્યો હોય. એટલે આ વિચારી પોપટે નિર્ણય કર્યો કે જિનમંદિરે દર્શન કરવા જવું અને પછી જ આહાર લેવો. પોપટ બીજે દિવસે ઉડીને દર્શન કરવા ગયો. પણ આ બાજુ પોપટને ઉડીને ગયેલો જાણીને રાજકુમારી સુલોચનાને ભારે દુઃખ થયું. સ્નેહનાં કારણે તે મૂર્છા ખાઇ જમીન ઉપર ઢળી પડી. અને રાજસેવકો પોપટને પકડીને લાવ્યા. રાજકુમારીને સોંપ્યો. અત્યંત સ્નેહભરી રાજકુમારીએ પોપટને ખૂબ ઠપકો આપ્યો. અંતે રાજકુમારીએ પોપટ હવે મને છોડીને ઉડીને ચાલ્યો ન જાય તે માટે પોપટની બન્ને પાંખો કાપી નાંખી. માત્ર પાંખોના બે છેડા એના શરીર સાથે જોડાયેલા રહે એટલા પૂરતા રાખ્યા. પણ એથી પોપટ ઉડી ન શકે. આવુ બન્યા પછી પોપટે બિચારાએ ચારે પ્રકારના આહાર પાણીનો ત્યાગ કર્યો. અને આયુષ્ય પુરું કરી મૃત્યુ પછી તે શંખરાજા તરીકે જન્મ થયો. અને રાજકુમારી સુલોચના પણ પોપટના સ્નેહમાં તેના અભાવે કલ્પાંત કરીને મૃત્યુ પામી અને રાજા શંખની રાણી કલાવતી તરીકે જન્મી.

કર્યા કર્મ ભોગવવા પડ્યા .....

એક દિવસ રાણી કલાવતીનો ભાઇ જયસેન આવ્યો. પોતાની બહેન રાણીને મળ્યો. સોનાના બે કડાની ભેટ આપી અને સમયના અભાવે રાજાને મળ્યા વિના નિકળી ગયો. સ્ત્રીને સોનાના આભુષણોનો મોહ ઘણો હોય છે. રાણીએ તરત એ કડા પહેર્યા. અરીસામાં જોઇ ભાઇના વખાણ કરવા લાગી.અને બોલી.. આહા.. હા મારા ઉપર કેટલી લાગણી છે ! કેવા સુંદર સોનાના હીરાજડિત કડા આપ્યા છે.. વાહ.. !

- બસ, યોગાનુયોગ રાજાનું ત્યાંથી પસાર થવું અને શબ્દો રાજાના કાને પડ્યા. રાજાને ભારે અફસોસ થયો. અરે રે ! મારા હોવા છતાં પણ રાણી કોઇ પરપુરુષમાં આસકત લાગે છે. અને એટલામાં તો રાજાએ રાજસુભટો દ્વારા ચંડાળને બોલાવ્યો. અને કહ્યું, તું રાણીને જંગલમાં લઇ જા અને રાણીના બન્ને કડાવાળા કાંડા કાપી લાવ.

ચંડાળ રાણીને રથમાં બેસાડી ઘોર-ભયંકર જંગલમાં લઇ ગયો. અને એક ઝાટકે તલવાર કાઢી હાથના બન્ને કાંડા કાપીને લઇ આવ્યો. અને રાજાને અર્પણ કર્યા. ગર્ભવતી રાણીના બન્ને કાંડા ગર્ભવતી રાણીએ બાળકને જન્મ આપ્યો. પણ કેટલી તકલીફ ? બિચારી બે હાથ વિના કરે શું? રડતી રાણીએ પ્રભુ પાસે પોતાના શિયલ અને સતીત્વના આધારે પ્રાર્થના કરી. હાથ પાછા મેળવવા પ્રયત્ન કર્યો. મહાસતી કલાવતીને તેના બન્ને હાથ પાછા જેવા હતા તેવા થઇ ગયા. આ બાજુ રાજાને એ કડા ઉપર રાણીના ભાઇ જયસેનનું નામ વાંચી ભારે ખેદ થયો. અરે! મેં આ શું કર્યું ? અને રાજા સળગતી ચિતામાં

મરવા તૈયાર થયો. ત્યાં તો રાણીનો ભેટો થયો. રાજા બચી ગયો. એવા પ્રસંગે ત્યાંથી પસાર થતા જ્ઞાની ગીતાર્થમુનિ મહાત્માને રાજાએ હકીકત પૂછી. જ્ઞાની ગુરુએ પૂર્વજન્મના પાપની વાત કરી. હે રાજન્ ! ગયા જન્મમાં રાણી રાજકુમારી સુલોચના હતી. તું પોપટ હતો. અને રાજકુમારીએ તારી પાંખો કાપી હતી તે પાપ કર્મના કારણે આ જન્મમાં પોપટમાંથી રાજા થયેલા આ (શંખરાજાએ) પૂર્વકર્મનું વેર વાળવા રાણીના કાંડા કપાવ્યા છે. રાણીને સમજાઇ ગયું કે ''કર્મ તણી ગતિ ન્યારી'' હોય છે.

શ્રીપાલ રાજાનાં પાપકર્મો .....

મહારાજા શ્રીપાલે પણ શ્રીકાંતના ગત જન્મમાં સાધુઓને કોઢિયા કહ્યા, ચંડાળ કહ્યા. અને પકડીને નદી તળાવના પાણીમાં ડુબાડ્યા. આ પાપના કર્મો એટલા ગાઢ બંધાયા કે જેના કારણે શ્રીપાલના ભવમાં ગત જન્મના પાપો ઉદયમાં આવ્યા. અને ૨ વર્ષની ઊંમરમાં કોઢરોગ થયો. શ્રીપાલના માથે ચંડાળ તરીકેનો આરોપ મૂકાયો. ધવલશેઠે ધક્કો મારીને મધરાત્રે ભરદરિયામાં ફેંકી દીધો. પરંતુ નવ પદની આરાધનાના પ્રતાપે ઉગરી ગયો. એના જીવનમાં પણ કર્મની સજા કેટલીય ભોગવવી પડી. કર્યા કર્મ તે ભોગવ્યા વિના છૂટકો નથી, આ જન્મના કરેલા પાપકર્મો આવતા જન્મમાં ભોગવવા પડે છે. અને વર્તમાનકાળમાં કે ભૂતકાળમાં કરેલા પાપો ભાવિકાળમાં ભોગવવા પડે છે. ''કર્મ તણી ગતિ ન્યારી છે.'

સ્વભાવવાદ આદિ વાદોની ચર્ચા .....

બીજા ગણધર વિપ્રવર્ય શ્રી અગ્નિભૂતિ ગૌતમે સર્વજ્ઞશ્રી વીરપ્રભુની સાથે કર્મ વિષયક પોતાની શંકાને ટાળવાના હેતુથી વચ્ચે આવતા ઘણા વાદોની પણ ચર્ચા કરી, સ્વભાવવાદ, પરિણામવાદ, ઇશ્વરકૃતિત્વવાદ, નિયતિવાદ આદિવાદોની દૃષ્ટિએ ચર્ચા કરી. અને તે સર્વવાદોનું સમાધાન કારક સંતોષકારક ઉત્તર મળ્યા અને અંતે ગૌતમ કર્મવાદ ઉપર સ્થિર થયા.

બીજમાંથી અંકુર ઉત્પન્ન થયો છે તો તેમાં કોણ કારણભૂત છે ? શું સ્વભાવ ? શું કાળ ? અથવા શું નિયતિ? અથવા શું ઇશ્વર? અથવા શું બીજગત જીવ પોતે ? અથવા શું પરિણામ? અથવા શું કર્મ ? એ પ્રમાણે બીજમાંથી અંકુર ઉત્પન્ન થવામાં કારણ કોણ ? એ જ પ્રમાણે આ સંસારમાં પ્રત્યક્ષ અનુભવાતા સુખ-દુઃખની પાછળ કારણ કોણ ? એના નિર્ણય માટે બીજા કોઇ પણ વાદો નિર્દોષ સિદ્ધ નથી થતા. અંતમાં એક જ કર્મવાદ નિર્ણાયક અને નિર્દોષ સિદ્ધ થાય છે.

મોરના પીંછા વિવિધ વર્ણવાળા કેમ ? કમળ-કે ગુલાબ આદિ ફૂલોમાં વિવિધ વર્ણો કેમ ? કાંટો અણીદાર કેમ ? એમ જીવ દુઃખી કેમ? કોઇ આંધળો મૂંગો કેમ ? એવી વિવિધ વિચિત્રતાઓને સ્પષ્ટ રૂપે સમજવા માટે શું માત્ર સ્વભાવવાદથી ચાલશે ? પછી તો સ્વભાવ

શું છે? મૂર્ત છે કે અમૂર્ત છે? વસ્તુ છે કે વસ્તુગત ધર્મ છે ? ઇત્યાદિ અનેક પ્રશ્નો ઉપસ્થિત થશે. પ્રથમ સ્વભાવનો જ નિર્ણય કરવો પડશે. કારણ સ્વભાવ મૂર્ત તો છે નહીં. સ્વભાવ વસ્તુ પણ નથી. પરન્તુ સ્વભાવ મૂર્ત વસ્તુના ધર્મ તરીકે સાબિત થશે. કારણ જો અમૂર્ત માનવા જશું તો આકાશ જેમ અમૂર્ત છે તેમ તે પણ અમૂર્ત ઠરશે તો નિષ્ક્રિય થઇ જશે. એટલે વસ્તુગત ધર્મ માનવાથી તે કેટલાના કારણરૂપ બનશે. આકાશમાં થતા વાદળાઓમાં વિવિધ આકારવિશેષમાં શું સ્વભાવ માનવો ? કે કર્મ માનવો ? ના એ કંઇ એવું કાર્ય નથી કે જે કર્મકારણથી થાય. કર્મ તો જીવ જ બાંધે છે. જીવ વિના કોઇ પણ જડ પદાર્થ કર્મ ન બાંધે માટે વાદળા કર્મ નથી બાંધતા. એથી વાદળામાં થતા આકાર વિશેષ પવનની ગતિ આદિના કારણે છે પરન્તુ મોરના પીંછાના વિવિધ રંગો આદિ તે તે જીવના કર્મના કારણે છે.

છતાં પણ એક બીજને ફલિત થઇને અંકુર ફૂટવા માટે જેમ હવા, પાણી, માટી, પ્રકાશ આદિ વિવિધ કારણોની સામુદાયિક આવશ્યકતા છે, તેમ આત્માના સુખ-દુઃખ આદિ ભાવોમાં પણ કર્મ તો મુખ્ય કારણ છે જ. પરન્તુ તેની સાથે સાથે કાળ-સ્વભાવ-નિયતિ-પૂર્વકૃતકર્મ, અને પુરુષાર્થ આદિ એવા પાંચ સમવાયી કારણો માનવામાં આવ્યા છે. સામુદાયિક નિમિત્તતા કાર્યમાં રહે છે.. અને આ સર્વ નિમિત્ત કારણોમાં પણ પ્રધાન-ગૌણભાવ તો રહે છે. બીજા તો સહયોગી નિમિત્ત છે. પરન્તુ કર્મસત્તાની સિધ્ધિ માટેની આપણી વિચારણા ચાલે છે. અર્થાત્ સર્વત્ર સર્વ સંસારી જીવોની સુખ-દુઃખ આદિની સ્થિતિ તેમજ સંસારમાં વિષમતા, વિવિધતા, વિચિત્રતા, તથા વિપરીતતા આદિના કારણોમાં કર્મસત્તા પ્રબળ કારણ છે. અન્ય કારણો એના સહકારી કારણો છે.

કર્મનો કર્તા અને ફળનો ભોકતા આત્મા જ છે ....

यः कर्ता कर्म भेदानां भोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाता सह्यात्मा नान्यलक्षणः ।।

જે કર્મના વિવિધ ભેદોનો કર્તા છે. તથા કર્મના ફળોનો ભોકતા છે અને કરેલા કર્મના કારણે સંસારમાં અર્થાત્ સંસરણ પરિભ્રમણ કરતો હોય અને દર્શન જ્ઞાનાદિ આત્મગુણોની સાધના દ્વારા કર્મોને ખપાવી પણ શકતો હોય તે સર્વ ક્રિયાનો કર્તા આત્મા જ છે. આ પ્રમાણે પૂ. હરિભદ્રસૂરિમહારાજા ફરમાવે છે.

ધર્મનું લક્ષણ ....

આત્મા અને કર્મની સ્પષ્ટ સિદ્ધિ થઇ ગયા પછી ધર્મની સિદ્ધિ પણ એના ઉપરથી જ કરી શકાય છે. અર્થાત્ આત્મા ઉપર લાગેલા કર્મ રજના જે પરમાણુંઓ છે. જેનાથી આત્માના ગુણો ઢંકાઇ ગયા છે. તે કર્મરજ ને દૂર કરીને આત્મગુણોનો પ્રાદુર્ભાવ-પ્રગટ કરવા જે પુરુષાર્થ વિશેષ આત્માને કરવો પડે તે જ ધર્મતત્ત્વ છે. અને ધર્મ આત્મગુણોની સાધના નો જ થવાનો છે. આત્માના જે ગુણો દર્શન-જ્ઞાન- ચારિત્રાદિ છે તેનો જ પ્રાદુર્ભાવ ઉપર લાગેલ કર્મરજને ખસેડીને કરવાનો છે. અને તે માટે જે પ્રકારનો ધર્મ કરવો પડશે તે પણ આત્મ ધર્મ જ થશે. તે જ ગુણોના આચરણનો ધર્મ તે (૧) દર્શનાચાર ધર્મ, (૨)

જ્ઞાનાચાર ધર્મ, (૩) ચારિત્રાચાર ધર્મ, (૪) તપાચાર ધર્મ, (૫) વીર્યાચાર ધર્મ. આ મુખ્ય પંચાચારનો ધર્મ થયો. આ ધર્મની આરાધનાથી જ આત્મા ઉપર લાગેલા કર્મના આવરણો દૂર થશે. અને આત્મ ગુણોનો પ્રાદુર્ભાવ થશે. એજ આત્મ ધર્મ માટે જ સાધક ને 'સવ્વપાવપ્પણાસણો'નું લક્ષ રાખવાનું કહ્યું છે.

અગ્નિભૂતિ ગૌતમનું આત્મ સમર્પણ.....

બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ ગૌતમ.

छिन्नम्मी संसयम्मी जिणेण जरा-मरणविप्पमुक्केणं
सो समणो पव्वईओ पंचहिं सह खंडियसणहिं ॥१६४४ ॥

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ સ્વામીના ભાઇ શ્રી અગ્નિભૂતિ ગૌતમે પરમાત્મા શ્રી વીર પ્રભુની સાથે કર્મ વિષય ઉપર ઘણી વિસ્તૃત ચર્ચા કરી અને વેદના પદોનો અર્થ પણ વાસ્તવિક સમજ્યા, પ્રત્યક્ષ, અનુમાન. આગમાદિ પ્રમાણોથી કર્મસત્તા છે. એવું એ તર્ક-દલીલોથી સારી રીતે સમજ્યા. પરમાત્મા વીરપ્રભુ તો સર્વજ્ઞ-સર્વદર્શી છે. પ્રભુએ પણ અગ્નિભૂતિ ગૌતમના મનોગત ભાવોને સારી રીતે જાણીને સમાધાન કારક સૌમ્યભાષામાં ઉત્તર આપ્યા. સ્વભાવવાદ, ઇશ્વરકર્તુત્વવાદ, નિયતિવાદ, કાળવાદ, આદિ વિવિધવાદોના વિષયની પ્રભુની સાથે ખૂબ દલિલો કરી ચર્ચા-વિચારણા કરી અંતે પોતે કર્મસિદ્ધાન્તની શ્રદ્ધા ધારણ કરી. મનથી કર્મ પદાર્થનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકાર કર્યા પછી નિર્ણય કર્યો આ મહાજ્ઞાની સર્વજ્ઞના ચરણોમાં જીવન સમર્પિત કરી દેવું જોઇએ. અને અગ્નિભૂતિ ગૌતમે પ્રભુની સમક્ષ ઉપસ્થિત થઇને, ત્રણ પ્રદક્ષિણા દઇને નમસ્કાર વંદના કરીં. અને વંદના કર્યા પછી પોતાના ૫૦૦ શિષ્ય પરિવાર સાથે પ્રભુના ચરણોમાં સંયમ સ્વીકાર કર્યું. જન્મજરા તથા મરણથી રહિત એવા શ્રી શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે સર્વસ્વનો ત્યાગ કરીને ચારિત્ર લીધું સાધુ બન્યા–સાચા અણગાર–સાધુ થયા.

શ્રી વીરપ્રભુના ચતુર્વિધ શ્રી સંઘમાં બીજા ગણધરપદે બિરાજમાન થયા અને અંતમાં રાજગૃહિ નગરીમાં એક માસ ઉપવાસ સહિત અન્તિમ સંલેષણા સ્વીકાર કરીને નિર્વાણ પદ-મોક્ષપદ પામ્યા. તેમના ૫૦૦ શિષ્યો પણ ગુરુના શરણે ગયા. અને ૫૦૦ શિષ્યો પણ નિરતિચાર ચારિત્ર પાળી સ્વાત્મ કલ્યાણ સાધ્યુ. કર્મનો સંશયતો છેધ્યો પરન્તુ બધા **કર્મોને પણ છેધ્યા અને સદાના માટે અકર્મી બન્યા.**

(શુભં ભવતુ)

(''કર્મ સિદ્ધિ''ના વિષયમાં ગણધરવાદનો આશ્રય લઇને તેમજ સ્વમતિથી અન્ય આધારો દ્વારા સર્વ સામાન્ય લોકોને આ વિષય સ્પષ્ટ કરવાનો એક લંઘુ પ્રયત્ન કર્યો છે.) સર્વ જીવો સર્વકર્મથી મુક્ત બનો એજ અભિલાષા.

ત્રીજા ગણધર

શ્રી વાયુભૂતિ ગૌતમ

દેહ ભિન્ન આત્મસિદ્ધિ

(વ્યાખ્યાન પાંચમું)

શંકા : શું આત્મા શરીરથી ભિન્ન છે ?

ते पव्वइअे सोउं तइओ आगच्छई जिणसगासं ।
वच्चामि ण वंदामी वंदित्ता पज्जुवासामि ॥ १६४५ ॥

પરમ પૂજ્ય અનન્ત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર પૂર્વક...

શ્રી વિશેષાવશ્યકભાષ્ય મહાગ્રન્થમાં પૂ. જિનભદ્રગણી ક્ષમાશ્રમણજી મ. ગણધરવાદના વિષયમાં હવે ત્રીજા ગણધર શ્રી વાયુભૂતિ ગૌતમની શંકા અને તેના સમાધાનનો અધિકાર ફરમાવે છે.

પોતાના બન્ને મોટાભાઈ શ્રી ઈન્દ્રભૂતિ અને શ્રી અગ્નિભૂતિએ સર્વજ્ઞ શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધેલ છે. શંકાઓનું સમાધાન થતા, વાદમાં પરાભવ પામતા વીરના ચરણોમાં જીવન સમર્પિત કરી તેમનું શિષ્યત્વ સ્વીકારી આર્હત્ ચારિત્ર લઈ સાચા અણગાર-સાધુ બન્યા છે. પ્રવ્રજિત થયા છે. એથી ઈન્દ્રભૂતિ ગૌતમના નાનાભાઈ દ્વિજોત્તમ ઉપાધ્યાય શ્રી વાયુભૂતિ ગૌતમ પણ આ સાંભળીને પોતે પણ ત્યાં જવાની ઉત્કંઠાથી વિચારે છે કે જે મારા જ્યેષ્ઠ બંધુઓને વંદનીય છે, જે તેમને પૂજ્ય છે, તે જ મારા માટે પણ વંદનીય છે. અને પૂજનીય છે. જે તેમના ગુરુ છે તે મારા પણ ગુરુ હોજો. જેને ત્રિભુવનના લોકો પ્રણામ કરે છે તેને હું પણ જઈને વંદન કરું. વંદન કરીને તેમની પર્યુપાસના સેવા-ભક્તિ કરું અને હું પાપ રહિત થાઉં- સંશય રહિત થાઉં. આ પ્રમાણે વિચારીને તે દ્વિજોપાધ્યાય વાયુભૂતિ શ્રી જિનેશ્વરપરમાત્મા પાસે પોતાના ૫૦૦ શિષ્યોના પરિવાર સાથે આવ્યા. સમવસમણે પ્રવેશ કર્યો.

आभट्ठो य जिणेणं जाइ-जरा मरण विप्पमुक्केणं ।
नामेण य गोत्तेण य सव्वण्णूसव्वदरिसीणं ॥ १६४८ ॥

જન્મ-જરા-અને મરણથી રહિત એવા સર્વજ્ઞ-સર્વદર્શી ભગવાન, અનન્ત કરૂણાના સાગર જિનેશ્વર શ્રી મહાવીર પ્રભુએ મધુરવાણીએ તેમને નામ અને ગોત્રપૂર્વક સંબોધન કરીને બોલાવ્યા હે ગૌતમ ગોત્રીય વાયુભૂતિ! તમે ભલે પધાર્યા. સુખેથી આવો. આ પ્રમાણે

ખૂબ મીઠો આવકાર આપીને બોલાવ્યા. અને વાયુભૂતિ પણ આવા પ્રેમાળ આવકારથી આનન્દ પામીને સમવસરણના ત્રીજા ગઢમાં ઉપર આવ્યા.

શંકાનું પ્રગટીકરણ....

तज्जीवतस्सरीरंति संसओ नडवि य पूच्छसे किंचि ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थे ॥ १६४९ ॥

હે વાયુભૂતિ ગૌતમ! તને એવો સંશય છે કે જે જીવ છે તે જ શરીર છે? કે જીવ શરીરથી ભિન્ન છે ? અથવા શરીર એ જ આત્મા છે કે જૂદો કોઇ આત્મા છે ? તે જ જીવ અને તે જ શરીર આ પ્રમાણે માનનારા તેં આત્મા અને શરીરમાં ભેદ ન સ્વીકારતા દેહાત્મવાદ (શરીર એ જ આત્મા) એવો પક્ષ સ્વીકારી લીધો છે. પરન્તુ આવી શંકા છે તો પછી તું મને પૂછતો કેમ નથી.

બે ભાઈઓની શંકાઓમાં તફાવત....

મોટાભાઇ ઇન્દ્રભૂતિ ગૌતમ અને નાનાભાઇ વાયુભૂતિ ગૌતમ બન્નેની શંકાનો વિષય એક જ છે 'આત્મા', પરન્તુ બન્નેમાં ફરક એટલો જ છે કે ઇન્દ્રભૂતિ ગૌતમ આત્મા જેવી કોઇ વસ્તુ છે જ નહીં.' આત્મા નામનો કોઇ પદાર્થ અસ્તિત્વ નથી ધરાવતો. એમ માને છે. 'જ્યારે લઘુ બંધુ વાયુભૂતિ ગૌતમ આત્મપદ વાચ્ય કોઇ વસ્તુનું અસ્તિત્વ સ્વીકારે છે. પણ તે શરીરનેજ આત્મા માને છે. શરીરથી જૂદો, ભિન્ન સ્વતંત્ર કોઇ આત્મ દ્રવ્ય તે નથી માનતા. એટલે શરીરનેજ આત્મા માનવાની વૃત્તિવાળા વાયુભૂતિ ગૌતમ દેહાત્મવાદી છે. તેમની માન્યતા એવી છે કે જે જીવ છે તે જ શરીર છે, અને જે શરીર છે તે જ જીવ (આત્મા છે). બન્ને એક જ છે. જૂદા નથી. બન્ને ભાઇઓની શંકાનું કારણસ્થાન વેદ વાક્ય પણ એક જ છે. 'વિજ્ઞાનઘન' આ વેદ પદનો અર્થ વિચારતા ઇન્દ્રભૂતિ ગૌતમે- न प्रेत्यसंज्ञाऽस्ति આ પદનો પ્રેત્યસંજ્ઞા અર્થાત્ પાછળથી આત્મા જેવી કોઇ સંજ્ઞા, પરલોકગામી કોઇ સંજ્ઞા જેવું કંઇ રહેતું નથી. માટે એ પ્રમાણે અર્થ કરવાથી આત્મા છે જ નહીં.'' એવો નિર્ણય તેમને કરી લીધો હતો. જ્યારે બીજાભાઇ વાયુભૂતિની શંકાનું કારણ સ્થાન પણ આ જ શ્લોક છે. પણ અર્થ જૂદો કર્યો છે.

શંકા થવાનું કારણ .....

કરુણાના સાગર અને દયાના ભંડાર શ્રી વીરપરમાત્માએ કહ્યું - હે ગૌતમ ! તમે વેદ પદોનો સાચો અર્થ ન કર્યો, અને તેથી તમને શંકા થઇ છે.

તે વેદ વાક્ય આ પ્રમાણે છે –

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय ।
तान्येवाऽनु विनश्यति, न प्रेत्यसंज्ञास्ति ॥

- વેદનો આ શ્લોક વાંચતા અને તેનો યોગ્ય અર્થ ન કરતા ''શરીરથી ભિન્ન એવો કોઇ આત્મા નથી પરંતુ શરીર એજ આત્મા છે એવું તું સમજી બેઠો- કારણ કે તેં આ વાકયનો અર્થ આ પ્રમાણે કર્યો કે – (વિજ્ઞાનઘન એવ) એટલે વિજ્ઞાનનો જે સમુદાય (એતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય) આ પૃથ્વી આદિ ભૂતોમાંથી ઉત્પન્ન થઇને (તાન્યેવાઽનુ વિનશ્યતિ) અને આત્માની પૃથગ્ સંજ્ઞા નથી. અર્થાત્ શરીર રૂપે પરિણમેલા ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાયજ ઉત્પન થાય છે. તેથી વિજ્ઞાનનો આધાર ભૂતો છે. તેથીજ વિજ્ઞાનના સમુદાય રૂપ આધાર જે આત્મા છે તે શરીરથી પૃથગ્ નથી. એટલે જ કહ્યું છે – (ન પ્રેત્યસંજ્ઞાઽસ્તિ) શરીરથી પૃથગ્ જૂદો આત્મા નથી. શરીર અને આત્માની પૃથગ્ સંજ્ઞા નથી.

વાયુભૂતિની માન્યતા....

આ પ્રમાણે વેદવાકયનો અર્થ બેસાડી અને તેનેજ યોગ્ય માની લીધો તેથી વાયુભૂતિ ગૌતમની એવી માન્યતા થઇ ગઇ છે. શરીર એ જ આત્મા છે. ચૈતન્યશકિત એ ભૂતોના સમુદાયમાંથી જ ઉત્પન્ન થાય છે. દૃષ્ટાંતની પણ એક સમાનતા વાયુભૂતિને મળી ગઇ. - જેમ મદિરાના અંગો જે છે તેમાંથી મદશકિત ઉત્પન્ન થાય છે. ગોળ, દ્રાક્ષ, ધતુરાના ફૂલ, મહુડાના ફૂલ વગેરે જે મદિરાના અંગો છે. અર્થાત્ તેમાંથી દારૂ (મદિરા) બને છે તેના સમુદાય અર્થાત્ તેમને ભેગા કરવાથી અને સડાવવા ગળાવવાથી તેમાં જે મદશકિત નિર્માણ થાય છે તેજ પ્રમાણે પૃથ્વી-જલ-તેજ-વાયુ આદિ ભૂતોના સમુદાય (પરસ્પર મળવા)થી ચેતના શકિત શરીરમાં ઉત્પન્ન થાય છે. કારણ કે શરીર એ ભૂતસમુદાયનો પિંડ જ છે. એટલે મદિરાના અંગોના સમુદાયની જેમ ભૂતોના સમુદાયના પિંડરૂપ આ શરીરમાં જે ચેતના ઉત્પન્ન થાય છે તે જ આત્મા છે. અને તે જૂદો નથી દેખાતો માટે શરીર એ જ આત્મા છે.

અને ધર્મ-ધર્મી પરસ્પર અભેદભાવે રહે છે. તેમનામાં ભેદ નથી હોતો. એ વાતથી પણ તને ઉપરની વિચારધારા યોગ્ય લાંગી. અને ધર્મી ભૂતજન્ય શરીર અને તેમાં ઉત્પન્ન થતો ધર્મ તે ચેતના - આ બેમાં ભેદ તો હોય જ નહીં. માટે બન્ને અભેદભાવે એકજ છે. માટે જીવ અર્થાત્ ચેતના અને શરીર બન્ને એક છે. બે જૂદા પૃથગ્ હોઇ જ ન શકે. આવી તારી માન્યતા થઇ ગઇ. પણ બીજી બાજુ બીજા પણ વેદના પદો તેં જોયા, જેવા કે :-

न हि वै सशरीरस्य प्रियाप्रियोरपहतिरस्ति ।
अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः ॥

– શરીરવાળા આત્માને પ્રિયાપ્રિયનો આભાવ નથી. અને શરીર વિનાના શુદ્ધ આત્માને પ્રિયાપ્રિય સ્પર્શતા નથી. આ વેદ વાકયથી ફલિત થાય છે કે જીવ શરીરથી ભિન્ન છે. એટલે સંશય ઉભો થયો કે જીવ શરીરથી ભિન્ન છે કે અભિન્ન? આ વેદ વાકય તારી શંકાનું કારણ બન્યું. અને બીજી બાજુ આત્મા શરીરથી પૃથગ્ છે એવી સ્પષ્ટ ધ્વનિ નિકળે

છે તેવા વેદ વાક્યો પણ છે. દા. ત. ...

सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं ।
ज्योतिर्मयो शुद्धो, यं पश्यति धीरा यतयः संयतात्मानः॥

– અર્થાત્ જ્યોતિર્મય અને શુદ્ધ એવો આ આત્મા સત્ય, તપસ્યા, અને બ્રહ્મચર્ય વડે જણાય છે. (यं पश्यति धीरा यतयः संयतात्मानः) એટલે જે આત્માને ધીર અને સંયમી સાધુઓ દેખે છે. આનાથી સિદ્ધ થાય છે કે આત્મા શરીરથી પૃથગ્ છે.

આ પ્રમાણે જુદા-જુદા વેદવાક્યો તારી નજરમાં આવતા અને તેમના તેં જે પ્રમાણે અર્થો કર્યા છે તેથી તું દ્વિધામાં પડયો છે. કારણ કે એકવેદ વાકયમાં આત્મા શરીરથી જૂદો પૃથગ્ નથી. અને બીજા વેદ વાકયમાં એમ આવે છે કે આત્મા સ્વતંત્ર શરીરથી જૂદો છે. આ પ્રમાણે પરસ્પર વેદ વાકયોમાં અને અર્થોમાં ઉભા થતા વિરોધાભાસથી તું દ્વિધામાં પડયો.... કે સાચું શું સમજવું. અને તેથી તને શંકા થઇ કે આત્મા શરીરથી જૂદો છે કે નહીં....અને સંશયનું સ્વરૂપ તો એવું જ હોય છે..

साधक–बाधक प्रमाणाभावादनवस्थितानेककोटि संस्पर्शिज्ञानं संशय : ॥

અર્થાત્ સાધક અને બાધક બન્ને પ્રમાણોના અભાવથી અનેક કોટિ વિષયોને સ્પર્શતુ અસ્પષ્ટજ્ઞાન તે સંશય જ્ઞાન કહેવાય છે. એટલેજ તને સંશય થયો છે કે આત્મા અને શરીર જુદા-જૂદા માનવા કે એક માનવા? એટલે તારો મત 'तज्जीव-तत्शरीरवाद' વાળો બન્યો. અર્થાત્ તે જ જીવ અને તે જ શરીર. એથી દેહાત્મવાદનો તારો પક્ષ બન્યો. પરન્તુ હે વાયુભૂતિ ગૌતમ ! તે યોગ્ય નથી.

વેદ પદોના સાચા અર્થ .....

હે ગૌતમ ! ઉપરોકત જે વેદ પદો અને તેનો અર્થ જે તું કરે છે અને તેનાથી તને જે સંશય થયો તે ટાળવા માટે તો પ્રથમ વેદપદોના સાચા અને વાસ્તવિક જેવા અર્થ થતા હોય તેવા તું અર્થ કર... હું તે પદોના સાચા અર્થ સમજાવું છું તેનાથી તારી શંકા ટળી જશે.

विज्ञानघन एवैतेभ्यो भूतः समुत्थाय ।
तान्येवाऽनु विनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति ॥

સાચો અર્થ (विज्ञानघनएव) वि=विशिष्ट+ज्ञान તે વિજ્ઞાન. તેનો ઘન-અર્થાત્ સમુદાય. એટલે જ્ઞાન. દર્શનનો જે ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય છે. તે આ વિજ્ઞાનના (ઘન) સમુદાયરૂપ જે આત્મા. (एतेभ्यो भूतेभ्य : समुत्थाय) જ્ઞેયરૂપ જે પૃથ્વી પાણી-અગ્નિ વાયુરૂપ ભૂતો છે તે ભૂતોમાંથી ઉત્પન્ન થયેલા, અથવા ભૂતોના વિકાર થકી ઉત્પન્ન થયેલા પૃથ્વી-વસ્ત્ર, ઘડો વગેરે.. આ ભૂતોના ઉપયોગ રૂપે ઉત્પન્ન થઇને, (तान्येवाऽनु विनश्यति) તે જ ઘટ વગેરે ભુતોનો જ્ઞેયપણે નાશ થતા આત્માનો પણ તદ્રૂપ ઉપયોગ બદલાય છે.

(નાશ પામે છે) પદાર્થ બદલાતા આત્માનો જ્ઞાન-દર્શનોપયોગ પણ બદલાય છે. કારણ કે ઉપયોગ વર્તમાનકાલિક હોય છે. (न प्रेत्यसंज्ञाऽस्ति) પણ પૂર્વના ઉપયોગ વાળો આત્મા હવે ન રહ્યો હોવાથી તે પૂર્વના ઉપયોગરૂપ સંજ્ઞા નષ્ટ થઈ. સંજ્ઞા રહેતી નથી.

આત્માના દરેક પ્રદેશે જ્ઞાન-દર્શનના ઉપયોગરૂપ અનંતા પર્યાયો રહેલા છે. તે વિજ્ઞાનના સમુદાયથી આત્મા કથંચિત્ અભિન્ન છે. એટલે વિજ્ઞાનમય છે. જ્યારે ભૂત જન્ય ઘટ-પટાદિ જે પૃથ્વી આદિમાંથી બનેલા છે તેનો તો ઉત્પાદ વિનાશ થતો જ રહે છે અને પૌદ્ગલિક પદાર્થોની તો પર્યાયો બદલાતી રહે છે. જે વખતે જે પર્યાય સ્વરૂપે તે તે ભૂત પદાર્થ આત્મા સમક્ષ આવશે ત્યારે આત્મા તદાકાર, તે વિષયના (પદાર્થના) જ્ઞાનાકાર થશે. એટલે આત્મા ઘટાકાર, પટાકાર એમ ભિન્ન ભિન્ન આકાર વાળો અર્થાત્ ઉપયોગવાળો થશે. તેથી જ વેદ વાક્યમાં જે કહ્યું છે કે- "न प्रेत्यसंज्ञाऽस्ति" એટલે બીજા પદાર્થના ઉપયોગ વખતે પૂર્વના પદાર્થની ઉપયોગરૂપ સંજ્ઞા હવે રહેતી નથી. આવો અર્થ સ્પષ્ટ સાચો અર્થ છે. તો તારે પણ આવો જ અર્થ કરવો જોઈએ. જેથી આત્મા શરીરથી ભિન્ન સિદ્ધ થશે. કારણ કે શરીરને તો જ્ઞાન થતું નથી. શરીર જ્ઞાનકાર રૂપે પરિણમતું નથી. કોઈ પણ જ્ઞેય પદાર્થો વારાફરતી ક્રમે ક્રમે ઉત્પત્તિ-વિનાશના કારણે બદલાતા જાય તો પણ શરીર તદાકાર થતું નથી. અને શરીર જ્ઞાનનું આધાર સ્થાન નથી માટે તદાકાર નથી.

શરીર તો એવુંને એવુંજ રહે છે. હા, શરીરમાં ગમે તેટલા પરિવર્તન આવે તો તેથી તે માત્ર નાનામાંથી મોટો થશે. સ્થૂલ-કૃશ (પાતળો-જાડો) થશે. પણ શરીર ક્યારેય જ્ઞાન નથી કરતું ? જોતું-કે જાણતું નથી. પણ જોનાર અને જાણનાર તો એક માત્ર આત્મા જ છે.

જોનાર-જાણનાર તે આત્મા ....

જો જોનાર કે જાણનાર આત્મા ન હોય તો મૃત્યુ પછી—જીવના ગયા પછી; પડેલુ મડદું હવે કેમ કંઈ પણ જોતું નથી ? કે જાણતું નથી ? તમારા મત પ્રમાણે તો શરીર જ આત્મા છે તો તેજ જૂએ અને જાણે ને ? તો મૃતકાવસ્થામાં શરીર છે છતાં પણ હવે જોવા-જાણવાની કોઈ ક્રિયા તે કરતુ નથી. પણ પહેલા અર્થાત મૃત્યુ પહેલા જ્યારે શરીરમાં જીવ હતો ત્યારે તો તે જાણતો-જોતો હતો. તે ક્રિયામાં શરીર સહાયક હતું. શરીર જાણવા જોવાની ક્રિયામાં કારણરૂપે હતું. પણ કરણનો કર્તા તો આત્મા જ હતો. અર્થાત્ જોનાર અને જાણનાર તો આત્માજ હતો. પરન્તુ તે આંખ વડે જોતો હતો. કાન વડે સાંભળતો હતો. આંખ જૂએ છે ? કે આંખ વડે જોઈએ છીએ ? આ વાક્યમાંથી કઇ વાક્યરચના (ભાષા) સાચી કહેવાશે ? તો કોઈ પણ કહેશે કે-'આંખ વડે જોઈએ છીએ' એ જ સાચી ભાષા છે. આમાં આંખ કરણ થઈ. જોવાનું સાધન થઈ પણ જોનાર તો આત્મા જ કહેવાશે.

આત્મા વિશે ભિન્ન ભિન્ન માન્યતા....

આત્માસ્તિત્વવાદી દર્શનો જગતમાં ઘણાં છે. ષડ્ દર્શનો આત્મસ્વરૂપનું પ્રતિપાદન કરે છે. જૈન, બૌદ્ધ, સાંખ્ય મીમાંસા, વૈશેષિક, વેદાન્ત આદિ દર્શનો આત્મસ્વરૂપનું પ્રતિપાદન કરે છે. પણ બધાની દૃષ્ટિ અને માન્યતા ભિન્ન-ભિન્ન છે. નાસ્તિક મતવાદી,

ચાર્વાકો જે આત્માને એક સ્વતંત્ર ચેતન દ્રવ્ય તરીકે ન સ્વીકારનારા પણ ભાષાકીય દૃષ્ટિએ આત્મા-ચેતના વગેરે શબ્દો વાપરે છે. પણ આ આત્મા-શબ્દથી વાચ્ય ચાર્વાક દર્શનમાં કોણ અને શું છે? તેઓ આત્મા કોને કહે છે?

(૧) દેહાત્મવાદ–દેહ એ જ આત્મા છે.

(૨) મનોમયાત્મા – મનને આત્મા કહેનારા.

(૩) ઇન્દ્રિયાત્મા – ઇન્દ્રિયો એ જ આત્મા છે.

(૪) ભૂતચૈતન્યવાદ પૃથિવ્યાદિભૂતોમાંથી ઉત્પન્ન ચેતના –શકિત તે આત્મા.

(૫) પ્રાણમયાત્મા –લેવાતા શ્વાસોશ્વાસરૂપ પ્રાણ એ જ આત્મા છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન મત ધરાવનારા ઘણાં પક્ષો છે. અને એ પ્રમાણે એમની દૃષ્ટિ છે. આ મત કેટલા ટકા સાચા છે? અને કેટલા ટકા કેવી રીતે ખોટા છે તેની વિવેચના આપણે કરવી જોઇએ.

ભૂત ચૈતન્યવાદમત ખંડન .....

વસુહાઇભૂયસમુદયસંભૂયા ચેયણત્તિ તે સંકા ।
પત્તેયમદિટ્ઠાવિ હુ મજ્જંગમઓ વ્વ સમુદાએ ॥ ૧૬૫૦ ॥
જહ મજ્જંગેસુ મઓ વીસુમદિટ્ઠોઽવિ સમુદએ હોઉં ।
કાલંતરે વિણસ્સઇ તહ ભૂયગણમ્મિ ચેયણ્ણં ॥૧૬૫૧ ॥

શ્રી વીરપ્રભુએ વાયુભૂતિના મનમાં રહેલી ભુતચૈતન્યવાદી માન્યતાને પ્રગટ કરતા કહ્યું હે વાયુભૂતિ ગૌતમ ! નાસ્તિકવાદી ચાર્વાક (તમારી) માન્યતા એવી છે કે પૃથ્વી-પાણી-અગ્નિ, વાયુ આદિ ભૂતોના સમુદાયમાંથી થયેલ ચેતના તે જ આત્મા છે. જેમ દારૂમાં રહેલ નશો દારૂ જેમાંથી બને છે, તે પદાર્થોમાં સ્વતંત્ર અલગ-અલગમાં નથી દેખાતો પણ તે બધા પદાર્થોને ભેગા કરીએ તો તેના સમુદાયમાં જ દેખાય છે. અર્થાત્ ધાવડીના ફળ, મહૂડાના ફળ, ગોળ, દ્રાક્ષ, આદિ પદાર્થોમાં સ્વતંત્ર રૂપે મદિરાનો અંશ નથી દેખાતો પણ તે બધાને મિશ્રિત કરીએ તો તેના સમુદાયમાં દેખાય છે. અને તે જ પ્રમાણે પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુમાં જ્યારે તે જૂદા જૂદા હોય છે ત્યારે આત્મા નથી દેખાતો. અને તે

બધા ભૂતોનો સમુદાય એકત્ર થાય છે ત્યારે તેમાં દેખાય છે તે ચેતના શકિત જ આત્મા છે. અને જેમ કાળાન્તરે દારૂની થયેલ અસર ઉતરી જાય છે તેમ ભૂતોના સમુદાયમાં ઉત્પન્ન થયેલ ચેતના (આત્મા) કેટલોક કાળ તેમાં રહીને પછી કાળાન્તરે વિનાશક સામગ્રીઓના મળવાથી ચેતના પણ નાશ પામી જાય છે. એટલે ચૈતન્ય એ ભૂતોનો ધર્મ છે. ચૈતન્ય ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે. એવી આ તમારી માન્યતા યોગ્ય નથી.

કારણક કે - વ્યકિતગત એક એક અંગમાં જે સ્વતંત્રરૂપે નથી તો તે સમુદાયમાં કયાંથી ઉત્પન્ન થઈ જાય ? દા.ત. રેતીના કણ કણમાં તેલ નથી તો રેતીનાં સમુદાયમાં જેમાં અસંખ્ય રેતીના કણ મિશ્રિત છે તેને સમુદાયમાં પીલવાથી તેલ ઉત્પન્ન થશે ? નહીં જ થાય.

તે જ પ્રમાણે ભૂતોમાં સ્વતંત્રાવસ્થામાં પૃથ્વી-જલ-અગ્નિ- વાયુ આદિમાં ચેતના નથી તો તેના સમુદાયમાં કયાંથી આવશે ? અને તમે જે દૃષ્ટાંત આપ્યુ છે તે પણ દોષયુકત છે. કારણ કે મદશકિત મદોત્પાદક બધા અંગમાં છે. જેમ ધાવડીના ફૂલમાં ચિત્તભ્રમ કરવાની શકિત છે. ગોળ, દ્રાક્ષ, શેરડીના રસમાં તૃપ્તિનો ગુણ છે. પાણીમાં તરસ છીપાવવાનો ગુણ છે. પ્રત્યેકમાં સ્વતંત્ર ગુણ છે. અને પ્રત્યેકના સડન ગલનમાં મદિરાનો ગુણ પ્રથમથી જ છે. ત્યારે તેમના સમુદાયમાં (સમૂહમાં એકત્ર મિશ્રિત થતા) તે બધાનો એક સમુહ ગુણ ઉત્પન્ન થાય છે અને તે છે મદિરા કે જેના પીવાથી શું અસર થાય છે. એટલે મદિરાની જેમ તમે ચેતના શકિત ન કહો જો ભૂતોના સમુદાયમાંથી ચેતનાશકિતનો પ્રાદુર્ભાવ માનશો તેના પ્રત્યેક પૃથગ્-પૃથગ્ અવયવોમાં પણ ચેતના શકિત માનવી પડશે. પણ તે તો પૃથિવ્યાદિમાં દેખાતી નથી. જો હોય, એમ માનીએ તો મૃતક (મડદા)ના શરીરમાં પૃથિવ્યાદિ ભૂતોનો સમુદાય છે છતા પણ તેમાં ચેતના શકિત કેમ નથી?

હવે તમે એમ કહેશો કે કોઇ વિઘાતક, વિનાશક પ્રબલ નિમિત્ત ના કારણથી ચેતના હવે એમાં રહી નથી, અને એક દિવસ નષ્ટ થઇ ગઇ. જેમ મદિરાના કારણે માણસમાં જે મદ શકિત ઉત્પન્ન થાય છે તે કાળાન્તરે તો જતી રહે છે. નાશ પામી જાય છે. તેમજ ભૂતોમાંથી જન્મેલી ચેતના શકિત પણ કાળાન્તરે નષ્ટ થઈ જાય છે.

આ પણ તારી યુકિત યોગ્ય નથી. મઘાંગોના સમુદાયમાં મદ શકિતના આવિર્ભાવના કારણે મઘાંગોમાં પણ મદશકિત તો માનવી જ પડે. ભલે તે ન દેખાતી હોવા છતાં તે તેમાં અવ્યકત પડેલ છે. તો જ તેના સમુદાયમાં ઉત્પન્ન થાય છે. જો તમે એમ કહો કે - એ જ પ્રમાણે ભૂતાંગોમાં અવ્યકત પડેલી ચેતના શકિત ભૂત સમુદાયમાં પ્રગટ થાય છે. તો મૃતક પણ ભૂત સમુદાય જ છે એમાં કેમ ચેતના શકિત નથી? આપણું શરીર પણ શરીર છે. અને મૃતક પણ દેહાકારે તો છે જ તો પછી આપણામાં ચેતના શકિત છે. અને મૃતકમાં નથી તેનું કારણ શું ?

અને જો ભૂત સમુદાયમાંથી ચેતના શકિત નિર્માણ થતી હોય તો એક ઘટ પણ ભૂત સમુદાયરૂપ છે તો તેમાં કેમ ચેતના શકિત નથી ? અર્થાત્ તે કેમ બોલતો ચાલતો નથી? અર્થાત્ (પૃથ્વી) માટી, પાણી વાયુ એકત્ર કર્યા. તે પિંડને એક ઘડાનો આકાર આપ્યો,અને તેને અગ્નિ સાથે જોડ્યો જેથી પરિપક્વ થાય. તે ઘડાની અંદર આકાશ પણ છે. હવે તમે પાંચ ભૂત માનો કે ચાર ભૂત માનો તો તે બધા આ સ્થાનમાં એકત્ર થયા છે તો પછી ચેતના કેમ નથી દેખાતી ? ઘડો માણસની જેમ બોલતો ચાલતો કેમ નથી? જે ભૂત સમુદાય જન્ય જ ચેતના માનો? તો તે ભૂત સમુદાય તો અહીંયા પણ છે ? અને માનવ શરીરને જે તમે ભૂત સમુદાય કહો છો ત્યાં પણ છે તો પછી એકમાં સર્વ ક્રિયા, જ્ઞાન-દર્શનાદિ સર્વ વ્યવહાર છે. બોલવું વિચારવું જાણવું ઇત્યાદિ સર્વ છે અને એ જ એક મૃતક-મડદામાં નથી, એક ઘટમાં નથી. તો એવું તે કયુ પ્રબલ કારણ છે કે જે એક સ્થાને છે અને બીજે નથી.

રેતીના કણ...કણમાં તેલ નથી તો સમુદાયમાં પણ તે કયાંથી સંભવે ? હા, તલના કણ કણમાં તેલ છે તો તેના સમુદાયમાં પીલવાની ક્રિયાથી તેલ સ્પષ્ટ જણાય છે. એથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે જે જેમાં છે તે જ તેમાંથી તથા તેના સમુદાયમાંથી પણ પ્રગટ થશે. પરન્તુ જે જેમાં નથી તે તેમાંથી તથા તેના સમુદાયમાંથી પણ કયારેય નહીં પ્રગટે ?

એટલે જ ચેતનાને ભૂતધર્મ અથવા ભૂત સમુદાયનો ધર્મ પણ માનવો ઉચિત નથી. કદાચ તમે એવો ઉત્તર આપશો કે મૃતકમાં વાયુ તત્ત્વ નથી એટલે તે હવે નિષ્ક્રિય પડ્યો છે. તો એમ પણ નથી. મૃતકમાં વાયુ તત્ત્વ તો છે. એનું પેટ વગેરે ફુલેલું છે. અંદર પોલાણ પ્રદેશમાં વાયુ તો છે. અને કદાચ તેની પણ તમે ના પાડતા હો તો નળી વાટે મૃતકના શરીરમાં વાયુ તો પ્રવેશ કરાવીને ઉમેરી દઈએ તો શું એ મૃતકમાં ફરી ચેતના આવશે? ફરી મૃતક બોલશે ?

હા, મસાજથી ફરી જીવતા થાય છે તેનું શું .....?

એક ભાઇને હાર્ટ એટેક આવ્યો. તેઓ મૃતવત્ પ્રાયઃ થઇ ગયા. ડૉકટરે આવીને મોઢામાં ફુંક મારીને હવા ભરી. અને હૃદય ઉપર મસાજ કરી અને મારા બાપુજી ફરી

જીવતા થઈ ગયા. બોલતા થઈ ગયા. જો જીવ જતો રહ્યો હોત તો પાછો ક્યાંથી આવત?

ભાઈ તમારો પ્રશ્ન બરોબર છે ! વાત બિલ્કુલ સાચી છે. તો તો ઘણું સારું. આ રીતે ડૉક્ટરો મસાજ કરીને જીવાડી શકતા હોય તો લોકો મરે છે શા માટે ? ઘણાંય હાર્ટએટેકમાં મરે છે. અને હોસ્પીટલમાં ઓકસીજન ચાલુ હોય છે નાક વાટે મૂકેલી નળીના કારણે પ્રાણવાયુ તો એને સતત મળવાની ચાલુ જ છે, અને મસાજ પણ ચાલુ રાખવામાં આવે તો ન જ મરવો જોઈએ ને ?

પણ રોજ જોઈએ છીએ કે એવા કેટલાય દર્દી મરે છે અને મસાજથી જીવતો થયેલો કેટલાક વર્ષો કે મહિના જીવે છે ?

પ્રશ્ન-ભલેને ઓછુ જીવે કે વધારે ? પણ એકવાર જીવ્યો તો ખરોને ? તો તેનું શું કારણ ?

અરે ! ભાઈ જો એકવાર જીવ્યો તો દરેક વખતે મસાજ કરતા જ રહીએ તો જીવતો જ રહેવો જોઈએ. કોઈ પણ, કાળે તે મરવો ન જ જોઈએ ? પણ કલાક પછી અથવા દિવસ પછી મરે જ છે. ફરી વારંવાર મસાજ કરવામાં આવે છે, પ્રાણવાયુ ચાલુ છે છતા પણ મરે તો છે જ. તો કોણ મર્યો ? કેમ મર્યો ? બીજું એ મસાજનું રહસ્ય એટલું જ કે શરીરમાં રક્ત પરિભ્રમણ વખતે હૃદયમાં પહોંચતું રક્ત વચ્ચે ક્યાંય શિરા કે ધમનીમાં અટકી જતું હોય તેવા ટાઈમે મસાજથી ધક્કો લાગતા તે રક્ત આગળ ધપીને હૃદયમાં પહોંચી જાય છે અને જીવન દેખાય છે. સાથે સાથે પ્રાણવાયુ મળી જાય છે. પણ આ બધામાં મૂળ કારણ તો એ સમજવાનું કે જીવે છે, જીવની જીવાદોરી એટલે આયુષ્ય કર્મના દળિયા શેષ હોય ત્યાં સુધી જીવ જીવતો રહેશે. પણ તે સિવાય અર્થાત્ આયુષ્ય પૂર્ણ થતા કોઈ પણ સંજોગોમાં જીવ જીવતો નહીં રહે તે ચાલ્યો જશે. જો એમ ન હોત અને માત્ર મસાજ કે પ્રાણવાયુની જ આવશ્કતા રહેતી હોત તો તો આપણે એકને પણ મરવા જ ન દેત. અને એક પણ મૃતક આ જગતમાં ન રહેત. તો શું કબરમાં દાટેલા બધાં જ મડદાને ફરી મસાજ કરીને પ્રાણવાયુ આપીને બેઠા કરીને પાછા લાવી શકાય ખરા કે નહીં ?

જન્મ- મરણ શું છે ? કોના છે .....?

'આત્મા' નામનું તત્ત્વ જો ન સ્વીકારીએ તો જન્મ-મરણ જેવી કોઈ વસ્તુ જગતમાં સંભવે જ નહીં ? શું શરીર જન્મે છે- અને શરીર મરે છે ? ના. આત્મા જન્મે છે, અને આત્મા જ મરે છે. આ પ્રમાણે ભાષામાં સ્પષ્ટ વ્યવહાર થાય છે. જીવ આવ્યો અને જીવ ગયો. જીવ જાય છે, હવે તો જીવ જવાનો છે. હવે જીવ ગયો, હવે તો જીવ વગરનું ફકત મડદું જ છે.

જન્મ એટલે શું એક જીવ માતાની કુક્ષીમાં ઉત્પત્તિ સ્થાનમાં આવે છે, અને માતા-પિતાના રજ-વીર્યના પિંડમાં ઉત્પન્ન થાય છે. તેને તે આહાર રૂપે ગ્રહણ કરે છે. અને

ચોકડો રે આવ્યો...
ચોકડો રે ભગાવો.
ઓદ્યોગિક

શરીર નિર્માણ કરે છે. જીવને આવશ્યક જોઇતી એવી જીવન જરૂરિયાતની ૬ વસ્તુઓ છે જેને ૬ પર્યાપ્તિ કહેવાય છે.

૬ પર્યાપ્તિ ....

આહાર	શરીર	ઇન્દ્રિય	શ્વાસોચ્છ્વાસ	ભાષા	મન
૧	૨	૩	૪	૫	૬

આ પ્રમાણે ૬ પર્યાપ્તિઓ છે. જે જીવ માટે આવશ્યક છે. ઉત્પત્તિ સ્થાનમાં જીવ આવીને આ ક્રમથી શરીર રચના કરે છે. માતાના ગર્ભમાં જીવ સર્વ પ્રથમ રજ-વીર્યના પિંડ રૂપ આહાર ગ્રહણ કરે છે, અને તે આહારમાંથી શરીરની રચના કરે છે. જેમ આપણે મકાન બાંધતી વખતે બારીબારણાં વગેરે રાખીએ છીએ તેમ જીવ પણ પોતાને રહેવા માટે જે શરીર બાંધે છે તેમાં ઇન્દ્રિયોરૂપી બારી-બારણાં સ્પષ્ટ રાખે છે. જે જીવે જેવા કર્મ ઉપાર્જન કરેલા હોય. અને પોતાના પૂર્વ જન્મના નામ કર્મના શરીર, ઇન્દ્રિય નામ કર્મ પ્રમાણે એક જ અર્થાત્ પહેલી સ્પર્શેન્દ્રિય બનાવે છે બે ઇન્દ્રિયનામ કર્મવાળો જીવ ૧+૧= ૨ સ્પર્શેન્દ્રિય અને રસેન્દ્રિય બનાવે છે તે જ પ્રમાણે તેઇન્દ્રિય નામ કર્મ વાળો જીવ. ૧+૧+૧=૩ સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, અને ઘાણેન્દ્રિય એમ ત્રણ ઇન્દ્રિય નિર્માણ કરે છે. ચઉરિન્દ્રિય નામકર્મવાળો જીવ ૧+૧+૧+૧= ૪. ૧, ૨, ૩, ૪, એમ ચાર, એટલે સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અને ચક્ષુઈન્દ્રિય એમ ચાર બનાવે છે.૧+૧+૧+૧+૧ =૫.૧, ૨, ૩, ૪, ૫, આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયવાળો જીવ પાંચ બનાવે છે. સ્પર્શેન્દ્રિય રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, અને શ્રવણેન્દ્રિય એવી પાંચ ઇન્દ્રિય પૂરી બનાવે છે.

આ પ્રમાણે પ્રથમ ક્રમે આહાર ગ્રહણ કરી શરીર બનાવી તેમાં યોગ્ય ઇન્દ્રિયો જીવ

નિર્માણ કરે છે. અને ત્યાર પછી જીવવા માટે શ્વાસોચ્છ્વાસ લે છે. જેથી જીવી શકે. અને ત્યાર પછી આગળ વધીને જીવ ભાષા નિર્માણ કરે છે અને તે માટે તેને ભાષા વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરવા પડે છે. તે ગ્રહણ કરીને જીવ ભાષા બનાવે છે. અને ગર્ભમાં જ અવ્યક્ત-અસ્પષ્ટ-અશ્રાવ્ય ભાષામાં જ જીવ પોતાના દુઃખને વેદતો જાય છે.

મનઃ-અંતમાં જે જીવ સંજ્ઞિ પંચેન્દ્રિય નામકર્મવાળો હોય છે તે જીવ મન બનાવે છે.

મન પણ મનોવર્ગણાના જડ પુદ્ગલ પરમાણુઓનું બનેલું છે. જીવ પોતે પોતાને વિચાર કરવા માટે મન બનાવે છે. આ મન પણ જડ છે. ચેતન નથી. આત્મા નથી. માત્ર જીવને વિચાર કરવા માટેનું સાધન છે. તે ફકત સંજ્ઞિ પંચેન્દ્રિય જીવો જ બનાવી શકે છે. મનથી આત્મા વિચારો કરે. વચન યોગથી આત્મા વિચારોને ભાષારૂપે બહાર વ્યકત કરે છે– પ્રગટ કરે છે. અને કાયા-શરીર વડે તે વિચાર અને વચનના અનુસાર–અનુરૂપ ક્રિયા પ્રવૃત્તિ ચેષ્ટા કરે છે. આ બધુ મુળમાં કરનાર તો આત્મા જ છે.

આત્મા
- – ૧ – મન – વિચાર
- – ૨ – વચન – વાગ્વ્યવહાર (ભાષા)
- – ૩ – કાયાર (શરીર) વર્તન–પ્રવૃત્તિ. ઇન્દ્રિયો

ત્રણ કરણ :– આ પ્રમાણે જીવને આ સંસારમાં જીવવા માટે ત્રણ કરણો ઉભા કરવા પડે છે. બધાં જ જીવો ત્રણે કરણો ઉભા કરેજ એવો નિયમ નથી. જીવ પોત-પોતાના તથા–પ્રકારના કર્મ પ્રમાણે આ કરણો ઉભા કરે છે. સંભવ છે કોઇ જીવ ફકત એકલી કાયા અર્થાત્ શરીર જ નિર્માણ કરે અને મન વચન ન પણ ઉપાર્જન કરે. એવા જીવો એકેન્દ્રિયો કહેવાય છે એકેન્દ્રિય એટલે ફકત સ્પર્શેન્દ્રિય નામની પહેલી જ ઇન્દ્રિય હોય. એવા જીવોને સ્થાવર પણ કહેવાય છે તે પાંચ છે. (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેજસકાય (અગ્નિકાય) (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય.

આ સિવાયના જીવો અર્થાત્ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો બીજા કરણ વચનયોગનું પણ નિર્માણ કરે છે.

બેઇન્દ્રિયવાળા – અળસીયા, કરમિયા, શંખ-શંખલા કોડી વિ.ના

તેઇન્દ્રિયવાળા – કીડી, મંકોડા, માંકડ, જૂ, લીખ, સાવા, ઇયળ, ધનેરા

ચઉરિન્દ્રિયવાળા – માખી, મચ્છર, ભમરા વગેરે.

પંચેન્દ્રિવાળા – મનુષ્ય દેવ, નારક, પશુ, પક્ષી વગેરે.

આટલા જીવો પહેલું કરણ કાયા તો ધરાવે જ છે. કારણ કે જીવમાત્રને આ સંસારમાં રહેવા માટે કોઇ ને કોઇ આધારભૂત દ્રવ્ય તો જોઇએ જ. અને તે છે શરીર (કાયા). શરીર

વિના એક સમય પણ જીવ સંસારમાં રહી જ ન શકે. અશરીરી થઇ જાય તો તો મોક્ષ કહેવાય. મુક્ત-સિદ્ધ કહેવાય. એટલે સંસારમાં રહેનારો જીવ કોઇ ને કોઇ શરીરમાં જ રહેવાનો છે. ભલે પછી તે શરીર નાનું હોય કે મોટું. ઓછી ઇન્દ્રિયવાળું હોય કે વધારે ઇન્દ્રિયવાળું હોય પણ સંસારમાં રહેનારને તો કોઇ ન કોઇ શરીરમાં જ રહેવું પડશે.

ત્યાર પછી પંચેન્દ્રિયમાં પણ બે ભાગ પડે છે.



આ પ્રમાણે જે જીવો પોતાના કર્મના ક્ષયોપશમ પ્રમાણે આગળ વધતા વધતા પંચેન્દ્રિય પર્યાયમાં આવ્યા છે. અને તેમાં પણ જો સંજ્ઞિ પંચેન્દ્રિયપણાનું કર્મ ઉપાર્જન કરેલ હશે તો જ જીવ મન બનાવી શકશે. તોજ મનને ગ્રહણ કરીને પિણ્ડ બનાવીને વિચાર કરી શકશે. તે સિવાય અસંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાયવાળા જીવો ક્યારેય મન બનાવતા નથી. અને તે વિચારી શકતા નથી. તેવા જીવો ભાવેન્દ્રિય, લબ્ધિઇન્દ્રિય આદિથી કાર્ય ચલાવે છે.

આ પ્રમાણે કરણથી જીવો ત્રણ કરણ ઉપાર્જન કરીને રહે છે. આ કાર્ય જીવ હોય તો જ બનવું સંભવ છે. બાકી તો ઘણાંય રજ-વીર્યનો સંયોગ રોજ રોજ થતો હોય છે. પણ દરેક વખતે કંઇ બધાથી જ જીવો ઉત્પન્ન નથી થઇ જતા. પણ રજ-વીર્યના પિંડમાં ચેતન—આત્મા જ્યારે આવે છે. ત્યારે જ તે તેમાં ઉત્પન્ન થઇને શરીર બનાવે છે.

૧૦ પ્રાણ....

શરીરધારી આત્મા પ્રાણી કહેવાય છે. પ્રાણ જેને હોય તે પ્રાણી એવા આત્મા ૧૦ પ્રકારના પ્રાણો નિર્માણ કરે છે.



૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦=૧૦

– આ પ્રમાણે ૧૦ પ્રાણો દર્શાવવામાં આવ્યા છે. તે તે જીવ તે તે પ્રાણ ઉપાર્જન કરે છે. વધુમાં વધુ ૧૦ પ્રાણ હોય છે. જે પંચેન્દ્રિય સંજ્ઞિ દેવ-મનુષ્ય-નારકી અને પશુ-પક્ષી આદિ જીવોને હોય છે. અને તેથી ઓછા પણ હોય છે.

- એકેન્દ્રિયને ૧, ૮, ૯, ૧૦ = એવા ૪ પ્રાણ હોય છે.
- બેઇન્દ્રિયને - ૧, ૨, ૭, ૮, ૯, ૧૦, = એમ ૬ પ્રાણ હોય છે.
- તેઇન્દ્રિયને - ૧, ૨, ૩, ૭, ૮, ૯, ૧૦ = એમ ૭ પ્રાણ હોય છે.
- ચઉરિન્દ્રિયજીવોને – ૧, ૨, ૩, ૭, ૯, ૧૦, = એમ ૮ પ્રાણ હોય છે.
- અસંજ્ઞિપંચેન્દ્રિયને - ૧,૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦ = એમ ૯ પ્રાણ હોય છે.
- સંજ્ઞિ પંચેન્દ્રિયને- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ ,૧૦= એમ દસે પ્રાણ હોય છે.

જીવોને સંસારમાં જીવવા માટે– રહેવા માટે પર્યાપ્તિઓની અને પ્રાણોની આવશ્યકતા પડે છે. તેથી જ તે પ્રાણી (પ્રાણવાળો) કહેવાય છે. આ ૬ પર્યાપ્તિઓ તો જીવ જન્મ સ્થાનમાં માતાના ગર્ભમાંજ બનાવી લે છે. તેથી ગર્ભમાં જીવ નથી હોતો એ કહેવું નરી અજ્ઞાનતા છે. એ વિજ્ઞાન નથી અજ્ઞાન છે.

જન્મ ....

જન્મ એટલે જ જીવ અને શરીરનો સંયોગ. એક આત્મા પૂર્વનો જન્મ પૂર્ણ કરીને નવા જન્મમાં આવે ત્યારે નવા જન્મનું જે ઉત્પત્તિ સ્થાન હોય ત્યાં તેને જે યોગ્ય રજ વીર્યનું પિંડ મળે તેમાં ઉત્પન્ન થાય છે. ત્યાં આહાર લઈને શરીરની રચના કરીને ૬ પર્યાપ્તિઓ તથા પ્રાણ આદિ નિર્માણ કરીને સાડાનવમાસના કાળબાદ મનુષ્ય જીવ માતાની કુક્ષીએથી જન્મ લે છે. એને આપણે જન્મ કહીએ છીએ તે બરોબર છે. પણ જીવનો જન્મ તો નવા સ્થાનમાં આવીને ઉત્પન્ન થવું એ જ હતું. પછીનો જન્મ છે માતાની કુક્ષીથી જન્મ લઈ આ ધરતી ઉપર પગ મૂકવો હકીકતમાં તો એ જીવ જ્યારથી જે દિવસથી, જે ક્ષણથી આવ્યો છે તે જ ક્ષણથી ગર્ભમાં એનું તો આયુષ્ય શરૂ થઈ ગયું છે અને 'જન્મ સમય કાળે' જ્યારે જીવ માતાની કુક્ષીથી જન્મ લે છે ત્યારે હકીકતમાં તો જીવના આયુષ્યમાંથી સાડા નવ (૯॥) માસ કાળ ઓછો થઈ ગયો હોય છે.

મરણ....

મરણ એટલે આત્મા અને ઔદારિક શરીરનો વિયોગ. જીવે જે શરીર માતાની કુક્ષીમાં બનાવીને ધારણ કર્યું છે, તે જ શરીરનો ત્યાગ કરીને જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં ચાલ્યો જાય ત્યારે આપણે તેને મૃત્યુ કહીએ છીએ. હકીકતમાં નથી તો આત્મા મરતો કે નથી તો શરીર. શરીર તો જડ જ છે. એટલે મરવાનું કે જન્મવાનું કાર્ય તેનું છે જ નહીં. તે તો જીવનો જ છે. આત્મા તો અજર–અમર અવિનાશી–નિત્ય શાશ્વત છે. તેનો તો કોઈ કાળે નાશ થવાનો જ નથી. તો પછી જન્મ–મરણ કોના ? જન્મ–મરણ ? જીવની સાથે શરીરના સંયોગ વિયોગ છે જ.

આત્મા અને શરીર....

જન્મ-મરણથી પણ આત્માની જ સિદ્ધિ થાય છે. અર્થાત્ એક વાત તો સિદ્ધ થઇ જ ગઇ કે શરીર એ આત્મા નથી. અને આત્મા એ શરીર નથી.

આત્મા શરીરથી જુદો છે. અને શરીર આત્માથી ભિન્ન છે. પણ સંસારમાં જીવન્ત અવસ્થામાં બન્ને એકત્ર ભેગા છે. જો આત્માને શરીર માનીએ તો આત્મા ચેતના શક્તિ રહિત જડ સિદ્ધ થશે. અને જો શરીરને આત્મા માનીએ તો શરીર જડના બદલે જ્ઞાન-દર્શનાદિ યુકત ચેતન સિદ્ધ થશે. પણ સર્વ સામાન્ય વ્યવહાર સિદ્ધ વાત એ છે કે જડ શરીર એ જડ જ છે. એ કયારેય જોતું નથી કે જાણતું નથી. એને જ્ઞાન પણ નથી થતું કે દર્શન પણ નથી થતું. જો જડ શરીરને ચેતન આત્મા માનીએ તો તે પણ અજર-અમર અવિનાશી શાશ્વત સિદ્ધ થશે. અને એવા શાશ્વત આત્મા જેવા શરીરને આપણે કયારેય બાળીએ નહીં કે શ્મશાનમાં ન લઇ જઇએ. કાયમ માટે સાચવીને રાખીએ. પરન્તુ એ પણ પ્રત્યક્ષ નથી દેખાતુ કે નથી અનુભવાતુ. મર્યા પછી તરત જ આપણે શ્મશાન યાત્રાની તૈયારી કરીએ છીએ અને મડદુ નનામીમાં બાંધીને શ્મશાને લઇ જઇએ છીએ; અને લાકડા ઉપર ગોઠવીને અગ્નિ સંસ્કાર કરીએ છીએ. અને પિતાનો અગ્નિસંસ્કાર પણ કરે છે કોણ? પુત્ર. જો શરીર એ જ આત્મા હોય તો પુત્ર પિતાનો અગ્નિસંસ્કાર શા માટે કરે ? અને કરે તો પુત્ર પિતાનો ખૂની હત્યારો ગણાય. આ રીતે શરીરનેજ આત્મા માનીએ તો ઘણાં દોષોની પરંપરા ચાલે. એટલે આ વ્યવહાર પણ સિદ્ધ કરે છે કે આત્મા એ શરીર નથી અને શરીર એ આત્મા નથી. આત્મા શરીરથી ભિન્ન છે. આત્મા શરીરમાંથી ચાલ્યા ગયા પછી શરીરને મૃતક જાહેર કરીને, મડદુ માનીને જ પુત્ર પિતાના મૃતશરીરે અગ્નિદાહ આપે છે.

મડદાને પુનર્જીવીત કરવાના વિજ્ઞાનના સ્વપ્ના....

લાખોના લાડીલા કેનેડીને ફરીથી જિવાડવા માટે વિજ્ઞાને ઘણાં પ્રયત્નો કર્યા પણ કોઇ પરિણામ નથી આવ્યુ. પુનર્જીવીત કરવાની વિજ્ઞાનની આ નવી શાખામાં છેલ્લા ૩૦ વર્ષોથી અનેકો ઉપર ઘણાં પ્રયોગો કરવામાં આવ્યા. અનેકોના મૃત શરીરને એક કેપ્સુલમાં ભરી રાખીને વિશિષ્ટ ગેસોમાં રાખીને તેના શરીરમાં પ્રાણવાયું oxygen પૂરીને રકત પરિભ્રમણ કરવાની ઘણી મહેનત કરવામાં આવી પણ આજની તારીખમાં તો વિજ્ઞાન આ દિશામાં અંશમાત્ર પણ સફળ થયું નથી. અને ભાવિના હજારો વર્ષોમાં પણ સફળ થાય તેવી કોઇ શકયતા નથી. કારણ મૃત્યુ માત્ર પ્રાણવાયુના અભાવનું કારણ છે એમ નથી. મૃત્યુ જ તો જીવ અને સ્થૂલ ઔદારિક શરીરના વિયોગને કહીએ છીએ. પ્રાણવાયુ ચાલુ હોવા છતા પણ એક આત્મા એ શરીરને છોડીને ચાલ્યો ગયો. માટે આ શરીરમાં રકત

પરિભ્રમણ તથા શ્વસનતંત્ર આદિનો મુખ્ય સંચાલક જે આત્મા હતો તેના જવાથી હવે આ શરીરનું તંત્ર બંધ પડી ગયું છે. અને એ જ જીવ તો ફરીથી પાછો એ જ શરીરમાં આવી શકે તેમ નથી. કારણ કે એ જીવે તો એના કર્મપ્રમાણે ગતિ-જાતિ અને જન્મ વગેરે મેળવી લીધુ છે. અર્થાત્ એ જીવે તો બીજા શરીરનું તંત્ર સંચાલનનું કામ સંભાળી લીધું છે. એટલે હવે ફરીથી જુના શરીરમાં નહીં આવી શકે. ભલેને કોઇ પણ વૈજ્ઞાનિક ફરીથી મૃત શરીરમાં પ્રાણવાયુ પુરવાનું કે રકત સંચાર કરવાનું ગમે તેટલું કાર્ય કરે પણ તેનો ગ્રાહક આત્મા જ નથી તો પછી આ પ્રાણવાયુ લેશે કોણ ?

હા, એક વાત જરૂર સંભવ છે કે કોઇ ભૂત પ્રેત આદિનો ભટકતો આત્મા એ મૃત શરીરમાં પ્રવેશ કરીને એ શરીરનો ઉપયોગ કરીને ચેનચાળા કરી શકશે. પણ એ બધુ પૂર્વ વ્યકિતના જીવનથી તદ્દન વિપરીત લાગશે. અને આ પ્રવૃત્તિ ભૂત પ્રેતાદિની અલ્પકાળ પૂરતી મર્યાદિત રહેશે. આખરે તો આ માટીની કાયા માટીમાં જ મળવાની છે. અગ્નિમાં બળીને રાખ-ભસ્મ જ થવાની છે. માટે પુનર્જન્મ પૂર્વજન્મની શકયતા પૂરેપૂરી છે. પણ પુનર્જીવત થવાની શકયતા એક અંશ માત્ર પણ નથી.

દેહના તંત્રનો સંચાલક - આત્મા....

દેહ એ આત્મા નથી અને આત્મા એ દેહ નથી. પણ બન્ને તદ્દન જુદા જુદા દ્રવ્યો હોવા છતાં સંસારી અવસ્થામાં બન્ને એકત્ર થઇને રહ્યા છે. હા, શરીર દેખાય છે કારણ તે પુદ્ગલ-જડ દ્રવ્યનું બનેલું છે. અને વર્ણ-ગંધ-રસ સ્પર્શાદિ પુદ્ગલના જ ગુણધર્મો છે. માટે તેમાં જ રહેવાના છે. કોઇ પણ શરીર જોઇએ તો તેને વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ અવશ્ય છે. આપણે કહીએ છીએ આ કાળો છે -આ ગોરો છે, આ ચકલુ રંગીન છે, આ મોર રંગબેરંગી છે વગેરે, તે જ પ્રમાણે ગંધ-સુગંધ દુર્ગન્ધ કોઇના શરીરમાંથી સુગંધ પ્રસરે છે, તો કોઇના શરીરમાંથી દુર્ગંધ પણ પ્રસરે છે. તે જ પ્રમાણે રસ, સ્પર્શ પણ છે. આ પુદ્ગલના ગુણધર્મો શરીરમાં સ્પષ્ટ દેખાય છે માટે શરીર પુદ્ગલમય અને પુદ્ગલજન્ય છે એમ પુરવાર થાય છે. જયારે આત્મા પુદ્ગલજન્ય નથી. માટે જ તેના વર્ણ-ગંધ- રસ-સ્પર્શાદિ ગુણધર્મો નથી. અને રૂપાદિ ન હોવાથી આત્મા અરૂપી, અવર્ણી, અરસી, અગંધી, અસ્પર્શસ્વરૂપી છે. અને અરૂપી હોવાના કારણે આત્મા દેખાય તેમ નથી.

ભલે ન દેખાય પણ કાર્ય-કારણના અનુમાનથી જીવની સિદ્ધિ થાય છે. જેમ ઘડો જોઇને અનુમાન કરીએ કે આનો કોઇ સુવ્યવસ્થિત કર્તા કુંભાર તો હોવો જ જોઇએ. તેમ આટલા સુવ્યવસ્થિત આ દેહનો કર્તા કોણ ? આટલું વ્યવસ્થિત તંત્ર છે. અને બે પગના થાંભલા ઉપર હરતું-ફરતું તેમજ બધી ક્રિયા કરતું, બધા જ ખાતા સંભાળતા આ તંત્રનો કર્તા, ઘડવૈયો, સંચાલક કોણ છે ? આ શરીરમાં રસોડું છે, સંડાસ-બાથરૂમના ખાના પણ

છે, છતાં પણ એક બીજાને કોઇ આડ અસર એક-બીજાના કારણે નથી થતી. ઇન્દ્રિયો છે, હાથ-પગ વગેરે અંગો કામ કરવા માટે છે. આ શરીરમાં સાત ધાતુઓ છે, કોઠાર છે. પાણીની ટાંકી છે. પ્રજનન -વિસર્જન વગેરેના અવયવો છે. તે જ પ્રમાણે ગમનાગમનના વિભાગો છે. આ હાડ-માંસ-લોહી આદિના ઢગલા ઉપર ચામડીની સુંદર ચાદર ચડેલી છે. આ વિવિધ રંગી ચાદરની પણ ખૂબી એ છે કે તે લોટ ચાળવાની ચાળણી જેવી સેંકડો આરપાર છિદ્રોવાળી છે, તેમાંથી પરસેવો સતત બહાર નિકળે છે, પણ પરસેવાની સાથે-સાથે અંદર રહેલુ લોહી એક ટીપું પણ એમને એમ બહાર ઝરતું નથી– કે નિકળતું નથી. એનો મતલબ લોહી નથી એમ નહીં. લોહી તો ઘણું છે. એક જગ્યાએ ચામડી ઉપર કાપો પડે તો તરત લોહી નિકળે છે.

શ્વાસ લેવો છોડવો, ઉધરસ ખાવી, બગાસુ ખાવું, છીંક ખાવી, આહાર લેવો, પચાવવો, તેનું વિસર્જન કરવુ, જનનેન્દ્રિયોથી પ્રજનન કાર્ય કરવું, શરીરમાં સપ્તધાતુનું નિર્માણ કાર્ય કરવું, રજ-વીર્ય બનાવવા, વમન, વિરેચન કરવું, કફ, થૂંક નિર્માણ કરવા, બહાર કાઢવા, થૂંકવા, અશ્રુગ્રંથિમાં આંસુ નિર્માણ કરવા, તેને આંખના માર્ગે બહાર કાઢવા જરૂર પડે તો રોકવા. તેમજ હાસ્યાદિ ભાવો વ્યક્ત કરવા. અર્થાત્ હસવું, રડવું, રીસાવું, ખીજાવું, પ્રેમ, સ્નેહ, રાગ, દ્વેષ આદિના ભાવો મુખ ઉપર પ્રગટ કરવા વગેરે આ સેંકડો ક્રિયાઓનો કર્તા-કરનાર કોણ ? એક માત્ર આત્મા. હા, એટલું જરૂર આ બધી ક્રિયામાં સહાયક સાધક શરીર છે. શરીર ઉપરજ આ બધી ક્રિયાના પ્રયોગો થવાના છે. શરીર ઉપર જ દેખાશે. પણ તેનો કર્તા શરીરથી જૂદો અને શરીરમાંજ રહેનારો આત્મા છે. શરીરમાં જીવ હોય છે ત્યાંસુધી જીવ બધી પ્રવૃત્તિ કરવા શક્તિમાન છે તેમાં પણ તેના કર્મના ઉદયનું નિમિત્ત સાથે છે. પથારીમાં પડેલો અસ્વસ્થ જીવજ કફ કાઢવા પણ પ્રયત્ન કરે છે, બોલવા પ્રયત્ન કરે છે. અને જીવ નિકળી ગયા પછી બધાજ ખાતાવાળુ બધી ક્રિયાઓનો સહાયક એકલું શરીર પડયું છે હવે શું કરી શકે એમ છે ? હવે થોડો કફ પણ કાઢી શકે તેમ નથી. બોલવા-ચાલવાની, હસવા-રડવાની, આહાર-નિહારની કોઇ ક્રિયા કોઇ શારીરિક ચેષ્ટા પણ એ શરીર કરી શકે તેમ નથી. કારણ તેનો કર્તા જે આત્મા હતો તે ચાલ્યો ગયો અને તેથીજ આ જડ શરીર સર્વ ચેષ્ટા રહિત-સર્વ ક્રિયા રહિત થઇ ગયું છે. માટે જો તજ્જીવ-તત્શરીરવાદ માનીએ તો આ બધી ક્રિયાઓ- ચેષ્ટાઓનો કર્તા કોને માનીશું ? તો પછી શરીર તો મૃતાવસ્થામાં પણ પડયું છે તો હવે કેમ કોઇ ક્રિયા નથી કરતું ? એટલે જે જીવ છે તે જ શરીર છે, અને જે શરીર છે તે જ જીવ છે આ (તજ્જીવ-તત્શરીરવાદ)નો સિદ્ધાન્ત સુસંગત નથી.

ઇન્દ્રિયોની ક્રિયાનો કર્તા કોણ .....?

ઇન્દ્રિયો કુલ પાંચ છે. દરેક જીવને તેના કર્મ પ્રમાણે ઓછી વધારે ઇન્દ્રિયો મળી છે. અને તે તે ઇન્દ્રિયનો ઉપયોગ કરીને જીવો પોતાનું કાર્ય સાધે છે. ઇન્દ્રિયોનો ચાર્ટ જોઇએ.



ઇન્દ્રિયો	નામ	સ્થાન	વિષય-સંખ્યા	કાર્ય
૧ પહેલી	સ્પર્શેન્દ્રિય	ચામડી	સ્પર્શ ૮	ઠંડુ, ગરમ આદિ અનુભવવું
(એકેન્દ્રિય જીવો, - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના જીવોને)				
૨ બીજી	રસનેન્દ્રિય	જીભ	રસ ૫	ખારૂ-તીખુ-મીઠુ-અનુ.
(બે ઇન્દ્રિય-જીવો-અળસીયા, શંખલા, કરમીયા વગેરેને)				
૩ ત્રીજી	ઘ્રાણેન્દ્રિય	નાક	ગંધ–૨	સુગંધ-દુર્ગંધનો અનુભવ
(તેઇન્દ્રિય જીવો-કીડી, મકોડા, જૂં. ઇયળ, ધનેડા વગેરે જીવોને)				
૪ ચોથી	ચક્ષુઇન્દ્રિય,	આંખ	વર્ણ-રૂપ-૫	લાલ, પીળા ધોળા વગેરે
(ચઉરિન્દ્રિય જીવો-માંખી, મચ્છર, ભમરા વગેરે જીવોને)				
૫ પાંચમી	શ્રવણેન્દ્રિય	કાન	શબ્દ –૩	સચિત્ત, અચિત્ત, મિશ્ર
(પંચેન્દ્રિય જીવો-પશુ,		પક્ષી, દેવ, મનુષ્ય, નારકી, તિર્યંચ વગેરે)		
અતીન્દ્રિય	મન	મન	વિચાર	અસંખ્ય- સારૂ-ખરાબ વિચારવું

જગતમાં જીવસૃષ્ટિ અનન્ત છે. સમસ્ત નાની-મોટી જીવ સૃષ્ટિના જીવોને ઇન્દ્રયોની દ્રષ્ટિએ પાંચ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે. કોઇ પણ જીવ સંસારી હોય અને તે ઇન્દ્રિય રહિત, સાવ ઇન્દ્રિય વિનાનો હોય તે સંભવ નથી. હા, જીવોને ઇન્દ્રિયો ઓછી

વધારે હોઇ શકે છે તે સંભવ છે કોઇને ૧, કોઇને ૨, કોઇને ૩, કોઇને ૪, અને કોઇને ૫. આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયોનો ક્રમ છે. જેને બે અને ૩, કે ૪ ઇન્દ્રિયો હોય તેને પાંચમાંથી ગમે તે ૨, કે, ગમે તે, ૩ અથવા ગમે તે ૪ પણ ન હોય પરન્તુ ક્રમશઃ હોય છે. બે વાળાને ૧+૨, ત્રણવાળા તેઇન્દ્રિયને ૧,+૨+૩, અને ચઉરિન્દ્રિયવાળાને ૧,+૨,+૩,+૪, આ પ્રમાણે ચાર મળે છે અને પંચેન્દ્રિયને પાંચે-પાંચ પૂરી એટલે જ પંચેન્દ્રિયને સકલેન્દ્રિય પણ કહી શકાય છે.

શરીર એ જીવને રહેવા માટેનું મકાન છે, અને આત્મા તેમાં રહેનારો મકાન માલિક છે....

આ શરીરને એક મકાનની ઉપમા આપવામાં આવી છે. મકાન જેમ થાંભલાના આધારે ઉભું છે તેમ આ શરીર પણ બે થાંભલાના આધાર (ટેકા) વાળું છે તેના ઉપર તેનું માળખું છે. આ મકાનમાં પણ રસોડુ, સંડાસ-બાથરૂમ, તથા આરામ ગૃહ આદિ બધા રૂમો (વિભાગો) છે. અમુક સમયે ઊંઘે છે, ખાય છે, પીએ છે, આદિ સર્વ ક્રિયાઓ કરે છે. મકાનમાં જેમ આવવા જવા માટે દરવાજા હોય છે. તેમ મોઢું એ શરીરમાં આહાર આ દિને પ્રવેશવા માટેનો મોટો દરવાજો છે. એ જ પ્રમાણો શરીરમાં ગયેલા આહાર પાણીને રૂપાન્તરિત થઈને બહાર નિકળવાના વિસર્જનના માર્ગો પણ છે. મળદ્વાર આદિ ને પણ દ્વાર (દરવાજા) નામ આપવામાં આવેલ છે. મુખદ્વારના ઉપર બે હોઠ રૂપી બે દરવાજા છે. જેમ બે (બારણા) દરવાજા બંધ કરતા કબાટ અને ઘર બંધ થઈ જાય છે તેમ આ બે હોઠ બંધ કરતા મોઢું બંધ થઈ જાય છે.

મકાનમાં જેમ બહારનું જોવા કરવા માટે, હવા ઉજાસ માટે બારીઓ હોય છે, તે જ પ્રમાણે આ શરીરતંત્રમાં પણ એક થી પાંચ બારીઓ (ઇન્દ્રિયો) છે. અંદર રહેલો આત્મા આ પાંચ-ઇન્દ્રિયો વડે બહારના વિષયો જાણી-જોઇ સાંભળી શકે છે. રસ્તા ઉપર જેમ કોઇ સરઘસ, વરઘોડો નિકળે છે અને તેનો અવાજ આવતા જ મકાનમાં રહેલો તરત બારીમાં આવીને ડોકિયુ કરીને જૂએ છે, તેમ આ શરીરરૂપી મકાનમાં રહેલો માલિક આત્મા પણ આંખ આદિ ઇન્દ્રિયોરૂપી બારીઓમાં આવીને બહારના દ્રશ્યો જૂએ છે, જાણે છે-સાંભળે છે-સૂંઘે છે ઇત્યાદિ સર્વ વિષયો અર્થાત્ ? કુલ ૨૩ વિષયો આત્મા આ પાંચે ઇન્દ્રિયો વડે અનુભવે છે.

આ પાંચે ઇન્દ્રિયો શરીરના ઉપરના ભાગમાં ધડની ઉપર એક વેંતમાં બધી સમાઇ ગઇ છે. અને સ્પર્શેન્દ્રિય ચામડી તો આખા શરીર ઉપર ગાદલા ઉપર જેમ ચાદર પથરાઇ હોય તેમ પથરાયેલી છે મઢેલી છે. અને આ બધી ઇન્દ્રિયોની (Head Office) મુખ્ય કચેરી સહુથી ઉપર મગજમાં છે.

બધાનું નિયંત્રણ કાર્ય મગજમાંથી થાય છે. પણ આ બધું કરનાર કોણ ? આત્મા. આવા આ પાંચ બારી-બારણાના મકાનમાં રહેનાર માલિક કોણ ? આત્મા.

શું મકાન અને માલિક બન્ને એક છે ? શું મકાન એ માલિક છે ? કે માલિક એ મકાન છે ? ના, મકાન એ માલિક પણ નથી. અને માલિક એ મકાન પણ નથી. બન્ને જૂદા છે. મકાન આધાર છે. અને માલિક તેમાં રહેનાર છે. મકાન માલિકથી જુદુ છે, અને માલિક પણ મકાનથી ભિન્ન છે. ધારે તો માલિક પોતાનું મકાન છોડીને જઇ પણ શકે છે. બસ, જો આ જેટલું નજરે દેખાતું સ્પષ્ટ સત્ય છે. તેવું જ આત્મા અને શરીરનું છે. શરીર એ મકાન છે, આત્મા તેનો માલિક છે. અને આત્મા ધારે તો મકાન (શરીર) છોડીને જઇ પણ શકે છે. ધારે તો નવું શરીર (મકાન) બંધાવીને નવા ઘરમાં નવા બંગલામાં (નવા શરીરમાં) રહેવા પણ જઇ શકે છે. એનું જ નામ છે. જન્માન્તર. એક નવા (ઘરમાં) શરીરમાં રહેવા જાય છે. તે નવી જગ્યામાં અર્થાત્ ઉત્પત્તિ સ્થાનમાં જઇને (માતાનાગર્ભમાં જઇને) નવું (મકાન) શરીર બનાવે છે. આ શરીરના થાંભલા વગેરે કેટલા મજબુત બનાવવા પડે છે.

જૂઓ ! આ દેહની રચના...

જે શરીરરૂપી આ મકાનમાં આતમરામને ૫, ૫૦, ૮૦, ૧૦૦ વર્ષ સુધી રહેવાનું છે. તો કેટલા મજબુત સિમેન્ટના થાંભલા જોઇએ. તેનું construction (બાંધકામ) કેટલું મજબુત હોવું જોઇએ ? એ માટે સિમેન્ટ વગેરે કેટલું ચોખ્ખું હોવું જોઇએ. કેવા પુદ્ગલોમાંથી બનાવવું પડે છે. અને એમાંથી બનેલા મકાન (શરીર)ની આટલી મજબૂતી હશે તો જ આ મકાન ટકી શકશે-રક્ષા કરી શકશે. એટલે રક્ષણ માટે એક ફકત ખોપડીનો જ દાખલો લો. કેટલી રક્ષણાત્મક અને કેટલી મજબૂત ખોપડી આ ઘડવૈયા જીવે બનાવી છે?

કેટલી સુંદર અને વ્યવસ્થિત સંરક્ષણાત્મક રચના કરી છે. એમાં છિદ્રો પણ છે. જેમાં આંખ, નાક, કાન વગેરે ગોઠવાયેલા છે. અને ઉપરના ભાગમાં મગજ ગોઠવાયેલું છે. જેમાં જ્ઞાનતંતુઓ વગેરે રહેલા છે. પાંચે ઇન્દ્રિયો આટલી એક વેંતની જગ્યામાં સમાઇ ગઇ છે. અને બધી ઇન્દ્રિયો પોત પોતાની રીતે જોવાનું, સુંઘવાનું, સ્પર્શવાનું સાંભળવાનું, ચાખવાનું વગેરે કામ કરે છે. અને ઇન્દ્રયો પોતાના સંદેશા મગજમાં જ્ઞાનતંતુઓને પહોંચાડે છે. અને જ્ઞાનતંતુઓ મન પાસે મોકલે છે. મન આત્મા પાસે મોકલે છે. ત્યાં બધું વર્ગીકરણ થાય છે. અને તે પ્રમાણે આત્મા પ્રવૃત્તિ કરે છે.

આ ખોપડીની જેમ જ આત્મા પોંતાનું આખું શરીર બનાવે છે. ગર્ભમાં રહીને જીવ પોતાનું આ Construction કાર્ય કરે છે. આ શરીરની રચના સંપૂર્ણ કરતા જીવને સાડા નવ માસ લાગે છે. (ગર્ભનું ચિત્ર આગળ મૂક્યું છે) એમાં સંપૂર્ણ શરીર બનાવે છે. જન્મ પછી નવો ઉમેરો નથી થતો. ફકત શરીરની અવગાહના-ઉંચાઇ વગેરે વધે છે.



200 3-1A Anterior aspect of the skeleton. The right hand is in the prone, the left in the supine position.



આકાર મોટો ગાય છે. જીવે બનાવેલા મજબૂત શરીરનો આકાર પ્રથમ ચિત્ર A માં જોઇ શકાશે. કે કેવું સુંદર હાડપિંજર બનાવ્યું છે. અન્દરનું માળખુ કેટલું મજબૂત કેટલું સંરક્ષણાત્મક બનાવ્યું છે. આજનું વિજ્ઞાન એક હાડકું પણ ક્યાંય બનાવી શકે તેમ નથી.

ત્યાર પછી બીજુ ચિત્ર B જુઓ. આ બનાવેલા હાડપિંજર ઉપર જીવે કેટલુ સુંદર માંસ-મજ્જા વગેરે ગોઠવીને આકાર સુડૌલ સુંદર બનાવ્યો છે. કારણ માત્ર હાડપિંજર તો જોવુ પણ ગમે તેવું નથી. ખોપડી બિહામણી લાગે છે.

ઘરમાં મકાનમાં જેમ ગાદલું વગેરે પાથરીએ છીએ તેમ.આ હાડપિંજર ઉપર ચારે બાજુ જીવે માંસ-મજ્જા વગેરે પાથરીને સુંદર આકાર-રચના જીવ જ કરે છે. ત્યારે પછી લોહી બનાવે છે. અને આખા શરીરમાં લોહીને પહોંચાડવા માટે (નળીઓ) (પાઈપ) શિરા ધમણીઓ વગેરે બનાવે છે. જેથી રક્તાભિસંચાર આખા શરીરમાં વ્યવસ્થિત રહે. તે રકતના શુદ્ધિકરણ માટે હૃદય રાખેલ છે. અને તેમાં પણ શુદ્ધિ માટે પ્રાણવાયુ (શુદ્ધ હવા) જરૂર પડે છે. તે માટે શ્વાસનળી રાખી છે, અને તે વાટે શુદ્ધ વાયુ ખેંચે છે-લે છે રકતશુદ્ધ કરે છે. એની બાજુમાં અન્નનળી છે. અન્ન ઉતારવા માટે છે. એની સર્વ વ્યવસ્થા કેટલી સુંદર છે.

શરીર રચનાનો સર્વ વિચાર તો અત્રે રજુ કરવો શક્ય નથી. સમયમર્યાદા તથા લખાણની પાનાની સંખ્યા બાધક છે. પરન્તુ શ્રીભગવતીસૂત્ર આદિ પવિત્ર જૈન આગમ શાસ્ત્રોમાં નાડીઓ-અસ્થિઓ વગેરેનું અદ્‌ભૂત વર્ણન છે. ત્યાથી વિશેષ જાણી લેવું. ગર્ભ પરિવર્તન કેવી રીતે થઈ શકે.ગર્ભાપ-હરણ શક્ય છે કે નહીં આ સર્વ વિચાર ભગવાન મહાવીરસ્વામીના ગર્ભનું પરિવર્તન જે રીતે દેવાનંદાની કુક્ષીમાંથી ત્રિશલા રાણીની કુક્ષીમાં કરવામાં આવ્યું છે. તેનું અદ્‌ભૂતવર્ણન શ્રી ભગવતીસૂત્ર જેવા મહાન પંચમ આગમમાં છે. કલ્પસૂત્રમાં છે. એવા અન્ય આગમોમાં અદ્‌ભુત અને અનુપમ વિસ્તારથી વર્ણન છે. જેનું વિશદ વિવેચન અને વર્ણન આજના તબીબી વિજ્ઞાનના ક્ષેત્રમાં જોવા મળે છે.

આપણે અત્રે આટલું જ સમજવાનું છે કે આ બધી રચના કોણ કરે છે ? ઇશ્વર નહીં પણ જીવ પોતે જ. દરેક આત્મા પોતાના માટે યોગ્ય શરીરની રચના કરે છે. અને તે પણ જીવ પોતાના નામકર્મ આદિ કર્મોના અનુસારે કરે છે (જિજ્ઞાસુએ આ વિષય જોવા માટે લેખક દ્વારા લખાએલું પુસ્તક 'કર્મ તણી ગતિ ન્યારી'તથા 'कर्म की गति न्यारी'માંથી જોઇ લેવું)

शरीरं खलु आद्यं धर्म साधनं .....

શરીર એ આત્મા છે કે શરીરમાં આત્મા છે ? આ બન્ને પ્રશ્નચિન્હવાળા વાકયોમાંથી આપણે શોધી કાઢીએ કે કયુ વાકય સાચું છે ? પહેલા આપણે એ જોઇ ગયા કે શરીરએ આત્મા છે ? કે આત્માએ શરીર છે? ના, એનું સ્પષ્ટીકરણ આપણે પહેલા કરી ગયા છીએ.

અને આટલા વર્ણન-વિવેચન ઉપરથી ખ્યાલ આવી ગયો હશે કે શરીર એ આત્મા નથી. તેમ જ આત્મા એ પણ શરીર નથી. તો પછી હવે પ્રશ્ન થશે આત્મા છે તો ક્યાં છે ?

સંસારમાં સંસારી આત્મા શરીરમાં છે. શરીરમાં આત્મા રહે છે. શરીરતો આત્મા એ અમુક વર્ષો સુધી રહેવા માટે બનાવેલું મકાન છે. આત્મા ભાડે રહે છે રોજ આ શરીરને ભાડું (આહાર-પાણી) આપવું પડે છે. અને એ રીતે આ શરીરને ભાડું આપી આપીને એની પાસેથી કામ લેવાનું છે. પણ મકાન કે દુકાનના ઓછા ભાડામાં આજે આપણે સહુ રાજી છીએ. તો પછી આ શરીરને પણ ઓછું ભાડુ આપીને તેની પાસેથી પણ વધારે કામ લેવામાં આવે તો કેટલુ સારું? આ શરીર પાસેથી પણ આપણે સાધી શકીએ. આટલું લક્ષ આવી જાય તો આત્મા સાચો સાધક બની જાય. અને શરીર સાધન બની જાય, કહ્યું છે કે 'शरीरं खलु आद्यं धर्मसाधनं'' શરીર એ જ ખરેખર ધર્મ માટેનું પ્રથમ અને પ્રધાન સાધન છે. આ શરીર ગમે તેવું હોય પણ તેની પાસેથી આપણે સાધી લેવું જોઇએ. ક્યારેય સાધનને સાધ્ય બનાવવાની મોટી ભૂલ ન કરીએ.

શરીર અને આત્મા જુદા છે એ ભેદ માનીને શરીર વડે આત્માનું કલ્યાણ સાધી લેવા જેવું છે. નહીં કે આનાથી વીપરીત આત્મા વડે શરીરનું હિત સાધી લેવું ? ના, પણ સાધન એવા શરીરને આજે દેહભોગીઓએ, દેહાત્મવાદી નાસ્તિકોએ સાધ્ય બનાવી દીધું છે. આત્માનું અહિત કરીને પણ, આત્માને પાપમાં પાડી ભારે કર્મો બાંધીને પણ શરીર ને સુધારીએ છીએ. શરીરને સારું રાખીએ છીએ. શરીરને શોભાવવા પ્રયત્ન કરીએ છીએ.

પણ આપણે આજે એ સનાતન સત્ય સિદ્ધાન્ત ભૂલી ગયા કે આત્મા અજર-અમર અવિનાશી-શાશ્વત છે. જ્યારે શરીર તો પૂરણ અને ગલનના સ્વભાવવાળું વિનાશી, નાશવંત છે, ક્ષણિક છે. ખૂબીઓ-અને ખામીઓથી ભરેલું છે. ભૂતોનું છે. ભૂતોમાંથી બનેલું છે અને ભૂતોમાં જ વિલીન થવાનું છે. ''शरीरं खलु रोग मंदिरं'' અર્થાત્ શરીર રોગોનું ઘર છે. રૂંવાટા જેટલા રોગોથી ભરેલું છે. અને એવા શરીરને અહીંયા જ લાકડામાં બાળી નાખવાનું છે. એ સ્પષ્ટ ખબર સહુને છે. છતાં શરીરને સાધ્ય માની ચાલનારા આજે ઘણા જીવો શરીરની પંપાળમાં જ પડયાં છે દેહસુશ્રુષા ઘણી વધી ગઇ છે. પરિણામે આત્મ સાધનાનું લક્ષ ઓછું થતું જાય છે. આત્માને પાપમાં પાડીને, કર્મબંધથી ભારે બનાવીને પણ શરીરને સારું રાખવા જઇએ છીએ.

પણ ગમે એટલું પંપાળવા છતાં પણ આ જ શરીર આપણને કેટલો દગો આપશે એની આપણને જાણ પણ નથી. અર્થ એ છે કે જે શરીરને સાધન બનાવીને શરીરના ભોગે પણ આત્માનું હિત અને કલ્યાણ સાધે. જ્યારે આનાથી વીપરીત વૃત્તિવાળો જીવ અનાર્ય કહેવાશે. દેહાત્મવાદ, તજ્જીવ તત્શરીર, જીવશરીરૈક્ય માનવાના ઉપર મુજબના ઘણા દુષણો છે.

શરીરમાં આત્માની શોધ .....

શરીરમાં આત્મા છે ? આત્મા છે એમ જો ઘડીભર માની પણ લઈએ તો શરીરમાં તે ક્યાં છે ? શરીરના કયા ભાગમાં છે ? શું મગજમાં છે ? શું હૃદયમાં છે ? અથવા શું પેટમાં છે ? અથવા શું આંખ-નાક-કાનમાં છે ? અથવા શું છાતીમાં છે ?

જો તમારા કહેવા પ્રમાણે આત્મા શરીરના કોઇ પણ અંગ કે સ્થાનમાં હોય તો તેની પ્રતીતિ કે અનુભૂતિ અથવા તો શલ્યચિકિત્સામાં તે દેખાતો કેમ નથી ? હમણાં દિલ્હીની Institute of Medical Science માં એવો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો કે માણસને મરેલો ક્યારે જાહેર કરવો ? શું હૃદય બંધ પડે ત્યારે ? અથવા મગજ કામ કરતું બંધ થાય ત્યારે ?

સંભવ છે કે મગજ તો ઘણીવાર કામ કરતું વહેલું બંધ થઇ પણ જાય છે. મગજમાં પાણી ભરાવાના રોગથી અથવા જ્ઞાનતંતુઓના નાશ થવા આદિના અનેક રોગજન્ય કારણોથી મગજ કામ કરતું બંધ થઇ પણ જાય છે. વર્ષોથી બેભાન થઇને પથારીમાં પડી રહેલાની ફક્ત શ્વસન ક્રિયા આદિ ચાલતી હોય પણ બીજા કોઇ અંગોને જાતે ચલાવી ન શકતો હોય.. કોઇ વેદના તે વ્યક્ત ન કરી શકતો હોય ત્યારે શું સમજવું? મગજની ક્રિયા બંધ પડી ગઇ છે. પણ આત્મા છે અર્થાત્ જીવતો છે તેની પ્રતીતિ તો શ્વસનક્રિયા ઉપરથી થાય છે.

કર્મ સિદ્ધાતનું શાસ્ત્ર તો સ્પષ્ટ જણાવે છે કે જ્યાં સુધી આયુષ્યકર્મ છે ત્યાં સુધી માણસ જીવતો છે. અને આયુષ્યકર્મ સમાપ્ત થતાં જીવ શરીર છોડીને બીજા જન્મમાં ચાલ્યો જાય છે. તે જ તેનું મરણ (મૃત્યુ) અને આયુષ્યકર્મના દલિકોનો આધાર લેવાતા અને મુકાતા શ્વાસોચ્છ્વાસ ઉપર રહેલો છે. જ્યાં સુધી આયુષ્યકર્મના થોડા ઘણાં પણ દલીકો હશે ત્યાં સુધી શ્વાસોચ્છ્વાસ ચાલુ રહેશે. અને આયુષ્ય કર્મના દલિકો સમાપ્ત થતા શ્વાસોચ્છ્વાસની ક્રિયા તરત બંધ પડી જશે. અને તરત જીવ (આત્મા) એ શરીરને છોડીને આંખના પલકારામાં તો પૂર્વકર્માનુસાર બીજા જન્મમાં-બીજા શરીરમાં જઇને ઉત્પન્ન થઇ જાય છે. અને ત્યાં પોતાની નવેસરથી એકડે એકથી ફરી બધી ક્રિયા શરૂ કરે છે.

આ આયુષ્ય કર્મ જેને વળગેલું છે તે છે આત્મા. આયુષ્યકર્મથી બંધાયેલો (યુકત) આત્મા જ શ્વાસોચ્છ્વાસ લેવા-છોડવાની ક્રિયા કરે છે. તેમાં શરીર તથા શરીરના અંગોપાંગ અને અવયવો તો માત્ર કારણભૂત છે. નિમિત્ત-આધારભૂત છે. એટલે આયુષ્યકર્મની જીવાદોરી ઉપર જ જીવ જીવે છે-ટકે છે. જીવાદોરી પૂરી થતાં જીવાત્મા આ શરીર છોડીને ચાલ્યો જાય છે. ત્યાર પછી આપણે મરેલો જાહેર કરીને મરણોત્તર ક્રિયાની તૈયારીમાં લાગી જઇએ છીએ.

સર્જન ડોકટરોના પ્રયોગોઃ– Neuro Surgeon આદિ ડૉકટરોએ શરીરમાં મગજના

ઓપરેશનો કર્યા. આખું મગજ ખોલી નાખ્યુ. તેના બધા ભાગો છૂટા પાડીને આત્માને શોધવા પ્રયત્ન કર્યો, પણ તેમને આ શરીરમાં માંસના લોચા અને નસો તથા નાડીઓ અને હાડકા સિવાય કંઇ નથી દેખાણું. અરે ! આત્મા તો શું પણ સ્મરણ શક્તિ, બુદ્ધિ વગેરે પણ કંઇ નથી દેખાણું. છતાં પણ આત્મા નથી એવી જાહેરાત કરી નથી શકતા.

By-pass Surgeory, Cardiologist Surgeon હાર્ટના ઓપરેશન કરનારા ડૉકટરો આખું હૃદય ખોલી નાંખે છે. Open Heart Surgeoryમાં હૃદયને ખોલીને લોહી બધું કૃત્રિમ હૃદય તરીકે વિકસાવેલી By-Pass Machineમાં લઇ જવામાં આવે છે. અને ત્યાંથી મગજ તથા શરીરમાં પસાર કરવામાં આવે છે. સતત લોહીનું પરિભ્રમણ પસાર કરવામાં આવે છે. અને આ બાજુ હૃદયની મુખ્ય નળીઓ (મહાધમનીઓ)માંથી બગડેલા વાલ્વનું ઓપરેશન કરવામાં આવે છે. અને ત્યાર પછી ફરી તે નળીઓનું હૃદય સાથે જોડાણ કરી દેવામાં આવે છે. અને By Pass mchine નો સંબંધ છુટો કરી લોહી બધું હૃદય વાટે શરીરને પહોંચાડવામાં આવે છે. લોહી મળતા હૃદય ફરીથી પોતાની મુળભૂત ક્રિયાની જેમ ધબકતું થઇ જાય છે. અને માણસ પુર્વવત્ જીવનક્રિયા કરતો થઇ જાય છે.

હૃદય રોગ માટે પ્રસિદ્ધિ હ્યુસ્ટનના સર્જન ડૉકટરે સેંકડો હૃદયના ઓપરેશનો કરી નાખ્યા. પણ હૃદય ખોલતા પણ તેમને માત્ર લોહી જ દેખાણું છે. પણ આત્મા વગેરે કોઇ તત્ત્વો તેમની નજરમાં હજી સુધી આવ્યા નથી. એથી શું આત્મા ન માનવો?

ના. દસ મણ દૂધના તપેલામાં ઉપરથી નીચે હાથ ફેરવીને ગમે તે ભાગમાં શોધવા છતાં પણ ઘી નથી દેખાતું. દસ મણ છાસમાં ઉપર નીચે ગમે ત્યાં શોધવા છતાં પણ માખણ નથી દેખાતુ, અને અરણિના બે કાષ્ઠમાં જોઇએ તો ફકત લાકડું જ દેખાય છે, પણ અગ્નિ નથી દેખાતી. તો આ બધા પ્રસંગોમાં શું દૂધમાં ઘી નથી ? અને શું છાસમાં માખણ નથી ? અને શું અરણિના કાષ્ઠમાં અગ્નિ નથી ?

ના, ના તો ન જ પાડી શકીએ કારણ રોજંદા જીવન વ્યવહારમાં અનુભવ છે માટે ચકમકના પત્થર ઘસતા તરત અગ્નિ ઉત્પન્ન થાય છે. જો નહોતી તો અગ્નિ ક્યાંથી આવી ? માટે ના પાડવી તેના અસ્તિત્વનો નિષેધ કરવો એ મોટી અજ્ઞાનતા છે.

નરી આંખે ન દેખાતો પદાર્થ બીજી પ્રક્રિયાથી તો જોઇ શકાય છે. નથી દેખાતું માટે ન માનવું એ કોઇ ઉચિત યુકિત કે પ્રબળ તર્ક નથી. આ જગતમાં એવા ઘણા નિમિત્તો છે– કારણો છે કે જેના કારણે વસ્તુ હોવા છતાં, અને જોનાર પણ હોવા છતાં નથી જોઇ શકતો, નથી જણાતું. દા. ત.

વસ્તુ હોવા છતાં નથી દેખાતી તેનાં કારણો....

(૧) અતિદૂર હોવાના કારણે ન દેખાય. દા. ત. અમેરિકા.

(૨) અત્યન્ત આંખની નજીક હોય તો પણ ન દેખાય. દા. ત. પાંપણ.

(૩) અત્યન્ત સૂક્ષ્મ પણ ન દેખાય. દા. ત. પરમાણું.

(૪) મન અસ્થિર હોવાના કારણે પણ નથી ખ્યાલ આવતો.

(૫) ઇન્દ્રિયો સક્ષમ, શક્તિશાળી ન હોય, કમજોર હોવાથી ન દેખાય.

(૬) અલ્પબુદ્ધિના કારણે– આ સોનું છે કે નહીં ?

(૭) અશક્યતાથી – પોતાનીજ પીઠ, કાન ન દેખાય તે.

(૮) આવરણ – હોવાના કારણે પણ, ભીંત વગેરેની પાછળનું

(૯) અભિભવવડે–જેમ સૂર્યના તીવ્ર તેજથી અભિભૂત થઇ જતા તારાઓ દિવસે હોવા છતાં નથી દેખાતા.

(૧૦) સરખાપણાના કારણે– અડદના ઢગલામાં એક અડદનો દાણો અને દૂધમાં દૂધ, પાણીમાં પાણી ભેળવાતા તે ન દેખાય.

(૧૧) ઉપયોગના અભાવે – આપણો ઉપયોગ ન હોય તો ન દેખાય.

(૧૨) અનુવાય – જેમ શિંગડા વડે દૂધનું પ્રમાણ ન જણાય

(૧૩) વિસ્મરણ – ભૂલી જવાથી પહેલાની વસ્તુ ન જણાય.

(૧૪) દૂરાગમ ખોટો ઉપદેશ મળવાથી પણ વસ્તુ ભિન્ન મનાય.

(૧૫) મિથ્યાજ્ઞાન-મોહ દશા, મિથ્યા દશા, તથા મૂઢતાના કારણે પણ જીવાદિતત્ત્વો વિપરીત મનાય.

(૧૬) ઇન્દ્રિયઘાત– અંધાપા આદિના કારણે ન જણાય.

(૧૭) વિકારના કારણે– વૃદ્ધાવસ્થા આદિના કારણે અથવા નેત્ર રોગ આદિથી ઉત્પન્ન વિકાર (સન્નીપાત)ના કારણે પણ ન જણાય.

(૧૮) અક્રિયાથી-જેમ જમીન ખોદ્યાવિના ઝાડના મૂળીયા ન દેખાય, વલોવ્યા વિના જેમ માખણ ન દેખાય.

(૧૯) અનધિગમ–શાસ્ત્રો સાંભળ્યા-જોયા વિના તેનો અર્થ ન સમજાય.

(૨૦) કાલવિપ્રકર્ષના કારણે–ભૂત–ભાવિની વસ્તુ ન દેખાય.

(૨૧) સ્વભાવવિપ્રકર્ષ– ભૂત-પિશાચ અને અમૂર્ત વસ્તુઓ પોતાના તથાપ્રકારના સ્વભાવના કારણે ન દેખાય.

આ પ્રમાણે એવા ઘણાં કારણો છે કે જેની ઉપસ્થિતિના કારણે ઘણીવાર વસ્તુ હોવા છતાં પણ નથી દેખાતી પણ વસ્તુ નથી દેખાતી એમાં આપણે આપણી ઇન્દ્રિયોના રોગો તથા ઉપરોક્ત અનેક કારણો કારણભૂત હોઇ શકે છે. તેથી વસ્તુ છે જ નહીં એવો વ્યવહાર પણ આપણે કરવો ઉચિત નથી. વસ્તુની સત્તાનો અભાવ કહેવો યોગ્ય નથી.

આ પ્રમાણે એ સિદ્ધ થાય છે કે –

पाषाणेषु यथा हेम, दुग्धमध्ये यथा घृतं ।
तिलमध्ये यथा तैलं, देहमध्ये तथा जीवः ॥
काष्ठमध्ये यथा वन्हिः, शक्तिरुपेण तिष्ठति ।
अयमात्मा शरीरेषु, यो जानाति स पंडितः ॥

જેમ માટી-પત્થરમાં સોનું છે, દૂધમાં જેમ ઘી છે, તલમાં તેલ છે, અરણીના કાષ્ઠમાં જેમ અગ્નિ છે, શક્તિ રૂપે જે રહેલ છે તે જ પ્રમાણે આ શરીરમાં આત્મા છે. આ પ્રમાણે જે જાણે છે તે જ યોગ્ય વિદ્વાન-પંડિત છે. આત્માનું અસ્તિત્વ છે જ. અને સંસારમાં આત્મા શરીરમાં જ રહે છે.

આત્મા શરીરમાં છે કે શરીરની બહાર પણ છે .....?

यत्रैव यो दृष्टगुणः स तत्र कुम्भा दिवद् निष्प्रतिपक्षमेतत् ।
तथापि देहाद् बहिरात्मतत्वमतत्ववाधेपहताः पठन्ति ॥

કળિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા અન્યયોગ વ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં ફરમાવે છે અને સ્યાદ્વાદ મંજરીમાં તેની વિવેચના કરતા પૂજ્ય મલ્લિષેણસૂરી મહારાજા ફરમાવે છે કે- ભારતીય ષડ્દર્શનોમાં ન્યાય-વૈશેષિક દર્શનવાદી નૈયાયિકો તથા વૈશેષિકો આત્માને (શરીરમાં તેમજ શરીરની બહાર) સર્વવ્યાપી માને છે. તેમનું કહેવું છે કે જેમ ફુલમાં પણ સુગંધ છે અને ફુલની બહાર ઘણે દૂર સુધી પણ સુગંધ છે. એ જ પ્રમાણે સર્વવ્યાપી આત્મા શરીરમાં અને શરીરની બહાર પણ સર્વત્ર છે.

પણ એમની માન્યતા તર્ક-યુક્તિથી બિલ્કુલ યોગ્ય નથી. કારણ કે જેના ગુણો જ્યાં રહે છે તેનો આધારભૂત દ્રવ્ય પદાર્થ પણ ત્યાં જ રહી શકે. દ્રવ્ય વિના ગુણ રહી નથી શકતો. ઘડો અહીં પૂર્વમાં છે. અને ઘડાનો રંગ પશ્ચિમમાં દૂર દેખાશે ? એ સંભવ જ નથી. અને સુગંધ જ્યાં છે તો ફુલ પણ ત્યાંજ દેખાશે ફુલમાંથી પ્રસરતી સુગંધના અવયવોનો ફુલ સાથે દ્રવ્ય- ગુણનો સંબંધ છે. આધાર-આધેય ભાવ છે. એ જ પ્રમાણે આત્મા પણ કાયાકાર પરિમાણ વાળો છે. આત્માને શરીરમાંજ માનવો પડે શરીરની બહાર નહીં.

કારણ આત્માના જે જ્ઞાન-દર્શન-સંવેદના રૂપે સુખ-દુઃખની અનુભૂતિના જે ગુણો છે ત્યાંજ આત્મા હોઇ શકે કારણ આત્મા વિના તો સુખ-દુઃખાદિની સંવેદના-અનુભવ કોઇ પણ જડ પદાર્થને થઇ જ નથી શકતો, અને ગુણ-ગુણી અભેદ ભાવે સર્વથા સાથે જ રહે છે. એટલે સુખ-દુઃખ-જ્ઞાન-દર્શનાદિ ગુણો પણ ગુણી એવા આત્માની સાથે જ રહેશે. એ ગુણ-ગુણીનો નિયમ છે.

આપણને શરીરમાં સુખ-દુઃખની અનુભૂતિ ક્યાં થાય છે ? માથામાં કે પગમાં ? ના,

ફકત માથામાં જ થશે અને પગમાં સોય કાંટો વાગ્યો હોય તો અનુભવ નહીં થાય? એવું નથી. દા. ત. માથા ઉપર વધેલા વાળ તથા વધેલા નખ ઉપર-ઉપરથી કાપી નાંખવાથી કોઇ સુખ-દુઃખની વેદના નહીં થાય. એટલે એ વધેલા નખ–વાળમાં આત્મા નથી એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. અને એ જ વાળ-કે નખ જો લોચ કરવાની પદ્ધતિએ મૂળમાંથી જ ખેંચી કાઢવાથી અથવા નખ પણ મૂળમાંથી ઉખડી જતા તીવ્ર વેદના થાય છે. પગના તળીયામાં પણ સોય-કાંટો અડતાં જ તીવ્ર વેદના થાય છે. આ સુખ-દુઃખનો અનુભવ જડ થતો હોત તો મડદાને પણ અનુભવ થાત. અને મડદું બળતા ચીસો પાડીને બાળવાની ના પાડત. પણ હવે એ મૃત શરીરમાં આત્મા નથી એટલે મડદુ બળવા છતાં કંઇ દુઃખ વગેરે નહીં અનુભવે. ના ન પાડી શકે. આ વાતથી એ સિદ્ધ થાય છે કે શરીરમાં આત્મા છે. અને તેથી જ તેને સુખ-દુઃખની અનુભૂતિ થાય છે.

આત્માને શરીરમાં અને શરીરની બહાર પણ સર્વત્ર બધે વ્યાપક છે એમ જો ન્યાય વૈશેષિકોના મત પ્રમાણે માનીએ તો નરકમાં કપાતા નારકી જીવો, અને કતલખાનામાં કપાતા પશુઓની તીવ્ર વેદના આપણને અહીંયા બેઠા પણ થવી જોઇએ. પણ તે તો નથી થતી. આપણી બાજુમાં બેઠેલાને પેટમાં દુઃખતુ હોય કે આંગળી કપાઇ હોય તો પણ આપણને તેની કોઇ વેદના કે દુઃખ નથી થતું માટે જ્યાં જ્યાં સુખદુઃખની અનુભૂતિ થાય છે ત્યાં જ આત્મા છે એમ માનવું યોગ્ય છે. આત્માને શરીરની બહાર માનવામાં ઘણા દોષો રહેલા છે. આ જ વાતને સ્યાદ્વાદમંજરી ગ્રંથમાં, આગમોમાં તથા વાદિદેવસૂરીમહારાજે-પ્રમાણનયતત્ત્વાલોક ગ્રન્થમાં જણાવતા આત્માને દેહપરિમાણઃ (કાયાકાર પરિમાણઃ) એમ કહ્યું છે. અને આ જ આર્હત્ પક્ષ તર્કસિદ્ધ થાય છે.

આત્મા શરીરમાં કયાં છે ? કેટલા ભાગમાં છે ? અને કેવી રીતે છે ....?

આત્મા શરીરમાં છે. શરીર આત્માને રહેવા માટેનું ઘર છે. તેમાંજ રહેવું પડે છે. એટલે એક વાત હવે નક્કી થઇ ગઇ કે આત્મા શરીરથી જૂદો છે. આત્મા એ જ શરીર નથી. પણ આત્મા શરીરથી ભિન્ન સચેતન તત્ત્વ છે, હવે તે શરીરમાં રહે છે તો કેવી રીતે રહે છે? શરીરના કોઇ એક ભાગમાં રહે છે ? દા. ત. હૃદય કે મસ્તકમાં ? અથવા આખા શરીરમાં રહે છે ? શરીરના કયા ભાગમાં રહે છે અને કયા ભાગમાં નથી રહેતો?

જેમ ગોળાનો પ્રકાશ એને જેટલું ક્ષેત્રફળ મળે છે તેટલામાં જ રહે છે. તે જ પ્રમાણે આત્મા પણ જેવડું શરીર મળે છે તેટલામાં જ રહે છે.

આ વિચારને સમજવા માટે અત્રે એક દૃષ્ટાંન્ત લઇએ જેથી દૃષ્ટાન્ત દ્વારા સરલતાથી સમજી શકાશે.



આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ક્રમશ : નાનો ડબ્બો છે, પછી તેનાથી મોટી કોઠી છે. અને તેનાથી મોટા ક્ષેત્રફળના વિસ્તારવાળી ઝુંપડી છે, અને પછી તેનાથી પણ મોટો એક હોલ છે. ક્રમશઃ બધાં જ સ્થાનો મોટા-મોટા છે, પણ તે દરેકમાં રાખેલો ગોળો એક સરખો જ છે.

એક જ સરખા વોલ્ટેજવાળો છે. હવે વિચાર કરો કે એ જ ગોળો જે એક નાના ડબ્બામાં છે તેને ચાલુ કરીએ તો તેનો પ્રકાશ પણ તે ડબ્બાના ક્ષેત્રમાં જ પ્રસરીને રહેશે. ડબ્બો મોટો હશે તો પ્રકાશ પણ વધુ ક્ષેત્રમાં પ્રસરશે. તેનાથી આગળ વધીએ તો ડબ્બામાં રાખેલો ગોળો હવે ઝુંપડાની રૂમમાં લગાડીને ચાલુ કરીએ તો પ્રકાશ કેટલા ક્ષેત્રમાં રહેશે? અને તેનાથી મોટા એક પ્રવચન હોલમાં-મંડપમાં ચાલુ કરીએ તો તેનો પ્રકાશ આખા મોટા હોલમાં પ્રસરી જશે. એથી પ્રકાશ નાનો-મોટો નહીં કહેવાય. પરંતુ જેવું ક્ષેત્ર તેટલા પ્રમાણમાં

પ્રસરીને જીવ રહેશે. બસ, ઠીક એ જ પ્રમાણે આત્મા પણ નાનો મોટો નથી. અગુરુ-લઘુ ગુણવાળો છે. પણ પ્રકાશ જેવો જ છે. જો આત્માને શરીર ન મળે તો તે સંસારમાં રહીજ ન શકે. શરીર નાનું મળે તો નાના શરીરમાં અને મોટું મળે તો મોટાશરીરમાં આત્મા પોતે પોતાના અસંખ્ય પ્રદેશોને પ્રસારીને રહી છે.

સંકોચ-વિકાસશીલ સ્વભાવવાળો આત્મા....

આત્માના પ્રદેશો અસંખ્ય છે. જેટલા ચૌદ રાજલોક સ્વરૂપ આકાશના પ્રદેશો છે તેટલા જ આત્માના પ્રદેશો છે. પણ આત્મામાં એક વિશિષ્ટ ગુણ છે. સંકોચ-વિકાસશીલતાનો. રબરને જેમ ખેંચીએ તો લાંબું થાય છે. એટલી જગ્યા વધારે રોકાશે. પણ એના દ્રવ્યપ્રદેશો વધે-ઘટે નહીં એટલાના એટલા જ રહેશે. છોડી મૂકીએ એટલે પાછું હતું એવું ને એવું જ.

એ જ પ્રમાણે આત્મા પણ સંકોચ-વિકાસ ધારે એટલો કરી શકે છે. કેટલો સંકોચ અને વિકાસ કરવો તેનો આધાર જીવને મળેલા શરીર ઉપર છે. જો શરીર સાવ નાનું કીડી જેવડું મળે તો આત્મા સંકોચાઈને તેટલા જ નાના કીડીના શરીરમાં રહે. અને જો શરીર કીડી કરતા મોટું, મંકોડાનું, વાંદાનું, બકરીનું, ઘોડાનું, બળદનું, ઉંટનું, અને હાથી જેવડું મોટુ મળે તો આત્મા એટલા મોટા શરીરમાં રહેશે. આ બધા ચિત્રમાં જોઈએ છીએ તે પ્રમાણે ક્રમશઃ એકથી બીજા મોટા-મોટા શરીરો છે. દરેક છે તો શરીર અને જે વખતે જીવને જેવડું શરીર મળ્યું તે વખતે જીવ તેટલા વિસ્તારમાં વિકસીને રહે છે. એની સામે આપણે જોઈએ કે, એક નાનામાં નાનું શરીર... જે Microscoping bings સૂક્ષ્મ જીવાણુઓને મળે છે તો તે જીવ તેટલા નાના શરીરમાં રહે છે. વર્તમાન વિજ્ઞાને સૂક્ષ્મદર્શક યંત્રમાં જોઈને માપીને કહ્યું છે કે - એક સ્ટેમ્પ અર્થાત્ પોસ્ટેજની ટિકીટ ઉપર ૨૫ કરોડ સૂક્ષ્મ જીવો રહી શકે છે. અને એક નાની કેપ્સુલમાં એક કરોડ જીવાણુઓ પણ રહી શકે છે. હવે વિચાર કરો કે જયારે એક કેપ્સુલ અને એક ટિકીટ ઉપર આટલી મોટી સંખ્યામાં ૨૫ કરોડ, અને એક કરોડ જીવાણુંઓ રહી શકે છે તો તે જીવાણુઓ કેટલા સૂક્ષ્મ હશે? કેટલા નાનામાં નાના હશે? તેમનું શરીર કેવડું હશે ? અને તે દરેક શરીરમાં એકમાં એક જીવ એમ કેટલા જીવો હશે ?

સૂક્ષ્મ જૈન જીવવિજ્ઞાન .....

જૈન જીવ વિજ્ઞાન પણ આ પ્રમાણે જીવો વિષે ઘણું સચોટ અને સૂક્ષ્મ સ્વરૂપ જણાવતા કહે છે કે જીવો બે પ્રકારના છે.

જીવ

સૂક્ષ્મ જીવો	સ્થૂલ (બાદર) જીવો
Microscoping beings	Macro Cosoum beings

પૃથ્વી-પાણી -અગ્નિ- વાયુ અને વનસ્પતિના સર્વ સૂક્ષ્મ જીવો ચૌદેરાજલોકના

અનન્ત બ્રહ્માંડમાં સર્વત્ર પ્રસરેલા છે. એક પણ ખૂણો ખાલી નથી કે જયાં ન હોય. બધે જ છે. ચૌદરાજલોકમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા છે. અને તેમાં પણ વનસ્પતિ વિજ્ઞાનની અજાયબી તો જૈન શાસ્ત્રમાં સર્વજ્ઞ ભગવંતોએ અદ્‌ભૂત બતાવી છે વનસ્પતિના અનન્ત જીવોમાં પણ ભેદ પડે છે. અને તેમાં જીવોની સંખ્યા પણ ભિન્ન ભિન્ન હોય છે.



૧ સૂક્ષ્મ સાધારણ : સૂક્ષ્મ સાધારણને જ નિગોદ કહેવામાં આવે છે. એક ગોળામાં અનન્તા જીવો રહેછે. એવા અસંખ્ય ગોળાઓ આ ૧૪ રાજલોકના બ્રહ્માંડમાં ભરેલા છે. જે અત્યંત સૂક્ષ્મ છે. તેની વ્યાખ્યા જણાવતાં જીવવિચાર પ્રકરણમાં કહે છે કે-"जेसिमणंताणं तणु एगा साहारणा तेउ" અર્થાત્ જયાં અનન્તા જીવોની વચ્ચે શરીર એક મળે તે સાધારણ જીવ કહેવાય છે One body having Infinitive numbrs of soul એક શરીરમાં અનન્ત જીવો હોય તે સાધારણ. માટે જ શબ્દ રચના પણ કેવી છે- ''અનન્તકાય' અર્થાત્- અનન્ત + કાય. અન્નતા જીવો + અને કાયા અર્થાત્ શરીર એક હોય તે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય કહેવાય, આ અનન્તા નિગોદના જીવોને એક જ શરીરમાં એક સાથે ભેગા રહેવાનું એક સાથે જન્મવાનું, એક સાથે મરવાનું, એક સાથે શ્વાસ લેવાનો, મૂકવાનો, એક સાથે જે આહાર મળે તે વહેંચી લેવાનો. આપણી આંખના એક પલકારા જેટલા સમયમાં, અથવા આપણા એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં આ જીવો ૧૭।। વાર જન્મ-મરણ કરે છે. તેમાંને તેમાં જ જન્મે-મરે છે. તેમને પહેલી સ્પર્શેન્દ્રિય હોય છે. સંસારમાં જીવોની મૂળ ખાણ આ જ છે. આજ સૂક્ષ્મ જીવાણુંઓ સ્થૂલ આકાર ધારણ કરે છે ત્યારે તે દેખાય (તેવડા) થાય છે. ત્યારે દ્રશ્યમાન થાય છે. દા. ત. ફૂટેલા ફણગા, લસણ, કાંદા, બટાકા, ડુંગળી, ગાજર, શકરીઆ, આદુ, લીલી હળદર, ઈત્યાદિ. આ બધાની જાત એ જ નિગોદની છે, પણ શરીરનો આકાર સ્થૂલ થયો છે. કેટલાય સૂક્ષ્મ ગોળાઓ એકત્ર થયા હશે ત્યારે સ્થૂલ આકાર પામ્યા. જૈન જીવવિજ્ઞાનમાં સર્વજ્ઞ ભગવંતો જણાવે છે કે એવા દેખાતા એક શરીરરૂપ કાંદા-બટાકા-લસણ આદિમાં અનન્તા જીવો છે. અને તેનું ભક્ષણ કરવું–ખાવું તે અનન્ત જીવોની હિંસા કરવા જેવું છે. અનન્ત જીવોની આ રીતે હિંસા કરવી એ ભયંકર પાપ છે. સ્વઆત્મતુલ્ય એ જીવોને સમજીને આટલા અનન્ત જીવોની હિંસાથી બચવું એ ધર્મ છે.

સ્થૂલ પ્રત્યેક જીવો ....

આ સૂક્ષ્મ શરીરમાંથી સ્થૂલનામકર્મના કારણે આત્મા સ્થૂલપણામાં અર્થાત્ બાદર પણામાં આવ્યો અને એ રીતે પ્રત્યેકમાં આવ્યો. પ્રતિ+એક એટલે દરેક શરીરમાં એક જીવ તે પ્રત્યેક કહેવાય.

શાસ્ત્રમાં વ્યાખ્યા એ રીતે આપી છે –

'एग सरीरे एगो जीवो जेसिं तु ते य पत्तेया ।'

અર્થાત્ એક શરીરમાં એક જ જીવ રહે તે પર્યાય પ્રત્યેક જીવની કહેવાય. One body having Oen Soul. ભિંડા, કાકડી, દૂધી, તૂરીયા, કારેલા, કેળા, સફરજન, ચીકુ વગેરે જે વનસ્પતિકાય છે તે પ્રત્યેકમાં ગણાય છે. બીજ દીઠ એક જીવ એમ ગણતરી થાય છે બીજ જ મુખ્ય જીવનું સ્થાન છે. બીજ જ વવાય છે. અને બીજમાંથી જ ઝાડ ઉગે છે એક બીજે એક જીવ એમ એક ચીકુમાં ૪ બીજ હોય તો ચાર જીવ કહેવાય. પ્રત્યેક વનસ્પતિકાયમાં આ પ્રમાણ છે.

હવે એ જ જીવ વિકાસયાત્રામાં આગળ વધે અને પછી કીડી-મંકોડા વગેરેના જન્મો કરતો કરતો આજે મનુષ્ય થયો છે. એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય-તેઇન્દ્રિય પછી ચઉરિન્દ્રિય, પછી પંચેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં પણ માછલી-દેડકા, કાચબા, સાંપ, ઉંદર, કૂતરો, બકરી પછી ઘોડો, ગાય, બળદ, ઉંટ, હાથી વગેરે થતો જાય. આ બધાના શરીર સ્થૂલ-સ્થૂલ મોટા થતા જાય છે. આત્માને કંઇ વાંધો નથી. આત્મા તો જે વખતે જે શરીર મળ્યું તે વખતે તેટલા વિસ્તારવાળા શરીરમાં આત્મપ્રદેશોને લાઇટના પ્રકાશની જેમ પ્રસારીને રહ્યો છે.

આજે આપણને મનુષ્યનું શરીર મળ્યું છે અને આ મનુષ્યના શરીરમાં પણ આપણે જ્યારે માતાના ગર્ભમાં જન્મ્યા ત્યારે એક વેંત જેવડુ દેખાતુ નાનું શરીર હતું ત્યારપછી જન્મ્યા ત્યારે ડોઢ ફુટ લાંબુ શરીર હતું. ત્યાર પછી દર વર્ષે આપણી શરીરની ઉંચાઈ-જાડાઇ વધતી ગઇ અને આપણે એક દિવસે ૫ ફુટ, ૬ ફુટ, ૭ ફુટ, લાંબા જાડા થયા. એટલે જેમ જેમ શરીર વધતું ગયું લાબું-જાડું થતું ગયું, તેમ તેમ આપણો આત્મા પણ શરીરમાં વિસ્તરતો ગયો અને શરીર પ્રમાણે એણે આકાર બનાવ્યો. એક નાનકડો દીવડો મૂકીને તેની ચારે બાજુ પુઠાનું આવરણ રાખીને જેટલું નાનું કરીએ તેટલા નાના ક્ષેત્રમાં દીવડાનો પ્રકાશ રહે. અને પૂઠા ખસેડીને જેમ જેમ લંબાવતા જઈએ તેમ તેમ ક્ષેત્ર મોટુ થતું જાય તેમ તેમ પ્રકાશ પણ ક્ષેત્ર મુજબ પ્રસરતો જાય. એ જ પ્રમાણે આપણા શરીરનું છે. શરીર જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ આત્મા પણ વિકસિત થતો જાય. અને મૃત્યું પછી બીજી ગતિમાં જો શરીર નાનકડું મળે તો પાછો આત્મા નાનો થાય છે. આ પ્રમાણે આત્મા સંકોચ-વિકાસશીલ સ્વભાવના કારણે નાના મોટા શરીરમાં રહી શકે છે. તેના આત્મ પ્રદેશો આપણા શરીરમાં(હોલમાં લાઇટના પ્રકાશની જેમ) પ્રસરેલા રહે છે. હોલનો

પ્રકાશ જેમ ભીંત સુધી સ્પર્શેલો દેખાય છે. તે જ પ્રમાણે શરીરમાં આત્માના આત્મ પ્રદેશો શરીરની ચામડી સુધી પ્રસરેલા રહે છે. અને તેનો અનુભવ ચામડી ઉપર થતા સોય આદિના સ્પર્શથી થાય છે.તે જ આત્મા છે તેની સાબિતિ છે. સુખ-દુઃખની અનુભૂતિ આત્મા છે તેની સાબિતિ કરાવે છે.

આત્મા એક છે કે અનન્ત....

વેદાન્ત મતવાદી - "एकमेवाद्वितीयं ब्रह्म" " ब्रह्मसत्यं जगन्मिथ्या" એક જ બ્રહ્મ (આત્મા) છે. તે અદ્વિતીય છે, અર્થાત્ તેના જેવો બીજો નથી. અને તેથીજ બ્રહ્મ (આત્મા) એ જ સત્ય છે. બાકી આખું દેખાતું ચરાચર જગત મિથ્યા છે– કંઈજ નથી. જેમ એક સૂર્યના પાણીમાં અનેક પ્રતિબિમ્બ પડે છે. તેમ એક બ્રહ્માના ઉપાધિથી અર્થાત્ શરીર ભેદથી દરેક જીવોમાં ભિન્ન ભિન્ન પ્રતિબિંબ પડે છે. બાકી બીજા કોઈ જીવો છે જ નહીં . એક માત્ર બ્રહ્મમાંજ આત્મા છે. "जीवो ब्रह्मैव नाऽपरः" જીવ એ જ બ્રહ્મા છે બીજો નથી, એકમાત્ર બ્રહ્મ જ (જીવ) આત્મા છે. બીજા કોઇ નહીં. આ પ્રમાણે અદ્વૈત વેદાન્તિઓએ એકજ આત્માની સત્તા સ્વીકારી છે. તેથી તેઓ એકાત્મવાદી છે.

પણ આપણે વિચાર કરીએ કે જો એક જ આત્મા બધામાં પ્રતિબિંબ રૂપે હોય તો જેમ સૂર્યાસ્ત થતા પાણીમાં બધા પ્રતિબિંબનો લોપ થઈ જાય છે. તે જ પ્રમાણે આ સંસારમાં કોઈ એકના મરવાથી બધાનું મૃત્યુ થઈ જવું જોઈએ. અને એકના જન્મવાથી બધાનો જન્મ થઈ જવો જોઈએ. એકને સુખ તો બધાને સુખ, અને એકને દુઃખ તો બધાને દુઃખ થવું જોઈએ. એકની આંગળી કપાય તો સંસારમાં બધાની આંગળી કપાવી જોઈએ.

પણ આ પ્રમાણે સંસારમાં બનતું નથી . પિતાના મૃત્યુ પછી પુત્ર સ્મશાને બાળવા જાય છે. કતલખાનામાં પશુઓ કપાય છે, નરકમાં નારકી જીવો કપાય છે, છેદાય-ભેદાય છે તો તેનો આપણને કોઈ અનુભવ થતો નથી. આપણી બાજુમાં બેસનાર મિત્ર કે ભાઈની આંગળી કે હાથ પગ કપાય છતાં આપણને કોઈ દુઃખ થતું નથી કદાચ દુશ્મનની આંગળી-હાથ-પગ-કપાય અને મરે તો ઉલ્ટો લશ્કરમાં આનન્દ પણ થાય છે. આ પ્રમાણે વિચાર કરતા અદ્વૈત વેદાન્તનો એકાત્મવાદનો પક્ષ (મત) યુક્તિયુક્ત નથી લાગતો. સર્વત્ર જે જે જીવ સુખ-દુઃખ અનુભવે છે તે સર્વ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા જીવો છે. જીવોને મળેલા ભિન્ન-ભિન્ન શરીરમાં તે-તે આત્મા રહે છે. અને સુખ-દુઃખ અનુભવે છે.જન્મ-મરણ કરે છે. માટે સંસારમાં અનન્તા જીવો છે.એ અનન્તાત્મવાદનો સિદ્ધાન્ત જ યુક્તિ સંગત લાગે છે– યુક્તિયુક્ત લાગે છે.

સંસારના અનેક દર્શનોમાં-એકાત્મવાદ, અનેકાત્મવાદ, અને અનન્તાત્મવાદના અનેક મતો (પક્ષો) છે. એમાંથી જે યુક્તિસંગત છે તે અનન્તાત્મવાદ છે.

'' चैतन्यस्वरूपः, परिणामी, कर्ता, साक्षाद्भोक्ता, स्वदेहपरिमाणः, प्रतिक्षेत्रं भिन्नः, पौद्गलिकादृष्टवांश्चयम्'' ॥

– શ્રી વાદીદેવસૂરી મહારાજે રચેલા પ્રમાણનયતત્ત્વાલોક ગ્રન્થમાં ઉપર મુજબનો સૂત્ર રચીને આત્માના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે. તેમાં –

* સ્વદેહ પરિમાણ : – આ વિશેષણ આત્મા માટે જે રીતે વાપરવામાં આવેલ છે તે- આત્મા સ્વદેહ પરિમાણવાળો છે. જેટલો દેહ (શરીર) હોય છે. તેટલામાંજ રહે છે. શરીરની બહાર આત્મા નથી. એ વાત જે ઉપર આપણે ચર્ચી ગયા તે આ સૂત્રમાં આ રીતે રજુ કરી છે.

પ્રતિક્ષેત્રં ભિન્ન : – 'ક્ષેત્રં' શબ્દ અહીંયા શરીર માટે વાપરવામાં આવેલ છે, પ્રતિક્ષેત્ર અર્થાત્ પ્રત્યેક શરીરમાં આત્મા જુદો જુદો છે. દરેક શરીરમાં ભિન્ન ભિન્ન છે. અને એટલે જ અનન્તાત્મા છે.

આત્મા છે તો શરીર ? કે શરીર છે તો આત્મા .....?

સંસારમાં આત્માને રહેવા માટે શરીર તો આવશ્યક થઇ જ ગયું. આત્મા છે તો શરીર છે ? કે શરીર છે તો આત્મા છે ? અવિનાભાવ કોનો કોની સાથે રહે ? પહેલા તો એટલું વિચારીએ કે આત્મા શરીર બનાવે છે કે શરીર આત્માને બનાવે છે ? આપણે આગળ આટલું વિચારી ગયા તે મુજબ એટલું તો સ્પષ્ટ થઇ જ ગયું છે કે આત્મા જ શરીર બનાવે છે. આત્માને સંસારમાં રહેવા માટે કોઇ ને કોઇ આધાર જોઇએ છે. અને તે આધાર શરીરનું છે. આથી જ શરીરને ભોગાયતન કહેવામાં આવે છે. એટલે શરીર કયારેય આત્માને બનાવી ન શકે. કારણ આત્મા બનાવી શકાય એવી વસ્તુ નથી. આત્મા કોઇપણ મિશ્રણમાંથી બનતો નથી.

આ જગતનો એવો નિયમ છે કે જે બને છે તે બગડે છે. જેની ઉત્પત્તિ છે તેનો નાશ છે. (જે જન્મે છે તે મરે છે.) (जातस्य ध्रुवो मृत्यु) જેની આદિ છે તેનો અન્ત પણ છે. આ પ્રમાણે જોતા શરીર જ બધી રીતે યોગ્ય લાગે છે. શરીર બને પણ છે અને બગડે પણ છે. ઉત્પન્ન પણ થાય છે અને નષ્ટ પણ થાય છે. શરીરની આદિ પણ છે. અને અન્ત પણ છે. માટે જ શરીર શાશ્વત-અજર-અમર અવિનાશી નથી.

જ્યારે આત્મા અજર છે–અમર છે. અવિનાશી છે, અનુત્પન્ન છે. કારણ કે તે કોઇપણ પદાર્થમાંથી, પદાર્થના મિશ્રણમાંથી, પંચ ભૂતોમાંથી બનતો પણ નથી, માટે બગડતો પણ નથી, અને તેની આદિ પણ નથી માટે જ અન્ત પણ નથી આત્માનો જન્મ પણ નથી તેથી જ મરણ-મૃત્યુ પણ નથી. એટલે જ આત્મા અનાદિ અનન્ત-શાશ્વત અવિનાશી છે. અનુત્પન્ન છે. જન્મ– મરણ તો આત્માએ બનાવેલા શરીરની સાથેના

સંયોગ વિયોગરૂપ સંબંધ માત્ર છે.

એટલે આત્મા છે તો શરીર છે એ વાત ચોક્કસ થઇ ગઇ. આત્મા જે દિવસે શરીર છોડીને નિકળી જાય. તે દિવસે આ શરીરની કોઇ કિંમત નથી રહેતી. અગ્નિદાહમાં બાળી નાંખવો પડે છે. માટે શરીર છે તો આત્મા છે એવો નિયમ યોગ્ય નથી. કારણ મડદું પણ શરીર તો કહેવાશે જ. પણ તેમાં આત્મા નથી. એકડા વિનાના મિંડાની જેમ કોઇ કિંમત નથી તેમ આત્મા વિનાના આ શરીરની કોઇ કિંમત નથી. શરીરમાં આત્મા હોય તો જ વ્યવહારમાં આ શરીરની પણ કિંમત છે.

પ્રશ્ન - જયાં જયાં શરીર હોય ત્યાં ત્યાં આત્મા હોય ? કે જ્યાં જ્યાં આત્મા હોય ત્યાં ત્યાં શરીર હોય ?

ઉત્તર– જેમ રાત હોય તો ચન્દ્ર હોય પણ ખરો, અને ન પણ હોય, તે જ પ્રમાણે ચન્દ્ર હોય ત્યારે રાત હોય પણ ખરી અને ન પણ હોય. જમેકે બીજની રાતે, આઠમની રાતે, રાતની સાથે ચન્દ્ર હોય છે. પણ અમાસની રાતે રાત તો છે પણ ચન્દ્ર નથી અને બીજી રીતે ચન્દ્ર હોય ત્યારે રાત હોય અને ન પણ હોય. દા. ત. બીજ, આઠમને પૂનમનો ચન્દ્ર હોય ત્યારે રાત પણ હોય છે. અને જયારે ચન્દ્ર દિવસે આથમે પૂનમનો ચન્દ્ર સૂર્ય ઉગ્યા છતાં પણ દિવસે દેખાય છે ઘણીવાર ચન્દ્ર સાંજે સુર્યાસ્ત પહેલા પણ ઉગે છે. તો તે વખતે રાત નથી પણ હોતી.

આ વ્યાપ્તિ પ્રમાણે આપણે આત્મા અને શરીરનો વિચાર કરીએ કે- આત્મા હોય ત્યારે શરીર હોય પણ ખરું અને ન પણ હોય અર્થાત્ સંસારમાં આત્મા હોય ત્યારે શરીર હોય છે. અને મોક્ષમાં આત્મા હોય ત્યારે શરીર નથી હોતું. અને શરીર હોય ત્યારે પણ આત્મા હોય અને ન પણ હોય. એટલે અત્યારે આપણું જીવંત શરીર છે તો આત્મા તેમાં છે. અને જયારે મૃત શરીર (મડદું) હોય ત્યારે આત્મા નથી હોતો.

આથી જ્યાં જ્યાં શરીર હોય ત્યાં ત્યાં આત્મા હોય જ. અને જ્યાં જ્યાં આત્મા હોય ત્યાં ત્યાં શરીર હોય જ. એવો નિયમ નિશ્ચિત નથી થતો. માટે આત્માને શરીર બન્ને એક માનવા, આત્મા અને શરીરમાં ભેદ ન માનવો. હે ગૌતમ! એ યોગ્ય નથી. ઉચિત નથી. યુક્તિ યુક્ત નથી. આત્મા અને શરીર એ ભિન્ન ન હોય તો મોક્ષ કોનો? શરીરનો કે આત્માનો? શરીરનો તો મોક્ષ હોતો જ નથી. શરીર તો અહીંયા જ અગ્નિમાં બળે છે અને મોક્ષે આત્મા જાય છે. મોક્ષ આત્માનો થાય છે. સદાને માટે શરીરનો સંબંધ છોડીને અશરીરી થઇને અનન્ત કાળ સુધી સ્વસ્વરૂપમાં સ્થિર રહેવું એનું જ નામ મોક્ષ છે. આત્મા જ સિદ્ધ-બુદ્ધ-મુકત થાય છે. શરીર નહીં.

આત્મા-શબ્દની વ્યાખ્યા.....

આત્મા શબ્દ જે રીતે બન્યો છે. વ્યાકરણ સિદ્ધ શુદ્ધ આત્મા શબ્દનો વ્યુત્પત્તિ અર્થ આ પ્રમાણે થાય છે–

''अटति अपरापरपर्यायान् सततं गच्छति इति आत्मा''

અર્થાત્ નિરંતર નવનવા પર્યાયોમાં જે સતત જતો હોય તે આત્મા છે. પર્યાયો એટલે શરીર, અને સતત એક જન્મ પછી બીજા જન્મમાં, એક શરીર છોડીને બીજા શરીરમાં જે સતત જાય-આવે છે તે આત્મા જ છે. આત્મા સિવાય શરીરમાં જવું, અને શરીરમાંથી નિકળીને જવું એ આત્મા સિવાય બીજું કોઇ ન કરી શકે.

શરીર પર્યાયના આધારે જીવોનું વર્ગીકરણ



૩૦૩ ભેદ મનુષ્ય

૪૮ ભેદ – તિર્યંચ

દેવ -૧૯૮ ભેદ
નરક-૧૪ ભેદ
= કુલ ૫૬૩ ભેદ

દ્રવ્ય-ગુણ-પર્યાયથી – આત્મા .....

આત્મા એ મુળભૂત અસ્તિત્વ ધરાવતો સત્‌દ્રવ્ય છે. જ્ઞાન-દર્શનાદિ આત્માના ગુણો છે અને પયાર્ય તરીકે આ મનુષ્ય છે, આ પશુ છે, આ પક્ષી છે, આ દેવ છે, આ નારકી છે. આત્મા મુળભૂત સ્વતંત્ર દ્રવ્ય હોવા છતાં તેની આ ભિન્ન પર્યાયો છે. પર્યાય ભેદથી આત્મામાં ભેદ છે. પણ મુળભૂત દ્રવ્યની અપેક્ષાથી તો એક આત્મામાં અને બીજા આત્મામાં કોઇ ભેદ નથી. પણ શરીરની ભિન્ન ભિન્ન પર્યાયોના કારણે આત્માનો તે તે નામથી - અર્થાત્‌ હાથી-ઘોડો-ઊંટ, માણસ દેવ-નારક વગેરે નામથી વ્યવહાર થાય છે,વ્યવહાર તે પર્યાયના કારણે છે. અને પર્યાય શરીરના આધારે છે.

આત્મા-નિત્ય કે અનિત્ય .....!

આત્મા કૂટસ્થ નિત્ય પણ નથી કારણ કે તે જન્મ-મરણ ધારણ કરે છે. અને તે કથંચિત્‌ નિત્ય કહેવાશે. તે જ પ્રમાણે આત્માને બૌદ્ધ દર્શનની જેમ સર્વથા ક્ષણિક-અનિત્ય પણ નહીં કહેવાય. કારણ કે બદલાતી પર્યાયોમાં પણ કાયમ નિત્ય રહેનાર આત્મા જ છે. બદલાતા દાગીનાના આકારમાં સોનું જેમ નિત્ય દ્રવ્ય છે. તેમ બદલાતી શરીરની પર્યાયોમાં આત્મા એ નિત્ય દ્રવ્ય છે. માટે આત્માને કથંચિત્‌ નિત્ય અને કથંચિત્‌ અનિત્ય આ પ્રમાણે કહેવાય. એટલે આત્મા નિત્યાનિત્ય છે એમ જૈન શાસન કહે છે. પણ બૌદ્ધ દર્શનમાં જેમ નૈરાત્મ્યવાદ માન્યો છે. અને ક્ષણિકાત્મા કહ્યો છે તેવો ક્ષણિક અને નૈરાત્મ્યવાદ જૈનદર્શન નથી સ્વીકારતો. આત્મા નિત્યાનિત્ય છે. આ સિદ્ધાન્તથી, ષડ્‌દર્શનમાં આત્માનું જે સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે તેમાં જૈન દર્શનાનુસારી આત્માને નિત્યાનિત્ય સમજવો.

સ્મરણ કરનાર કોણ .....?

સ્મરણ શકિત એ ગુણ કોનો? જીવનો કે શરીરનો? શરીરે અનુભવેલી વસ્તુ, શરીરગત ઇન્દ્રિયોએ જોએલી વસ્તુ, સાંભળેલી વાત યાદ રાખનાર કોણ ? હે વાયુભૂતિ! જો શરીરને જ આત્મા માનીશ અર્થાત્‌ આત્માથી શરીર ભિન્ન નથી એમ જો માનીશ તો આનો ઉત્તર શું આપશો ? એટલે ખાસ વિચાર કરજો.

આંખે જોયેલું ચિત્ર, કાને સાંભળેલી વાત, જીભે ચાખેલો આહારનો સ્વાદ, વર્ષો સુધી યાદ રાખનાર શરીર કેવી રીતે મનાશે? ઇન્દ્રિયો પણ કેવી રીતે કહી શકાશે? કારણ હાથ-પગ કપાયા પછી ચાલ્યાનો અનુભવ કોને થશે ? પગ જે ચાલ્યા હતા તે તો કપાઇ

ગયા છે. તો શું કરશો ? આંખે પહેલા સુંદર ચિત્રો જોયા હતા પણ પછી આંખ જતી રહી. તે જ પ્રમાણે કાને બહેરાશ આવી ગઇ. તો પછી જોયેલા ચિત્રો વગેરે તો ઇન્દ્રિયના ઘાત પછી પણ યાદ રહે છે, તો તે કોને રહેશે ?

એના ઉત્તરમાં કહેવું જ પડશે કે તે આત્માને જ યાદ રહેશે. કારણ આત્મા જ જ્ઞાનગુણનો માલિક ગુણી છે. સ્મરણ એ પણ જ્ઞાનનો જ પ્રકાર છે. આત્મા તો અનન્ત જ્ઞાનનો સ્વામી છે. પણ તેના ઉપર રહેલા આવરણના કારણે તે તે જ્ઞાન ઢંકાતું ગયું છે. કેવળ જ્ઞાનાવરણીય કર્મથી કેવળજ્ઞાન ઢંકાયું તેથી હવે અનન્ત વસ્તુઓ નથી જણાતી તે જ પ્રમાણે મનઃપર્યવજ્ઞાન ઉપર આવરણ આવતા બીજાના મનની વાત નથી જણાતી. અને અવધિજ્ઞાન ઉપર આવરણ આવતા દૂરની અવધિ સુધીનું પ્રત્યક્ષ નથી દેખાતું અને તેથી નીચે ઉતરતા શ્રુતજ્ઞાન ઉપરના આવરણના કારણે આજે આપણને સર્વ શાસ્ત્રોનું જ્ઞાન પણ નથી અને મતિજ્ઞાન ઉપરના આવરણના કારણે મતિ ઓછી છે, સ્મરણ એ મતિજ્ઞાનનો જ ભેદ છે. મતિ એ સ્મૃતિ પૂર્વક છે માટે સ્મરણ એ જ્ઞાન છે. અને જ્ઞાન એ શરીરનો ધર્મ કે ગુણ નથી. પણ એ આત્માનો જ ગુણ છે. માટે યાદ રાખનાર આત્મા જ છે. ગઇ કાલનું અથવા ૧૦-૨૦ વર્ષ પહેલાનું યાદ રાખનાર અથવા ગયા જન્મોનું પણ યાદ રાખનાર આત્મા જ છે.



પૂર્વજન્મ જાતિ સ્મરણથી આત્મસિદ્ધિ....

જેમ ચંડકૌશિકને જાતિસ્મરણ જ્ઞાન થયું, અને પૂર્વજન્મો નજર સામે દેખાવા માંડયા. એ પ્રમાણે બીજાને પણ થઇ શકે છે. આજે પણ પૂર્વજન્મનું સ્મરણ થયું છે એવા ઘણાં દાખલાઓ નોંધાયા છે. અને વિજ્ઞાન કબુલ કરે છે. આજનું કાલે યાદ રહેવું, અથવા ૨૦-૪૦ વર્ષો પહેલાનું યાદ રહેવું અને એ જ પ્રમાણે ૧૦૦-૨૦૦ વર્ષ પહેલાનું અર્થાત્ પૂર્વ જન્મનું યાદ રહેવું એ પણ સ્મરણજ્ઞાન જ છે. સ્મરણશક્તિ કંઇ શરીરનો ગુણ નથી. જો હોત તો મડદાને પણ યાદ રહેત.અથવા ૫૦-૬૦ વર્ષ પછી ગાંડા બનેલા એક માણસને કેમ પૂર્વનું યાદ નથી ? શરીર અને મગજ તો છે. પણ તે આત્મા ઉપર આવેલા ભારે જ્ઞાનાવરણીય કર્મોદયના કારણે છે. માટે વર્ષો વીત્યા, બાલ્યાવસ્થામાંથી આજે પ્રૌઢ અથવા વૃદ્ધ થયા તો પણ જે યાદ રહે છે. તેમાં શરીર ઘણું બદલાઇ ગયું છતાં પણ આત્માને જ યાદ રહે છે. 'હું તો પહેલા ઘણો જાડો હતો.' 'પહેલા તો મારું શરીર અલમસ્ત હતું' વગેરે બોલનારા માણસો સ્પષ્ટ યાદશક્તિ દ્વારા આત્મ સત્તાને પ્રગટ કરે છે.

એ જ પ્રમાણે જન્મતા જ બાળક માતાનું સ્તનપાન કરીને દૂધ પીએ છે. અને પેટની ક્ષુધાને તૃપ્ત કરે છે જન્મતાની સાથે તો કોઇએ નથી શિખવાડયું તો બાળકને દૂધ પીતા કેમ આવડયું ? આ ક્રિયા કોણે શિખવી ? અને જો કોઇ નથી શિખવતો તો આવડી ક્યાંથી?

માટે આને પૂર્વજન્મોના આત્માના સંસ્કાર જ માનવા પડશે. પૂર્વના જન્મોમાં જે રીતે આત્માએ સ્તનપાન કર્યું હતું તે એને આજે પણ સ્મરણ–યાદ છે અને તેથી જ જીવ જન્મ્યા પછી તરત સ્તનપાન કરે છે અને એજ પ્રમાણે યૌવન આદિમાં અન્ય ક્રિયાઓ પણ કરનાર આત્મા જ છે. આ પ્રમાણે વસ્તુનું સ્મરણ કરનાર આત્મા જ છે.

પૂર્વ જન્મનું સ્મરણ કરનારા કેટલાક બાળકો ૪ વર્ષ ૬ વર્ષની ઉંમરે એમ કહે છે કે ફલાણા ગામમાં. ફલાણી સ્ત્રી મારી પત્નિ છે, ફલાણો મારો પુત્ર છે ફલાણો મારો ભાઇ છે. વગેરે જે સ્પષ્ટ અનુભવ પ્રમાણે અનેક પુરાવાઓ જણાવે છે. એટલે જો શરીર એ જ આત્મા હોત તો અથવા આત્મા એ જ શરીર હોત તો આ સ્મરણ આ અનુભવ કરનાર કોણ હોત ?

માટે આત્મા શરીરથી જુદો છે મૃત્યુ પછી શરીરનો નાશ થવા છતાં પણ નિત્ય રહેનાર શાશ્વત રહેનાર આત્મા જ છે અને જ્ઞાન ગુણવાળો આત્મા જ છે. જ્ઞાન એ ભૂતોનો ધર્મ નથી. ભૂતોના મિશ્રણમાંથી પણ જ્ઞાન-ચેતના કે આત્મા ઉત્પન્ન થાય તેમ નથી માટે આત્મા ભૂતથી ભિન્ન છે શરીરથી ભિન્ન છે. એ જ પ્રમાણે હર્ષ, શોક, સુખ, દુઃખ સ્નેહ-લાગણી, પ્રેમ, વેર-ઝેર, આદિ બધું અનુભવનાર-કરનાર આત્મા જ છે.

ગાઢ અંધારામાં જયાં પોતાનું શરીર પણ નથી દેખાતું ત્યાં પણ આત્મા 'હું છું' એવો પ્રત્યક્ષ અનુભવ કરે છે. માટે આત્મા છે અને શરીરથી ભિન્ન છે.

સર્વજ્ઞને આત્મા પ્રત્યક્ષ દેખાય છે. જો શરીર એ જ આત્મા હોત તો સર્વજ્ઞને જૂદો-અલગ આત્મા કયાંથી દેખાત ? માટે જોનાર જૂદો છે. અને જે જોવામાં આવે છે તે જૂદું છે. અને આંખ આદિ સાધન, વડે જોઇએ છીએ તે શરીર પણ જુદું છે.

આત્મા અને શરીરને ઉપમા....

सरीरमाहु नावत्ति, जीवां वुच्चई नाविओ ।
संसारो अण्णवो वुत्तो, जं तरन्ति महेसिणो ।।

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉપદેશ આપતા ભગવાન મહાવીર મહારાજાએ ફરમાવ્યું છે કે– શરીર આ તો હોડકા જેવું છે નાવ છે- અને આત્મા તેમાં બેઠેલો નાવિક છે. અને આખો સંસાર એક મહાસાગર છે. જે આત્મા આ શરીરરૂપી નાવ વડે આ સંસાર સમુદ્રને તરી જાય છે તે જ ખરેખર મહર્ષિ છે. મહાન છે. (આ સર્વજ્ઞના ઉપદેશ રૂપ) આગમ પ્રમાણથી પણ આત્મા શરીરથી ભિન્ન છે એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. માટે જ પરમાત્માએ આ શરીર વડે સાધી શકાય એટલું સાધી લેવું એમ કહ્યું છે.

ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ એમ સર્વ જીવોમાં આ વૃત્તિ-પ્રવૃત્તિ જોવામાં આવે છે. માટે સર્વ જીવો જીવ છે. તેમનામાં આત્મા છે એ સ્પષ્ટ પણે માનવો જોઇએ.

જીવ શબ્દના પર્યાયો શરીર શબ્દના પર્યાયોથી જૂદા છે. માટે શરીરવાચી કોઇ શબ્દ અથવા તેના પર્યાયો પણ આત્મા માટે વાપરી ન શકાય. એ શબ્દો પણ બન્નેમાં ભેદ સ્પષ્ટ કરે છે.

કર્તા-ભોકતા પણ જીવ છે .....

જે કર્મો જીવ કરે છે તે જ કર્મોના ફળ પણ જીવ જ ભોગવે છે. ભલે આ શરીર છોડીને આત્મા ચાલ્યો જાય છે પણ સ્વકર્માનુસાર જીવ અન્ય દેવ-નરક તિર્યંચ આદિનાગતિમાં જઈને આત્મા ત્યાં નવુ શરીર બનાવે છે. અને તે નવા શરીરથી પૂર્વોપાર્જિત કર્મની સજા જીવ જ ભોગવે છે. જેને કર્યા છે તેને જ ભોગવવાના છે.

જો શરીર એ જ આત્મા માનીએ તો પછી છેલ્લે વૃદ્ધાવસ્થા સુધીમાં મૃત્યુપૂર્વે જે પાપો કર્યા છે તેને ભોગવે કોણ ? તે ભોગવનાર કોણ? શરીરને બાળીને રાખ કરી નાખવામાં આવે છે પણ કરેલા પાપ કર્મોના સારા-નરસા વિપાકો–ફળ ભોગવનાર કોણ ?

માટે મૃત્યુ પછી પણ શરીરથી જુદો એવો આત્મા આ શરીર છોડીને ચાલ્યો જાય છે અને તે જ અન્ય જન્મ, અન્યગતિમાં નવા શરીરમાં રહીને કરેલા પાપની સજા ભોગવે છે.

વાયુભૂતિગૌતમને સમાધાન તથા દીક્ષા.....

ત્રીજા ગણધર દ્વિજોત્તમ શ્રી વાયુભૂતી ગૌતમે ભગવાનશ્રી મહાવીરસ્વામી સાથે જીવ અને શરીર વિષે ઘણી ચર્ચા કરી. આ વાદમાં ગૌતમની શંકાઓનું સમાધાન થયું.

શ્રી વાયુભૂતિ ગૌતમ

छिन्नमि संसयंमी जिणेण जरा-मरणविप्पमुक्केणं ॥
सो समणो पव्वइओ पंचहिं सह खंडियसएहिं ॥ १६८६ ॥

વેદ પદોના અર્થોની વાસ્તવિકતા તથા રહસ્યો સમજાઇ ગયા. સાચા વેદના અર્થ સમજાયા અનેક તર્ક અને યુકિતના પ્રમાણોથી આત્મા એ શરીરથી ભિન્ન છે એ સમજાયું. અને આત્મા ભૂતજન્ય નથી. એ સમજાતા ભૂતચૈતન્યવાદ, દેહાત્મવાદ, તત્જીવ-તત્શરીરવાદનો પક્ષ છોડીને સરલ સ્વભાવી વાયુભૂતિ ગૌતમે શ્રી મહાવીર પરમાત્મા કે જેઓ જન્મ-જરા-મરણથી રહિત છે. અનન્ત ઉપકારી છે તેમના ચરણોમાં પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. સાચા અણગાર બન્યા. ચારિત્ર સ્વીકારી પોતાના આગળના બન્ને મોટાભાઇઓની હરોળમાં મુનિ થઇને બિરાજમાન થયા. અજ્ઞાન ટળ્યુ, મિથ્યાત્વ ટળ્યું, સાચા સમ્યક્ત્વી-મહાજ્ઞાની થયા અને જૈન શાસનમાં ત્રીજા ગણધર પદે બિરાજમાન થયા. વીરપ્રભુએ વાસક્ષેપ નાંખી દીક્ષા આપી. સ્વશિષ્ય તરીકે તેમનો સ્વીકાર કર્યો. અને ગણધર પદે સ્થાપી દ્વાદશાંગીની અનુમતિ આપી.

આ પ્રમાણે દેહ અને આત્માનું સાચું તત્ત્વજ્ઞાન સમજીને આપણે આપણું અજ્ઞાન દુર કરીએ એ જ શુભેચ્છા-શુભાભિલાષા સાથે -

સર્વ મંગલ શિવમસ્તુ.

ચોથા ગણધર

શ્રી વ્યક્ત સ્વામી

પંચભૂત સિદ્ધિ

(વ્યાખ્યાન છઠ્ઠું)

શંકા : પૃથ્વી આદિ પાંચ ભૂતો છે કે નહીં?

પરમ પૂજ્ય અનંત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર પૂર્વક.....

પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ - આકાશાદિ પાંચ ભૂતો છે કે નહી ?

ते पव्वइए सोउं वियत्तु आगच्छई जिणसगासं ।
वच्चामि णं वंदामि वंदित्ता पज्जुवासामि ॥ १६८७ ॥

પોતાની આગળ ઈન્દ્રભૂતિ અગ્નિભૂતિ અને વાયુભૂતિ ગૌતમ આદિ જેવા મહાન ધુરન્ધર વિદ્વાન પંડિતો વિશાળ પરિવાર સાથે સર્વજ્ઞ એવા મહાવીરસ્વામી પાસે જઈને પોતાની શંકાઓનું સમાધાન કરીને તેમના શિષ્ય થઈ ગયા છે; એ જાણીને ચોથા દ્વિજોત્તમ ઉપાધ્યાય પંડિત શ્રીવ્યક્ત-ધનમિત્ર ભારદ્વાજ પણ પોતાના ૫૦૦ શિષ્યના પરિવાર સાથે સર્વજ્ઞ ભગવાન પાસે જવા તૈયાર થયા. મનમાં એવો વિચાર કર્યો કે હું ત્યાં જઈશ. તેમને વાંદીશ અને વાંદીને તેમની સેવાભક્તિ કરીશ અને પછી મારા પ્રશ્નોનું નિરાકરણ કરીશ.

આ પ્રમાણે વિચાર કરીને વ્યક્ત ૫૦૦ શિષ્યો સાથે સમવસરણે આવ્યા. પગથિયા ચઢતાં જ સર્વજ્ઞ સર્વદર્શી શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામી જેઓ જન્મ-જરા મરણથી રહિત છે. તેમને મધુર-મીઠી ભાષામાં નામ-ગોત્ર સાથે આવકારદાયક ભાષામાં બોલાવ્યા. હે ભારદ્વાજ ગોત્રીય વ્યક્ત ! તમે ભલે પધાર્યા.

વ્યક્તની શંકાનું પ્રગટીકરણ.....

किं मणे अत्थि भूया उदाहु नत्थित्ति संसओ तुज्झ ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥ १६८९ ॥

સર્વ જીવમાત્રના મનોગતભાવોને જાણનારા અંતર્યામી પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ વ્યક્ત ના મનની શંકાને પ્રગટ કરતાં કહ્યું કે હે વ્યક્ત ! પૃથિવ્યાદિ ભૂતો છે કે નથી ? આવો સંશય તને થયો છે. પણ આ સંશય થવાનું કારણ એ છે કે વેદના પદોનો સાચો અર્થ તું વિચારતો નથી. પરસ્પર વિરૂદ્ધ ભાસતા વેદપદો જોઈને તું મુંઝાયો કે

પૃથિવ્યાદિ ભૂતો છે કે નહીં? શું માનવું ?અમુક વેદપદો જોઉ છું તો એમ લાગે છે કે સંસારમાં કંઈ જ નથી. અને વળી પાછાં બીજા વેદપદોમાં જોઉ છું તો એમ લાગે છે કે પૃથ્વિ-પાણી-અગ્નિ-વાયુ આદિ ભૂતો છે. એટલે બન્ને પ્રકારનાં વેદપદોમાં તું અર્થનો નિર્ણય ન કરી શક્યો અને વેદના કહેવાનો આશય - તેની અપેક્ષા તું ન સમજી શક્યો, જેથી તારા મનમાં શંકા ઘર કરી ગઈ કે પૃથિવ્યાદિ ભૂતો છે કે નહીં ? તે વેદપદો આ પ્રમાણે છે- स्वप्नोपमं वै सकलम् इत्येष ब्रह्मविधिरज्जसा विज्ञेयः

હે આસન્નકલ્યાણી વ્યકત ! વેદ વાંચતાં સાંભળતાં આ પદ તમારા વાચવામાં આવ્યુ અને તેનો અર્થ તમે એવો કર્યો કે આ સંસારમાં બધું જ સ્વપ્ન સમાન છે. બધા જ પદાર્થો સ્વપ્નામાં દેખાતા પદાર્થો જેવા છે. પણ ખરેખર તો કંઈ જ નથી. એકમાત્ર બ્રહ્મા જ સત્ય છે. બ્રહ્માને જ ઓળખવાની વિધિ પરમાર્થ વિધિ છે. અન્ય સર્વ સંસાર સ્વપ્નામાં જોયેલા પદાર્થો જેવા છે. હકીકતમાં કંઈ નથી. અર્થાત્ બધું જ શૂન્ય છે. પૃથિવ્યાદિ ભૂતો વગેરે કંઈ જ નથી. પણ બીજી બાજુ દ્યાવાપૃથવી, પૃથિવી દેવતા આપો દેવતા આવા વેદવાકયો પણ તે જોયા. તેથી તને એમ લાગ્યુ કે આમ તો પૃથ્વી આદિ ભૂતોની સત્તા બતાવી છે અને તેમની સ્તુતિ પણ કરવામાં આવી છે.

ઉપરોકત બન્ને પ્રકારનાં વેદવાકયો સામે આવવાથી અને બન્નેનો પરમાર્થ તથા આશય ન જાણવાથી તને શંકા થઈ. તું સંશયમાં-દ્વિધામાં પડયો કે પૃથિવ્યાદિ ભૂતોની સત્તા માનવી કે ન માનવી? માનું તો સંસારમાં પદાર્થોની સત્તા સાબિત થશે. તો સ્વપ્ન જેવો શૂન્ય જે સંસાર કહ્યો છે તેનું શું ? અને જો સ્વપ્ન જેવો શૂન્ય સંસાર માનવા જાઉ છું તો પૃથ્વી-પાણી-અગ્નિ વગેરે ભૂતો જે દેખાય છે તેની સત્તાનો નિષેધ કેમ કરવો ? અને બીજાું એ કે જો માનું તો એક ભૂત આકાશ નથી દેખાતો અને બીજા પૃથિવી આદિ ભૂતો દેખાય છે ? તો કેટલા ભૂતો માનવા અને કેટલા ભૂતો ન માનવા ? માનવાથી વેદના અમુક વાકય ઉપર અશ્રદ્ધા થશે અને અમુક વાકય પર શ્રદ્ધા થશે. માટે પરસ્પર આશય-અપેક્ષા અને સાપેક્ષભાવના પરમાર્થ ને ન સમજતો તું દ્વિધામાં (સંશયમાં) પડયો છે કે-પંચ ભૂતો છે કે નહીં ?

વ્યકત સ્વામીનો શૂન્યવાદ પક્ષ.....

જ્યાં કોઈનું પણ અસ્તિત્વ અથવા સત્તા નથી તેથી તે સર્વ શૂન્ય કહેવાય. શૂન્ય અર્થાત્ કંઈ પણ ન માનવું તે. વ્યવહારમાં વપરાતી ભાષા વગેરે પણ બધું શૂન્ય જ છે એવો અર્થ દર્શાવે છે. સાપેક્ષ ભાવથી આ સંસારમાં બધું સાપેક્ષ છે. એથી કોઈ નાનો કે મોટો નથી, કોઈ હલકો કે ભારે નથી, કોઈ ગોરો કે કાળો નથી, કોઈ સારો કે ખરાબ નથી, કારણ એક બીજાની અપેક્ષાની દૃષ્ટિથી સાપેક્ષ ભાવે જોતાં એક જ વસ્તુને નાની કે મોટી કહી શકતા જ નથી. દા. ત. આ રેખા નાની કે મોટી ? જો નાની કહેશો તો એની સામે બીજી એનાથી પણ નાની રેખા દોરવામાં આવે તો એની અપેક્ષાએ પેલી મોટી કહેવાશે અને

એ જ પ્રમાણે જો તમે એ રેખાને મોટી કહેશો તો એની સામે બીજી ઘણી મોટી એક રેખા દોરવામાં આવે તો તેની સામે આ સાવ નાની રેખા લાગશે. તો હવે મોટી પણ કેવી રીતે કહેવી ? અને નાની પણ કેવી રીતે કહેવી ? માટે કંઈ કહેવી જ નહી, છે જ નહીં માટે બધું શૂન્ય છે એવો વ્યવહાર કરવો !

દા ત. આપણાં હાથની પાંચ આંગળીઓ છે. ૧. અંગૂઠો, ૨. તર્જની, ૩.જ્યેષ્ઠા, ૪. અનામિકા, ૫. કનિષ્ઠા. આ પાંચમાં કોઈ પૂછે કે અનામિકા આંગળી નાની છે કે મોટી છે ? તો શું કહેશો ? જયારે કનિષ્ઠા (ટચલી)ની સાથે ઊભી રાખશો ત્યારે મોટી કહેવાશે અને જો ત્રીજી જયેષ્ઠાની પાસે ઊભી રાખશો તો નાની કહેવાશે માટે નાની-મોટી કંઈ છે જ નહીં બધું જ શૂન્ય છે.અર્થાત્ કંઈ છે જ નહીં.

આ પ્રમાણે વ્યકતસ્વામી વિચારે છે કે હ્રસ્વ, દીર્ઘ, નાના-મોટા જાડા-પાતળા,કાળા-ગોરા, સુખી-દુઃખી,અમીર-ગરીબ વગેરેના સર્વ વ્યવહારો આ જગતમાં સાપેક્ષ ભાવે છે. માટે એક બીજાની અપેક્ષાએ જ એમ ભાસે છે. પણ હકીકતમાં તો વસ્તુને એના મૂળ સ્વરૂપમાં કંઈ પણ કહી શકાતી જ નથી. માટે આ સંસારમાં હકીકતમાં કંઈ છે જ નહીંઃ બધું શૂન્ય છે. આ પ્રમાણે વ્યકતસ્વામી સર્વશૂન્યવાદની વિચાર ધારામાં આવી ગયા. કારણ કે નાની કહેવાતી વસ્તુ પોતે તો નાની પણ નથી કે મોટી પણ નથી. પણ તે બીજાની અપેક્ષાએ નાની-મોટી છે. અર્થાત્ વસ્તુમાં પોતામાં નાના-મોટાપણું તો કંઈ છે જ નહી તો પછી આ જગતમાં રહ્યું શું ?

બીજું એ કે સાપેક્ષ ભાવમાં ઘટ અને ઘટનું અસ્તિત્વ કંઈ જુદું નથી. બન્ને એક જ છે અને અસ્તિત્વને પણ સાપેક્ષ ભાવથી અસ્તિત્વ-નાસ્તિત્વ એમ ભિન્ન-ભિન્ન કહેવાય છે. માટે વસ્તુની વાસ્તવિકતા તો કંઈ રહી જ નહીં, એટલે વસ્તુ સ્વથી-પરથી-ઉભયથી એમ બન્ને રીતે સિદ્ધ જ ન થાય તો વસ્તુની સત્તા માનવી કેવી રીતે ? માટે સર્વ શૂન્ય જ માનવું યોગ્ય છે. એ તારો વિચાર થઈ ગયો છે. બીજું ઘટ જેવો પદાર્થ પણ જયારે પર અપેક્ષાથી તો ઘટનાસ્તિ એમ પણ કહેવાય છે. તો ઘટ છે એમ પણ કેવી રીતે કહેવો.? વસ્તુ હોવા છતાં પણ નિષેધ હોવાથી સર્વથા અભાવ માનીને તું શૂન્યવાદના પક્ષમાં આવી ગયો છે.

અદૃશ્યતાના કારણે પણ શૂન્યતા....

જે જે વસ્તુ અદૃશ્ય છે તે તે દેખાતી નથી. માટે આ રીતે પણ શૂન્યવાદ જ માનવાનો તારો પક્ષ થઈ ગયો છે. ગધેડાના શિંગની જેમ અથવા વન્ધ્યાના પુત્રની જેમ તું બધું જ અભાવાત્મક માને છે અને દેખાતા એવા થાંભલા આદિ પદાર્થોના પણ આગળનો ભાગ, અંદરનો ભાગ વગેરે એમ કલ્પીને તું એમ કહે છે કે તે દેખાતો નથી માટે અદૃશ્યતાના કારણે પણ વસ્તુ શૂન્ય છે. સસલાના શિંગની જેમ અનુપલબ્ધ હોવાથી શૂન્ય છે. શૂન્યનો અર્થ અભાવ છે.

સ્વપ્ન જેવો માયિક સંસાર....

હે વ્યક્ત ! તને વેદવાકયોથી એમ લાગે છે કે આ સંસાર બધો સ્વપ્ન જેવો માયિક છે. બધા ભૂતો પણ સ્વપ્ન જેવા હોવાથી માયિક છે. આ સૃષ્ટિ સ્વપ્ન જેવી માયિક લાગે છે. અર્થાત્ માયાવી રચનામાં જેમ બધું અસત્ય હોય છે તેમ આ દેખાતો સંસાર પણ માયિક જ છે. હકીકતમાં કંઈ છે જ નહી.

એક જાદુગર જેમ જાદુની માયા રચે છે. તે ન હોવા છતાં પણ વસ્તુ દેખાડે છે. એક સ્ત્રીને તલવારથી કાપીને શરીરના ત્રણ ટુકડા પણ કરી દે છે અને હજારો પ્રેક્ષકોની સામે દેખાડે છે. કાગળ બાળીને કબુતર દેખાડે છે, કાંકરા હાથમાં રાખીને રૂપિયા બનાવી દેખાડે છે. આ બધું તે જાદુગર કરે છે. પણ હકીકતમાં તો સ્ત્રીને કાપતો જ નથી. માત્ર નજર ની સમક્ષ એક દ્રશ્ય જ ઉભુ કરે છે. હાથચાલાકી, ભાષાની ચતુરતા તથા કાર્યની ચપળતા વગેરેને કારણે તાદશ્યતા ઉભા કરી દે છે. જેથી જોનારને વાસ્તવિકતા લાગે છે પણ હકીકતમાં બધું માયિક-અસત્ય હોય છે.

કોઈક ઈન્દ્રજાલિકે માયિક નગરની રચના કરી હોય તેમાં ઉભા પણ પરમાર્થતઃ ન હોવા છતાં પણ સોના-ચાદીનાં દાગીના-વાસણો દેખાડે છે જે હકીકતમાં નથી. બગીચો પણ દેખાડી શકે છે. જે બધુ માયિક હોય છે. ઈન્દ્રજાળ માયાજાળની દનિયામાં બધું જ રચી શકાય પણ સાચું કંઈ જ નથી હોતું તે જ પ્રમાણે સંસારના સમસ્ત પદાર્થો હે વ્યક્ત! તને માયાજાળ જેવા લાગે છે. ઈન્દ્રજાળ જેવા લાગે છે. પણ આ પદાર્થોમાં સ્વપ્નના પદાર્થોમાં અને વ્યવહારમાં પ્રત્યક્ષ ઉપયોગમાં આવતા પદાર્થોમાં ઘણો તફાવત છે.

અદ્વૈત વેદાન્તદર્શન પ્રમાણે મિથ્યાજગત.....

''एकमेवाद्वितीयं ब्रह्म, नेह नानास्ति कस्व, ब्रह्मसत्यं जगन्मिथ्या''

એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે. બીજું કંઈ પણ છે જ નહી. બ્રહ્મ જ એકમાત્ર સત્ય છે. એ સિવાયનો જગત મિથ્યા છે. જેમ સ્વપ્નમાં દેખાતી વસ્તુ સવારે ઊઠયા પછી નથી દેખાતી તે જ પ્રમાણે આ સંસાર પણ માયિક છે. સ્વપ્ન જેવો મિથ્યા છે. સંસારને સ્વપના જેવી ઉપમા આપવામાં આવી છે. બ્રહ્મને જ એકમાત્ર સત્યની વાસ્તવિતાની ઉપમા આપવામાં આવી છે. એટલે બ્રહ્મ સિવાયના સંસારને સ્વપ્નવત્ મિથ્યા કહ્યો છે.

દા.ત., એક માણસ રાત્રિએ નિદ્રામાં સુતો છે અને ઊંઘમાં સ્વપ્ન જુએ છે. તેમાં રાજમહેલ જોયો, પોતાના લગ્ન થયા, છોકરા-છોકરી થયા તે જોયું, પછી હીરા-મોતી, સોના-ચાંદીના દાગીનાનો ઢગલો પોતાને મળ્યો છે એવું જુએ છે. હજી સ્વપ્નું આગળ ચાલે છે અને આખી દુનિયાનો પોતે રાજા થયો છે. વિશ્વનો મહાન સમ્રાટ થયો છે એવું સ્વપ્નમાં જુએ છે અને પોતાને મોટી સત્તાનો સ્વામી જુએ છે.રાજસિંહાસને પોતે બેઠો છે અને પોતાની સામે નાટક-સમારંભો ચાલી રહ્યા છે. એમાં એને ખૂબ આનન્દ આવે છે.

સ્વપ્નની દુનિયામાં એ ખોવાઈ જાય છે. સ્વપ્નની મજા એટલી જામે છે. એ ઘડીનો આનન્દ એટલો અનુભવે છે અને એને નવાઈ લાગે છે કે અરે ! હું તો ગરીબ હતો અને એકસાથે આ બધું કેટલું પામ્યો ! ધન-સંપત્તિ-વૈભવ, સત્તા, વગેરે બધું પામતો ગયો અને સ્વપ્નાની દુનિયામાં આ બધું પોતાને મળ્યું છે.પોતે પામ્યો છે એનો એને ભારે આનન્દ આવ્યો. પણ ઊંઘ પૂરી થઈ અને ભાઈ ઊંઘમાંથી જાગી ગયો. જાગીને પથારીમાં બેઠો થયો ત્યાં જુએ છે તો જે સ્વપ્નમાં જોયું હતું એમાનું કંઈ જ નથી દેખાતું. એક અંશ માત્ર પણ નથી દેખાતું એકવાર બેવાર આંખ ચોળીને ધારી ધારીને જુએ છે છતાં પણ નથી કોઈ સત્તા, રાજપદ નથી પત્ની-પુત્ર, નથી હીરા-મોતી, નથી સોના-ચાંદીના દાગીના કે નથી કંઈ પણ. સ્વપ્નામાં જેટલો એને આનન્દ આવ્યો હતો એટલો જ એને જાગ્યા પછી અફસોસ થયો. દુઃખ થયું અરેરે ! પણ સ્વપ્નું એ સ્વપ્નું બસ, એમ જ કહીને મનને મનાવી

લેવું પડે છે.

એ જ પ્રમાણે હે વ્યકત ! " स्वप्नोपमं " વગેરે વેદના વાકયો જે સંસારને સ્વપ્નાની ઉપમા આપે છે તે વાંચતાં અને તેનો અર્થ કરતાં તને એમ લાગ્યું છે કે આ પૃથ્વી-પાણી-અગ્નિ વાયુ-આકાશ વગેરે બધા જ સ્વપ્ન જેવા છે સ્વપ્નમાં જેમ વસ્તુનો ભાસ થાય છે તે જ પ્રમાણે આ સંસારમાં પણ પૃથિવ્યાદિ પદાર્થોનો આભાસ માત્ર જ થાય છે. વાસ્તવમાં કંઈ જ હોતું નથી. માટે સર્વ જગત શૂન્યમય છે. શૂન્ય અર્થાત્ કંઈ જ નહી. અભાવાત્મક મિથ્યારૂપે છે.

સર્વજ્ઞ શ્રી મહાવીર સ્વામીનો વ્યકતને પ્રત્યુત્તર

વેદવાકયનો સાચો આશય....

વેદમાં સંસારના ઘણા પદાર્થોનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. ઉપમાઓ પણ આપવામાં આવી છે. સંસારના જે બધા પદાર્થોનું વેદમાં સ્વપ્ના જેવા કહીને વર્ણવ્યા છે અને તેના ઉલ્લેખ રૂપે "स्वप्नोपमं वै सकलम्" આ વેદપદમાં જે કહેવામાં આવ્યો છે એમાં સંસારના સર્વ પદાર્થોને સ્વપ્ના જેવા છે એમ કહીને ઉપમા આપવામાં આવી છે. પણ અહીયાં આ ઉપમાંથી સંસારના પદાર્થોની ક્ષણિકતા-નાશવંતતા સમજવાની છે. નહી કે પદાર્થોનો અભાવ.

સંસારી એવા ભવ્ય જીવોને આ ૮૪ના ચક્કરવાળા સંસારના દાવાનલમાંથી છોડાવવા માટે તથા મોક્ષનું લક્ષ કેન્દ્રિત કરવા માટે વૈરાગ્યભાવ કેળવવાનો ઉપદેશ આપ્યો છે. તેથી જેના ઉપર રાગભાવ છે, તેના ઉપરથી જ તે રાગ-મમત્વની બુદ્ધિ કાઢીને વૈરાગ્યભાવ જગાડવાનો ઉપદેશ ધર્મ-શાસ્ત્રો આપે છે. જેથી સંસારનો રાગ ઓછો થાય. સંસારના પદાર્થો પ્રત્યેનો મોહમમત્વ રાગ-સ્નેહ ઓછો થાય તે માટે આ સંસારના પદાર્થોને ક્ષણિક કહ્યા છે.

સંસારમાં મુળભૂત બે જ દ્રવ્યો કહ્યાં છે એક જડ અને બીજો ચેતન. અત્યારે ચેતન એવો આત્મા જડના સંબંધમાં છે. જડ વિનાશી, અશાશ્વત, પરિવર્તનશીલ તથા ક્ષણિક નાશવંત અનિત્ય કહ્યો છે. આત્માને જો આ નાશવંત ક્ષણિક પદાર્થોનો મોહ-રાગ વધતો જ જશે તો જીવ આ પદાર્થોની પાછળ જ પોતાનો કાળ વીતાવશે. કર્મ બંધાતાં જશે. આત્મા ભારે થતો જશે અને સંસારના ૮૪ના ચક્કરમાં પરિભ્રમણ કરતો જ જશે. તો ઘાંચીના બળદની જેમ ગોળ-ગોળ ફરતા આ જીવના સંસારનો કયારેય અંત જ નહીં આવે.

માટે આત્માને સંસારના પદાર્થોના રાગ તરફથી ખેંચીને મોક્ષ તરફ વાળવા માટે સાચો મુમુક્ષુ બનાવવા માટે વૈરાગ્યનો ઉપદેશ આપવો જરૂરી છે. જે પદાર્થો ઉપર રાગ છે. તેની જ ઉપર વૈરાગ્યભાવ કેળવવા માટે તે જ જડ-પુદ્ગલજન્ય પદાર્થોની ક્ષણિકતા-નાશવંતતા-સમજાવવી જરૂરી છે. સંસારમાં જીવો આ પદાર્થોના મોહમાં ફસ્યા છે તેની આસક્તિના કારણે આત્માનું સાચું સ્વરૂપ પણ ભૂલીને, મોક્ષનું લક્ષ છોડીને આ ક્ષણિક-નાશવંત એવા પદાર્થોના ભોગવટામાંજ સુખ માની બેઠા છે તે હકીકતમાં ખોટું જ છે. આ સાચું તત્ત્વજ્ઞાન નથી પણ અજ્ઞાન છે. વિપરીત જ્ઞાન છે. પદાર્થોના ત્યાગમાં આનન્દ છે. એના બદલામાં જીવ પદાર્થોના રાગમાં, મોહમાં, ભોગવટામાં આનન્દ છે એમ માની બેઠો છે. આ પણ મિથ્યા જ્ઞાન છે.

આ હેતુથી જીવાત્માને વાસ્તવિકતાનું સાચું જ્ઞાન કરાવવાના હેતુથી સંસારને વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે. સંસારને એક સાગરની, વિષવૃક્ષનું, સંધ્યાના રંગની, સ્વપ્નની ઈન્દ્ર-જાળની, એક જાદુગરની માયા જેવી, આકાશના વાદળાઓની વગેરે ઉપમાઓ આપવામાં આવી છે. અર્થાત્ અસાર એવો આ સંસાર એક મહાસાગર જેવો છે. એક ભયંકર અટવી જેવો છે. એમાં જે અટવાયો તે બહાર કેમ નીકળશે ? એ પ્રશ્ન છે. ક્ષણિક અનિત્ય અને નાશવંત સ્વભાવવાળા જડ પુદ્ગલમાંથી બનેલા ભૌતિક જગતના પદાર્થો પણ ક્ષણિક, અનિત્ય અને નાશવંત જ રહેવાના છે. આજે બન્યા છે અને કાલે ફૂટવાના છે. નષ્ટ થવાના છે. માટીનો ઘડો કે કાચનો જગ કયાં શાશ્વત રહેવાના છે ? ના, આજે નહીં તો કાલે એ ફૂટવાનો જ છે. અને એવા પદાર્થોની સાથેના રાગ અને મોહની આસક્તિના આ સંસારના ભાવો પણ નિત્ય નથી રહેવાના.

જેમ સ્વપ્નું ક્ષણિક છે – ક્ષણજીવી છે એ થોડીવાર આવ્યું અને મજા પડી, પણ સ્વપ્નું

પૂરું થતા જે ખેદ થાય છે તેવો જ આ સંસાર પણ છે. સંસાર ઊભો થતાં, શરૂ થતાં, સંસાર મંડાતાં શરૂઆતમાં મજા પડે છે સારું લાગે છે. પણ પછીથી ખેદ-શોક-દુઃખ બધું ઉભુ થતું જાય છે. એમાં કોઈ આનન્દ નથી રહેતો. માટે આવી સાદશ્યતાના કારણે સંસારને એક સ્વપ્નની ઉપમા આપવામાં આવી છે.

જેથી એક મુમુક્ષુ આત્મા સંસારને ય, ત્યાજ્ય સમજી શકે અને મોક્ષને જ્ઞેય–ઉપાદેય અને પ્રાપ્ત કરવા યોગ્ય સમજી શકે તે માટે સંસારને સ્વપ્નની ઉપમા આપવામાં આવી છે. ઉપમાઓ સમાનતા, સાદશ્યતાના કારણે આપવામાં આવે છે. પછી તે સમાનતા એકદેશીય હોય કે સર્વદેશીય હોય. દા.ત., સ્ત્રીના મુખને શરદના ચંદ્ર જેવી ઉપમા આપવામાં આવી છે. વિષયોને વિષની ઉપમા આપવામાં આવી છે. આમાં એકદેશીય સાદશ્યતા છે. આંશિક સમાનતા છે.

ઉપમા વસ્તુના અભાવને સાબિત નથી કરતી પણ ઉપમા અલંકાર છે. તે બે વસ્તુની વચ્ચેના સમાન ધર્મની તુલના કરે છે. એકને બીજાની ઉપમા આપી એનો અર્થ એવો નથી થતો કે વસ્તુ છે જ નહીં, વસ્તુનો અભાવ છે એમ નથી. માટે હે વ્યકત ! વેદમાં સંસારને સ્વપ્ના જેવો કહ્યો, સ્વપ્નની ઉપમા આપવામાં આવી, એમાંથી તમે પૃથ્વી- પાણી-અગ્નિ-વાયુ-આકાશાદિ ભૂતપદાર્થો છે જ નહીં, એનો અભાવ સિદ્ધ થાય છે એવો અર્થ કેવી રીતે કર્યો ? આ અર્થ નીકળવાની કોઈ શકયતા જ નથી. એવા અર્થનો કોઈ ધ્વનિ આ વેદપદમાંથી નથી નીકળતો અને તમે કેવી રીતે કાઢયો ?

બીજી બાજુ જોતાં આ સંસાર સ્વપ્ન જેવો જ લાગે છે. આપણા જીવનના ભૂતકાળમાં ડોકિયું કરતાં વીતેલા ૫૦-૬૦ વર્ષોમાં એમ જણાય છે કે અરે ! હજી ગઈ કાલે તો હું જનમ્યો હતો, અરે ! હમણાં તો હું નિશાળે બેઠો હતો અને હમણાં તેા હું રમતો હતો, અને હજી હમણાં તો મારાં લગ્ન થયાં હતાં અને હજી હમણાં તો મેં દુકાન કરી હતી અને આ બધું જોતા જોતા વિચાર કરતાં કરતાં આજે ઘડપણ આવી ને ઊભુ રહ્યું છે. તમે જેને હજી હમણાં કહો છો તેને તો હકીકતમાં ૫૦-૬૦ વર્ષો વીતી ગયાં છે. પણ આપણને આંખ મીચીને જોતાં બધુ હમણાં થયું છે. હજી હમણાં બન્યું છે એવું ભાસે છે.

અર્થાત્ આ બધું સ્વપ્ન જેવું લાગે છે. જેમ સ્વપ્નમાં બધું દેખાય અને જાગ્યા પછી કંઈ જ વાસ્તવિક નથી હોતું, સ્વપ્નામાં લગ્ન, સ્વપ્નમાં રાજા, સ્વપ્નમાં યુદ્ધ અને વિજય વગેરે કેટલું જલ્દી કેટલી ઝડપે બની જાય છે. એટલે કંઈ ખ્યાલ પણ નથી આવતો. એ જ પ્રમાણે આપણા વીતેલા ભૂતકાળનાં વર્ષોમાં પણ એવું જ લાગે છે. આભાસ થાય છે. માટે આ સંસારને એક સ્વપ્ન જેવી ઉપમા આપવામાં આવી છે. જેથી એક આત્માર્થી જીવ, આધ્યાત્મિક જીવ સંસારથી ઉદ્વેગ પામે- વૈરાગ્ય પામે, ધન-સુવર્ણ-સ્ત્રી વગેરેથી વિરકત થાય અને મોક્ષાનુલક્ષી જીવન જીવે અને આત્મકલ્યાણ સાધી મોક્ષ પામે. માટે હે વ્યકત! આ વેદપદોનો સાચો આશય તું સમજ. એ વેદવાકયો પૃથ્વી આદિ ભૂતોની સત્તાનો નિષેધ

નથી કરતાં , પંચભૂતમય તો જગત છે. આ સંસારમાં તેની તો પ્રાધાન્યતા છે. તો પછી તે પૃથ્વી આદિ ભુતોની સત્તાનો નિષેધ કરવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? માટે હે વ્યક્ત ! તું જે વેદપદોનો અર્થ કરે છે તે યોગ્ય નથી. એ વેદપદોના વાસ્તવિક આશયને સમજ જેથી તારી શંકા ટળી જશે.

સ્વપ્નશાસ્ત્રનો વિચાર....

હે વ્યક્ત ! જો સ્વપ્નશાસ્ત્રનો પણ વિચાર કરીએ તો એમ જણાશે કે સ્વપ્નમાં આવતી કે દેખાતી બધી જ વસ્તુઓ મિથ્યા પણ નથી. સ્વપ્નશાસ્ત્રની દૃષ્ટિથી પણ પદાર્થોની સત્તા સિદ્ધ થાય છે, સ્વપ્નઓમાં દેખાતી વસ્તુના કારણે પણ વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

પ્રશ્ન-હે વ્યક્ત ! સ્વપ્ન કઈ વસ્તુનાં આવે ?

વિદ્યમાન વસ્તુનાં કે અવિદ્યમાન વસ્તુનાં ? સદ્‌ભાવ વસ્તુના કે અભાવાત્મક વસ્તુના? શું આ જગતમાં જે વસ્તુની સત્તા જ નથી, જેનો સર્વથા અભાવ છે તેના શું કોઇ કાળે સ્વપ્ના પણ આવે ખરા ? શું સંભવ પણ છે ? દા. ત., શું સ્વપ્નમાં આવેલા સસલાના અથવા ગધેડાના માથે સિંગ હતા? અથવા શું સ્વપ્નમાં આકાશપુષ્પ દેખાયો હતો? અથવા શું સ્વપ્નમાં વન્ધ્યાનો પુત્ર દેખાયો હતો? અથવા શું સ્વપ્નમાં પાણીનો જ બનેલો ઘડો અથવા વાયુનું બનેલું ઘર કે મહેલ કયારેય દેખાયો હતો ?

ના, આ સંભવ જ નથી. જે વસ્તુનો સર્વથા અભાવ આ જગતમાં હોય છે તે વસ્તુ સ્વપ્નમાં કયારેય આવવાની જ નથી. સસલાને સિંગ, ગધેડાને સિંગ કયારેય હોતાં જ નથી. વન્ધ્યાને પુત્ર હોતો જ નથી. અને જો પુત્ર હોય તો તે વન્ધ્યા કહેવાય જ નહીં. એટલે આવી વસ્તુઓ સ્વપ્નમાં કયારેય આવતી જ નથી. બાહ્ય જગતમાં જે વસ્તુઓ વિદ્યમાન હોય, જે સદ્‌રૂપે વસ્તુ સ્વરૂપે હોય તેવાના સપના જ આવે. ભલે પછી તે વસ્તુઓના સંયોગી પદાર્થ અથવા સંયોગ સંબંધના પણ સ્વપ્ના આવી શકે છે. સ્વર્ગ-નરકના સ્વપ્ના આવશે. હું સ્વર્ગમાં ગયો. દેવ થયો વગેરે, એ જ પ્રમાણે હું નરકમાં ગયો. બહુ દઃખી થયો.ત્યાં પરમાધામીને જોયા વેગેરે સ્વપ્નમાં આવશે. કારણ કે સ્વર્ગ નરક આ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે. અને આપણો જ જીવ પૂર્વે જઈને અનુભવ કરી આવ્યો છે માટે સ્વપ્નમાં આજે એ વસ્તુ આવી.

સ્વપ્નાઓ કેટલી રીતે અને કયા કારણે આવે છે .....?

अणुभुय - दिठ - चिंतिय - सुय - पयइवियार - देवया ऽणुया
सिमिणस्स निमित्ताइं पुण्ठ पावं च नाभावो ॥ १७०३॥

અહીંયાં પ્રસંગોપાત એ પણ વિચાર કરી લેવો જોઈએ કે સ્વપ્નાઓ શા માટે આવે છે ? સ્વપ્નાઓ કેટલી રીતે અને કયા કારણે આવે છે ? સ્વપ્નશાસ્ત્રમાં જણાવતાં કહે

છે કે સ્વપ્ન નિમિત્ત સિવાય આવતાં નથી. માટે સ્વપ્નના નિમિત્ત (કારણો) અનેક છેઃ

(૧) પૂર્વે અનુભવેલી વસ્તુ સ્વપ્નમાં આવે. દા.ત., સ્નાન, ભોજન, ઘોડેસ્વારી વગેરે પૂર્વે અનુભવેલી વસ્તુઓ સ્વપ્નમાં આવે છે. સ્વપ્ન અનુભૂત નિમિત્તવાળુ કહેવાય.

(૨) દૃષ્ટિ નિમિત્ત પૂર્વે જોયેલી વસ્તુ સ્વપ્નમાં આવે. દા.ત., કોઈ શહેર, મહેલો, હાથી, ઘોડા, વિમાન, રૂપિયા-પૈસા વગેરે.

(૩) ચિન્તિતાર્થ નિમિત્તવાળું સ્વપ્ન. દા.ત., સ્ત્રી, ભાઈ, ઘર વગેરે જેની પૂર્વે ખૂબ ચિન્તા કરી છે. ચિંતવ્યું છે તે સ્વપ્નમાં આવે તેને ચિન્તિતાર્થ નિમિત્તવાળું સ્વપ્ન કહેવાય.

(૪) શ્રુતાર્થ નિમિત્ત સ્વપ્ન પૂર્વે સાંભળેલી વસ્તુ સ્વપ્નમાં આવે. દા.ત., ભૂતપ્રેતની વાતો સાંભળી હોય, સ્વર્ગ-નરકની વાતો સાંભળી હોય,હીરા-મોતીની વાતો સાંભળી હોય, રાક્ષસ ટારઝનની વાતો પહેલાં સાંભળેલી હોય અને તે સ્વપ્નમાં આવે તેને શ્રુતાર્થનિમિત્ત સ્વપ્ન કહેવાય.

(૫) પ્રકૃતિવિકાર નિમિત્ત સ્વપ્ન-વાયુના પ્રકોપના કારણે અથવા પિત્તના વિકાર એમ શરીરની વાત પિત્ત-કફની પ્રકૃતિ વિકૃત થતાં જે સ્વપ્ન આવે તે પ્રકૃતિવિકારજન્ય સ્વપ્ન કહેવાય.

(૬) દેવતાના સાનિધ્યથી- પૂર્વના ઋણાનુબંધવાળા દેવતાઓ અથવા અનુકૂળ-પ્રતિકૂળ દેવતાઓના સાનિધ્ય-સામીપ્યથી પણ સારા-નરસા સ્વપ્ના આવી શકે છે.

(૭) પ્રદેશનિમિત્તક સ્વપ્ન-જલવાળા પ્રદેશ, આદિ પ્રદેશોના નિમિત્તક સ્વપ્ન હોય છે.

(૮) પુણ્ય-પાપ નિમિત્તક સ્વપ્ન-પુણ્યકર્મોદયના કારણે તીર્થયાત્રાદિક વગેરેના સ્વપ્ના આવે. અથવા પાપના ઉદયે ચોરી-ખૂન વગેરેના સ્વપ્ના આવે તે સારા-ખરાબ પોતાના પુણ્ય-પાપાદિ કારણોથી આવે.

(૯) સ્વપ્નશાસ્ત્રમાં આ મુખ્ય પ્રકારો છે. તે ઉપરાંત પણ પૂજ્ય વિનયવિજયોપાધ્યાયજી મહારાજજી એ શ્રી કલ્પસૂત્રની ટીકામાં પણ સ્વપ્નશાસ્ત્રની ચર્ચા કરતાં અનેક પ્રકારો બતાવ્યા છે. મળ-મૂત્ર વિસર્જનની કુદરતી હાજતોના આવેગોને રોકવા આદિના કારણે પણ સ્વપ્નાઓ આવી શકે છે. પણ આવા સ્વપ્નાઓ નિષ્ફળ-નિરર્થક જાય છે. આ પ્રમાણે કેટલાક સ્વપ્ના સફલ અને કેટલાક સ્વપ્ના નિષ્ફળ પણ જાય છે.

શ્રી મહાવીર પ્રભુએ વ્યકતને કહ્યું : વ્યકત ! આ પ્રમાણે સ્વપ્નાઓના અનેક નિમિત્તો છે. અને સ્વપ્નાઓથી પણ વસ્તુની સત્તા સિદ્ધ થાય છે તો પછી વેદમાં સંસારને સ્વપ્ના જેવા કહ્યાં તેથી તમે ''સ્વપ્ના જેવો'' અર્થાત્ શૂન્ય અભાવાત્મક આ સંસાર છે. એમાં કંઈ જ નથી. તેથી પૃથ્વી આદિ ભૂતો વગેરે કંઈ જ નથી. બધું જ શૂન્યરૂપે છે. બધું જ માયારૂપે છે. બધું જ અભાવાત્મક છે એવો અર્થ શા માટે કરી લીધો ?

સર્વ શૂન્ય માનવાના દોષો.....

હે વ્યકત ! જો આ પ્રમાણે બધું જ શૂન્ય માનશો તો ઘણાં દોષો આવશે. અર્થાત્ આ પુત્ર છે, આ પત્ની છે, આ શરીર છે, આ ઘર છે, આ સ્વપ્નું છે, આ સારું છે, આ ખરાબ છે, આ સત્ય છે, આ મિથ્યા (ખોટું) છે, આ કલ્પિત છે, આ અકલ્પિત છે, આ શહેર છે, આ ગામ છે, આ અવાચ્ય છે, આ કાર્ય છે, આ કારણ છે, આ નાનો છે, આ મોટો છે, આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ કર્તા છે, આ વકતા છે, આ દ્રવ છે,આ ઠોસ છે, આ ગરમ છે, આ ઠંડો છે વગેરેનો વ્યવહાર કેવી રીતે થાય ? કારણ ઠંડી-ગરમી વગેરેનો અનુભવ તો થાય છે. તો શું કરવું ? કોનો સ્વીકાર કરવો ? બીજું આ સ્વ, આ પર, આ ઉભયનું એમ વ્યવહાર કેવી રીતે થશે ? અને જો બધું જ શૂન્ય માનો, અભાવાત્મક માનો તો-સર્વશૂન્ય એ પણ જ્ઞાન છે કે અજ્ઞાન ?

જો એ જ્ઞાન છે તો સમ્યગ્જ્ઞાન છે કે મિથ્યાજ્ઞાન ? અર્થાત્ સાચું કે ખોટું ? વગેરે સેંકેડો પ્રશ્નો ઊભા થશે. અને તેનો કોઈ ઉત્તર નહીં જડે તેમાં ઘણાં દોષોની સંભાવના રહેશે. માટે સર્વશૂન્ય માનવું એ પક્ષ પણ હિતકારી નથી.

બીજું હે વ્યકત ! સર્વ શૂન્ય અને અભાવાત્મક જગત માનવામાં બધો વ્યવહારઅટકી પડશે, પાણી પીને તૃષા શાન્ત કરવી છે એ વ્યવહારને શું સત્ય કહેવો કે અસત્ય ? કારણ તારા મત પ્રમાણે તો પાણી જ નથી. તે તો અભાવાત્મક શૂન્યતામાં જશે. તો પછી તૃષા લાગવી તેનો અનુભવ થાય છે. વળી પીવાનો વ્યવહાર વગેરે બધું અસત્ય ઠરશે. પ્રત્યક્ષ દેખાતા પદોર્થોમાં પણ આ જ પરિસ્થિતિ થશે. આ મારું ઘર છે, ગામ છે, હું એમાં રહું છું વગેરે સર્વ વ્યવહાર મિથ્યા થશે. તો તો પછી બ્રહ્મ આદિની સત્તા પણ મિથ્યા સિદ્ધ થઈ જશે અને અભાવમાં એની ભકિત-ઉપાસના, એનો તત્ત્વજ્ઞાન આદિ સર્વ મિથ્યા જ ઠરશે.

-એ જ પ્રમાણે અભાવાત્મક સર્વ શુન્યતા માનવાથી મૂળ દ્રવ્ય અને તેના આશ્રયીને રહેલા ગુણોનો પણ લોપ થશે. દા.ત., પાણીની દ્રવતા, પૃથ્વીની કઠોરતા, અગ્નિની ઉષ્ણતા, વાયુની ચપલતા, આકાશની આધારતા વગેરે ગુણોનું શું થશે ? તારા મત પ્રમાણે તો સર્વ શૂન્ય જ છે. તો પછી પાણી પીવાની તૃષ્ણા નિવારણનો અનુભવ, વાયુનો અનુભવ, પૃથ્વીના ઘટાદિ પદાર્થોનો અનુભવ તથા અગ્નિથી દાઝવા વગેરેનો અનુભવ શું બધો જ વ્યવહાર મિથ્યા છે ? જો મિથ્યા અભાવાત્મક ગણશો તોં અગ્નિ ઉપર હાથ મૂકવાનું કોઈ કહેશે તો દાઝશો કે નહી ? પછી એમ કહેજો હું દાઝયો એ પણ મિથ્યા છે. તો ઈશ્વરે અવિદ્યા (માયા)ને નિર્માણ કરી અને તેથી સૃષ્ટિનિર્માણ કરી, વેદ શ્રુતિ-સ્મૃતિ વગેરે પણ અભાવાત્મક શૂન્ય માનશો કે સત્ય માનશો ?એ જ પ્રમાણે પાંચ ઈન્દ્રિયો તો માનશો કે નહીં ? કે તે પણ અભાવાત્મક મિથ્યા છે ? અને મિથ્યા ગણશો તો સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ, શબ્દનો અનુભવ કોને થાય છે ? કોના વડે થાય છે ? જો ઈન્દ્રિયો વડે

થાય છે તો તેને મિથ્યા કેવી રીતે ગણવી ? તો તો પછી મિથ્યા છે, શૂન્ય છે-આ ભાષાકીય વ્યવહાર કરવો એ પણ મિથ્યા સિદ્ધ થશે.

એ જ પ્રમાણે સર્વ મિથ્યા-શૂન્ય માનવાથી સત્યને જ અસત્ય કહી શકાશે અને અસત્યને પણ સત્ય કહી શકાશે. મનુષ્યને પશુ અને પશુને મનુષ્ય કહી શકાશે. ઠંડાને ગરમ અને ગરમને ઠંડુ કહી શકાશે. તો સર્વ વ્યવહાર વિપરીત થશે. કારણ મિથ્યા શૂન્ય છે. પણ સંસારના વ્યવહારમાં પણ એવું કોઈને ઈષ્ટ નથી, પ્રિય નથી. વ્યવહાર જે સાપેક્ષ ભાવે-અપેક્ષાસહિત કરાય છે તેમાં પણ વસ્તુની સિદ્ધિ થાય છે. માટે સાપેક્ષ ભાવના પદાર્થોમાં અભાવ સિદ્ધ નહીં થાય.

સર્વશૂન્યતાના વ્યવહારમાં ઉત્પન્ન વસ્તુને પણ અનુત્પન્ન માનવી પડશે અને અનુત્પન્નને ઉત્પન્ન માનવી પડશે જે યોગ્ય નહી ગણાય.

એ જ પ્રમાણે તું જે એમ કહે છે કે ઘડો અને તેનું અસ્તિત્વ વગેરે એક જ છે એમ માનવું પડશે, તો તે પણ જરૂરી નથી. કારણ સાપેક્ષ ભાવમાં કથંચિત્ શબ્દના વ્યવહારથી ઘડાને સ્યાદસ્તિ કહેવાથી સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાથી છે એમ કહ્યો છે, અને પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ એમ કહ્યો છે. તે તો અસ્તિ નાસ્તિપણું પણ અપેક્ષાથી ઘડાના કારણે જ છે. ઘડાની સાથે જ છે.

એ જ પ્રમાણે મૂળ દ્રવ્ય, ગુણ તથા પર્યાયની દૃષ્ટિએ થતાં વ્યવહારમાં આભુષણની બદલાતી પર્યાયોમાં પણ સુવર્ણ દ્રવ્યને તો સર્વ સ્વીકારે જ છે. જો શૂન્ય મિથ્યા હોત તો નિત્ય દ્રવ્યની પર્યાયોમાં પરિવર્તનશીલતા પણ ન આવી હોત. સ્યાદસ્તિ વગેરેથી ઘડાનું જ અસ્તિત્વ સિદ્ધ થાય છે.

એ જ પ્રમાણે પદાર્થોમાં જન્ય-જનકભાવ, કાર્ય–કારણ ભાવનો સંબંધ અને વ્યવહાર પણ સર્વશૂન્યતાના કારણે નહી રહે. અગ્નિથી ધૂમાડો નીકળે છે અને માટીમાંથી ઘડો બને છે. વગેરે કારણમાંથી કાર્યની ઉત્પત્તિનો વ્યવહાર જ નહીં રહે. કદાચ મિથ્યાભાવે માનવા જતાં ધૂમાડામાંથી પણ અગ્નિ ઉત્પન્ન થશે વગેરે દોષોની આપત્તિ અનેક આવશે. પિતા-પુત્રની વચ્ચે જે જન્ય-જનકભાવનો સંબંધ છે તે પણ લોપ થઈ જશે. કંઈજ નહીં રહે. પણ એમ થતું નથી. આ પિતા છે અને તેમનાથી ઉત્પન્ન થયેલો આ પુત્ર છે. આ વ્યવહાર તો રહેવાનો જ છે. ભલેને પુત્ર પણ એક દિવસ મોટો થઈને લગ્ન કરીને તે પોતાના પુત્રનો પિતા બને છતાં પણ પોતાના પિતાની સામે તો તે પુત્ર જ રહેવાનો છે. એટલે હે વ્યક્ત! આમાં સર્વત્ર સર્વ શૂન્ય સર્વ મિથ્યા માનવાથી જગતનો વ્યવહાર ચાલી જ નહીં શકે, કંઈજ નહી રહે. પણ સંસારના વ્યવહારમાં તો સર્વ અનુભવગમ્ય છે. તો તેનો નિષેધ યોગ્ય નહી ગણાય.માટે સર્વશૂન્યવાદપક્ષ સેંકેડો દોષોથી ગ્રસ્ત ગણાશે.

વળી સર્વ કાર્ય કારણજન્ય છે. તે માટે તે તે યોગ્ય સામગ્રી હોવી જોઈએ. યોગ્યતાના

અભાવે તો વન્ધ્યાને પણ પુત્ર થશે. રેતીની સામગ્રીમાંથી પણ તેલ નીકળશે. પણ સર્વ શૂન્યતા માનનારને પણ આવો અનુભવ તો કોઈ કાળે થતો જ નથી. તલના સમૂહને પીલવાથી જ તેલ નીકળશે. રેતીના કણમાંથી નહીં. અને જે પુત્રને જન્મ આપશે તે કદાપિ વન્ધ્યા નહીં જ ગણાય. એટલે સામગ્રીવિશેષ તથા યોગ્યતાવિશેષ આ સંસારના વ્યવહારમાં સ્પષ્ટ છે. પણ સર્વથા શૂન્ય સંસાર માનવામાં કંઈ નથી. માટે હે વ્યક્ત ! અભાવાત્મક આ જગતને માનીને તમે યોગ્યતા આદિનો વ્યવહાર કેવી રીતે કરશો ? સર્વ પૌદ્ગલિક વસ્તુ પરમાણુ જન્ય છે. પરમાણુ સમૂહ થકી ઉત્પન્ન થયેલ છે. પરમાણુ અદૃષ્ટ હોવા છતાં પણ ધૂમાડાથી અગ્નિની જેમ કાર્યથી કારણનું અનુમાન થશે અને તેથી વસ્તુની સાબિતી થશે.

થાંભલાનો આગળનો ભાગ દેખાય છે પણ પાછળનો, મધ્યનો, જમીનની અંદરનો ભાગ વગેરે નથી દેખાતા, અર્થાત્ આ જગતમાં ઘણું નથી દેખાતું અને થોડું માત્ર દેખાય છે. એથી સર્વ અભાવાત્મક શૂન્ય છે એ પણ કહેવું હે વ્યક્ત ! યુક્તિગમ્ય સિદ્ધ નથી થતું, તારી દલીલ તર્કરહિત લાગે છે.

ભલે પાછળનો કે મધ્યનો નથી દેખાતો તો આગળનો ભાગ દેખાય જ છે ને? તો પછી તમે સર્વથા શૂન્ય-સર્વ મિથ્યા કેમ કહી શકો છો ? તોપણ એક વખત અગ્રભાગ દેખાતા તેની પણ સ્વીકૃતિ કરો તોપણ તમારો અભાવાત્મક શૂન્યવાદ નષ્ટ થઈ જ ગયો અને અન્ય ભાગો નથી દેખાતા તેને અનુમાન આદિથી સ્વીકારી શકાય અથવા તો પાછળના ભાગમાં અરીસો વગેરે રાખીને પણ એક જ વસ્તુને અખંડ પૂર્ણ જોઈ શકાય છે અને તે દેખાય છે. તો પછી તારો શૂન્યવાદ ક્યાં ગયો ? આ તો ''મારી માતા વન્ધ્યા છે.''- એમ કહેવા જેવું પરસ્પર વિરોધી લાગશે. માટે અભાવાત્મક શૂન્યવાદ પણ સર્વથા યુક્તિરહિત છે એમ સિદ્ધ થશે.

સર્વ વસ્તુના જ્ઞાનમાં પ્રત્યક્ષીકરણ પૂર્ણ હોવું જ જોઈએ એમ નથી. સર્વ ક્ષેત્રીય-સર્વ કાલીય પ્રત્યક્ષ પૂર્ણ હોવો જોઈએ એવો પણ નિયમ નથી. ચર્મ-ચક્ષુવાળા ઈન્દ્રિય પ્રત્યક્ષગ્રાહી મનુષ્યને તો ક્યારેય સર્વ ક્ષેત્રીય સર્વકાલિક પ્રત્યક્ષ થઈ શકે તેમ નથી.

હા, સર્વજ્ઞ કેવળજ્ઞાનીને ત્રૈકાલિક પ્રત્યક્ષ થાય છે. માટે સર્વજ્ઞનું જ્ઞાન કાળાતીત, ત્રિકાળાબાધિત છે, ક્ષેત્રાતીત છે એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે. એથી સર્વજ્ઞના પ્રત્યક્ષથી સમસ્ત વિશ્વ જાણી શકાય છે. માટે કયાંય શૂન્યવાદ પક્ષ રહેતો જ નથી. શું બહારથી ચામડીના આકારથી દેખાતા આ શરીરની અંદરના હાડ-માંસ-મજ્જા-લોહી વગેરે ન દેખાવાથી સ્વશરીર પણ અભાવાત્મક શૂન્ય માનવું ? ગધેડાના શીંગડાની જેમ આ શરીરને કોઈ અભાવાત્મક નથી કહેતું. ગૂમડા અથવા અસ્થિભંગ આદિના કારણે જ્યારે લોહી, માંસ વગેરે બહાર નીકળે છે ત્યારે આપણે તે જોઈએ જ છીએ. હાથ-પગ વગેરે અવયવો માંસથી

ભરેલા સુડોળ હોય છ ત્યારે આપણે સુંદર માંસલ છે, જાડો-સ્થૂલ છે એમ કહીએ છીએ અને જો કોઈ સાવ દુબળો પાતળો હોય, ટી.બી. વગેરે રોગોથી પીડાતો હોય અથવા મહાન દીર્ઘ તપસ્વી હોય અને તેના માત્ર હાડકાં-પાંસળીઓ જ દેખાતાં હોય ત્યારે કહીએ કે આનામાં તો માંસ નથી. ડૉક્ટરો હાથના નખનો રંગ વગેરે જોઈને કહે છે કે આના શરીરમાં લોહી ઓછું છે ઈત્યાદિ શરીરના પ્રત્યક્ષીકરણના વ્યવહારો સ્પષ્ટ છે. ડૉક્ટર ઓપરેશન કરતા હોય ત્યારે ચામડીની નીચેના પડમાં હાડકાં, માંસ, લોહી, શિરા-ધમનીઓ અને નસો વગેરે સ્પષ્ટ જોઈ શકાય છે અને તે વખતે કંઈ જ નથી, સર્વ શૂન્ય છે એવો વ્યવહાર કદાપિ કરી ન શકાય. એટલે મારું શરીર શૂન્ય છે, અભાવાત્મક માયાવી છે એવું કોઈ પણ બોલી ન શકે. બોલતા પણ નથી. પરસ્પર વદતોવ્યાઘાત જેવું વિરૂદ્ધ વચન કહેવાશે.

બીજું શરીરને રોજ આહાર-પાણી આપીએ છીએ. જેનાથી શરીરની પુષ્ટિ વગેરે થાય છે. જે તત્ત્વોનું આ શરીર બનેલું છે, જે તત્ત્વો આ શરીરનાં ઘટક દ્રવ્યો છે તે શરીરને તે જ ઘટક દ્રવ્યોની રોજ આવશ્યકતા પડવાની છે. માટે આપણે અહર્નિશ-સતત શ્વાસ લઈએ છીએ એટલે વાયુતત્ત્વ આવ્યું. પાણી રોજ પીએ છીએ એટલે જલતત્ત્વ આવ્યું અને અગ્નિતત્ત્વ આપણે ઉત્પન્ન કરીએ છીએ. ચાલીને, કસરતથી, વ્યાયામથી, આસનોથી, વગેરે રીતે જે ઘર્ષણથી અગ્નિતત્ત્વ નિર્માણ થાય છે તે અગ્નિ પાચન આદિમાં ઉપયોગી થાય છે. એ જ પ્રમાણે જે અનાજ આદિનું ભક્ષણ કરીએ છીએ તે પણ પૃથ્વી ઉપર નિર્માણ થયેલા છે. તેમાં પાર્થિવ અંશ છે. એટલે પૃથ્વી-તત્ત્વ આપણે ધારણ કરીએ છીએ. વનસ્પતિ પણ રોજ પત્ર, પુષ્પ, ફળ, તથા શાક-ભાજી આદિ રૂપે આરોગીએ છીએ અને આકાશ તો આપણા શરીરમાં રિક્તસ્થાનોમાં પહેલેથી છે જ. આંતરડા વગેરેમાં જે પોલાણ છે તેમાં સર્વત્ર આકાશ છે માટે જ આ શરીરમાં નાખેલા આહાર-પાણી-શ્વાસ વગેરે અંદર જઈ શકે છે, અન્યથા શરીરમાં અંદર પ્રવેશ થવું પણ સંભવ નથી, આ પ્રમાણે આ શરીર અને તેની રચના પૃથ્વી આદિ સર્વ તત્ત્વને સાબિત કરે છે.

વળી, કોઈ પણ સંજોગોમાં આ શરીરને માયિક અથવા શશશૃંગવત્ અભાવાત્મક કહી ન શકીએ– શૂન્ય કહી ન શકીએ. આ પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણસિદ્ધ આ પૃથ્વી આદિ તત્ત્વ છે. જેને હે વ્યકત ! તમે 'ભૂત'ના નામથી ઓળખો છો અને એવા ચાર અથવા પાંચ ભૂતો કહેવામાં આવે છે તેનો જે તમે સર્વથા અભાવ સિદ્ધ કરો છો તો તે કઈ રીતે થઈ શકે ? સંભવ જ નથી.

ભૂતવાદી ચાર્વાક.....

ભૌતિક સુખ, ભૌતિક પદાર્થો વગેરે શબ્દો ઘણા પ્રચલિત છે. આ ભૌતિક શબ્દ ભૂતમાંથી બન્યો છે. ભૂતોનો ભાવ તે ભૌતિક. જે પદાર્થો-વસ્તુઓ ભૂતજન્ય હોય તે ભૌતિક અથવા જે પદાર્થો વડે ભૌતિક સુખમાત્ર ભોગવાય-અનુભવાય તેને ભૌતિક પદાર્થો કહેવાય. ભૌતિક સુખ અર્થાત્ માત્ર સ્પર્શ, રસ, ગંધ, રૂપાદિજન્ય જે સુખ તે. ભૂત શબ્દ

ચાર્વાક દર્શનકારોએ તત્ત્વ અર્થમાં વાપર્યો છે. કારણ ચાર્વાક (નાસ્તિક) દર્શનમાં માત્ર પ્રત્યક્ષ દૃષ્ટ વસ્તુઓને જ માનવામાં આવી છે. પ્રત્યક્ષેતર અનુમાન આદિ ગ્રાહ્ય વસ્તુઓ પણ નથી માની. અને તે જ પ્રમાણે પ્રત્યક્ષેતર પ્રમાણ નથી માન્યા. તત્ત્વ તરીકે આત્મા વગેરે કોઈ સ્વતંત્ર દ્રવ્યને આત્મા નથી કહ્યો. માત્ર તત્ત્વ તરીકે નાસ્તિક દર્શનમાં ચાર ભૂત જ માનવામાં આવ્યા છે.

દાર્શનિક વિચારધારામાં ચાર્વાક દર્શનમાં ચાર્વાકોને બે પ્રકારના પણ દર્શાવ્યા છે. ધૂર્ત ચાર્વાક પૃથ્વી-જલ-તેજ અને વાયુ એમ ચાર જ ભૂત માને છે. અને ઇતર સર્વ વિશ્વ–જીવો આદિન્ન ભૂત સમુદાયરૂપ માને છે. અને આત્માને પણ ચાર ભૂતના સમુદાયજન્ય જ માને છે. પરન્તુ એવા પણ ચાર્વાકો કોઇક છે જે આકાશને સાથે ગણીને પાંચ ભૂત માને છે.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં પાંચ ભૂતો ગણવામાં આવ્યા છે. જ્યારે અન્ય દાર્શનિક ગ્રન્થોમાં ચાર ભૂત માનીને ચાલવામાં આવે છે. શાસ્ત્રવાર્તા સમુચ્ચય, સ્યાદ્વાદરત્નાકર આદિ મુખ્ય દાર્શનિક અને તાર્કિક શાસ્ત્રોમાં ચાર્વાકોને ભૂતચતુષ્ટયવાદી કહ્યા છે અને તેમનું ખંડન વગેરે કર્યું છે. ચાર્વાકિ કાળ જેવા દ્રવ્યને પણ સ્વતંત્ર દ્રવ્ય નથી માન્યો.

અહીંયા ચોથા પંડિત વ્યકત શૂન્યવાદી વિચારસરણીવાળા છે. આ સંસારમાં એકમાત્ર બ્રહ્મા સિવાય જગતમાં કંઈ જ નથી એવી તેમની માન્યતા હતી. જગતનો મુખ્ય આધાર જે પૃથ્વી-જલ-તેજ-વાયુ અને આકાશ છે તેની સત્તા પણ તેઓ નથી સ્વીકારતા. આ પાંચ ભૂતો છે કે નહીં આ વિષયમાં જ પ્રાધાન્યપણે પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ સાથે વ્યકત પંડિતની ચર્ચા થઈ છે. શ્રી વીરપ્રભુએ આ પંચ ભૂતોની સિદ્ધિના વિષયમાં વ્યકતને સમજાવતા અને વિવિધ પ્રમાણોથી ભૂતોની સિદ્ધિ કરી બતાવતાં આ પ્રમાણે કહ્યું છે.

પચ્ચક્ખેસુ ન જુત્તો તુહ ભૂમિ-જલા-ऽ-નલેસુ સંદેહો ।
અનિલાऽગાસેસુ ભવે સોऽવિ ન જુત્તોऽણુમાણાઓ ॥ ૧૭૪૮ ॥

હે વ્યકત ! જેમ તું તને પ્રત્યક્ષ રૂપે જુએ છે એ જ પ્રમાણે તું પૃથ્વી-પાણી-અગ્નિ વગેરેને પણ પ્રત્યક્ષ જૂએ છે માટે તેમાં સંશય કરવાની આવશ્યકતા નથી. અથવા કદાચ-વાયુ અને આકાશ પ્રત્યક્ષ ન દેખાવાથી પણ જો તું શંકા કરતો હોય તો તે પણ યોગ્ય નથી. કારણ કે અનુમાન પ્રમાણથી તેની પણ સિદ્ધિ થાય છે. ચરાચર આ વિશ્વમાં પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ આદિનો આપણે પ્રત્યક્ષ અનુભવ રોજ કરીએ છીએ. એના ઉપર તો આપણું જીવન આધારિત છે. રોજિન્દા જીવનવ્યવહારમાં આપણે પાણી પીને તૃષા શાન્ત કરીએ છીએ. શ્વાસરૂપે વાયુ લઈને આપણે જીવીએ છીએ. અગ્નિ આપણા શરીરમાં છે એનો સ્પષ્ટ પુરાવો છે કે આપણું શરીર ગરમ રહે છે અને આપણા શરીરનું ઉષ્ણતામાન, (તાપમાન) નિશ્ચિત પ્રમાણમાં રહે છે. મડદામાં બિલકુલ નથી હોતું એ જ પ્રમાણે પાર્થિવ પદાર્થોનો પણ આપણે ઉપયોગ કરીએ છીએ અને શરીરમાં આકાશ -ખાલી જગ્યા પણ છે. આ પ્રમાણે પાંચે ભૂતો રહેલા છે. આપણા શરીરમાં છે અને બાહ્ય જગતની આ સૃષ્ટિમાં સર્વત્ર છે.

ક્યાંક પાણી દેખાય છે. તળાવ, સરોવર સમુદ્ર, નદી, ઝરણાં, ટાંકી, કૂવા વગેરે પાણીનાં સ્થાનો છે. ક્યાંક અગ્નિ પણ દેખાય છે. વીજળી આકાશમાં ચમકે છે. ઘરમાં ચૂલામાં ભઠ્ઠીમાં અગ્નિ દેખાય છે, બે ચકમક ઘસતાં અગ્નિ દેખાય છે. રોજ વાયુનો સ્પર્શ આપણને થાય છે. પેટમાં વાયુ ભરાઈ જાય છે. ગડગડાટ થાય છે. ઝાડના પાંદડા હલે છે. દેરાસરના શિખર ઉપર ધ્વજા ઊડે છે. વગેરે ચારે બાજુ વાયુનો અનુભવ થાય છે અને પૃથ્વી તો આપણા પગ નીચે છે. જ્યાં જ્યાં પગ મૂકીએ છીએ ત્યાં પૃથ્વી છે. ઝાડ-વૃક્ષ બધા જ પૃથ્વી ઉપર જ ઊગે છે. ક્યાંક ડુંગરા-ટેકરા-ખાડા વગેરે જે જોઈએ છીએ તે સર્વ પૃથ્વી જ છે અને કદાચ તું એમ પણ કહે કે આકાશ નથી દેખાતો માટે ન માનવો એમ પણ કહેવું યોગ્ય નથી.

આકાશસિદ્ધિ.....

अत्थि वसुहाइभाणं तोयस्स घडो व्व मुत्तिमत्ताओ ।
जं भूयाणं भाणं तं वोमं वत्त ! सुव्वत्तं ॥ १७५० ॥

હે વ્યકત ! આકાશની સિદ્ધિ તો બહુ જ સ્પષ્ટ છે. જેમ પાણીનો આધાર ઘડો છે. પાણી પ્રવાહી પદાર્થ છે અને તેને રહેવા માટે ઘડો વગેરે કોઈ પણ આધારદ્રવ્ય હોય છે. તેમ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ આદિ સર્વ ભૂતોને રહેવા માટે આધારસ્થાન જો કોઈ હોય તો તે એકમાત્ર આકાશ છે. આ જગતમાં કોઈ આધાર હોય છે અને કેટલાક આધેય હોય છે. આધારના આધારે રહેનારા તે આધેય બધાનો આધાર તે આકાશ અને આધેયરૂપે તો છે. "अवगाहो आगासं" જે અવકાશ આપે છે તે આકાશ. દરેક ગુણી ગુણવાન (ગુણવાળો) હોય છે.

ગુણ વિનાનો ગુણી હોતો નથી. ગુણી તે દ્રવ્ય. જેનામાં ગુણો રહેતા હોય તે. અર્થાત્ ગુણોનો આધાર જે છે તે ગુણી (દ્રવ્ય) છે, ઉમાસ્વાતિ ભગવંતે તત્ત્વાર્થ સૂત્રમાં સ્પષ્ટ જ કહ્યું છે કે ગુણ-પર્યાયવદ્ દ્રવ્યમ્ અર્થાત્ ગુણ અને પર્યાયવાળો જે છે તે દ્રવ્ય. તો આકાશ પણ એક દ્રવ્ય સિદ્ધ થયો. કારણ કે જીવ-અજીવ સર્વે પદાર્થોને તે અવકાશ આપે છે. અવકાશ એટલે જગ્યા. રહેવાનું સ્થાન. કહ્યું છે કે, A space is a space which gives us place. આકાશ એ આકાશ છે જે આપણને જગ્યા આપે છે.

આ ચિત્રમાં જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે આકાશ એક શૂન્ય ગોળા જેવો છે ખાલી જગ્યારૂપે છે. એક કપમાં રહેલી ચા અથવા દૂધમાં પણ સાકરનો એક ગાંગડો નાખતાં તે અંદર જાય છે. મતલબ એ ભાગમાં પણ આકાશ સ્પષ્ટ છે. જો ન હોત તો ગાંગડો અંદર પ્રવેશી શકયો ન હોત, જ્યાં જ્યાં આકાશ (જગ્યા) હોય છે ત્યાં જ કોઈ પણ પ્રવેશી શકે છે.

અનન્ત આકાશ

આકાશ અનન્ત છે. ન+અન્ત= અનન્ત. જેનો કોઈ છેડો (અન્ત) જ નથી તે અનન્ત. સીમાતીત. જેની કોઈ સીમા જ નથી. મર્યાદા જ નથી. એને અનન્ત આકાશ કહ્યો છે. આ ચિત્રમાં ચારે બાજુ ખાલી એવો એક મોટો ગોળો છે. તેની કોઈ સીમા કે અન્ત નથી. (ચિત્રમાં ફકત દર્શાવવા માટે વર્તુલની રેખા દોરી છે) પરન્તુ તે અનન્ત છે. દેખાતું તે રિકત (ખાલી) ખાલી સ્થાન, જેને આપણે શૂન્ય કહીએ છીએ તે શૂન્યાકાશ કહેવાય અથવા અલોકાકાશ છે.

ઉપરના ચિત્રમાં જે એક ગોળાની વચ્ચે ઊભો માણસ બતાવવામાં આવ્યો છે તેનું કારણ એ છે કે તે પુરુષ જેમ બે પગ પહોળા કરીને અને બે હાથ કમર ઉપર રાખીને જેમ ઊભો છે તે આકારનો અલોકાકાશની વચ્ચે લોકાકાશ કહ્યો છે. આકાશ બે પ્રકારના છે.

આકાશ

અલોકાકાશ (શૂન્યાકાશ) લોકાકાશ

અલોકાકાશ અર્થાત્ જ્યાં કંઈ જ નથી એવો આકાશ. કંઈ જ નથી માટે શૂન્યાકાશ કહીએ છીએ. શૂન્ય શબ્દથી વ્યવહારમાં પણ કંઈ જ નહીં એવો અર્થ કરવામાં આવે છે. કંઈ જ નહીં એટલે શું નહીં ? એવો જો પ્રશ્ન કરીએ તો તેના ઉત્તરમાં કહેવાનું કે કંઈ જ શબ્દ અહીં વસ્તુ માટે વાપરવામાં આવેલ છે. વસ્તુ એટલે દ્રવ્ય. દ્રવ્ય બે પ્રકારના છેઃ

જડ ચેતન

જડ અને ચેતન. એક જ ઝાડ જ્યારે ઝાડ રૂપે છે ત્યારે તે ચેતન છે, અને જ્યારે તેને કાપીને લાકડા તરીકે ઉપયોગમાં લઈએ છીએ ત્યારે તે લાકડું એક જડ તરીકે ગણાય છે. એવા આ બન્ને જડ અને ચેતન જેવા બન્ને દ્રવ્યો જ્યાં છે જ નહીં તે અનન્તાકાશનો ભાગ અલોકાકાશ (શૂન્યાકાશ) કહેવામાં આવે છે અને તેની વચ્ચે પૂરુષાકારે આ લોક રહેલો છે.

લોકાકાશ– આ વૈશાખ પુરુષના આકારવાળો આકાશ તે લોકાકાશ કહેવાય છે તેને જ લોકની સંજ્ઞા આપવામાં આવેલ છે. આ આકારની બહારના અનન્ત આકાશ ને અલોકાકાશ કહેવાય છે. જ્યાં લોક નથી તે ભાગ અલોક. અને અલોક + આકાશ = તે અલોકાકાશ. આને જ શૂન્યાકાશ પણ કહી શકીએ.

વચ્ચેનો વૈશાખ પુરુષના આકારવાળો ભાગ તે લોકાકાશ કહેવાય છે. લોકાકાશ એવો આકાશ જેમાં સર્વલોક રહેલો છે. આ લોક તે ષડ્ દ્રવ્યમય છે.



ચૌદ રાજલોક


સિદ્ધો
સિદ્ધશિલા
૫. અનુત્તર
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
ઊર્ધ્વ લોક
તિર્છાલોક
અધો લોક
રત્નપ્રભા પૃથ્વીનું દળ
૧૮૦૦૦૦ યોજન
૧૮૦૦૦૦ યોજન
ખાલી ૧૦ યો૰
આઠ વાણવ્યંતર નિકાય
ખાલી ૧૦ યો૰
આઠ વ્યંતરનિકાય
ખાલી ૮૦૦ યો૰
ખાલી ૧૧૫૮૩ ⅓ યો૰
દરેક પતર 3000 યો૰
૧૦ ભવનપતિ નિકાય
ખાલી
ખાલી ૧૦૦૦ યો૰
૭ નરક પૃથ્વિ
કિ૰
કિ૰
કિ૰
કિલ્બિષિક
લોકાંતિક
ત્રસનાડી
ચર જ્યોતિષ્ક
દ્વીપ સમુદ્રો
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
૧ રજ્જુ
૭ રજ્જુ
૧ રજ્જુ
૧ રજ્જુ
૫ રજ્જુ
૧ રજ્જુ
૭ રજ્જુ
લોક બહાર ચોતરફ
અનંત અલોક



૬ દ્રવ્યમય આ લોક છે. આકાશ સિવાય આધેય છે. અને બધાનો આધાર આકાશ છે. આ લોકાકાશ ચૌદરાજ પ્રમાણનો છે તેથી ચૌદરાજલોક કહેવાય છે.

ચૌદ રાજલોક....

વચ્ચેનો પુરુષાકાર આકાશ તે ચૌદ રજ્જુ પ્રમાણ માપવાળો હોવાથી ચૌદ રાજલોક કહેવાય છે. લોકાકાશ અને અલોકાકાશ બન્ને આકાશ સ્વરૂપે એક અખંડ દ્રવ્ય છે. બન્ને આકાશમાં કોઈ તફાવત નથી. આકાશ પ્રદેશો પણ એકસરખા અખંડ છે માત્ર જે આકાશમાં કંઈ જ નથી તેને અલોકાકાશ, અને જેમાં જીવ-જડ બધું જ છે તે લોકને લોકાકાશ કહેવામાં આવે છે. લોક અને અલોક તો આકાશની આગળ જોડવામાં આવેલા વિશેષણ છે.



લોકને આ પ્રમાણે ત્રણ વિભાગમાં વિભકત કરવામાં આવ્યો છે. એટલે લોકમાં જ સ્વર્ગ-નરક તથા મૃત્યુલોક(મનુષ્ય-લોક) વગેરે છે. સર્વ જીવ રાશિ પણ આ લોકમાં જ છે. અને સર્વ અજીવરાશિ (જડ) પણ આ લોકમાં જ છે. જે છે તે લોકમાં છે લોકની બહાર કંઈ જ નથી.



વિશ્વના સર્વ દ્રવ્યોને મુળભૂત બે વિભાગમાં વહેંચી શકીએ છીએ. જડ અને ચેતન. આ જડ અને ચેતનના જ સંયોગ વિયોગનો આ સંસાર છે. એમના સંયોગ-વિયોગે અનન્તા

પદાર્થો બને છે. તે સર્વ પદાર્થો જેમાં રહે છે તે આકાશ. આકાશને સપ્રદેશી એક અખંડ સ્વતંત્ર અજીવ તત્ત્વ કહ્યો છે. તે અસંખ્ય પ્રદેશી છે તેના સ્કંધ-દેશ-પ્રદેશ એવા ત્રણ ભાગ થાય છે.

ભૂતચતુષ્ટય સિધ્ધિ....

આ લોકમાં સર્વત્ર રહેલા જે ચાર મુખ્ય ભૂતો છે તે પૃથ્વી-પાણી-અગ્નિ અને વાયુ છે. જે આપણે વિચારી ગયા કે આ સમસ્ત ચૌદ રાજલોકમાં મૂળભૂત તો માત્ર જડ અને ચેતન આ બે જ મુખ્ય દ્રવ્યો છે. જીવ સંસારમાં રહેવા માટે જડપુદ્ગલ પરમાણુંઓને ગ્રહણ કરે છે. તે પરમાણુઓના જથ્થા રૂપે રહેલી અષ્ટમહાવર્ગણામાંથી ઔદારિક-વૈક્રિય, વગેરે વર્ગણાઓને ગ્રહણ કરીને જીવ શરીર બનાવે છે અને જીવ તે શરીરમાં રહે છે.

જીવને પોતાના કર્મ પ્રમાણે શરીર મળે છે. નાનું-મોટું વગેરે જે શરીર છે. તેની પાછળ તેના કર્મ કામ કરે છે. કર્મના વિભાગમાં નામકર્મમાં ત્રસદશક અને સ્થાવર દશક નામકર્મમાં સૂક્ષ્મ નામકર્મ અને સ્થાવર નામકર્મ પ્રમાણે જીવો સૂક્ષ્મ અને સ્થૂલ એવા શરીરો બનાવે છે. નિગોદમાંથી નીકળી જીવો વનસ્પતિકાયમાં પરિભ્રમણ કરી પૃથ્વી આદિ પાંચ સ્થાવરકાયમાં પ્રથમ પરિભ્રમણ કરે છે.

ચૌદ રાજલોકમાં સર્વત્ર પ્રસરેલા જીવો આ પાંચ સ્થાવરકાયમાં અત્યન્ત સૂક્ષ્મ હોય છે. આ અત્યન્ત સૂક્ષ્મ જીવો જે પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ તથા વનસ્પતિના જીવો છે તે સૂક્ષ્મરૂપે આ ચૌદ રાજલોકમાં સર્વત્ર પ્રસરેલા છે-રહેલા છે - જીવ વિચારમાં કહ્યું છે કે-

पत्तेय तरुं मुतुं पंचवि पुढवाइणो सयललोए ।
सुहुमा हवंति नियमा अंतमुहुत्ताऊ अदिस्सा ॥

પ્રત્યેક વનસ્પતિકાય છોડીને તે સિવાયના પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય તથા સાધારણ વનસ્પતિકાયના સર્વ સૂક્ષ્મ જીવો ચૌદ રાજલોકમાં સર્વત્ર રહેલા છે. તે સર્વ સૂક્ષ્મ સ્વરૂપે છે. સૂક્ષ્મ હોવાના કારણે તે સર્વ અદૃષ્ટ છે. કોઈ કાળે પણ આંખ વડે દેખાય તેમ નથી અને અંતર્મુહૂર્ત-(૨ ઘડી) ના આયુષ્યવાળા હોય છે. સતત્ જન્મ-મરણ તેમાં

ચાલતા હોય છે. એ જીવોને સૂક્ષ્મ નામકર્મના કારણે આટલું નાનું સૂક્ષ્મ શરીર મળ્યું છે. અને એ જ જયારે સ્થૂલ આકારવાળા મોટા થાય છે ત્યારે દ્રષ્ટિગોચર થાય છે. આ મોટા આકાર-વાળાને બાદર (સ્થૂલ) નામકર્મનો ઉદય હોય છે. આ બાદર નામકર્મના કારણે તેમને સ્થૂલ મોટું શરીર મળ્યું છે.



વૈજ્ઞાનિક પુરાવા—આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે સૂક્ષ્મતાનો ખ્યાલ સ્પષ્ટ આવી શકે છે. Microscope માં દેખાયેલા જીવોનું આ ચિત્ર છે. સૂક્ષ્મ નામકર્મના ઉદયે સૂક્ષ્મ સ્વરૂપે રહી શકે છે. આજના વિજ્ઞાને એ સાબિત કરી આપ્યું છે કે એક સ્ટેમ્પ (Stamp.) ટપાલની નાની ટિકિટ જેવડી જગ્યામાં ૨૫ કરોડ સૂક્ષ્મ જીવો સમાઈ શકે છે, અને એ જ પ્રમાણે એક નાની કેપસ્યૂલમાં પણ ૧થી ૧૦ કરોડ જીવો સમાઈ શકે છે. આ બાજુના ચિત્રમાં પાણીના એક ટીપાને Microscope સૂક્ષ્મદર્શક-યન્ત્રમાં મૂકીને જોવામાં આવતાં, પાણીના આધારે જીવતા અને પાણીમાં રહેતા એવા હાલતા-ચાલતા બે ઈન્દ્રિય જીવો સૂક્ષ્મ કિટાણુંઓ વગેરે જે ત્રણ લાખથી ઉપરની સંખ્યામાં ગણવામાં આવ્યા છે. આટલી સૂક્ષ્મ જીવસૃષ્ટિ ચૌદ રાજલોકના બ્રહ્માંડમાં સર્વત્ર છે.

જૈન જીવવિજ્ઞાનમાં તો એક કાંદા, બટાટા, ડુંગળી, લસણ, ગાજર, શકરિયા, મૂળા, ફણગા, લીલફૂગ વગેરેમાં અનન્તા જીવો રહે છે માટે તે અનન્ત કાય કહેવાય છે. આ પ્રમાણે સર્વજ્ઞ ભગવંતોનો સ્પષ્ટ નિર્દેશ છે. જે હજી વિજ્ઞાનની નજરમાં પણ નથી આવ્યું. વૈજ્ઞાનિકોએ હજી શોધ્યું પણ નથી. સૂક્ષ્મ જીવસૃષ્ટિ સંસારમાં અનન્ત છે.

સૂક્ષ્મમાંથી સ્થુલ જીવસૃષ્ટિ ....

સર્વ પ્રથમ જીવો સૂક્ષ્માવસ્થામાં જ રહે છે અને ત્યાર પછી બાહ્ય જગતમાં તેઓ સ્થૂલપણું ધારણ કરે છે. નિગોદમાંથી નીકળી જીવ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયમાંથી નીકળી-બાદર સાધારણ વનસ્પતિકાયમાં અર્થાત્ કાંદા-બટાકા વગેરેમાં પરિભ્રમણ કરે છે

અને ત્યારે પછી પાણી-પૃથ્વી-અગ્નિ-વાયુ આદિમાં આવે છે. એમાં પણ ઘણો કાળ પરિભ્રમણ કરે છે.આ એકેન્દ્રિય તરીકે સ્થાવર કાય કહેવાય છે. એમાં પાંચ ભેદ મુખ્ય હોય છે.

જીવોનું વર્ગીકરણ....



૧૧-પર્યાપ્તા +૧૧ અપર્યાપ્તા = ૨૨ સ્થાવરના

જૈન જીવ - વિજ્ઞાનની આ જ વિશેષતા છે. જીવોનું વર્ગીકરણ કરતા સર્વપ્રથમ મુક્ત અને સંસારીના ભેદ કરીને સંસારી જીવોમાં પણ ત્રસ અને સ્થાવરના ભેદ જણાવ્યા એટલે દુઃખ, પીડા, વેદના. આવતા કોઈ પણ ત્રાસ- દુઃખમાંથી બચવા જે જીવો ગતિ આદિ કરીને બચી શકે. જઈ શકે તે ત્રસ જીવો કહેવાય છે. ત્રસમાં તો * સાથિઓ અર્થાત્ દેવ-મનુષ્ય-નારકી તથા તિર્યંચ એમ ચારે ગતિના જીવો ગણાય છે. જ્યારે સ્થાવર અર્થાત્ સ્થિર. જે જીવો સ્વયં દુઃખમાંથી બચવા માટે ગતિ આદિ ન કરી શકે તે જીવો સ્થાવરમાં ગણાય છે. સ્થાવર બધા એકેન્દ્રિય જ હોય છે. પહેલી સ્પર્શ ઈન્દ્રિય જ ફકત જેને હોય છે તે એકેન્દ્રિય સ્થાવર. એવા એકેન્દ્રિય સ્થાવર પાંચ પ્રકારના કહ્યા છે. પૃથ્વી, અપ, તેઉ,વાયુ તથા વનસ્પતિ, આ સ્થાવરની જાતિના જીવો છે. આ તેમના નામો છે. તેમને દરેકને શરીર (કાય) હોય છે. એથી પૃથ્વી આદિ શબ્દોની સાથે કાય જોડીને પૂરું નામ એ જીવોનું પાડવામાં આવે છે.

૧. પૃથ્વીકાય–પૃથ્વી+કાય. પૃથ્વીમય શરીરમાં રહેતા જીવો.

૨. આપ્કાય–અપ+કાય–પાણીરૂપી શરીરમાં રહેતા જીવો.

૩. તેઉકાય-તેઉ+કાય–તૈજસ–અગ્નિરૂપી શરીરમાં રહેતા જીવો.

૪. વાયુકાય – વાયુ+કાય. વાયુરૂપી શરીરમાં રહેતા જીવો.

૫. વનસ્પતિકાય – વનસ્પતિ + કાય ઝાડ–પાનની વનસ્પતિમાં રહેતા જીવો. ચિત્રમાં દર્શાવ્યા છે તે પ્રમાણે સર્વ સ્થાવર એકેન્દ્રિયના જીવો છે. તે સર્વ સૂક્ષ્મ હતા ત્યારે ચૌદ રાજલોકમાં અદૃશ્યરૂપે સર્વત્ર ફેલાયેલા હતા અને પછી સ્થૂલકાય ધારણ કર્યા પછી



ભિન્નભિન્ન નાનામોટા આકાર (શરીરનો આકાર) વાળા થયા. ભગવાને કહ્યું કે હે વ્યકત! એ સર્વમાં પ્રથમ જીવ છે અને પછી જીવની મૃત્યુ થઈ જતાં જીવના ચાલ્યા ગયા પછી તે જીવના જે મૃત કલેવર છે તે જ આ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુરૂપે વનસ્પતિ રૂપે ઓળખાય છે. વનસ્પતિને છોડીને શેષ પૃથ્વી-પાણી-અગ્નિ તથા વાયુ એ ચારને હે, વ્યકત! તું ભૂત તરીકે ગણે છે. ભૂત એટલે જીવ. જીવ શબ્દના અર્થમાં ભૂત શબ્દ વપરાયો.

शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोका : ॥

આ શ્લોકમાં '' ભૂતગણાઃ'' એ શબ્દ ભૂત અર્થાત્ જીવો એ અર્થમાં વપરાયો છે. અર્થાત્ સર્વ જીવો પરહિતમાં તત્પર બનો એવી ભાવના પ્રગટ કરી છે.

ભૂતોમાં જીવત્વ છે ના પુરાવા....

સર્વજ્ઞ પરમાત્મા મહાવીર પ્રભુએ વ્યકતને કહ્યું, હે વ્યકત! એ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ તથા વનસ્પતિ સર્વેમાં જીવો છે. પ્રથમ અવસ્થામાં ચારે ભૂતો સજીવ છે અને પછી નિર્જીવ બને છે. જીવત્વ પ્રથમ તેમનામાં છે. તેના ઘણાં પ્રમાણાત્મક પુરાવા છે.

एवं पच्चक्खवाइप्पमाणसिद्धाइं सोम ! पडिवज्ज ।
जीव सरीराहरोवओगधम्माइं भूयाइं ॥ १७५१ ॥
किह सज्जीवाइं मई तल्लिंऽगाओऽनिलावसाणाइं ।
वोमं विमुत्तिभावादाधारो चेव न सजीवं ॥ १७५२ ॥

શ્રી વીર પ્રભુએ કહ્યું હે સૌમ્ય વ્યકત ! જીવ અને શરીરને આધારાદિ ઉપયોગ ધર્મવાળાએ ભૂતો પ્રત્યક્ષાદિ પ્રમાણથી સિદ્ધ છે. એ પ્રમાણે તું સ્વીકાર કર અને શસ્ત્રાનો આઘાત ન લાગ્યો હોય તેવા પૃથ્વી-પાણી, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતો સચેતન (સજીવ) છે. કારણ તેમાં જીવનું લક્ષણ જણાય છે માટે પણ આકાશમાં તેવું જીવનું લક્ષણ નથી જણાતું માટે તે અજીવ છે સચેતન નથી. એટલા માટે આકાશ એ માત્ર પૃથ્વી આદિ ચાર ભૂતો માટે આધારભૂત જ છે.

લક્ષણો ....

जम्म-जरा-जीवन-मरण-रोहणाऽहार-दोहलाऽऽमयओ ।
रोग-तिगिच्छाईहि य नारिव्व सचेयणा तरवो ॥ १७५३ ॥

જન્મ-જરા-જીવન-મરણ ક્ષતસં રોહણ, આહાર, દોહદ, રોગ તથા રોગની ચિકિત્સા આદિ લક્ષણો જેમ મનુષ્યોમાં સ્પષ્ટ જણાય છે તે જ પ્રમાણે વનસ્પતિ આદિમાં પણ આ લક્ષણો સ્પષ્ટ જણાતાં હોવાથી વનસ્પતિ આદિને પણ સચેતન સજીવ કહેવાય છે.

વનસ્પતિ જરૂર ભૂતચતુષ્ટયમાં નથી ગણાતી અને તેને કોઈ સ્વતંત્ર ભૂત તરીકે પણ નથી ગણી. પણ વનસ્પતિ પૃથ્વીના વિકારભૂત છે. તેથી પાંચભૂતોમાં વનસ્પતિને પૃથ્વી ભૂતની અંતર્ગત સમાવેશ કરી શકાય છે. વનસ્પતિમાં ઝાડ, ફળ, ફૂલ, થડ, મૂળ, બીજ આદિમાં જીવતત્ત્વ છે. વગેરેના પ્રમાણો –

વનસ્પતિકાયમાં જીવસિધ્ધિ....

छिक्कप्परोइया छिक्कमेत्तसंकोयओ कुलिंगो व्व ।
आसयसंचाराओ वियत्त ! वल्लीवियाणाइं ॥ १७५४ ॥
सम्मादओ य साव-प्पबोह - संकोयणाइओऽभिमया ।
बउलादओ य सदाइविसयकालोवलंभाओ ॥ १७५५
मंसंकुरोव्व सामाणजाइरूवंकुरोवलंभाओ
तरुगण-विद्दुम-लवणो-वलादओ सासयावत्था ॥ १७५६ ॥

શ્રી વિશેષાવશ્યક ભાષ્ય મહાગ્રન્થમાં ચોથા ગણધર શ્રી વ્યકતને સમજાવતાં શ્રી મહાવીર સ્વામી ભગવંતે વનસ્પતિમાં જીવ છે તેની સાબિતી બતાવતાં ફરમાવ્યું કે વૃક્ષો સચેતન છે. કારણ તેમનામાં પણ આપણી જેમ જન્મ-જરા-મરણ જીવન, આહાર,દોહદ રોગ, ચિકિત્સા વગેરે સર્વ લક્ષણો

જણાય છે. વનસ્પતિના ઘણા ઝાડ છોડવાઓ વગેરેમાં સ્પર્શ આદિની ઘણી લાગણીઓ હોય છે તે અનુભવે છે. દા.ત., સ્પૃષ્ટ પ્રરોદિકા નામની વેલ જેને રીસામણી કહેવાય છે, તે સ્પર્શ કરવા માત્રથી જ કીડાની જેમ સંકોચાય છે.

લતા વગેરે પોતાના આશ્રય માટે સંચાર કરે છે. ગતિ કરે છે. ઝાડ ઉપર, ઘર ઉપર ચઢી આગળ વધે છે.

શમી નામના વૃક્ષ ઊંઘવું, જાગવું વગેરે ક્રિયા કરે છે. તે જ પ્રમાણે સંકોચાવું વગેરે સ્વભાવવાળા દેખાય છે.

બકુલ આદિના ઝાડો સ્પર્શ, રસ, ગંધ, રૂપ શબ્દ આદિ પાંચે પ્રકારના વિષયોનો ઉપલંભવાળા છે. પરવાળા, લવણ, વૃક્ષોના સમૂહ વગેરે સ્વજન્મ સ્થાનમાં સચેતન છે. તેમનામાં પણ માંસના અંકુરની જેમ સમાન જાતિ વર્ણરૂપ અંકુરો થાય છે.

અશોક, કુરૂબક, વિરહક, ચંપક, તિલક, વગેરે વૃક્ષો સ્પર્શ –રસાદિ પાંચે પ્રકારના વિષયોનો અનુભવ કરી શકે છે. કૂષ્માંડી, બીજોરુ, વગેરે વનસ્પતિના વૃક્ષોને તો દોહલા પણ ઉત્પન્ન થાય છે. અને તે પૂર્ણ થવાથી તે વૃક્ષો શીઘ્ર ફળે છે. એ જ પ્રમાણે લતામણી, રીસામણી, લજામણી, વગેરે ઘણી જાતની વનસ્પતિઓ આવે છે જેમાં ભિન્ન સ્વભાવો તથા ગુણ -ધર્મો હોય છે. આ પ્રમાણે વનસ્પતિમાં જીવ છે તે સિદ્ધ થાય છે, અને તે આહાર લે છે. પાણી પીએ છે, શ્વાસ લે છે, શ્વાસ છોડે છે, ઈત્યાદિ અનેક રીતે મનુષ્યોની જેમ તેમાં પણ જીવ છે એ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

જૈનધર્મમાં વનસ્પતિના ભેદોનું વર્ગીકરણ....



સંક્ષેપમાં આ પ્રમાણે જૈન સિદ્ધાંતમાં વનસ્પતિકાયનું વર્ગીકરણ કરેલું છે. તેમાં પણ સાધારણ વનસ્પતિકાયમાં એક શરીરમાં અનન્તા જીવો હોય છે. તેથી તે અનન્ત (જીવ) + કાય (શરીર)- અનન્તકાય કહેવાય છે જેસિમણંતાણંતણુ એગા સાહારણા તેઉ। પ્રતિ + એક અને બીજી બાજુ તે પ્રત્યેક વનસ્પતિકાય અર્થાત્ એક શરીરમાં એક જ જીવ હોય છે તે પ્રત્યેક કહેવાય છે. (એગ સરીરે એગો જીવો જેસિં તુ તે ય પત્તેયા) દા. ત. ઘઉં, મગ, ચણા, એક બીજ, ફૂલ, એક થડ, એક વૃક્ષ વગેરેમાં સ્વતંત્ર એક જીવ કહ્યો છે.

સાથે સાથે વનસ્પતિકાયનું આયુષ્ય પ્રાણ, એની અવગાહના ઉત્પત્તિ, સ્થાનરૂપ યોનિ વગેરે સર્વ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ જણાવ્યા છે. દા.ત., ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય અને ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાયની યોનિસંખ્યા બતાવી છે. જૈન શાસનમાં ઘણા વિસ્તારથી આ પ્રમાણે વનસ્પતિકાયની સમજણ આપી છે. અદ્‌ભૂત વિજ્ઞાન ભર્યું છે. અહીં તો માત્ર સંક્ષેપમાં બે શબ્દ કહ્યાં છે. જિજ્ઞાસુએ વિશેષ અન્ય શાસ્ત્રોથી જાણવું.

વર્તમાન વિજ્ઞાનની વનસ્પતિની માન્યતા....

વર્તમાન વિજ્ઞાને પણ વનસ્પતિમાં જીવ છે તે વાતને સમર્થન આપ્યું છે અને જગદીશચન્દ્ર બોઝે આ દિશામાં ડગ ભર્યાં હતાં. ત્યાર પછી વિજ્ઞાન વનસ્પતિમાં લાગણી, યુક્ત જીવ માનવા લાગ્યું પણ તેની શોધ મર્યાદિત હતી. જયારે જૈન ધર્મે દર્શાવેલ વનસ્પતિનું પૂર્ણ અને શુદ્ધ સ્વરૂપ શોધવા તો હજી વિજ્ઞાનને સેંકડો વર્ષો લાગવાની સંભાવના છે. આજે વિજ્ઞાને વનસ્પતિના છોડવાઓ ઉપર ઘણા પ્રયોગો કરીને એ જણાવ્યું છે કે વનસ્પતિને પણ સારી-ખરાબ લાગણીઓનો અનુભવ થાય છે. અને વનસ્પતિના છોડવાઓ ખૂની અને ચોરોને પકડી શકે તે પ્રયોગો કર્યા છે અને વનસ્પતિમાં પણ શાકાહારી માંસાહારી વગેરેની શોધ કરી છે.

આ પ્રમાણે ટૂંકમાં વનસ્પતિનો વિચાર કર્યો. હવે વનસ્પતિના આધારભૂત એવી પૃથ્વી આદિ જે ભૂતો તરીકે છે તેમનામાં જીવસિદ્ધ કરીને તેના પ્રકારો જોઈએ.

પૃથ્વીભૂતમાં જીવસિદ્ધિ....

પૃથ્વી+કાય=પૃથ્વીકાય. પૃથ્વીનો આત્મા અને કાય એટલે શરીર. એવો એક એકેન્દ્રિય સ્થાવર કર્મવાળો આત્મા જે પૃથ્વીના શરીરમાં ઉત્પન્ન થયો છે. તે પૃથ્વીકાય કહેવાય છે. પૃથ્વીકાયમાં પણ શરીર રચના છે. શરીરની વૃદ્ધિ-હાનિ છે. એક પત્થર, હીરો, સોનું વગેરે ખાણમાં વૃદ્ધિ પામે છે. જો ન વધતા હોય તો ૫૦ ફૂટ-૧૦૦ ફૂટના મોટા-મોટા પત્થરો કયાંથી આવે? આરસ વગેરેના પત્થરો જે ખાણમાંથી જ નીકળે છે. તે ખાણમાં એકેન્દ્રિય જીવો આવીને ઉત્પન્ન થાય છે. માટી, પાણી, પ્રકાશ વગેરે મળતાં તેની વૃદ્ધિ થાય છે અને કેટલાક વર્ષોમાં ખાણ પુરાઇ જાય છે અને પછી તે પત્થર ખાણ

ખોદનારા કાઢે છે. પછી ફરી તે ખાણમાં માટી-રેતી વગેરે નાંખીને પૂરીને બંધ કરી દેવાય છે. વર્ષો પછી ફરી ખોલતાં તે ખાણમાં આરસ પત્થર ભરપૂર દેખાય છે. આ બનાવનાર કોઇ તો કહેવું જ પડશે કે– જીવ.

આજના વિજ્ઞાને હજી સુધી કોઇ કારખાનામાં એક આરસનો ટુકડો પણ નિર્માણ નથી કર્યો. મુળભૂત દ્રવ્ય તરીકે પત્થર કે માટી કે હીરો વગેરે નિર્માણ નથી કર્યો, હા, એણે પત્થર તોડી લાવી તેનું ચૂર્ણ બનાવી તેને બીબામાં ઢાળી ૨ ફૂટ, ૩ ફૂટ વગેરે માપની લાદીઓ બનાવી છે. એટલે વિજ્ઞાન મુળભૂત દ્રવ્યનો કર્તા નથી. એ જ પ્રમાણે વિચાર કરોઃ શું કોઇ કારખાનામાં શું વિજ્ઞાન એક લાકડાનો ટુકડો પણ બનાવી શક્યું છે ? લાકડું જે મૂળ દ્રવ્ય છે તેનું વિજ્ઞાન કે વૈજ્ઞાનિકો દુનિયાભરના ખૂણામાં પણ કોઇ કારખાનામાં નવ નિર્માણ નથી કરી શક્યું. હા, લાકડાને કાપી કરીને ટુકડા વગેરે કરવાની મિલો ઘણી છે. પણ તે મૂળદ્રવ્ય તો નથી જ બનાવી શકતા. તો પછી આ મૂળદ્રવ્ય જે લાકડું છે તે કોણે બનાવ્યું ? જીવે. એક જીવ એકેન્દ્રિય (વનસ્પતિકાય) નામકર્મવાળો તે ગતિ-જાતિમાં આવીને ઉત્પન્ન થયો. માટીમાં પાણી વગેરેનો આહાર મળ્યો -પ્રકાશ મળ્યો. હવા મળી. શ્વાસોચ્છ્વાસ લીધા અને પોતાની શરીરરચના કરી એક દિવસ મોટા ઝાડ તરીકે બન્યો. પછી લોકો તે ઝાડના થડ વગેરેને કાપી લાવે છે તે છે લાકડું. એ જ પ્રમાણે વર્તમાન આધુનિક વિજ્ઞાને પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આદિ કોઇ પણ જીવસૃષ્ટિ નિર્માણ નથી કરી. તે તો જીવો જ કરે છે. માટે પૃથ્વી, વનસ્પતિકાય વગેરે સર્વેમાં જીવ છે.

પૃથ્વીકાયના ભેદો ...

फलिहमणि रयणविद्दुम – हिंगुलहरियालमणसिलरसिंदा ।
कणगाई धाऊ सेढी वन्निय अरणेट्टय पलेवा ॥ जीव. ३ ॥
अब्भय तूरी ऊसं मट्टी पाहाण जाईओ णेगा ।
सोवीरंजण लूणाइ पुढवी भेयाइ इच्चाई ॥ जीव. ४ ॥

સ્ફટિક, મણિ, રત્ન, પરવાળા, હિંગલોક, હરતાલ, મણસીલ, પારો, સોનું - ચાંદી વગેરે ધાતુઓ, ખડી, રમચી, અરણેટક, પલેવક, અભરક, તૂરી, ખારી, બધી જ જાતની માટીઓ અને બધી જ જાતના પત્થરો, સૂરમો, તેમ જ મીઠું વગેરે પૃથ્વીકાયના ભેદો છે.

જીવાત્મા પોતે આવીને તે ઉત્પત્તિ યોનિઓમાં ઉત્પન્ન થાય છે અને પોતે તે પ્રદેશના આહારયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને શરીરચના કરે છે અને તેના ભિન્ન ભિન્ન શરીરના રંગો, આકારો વગેરે હોય છે. દરેક જાતની ધાતુઓ, રત્નો, માટીઓ, પત્થરો વગેરે બધા પૃથ્વીકાય સચેતન જીવો છે. પણ તે રત્નો વગેરેને બહાર કાઢીને શસ્ત્ર, યન્ત્ર વગેરેથી તોડ-ફોડ કરવામાં આવે છે. તેથી તેના અંગોપાંગ-શરીર કપાતાં, શરીરના ટુકડા થતાં તે જીવ તેમાંથી ચાલ્યો જાય છે અને પછી તેનું મૃત કલેવર જે પડ્યું રહે છે તે હીરા-રત્ન

પત્થર વગેરે રૂપે દેખાય છે. દા. ત., ખાણમાંથી એક કાચો રફ હીરો કાઢીને પછી તેને ઘંટી ઉપર ઘસવામાં આવે છે. તેની ચામડી છોલાય જાય છે, તેના શરીરના ટુકડા થઇ જાય છે અને પછી તે મૃત્યુ પામી જીવ તે શરીરમાંથી ચાલ્યો જાય છે. અને જે ચળકતુ મૃતકલેવર વગેરે પડયું રહે છે તે તેની કાયા છે. મૃતશરીર છે. શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં સ્પષ્ટ જણાવતાં કહ્યું છે કે "सत्थासत्थहयाओं निज्जीव सज्जीव त्थवाओ" ૧૭૫૯ અર્થાત્ પૃથ્વી આદિ ચારે ભૂતોના જીવ પ્રથમાવસ્થામાં જ્યાં સુધી શસ્ત્ર યંત્રાદિથી છેદાયા ભેદાયા ન હોય ત્યાં સુધી તે સજીવ સચેતન છે અને शस्त्रोपहत અર્થાત્ શસ્ત્ર, યંત્ર વગેરેથી તેમના છેદન-ભેદન થયા પછી તે અજીવ-નિર્જીવ થઇ જાય છે.

સજીવ નિર્જીવ (અજીવ) શબ્દો જ જીવની સિદ્ધિ કરી આપે છે. પ્રથમ એવું કોઇ પણ શરીર જે જીવસહિત હતું અને ત્યારપછી નિર્ગત જીવ તે નિર્જીવ અર્થાત્ હવે જીવ ચાલ્યો ગયો છે. તેથી નિર્જીવ-અજીવ કહેવાય છે. હવે વૃદ્ધિ હાનિ વગેરે કંઇ નહીં થાય.

અપૂકાય (પાણી)ના ભેદો....

ओमंतरिक्ख-मुदगं-ओसा-हिम करग-हरितणु महिआ ।
हुंति घणोदहिमाई भेआणेगा य आउस्स ॥ जीव. ५ ॥

ભૂમિનું પાણી, આકાશમાંથી-વાદળામાંથી પડતું વરસાદનું પાણી, ઝાકળ, બરફ, કરા, દર્ભ વગેરે ઘાસ ઉપર રહેતું મોતીના બિન્દુ જેવું પાણી, ધુમ્મસ, ઘનોદધિ વગેરે ભેદોવાળું પાણી તે અપ્કાય જીવોના ભેદો છે. ભૂમિનું એટલે નદી, કૂવા, વાવ, તળાવ, સમુદ્ર વગેરેનું જે પાણી છે તે. આ પાણીના સર્વ જીવો અસંખ્ય જીવોથી યુકત છે. એક પાણીના ટીપામાં પણ અસંખ્ય જીવો છે. જીવો અત્યન્ત સૂક્ષ્મ સ્વરૂપે રહ્યા છે. તેથી પાણી સચિત્ અર્થાત્ સજીવ છે. પરમાત્મા શ્રી વીરપ્રભુ ફરમાવે છે કે

भूमिक्खयसाभाविय संभवओ दीवुदहीं व्व जलमुत्तं ।
अहवा मच्छोव्व सभाववोमसंभूयपायाओ ॥ १७५७ ॥

ભૂમિ ખોદવાથી, કૂવા વગેરે બનાવવાથી નીકળેલું પાણી દેડકાની જેમ તે પણ સચેતન (સજીવ) છે અને આકાશના વાદળાઓમાંથી વરસતું પાણી સ્વાભાવિકપણે માછલાની જેમ સચેતન (સજીવ) છે. સચેતનતાને દેડકા અને માછલાની ઉપમા આપવામાં આવી છે. આ રીતે પાણીને સ્વયં સજીવ બતાવવામાં આવેલું છે.

અગ્નિકાયના ભેદો અને જીવસિદ્ધિ ....

इंगाल जाल मुम्मुर उक्कासणि कणग विज्जुमाइया ।
अगणि जियाणं भेया नायव्वा निउणबुद्धिए ॥ ६ ॥

અંગારા, જ્વાળા (દીપક વગેરેની જ્યોત અને સળગતા લાકડા વગેરેની જ્વાળા) ભાઠાનો અગ્નિ, ઉલ્કાનો અગ્નિ; આકાશમાંથી વરસતા અગ્નિના કણ, વીજળી વગેરે અગ્નિકાયના ભેદો છે. તે સચિત્ત સજીવ છે. કારણ કે, અનલો આહારાઓ વિદ્ધિ-વિગારો વલમ્માઓ ।। અર્થાત્ કાષ્ઠ-લાકડા, ઘી-તેલ વગેરેનો આહાર કરી વૃદ્ધિ અને વિકાર જેનામાં જણાય છે તે અગ્નિ પણ જીવસ્વરૂપે જ છે, સજીવ છે.

લાગેલી આગમાં જેમ જેમ લાકડા નાખવામાં આવે છે, જેમજેમ ઘી-તેલ નાખવામાં આવે છે તેમ તેમ તે આગ વધે છે. અગ્નિનું પણ શરીર હોય છે. અને તે આહાર કરે છે. દીપકમાં ઘી-તેલ ન હોય તો તે અગ્નિની જ્વાળા જે શરીર રૂપે દેખાય છે તે ઓલવાઇ જાય. નષ્ટ થઇ જાય માટે તે સતત આહાર લે છે.

એ જ પ્રમાણે આપણને ખબર છે કે અગ્નિની જ્વાળાને (બળવા માટે) જીવવા માટે પ્રાણવાયુની પણ જરૂર પડે છે. અને જો પ્રાણવાયુ ન મળે તો તે જીવી શકતી નથી. ઓલવાઇ જાય છે. ચકમકને ઘસવાથી ઉત્પન્ન થતા અગ્નિના કણિયા પણ અગ્નિકાયના જીવો છે. સજીવ અવસ્થામાં છે. તેને પણ આયુષ્ય કર્મ આદિ છે.

વાયુકાયમાં જીવસિદ્ધિ અને તેના ભેદો ....

उब्भामग उक्कलिया, मंडलि मह सुद्ध-गुंजवाया य ।
घण तणु वायाईया भेया खलु वाउकायस्स ॥ ७ ॥

ઉદ્‌ભ્રામક એટલે સંવર્તક વાયુ, ઊંચે ચઢતો વાયુ, ઉત્કલિક વાયુ, મંડલિક વાયુ, મહાવાયુ, શુદ્ધવાયુ, ગુંજારવ (અવાજ) કરતો અથવા સુસવાટા મારતો વાયુ. અને ઘનવાત તથા તનવાત આદિ વાયુ કાયના વિવિધ ભેદો છે. વાયુ અદૃશ્ય છે. નથી દેખાતો તેનું અદ્રષ્ટ શરીર છે. તેની પ્રતીતિ અને અનુભવ નિત્ય જીવનમાં રોજ થાય છે. તે ચક્ષુઇન્દ્રિયથી રૂપની જેમ ગ્રાહ્ય નથી પણ સ્પર્શેન્દ્રિયથી સ્પર્શદ્વારા જણાય છે. એથી વાયુમાં પણ જીવ છે. તેના શરીરમાં રહેતા જીવ ને વાયુકાય કહેવાય છે. "अपरप्पेरिय तिरियानिमियदिग्गम णओऽणिलो गोव्व" કોઈની પણ પ્રેરણા વિના આજુબાજુ અનિયમિત પણે ગમન કરતો હોવાથી વાયુ પણ ગાયની જેમ સજીવ છે. શિખર ઉપર ફરકતી ધ્વજા જોઈને અથવા ઝાડના પાંદડા હાલતા જોઈને હવામાં આપણા પહેરેલા કપડા ને હાલતા જોઈને તે કાર્ય વાયુનું છે એ સ્પષ્ટ જણાઈ આવે છે. નિયમિતરૂપે શ્વાસ લઈએ અને છોડીએ છીએ તે વખતે થતા નાકને સ્પર્શ આદિથી તથા પેટમાં ખૂબ ગેસ થઈ ગયો હોય, પેટ તડાતૂમ થઈ ગયું હોય તેના ઉપરથી વાયુ થઈ ગયો છે એવા વ્યવહારથી વાયુની સિદ્ધિ અનુમાન પ્રમાણથી સિદ્ધિ થાય છે. વાયુનો નિષેધ કોઈ ન કરી શકે. અવ્યકૃત રૂપવાળું તેનું શરીર હોવા છતાં પણ વાયુ સ્પર્શેન્દ્રિય ગ્રાહ્ય છે.

પાંચે ઇન્દ્રિયો વડે ગ્રાહ્ય ભૂતો ...

સાંખ્ય નૈયાયિક-વૈશિષિક આદિ દર્શનકારો તો સ્પષ્ટ કહે છે કે પંચભૂતો પાંચ ઇન્દ્રિયો વડે ગ્રાહ્ય છે.

(૧) સ્પર્શેન્દ્રિય ચામડી સ્પર્શ દ્વારા વાયુભૂતનો અનુભવ

(૨) રસનેન્દ્રિય (જીભ) રસથી પાણીભૂતનો અનુભવ

(૩) ઘ્રાણેન્દ્રિય (નાક) ગન્ધથી પૃથ્વીભૂતનો અનુભવ

(૪) ચક્ષુઇન્દ્રિય (આંખ) રૂપથી અગ્નિભૂતનો અનુભવ

(૫) કર્ણેન્દ્રિય (કાન) શબ્દ ધ્વનિથી આકાશભૂતનો અનુભવ

આ પ્રમાણે પાંચે ભૂતોની ગ્રાહ્ય તે તે ઇન્દ્રિયને માનવામાં આવી છે અને તે તે ઇન્દ્રિયથી તે તે ભૂતની અનુભૂતિ થાય છે. "शब्दगुणकमाकाश" એમ માનીને ન્યાયવૈશેષિક દર્શનકારોએ શબ્દને આકાશનો ગુણ માન્યો છે. પણ હકીકતમાં શબ્દ એ પુદ્ગલજન્ય છે અને તે કર્ણેન્દ્રિય ગ્રાહ્ય છે. તે વર્તમાન કાળના આધુનિક વિજ્ઞાને પણ પુરવાર કરી આપ્યું છે. રેડિયો, ટી.વી., ટેલિફોન વગેરેના માધ્યમથી શબ્દને પકડીને શ્રોતા સુધી પહોંચાડવાના પ્રયત્નો કર્યા છે.

ભૂતો વડે કાર્યોત્પત્તિ...

ભૂતોના મિશ્રણથી કાર્યોત્પત્તિ થાય છે. દરેક જન્ય પદાર્થો પ્રત્યે ભૂતોનું મિશ્રણ કારણરૂપે બની રહે છે. દા. ત., પૃથ્વીકાયની માટીમાં પાણીનું મિશ્રણ કરીને એક પિંડરૂપે બનાવીને કુંભાર ચાક ઉપર ફેરવીને તે માટીના પિંડને આકાર આપે છે. તે ઘડો બને છે. તેને સુકાવવા વાયુ જોઇએ પછી અગ્નિ ઉપર પકાવીને પરિપક્વ કરવામાં આવે છે. ત્યાર પછી તે બનેલા ઘડામાં આકાશ દ્રવ્ય અંદર જગ્યા હોવાથી સ્પષ્ટ દેખાય છે. તેથી આકાશ દ્રવ્ય આ પ્રમાણે પાંચે ભૂતો એક પદાર્થ ઘટની પાછળ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે.

એક માણસ સિગારેટ પીએ છે. સિગારેટનું પડ પૃથ્વીકાયજન્ય છે. પાર્થિવ છે, ત્યાર પછી તે સિગારેટમાં વનસ્પતિકાયની તંબાકુ છે, તેને અગ્નિથી સળગાવવામાં આવે છે.

તેની અંદરથી વાયુ મોઢામાં ખેંચવામાં આવે છે અને જે ભાગમાં તમાકુ રહેલી છે. તે ભાગમાં આકાશ રહેલો છે. આકાશમાં જ દ્રવ્યો રહે છે. આ પ્રમાણે એક સિગારેટમાં પાંચે ભૂતો છે.

આપણું શરીર પંચભૂતમય છે ....

આપણે ભાષાવ્યવહારમાં કહીએ છીએ કે ''માટીની કાયા માટી રે થવાની'', ''માટીની કાયા માટીમાં મળવાની''. મૃત્યુ પછી મૃત શરીરને પાર્થિવ દેહ એમ કહેવામાં આવે છે. પૃથ્વીજન્ય તે પાર્થિવ. આપણા શરીરના અસ્થિ આદિ ભાગો પૃથ્વી તત્ત્વજન્ય (પાર્થિવ) છે. શરીરમાં લોહીને દ્રવ્ય પદાર્થ તરીકે રાખનાર પાણી તત્ત્વ છે, લોહીમાં પાણીનો ભાગ છે. શરીરમાં ગરમીનું પ્રમાણ છે. જે તાપમાન રૂપે મપાય છે, અને પેટ ઉપર હાથ દેતાં જે ગરમ લાગે છે તે આપણું અગ્નિતત્ત્વ છે. જે આહાર આદિને પચાવવા ઉપયોગી છે. રોજ શ્વાસ લઈને પ્રાણવાયુ સ્વીકારીએ છીએ. વાયુ તત્ત્વ પણ છે અને શરીરમાં રહેલી ખાલી જગ્યામાં આકાશ તત્ત્વ છે. આ પ્રમાણ પંચભૂતમય અને પંચભૂતજન્ય આ શરીર છે. એમાં પાંચેનો સમાવેશ છે માટે મૃત્યુ પછી 'પાર્થિવ દેહ' એવો વ્યવહાર કરીને અગ્નિસંસ્કાર કરીએ છીએ અને પછી તે 'પંચભૂતમાં વિલીન થઈ ગયો' એમ કહીએ છીએ. જેમાંથી બન્યો હતો તેમાં પાછો વિલીન થઈ ગયો, સમાઈ ગયો. શરીર છે તો તેનું કારણ પણ છે. કાર્ય છે તો કારણ ચોક્કસ છે. કાર્ય-કારણ વચ્ચે જન્ય-જનકભાવ સંબંધ છે. કારણ જનક છે. કાર્ય જન્ય છે. શરીર કાર્ય છે અને પંચભૂત તેની નિર્મિતિમાં કારણ છે માટે શરીર છે તો પંચભૂતો અવશ્ય છે.

પંચભૂતો સજીવ છે કે નિર્જીવ ?

પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચારે જીવયુક્ત હોય ત્યારે તે સજીવ કહેવાય છે. અને જીવરહિત ત્યારે તે અજીવ કહેવાય છે. આ સજીવ અને નિર્જીવ શબ્દ જ એમ સૂચવે છે કે પૃથ્વી આદિમાં જીવ હોય છે. એક જીવ જ પુદ્ગલ પરમાણુઓના જથ્થામાં આવીને ઉત્પન્ન થાય છે અને તે જીવ પોતાના કર્મયોગ્ય શરીરરચના કરીને તેમાં નિયત કાળ (આયુષ્ય) સુધી રહે છે અને પછી આયુષ્ય સમાપ્ત થતાં તે જીવ તે કાયાને છોડીને ચાલ્યો જાય પછી તે પદાર્થ નિર્જીવ-અજીવ તરીકે કહેવાય છે. એક ઝાડમાંથી જીવાત્મા ગયા પછી તે થડ વગેરે અજીવ કહેવાય છે. અને પછી જડ તરીકે તેનો ઉપયોગ કરી કાપી કરીને થાંભલા વગેરે રૂપે ઉપયોગમાં લેવામાં આવે છે. પણ જો પ્રથમ જીવ ન માનીએ તો આ બનાવ્યું કોણે ?

એક પત્થર પણ વિજ્ઞાને બનાવ્યો નથી, એક ઝાડનું થડ પણ વિજ્ઞાને બનાવ્યું નથી. તે તો જીવની જ રચના છે. જીવ જ બનાવે છે. આ પ્રમાણે જગતમાં વિદ્યમાન સર્વ ધર્મ અને સર્વ દર્શનોમાં એક માત્ર જૈન દર્શન જ માને છે. બીજા કોઇ ધર્મમાં પૃથ્વી-પાણી-

અગ્નિ-વાયુમાં જીવાત્મા માનવામાં આવ્યો નથી. માટે તેની સાથે ધર્મ પણ નથી સંકળાયો. તેને મારવા આદિમાં હિંસા માનીને પાપ પણ માનવાનો પ્રશ્ન ઊભો જ નથી થતો. જૈનદર્શનમાં સર્વજ્ઞ ભગવંતોની જ એ બલિહારી છે અને અનન્ત ઉપકાર છે કે તેમને આટલી ઝીણવટભરી વાત અનન્ત જ્ઞાનથી સ્પષ્ટ જોઈને વાસ્તવિકતા જગતને સમજાવી છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુનું શરીર યોનિ, પ્રાણ, અવગાહના, આયુષ્ય, આહારાદિ સંજ્ઞા ઇન્દ્રિયો વગેરે દરેક બાબતો ઉપર પ્રકાશ પાડીને પૂર્ણ જ્ઞાન જણાવ્યું છે.

ભૂતો ચાર કે પાંચ .....?

પ્રસિદ્ધ નાસ્તિકમત ચાર્વાક દર્શનવાદી ભૂતચતુષ્ટયવાદી તરીકે જાણીતા છે. તેઓ ચાર જ ભૂત માને છે.



આકાશને સ્વતંત્રભૂત ચાર્વાક નથી માનતા. શૂન્યવાદી ચાર્વાક આકાશને સર્વથા શૂન્ય માનીને પૃથ્વી આદિ ચાર માટે તેનો આધાર માને છે. ચાર આધેય છે. આકાશ બધાનો આધાર છે.

આકાશ નિર્જીવ છ-અજીવ છે, પૃથ્વી આદિ ચાર પ્રથમાવસ્થામાં સજીવ છે અને પછી શસ્ત્રના આઘાતાદિ કારણોથી અજીવ થઇ જાય છે. જીવના ગયા પછી તે અજીવ બને છે.

પંચભૂતો પ્રત્યે હિંસા-અહિંસાદિ ....

વ્યક્તે શ્રી વીર પરમાત્મા સમક્ષ એ પ્રશ્ન કર્યો કે, હે ભગવંત ! જો આપના કહેવા પ્રમાણે ચારે ભૂતોમાં તથા વનસ્પતિમાં જીવ માનીએ અને આપના કહેવા પ્રમાણે સૂક્ષ્મરૂપે

તે જીવો ચૌદરાજ લોકમાં છે એમ જો માનીએ તો આપ અને આપના સાધુઓ એ જીવો પ્રત્યે અહિંસા પાળી કેવી રીતે શકશો ? અને જો અહિંસા ન પાળી શકે તો ચારિત્ર કેવી રીતે શુદ્ધ ગણાશે ? અને ચારિત્ર જો શુદ્ધ ન ગણાય તો સાધુ કેમ કહેવાશે? વગેરે એક પછી એકનો નિષેધ થતો જશે અને કદાચ પાછા શૂન્યવાદમાં જ પહોંચી જઈશું !

શ્રી મહાવીર સ્વામીનો ઉત્તર....

असुभो जो परिणामो सा हिंसा सो उ बाहिरनिमित्तं ।
कोइ अवेक्खेज्ज नवा जम्हाऽणेगंतियं बज्झं ॥ १७६६ ॥
असभपरिणामहेऊ जीवाबाहोत्ति तो मयं हिंसा ।
जस्स उ न सो निमित्तं संतोवि न तस्स सा हिंसा ॥ १७६७ ॥

અનન્ત ઉપકારી શ્રી વીર પરમાત્માએ વ્યક્તની હિંસા–અહિંસા સંબંધી શંકાનો ઉત્તર આપતાં કહ્યું- હે વ્યક્ત ! નિશ્ચયની અપેક્ષાએ જે અશુભ પરિણામથી જ હિંસા કહેવાય છે. તે અશુભ પરિણામ રૂપ હિંસા બાહ્ય જીવહિંસા રૂપ નિમિત્તથી થાય છે અને કયારેક તન્દુલ મત્સ્યની જેમ વિના નિમિત્તે પણ થાય છે માટે જીવવધ કરવાના હેતુરૂપ અશુભ પરિણામ તે હિંસા.

કહેવાય છે અને જેને આવા અશુભ પરિણામ રૂપ હેતુ ન હોય તેને હિંસા નથી લાગતી તે અહિંસક ભાવવાળો છે. જીવઘાત (વધ) કરવાના અશુભ પરિણામ ન હોય અને જીવ રક્ષાના શુભ પરિણામપૂર્વકની જયણા ઉપયોગધર્મ તે અહિંસાધર્મ છે. તેથી સાધુ શ્રાવક પોતે ઉત્તમ અહિંસા ધર્મ પાળી શકે છે.

વ્યકતનું આત્મસમર્પણ અને દીક્ષા....

छिन्नम्मि संसयम्मी जिणेण जरा मरणविप्पमुक्केणं ।
सो समणो पव्वइओ पंचहिं सह खंडियसएहिं ॥ १७६९॥

પરમાત્મા સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુના તર્ક-યુક્તિસંગત સમાધાનકારક ઉત્તરોથી વ્યકત ભારદ્વાજ દ્વિજોત્તમ ઉપાધ્યાયની પંચભૂત વિષેની શંકા ટળી અને સ્વપ્ન સદૃશ સર્વ શૂન્ય માનવાનો પક્ષ તેમણે છોડી દીધો. પંચભૂત માન્યા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ ચાર ભૂત પ્રથમ સજીવ અને પછી નિર્જીવ તથા તેમના આધારભૂત આકાશ એમ પંચભૂત તત્ત્વોની સત્તા અસ્તિત્વ સ્વીકાર કરી વેદપદોના સાચા અર્થ સમજી સ્વપ્ન જેવો આ સંસાર સ્વીકાર કરી શંકાનું સમાધાન કરી; મન સંતોષથી શ્રી વ્યકતે પોતાના ૫૦૦ શિષ્યો સાથે શ્રમણ ભગવાન મહાવીર પાસે જૈન દીક્ષા અંગીકાર કરી- સાચા સાધુ અણગાર બન્યા. સદાના માટે સંસારનો ત્યાગ કરી. વીરના શાસનમાં ચોથા ગણધરપદે બિરાજમાન થયા. ચોથા ગણધર વ્યકત સ્વામી પણ રાજગૃહી તીર્થે અંતિમ એક માસનું અણશન કરીને સર્વજ્ઞ મહાત્મા મોક્ષે સિધાવ્યા. પરમ પદ મુકિત ધામમાં પહોંચ્યા. આપણે પણ તેમના પગલે ચાલીને શંકાઓ ટાળી સાચું તત્ત્વજ્ઞાન મેળવી મોક્ષપદ પામીએ એ જ શુભ અભિલાષા.

પાંચમા ગણધર

શ્રી સુધર્મા સ્વામી

જન્માતર વૈસાદૃશ્ય સિદ્ધિ

(વ્યાખ્યાન સાતમું)

શંકા : આ જન્મ જેવો જ આવતો જન્મ થાય કે ?

ते पव्वइंए सोउं सुहम्म आगच्छइ जिणसगासं ।
वच्चामि ण वंदामि वंदिता पज्जुवासामि ॥ १७७० ॥

પરમ પૂજ્ય અનન્ત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામીને નમસ્કારપૂર્વક...

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં પૂજ્યશ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણજી મહારાજ ગણધરવાદના પ્રકરણમાં પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામીના અધિકારમાં જણાવે છે–

મારી પહેલા ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે ચાર દ્વિજોત્તમ વિદ્વાન પંડિતોએ પોત-પોતાના ૫૦૦-૫૦૦ શિષ્યો સાથે સર્વજ્ઞશ્રી મહાવીર સ્વામી પાસે જઇને વાદ કર્યો અને શંકાનું સમાધાન કર્યું તથા વેદવાક્યોના વાસ્તવિક અર્થો જાણ્યા છે. આ પ્રમાણે સાંભળીને દ્વિજોત્તમ ઉપાધ્યાય શ્રી સુધર્મા પણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે સર્વજ્ઞ શ્રી વીરપ્રભુ પાસે જવા તૈયાર થયા. મનમાં ભાવની ધારા સારી ચાલતી હતી કે હું પણ ત્યાં સમવસરણે જાઉં. ત્યાં જઇને તે શ્રી સર્વજ્ઞને વંદન-નમસ્કાર કરીશ અને તેમની સાથે વાદ કરીને મારી શંકાનું પણ સમાધાન કરીશ અને પછી તેમની સેવા-ભક્તિ પણ કરીશ. એમ વિચારતા-વિચારતા સુધર્મા સમવસરણે આવી પહોંચ્યા-

आभट्ठो य जिणेणं जाइ-जरा मरणविप्पमुक्केणं ।
नामेण य गोत्तेण य सव्वण्णूसव्वदरिसीणं ॥ १७७१ ॥

– જન્મ-જરા- મરણથી મુક્ત થયેલા સર્વજ્ઞ અને સર્વદર્શી એવા કરૂણાસિન્ધુ જિનેશ્વર શ્રી વીરપરમાત્માએ નામ-ગોત્ર- પૂર્વક તેમને બોલાવતાં કહ્યું - હે અગ્નિવેશ્યાયન ગોત્રવાળા સુધર્મ ! આવો ભાઇ આવો, ભલે પધાર્યા. આવો મીઠો - મધુર આવકાર મળતાં સુધર્મ ધમ્મિલ અગ્નિવેશ્યાયન ૫૦૦ શિષ્યો સાથે આગળ વધ્યા, અને સમવસરણના પગથિયા ચઢી ત્રીજા ગઢમાં પહોંચ્યા અને શંકાનું સમાધાન કરવાની ભાવનાથી પ્રભુ સમક્ષ વિનમ્રભાવે ઊભા છે. ત્યાં તો વર્ષોથી મનમાં ઘર કરી ગયેલી શંકાના મનોગત વિચારોને

પ્રગટ કરતાં અન્તર્યામી શ્રી વીર પરમાત્મા બોલ્યા કે-

किं मन्ने जारिसो इहभवम्मि सो तारिसो परभवेऽवि ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥ १७७२ ॥

- હે સુધર્મ ! તમને મનમાં એવો સંશય છે કે જીવ જેવો આ જન્મમાં છે તેવો જ આવતા જન્મમાં થાય છે કે કેમ? અર્થાત્ આ જન્મમાં જો કોઇ મનુષ્ય છે તો આવતા જન્મમાં પણ તે મનુષ્ય જ થાય. પણ ગતિ-જાતિ ન બદલાય એમ તમે જન્માંતર સાદૃશ્યમાં માન્યતા ધરાવો છો. પણ હે સુધર્મ ! હકીકતમાં તો આ શંકા તમને વેદના પદોનો યથાર્થ - સાચો અર્થ ન કરવાના કારણે થઇ છે અને પરસ્પર વિરૂદ્ધ તથા બન્ને પ્રકારનો ધ્વનિ નીકળતો હોય એવા વેદના પદો તમે જોયા ? એક પદ જે અર્થ કહે છે તેનાથી વિપરીત જ બીજું વેદપદ કહે છે. એટલે તમે એક વિચારમાં સ્થિર ન થઇ શક્યા અને સંશય-દ્વિધામાં પડયા કે જન્માન્તર સાદૃશ્ય પક્ષયોગ્ય માનવો કે પછી જન્માન્તર વૈસાદૃશ્ય પક્ષ યોગ્ય માનવો ? આ છે તમારી માનસિક દ્વિધા. તમે સંશયાત્મક મનોવૃત્તિ ધરાવો છો. સ્થિર એક મત નથી અને તે વેદપદો આ પ્રમાણે છે જે તમે વિચારો છો -

વેદપદો અને તેનો અર્થ...

વિદ્વાન પંડિત સુધર્માના મનમાં સંશયના કારણભૂત રહેલાં વેદવાક્યો જણાવતાં પરમાત્માએ કહ્યું કે -

''पुरुसो वै पुरूषत्वमश्नुते, पशवः पशुत्वं''
(पुरूसो मृतः सन् पुरुषत्वमेवाश्नुते, पशवः एव पशुत्वं)

હે સુધર્મ ! આ વેદવાક્યનો અર્થ કરીને તું એમ માને છે કે પુરૂષો મરીને ફરી પુરૂષ જ થાય અને પશુ મરીને ફરી પશુ જ થાય. વેદવાક્યના આ અર્થથી જન્માન્તર સાદૃશ્યનો પક્ષ તેં વિચાર્યો પણ એ મતને તું સ્થિર કરે તે પહેલા તો દ્વિધા ઉત્પન્ન કરનારા બીજા વેદવાક્ય એવા તારા વાંચવામાં આવ્યા કે -

''शृंगालो वै एष जायते यः सपुरीसो दह्यते' ।

અર્થાત્ મૃત્યુ પછી જે પુરુષને વિષ્ટા (મળ) સાથે બાળવામાં આવે છે તે મરીને શિયાળ થાય છે.

સંશય - પહેલા વાક્યની વિચારણા કરતાં તેં ભવાન્તર સાદૃશ્ય પક્ષ વિચાર્યો હતો. અર્થાત્ આ જન્મમાં મૃત્યુ પામનાર આવતા ભવમાં પણ આ ભવ જેવો જ જન્મ મેળવે છે. પણ ભવ (જન્મ) બદલાતો નથી અને આ વિચારથી તું જન્માન્તર સાદૃશ્ય પક્ષવાદી થયો. પણ સામે બીજા વેદપદ એમ કહે છે કે ના, મૃત્યુ પછી જન્માન્તર વૈસાદૃશ્ય પણ થાય છે. મળ-મૂત્ર સાથે બાળવામાં આવતાં તે આવતા જન્મમાં શિયાળ થાય છે. અર્થાત્ આ જન્મ કરતાં વિલક્ષણ જન્મ પણ થાય છે. તદ્દન વિપરીત જન્મ પણ થાય છે તેથી

ગતિ-જાતિ-યોનિ પણ બદલાય છે. આ રીતે બન્ને પક્ષો સામે આવતાં તું દ્વિધામાં, અર્થાત્ સંશયમાં પડયો કે બેમાંથી સાચું શું ? નિર્દોષ પક્ષ કયો ? પણ ઘણા બીજા કારણોથી પણ તને બુદ્ધિગમ્ય રીતે એ યોગ્ય લાગ્યું કે જે જેવો છે તે તેવો થાય છે. એટલે જન્માન્તર સાદૃશ્ય મત નકકી કર્યો. પણ હકીકતમાં તે યોગ્ય નથી. આનો આશય આ રીતે સમજવાનો છે કે -

વેદપદોનો વાસ્તવિક આશય....

સર્વજ્ઞ - સર્વવેત્તા-સર્વજ્ઞાતા શ્રી મહાવીર મહારાજાએ સુધર્મ પંડિતને વેદપદોના સાચા અર્થ જણાવતાં કહ્યું કે હે સુધર્મ ! જે વેદવાકયોનો અર્થ કરીને તમે જન્માન્તર સાદૃશ્ય માનો છો તે યોગ્ય નથી. પણ "पुरुषो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वं" આ વાકયથી એમ સમજવાનું છે કે- જો કોઇ પુરૂષ આ જન્મમાં સ્વભાવથી જ ભદ્રપરિણામી અર્થાત્ સરલ સ્વભાવી હોય, નમ્ર-વિનીત હોય, ઇર્ષ્યા- દ્વેષ - મત્સરભાવરહિત હોય તે (આત્મા) પુરુષ મનુષ્યનામ, મનુષ્યગોત્ર, મનુષ્યગતિ કર્મ ઉપાર્જન કરીને મૃત્યુ પામી ફરીથી મનુષ્ય (પુરુષ) થઇ શકે છે. પણ બધા જ મનુષ્યો માટે એમ નથી સમજવાનું. કારણ કે બધા જ મનુષ્યો એકસરખા સ્વભાવવાળા નથી હોતા. લોકવ્યવહારમાં પ્રત્યક્ષ આપણે જોઇએ છીએ કે કોઇ માયાવી, કોઇ અભિમાની, કોઇ ધૂર્ત, કોઇ વધુ કષાય વૃત્તિવાળા ઇત્યાદિ અનેક ભિન્ન ભિન્ન સ્વભાવવાળા હોય છે. તો તે બધા મરીને મનુષ્ય જ થાય છે એમ નથી. અન્ય કર્મવશાત, અન્ય ગતિ-જાતિમાં પણ જઇ શકે છે. ભિન્ન ભિન્નરૂપે પણ શરીર લઇને ઉત્પન્ન થઇ શકે છે.

જો એ પ્રમાણે ન માને અને બધા જ પુરૂષ મરીને પુરુષ જ થાય તો પછી સારા, સરલ, નમ્ર સ્વભાવવાળો પણ પોતાના ધર્મમાં સ્થિર નહિ રહે એ પણ સ્વધર્મ ત્યજીને વિપરીત સ્વભાવમાં જશે, કેમકે શું ફાયદો? બીજા પણ બધા જ ખરાબ અને વિપરીત સ્વભાવવાળા પણ જો બધા મરીને ફરી પુરૂષ જ થવાના હોય, બધા મરીને મનુષ્ય જ થવાના હોય તો પછી મારે શા માટે સારા થવા માટે ધર્મ કરી સારા ગુણો વિકસાવવા જોઇએ ?

અને એ જ પ્રમાણે માયાવી, દંભી, કષાય વૃત્તિવાળો, ખરાબ પાપો આચારનાર પણ એમ વિચાર કરશે કે- આપણે ભલેને ગમે તેવા ખરાબ હોઇએ, ભલેને માયાવી, દંભી હોઇએ. સાધ્ય માટે ધર્મ કરવા પ્રયત્ન કરવો ? શા માટે કષાય વૃત્તિઓને શાન્ત કરવી? અને ઇર્ષ્યા-દ્વેષ-મત્સર વગેરે કાઢીને દુર્જનમાંથી સજ્જન થવા પણ શા માટે ધર્મનો પુરૂષાર્થ આચરવો ? આપણે પણ પેલા ધર્મી સજ્જનની જેમ મરીને તો ફરી મનુષ્ય જ થવાના છીએ ને ? નિરર્થક ધર્મનું આચરણ કરીને શું ફાયદો ?

એટલે હે સુધર્મ ! સજાનો ભય ન રહેવાથી ચોર ચોરીનું કાર્ય નહીં છોડે તેમ જ

દુર્ગતિનો ભય ન રહેવાથી કોઇ દુષ્ટવૃત્તિ પણ નહીં છોડે. તો આ રીતે તારા મત પ્રમાણે તો ધર્મ પુરૂષાર્થ જ નિરર્થક સિદ્ધ થઇ જશે. માટે જન્માન્તર સાદૃશ્ય મત યોગ્ય નથી.

"પશવ : પશુત્વં" એ જ પ્રમાણે પશુ-પક્ષી પણ માયા -કપટ, છલ-પ્રપંચ, ઇર્ષ્યા-દ્વેષ, આદિ દોષના કારણે પશુનામ તથા તિર્યંચગતિ કર્મ ઉપાર્જન કરી મરીને ફરી પશુ પણ થાય છે. પણ સર્વ પશુઓ પરભવમાં પશુ જ થશે એવો વિચાર યોગ્ય નથી. કારણ કે સર્વ પશુઓ પણ સમાન વૃત્તિવાળા, સમાન કૃતિવાળા નથી હોતા. પશુ દેહધારી એ આત્મા પણ કયારેય ધર્મ સમજ; ધર્મ પામી, પોતાની કર્મપરંપરાની નિર્જરા કરી શુભગતિ-(સદ્‌ગતિ) ઉપાર્જન કરીને તે પણ મૃત્યુ પછી પરભવમાં દેવ-મનુષ્ય થઇ શકે છે. આ પ્રમાણે ભવાન્તર સાદૃશ્ય પક્ષ સાચો નથી ઠરતો.

આ જન્મથી વિલક્ષણ જન્મ પણ આગામી જન્મમાં થઇ શકે છે.

અને બીજું એ કે તારી માન્યતા પ્રમાણે વેદમાં જે અન્ય સૂત્ર છે કે – "शृगलो वै एष जायते यः सपुरीषो दह्यते" અર્થાત્ જે પુરુષને વિષ્ટા સહિત બાળવામાં આવે તો તે પરભવમાં શિયાળ થાય. તો તારી માન્યતા પ્રમાણે આ વેદવાક્ય અસંબદ્ધ થશે અને નહીં તો પછી તારી માન્યતા ખોટી પડશે. કારણ કે પરસ્પર વિરૂદ્ધ સિદ્ધાન્ત બન્ને તો કેવી રીતે સાચા પડશે ? કારણ તારી માન્યતા મુજબ તો પુરુષ મરીને પુરુષ જ થાય છે તો પછી આ કેમ શૃગાળ (શિયાળ) થયો ?

જન્માન્તરસૂચક અન્ય વેદપદો ....

હે આયુષ્મન્ સુધર્મ ! વેદમાં એવા બીજા પણ પદો આવે છે જે જન્માતર તથા ગત્યંતર સૂચવનારા છે. તેનો વિચાર તેં કેમ નથી કર્યો ? દા. ત. - "अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः"- અર્થાત્ સ્વર્ગ મેળવવાની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો અને - 'अग्निष्टोमेन यमराजमभिजयति" (મૈત્ર્યુપનિષદ્-૬.૩૬) અર્થાત્ અગ્નિષ્ટોમ યજ્ઞ કરવા વડે યમના રાજ્યને પણ જીતી શકાય છે- મેળવી શકાય છે. આ પ્રમાણે આવાં વેદવાક્યો સ્વર્ગનું ફળ સૂચવે છે કે અહીંયાં મનુષ્ય જો આવા યજ્ઞો કરે તો સ્વર્ગ મળે ત્યાં દેવ થાય. તો આ વેદવાક્યો પ્રમાણે પણ ગતિ તો બદલાઇ કે નહીં ? જન્માતર વૈસાદૃશ્ય અર્થાત્ વિલક્ષણ જન્મ થયો કે નહિં ? પુરૂષ મરીને સ્વર્ગમાં દેવ થયો કે થાય છે, તે પછી ભવાન્તર સાદૃશ્યપણું ક્યાં રહ્યું ? માટે તારો પક્ષ જે મનુષ્ય જ મરીને મનુષ્ય જ થાય તે યોગ્ય સુસંગત સિદ્ધ થતો નથી. અસંબંદ્ધ અને અયોગ્ય લાગે છે. માટે હે સુધર્મ ફરીથી યોગ્ય વિચાર કર. વેદવાક્યોનો આશય સમજીને સાચો અર્થ કરીને પરસ્પર સુસંગત થાય. જેથી તારો સંશય ટળે અને સાચું જ્ઞાન થાય અને તારા મતને પુષ્ટ કરવા તું બીજું પણ એવું માને છે કે (મહાજ્ઞાની સર્વજ્ઞ પ્રભુ સુધર્મના મતના કારણો દર્શાવી તેની માન્યતા જણાવતાં ફરમાવે છે કે -

સુધર્મના મતની માન્યતાના કારણો–
જેવું કારણ તેવું કાર્ય ....

कारणसरिसं कज्जं बीयस्सेवङ्कुरोत्ति मण्णंतो ।
इहभवसरिसं सव्वं जमवेसि परेऽवि तमजुत्तं ॥ १७७३ ॥

સુધર્મની માન્યતા એવી છે કે - જેવું કારણ હોય છે તેવું કાર્ય હોય છે. દા. ત. જેવું બીજ હોય છે તેવો જ તેનો અંકુર પણ હોય છે અને તેથી છોડવો પણ તેનો જ અર્થાત્ બીજને અનુરૂપ થાય છે. જેમ કે ઘઉંથી ઘઉં જ ઉગે. મગથી મગ જ થાય. ચણાથી ચણા જ થાય. ઘોડાથી ઘોડો જ થાય. માણસથી માણસ જ થાય. આ પ્રમાણે આગામી જન્મ તે કાર્ય સ્વરૂપે છે અને તેનું કારણ તે આ જન્મ છે. પૂર્વજન્મ કારણ રૂપે થયો. એટલે કારણના જેવું કાર્ય. એ પ્રમાણે આ જન્મ જેવો જ આવતો જન્મ થાય છે. માટે આ જન્મમાં મનુષ્ય છે, પશુ છે તો આગામી જન્મમાં પણ તે મનુષ્ય જ થશે. પશુ જ થશે. આ પ્રમાણે જન્માન્તર સાદૃશ્ય પક્ષ સુધર્માને યોગ્ય લાગ્યો.

પ્રશ્ન- મનુષ્યથી મનુષ્ય જ થાય કે મનુષ્ય મનુષ્ય જ થાય ?

-ઉપરોકત બન્ને પ્રશ્નોને ધ્યાનથી જુઓ. બન્નેની વાકય રચના જુઓ. ફકત 'થી'નો તફાવત છે. પહેલા પ્રશ્નમાં 'થી' છે અને બીજામાં 'થી' નથી.

પહેલા પ્રશ્નનો આશય એ છે કે- મનુષ્યથી મનુષ્ય જ જન્મે અથવા બીજો પણ કોઇ? જેમ ઘઉંથી ઘઉં જ થાય મગથી મગ જ થાય. કૂતરીથી કૂતરા જ થાય. એમ માણસથી માણસ જ જન્મે. એ વાત તો બરોબર છે. કારણ એમાં તો ફેરફાર સંભવ જ નથી.

કદાચ તમે કહેશો ના ઘોડાથી ખચ્ચર પણ થાય છે. પણ ત્યાં ઘોડાનો ગધેડીની સાથેનો સમાગમ છે. ઘોડાનો ઘોડીની સાથે સમાગમ હોય તો ઘોડાની જાત જ જન્મે. સુધર્માના મત પ્રમાણે આ કારણ જેવા કાર્યની વાત તો બરોબર લાગે છે.

પણ બીજા પ્રશ્નમાં 'થી' ન લગાડવાથી વાકયનો અર્થ અને આશય બદલાઇ જાય છે. મનુષ્ય જ થાય ? આ વાકયને વધુ સ્પષ્ટ કરવા માટે એમાં એક શબ્દ ઉમેરવાથી એનો આશય-ભાવ સ્પષ્ટ ખ્યાલ આવશે. જેમ કે મનુષ્ય મરીને મનુષ્ય જ થાય ? અર્થાત્ આ જન્મની સમાપ્તિ (મૃત્યુ) પછી મનુષ્ય ફરી આવતા જન્મમાં મનુષ્ય જ થાય? અહીંયાં કારણ આ જન્મ (પૂર્વજન્મ) અને કાર્ય આગામી જન્મ (પુનર્જન્મ) શું આ બન્ને કારણ કાર્યની વચ્ચે પહેલાના કારણો જેવી જ સમાનતા છે ? ના બન્નેમાં ઘણો તફાવત છે.

કારણ કેવું હોવું જોઇએ ?

સંસારમાં કારણો તો ઘણા પ્રકારનાં છે. નિમિત્ત કારણ, ઉપાદાન કારણ, સમવાયીકારણ, સાધારણ કારણ, અસાધારણ કારણ, અસમવાયી કારણ આદિ અનેક

કારણ છે. દૃષ્ટ કારણ અને અદૃષ્ટ કારણ પણ કારણના જ ભેદ છે. પણ કાર્યોત્પત્તિમાં મૂળ કારણ કેવું જોઈએ?- તો કહે છે- "कार्यं नियत पूर्ववृत्तित्व कारणत्वं" અર્થાત્-કાર્યની ઠીક ઉત્પત્તિની પૂર્વે હોવું જોઈએ તો તે કારણ યોગ્ય કારણ કહેવાય. જેથી કાર્યોત્પત્તિનો સ્પષ્ટ ખ્યાલ આવે. અર્થાત્ અંકુરોત્પત્તિની ઠીક પાછળ બીજ કારણ છે. સહકારી કારણ તરીકે બીજની સાથે માટી (પૃથ્વી) પાણી-પ્રકાશ સહાયક હોય તો બીજમાંથી અંકુરા ફૂટે, અન્યથા બીજ પડયું રહે.

માટીમાંથી ઘડો બનાવવા માટે માટી, પાણી, ચક્ર, દંડ, ભૂમિ, કુંભાર વગેરે ઘણાં કારણો છે. તે બધા નિમિત્ત કારણ છે. પણ નિમિત્ત એક હોય તો પણ ન ચાલે એટલે બધા જ નિમિત્ત એક હોય તો પણ ન ચાલે એટલે બધા જ નિમિત્ત કારણો ભેગા થાય તો જ કાર્યોત્પત્તિ થઇ શકે, અન્યથા ન પણ થાય. દા. ત., એકલી માટીથી ઘડો નથી બની જવાનો. એકલા પાણીથી પણ ઘડો નથી થવાનો. એકલો કુંભાર પણ શું કરવાનો છે ? એકલું ચક્ર પણ શું કરશે ? એટલે બધા નિમિત્તો ભેગા થાય તો જ ઘટ રૂપી કાર્ય થઇ શકે, અન્યથા નહિં. પણ ઘટ માટે મુખ્ય તો સમવાયી કારણ છે, એમ નૈયાયિકો માને છે. કપાલદ્વય સંયોગી ઘટ : બે કાલનો સંયોગી દ્રવ્ય ઘટ છે. એટલે ઘડો થવા માટે કપાલદ્રવ્યના સંયોગરૂપ સમવાયી કારણની આવશ્યકતા રહે છે. અર્થાત્ ઘટ સમવાયી સંબંધથી કપાલદ્રવ્ય સંયોગમાં રહે છે.

કેટલીક વાર કેટલાક દ્રષ્ટ કારણો પણ હોય છે અને કેટલાક અદ્રષ્ટ કારણો પણ હોય છે. દેખાતા ધુમાડા માટે અગ્નિ એ અદ્રષ્ટ કારણ છે. દૂર આકાશમાં તો આપણને ધુમાડો (કાર્ય) દેખાય છે. પણ તેની ઉત્પત્તિમાં કારણભૂત અગ્નિ તો નથી દેખાતી. છતાં પણ ધુમાડો જોઈને આગ લાગી છે એવું અનુમાન કરીને બંબાવાળાને બોલાવી લઈએ છીએ. કારણ કે આપણું અનુમાન ખોટું નથી. જયાં જયાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય કે જયાં જયાં અગ્નિ હોય ત્યાં ત્યાં ધુમાડો હોય? સ્પષ્ટ એ જ છે કે જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય જ. કારણ કે ધુમાડો કયારેય અગ્નિ વિના હોતો જ નથી. અગ્નિ વિના ધુમાડાની ઉત્પત્તિ સંભવ જ નથી. માટે ધુમાડો હશે ત્યાં અગ્નિ અવશ્ય હોય જ. પણ અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય કે ન પણ હોય. દા.ત., લોખંડના ગરમ-ગરમ ગોળામાં આગ છે પરંતુ ધુમાડો નથી. અગ્નિ ધુમાડા વિના પણ રહી શકે છે પણ ધુમાડો અગ્નિ વિના કયારેય પણ રહી ન શકે. સંભવ જ નથી.

કાર્ય-કારણ વચ્ચે સંબંધની વ્યાપ્તિ...

એ જ પ્રમાણે કાર્ય-કારણમાં પણ સંબંધ છે. જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં ત્યાં કારણ અવશ્ય હોય ? અથવા જ્યાં જ્યાં કારણ હોય ત્યાં કાર્ય અવશ્ય હોય ? કાર્ય કારણ વિના રહી શકે? કે પછી કારણ કાર્ય વિના રહી શકે ? બન્ને વચ્ચે અવિનાભાવ સંબંધ કોનો

કોની સાથે છે તે શોધવાનું છે. દા. ત., ઘડો એ કાર્ય છે અને માટી તેનું મુખ્ય કારણ છે તો હવે વ્યાપ્તિનો વિચાર કરીએ કે જ્યાં જ્યાં ઘડો હશે ત્યાં ત્યાં માટી હશે ? કે પછી જ્યાં જ્યાં માટી હશે ત્યાં ત્યાં ઘડો હશે ? (અર્થાત્ કાર્ય-કારણ) અર્થાત્ સ્પષ્ટ જ છે કે જ્યાં ઘડો હશે ત્યાં તો માટી અવશ્ય જ હશે. પરન્તુ માટી હોય ત્યાં ઘડો ન પણ હોય, અહીંયાં માટીનો ઢગલો ઘણો પડયો છે પણ ઘડો નથી, એટલે કાર્ય હશે ત્યાં કારણ ચોક્કસ રહેવાનું. પણ કારણ હોય ત્યાં કાર્ય રહે કે ન પણ રહે. બન્નેની સંભાવના છે. કાર્ય કારણથી જ બનેલું છે. ઘડો માટીથી જ બનેલો છે. એટલે ઘડો હશે તો માટી અવશ્ય હોય જ. ઘડો કાર્ય છે. માટી કારણ છે, અગ્નિ કારણ છે અને ધુમાડો કાર્ય છે. માટે ધુમાડા (કાર્ય) સાથે અગ્નિ (કારણ) અવશ્ય રહેશે. પરંતુ અગ્નિ (કારણ)ની સાથે (કાર્ય) ધુમાડો રહે કે ન પણ રહે.

કારણ કાર્યરૂપે પરિણમ્યા પછી બન્ને વચ્ચે સાદશ્ય રહેવું જ જોઈએ એવો કોઈ નિયમ નથી. કાર્ય બની ગયા પછી કારણની વિલક્ષણતા અને વૈસાદશ્યતા પણ દેખાય. અગ્નિ કારણ છે પણ નિર્માણ થયેલો કાર્ય ધુમાડો અગ્નિથી સાવ વિલક્ષણ છે. માટી કારણમાંથી થયેલો ઘડો કાર્ય છે. તેના ગુણધર્મો હવે બદલાઈ ગયા છે. બીજમાંથી વૃક્ષ થતાં વૃક્ષનું સ્વરૂપ બીજથી ભિન્ન બદલાઈ ગયું છે. માતાથી બાળક ઉત્પન્ન થતાં બાળકના ગુણધર્મો સ્વભાવ આદિ માતા કરતાં વિસદૃશ પણ દેખાય છે. માટે હે વ્યકત ! કાર્યની સાદૃશ્યતા જ હોવી જોઈએ એવો તમારો મત યુક્તિ યુકત નથી.

કાર્ય-કારણ વચ્ચે સાદૃશ્ય-વૈસાદૃશ્ય

શ્રી વીર પરમાત્માએ કહ્યું કે, હે વ્યકત ! કાર્ય અને કારણની વચ્ચે સમાનતા પણ હોઈ શકે છે અને અસમાનતા પણ હોઈ શકે છે. પણ તમે જે માનો છો કે, ના સમાનતા જ હોય, કેમ કે ઘઉંથી ઘઉં જ ઊપજે. મગથી મગ જ થાય. માણસથી માણસ જ થાય એ સમાનતા પણ તમે તો આગળ વધીને આ સમાનતા ઉપરથી એવો નિયમ બાંધી લીધો છે કે માણસ મરીને માણસ જ થાય. પશુ મરીને પશુ જ થાય. એ યોગ્ય નથી.

जाइ सरो सिंगाओ भूतणओ सासवाणुलित्ताओ ।
संजायइ गोलोमा ऽविलोमसंजोगओ दुव्वा ॥ १७७४ ॥
इति रुक्खायुव्वेदे जोणिविहाणे य विसरिसेहिंतो ।
दीसइ जम्हा जम्मं सुहम्म ! तं नायमेगंतो ॥ १७७५ ॥

હે સુધર્મ ! કાર્ય કારણને સદૃશજ હોવું જોઈએ, એવું જે તું માને છે તે પણ યોગ્ય નથી. કારણ કે શૃંગ (શિંગ)થી પણ શર (શરગટ) નામની વનસ્પતિ થાય છે. અને જો તે શૃંગને સરસવને લેપ કરવામાં આવે તો વળી તેમાંથી પણ ભૂતૃણ નામનો અમુક પ્રકારનો ઘાસનો સમૂહ ઉત્પન્ન થાય છે.

બીજું ગાય અને બકરીના વાળથી પણ દુર્વા(ધ્રોરો) નામનું ઘાસ ઉગે છે. આયુર્વેદશાસ્ત્રની શાખામાં એક વૃક્ષાયુર્વેદ નામનો ગ્રંથ છે, જેમાં વિવિધ પ્રકારના દ્રવ્યોના સંયોગથી વિલક્ષણ-વિસદશ વનસ્પતિની ઉત્પત્તિ વગેરે પણ જણાવવામાં આવી છે. તેથી સિદ્ધ થાય છે કે કારણને અનુરૂપ જ કાર્ય હોવું જોઇએ એવો અકાન્તિ નિયમ નથી. કારણથી વિલક્ષણ કાર્ય પણ થઇ શકે છે.

જીવ વિના પણ જીવોની ઉત્પત્તિ....

એક જીવથી બીજા જીવની ઉત્પત્તિ થાય છે એ તો લોકપ્રસિદ્ધ વાત આપણે સર્વે જાણીએ છીએ. દા. ત., મનુષ્યથી મનુષ્ય, સિંહથી સિંહ, હાથીથી હાથી વગેરે. પણ 'યોનિપ્રાભૃત' નામના ગ્રન્થમાં જયાં જીવોની અનેક યોનિઓ (ઉત્પત્તિસ્થાનો)નું વર્ણન છે. તેમાં એમ પણ સ્પષ્ટ જણાવે છે કે વિવિધ દ્રવ્યોના સંમિશ્રણથી વિલક્ષણ જીવોની ઉત્પત્તિ પણ થઇ શકે છે. અર્થાત્ સાપ, સિંહ જેવાં પ્રાણીઓની અને મણિ, સોનું આદિની નિર્મિતિ પણ થઇ શકે છે.

દા. ત., (૧) આપણા મળ વિષ્ટામાં કીડા પણ ઉત્પન્ન થાય છે. (૨) ગાય-બકરીના વાળથી દુર્વા (ધ્રો) ઘાસ થાય છે. (૩) શૃંગથી શર નામની વનસ્પતિ થાય છે. (૪) ગાયના છાણની નીચે વીંછિ પણ ઉત્પન્ન થાય છે. (૫) અમુક દ્રવ્યોના સંમિશ્રણથી સાપ પણ ઉત્પન્ન થાય છે. (૬) કેટલાક દ્રવ્યોના સંમિશ્રણથી સિંહ પણ ઉત્પન્ન થઇ શકે છે. (૭) કેટલાક દ્રવ્યોનું ચૂર્ણ પાણીમાં નાખતાં માછલા પણ ઉત્પન્ન થઇ શકે છે.

ચૂર્ણ મિશ્રણના સંયોજનથી માછલા-સિંહ આદિ ની ઉત્પત્તિ....

જૈન શાસનમાં ૧૪ પૂર્વો બતાવેલા છે. પૂર્વો એટલે શાસ્ત્રવિશેષ, જેનું વર્ણન શ્રી કલ્પસૂત્રપાં હાથીના માપ પ્રમાણ શ્યાહીથી લખાયેલા એવી ઉપમા આપવામાં આવી છે. હાથીઓની સંખ્યા પણ જણાવી છે. ઉત્તરોત્તર સંખ્યા ડબલ થતી જાય છે. એવા વિશાળ પૂર્વોની ચર્ચા પૂર્વધર આચાર્ય ભગવંત સાધુઓ સાથે કરી રહ્યા હતા પૂર્વના પાઠોનું રહસ્ય અને અદ્‌ભૂત વિજ્ઞાન સાધુઓને સમજાવી રહ્યા હતા.

રાતનો ટાઇમ હતો. ચારે બાજુથી ઉપાશ્રયના બારી બારણા બંધ કરેલા હતા. પણ યોગાનુયોગ એક બારી થોડીક ખુલ્લી રહી ગઇ હશે અને આ ચર્ચાનો અવાજ બહાર સાંભળીને રાત્રીએ રસ્તા ઉપર ચોરી કરવા માટે જતા એક માછીમારે આ વાત સાંભળીને બારીમાં નજર કરી બારીમાં કાન દઇને વાત સાંભળવા લાગ્યો. યોગાનુયોગ પૂજય પૂર્વધર આચાર્ય ભગવંત સાધુઓને ચર્ચાના વિષયમાં એ સમજાવી રહ્યા હતા કે- ''અમુક ચૂર્ણ, અમુક ઔષધિ વિશેષના ચૂર્ણોનું મિશ્રણ કરીને પાણીમાં નાખવાથી સંમૂર્છિમ માછલા વગેરે ઉત્પન્ન થાય છે.''

આ વાત પેલો માછીમાર ચોર સાંભળી ગયો. તે તો રાજી થયો. ઘરે જઇ બીજા જ દિવસે અમુક ચૂર્ણ-ઔષધિ વગેરે લાવીને મિશ્રણ કરી જઇને તળાવમાં તે ચૂર્ણ નાંખ્યું અને કાળાન્તરે ખૂબ માછલા વગેરે સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ થઇ. માછીમાર ખૂબ રાજી થયો. અને આ પ્રમાણે તેને તો ધંધો વિકસાવ્યો. અને મહાહિંસાના પાપો કરી આજીવિકા ચાલુ રાખી. પરિણામ એ આવ્યું કે થોડા માસમાં તે ધનાઢ્ય શ્રીમંત થઇ ગયો.

એક દિવસ સાધુ મહારાજો વિહાર કરતા ગામની બહાર નીકળી રહ્યા હતા. પેલો વિદ્યાચોર માછીમાર આવીને આચાર્ય મહારાજના પગમાં પડયો. બે હાથ જોડી કહ્યું : હે કૃપાળું ! આપની કૃપાથી મારે લીલાલહેર છે. સાહેબ! આપની મહેરબાનીથી ઘણું સારું કમાયો છું. સુખી થયો છું અને દુષ્કાળમાં પણ બધાની આજીવિકા ચલાવી શકયો છું.

આ સાંભળીને આચાર્ય મહારાજ આશ્ચર્ય પામી ગયા. તેને પૂછીને વાસ્તવિક હકીકત જાણી ત્યારે ભારે અફસોસ થયો. આ પ્રમાણે આણે કેટલી હિંસા કરી હશે? ઓ હો.. હો.. મહાપાપ ઉપાર્જન કર્યું હશે? સાધુઓએ અંદર અંદર વિચાર કર્યો. આપણે પૂર્વ જેવા ગંભીર શાસ્ત્રોની ચર્ચા-વિચારણા કરતી વખતે થોડો ઉપયોગ ન રાખ્યો. આ પ્રમાદનું ફળ. સાધુઓએ યોગ્ય વિચાર કરી મહા પ્રાયશ્ચિત કર્યું. આટલી મોટી મહા હિંસા અને ઘણાં જીવોની હિંસામાં આપણે નિમિત્ત બન્યા. અરે.. રે.. એમ પશ્ચાતાપના ભાવથી મોટું પ્રાયશ્ચિત કર્યું.

પણ બીજી બાજુ ગીતાર્થ આચાર્ય ભગવંતે વિચાર કર્યો. આપણે કદાચ અણસણનું પ્રાયશ્ચિત કરીને પણ ચાલ્યા જશું પણ આ માછીમાર તો હિંસા ચાલુ જ રાખશે.. તો તો કેટલું મોટું અનર્થ સર્જાશે ? માટે એ યોગ્ય નથી. એમ વિચારી ગીતાર્થ પૂર્વધર આચાર્ય ભગવંતે પેલા માછીમારને કહ્યું - જો સાંભળ ! હું તને બીજો એનાથી પણ શ્રેષ્ઠ ઉપાય બતાવું છું. અમુક દ્રવ્યોના ચૂર્ણનું મિશ્રણ કરજે. તેમાં અમુક મેળવજે પણ આ પ્રયોગ રાત્રે ઘરનાં બધાં બારી-બારણાં બંધ કરીને એકાંતમાં એકલો કરજે. અને પછી તે તૈયાર થયેલું ચૂર્ણ પાણીમાં નાંખજે.. બસ, આટલું કરજે પછી જો જે તું શું થાય છે.

આ પ્રમાણે માછીમારે ઘેર જઇને પ્રયોગ કર્યો. અને થોડીક વારમાં તો એક મોટો સિંહ ઉત્પન્ન થયો અને સિંહ પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે માણસને ફાડી ખાવા સામે ધસ્યો. અને પેલા માછીમારને ફાડી ખાધો. અનેક જીવોની હિંસા કરનારો પેલો માછીમાર નરકમાં ગયો અને સાધુઓ પોતાના પાપનું પ્રાયશ્ચિત કરીને સ્વર્ગમાં ગયા.

આ કથાનકના પ્રસંગ ઉપરથી બોધ તો આપણે સમજી શકીશું. પણ મુખ્ય ચાલુ વિષયનો વિચાર કરતાં એ પણ ખ્યાલ આવી શકશે કે અમુક ચૂર્ણોના મિશ્રણથી માછલા અને અમુક ચૂર્ણોના મિશ્રણથી સિંહ વગેરે પણ ઉત્પન્ન થઇ શકે છે.

જીવને અર્થાત્ આત્માને તો ક્યાંય પણ કોઇ પણ ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થવાનું

સ્થાન મળવું જોઈએ સ્વ કર્માનુસાર જો તથાપ્રકારની યોનિ (ઉત્પત્તિ સ્થાન) મળે, તો જીવ તે સ્થાનમાં તે રીતે ઉત્પન્ન થઈ શકે છે. ઉત્પન્ન થવા યોગ્ય વાતાવરણ મળવું જોઈએ. જેમ વરસાદનું પાણી પડે છે અને માટી સાથે મળતાં કેટલાય અળસિયા વગેરેની ઉત્પત્તિ થાય છે. આ પ્રમાણે જીવોની ઉત્પત્તિ જીવો થકી, અને જીવોની ઉત્પત્તિ અજીવ પદાર્થોના સંયોજન મિશ્રણથી પણ થઈ શકે છે. એ સાબિત થાય છે.

સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ....

અનેક પ્રકારના સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે. પુરુષના પોતાના મળ-મુત્ર-માંસ, રૂધિર, પરૂ, કફ, થૂંક, નાક-કાનના મેલ, પરસેવા, વીર્ય આદિથી પણ સંમુર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ પણ થાય છે. તે પણ પંચેન્દ્રિય જીવો છે. આપણા જેવા જ આકારવાળા મનુષ્યો છે. પાંચે ઈન્દ્રિયો છે. ફકત મન નથી અને શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેવું નાનું છે. આયુષ્ય બે ઘડીનું છે. એટલા જ કાળમાં મૃત્યુ પામીને ચાલ્યા જાય છે.

હમણાં એક જર્મન વિધવા સ્ત્રીને ખબર પડી કે પોતાના પતિએ મૃત્યુ પહેલા પોતાનું વીર્ય-વીર્યબેંકમાં દાન આપ્યું હતું. બે વર્ષ પછી તે સ્ત્રીને જાણ થતાં તેણે કોર્ટમાં કેસ કર્યો છે કે મારા પતિનું વીર્ય મને જ મળવું જોઈએ. જેથી હું માતા બની શકું. એક સ્ત્રી તરીકે માતા થવાની મારી પૂર્ણ ઈચ્છા છે. આ પ્રમાણે બનેલી ઘટનાના પ્રસંગ ઉપરથી આપણે વિચાર કરી શકીએ છીએ કે પુરૂષના વીર્યમાં પુરૂષ બીજ તરીકેના જીવ પડયા છે. તેને યોગ્ય ઉત્પત્તિ સ્થાન મળતાં જ સ્ત્રીઅંડની સાથે મિશ્રણ પામીને ફળદ્રુપ થઈને એક પુરૂષને ઉત્પન્ન કરી શકે છે. સંસારમાં સર્વત્ર જીવ સૃષ્ટિ ભરેલી પડી છે અને જન્મ મરણના ચક્ર ચાલ્યા કરે છે. જીવો એક જન્મ પછી મૃત્યુ પામીને બીજા જન્મમાં જાય છે. એક જન્મથી બીજા જન્મમાં જતાં જીવને સુધર્મ પોતાના મત પ્રમાણે જન્માન્તર સાદૃશ્યના હેતુથી સરખો જન્મ માને છે. અર્થાત્ આ જન્મમાં જે જીવ જેવો છે. તે આવતા જન્મમાં પણ ફરી તેજ-તેવો જ થવાનો. અર્થાત્ મનુષ્ય મરી મનુષ્ય જ થાય, પશુ-પશુ જ થાય.

પણ એવું નથી. જન્માન્તરમાં ગતિ અને જાતિ પણ બદલાઇ શકે છે. તેનું કારણ જીવોના પોત-પોતાના શુભાશુભ કર્મો છે. કર્યા કર્મ પ્રમાણે જીવની ગતિ જાતિ નકકી થાય છે.

કર્મ પ્રમાણે ગતિ જાતિ....

अहवा जओ च्चिय बीयाणुरूवजम्मं मयं तओ चेव ।
जीवं गेण्ह भवाओ भवंतरे चित्तपरिणामं ॥ १७७६ ॥
जेण भवंकुरबीयं कम्मं चित्तं च तं जओऽभिहियं ।
हेउविचित्तत्तणओ भवंकुरविचित्तया तेणं ॥ १७७७ ॥
जइ पडिवन्नं कम्मं हेउविचित्त-त्तओ विचित्तं च ।
तो तप्फलंपि चित्तं पवज्ज संसारिणो सोम्म ॥ १७७८ ॥

હે સુધર્મ ! દરેક કાર્યની પાછળ કારણને તું માને છે, વૃક્ષનું કારણ બીજ છે, ધૂમાડાનું કારણ અગ્નિ છે. એ પ્રમાણે કાર્યોત્પત્તિની પાછળ જેમ કારણ નિશ્ચિત છે. માટે જ કારણની વ્યાખ્યામાં પણ એ જ કહ્યું છે કે – "कार्य- नियतपूर्ववृत्तित्वं कारण" કાર્યની ઠીક પૂર્વવૃત્તિ-પહેલા રહેનાર જે છે તે કારણ છે.

અને કારણને અનુરૂપ જ કાર્ય થાય છે. માટીના કારણે ઘડો માટીનો જ થવાનો, સોનાનો નહીં થાય. મનુષ્યના કારણે મનુષ્ય જ થશે, પશુ નહીં થાય. હે સુધર્મ ! બીજને અનુરૂપ એવા કાર્યની ઉત્પત્તિ જેમ તું માને છે, તો તે જ પ્રમાણે જન્મ-જન્માન્તરમાં જીવોની જાતિ-ગતિ આદિની વિચિત્રતાના કારણરૂપે પણ કર્મને માન. વૃક્ષનું કારણ જેમ બીજ છે તેમ સંસારનું કારણ અથવા જીવોની ગતિ-જાતિ આદિની વિચિત્રતાનું કારણ કર્મને જ માનવું પડે. કારણ કે ધર્મ એ સંસારરૂપી અંકુરનું બીજ છે.

આ સંસાર અનેક વિચિત્રતાઓથી ભરેલો દેખાય છે. કારણ કે તેના મૂળભૂત બીજરૂપ કર્મમાં જ ઘણી વિચિત્રતાઓ છે. અને કર્મમાં વિચિત્રતાઓ છે કારણ કે તેના હેતુઓમાં પણ વિચિત્રતાઓ છે. કર્મબંધનના હેતુઓ વિચિત્ર છે માટે કર્મ વિચિત્ર છે અને કર્મ વિચિત્ર છે. માટે તેનું કાર્ય જે આ સંસાર છે તે પણ વિચિત્ર છે અને આ સંસારની વિચિત્રતાના કારણે જીવોને મનુષ્ય, નરક આદિ ગતિની પણ વિચિત્રતા કર્મના ફળ રૂપે મળે છે. માટે "भवांकुरबीयं कम्मं" ભવના અંકુરનું બીજ તે કર્મ જ માનવું પડે.

જીવમાત્ર આ સંસારમાં કર્મની સાંકળે બંધાયેલો છે. જીવે પોતે જે કર્મો કર્યાં છે તેનું જ ફળ તેને ભોગવવાનું છે. લોકવ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે જીવો જાતજાતના ધંધા કરે છે. કોઈ વ્યાપાર કરે છે. તો તે તે ધંધા પ્રમાણે જ દરેક જીવોને ફળ મળે છે-ખેતી કરનાર ખેડૂત તે રીતે ફળ મેળવે છે. અને વ્યાપારી વ્યાપારની રીતે ફળ મેળવે છે. ભણવામાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં લખ્યા પ્રમાણે પરિણામ–ફળ મેળવે છે. તે જ પ્રમાણે આ સંસારમાં જીવો પણ કર્યા કર્મ પ્રમાણે ફળ ફેળવે છે. સારા કર્મ કર્યા પછી ખરાબ ફળ મળવાના નથી. અને ખરાબ કર્મ કર્યા હશે તો સારા ફળ પણ મળવાના નથી. બાવળ કે કાંટા વાવીને કેરીની આશા રાખવી એ પણ મૂર્ખતા છે.

पुण्यस्य फलमिछन्ति, पुण्यं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥

પણ જીવોની વિચિત્રતા એવી છે કે, પુણ્યનું ફળ જે સુખ છે તે મેળવવાની ઇચ્છા સહુની છે. પણ તે માટે પુણ્ય કરવા કોઇ તૈયાર નથી. પુણ્ય એ સુખ માટે કારણ છે. કારણ વિના કાર્યની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? તે મૂર્ખતા છે. પણ સંસારમાં એવા પણ જીવો છે કે જે પુણ્ય કર્યા વિના પુણ્યના ફળરૂપે સુખ મેળવવાની ઝંખના રાખે છે. અને તે જ પ્રમાણે પાપનું ફળ જે દુઃખ છે તે મેળવવાની કોઇની ઇચ્છા નથી પણ સાથે સાથે પાપ કરવાનું પણ છોડવા કોઇ તૈયાર નથી. પાપો સર્વ આચર્યે જાય છે, અને ઇચ્છે

છે કે પાપનું ફળ દુઃખ ન મળે. અર્થાત્ પાપ કરીને સુખી થવાની ઇચ્છા જીવો રાખે છે. એ તો બન્યું નથી અને બનવાનું પણ નથી. કાંટા-બાવળ વાવીને કેરીના મીઠા ફળ મેળવવાની ઇચ્છા રાખવી એ જેમ મૂર્ખતા છે, એ જ પ્રમાણે પાપ કરીને સુખી થવાની ઇચ્છા રાખવી એ પણ મોટી મૂર્ખતા છે. જે મેળવવું છે, જેવું મેળવવું છે તો તે માટે તેને અનુરૂપ, તેના જ કારણભૂત યોગ્ય કારણ-ક્રિયાનું જ આલંબન લેવું જોઇએ .

જેવા કર્મ તેવા જ તેના ફળ....

હે સુધર્મ ! ક્રિયા અને ફળમાં જો તું સાદૃશ્ય છે એમ માને છે તો પછી મતભેદ કયાં રહ્યો ! તો પછી એમ માન કે જીવ જેવા કર્મ કરે છે તેને તેવા ફળ મળે છે. આ જન્મમાં જીવ જેવો છે તેવો આવતા જન્મમાં થાય છે. એમ માનવા પાછળ આવતા જન્મનો આધાર આ જન્મ છે. કે આ જન્મમાં કરેલા કર્મ છે ? જો આ જન્મ માને તો તે યોગ્ય કર્મ નથી સિદ્ધ થતાં તો પછી આ જન્મનો પણ આધાર પૂર્વનો જન્મ, અને પૂર્વના જન્મનો આધાર પણ તેનો પૂર્વ જન્મ, તેનો પણ આધાર તેનોય પૂર્વનો જન્મ, તેનાય આધાર-તેનાય પૂર્વનો જન્મ. આ પ્રમાણે પૂર્વનો, પૂર્વનો એમ કહેતાં જ જશું તો છેવટે કયાં જઇને અટકશું. પણ પૂર્વનો જન્મ શા કારણે છે ? આ પ્રશ્નનો ઉત્તર નહીં મળે.

પૂર્વનો જન્મ... પૂર્વનો જન્મ એમ કારણ માનીએ.. પણ પૂર્વના જન્મમાં પણ શરીર તો હતું કે નહીં ? હા.. ચોકકસ હતું. શરીર વિના તો જીવ સંસારમાં રહી શકે જ નહીં ? તો તે શરીર કોણે બનાવ્યું ?- આત્માએ, કારણ આત્મા વિના તો શરીર કોઇ બનાવી શકતું જ નથી. હવે બધાના શરીરોમાં પણ વિષમતા, વિચિત્રતા અને વિવિધતા દેખાય છે તેનું કારણ કોને માનશં ? જો પૂર્વના.. પૂર્વના શરીરને કહેશો તો પૂર્વના શરીર જેવું જ શરીર આજે બનવું જોઇએ ? પણ ના; ઘણાંય પૂર્વજન્મના પ્રસંગો આજે પણ જોવા મળે છે અને પૂર્વજન્મની સ્મૃતિવાળા જયારે પૂર્વજન્મનું વર્ણન કરે છે ત્યારે આજના આ જન્મમાં કોઇ સાદૃશ્યતા નથી મળતી. જેવો રૂપ-રંગ, શરીર વગેરે ગયા જન્મમાં હતા તેવા આ જન્મમાં નથી પણ મળતા તો પછી આપણે પૂર્વજન્મને કેવી રીતે કારણ ગણશું ? એક-બીજાના શરીર-શરીરમાં ભિન્નતા કેમ છે ? તેનું કારણ જો શોધીએ તો સ્પષ્ટ જણાશે કે તે તે પ્રકારના કર્મ છે. શરીરની રચના કરનાર આત્મા પોતે છે અને તેને જેવા કર્મ બાંધ્યા હશે તે જ પ્રમાણે તે શરીર રચના કરશે તેવું જ શરીર બનશે. તેવું જ કર્મને અનુરૂપ જ શરીર બનાવી શકશે. માટે જ કોઇને આપણે આંધળા, પાંગળા, લૂલા, લંગડા, વિકલાંગ, હીનાંગ, અધિકાંગ, મન્દમતિ, તીવ્ર બુદ્ધિવાળા વગેરે જોઇએ છીએ. માટે હે સુધર્મ ! આવતા ભવના જન્મ માટે ફકત આ જન્મને કારણ માનવું એ યુકિતયુકત–યોગ્ય નથી લાગતું. પણ તેના બદલે કર્મો તેનું યોગ્ય કારણ છે.

આત્માના આઠ ગુણો અને તેના આવરક
- આઠ કર્મો -



આત્મા અને કર્મ

આત્મા એક ગુણ સમૂહાત્મક દ્રવ્ય છે. ગુણ વિના દ્રવ્ય નથી હોતો. માટે જે જે દ્રવ્ય છે તે તે ચોકકસ કોઇ ના કોઇ ગુણથી વ્યાપ્ત જ હોય છે. ગુણ વિના દ્રવ્યની ઓળખ થવી મુશ્કેલ છે. અહીંયા પણ જ્ઞાન-દર્શનાદિ ચેતનાના ગુણોનો સમૂહ તે એક અખંડ આત્મદ્રવ્ય છે. જાણવું (જ્ઞાન), જોવું (દર્શન) વગેરે ગુણોના સ્વભાવવાળો આત્મા જ છે. જડ નથી. કારણ જાણવા-જોવાનો સ્વભાવ આત્મા સિવાય જડનો નથી. સુખ:દુ:ખની લાગણીના અનુભૂતિ પણ આત્મા સિવાય જડ પદાર્થ કયારેય નથી કરતો. માટે આત્મા તથા પ્રકારના ગુણોના સમૂહવાળો છે.

કર્મ શું છે ? (કર્મસિદ્ધિમાંથી જાણી લેવું) જેમ સૂર્યને આવરનાર (ઢાંકનાર) વાદળ આવરણરૂપે ઓળખાય છે. એ જ પ્રમાણે આત્માના ગુણોને ઢાંકનાર કર્મ પણ આવરણરૂપે છે. આત્મ પ્રદેશો ઉપર બહારની કાર્મણ વર્ગણાની રજકણો આવીને જામી જાય છે અને તેના પરિણામે જેવો હતો તે વાસ્તવિક સ્વરૂપ ઢંકાઇ જાય છે. અને આત્મા કર્મયુકત દેખાય છે. અર્થાત્ કર્મ એટલે આત્મગુણોના આવરક (આચ્છાદક-આવરણ) છે. માટે તે તે કર્મના નામો પણ આત્માના તે તે ગુણોને ઢાંકનાર તરીકે હોવાથી ગુણોના આવરણ તરીકે જ ઓળખાય છે.

	આત્માના ગુણો		કર્મ
૧.	અનન્તજ્ઞાન ગુણ	૧.	જ્ઞાનવરણીય કર્મ
૨.	અનન્ત દર્શન ગુણ	૨.	દર્શનાવરણીય કર્મ
૩.	અનન્ત ચારિત્ર ગુણ	૩.	મોહનીય કર્મ
૪.	અનન્ત વીર્ય ગુણ	૪.	અન્તરાય કર્મ
૫.	અનામી અરૂપી ગુણ	૫.	નામ કર્મ
૬.	અગુરુ લઘુ ગુણ	૬.	ગોત્ર કર્મ
૭.	અન્નત સુખ ગુણ	૭.	વેદનીય કર્મ
૮.	અક્ષય સ્થિતિ ગુણ	૮.	આયુષ્ય કર્મ

જેમ ચા, દૂધ, મગ, ભાત, દાળ, વગેરેના તપેલા ઉપર આવરણ (ઢાંકણ) હોવાથી તે તપેલાની અંદર રહેલી વસ્તુ ન દેખાય. પણ જોવી હોય તો તપેલાના ઢાંકણાને ખસેડવું પડે છે. તે જ પ્રમાણે આત્માના તે તે ગુણો ઉપર કર્મની રજ (ધૂળ) જો જામી ગયેલી ડમરીના આવરણ (ઢાંકણ)થી આત્માના તે તે ગુણો દબાઇ જાય છે. અને જો આત્માના તે તે જ્ઞાનાદિ ગુણોને જોવા હોય, પૂર્ણપણે જોવા હોય, પ્રગટ કરવા હોય તો તે તે આવરક કર્મને ખસેડવા જોઇએ, ખપાવવા જોઇએ, દૂર કરવાથી તે તે ગુણો પૂર્ણ સ્વરૂપે પ્રગટ થઇ શકે છે. જેમ મહાવીર સ્વામી આદિમાં થયા પણ આપણામાં નથી થયા.

કર્મ પ્રકૃતિ ....

પ્રકૃતિ એટલે સ્વભાવ. દરેક કર્મનો પણ પોતપોતાનો સ્વભાવ હોય છે.

	કર્મ		સ્વભાવ
૧.	જ્ઞાનાવરણીય કર્મ	–	આત્માના જ્ઞાનગુણને રોકે છે.
૨.	દર્શનાવરણીય કર્મ	–	આત્માના દર્શન ગુણને રોકે છે.
૩.	મોહનીય કર્મ	–	આત્માના અનંત ચારિત્ર ગુણને રોકે છે.
૪.	અંતરાય કર્મ	–	આત્માના અનન્ત વીર્ય ગુણને રોકે છે.
૫.	નામ કર્મ	–	અનામી, અરૂપી, આત્મસ્વરૂપને રોકી નામી બનાવે છે.
૬.	ગોત્ર કર્મ	–	નાનો-મોટો, ઉચ્ચ-નીચ બનાવે છે.
૭.	વેદનીય કર્મ	–	અનંત સુખને દબાવી આત્માને સુખી દુઃખી બનાવે છે.
૮.	આયુષ્ય કર્મ-અક્ષય સ્થિતિ ગુણને રોકી આત્માને અમુક કાળ સુધી એક શરીરરૂપી પાંજરામાં જકડી રાખી આત્માને જન્મ-મરણ કરાવે છે. ૮૪ના ચક્કરમાં ભટકાવે છે.		

નામ કર્મની પ્રકૃતિ–

(આઠે કર્મોની પ્રકૃતિ તથા તેની ઉપમાઓ આદિનો વિસ્તારથી આગાળના વ્યાખ્યાનોમાં વિચાર કરીશું. અત્યારે વિષયાનુરૂપ- માત્ર નામકર્મ તથા આયુષ્ય કર્મની પ્રકૃતિનો વિચાર કરવામાં આવે છે.)

મુળભૂત સ્વરૂપે આત્મા અજર-અમર, અનુત્પન્ન, અનાદિ, અનન્ત, શાશ્વત, અનામી, અરૂપી, અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અકાટ્ય આદિ સ્વરૂપે છે. આત્મા વર્ણ-ગંધ-રસ- સ્પર્શાત્મક નથી અને આપણને મળેલી પાંચે ઇન્દ્રિયો વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનો જ અનુભવ કરનારી છે, તેને જ ફકત ગ્રહણ કરનારી છે.

૧. **સ્પર્શેન્દ્રિય** – ઠંડો, ગરમ, સુંવાળો, ખરબચડો વગેરે સ્પર્શનો અનુભવ કરે છે.

૨. **રસનેન્દ્રિય** – ખારો, તીખો, કડવો, મીઠો વગેરે રસ (સ્વાદ) ચાખે છે.

૩. **ઘ્રાણેન્દ્રિય** – સુગંધ, દુર્ગંધ સૂઘે છે.

૪. **ચક્ષુ ઇન્દ્રિય** – લાલ, લીલો, પીલો, વાદળી રૂપ ગ્રહણ કરે છે.

૫. **કર્ણેન્દ્રિય** – માત્ર શબ્દ (ધ્વનિ) ગ્રહણ કરે છે.



આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયો છે. અને તેના વર્ણ-ગંધ-રસ–સ્પર્શાદિ ૨૩ વિષયો છે અને તે તે ઇન્દ્રિય તે તે વિષયને જ ગ્રહણ કરી શકે છે.

પણ આત્મા રૂપ (વર્ણ) વિનાનો હોવાથી અરૂપી છે. ગંધ વિનાનો હોવાથી અગંધી છે, રસ વિનાનો હોવાથી અરસી છે અને સ્પર્શરહિત હોવાથી અસ્પર્શી છે, અને શબ્દ-ધ્વનિરહિત હોવાથી અશબ્દી અધ્વનિરૂપે છે. માટે અરૂપી, અગંધી, અરસી, અસ્પર્શી, અધ્વનિ રૂપ આત્મા હોવાથી તે પાંચે ઇન્દ્રિયો વડે ગમ્ય નથી, ગ્રાહ્ય નથી. માટે આત્મા ઇન્દ્રિયગમ્ય નથી. ઇન્દ્રિયગ્રાહ્ય નથી અને આપણને ઇન્દ્રિયો વડે જ્ઞાન કરવાની, જાણવા



આદિની ટેવ પડી છે.

આત્મા અનામી અરૂપી આદિ ગુણવાળો છે. અનામી એટલે નામ વિનાનો. આત્માનું કોઇ નામ પણ નથી. 'આત્મા' એ શબ્દ નામ નથી. નહીંતર આપણે બધા માણસોને એ આત્મા! એ આત્મા ! એમ નામથી બોલાવત. પણ આત્મા એ વ્યકિતગત નામ નથી. પણ આત્મા જ્યારે જ્યારે જે જે ગતિમાં જાય છે, જે શરીરમાં ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે તે તે શરીરનું નામ પાડવામાં આવે છે. કારણ કે શરીરનો વ્યવહાર કરવાનો હોય છે અને લોકવ્યવહારમાં વ્યવહાર કરવા માટે નામ આદિની આવશ્યકતા પડે છે.

''नामकम्मं चित्तिसम्मं''

ચિત્રકાર જેવું નામ કર્મ

આઠે કર્મોને ઓળખવા માટે ભિન્ન ભિન્ન ઉપમાઓ આપવામાં આવી છે. તેમાં નામ કર્મને ચિત્રકાર Painter જેવી ઉપમા આપવામાં આવી છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જેમ એક ચિત્રકાર વિવિધ પ્રકારના ચિત્રો બનાવતો હોય છે. દા. ત. એક સ્ત્રીનું ચિત્ર બનાવતો હોય ત્યારે હાથ, પગ, કાન, નાક, માથું, આંખ, મોહું વગેરે બધું જ ચિતરે છે.. બનાવે છે, તેમાં રંગ પૂરે છે, એ જ પ્રકારે નામ કર્મ જે આત્માએ બાંધેલું છે. તે જ પ્રમાણે આત્માને રહેવા માટે તે શરીરની રચના કરે છે. અને શરીરમાં નાક, કાન, આંખ, વગેરે ઇન્દ્રિયો, હાથ-પગ, વગેરે અંગ-ઉપાંગો બનાવે છે. અને તેમાં રંગ પૂરે છે. સફેદ, કાળો, ઘઉંવર્ણ... વગેરે.. વગેરે..... જેના કારણે આપણે ગોરા, કાળા,, ઘઉં વર્ણા.....વગેરે દેખાઇએ છીએ.

નામ કર્મમાં ભેદ અને પ્રકારો

આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિઓ કહી છે. તેમાં નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ છે.

૧૦૩ પ્રકૃતિઓનું વિસ્તારથી વર્ણન તો છઠ્ઠા કર્મગ્રંથમાંથી સમજવા મળશે. અને થોડુંક વિવરણ પંન્યાસ શ્રી અરૂણવિજયજી મહારાજ સાહેબની લખાયેલું પુસ્તક ''કર્મ તણી ગતિ ન્યારી''માંથી સમજવું.) નામ કર્મની ૧૪ પિણ્ડ પ્રકૃતિ, ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ ત્રસદશક અને ૧૦ સ્થાવર દશક એમ મુખ્ય ચાર વિભાગમાં પ્રકૃતિઓ ગણાય છે. તેમાં પણ ૧૪ પિંડ પ્રકૃતિઓના ૬૫ અથવા ૭૫ ભેદ થાય છે.

	પિંડ પ્રકૃતિ	પ્રત્યેક પ્રકૃતિ	ત્રસ દશક	સ્થાવર દશક
○	૧૪	૮	૧૦	૧૦
‖	૬૫	+ ૮	+ ૧૦	+ ૧૦ = ૯૩
‖	૭૫	૮	૧૦	૧૦ = ૧૦૩

મુખ્યરૂપે જીવોની ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બંધન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી, વિહાયોગતિ આદિનો વિચાર કરવા પૂર્વક નામ કર્મનો

વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે. પ્રસંગોપાત અત્રે આપણે ગતિ-જાતિનો જ ફકત વિચાર કરીએ. એટલે મુખ્ય વિષય ખ્યાલ આવે.

ગતિ-: ટ્રેનને જવા-આવવા માટે જેમ રેલ્વેના પાટા છે, મોટરગાડી, બસ વગેરેને જવા આવવા માટે જેમ રોડ છે. એમ જીવાત્માને પણ આ સંસારમાં જવા-આવવારૂપ પરિભ્રમણ કરવા માટે આ ચાર ગતિ છે. કોઇ પણ જીવ આ ચાર ગતિમાંજ પરિભ્રમણ કરે છે.

(૧) મનુષ્ય ગતિ, (૨) દેવ ગતિ, (૩) તિર્યંચ ગતિ, (૪) નરક ગતિ એમ ચાર ગતિઓમાં મનુષ્ય અને દેવની બે ગતિ સદ્‌ગતિ અને તિર્યંચ અને નરક ગતિ તે દુર્ગતિ તરીકે ઓળખાય છે.

''दुर्गति प्रपतज्जन्तून् धारणाद् धर्म उच्यते''

દુર્ગતિમાં પડતા જીવને જે ધારણ કરી રાખે, બચાવે તે ધર્મ છે. આત્માને સદ્‌ગતિમાં લઇ જાય તે ધર્મ, આપણે બધા કોઇની મૃત્યુ પછી સ્વર્ગવાસ લખીએ છીએ. સ્વર્ગ એ દેવગતિ છે. ઊર્ધ્વલોકમાં છે. આ ચાર ગતિના ચક્રનો બનેલો સંસાર કહેવાય છે. ૮૪ લાખ જીવ યોનિમાં પરિભ્રમણ જે આપણે કહીએ છીએ તે આ ચાર ગતિની અંતર્ગત છે. આ ચાર ગતિમાં જીવોની ઉત્પત્તિ યોનિ ગણીએ તો.. ૮૪ લાખ જીવ યોનિ થાય છે. જે એ જ આપણે સાત લાખ સૂત્રમાં બોલીએ છીએ.

મનુષ્યો જેમાં રહે છે તે ૧. મનુષ્યગતિ કહેવાય છે. સ્ત્રી-પુરુષો રૂપે મનુષ્યો રહે છે.

૨. દેવગતિ....

સ્વર્ગીય-દેવ દેવીઓને રહેવા માટેની ગતિ તે દેવગતિ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ દેવતાઓની મુખ્ય ચાર જાત છે. દેવગતિ પણ આ ચાર ગતિના સંસારમાં જ ગણાય છે. માટે આ દેવગતિમાં ગયેલા દેવ-દેવીઓ પણ સંસારમાં રહેનારા સંસારી જ કહેવાય. એમને પણ જન્મ, મરણ, શરીર આદિ સંસાર પ્રપંચ આપણા જેવો બધો જ છે. જેનું વર્ણન આગળનાં ભાગોમાં સ્વતંત્ર રીતે વિચારીશું.

૪. તિર્યંચગતિ....

પશુ-પક્ષી આદિ જીવો માટેની ગતિ તે તિર્યંચગતિ કહેવાય. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા તિર્યંચોનો આમાં સમાવેશ થાય છે. એકેન્દ્રિયના પાંચે સ્થાવર જીવો- પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, અગ્નિકાય, અને વનસ્પતિકાય. પણ ગતિની દૃષ્ટિએ તો તિર્યંચગતિમાંજ કહેવાશે.

એ જ પ્રમાણે વિકલેન્દ્રિયમાં બે ઇન્દ્રિયવાળા જીવો અળસિયા, કરમિયા, ત્રણ ઇન્દ્રિયવાળા- કીડી, મંકોડા, ધનેડા વગેરે અને ચઉરિન્દ્રિયમાં માખી, મચ્છર, ભમરા વગેરે તેમજ પંચેન્દ્રિય તિર્યંચમાં હાથી, ઘોડા, ઊંટ, બળદ, બકરી, માછલી, કાચબા, મગર,

સાપ વગેરે બધાં જલચર, સ્થલચર તથા ખેચરમાં પોપટ, કબૂતર. કાગડા-ચકલા વગેરે બધા જ પક્ષીઓ પણ ગતિની દૃષ્ટિએ તિર્યંચ ગતિમાં જ ગણાય. તિર્યંચ ગતિ ઘણી મોટી ગતિ છે. અનન્ત જીવોનો એમાં સમાવેશ થાય છે.

૪. નરક ગતિ

ચૌદ રાજલોકમાં અધોલોકના સાત રાજલોક પ્રમાણમાં રહેલું અડધું ક્ષેત્ર નરક તરીકે ઓળખાય છે, જેમાં એક એક રાજ જેવડી મોટી એક એક નરક છે. એવી ૭ નરક છે. સાતેના નામો વગેરેનું વિસ્તારથી વર્ણન આગળમાં અપાયેલ છે તેમજ આગળ ઉપર સ્વતંત્રપણે વિચારીશું. મનુષ્ય અને તિર્યંચ ગતિમાં ભયંકર પાપો કરીને જીવો તે તે કર્મની સજા ભોગવવા માટે આ નરકમાં આવે છે. અનેક પ્રકારની મરણપ્રાય મહા વેદનાઓને જીવો અહીંયાં ભોગવે છે. આ નરક ગતિમાં પણ જીવો અસંખ્ય છે.

આ પ્રમાણે ચાર ગતિરૂપ આ સંસાર છે. ચૌદે રાજલોકના તમામ જીવો આ ચાર ગતિમાં વહેંચાઈ ગયા છે. ચૌદ રાજલોકના મુખ્ય ત્રણ ભાગ છે. ઊર્ધ્વલોક, તિચ્છાલોક અને અધોલોક ઊર્ધ્વલોક તે જ દેવલોક (દેવગતિ), (સ્વર્ગ) અને અધોલોક તે નરક (પાતાળ) અને વચ્ચેનો રહેલો અસંખ્ય દ્વિપ-સમુદ્ર પ્રમાણ તિચ્છાલોક. તેમાં મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો રહે છે. બે ગતિના જીવો રહે છે. જોકે ગતિની દૃષ્ટિએ તિર્યંચ ગતિના જીવો ત્રસ- સ્થાવર વગેરે તો ચૌદે રાજલોકમાં સર્વત્ર છે અને નરકના જીવો નીચે અધો લોકમાં ૭મી નરકમાં રહે છે.

ચૌદ રાજકોલના નકશામાં જોવાથી ચારે ગતિના જીવોના ક્ષેત્રનો ખ્યાલ સ્પષ્ટ આવી જશે.

ચાર ગતિમાં જીવોનું પરિભ્રમણ ૨. મનુષ્યનું ચારે ગતિમાં ૩. તિર્યન્ચનું ચારે ગતિમાં



ચૌદ રાજલોક


રત્નપ્રભા પૃથ્વીનું દળ
૧૮૦૦૦૦ યોજન
ખાલી ૧૦ યો૦
આઠ વાણવ્યંતર નિકાય
ખાલી ૧૦ યો૦
આઠ વ્યંતરનિકાય
ખાલી ૫૦૦ યો૦
ખાલી ૧૧૫૮૩ ૧/૩ યો૦
દરેક પતર ૩૦૦૦ યો૦
૧૦ ભવનપતિ નિકાય
ખાલી
ખાલી ૧૦૦૦ યો૦
યોજન
૧૮૦૦૦૦
૭ નરક ભૂમિ
ત્રસનાડી
સિદ્ધો
સિદ્ધશિલા
૫. અનુત્તર
૪. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૨. ગ્રૈવેયક
ક
ખ
ગ
ઘ
ઙ
ચ
છ
કિ૦
લોકાંતિક
કિ૦
કિલ્બિષિક
ત્રસનાડી
સર્વાર્થસિદ્ધ જ્યોતિષ્ક
દ્વીપ સમુદ્રો
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
ઊર્ધ્વ લોક
તિર્યક્ લોક
અધો લોક
લોક બહાર ચોતરફ
અનંત અલોક

સાથીયો ચાર ગતિનું સૂચક ચિન્હ છે અને આપણે ભૂતકાળમાં આ જ ચાર ગતિમાં ખૂબ રખડ્યા. અનન્તાજન્મ મરણ કરતા કરતા અનન્ત પૂદ્ગલ પરાવર્ત કાળથી પરિભ્રમણ કરતા રહ્યા છીએ. એટલે ભૂતકાળના જન્મોનું સૂચક ચિન્હ આ સાથીયો છે અને હવે પછીના ભાવિ જન્મોમાં ફરીથી આ ચાર ગતિના સંસારમાં રખડવું ન પડે માટે માંગલિક ચિન્હ આ સ્વસ્તિા છે. એ સ્પષ્ટ સંકેત કરે છે કે હે જીવ ! તારે આ ચાર ગતિના ચક્કરમાંથી છૂટવાનું છે- નિકળવાનું છે. માટે જ આપણે રોજ દેરાસરમાં પ્રભુ પૂજામાં અષ્ટ પ્રકારી પૂજામાં સાથિયો કરીયે છીએ.

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જીવો ચારે ગતિમાં કેવી રીતે પરિભ્રમણ કરે છે તેનો ખ્યાલ આવશે. નં. ૧ માં ચાર ગતિ બતાવી છે. વચ્ચે જીવનું સ્થાન દર્શાવ્યું છે. અહીંથી જીવ ચારે ગતિમાં જાય છે.

નં. ૨. બીજા ચિત્રમાં મનુષ્યોનો જીવ દેહ છોડીને ચારે ગતિમાં જાય છે. તે દર્શાવ્યું. છે. મનુષ્ય માટે કોઇ ગતિ બાકી નથી રહેતી કે જેમાં મનુષ્ય ન જાય. અર્થાત્ ચારે ગતિમાં જાય છે.

નં. ૩. ત્રીજા ચિત્રમાં તિર્યંચગતિનો જીવ પણ દેહ છોડીને ચારે ગતિમાં જાય છે તે બતાવ્યું છે. તિર્યંચ માટે પણ ચારે ગતિ ખુલ્લી છે. જઇ શકે છે.

નં. ૪. દેવગતિનો સ્વર્ગીય દેવ જીવ દેહ છોડીને પછી ફકત મનુષ્ય અને તિર્યંચ એમ બે ગતિમાં જ જાય છે. પણ દેવ દેહ છોડીને ફરી દેવ નથી થતો; અને દેવ દેહ છોડીને નકરમાં પણ નથી જતો. આ પ્રમાણે દેવગતિનો જીવ બે જ ગતિમાં જાય છે.

ચિત્ર નં. ૫ માં બતાવ્યા પ્રમાણે નરક ગતિનો જીવ પણ દેવગતિમાં નથી જતો અને નારકી નો જીવ ફરી નરકમાં નથી જતો - એટલે તેનો બીજો જન્મ નથી થતો. માટે નરક ગતિના જીવ માટે મૃત્યુ પછી ઉત્પન્ન થવા માટે મનુષ્ય અને તિર્યંચની બે જ ગતિ રહી.

સંસારમાં ગતિ ચાર જ છે. અને જીવો આ ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. એક ગતિમાંથી દેહ છોડીને મૃત્યુ પામીને બીજી ગતિમાં જીવ જાય છે અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આ તેના ગતિમાં પરિભ્રમણ કરવાના નિયમો છે અને તે જીવે પોતે બાંધેલા ગતિનામ કર્મ પ્રમાણે જીવ પરિભ્રમણ કરે છે. ઘણીવાર જીવ ગતિ કેટલાક જન્મ સુધી ન પણ બદલે અર્થાત્ એકની એક જ ગતિમાં રહે તો પણ શરીર તો બદલે જ. એ પ્રમાણે જીવ સ્વગતિમાં જ, સ્વકાય સ્થિતિમાં જ કેટલો કાળ રહે? કેટલા કાળ સુધી જન્મ-મરણ કરતો રહે? તે જણાવે છે-

સ્વકાય સ્થિતિકાળ....

હે સુધર્મ ! તારા મત પ્રમાણે પણ વિચારીએ કે આ જન્મમાં જીવ જેવો હોય છે તેવો જ આવતા જન્મમાં થાય છે. એ પ્રમાણે તારા કહેવાનો અર્થ તો એવો થાય છે કે આ

જન્મના શરીર જેવું જ આવતા જન્મમાં શરીર મળે તો જ જન્માન્તર સાદૃશ્ય કહેવાય. પણ એક જન્મ પછી બીજો જન્મ, બીજા પછી ત્રીજો જન્મ એમ એક પછી એક એ ક્રમે જન્મો ચાલતા હોવા છતાં પણ પોતે જે કાયમાં હોય છે તે કાય નથી બદલતી અને જીવને તે જ કાયમાં રહેવું પડે તેને 'સ્વકાય સ્થિતિ' કહેવાય છે. પૃથ્વીકાય, અપકાય વગેરેમાં જે આપણે કાય શબ્દ લગાડીએ છીએ તે કાયા અને તેમાં જ મરીને વારંવાર ઉત્પન્ન થવું. પોતાની હતી તે જ કાયામાં વારંવાર મરીને ઉત્પન્ન થવું તેને સ્વકાય કહેવાય. અને ત્યાંની સ્થિતિ તે. 'સ્વકાય' સ્થિતિ કહેવાય. આ પ્રમાણે દરેક જીવોની સ્વકાય સ્થિતિને કાળ પણ ઉત્કૃષ્ટથી નિશ્ચિત છે તે જીવવિચાર પ્રકરણ જણાવતાં કહ્યું છે કે –

एगिंदिया य सव्वे असंख उस्सप्पिणी सकायंमि ।
उववज्जंति चयंति य अणंत-काया अणंताओ ॥ ४० ॥

પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયવાળા ચારે એકેન્દ્રિય જીવો મરીને ફરીથી પોતપોતાના જ શરીરમાં અર્થાત્ કાયમાં ઉત્પન્ન થાય તો કયાં સુધી ઉત્પન્ન થાય? કેટલા વર્ષ સુધી ઉત્પન્ન થાય? કહે છે. પૃથ્વીકાયના જીવો ફરીથી પૃથ્વીકાયમાં અપ્કાય (પાણી)ના જીવો ફરીથી અપ્કાયમાં, અગ્નિકાયના જીવો ફરીથી અગ્નિકાયમાં અને વાયુખાયમાં જીવો મરીને ફરથી જો વાયુકાયમાં જ ઉત્પન્ન થાય તો આ ચારે એકેન્દ્રિયો અને પ્રત્યેક વનસ્પતિકાયના જીવો પણ મરીને ફરીથી પોતાની જ કાય અર્થાત્ વનસ્પતિકાયમાં જ જો ઉત્પન્ન થાય અને બીજી કોઇ કાયા બદલીને બહાર ન જાય તો (વધુમાં વધુ) ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્સપર્ણિ અર્થાત્ અસંખ્ય વર્ષો સુધી સ્વકાયમાં જ ઉત્પન્ન થાય છે. એટલે એમાં ને એમાં જ ઉત્પન્ન થાય છે. સ્વકાય એટલે પોતાની જ કાયા અર્થાત્ જીવ જે કાયામાં છે તેમાં દા. ત., પૃથ્વીકાયનો જીવ હોય, અને તે પથ્થર, માટી, ધાતુ, રત્નો વગેરેમાં હોય તો તે મરીને પાછો પથ્થર, માટી, ધાતુ કે રત્નોમાં જ ઉત્પન્ન થાય તો અસંખ્ય વર્ષો સુધી તેમાં જ ઉત્પન્ન થઇ શકે છે, એ જ પાણીના જીવો પણ મરીને ફરીથી પાણીમાં જ ઉત્પન્ન થાય તો તે પણ અસંખ્ય વર્ષો સુધી થઇ શકે છે. સાધારણ વનસ્પતિકાય અર્થાત્ કાંદા, બટાટા, લસણ, ગાજર વગેરેના અનન્તકાયના જીવો અથવા નિગોદના સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના અનન્તકાયિક જીવો મરીને ફરી અનન્તકાયમાં સાધારણ વનસ્પતિમાં જ ઉત્પન્ન થાય તો તે અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી અર્થાત્ અનન્ત કાળ સુધી તેમાં જ ઉત્પન્ન થઇ શકે છે. તેમાં જ જન્મે મરે છે.પણ અનન્ત કાયથી બહાર નથી નીકળતા.

संखिज्ज-समा विगला-सत्तट्ठभवा पणिंदि-तिरिमणुआ ।
उववज्जंति सकाए नारय-देवा य नो चेव ॥ ४१ ॥

હે સુધર્મ ! એ જ પ્રમાણે-કરમિયા, અળસિયા વગેરે બેઇન્દ્રિય જીવો, કીડી-મંકોડા વગેરે તેઇન્દ્રિય જીવો; માખી-મચ્છર વગેરે ચઉરિંદ્રિય જીવો આ ત્રણે વિકલેન્દ્રિય જીવો પણ મરીને ફરીથી વિકલેન્દ્રિયમાં જ જો જન્મે તો તે સંખ્યાતા વર્ષો સુધી જન્મી શકે છે..કાય ન બદલતા.

અને પંચેન્દ્રિય તિર્યંચો-દા. ત. હાથી, ઘોડા, ઊંટ, બળદ, બકરી વગેરે તિર્યંચ ગતિના પશુ-પક્ષી જીવો જો મૃત્યુ પછી મરીને ફરી જો હાથી-ઘોડા, ઊંટ-બળદ તરીકે પાછા પશુ-પક્ષી જ થાય અને એ રીતે ચાલે તો વધુમાં વધુ સાતથી આઠ ભવ સ્વકાયમાં જન્મ કરી શકે છે. પણ પછી કાય બદલાવી પડે છે.

એ જ પ્રમાણે મનુષ્ય દેહ છોડીને ફરીથી મનુષ્ય દેહ પામે તો વધુમાં વધુ સાતથી-આઠ વાર સુધી થઇ શકે છે. જો મનુષ્ય ફરી મનુષ્ય ગતિ નામ કર્મ જ બાંધે અને એ રીતે જો દેહ છોડીને જન્મે તો ઉત્કૃષ્ટથી ફરી-ફરીને તેથી વધારે નહીં. પણ જો થાય તો ? નહીંતર જો બીજી ગતિનું કર્મ બાંધ્યું હોય તો તરત જ એક જન્મ પછી પણ દેવ-નરક અથવા તિર્યંચની ગતિમાં જઇ શકે છે. એમાં કોઇ આશ્ચર્ય નથી.

પણ સ્વર્ગના દેવ અને નરકના નારકી જીવોની સ્વકાયસ્થિતિ હોતી જ નથી. તેઓ કયારેય પણ મૃત્યુ પછી (મર્યા પછી) પાછા તરત દેવ કે નારક થતા જ નથી. દેવ મરીને પશુ-પક્ષીની તિર્યંચની ગતિમાં અથવા મનુષ્યગતિમાં આ બે જ ગતિમાં આવીને જન્મે, અને નારકી જીવ પણ મૃત્યુ પછી નરકમાંથી નીકળીને મનુષ્ય અને પશુ-પક્ષીની બે ગતિમાં જ જન્મે. પણ તરત નારકી ન થાય. હા, એક વાર અહીંયાં મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જન્મ લઇ દેવાયુ, નરકાયુષ્ય કર્મ બાંધીને દેવગતિમાં અને નરકગતિમાં જઇ શકે છે. પણ એક વાર તો ગતિ બદલવી જ પડે.

આ સર્વ અધિકાર સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામી પ્રભુએ પોતાની અંતિમ દેશના સ્વરૂપ ઉત્તરાધ્યયન સૂત્ર નામના આગમમાં દશમા અધ્યયનમાં કહ્યો છે. ત્યાંથી વિશેષ વિસ્તારથી જાણી શકાય છે.

આ પ્રમાણે હે સુધર્મ ! મનુષ્ય મરીને મનુષ્ય અને પશુ મરીને પશુ જ થાય છે. એવો વાક્યમાં જ કાર લગાડીને એકાન્તવાદ માનવા કરતાં, 'જકાર'ના સ્થાને 'પણ' લગાડ તો તારો સિદ્ધાંત સાચો થઇ જાય. અર્થાત્ મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય છે, પશુ-પક્ષી-મરીને પશુ-પક્ષી પણ થાય છે. એમ માન તો અનેકાન્તવાદ આવશે. અહીંયાં અનેકાન્તવાદ બધા દોષોને દૂર કરનાર મહાન સિદ્ધાન્ત છે. જોકે બધે જ 'જ'ના સ્થાને 'પણ' લગાડીને અનેકાન્તવાદ માનવાની કોઇ ભૂલ કરી ન લેશો. બધે જ સરખો નિયમ નથી ચાલતો.

એટલે મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય છે. આનાથી તને એમ સમજાશે કે મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય છે, અને બીજા જીવ પણ થાય. અર્થાત્ પશુ-પક્ષી-સ્વર્ગીય દેવ અને નારકી પણ થઇ શકે છે.

આપણે ઇચ્છા અને ભાવના જરૂર રાખીએ કે મરીને ફરી મનુષ્ય જ થઇએ પણ તે માટે મનુષ્ય ગતિ યોગ્ય નામકર્મ બાંધવું જોઇએ.

જીવોની ગતિ આગતિ....

ચારે ગતિના જીવો ગમનાગમન કરે છે. તે પહેલા આપણે સાથિયાના ચિત્રથી જોયું કે કોણ કઇ ગતિમાં જાય છે. અહીંયાં આપણે એ વિચાર કરી લઇએ કે જીવનું ગતિઓમાંથી ગમનાગમન જવા-આવવાપણું થાય છે તો કોનું કયાંથી ક્યાં ગમન આગમન થાય છે ? તે માટે દંડકમાં છેલ્લું ચોવીશમું ગતિ-આગતિ દ્વાર સમજાવ્યુ છે. તે આ પ્રમાણે છે -

હાથી- ઘોડા વગેરે પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ પશુઓ મરીને દેવ ગતિમાં પણ જાય છે. જેમ ચંડકૌશિક સાપ મરીને આઠમા સહસ્રાર દેવલોકમાં દેવ થયો. પાર્શ્વકુમારે બળતા સાપને નવકાર સંભળાવ્યા અને તે મરીને નાગરાજ ધરણેન્દ્ર દેવ થયો.

દેવલોકના દેવતાઓ સ્વર્ગમાંથી આવીને અહીંયાં સંખ્યાત વર્ષના લાંબા આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ ઘોડા-ગધેડામાં પણ આવીને ઉત્પન્ન થાય છે. મનુષ્યગતિમાં પણ આવે છે અને તમને આશ્ચર્ય તો એ વાતનું થશે કે બાદર પૃથ્વીકાયમાં રત્ન, હીરા-મોતીમાં અને પાણી-અપ્કાયમાં પણ દેવતાઓ આવીને ઉત્પન્ન થઇ શકે છે.

મનુષ્યો અને પશુ-પક્ષીઓ નરક ગતિમાં જઇને સાતેય નરકમાં ઉત્પન્ન થઈ છે. જેમ શ્રેણિક મહારાજા નરકમાં ગયા. ભગવાન મહાવીરનો જીવ ૨૭ ભવની પરંપરામાં બે વાર નરકમાં ગયો.

તીર્થંકરોના ભવોમાં ગતિસ્પર્શ ....

શ્રી આદીશ્વર-શાંતિનાથ શ્રી મહાવીર સ્વામી આદિ તીર્થંકરોના પણ સમ્યક્ત્વ પામ્યા પછી મર્યાદિત ભવો થયા છે. દા. ત. ૧૩, ૧૦, ૨૭ વગેરે. અને એમાં તે આત્માઓ પણ સ્વકર્માનુસારે તે તે ગતિમાં ગયા છે. દા. ત, ઋષભદેવ ભ.નો જીવ ૧૩ ભવમાં દેવ અને મનુષ્ય, મનુષ્ય અને દેવ એમ બે જ ગતિમાં ૧૩ ભવ કરે છે. નેમિનાથ ભ. પણ દેવ-મનુષ્યની ગતિમાંજ ૯ ભવ કરે છે. ભગવાન પાર્શ્વનાથનો જીવ ૧૦ ભવમાં ૧ ભવ તિર્યંચ ગતિમાં હાથીનો કરે છે. એટલે તે ૩ ગતિમાં ગયા અને ભગવાન મહાવીર સ્વામીનો આત્મા ૨૭ ભવમાં ચારે ગતિમાં ગયો છે. ૧૯મો ભવ સાતમી નરકમાં; એકવીસમો ભવ ફરી ચોથી નરકમાં, અને વચ્ચેનો ૨૦મો ભવ સિંહનો કર્યો. એક ભવ તિર્યંચ ગતિમાં, બે ભવ નરકમાં અને બાકીના દેવ-મનુષ્ય ગતિમાં એમ ચારે ગતિમાં થઈને ૨૭ ભવ કર્યા છે.

૧૪ ભવ મનુષ્ય ગતિમાં		દેવગતિમાં ૧૦ ભવ
૧ ભવ તિર્યંચ ગતિમાં	卐	નરકગતિમાં ૨ ભવ

૧૪+૧૦+૧+૨ = ૨૭ ભવ કુલ ચારે ગતિમાં થયા. ૨૭ ભવમાં ઉપરાઉપરી પાંચમા અને છઠ્ઠા તથા ૨૨મા અને ૨૩મા ભવમાં મનુષ્ય થયા છે. આનાથી એ પુરાવો

સિદ્ધ થાય છે કે ઉપરાઉપરી મનુષ્યભવ પણ મળી શકે છે અને બીજા ભવો જોતાં એક આત્મા ચારે ગતિમાં પણ જઈ શકે છે. હે સૌમ્ય સુધર્મ ! હું પોતે જ ચારે ગતિમાં જઈને આવ્યો છું. માટે જન્માન્તર સાદૃશ્ય ન સ્વીકાર. તેના બદલે જન્માન્તર વૈસાદૃશ્ય પક્ષ સ્વીકાર.



નરકના જીવોની ગતિ આગતિ....

મનુષ્યો અને તિર્યંચો મરીને સાતે નરકમાં જઇ શકે છે અને તે જ પ્રમાણે સાતે નરકના જીવો મરીને પાછા આ બે જ ગતિમાં આવીને ઉત્પન્ન થાય છે. જેવાં પાપકર્મો કરીને નરકગતિ બાંધી હોય તો જીવ નરકગતિમાં પણ જાય. રાત્રિભોજન, હિંસા, ખૂન, રૌદ્રધ્યાન આદિના ભયંકર પાપો કરીને જીવો નરકમાં પણ જાય છે.

આ ચિત્રમાં એક સુખી-શ્રીમંત શેઠ પણ જીવનમાં ભયંકર પાપ કર્મો કરીને નરકમાં જાય છે તે બતાવવામાં આવ્યું છે.

નારકી જીવો સિવાયના બીજા જીવો મરીને પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં આવીને ઉત્પન્ન થઇ શકે છે.

પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાયના જીવો મરીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બે ઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય, તિર્યંચ પશુ-પક્ષી તથા મનુષ્ય તરીકે પણ ઉત્પન્ન થાય છે.

અગ્નિકાય તથા વાયુકાયના જીવો મનુષ્ય સિવાય પૃથ્વી આદિ નવેમાં જઇને જન્મી શકે છે. અગ્નિકાય, વાયુકાયમાંથી મરીને સીધા કોઇ મનુષ્ય થઇ શકતા નથી.

મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ પશુ-પક્ષી મરીને ચારે ગતિમાં બધે જ જઇને ઉત્પન્ન થઇ શકે છે, અને એ જ પ્રમાણે ચારે ગતિમાંથી આવીને પણ આ ગર્ભજ તિર્યંચ પશુ પક્ષી તથા મનુષ્યમાં ઉત્પન્ન પણ થઇ શકે છે.

આ પ્રમાણે જીવો ચારે ગતિમાં જાય આવે છે. તેમાં પણ કોણ ક્યાં ઉત્પન્ન થાય? અને ક્યો જીવ કઇ ગતિમાંથી આવીને ક્યાં ઉત્પન્ન થાય છે ? તે સર્વજ્ઞ પરમાત્માએ અન્નત જ્ઞાનથી જોઇને જણાવ્યું છે.

હે સુધર્મ ! જો તારા મત પ્રમાણે જીવ મરીને જેવો હતો, તેવો જ અને તે જ થાય છે એમ જો માનીએ તો જીવનું ચારે ગતિનું પરિભ્રમણ સિદ્ધ જ નહીં થઇ શકે. અને ચારે ગતિનું પરિભ્રમણ સિદ્ધ નહીં થાય તો અનન્તી વાર ૮૪ લાખ જીવયોનિઓમાં જીવ ઉત્પન્ન થયો છે એ પણ કેવી રીતે સિદ્ધ થશે? તારા માનવા પ્રમાણે તો એવું સિદ્ધ થશે કે જીવ એક જ યોનિમાંથી અનંતા કાળથી ઉત્પન્ન થયો છે એવું લાગશે કારણ તું એવું માને છે કે જીવ આ ભવમાં જેવો છે તેવો જ મરીને આવતા ભવમાં થાય છે.

અનન્તા જન્મ મરણ....

પણ ના. તારો આ પક્ષ યોગ્ય સિદ્ધ નહીં થાય. કહ્યું છે કે –

न सा जाई न सा जोणी, न तत् ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

હે સુધર્મ ! આ ચૌદ રાજલોકના અનન્ત બ્રહ્માંડમાં એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ (ઉત્પત્તિસ્થાન) નથી, એવું કોઇ સ્થાન નથી અને એવું કોઇ કુળ પણ નથી જ્યાં જીવો અનન્તવાર જન્મ્યા-મર્યા ન હોય, અર્થાત્ જીવ આ સંસારમાં ચારે ગતિમાં, પાંચે જાતિમાં, સર્વ જાતિ, ૮૪ લાખ જીવયોનિઓમાં, સર્વ સ્થાનોમાં, સર્વ કુળોમાં એક વાર નહીં અનન્તવાર જન્મમરણ કરી ચૂક્યા છે.

तं किंचि नत्ति ठाणं लोए वालग्ग कोडि मितं पि ।
जत्थ न जीवा बहुसो सुहदुह परंपरं पत्ता ॥

ભગવાને કહ્યું- હે સુધર્મ. આ ચૌદ રાજના અનન્ત વિશાળ બ્રહ્માંડમાં અસંખ્ય આકાશપ્રદેશ પ્રમાણ આ લોકમાં એક વાળના અગ્રભાગ જેટલો નાનો ટુકડો મુકાય એટલી જગ્યા પણ ખાલી નથી કે જયાં જીવે અનેકવાર સુખદુઃખની પરંપરા ન અનુભવી હોય. અર્થાત્ એક એક આકાશપ્રદેશે જીવ અનેકવાર જન્મ-મરણ કરી ચૂક્યો છે- હે સુધર્મ ! હવે વિચાર કર, તારો એક જ જન્માન્તર સાદશ્ય પક્ષ સ્વીકારવાથી કેવી રીતે ચાલશે? કયારેક જીવ સૂક્ષ્મ શરીરમાં જઇને રહ્યો છે તો કયારેક જીવ સ્થૂલ શરીરમાં જઇને રહ્યો છે એવી રીતે ચારે ગતિના બધા જ જન્મો કર્યા છે. કોઇ પણ ગતિ-જાતિ વગેરે બાકી નથી.

ક્રિયા કર્મ પ્રમાણે જન્મ-મરણ....

एगया देवलोएसु नरएसु वि एगया ।
एगया आसुरं कायं अहाकमेहि गच्छइ ॥
एगया खत्तियो होइ, तओ चंडाल बक्कसो ।
तओ कोंड व्यपी पयंगोय तओ कुंथुं पिपीलिया ॥

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી ભગવંતે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પોતાની અંતિમ દેશનામાં કહ્યું કે આ જીવ એક વખતે દેવલોકમાં (સ્વર્ગમાં) ઉત્પન્ન થાય છે અને એક વાર નરકમાં પણ જાય છે. કયારેક અસુરકુમારમાં પણ જન્મે છે. ખરેખર જીવે જેવા કર્મ કર્યા હોય છે તેવી તેની ગતિ પણ થાય છે. અરે ! એક જન્મમાં ક્ષત્રિય બનેલો જીવ બીજા જન્મમાં ચંડાળ પણ થાય છે. વર્ણસંકર કે તેના કરતાં પણ ઊતરતી જાતિમાં જઇને પણ જીવ જન્મે છે. એટલું જ નહીં પણ ઊતરતા કૃમિ, કીટ, પતંગિયા, કીડી, મંકોડામાં પણ જન્મે છે.

स्वर्गीपतति साक्रन्द, श्वास्वमधिरोहति ।
श्रोत्रिय : सारमेय : स्यात् कृमिर्वा श्वपदोडपिवा ॥

કયારેક સ્વર્ગમાંથી જીવ દેવતા આક્રન્દ કરતો કરતો આવીને તિર્યંચ ગતિમાં પશુ-પક્ષીરૂપે પણ જન્મે છે, તો કયારેક પશુગતિનો કૂતરો મરીને ઊંચે સ્વર્ગમાં દેવ પણ થાય

છે. કૂતરાને અથવા અસ્પૃશ્ય ચંડાળને અડી જવાથી પાપ લાગે, ફરી સ્નાન કરવું પડે એવું માનનારા શ્રોત્રીય બ્રાહ્મણ પણ મરીને કૂતરા તરીકે જન્મે છે. કૃમિ-કરમિયા પણ થાય છે. અથવા ચંડાળ પણ થાય છે. આ પ્રમાણે એક ગતિમાંથી બીજી ગતિમાં, બીજીગતિમાંથી ત્રીજી ગતિમાં એમ જીવ સતત પરિભ્રમણ કર્યા કરે છે. આ પ્રમાણે જ્ઞાનાર્ણવ ગ્રન્થમાં કહ્યું છે.

कम्मूणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
वहसो कम्मुणा होइ, सुद्धो हवइ कम्मुणा ॥

કર્યા કર્મ પ્રમાણે જ કોઇ બ્રાહ્મણ થાય છે, અને કર્મથી જ કોઇ ક્ષત્રીય થાય છે, કર્મ પ્રમાણે જ કોઇ વૈશ્ય બને છે, અને શૂદ્રપણું પણ કર્મના કારણેજ મળે છે. માટે જીવ જેવા કર્મ કરે છે. તેવા જ જન્મો તેને મળે છે. સારા -ખરાબ તેવી ગતિ-જાતિ-જન્મ વગેરે પામે છે.

ચારે ગતિમાં જવા યોગ્ય કર્મો ....

આઠ કર્મોમાં નામકર્મ છે. તેમાં ગતિ નામકર્મ છે. અને જે ચાર ગતિ છે તે જ નામના ચાર આયુષ્યો પણ કહેવાય છે. દેવગતિમાં દેવાયુષ્ય, નરકગતિમાં નરકાયુષ્ય, તિર્યંચગતિમાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યગતિમાં મનુષ્યાયુષ્ય શું શું કરવાથી જીવ તે તે ગતિનું આયુષ્ય ઉપાર્જન કરી શકે છે? તે જણાવતાં ચારે ગતિના આયુષ્યોના કારણો કહ્યાં છે.

નરક ગતિ યોગ્ય આયુષ્યબંધના કારણો....

''बह्वारंभपरिग्रहत्वं च नारकस्यायुषः''- तत्त्वार्थ.
''बंधइ निरयाउ महारंभपरिग्गहरओसद्यो ॥''–કર્મગ્રન્થ.

મહાઆરંભ-સમારંભ કરવાથી અર્થાત્ જેમાં વધુ હિંસા પાપ થતાં હોય તેવા મોટા આરંભ-સમારંભ કરવાથી તેમજ ઘણાં પરિગ્રહ રાખવાના કારણે, તીવ્ર ક્રોધાદિ કષાયના કારણે રૌદ્રધ્યાનમાં મરવા અને મારવાના વિચારોના કારણ, સતત હિંસા કરીને પશુ-પક્ષી મારવાના કારણે, પંચેન્દ્રિય જીવોની હત્યા કરવાના કારણે, મદ્ય-માંસનું સેવન કરનારા જીવો, અત્યન્ત કામુક, તીવ્ર વિષયવાસનાવાળા જીવો; મિથ્યાત્વી, મુનિ-સાધુસંતની હત્યા કરનારા, મહાચોર, વ્રતખંડિત કરનારા, રાત્રિભોજન કરનારા તીવ્ર મત્સર બુદ્ધિવાલા, ભયંકર કષાયવૃત્તિવાળા જીવો મોટા ભાગે નરક ગતિનું આયુષ્ય બાંધીને નરકમાં જાય છે.

તિર્યંચગતિમાં લઇ જનાર કારણો....

माया तैर्यग्योनस्य - तत्त्वार्थ,
''तरिआउ गूढहिअओ, सढो ससल्लो''- પ્રથમ કર્મગ્રન્થ.

-મુખ્યપણે માયા, કપટ, છલ, પ્રપંચ, દગો, વિશ્વાસઘાત કરનારા જીવો, ''મૂંહ મેં રામ ઔર બગલ મેં છૂરી'' જેવો સ્વભાવ રાખનારા કપટ જીલો, હૈયામાં બજા પ્રત્યે ડંખ રાખનારા ગૂઢ હૃદયવાલા, શઠ, મૂર્ખ સ્વભાવી શલ્ય સહિત વૃત્તિવાળા, કોઇને પણ ઠગનારા, શીયળ રહિત દુરાચારી, તીવ્ર લોભ કરનારા, મિથ્યાત્વનો ઉપદેશ કરનારા, વ્યાપારમાં પણ અનીતિ કરનારા, કુકર્મની વાતો શિખવાડનારા તથા ખોટા પાપના વખાણ કરનારા, ભેળસેળ કરીને વેચનારા, ચોરી-જૂઠ વગેરેનું સેવન કરનારા, તીવ્ર આહાર સંજ્ઞાના કારણે વારંવાર ખાનારા-પિનારા નીલ અને કાપોત લેશ્યાવાળા જીવો, મોટા ભાગે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે છે અને મરીને ઘોડો-ગધેડા તરીકે જન્મે છે.

૩.મનુષ્યગતિમાં લઇ જનાર કારણો ....

''अल्पारंभपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य''- तत्त्वार्थ
'' पयइइ तणु कसाओ, दाणरूई माज्झिमगुणो अ''– કર્મગ્રંથ

– જેમાં છએ કાયના જીવોની હિંસા થતી હોય એવા અત્યન્ત અલ્પ આરંભ સમારંભ કરવાવાળો વ્યક્તિ, સ્વભાવે મૂદુસ્વભાવી, વિનયી-નમ્ર તથા ઋજુ એટલે સરલ સ્વભાવી અર્થાત્ ફૂટ-કપટ છલ પ્રપંચનો સ્વભાવ ન હોય. ભદ્રિક પરિણામી હોય, જેના ક્રોધાદિ કષાયો બહુ પાતળા પડી ગયા હોય તથા દાન, શિયળ, તપ-ભાવના, ધર્મની રૂચિવાળો હોય, ક્ષમા, મૂદુતાના ગુણોવાળો હોય, જિનેશ્વર પરમાત્માની પૂજા-ભક્તિવાળો, ધર્મધ્યાનવાળો, ન્યાયપ્રિય, નીતિપ્રિય થઇ કોઇને પણ અન્યાય-અનીતિ ન કરનારો હોય, સાધુ-સંતો પ્રત્યે આદર ધરાવનારો, પરનિંદાનો ત્યાગી, પરોપકારી જીવો મનુષ્યગતિનું આયુષ્ય બાંધીને મૃત્યુ પછી મનુષ્ય તરીકે ઉત્પન્ન થઇ શકે છે.

આ પ્રમાણે ચાર ગતિ અને આયુષ્યના કારણો બતાવ્યાં આવા આવા કારણોનું સેવન કરનાર જીવ તે તે ગતિમાં જઇ શકે છે. કઇ ગતિમાં જઇને જનમવું? અને ત્યાં કેટલા વર્ષનું આયુષ્ય વાળવું? એ બધું જીવના પોતાના હાથમાં છે. નહીં કે કોઇ ઇશ્વર, બ્રહ્મા કે બીજી જગતની કોઇ સત્તાના હાથમાં નથી. જીવ જે પ્રમાણે જેવા કર્મ બાંધે તેવા તે જન્મ કરે છે. તેવી ગતિ અને આયુષ્યની કાળમર્યાદા પણ જીવ જે ઉપરોક્ત કારણોના સેવનથી ઉપાર્જન કરે તે જ પામે છે.

જૈન દર્શનની અનેકાન્તતા....

હે સુધર્મ ! જીવ આ જ ગતિમાં જાય એવું આપણે કંઇ પણ નિશ્ચિત નથી હોતું માટે આપણે એક જ ગતિ કે એક જ પક્ષ પકડી રાખીએ તે પણ યોગ્ય નથી. કારણ કે જીવની ગતિ અને આયુષ્ય વગેરે જીવે પોતે બાંધેલા કર્મ ઉપર છે. નહીં કે તમારી મારી માન્યતા ઉપર. જેમ આ પ્રમાણે જીવ ચારે ગતિમાં જઇ શકે છે. તેનાં વિવિધ કારણો આપણે વિચાર્યા. તે પ્રમાણે એક અપેક્ષાથી તારો પક્ષ પણ આ સિદ્ધાન્તના એક અંગ તરીકે, એક

અપેક્ષાથી એ પણ સાચો ઠરે છે. પરન્તુ તું જ એમ કહેતો હોય કે ''જ''... મનુષ્ય મરીને મનુષ્ય જ થાય એ યોગ્ય નથી. મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય. અર્થાત્ મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય અને તે મનુષ્ય સંભવ છે કે દેવ-નારક, કે પશુ-પક્ષી પણ થાય, માટે એક જ પક્ષ માની એકાન્તવાદ માનવો એ યોગ્ય નથી. પરન્તુ સ્યાદ્- આપેક્ષાથી ઉભયપક્ષ માની અનેકાન્તવાદી થવું વધુ યોગ્ય છે.

જે ગતિમાંથી જીવ આવ્યો છે તે જ ગતિમાં જવાના કારણો ....

હવે હે સુધર્મ ! તારા મત પ્રમાણે પણ જોઈએ તો કેટલોક અંશ સાચો પડે છે- તેનો પણ વિચાર કરીએ. શ્રી કલ્પસૂત્ર જેવા પવિત્ર આગમમાં બતાવવામાં આવ્યું છે કે જીવ જે ગતિમાંથી આવ્યો છે પાછો તે જ ગતિમાં પણ જઈ શકે છે. એટલે અત્યારે ઉપસ્થિત અને જીવન જીવતા મનુષ્યોને જોઈને એની કરણી જોઈને આપણે જાણી શકીએ છીએ કે આ જીવ કઈ ગતિમાંથી આવ્યો છે અને પછી કઈ ગતિમાં જવાનો છે- તે માટે કલ્પસૂત્રમાં કહ્યું છે કે -

सुद्धर्म सुभगो नीरुक्, सुस्वप्नः सनयः कवि : ।
सूचयत्यात्मानं श्रीमान्, नरः स्वर्गगमाऽऽगमौ ।।

- જે મનુષ્યોનો જીવ અત્યારે આ જન્મમાં સારી ધર્મારાધના કરતો હોય. સારો ધર્મપાલન કરતો હોય સૌભાગ્યશાળી-એટલે સારો ભાગ્યશાળી હોય, શરીરમાં ઘણા રોગો ભરેલા ન હોય, અર્થાત્ નીરોગી હોય, જેને સારા શુભ સ્વપ્નાઓ આવતા હોય, જે મનુષ્ય સારી નીતિરીતિનું પાલન કરતો હોય, અને કવિવૃત્તિવાળો હોય એવો જીવ સ્વર્ગ-દેવગતિમાંથી આવ્યો છે. અને આ જ કરણીના આધારે પાછો સ્વર્ગ-દેવગતિમાં જવાનો છે એમ શ્રી કલ્પસૂત્રમાં જણાવે છે.

निर्दम्भः सदयो दानी, दान्तो-दक्षः-सद्य-ऋजुः ।
मर्त्ययोनेः समुद्रभूतो, भविता च पुनस्तथा ।।

શ્રી કલ્પસૂત્રના ટીકાકાર વિનય વજિયજી ઉપાધ્યાય જણાવે છે કે- જે મનુષ્ય સ્વભાવથી નિર્દમ્ભી હોય, દમ્ભનું સેવન ન કરતો હોય, દયાળુ અને ઉદાર દાનવીર હોય, ઇન્દ્રિયોને વશમાં (તાબે) રાખનારો જિતેન્દ્રિય હોય, સજ્જન હોય, સરળ સ્વભાવવાળો હોય, તો એમ સમજવું કે આવો જીવ મનુષ્યગતિમાંથી આવ્યો છે, અને પાછો મૃત્યુ પછી મનુષ્યગતિમાં જઈને ઉત્પન્ન થવાની યોગ્યતા ધરાવે છે.

तिर्यंच गति संबंधि जणावे छे के ....

माया-लोभ-क्षुधा ऽऽलस्य बह्याहारादिचेष्टितैः ।
तिर्यग्योनि समुत्पत्तिं, ख्यापयत्यात्मानः पुमान् ।।

જે પુરૂષ કપટીવૃત્તિવાળો માયાવી હોય, ભૂખ બહુ તીવ્ર લાગતી હોય અને તેના કારણે બહુ ખાતો હોય, વારંવાર ખા-ખા કરતો હોય, આહારની સંજ્ઞા બહુ ભારે હોય, અને ઘણું આળસ-પ્રમાદ હોય. તે પુરૂષ તિર્યંચગતિના પશુ-પક્ષીના ભવમાંથી આવ્યો છે અને ફરી આજ કારણો ચાલુ રહ્યાં તો સમજવું કે તે મરીને ફરી પાછો તિર્યંચગતિમાં જવાનો છે.

નરક ગતિ સંબંધિ જણાવે છે કે ....

सरागः सज्जनद्वेषी, दुर्भाषी मुर्खसङ्गत ।
शास्ति स्वस्यगता-ऽऽयातं, नरोनरकवर्त्मनि ।।

તીવ્ર રાગ-દ્વેષ કરનારો, વધુ પડતું મોહ-મમત્વ દેખાડનારો, પોતાના જ સ્વજનો તથા જ્ઞાતિ-જાતિ પરિવારના લોકો ઉપર દ્વેષ કરનારો, ગાળા-ગાળીથી ભરેલી ખરાબ ભાષા બોલનારો, મૂર્ખાઓની સોબત કરનારો, રોદ્રધ્યાનવાળો, કૃષ્ણાદિ ખરાબ લેશ્યાવાળો ભયંકર રાગ-દ્વેષ કરનારો જીવ નરકમાંથી આવ્યો છે અને પાછો નરકમાં જવાનો છે એમ સૂચવે છે.

આ પ્રમાણે હે સુધર્મ ! કયો જીવ કઈ ગતિમાંથી આવ્યો છે અને પાછો કઈ ગતિમાં જવાનો છે એમ સૂચવ્યું છે. તે તે જીવના કર્યા કર્મ પ્રમાણે જ ગતિ અને જાતિ વગેરે બધું જીવને મળે છે. પરન્તુ તારા પક્ષ પ્રમાણે જો વિચાર કરે તો ફક્ત મનુષ્યગતિમાંથી જીવ આજે આવીને આવા કારણો કરીને મરીને પાછો મનુષ્ય થઇ શકે. તે મુજબ જ તિર્યંચગતિના પશુ-પક્ષી પણ તિર્યંચમાંથી આવ્યા છે અને પાછા તિર્યંચગતિમાં જવાના છે તે સંભવી શકે.

પણ મનુષ્ય પણ આહાર સંજ્ઞાની તીવ્રતા, માયા વગેરેના કારણે તિર્યંચ ગતિમાં જઇ શકે છે અને સ્વર્ગ કે નરકમાંથી પણ આવેલા જીવો અહીંયાં મનુષ્ય કે તિર્યંચ થયા હોય અને અહીંથી પાછા યોગ્ય કાર્યો શુભ અશુભ કર્મ પ્રમાણે સ્વર્ગ-નરક (સારી-ખરાબ) ગતિમાં પણ થઇ શકે છે. ''જૈસી કરણી વૈસી ભરણી'' જેવું કરે છે તેવું જ પામે છે. માટે હે સુધર્મ ! એક જ એકાન્ત માર્ગ પકડી રાખવો એ હિતાવહ નથી.

સ્વભાવવાદ પણ યોગ્ય નથી....

હે સુધર્મ ! જો જન્માન્તરની પાછળ જીવોના કોઇ કર્મ કારણ નથી અને માત્ર સ્વભાવ પ્રમાણે જ જન્માતર થયા કરે છે. એમ જો માનીશ તો સ્વભાવવાદની પાછળ ઘણા દોષો આવશે તો પણ સદૃશતા જ ઘટશે એવું પણ નથી. વિસદૃશતા પણ ઘટશે. તો પછી સ્વભાવથી તો ભવનો વિચ્છેદ કેમ નહીં થઇ જાય? એમ સ્વભાવ માનવા જતાં તો વસ્તુ માત્રના સ્વભાવો વિચિત્ર છે અને વસ્તુ ઉત્પાદ-વિનાશ તથા નિત્ય સ્વભાવી છે. તો પછી સાદૃશ્યતા જ કેવી રીતે ઘટી શકશે?

વળી આ સ્વભાવ એ વસ્તુ ધર્મ છે કે આત્મધર્મ છે? જન્માન્તર કોનો થાય છે? આત્માનો ને શરીરનો ? આત્માનોને તો પછી કયાં પ્રશ્ન રહ્યો? આત્મ સ્વરૂપથી જગતના સર્વ જીવો સમાન છે. પણ પર્યાયભેદ છેઃ કોઇ દેવ છે. કોઇ મનુષ્ય, પશુ વગેરે છે આ પર્યાયો કર્મજન્ય છે અને લોકવ્યવહારમાં પ્રસિદ્ધ ક્રિયામાં જયારે પરસ્પર જીવોમાં ભેદ અને વિસદૃશતા, તથા વિચિત્રતા દેખાય છે તો પછી તેના જ કાર્યરૂપ જન્માન્તર-ભવાન્તરમાં વિસદૃશતા કેમ નહીં દેખાય ?

પુનર્જન્મ અને પરભવો પણ કર્માનુસાર જ થાય છે. માટે હે સુધર્મ ! એકાન્તે માત્ર સ્વભાવવાદ પક્ષ જ માનવો એ પણ હિતાવહ નથી. આ પ્રમાણે સુધર્મ પંડિતે ભગવાન મહાવીર સ્વામી સાથે સ્વભાવવાદ વિષે પણ ઘણી ચર્ચા કરી. પરન્તુ તેમાં પણ અનેક દોષો દેખાતાં તે પક્ષ પણ છોડવો પડયો. સાચો ન હતો અને કર્મ કારણવાદ પક્ષ સ્વીકારવો પડયો. કર્મકારણતાના કારણે જ જીવોમાં બધી જ વિસદૃશતા ઘટે છે. અન્યથા કર્મ કારણતા ન માનવાથી સંસારમાં જીવોમાં વિસદૃશતા ઘટવાની કોઇ સંભાવના નથી.

વેદપદોથી પણ જન્માન્તર વૈસદૃશ્ય....

"अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः" વળી હે સુધર્મ ! તુ જે વેદપદોમાંથી જન્માન્તર સાદૃશ્ય માને છે તે જ વેદપદોમાં જન્માન્તર વૈસાદૃશ્ય બતાવતાં સ્પષ્ટ કહ્યું છે કે- અગ્નિહોત્ર યજ્ઞ કરવાથી સ્વર્ગ મળે છે, સ્વર્ગ મેળવવાની ઇચ્છાથી અગ્નિહોત્ર યજ્ઞ કરવો. આમાં તો મનુષ્ય મરીને સ્વર્ગીય દેવ થશે. તો પછી તારો પક્ષ કયાં રહ્યો? "अग्निष्टोमेन यमराजमभिजयति"- મૈત્ર્યુપનિષદ-૬-૩૬માં કહ્યું છે કે- જે અગ્નિષ્ટોમ યજ્ઞ કરે છે તે યમના રાજ્યને પણ જીતે છે અર્થાત્ મેળવે છે. મનુષ્ય સ્વર્ગમાં યમનું રાજય પામે. સ્વર્ગીય દેવ બને. તો પણ તારી માન્યતા કયાં ગઇ?

બીજું તારી માન્યતા પ્રમાણે જો ફકત જન્માન્તર સાદૃશ્ય જ માનીશ તો ધર્મ-ધ્યાન, આરાધના, દાન-પુણ્ય, પૂજા-ભકિત આદિ સર્વ ધર્મ ક્રિયાના વિધાનો-અનુષ્ઠાનો નિરર્થક સિદ્ધ થઇ જશે. માટે ખૂબ વિચાર કરીને યોગ્ય હોય તે માન.

વેદપદનો સાચો અર્થ....

"पुरुषो वै पुरुषत्वमश्नुते, पशवः पशुत्वं"

હે સુધર્મ ! આ વેદપદથી તને જે શંકા થઇ એનું કારણ તેં આ વેદપદનો અર્થ ખોટો કર્યો હતો. હકીકતમાં સાચો અર્થ એવો છે કે- જે કોઇ પુરૂષ આ જન્મમાં સ્વભાવથી ભદ્ર સરળ સ્વભાવવાળો હોય, વિનીત= નમ્ર, મૃદુ હોય, ઇર્ષા, દ્વેષ, અદેખાઇ-મત્સર વગેરે દુર્ગુણોથી રહિત હોય તે જીવ મનુષ્ય ગતિ યોગ્ય મનુષ્ય નામગોત્ર તથા મનુષ્યનું આયુષ્ય બાંધીને, તે કર્મ ઉપાર્જન કરીને મૃત્યુ પામ્યા પછી મનુષ્ય પણું પામે છે, અને તેથી વિપરીત

પશુપણું પણ પામે છે. એવો કોઇ નિયમ છે કે સર્વ જીવો, સર્વ મનુષ્યો મનુષ્ય પણું જ પામે? ના....

જીવમાત્ર સ્વ- સ્વકર્માનુસાર બાંધેલ, ઉપાર્જન કરેલા તે.. તે, ગતિ-જાતિ-આયુષ્ય કર્માનુસાર-મૃત્યુ પછી-જન્માન્તરમાં પ્રાપ્ત કરે છે. આ જન્મની સાદૃશ્યતા-સમાનતા માનવાની એકાન્ત પણે કોઇ આવશ્યકતા નથી. કર્મ પ્રમાણે આગામી જન્મમાં વિસદૃશતા પણ થાય છે. અને હે સુધર્મ! મોટા ભાગે તો જીવોની જન્માન્તરમાં વિસદૃશતા જ થાય છે. સમાનતા તો બહુ ઓછા વિરલા જીવોની રહે છે.

સુધર્માની શંકાનું સમાધાન અને દીક્ષા....

छिन्नम्मि संसयम्मि जिणेण जरामरणविप्पमुक्केणं ।
सो समणो पव्वइओ पंचहिं सह खंडिय सएहिं ।।

આ પ્રમાણે જન્મ-જરા-મરણથી રહિત સર્વજ્ઞ એવા શ્રી મહાવીર પ્રભુની સાથે વાદ કરતા સુધર્માની શંકાઓનું સમાધાન થયું. અભિમાન વૃત્તિના ત્યાગવાળા એવા દ્વિજોત્તમ પંડિત સુધર્મા પણ તર્ક-યુક્તિઓ સાથે પોતાને સંતોષકારક સમાધાન થવાથી, અને વેદપદોનો સાચો અર્થ જાણવા મળવાથી પોતાનું અજ્ઞાન દૂર થવાથી સુધર્મા પણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુનાં ચરણોમાં દીક્ષા લઈને સાચા અણગાર થયા. સાધુ બન્યા. અને ભગવાન મહાવીરના શાસનમાં પાંચમા ગણધરપદે બિરાજમાન થયા.

વર્તમાન કાળના સમસ્ત સાધુ સમાજની પાટ પરંપરાના આદ્ય ગુરુ, મુખ્ય અને મૂળ ગુરૂ સુધર્માસ્વામી બન્યા. અગિયારે ગણધરોમાં સહુથી મોટી ઉંમર એટલે ૧૦૦ વર્ષવાળા તેઓ હોવાથી બધા ગણધરોએ પોતાની શિષ્યપરંપરા વગેરે સુધર્મા સ્વામીને સોંપી, અને વર્તમાન દ્વાદશાંગી પણ સુધર્મા સ્વામીની જ છે. પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામીને કોટિ કોટિ વંદના.

છઠ્ઠા ગણધર

શ્રી મંડિક સ્વામી

કર્મ બંધ સિદ્ધિ

(વ્યાખ્યાન આઠમું)

શંકા : કર્મનો બંધ થાય છે કે નહીં ?

ते पव्वइए सोऊं मंडिअ आगच्छन्ई जिणसगासं ।
वच्चामि णं वंदामि वंदित्ता पज्जुवात्तासमि ।।

પ. પૂ. ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવંતને નમસ્કાર...

પોતાની પૂર્વે ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યકત, સુધર્મા આદિ જેવા દિગ્ગજ ધુરંધર વિદ્વાન પંડિતોને વિશાળ શિષ્ય પરિવાર સાથે સર્વજ્ઞ શ્રી મહાવીર સ્વામી સાથે-વાદ ચર્ચા કરતા શંકાના સમાધાન પછી તેમનું શિષ્યત્વ તથા ચારિત્ર અંગીકાર કર્યું છે એમ સાંભળીને– જાણીને, છઠ્ઠા દ્વિજોત્તમ મોરીયસન્નિવેષ ગામના વાશિષ્ઠ ગોત્રના વિદ્વાન પંડિત શ્રી મંડિક ધનદેવ વાશિષ્ઠ પણ પોતાના ૩૫૦ શિષ્યોના પરિવાર સાથે શ્રી મહાવીર સ્વામી સાથે વાદ કરવા જવા માટે તૈયાર થયા. સ્વસ્થાનથી નિકળીને માર્ગમાં ચાલતા ચાલતા અપાપાનગરીની બહાર મહસેન ઉદ્યાનમાં સમવસરણે આવ્યા.

પરમાત્મા શ્રી સર્વજ્ઞ મહાવીર સ્વામીના અતિશયો અને પ્રાતિહાર્યો જોઇને સ્તબ્ધ થયેલા પંડિત મંડિક સમવસરણના પગથિયા ચઢીને ઉપર ગયા. ત્યાં તો કરૂણાના સાગર દયાના ભંડાર શ્રી વીર પરમાત્માએ મધુર અને મીઠી ભાષામાં આવકાર આપીને બોલાવ્યા.

किं मन्ने बंध मोक्ख संति न संतित्ति संसओ तुज्झ ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ।। १८०४ ।।

જન્મ- જરા-મરણથી રહિત સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર શ્રી મહાવીર મહારાજાએ તેના નામ-તથા ગોત્રના નામપૂર્વક આવકાર આપીને બોલાવ્યા. હે વાશિષ્ઠ ગોત્રીય મંડિક આવો ભલે આવ્યા. અને મંડિક આ મધુર આવકાર પામીને આગળ વધ્યા. ત્યાં તો પ્રભુએ તેના મનની શંકાને પ્રગટ કરતા કહ્યું કે-

મંડિકની શંકાનો વિષય -

आभट्ठो य जिणेणं जाइ-जरा-मरण विप्पमुक्केणं ।
नामेण य गोत्तेण य सव्वण्णूसव्वदरिसीणं ।। १८०३ ।।

હે મંડિક ! તું એમ માને છે કે 'બંધ અને મોક્ષ છે કે નથી ?' આત્માની સાથે કર્મ બંધાય ખરા કે નહીં ? અને બંધાય તો કર્મ આત્માથી છુટા પડે કે નહીં ? અર્થાત્ તેનો મોક્ષ થાય કે નહીં ? આવો સંશય તને વેદના શ્લોકો-પદો સાંભળતા, વાંચતા તેનો યોગ્ય અર્થ બરોબર ન લગાડતાં થયો છે. વિરૂદ્ધ અર્થવાળી વેદપદોની શ્રુતિઓ સાંભળવાથી તને આ સંશય થયો છે તે વેદના પદો શ્રુતિઓ આ પ્રમાણે છે - ''स एष विगुणों विभुर्न बध्यते संसरति वा, न मुच्यते मोचयति वा, न वा. एष बाह्यमभ्यन्तरं वा वेद'' હે મંડિક ! તને જેના ઉપરથી સંશય થયો છે તે વેદની શ્રુતિ આ છે. અને અર્થ પણ તેં એવો કર્યો કે- 'સત્વ-રજ, તમોગુણ રહિત વિભુ સર્વગત એવો આ આત્મા પુણ્ય-પાપ રૂપ જે અદૃષ્ટ અર્થાત્ કર્મ છે તેનાથી બંધાતો નથી. અને તેથી તે આત્મા જુદી-જુદી ગતિમાં જતો નથી. કારણ કર્મથી જ ન બંધાયો તો પછી અન્ય ગતિમાં જવાનું રહે જ નહીં ને? અને બીજુ એ કે જયારે કર્મથી બંધાતો નથી તો પછી કર્મથી મૂકાવાનું– કે કર્મરહિત થવું, અર્થાત્ કર્મ મોક્ષ થવાની તો વાત જ ક્યાં રહી ? અને એ જ પ્રમાણે પોતે પોતાને કર્મથી બાંધતો નથી અને કર્મથી છોડાવતો નથી તો બીજાને પણ કર્મથી બંધાવવાની કે મૂકાવવાની વાત જ ક્યાં રહી ? કારણ કે બંધનો જ અભાવ છે પછી મોક્ષનો પ્રશ્ન જ ક્યાં રહે ?

મહદ્, અહંકાર વગેરે બાહ્ય વસ્તુ અને આભ્યંતર જે સ્વરૂપ તે પણ એ જાણતો નથી. કારણ કે જ્ઞાન તો પ્રકૃતિનો ધર્મ છે. અને પ્રકૃતિ તો જડ છે. પુરૂષ ચેતન છે. પુરૂષ એટલે આત્મા સર્વ વ્યાપી છે. માટે તેને કોઇ કર્મબંધ મોક્ષ નથી થતો. આ પ્રમાણે આ વેદની શ્રુતિઓ કર્મ બંધ-મોક્ષનો અભાવ પ્રતિપાદન કરે છે-એવી તારી માન્યતા છે. અને બીજુ

नह वै सशरीरस्य प्रियाऽप्रिययोरपहतिरस्ति,
अशरीरं वाव सन्तं प्रिया-ऽप्रिये न स्पृशतः ॥

(આ વાકય છાન્દોગ્યોપનિષદ્ ૮-૧૨-૧માં છે.) અર્થાત્ શરીરવાળા કોઇને પણ પ્રિય-અને અપ્રિયનો અભાવ નથી. અને જે અશરીરી આત્મા છે તેને પ્રિય અપ્રિય જેવું ક્યારે ય રહેતું નથી, સ્પશતું જ નથી. અર્થાત્ બાહ્ય અભ્યન્તર અનાદિ શરીર સંતાન (પરંપરા) યુક્ત હોવાથી સંસારી જીવને સુખ-દુઃખનો અભાવ નથી. અને જે અશરીરી એટલે શરીર રહિત આત્મા છે, તે તો અમૂર્ત છે, અને અમૂર્ત આત્માને સુખ-દુઃખ સ્પર્શતા જ નથી, કારણ કે સુખ:દુઃખના કારણભૂત જે શુભાશુભ કર્મ છે, તેનો આત્માને અભાવ છે. માટે બંધ-મોક્ષનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

હે મંડિક ! આ પ્રમાણે વેદમાં શ્રુતિઓના પદો જે પરસ્પર ભિન્ન ભિન્ન અર્થ દર્શાવે છે તે પરસ્પર વિરૂદ્ધાર્થ દર્શાવે છે. એક બંધ-મોક્ષનો અભાવ જણાવે છે તો બીજા બંધ-મોક્ષનો ભાવ બતાવે છે અને પરસ્પર વિરૂદ્ધ અર્થ દર્શક વેદના પદોને વાંચવાથી -જોવાથી તારું મન દ્વિધામાં પડયું અને તેથી તને સંશય થઇ ગયો કે બંધ-મોક્ષ છે કે નથી? બેમાંથી સાચું શું ? સ્વાભાવિક છે કે પરસ્પર ભિન્ન ભિન્ન વાતો કરનારા વેદ ના પદોથી સંશય

થવાની સંભાવના પૂરી રહે છે અને તેથી દ્વિધા પણ ઉભી થાય કે બેમાંથી સાચું શું ?

શ્રી વીર પ્રભુ વેદપદોના સાચા અર્થ સમજાવે છે ....

હે મંડિત ! પરસ્પર વિરૂદ્ધ અને ભિન્ન ભિન્ન ભાષતા આ વેદપદોનો અર્થ તું બરોબર સમજયો નથી. જો બન્નેનો સાચો અર્થ અને આશય તું સમજયો હોત તો તો સંશય થવાનું કોઈ કારણ જ ન હોત. હવે તું જે વેદના પદોનો અર્થ કરે છે તેમાં કયાં કેવી ભૂલ છે ? તે જોઈએ અને વેદના પદોનો સાચો અર્થ શું છે ? જોઈએ -

'વિભુ:.' આ શબ્દનો અર્થ સર્વવ્યાપક અર્થ તું કરે છે. કારણ દર્શનશાસ્ત્રમાં 'વિભુ:' ની વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે – 'સર્વ મૂર્તદ્રવ્ય સંયોગિ વિભુ:' જગતના મૂર્ત દ્રવ્યો તે સર્વનો સંયોગ કરનાર વિભુ : એટલે વ્યાપક દ્રવ્ય તે આત્મા છે. પરન્તુ હે મંડિક ! આ યોગ્ય નથી. આત્મા સ્વયં દ્રવ્યથી સર્વાકાશ તથા તેને આધાર કરીને આધેયરૂપે રહેલા સર્વ દ્રવ્યોની સાથે સંયોગ સંબંધથી રહેલો આત્મા નથી. જો એવો માનીએ તો આત્માને દ્રવ્યથી આકાશ જેવડો વ્યાપક અને મોટો માનવો પડે. અને આ સંસારમાં દરેક શરીરે ભિન્ન એવા અનન્ત આત્માઓ છે. અને જો અનન્ત આત્માઓને સર્વેને આકાશ જેવડા વ્યાપક માનીશું તો કેવી રીતે સંભવ રહેશે ? તારી માન્યતા પ્રમાણે તો સંભવ ન જ રહે.

એના કરતા તો આત્મા જ્ઞાન ગુણથી, દર્શનગુણથી સર્વ વ્યાપી છે. એમ માનવામાં કોઈ આપત્તી નહીં આવે, તું દ્રવ્યથી વ્યાપક -વિભુ માને છે, તે યોગ્ય નથી. પણ દર્શન જ્ઞાનાદિ આત્માના ગુણો છે. જ્ઞાન ગુણથી આત્માને સર્વગત સર્વ વ્યાપી વગેરે માની શકાય. કારણ સંસારમાં આકાશ અનન્ત છે, અને તેમાં પણ લોકાકાશ અને અલોકાકાશ છે, આ ઉભયને જાણનાર તો સર્વજ્ઞ જ. અને આકાશને આધાર કરીને આધેય રૂપે રહેલા અનન્તા દ્રવ્યો-પદાર્થો આ જગતમાં છે. અલોકાકાશમાં શું શું નથી? અને લોકાકાશમાં શું શું છે ? વગેરે સર્વ કંઈપણ સર્વજ્ઞ ભગવંત જ પોતાના જ્ઞાનથી જાણીને કહેવાનાં છે. 'નથી.' કંઈ પણ નથી. આ, આ નથી એ પણ જ્ઞાનદર્શનથી જાણી, જોઈને જ કહેવાનું છે અને કંઈક છે, ક્યાં છે, આવા છે, આટલા છે વગેરે એ પણ જ્ઞાન-દર્શનથી જાણીને જ કહેવાનું છે. માટે બન્ને ક્ષેત્રમાં જ્ઞાન-દર્શનથી જાણવું-જોવું ખૂબ આવશ્યક છે અને જ્ઞાન-દર્શન આત્માના ગુણો છે, તેનો આધાર દ્રવ્ય તે આત્મા છે, જેમ આરીસા નાના પણ હોય અને એક સ્થાને સ્થિર પણ હોય છતાં તેમાં બધું સ્પષ્ટ જણાય છે, અનેક વસ્તુઓ જણાય છે, તે જ પ્રમાણે આત્મા દ્રવ્યથી તો જે વખતે જે કાયામાં છે તેમાં તેટલા જ આકારમાં–અવગાહના ધારણ કરીને રહેલ છે- ભલે તે એક સ્થાનમાં સશરીર થઈને રહેલ મોક્ષમાં સિદ્ધશિલા ઉપર રહેલ હોય તો પણ તે સર્વજ્ઞ-સર્વદર્શી બનીને અનન્ત જ્ઞાનથી અનન્ત દ્રવ્યોને દ્રવ્ય હોય, અથવા તો પછી અશરીરી- શરીર રહિત થઈને ગુણ–પર્યાય સ્વરૂપે જોઈ શકે છે.

અનન્ત લોક અલોકાકાશ
સુધી કેવલજ્ઞાની જૂએ છે.



ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ચૌદરાજલોકમાં મનુષ્યલોકમાં સશરીરી એક સર્વજ્ઞ ભગવંતને પણ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થતા સમસ્ત લોક-અલોકાકાશના સર્વ દ્રવ્યો દેખાય છે- જણાય છે, અને દેહાતીત, દેહરહીત અશરીરી અવસ્થા પ્રાપ્ત કર્યા પછી મોક્ષમાં બિરાજમાન એક સિદ્ધાત્માને પણ તે જ અને તેટલું જ કેવળજ્ઞાન- કેવળદર્શન રહે છે. અને તેથી તે બધા જ અનન્ત દ્રવ્યો જોઇ-જાણી શકે છે. જ્ઞાનની દ્રષ્ટિએ કેવળજ્ઞાન-કેવળદર્શન અહીંયા સંસારમાં સશરીરી આત્મા તથા મોક્ષમાં સિદ્ધાત્માને બન્નેને સરખા જ છે સમાન છે. માટે સિદ્ધ થયા પછી કેવળજ્ઞાન-દર્શનમાં કંઇ પણ ઉમેરો, કે વૃદ્ધિ-હાનિ થતી નથી. તે પણ અનન્ત જ્ઞાની જ રહે છે. અનન્ત જ્ઞાની-દર્શની-સર્વજ્ઞ-સર્વદર્શી કહેવાય છે. શરીર તે કેવળજ્ઞાન-કેવળદર્શનમાં બાધક નથી. માટે હે મંડિક આત્માને સ્વદ્રવ્યથી વ્યાપક માનવા કરતા તો જ્ઞાનાદિ ગુણોથી વ્યાપક માન. એ જ નિર્દોષ પક્ષ છે. એમાં કોઇ પણ પ્રકારનો દોષ નથી.

હવે એ પ્રમાણે વેદપદોની શ્રુતિઓના વાસ્તવિક સાચા અર્થ કર. "સ એષ વિગુણો વિભુઃ" વિગુણ અર્થાત્ છદ્મસ્થપણામાં ગુણ રહિત એવો વિભુ એટલે કેવળજ્ઞાન-કેવળદર્શન સ્વરૂપે સર્વવ્યાપક એવો આત્મા, અર્થાત્ મુકતાત્મા, (ન બધ્યતે) હવે પછી ફરી કર્મથી બંધાતો નથી. કારણ કે બંધના કોઇ હેતુઓ, કારણો નથી. બંધકારણોના અભાવના કારણે શુભ કે અશુભ કોઇ પણ કર્મના બંધથી રહિત એવો સિદ્ધાત્મા છે. (સંસરતિ વા) સંસારમાં

પરિભ્રમણ પણ હવે ન કરે સંસારમાં પરિભ્રમણનું કારણ જ કર્મ હતું અને હવે તે કારણ કર્મ જ નથી તો પછી સિદ્ધાત્મા સંસારમાં પરિભ્રમણ કયા કારણે કરે ? કોઈ પ્રયોજન પણ નથી. કર્મના બંધન વાળાને જ સંસારમાં પરિભ્રમણ સંભવ છે. કર્મબંધ વિનાનાને નહીં. (મુચ્યતે) એટલે કર્મથી મુકાવું મુકત થવું. એકવાર કર્મથી મુકત થઈ ગયા પછી, સદંતર સર્વથા મુકત થઈ ગયા પછી બીજીવાર જ્યારે કર્મ બંધ જ નથી, તો પછી ફરી કર્મથી મુકાવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો (મોચયતિ વા) અને એક જીવ જે મોક્ષે ચાલ્યો ગયો છે, અશરીરી થઈ ગયો છે તે બીજાને મુકાવતો નથી અર્થાત્ મુકતાત્મા અશરીરી હોવાથી બીજાને ઉપદેશ પણ આપતા નથી (ન વા એષ બાહ્યમભ્યન્તરં વા વેદ) અને જે અત્મા અશરીરી, સિદ્ધ, બુદ્ધ, મુકત, નિરંજન, નિરાકાર થઈને લોકાગ્ર ભાગે પહોંચી ગયો છે તેને કોઈપણ પ્રકારના બાહ્ય અને આભ્યન્તર સુખ-દુઃખનો અનુભવ જ ન હોય, જેમ આપણે અહીં સાંસારિક સુખોનો અનુભવ કરીએ છીએ, એવા કોઈ સાંસારિક સુખોનો અનુભવ સિદ્ધાત્માને નથી હોતો. ચંદન, અત્તર વગેરે લગાડવાથી થતું બાહ્ય દૈહિક સુખ અને અભિમાન વગેરેથી થતું માનસિક (આંતરિક) સુખ વગેરે પણ હવે તેમને હોતા જ નથી. કારણ કે સશરીર જ નથી. અશરીરી તે મુકત અનેઃ સશરીરી તે સંસારી.

આ પ્રમાણે 'ન હ વૈ...' આ વેદ વાકય મુખ્યપણે સિદ્ધાત્માના સ્વરૂપનું વર્ણન કરે છે અને સિદ્ધાત્મા કેવો છે તે જ આ વાકયથી સમજવાનું છે. પરંતુ હે મંડિક ! તેં આ સિદ્ધાત્માના સ્વરૂપને જણાવનારા વેદ વાકયનો અર્થ સંસારી જીવના માટે બેસાડયો. વાકય સિધ્ધાત્માના સ્વરૂપનું દર્શક છે અને અર્થ તેં સંસારી આત્મા ઉપર બેસાડયો. બસ, આ જ તારી મોટામાં મોટી ભૂલ થઈ છે. હવે એ પ્રમાણે તેં અર્થ કર્યો એથી તને એમ જણાયું કે, આત્માને કર્મનો બંધ કે મોક્ષ કંઈ હોય જ નહીં. પરંતુ આ નિર્ણયની સામે બીજા સંસારી જીવને કર્મબંધ-મોક્ષ થાય છે તેનું વર્ણન બીજા વેદ વાકયોમાં આવ્યું અને એ તારા જોવામાં આવ્યું એટલે તું દ્વિધામાં પડયો તને ભ્રમ થયો કે બેમાંથી સાચું કયુ? એક જ આત્મા માટે પરસ્પર જુદા વિધાન કરનારા આ વાકયોમાંથી કોને સાચું માનું? પણ ત્યાં તને એ ખ્યાલ ન આવ્યો કે એક વાકય સિદ્ધાત્મા મુકતાત્માના સ્વરૂપનું વર્ણન કરે છે, અને બીજું વાકય સંસારી જીવ સ્વરૂપનું વર્ણન કરે છે. આ પ્રમાણે તેં વિચાર કર્યો હોત તો શંકાનું કોઈ કારણ ન હોત. પણ આ વિચાર ન કરવાથી તારા મનમાં સંશય ઘર કરી ગયો છે. અને તેથી શંકાશીલ વિચાર વાળો તું નિર્ણય ન કરી શકયો અને દ્વિધામાં જ રહ્યો કે આત્માને બંધ મોક્ષ છે કે નહીં? પરન્તુ હે મંડિક ! ખરેખર એવું નથી. માટે તું બન્ને વેદવાકયોના અર્થ બરોબર લગાડ, અને અર્થથી તે વાકય કોના માટે કહેવાયા છે આટલું વ્યવસ્થિત સમજી લે તો તારી શંકા ટળી જશે. સર્વજ્ઞ પ્રભુના કથનથી મંડિકને વેદ વાકય અને તેના અર્થ તો બરોબર સમજાઈ ગયા.

स एष विगुणो विभुर्न बध्यते संसरति वा मुच्यते
मोचयति वा, न वा एष बाह्यमभ्यन्तरं वा वेद ।

– અર્થાત્ એ આત્મા સત્વાદિ ગુણ રહિત વિભુ છે. તેને શુભાશુભ કર્મનો બંધ નથી. અથવા સંસાર નથી તે કર્મથી મુકત પણ થતો નથી. કર્મને મુકત પણ કરતો નથી, અર્થાત્ તે અકર્તા છે. તે આત્મા બાહ્ય કે આભ્યન્તરકશું જ વેદતો નથી.

न ह वै सशरीरस्य प्रियाऽप्रिययोरपहतिरस्ति,
अशरीरं वा वसन्तं प्रियाऽप्रिये न स्पृशतः'' ।
(छान्दोग्योपनिषद. ८-१२-१)

અર્થાત્ સશરીરી જીવને પ્રિય- અને અપ્રિયનો અર્થાત્ સુખ-દુઃખનો નાશ થતો નથી. પણ અશરીરી અમૂર્ત જીવાત્માને પ્રિય–અપ્રિય- સુખ-દુઃખનો કોઇ સ્પર્શ પણ થતો નથી.

આ પ્રમાણે આ બન્ને વેદવાકયોથી સ્પષ્ટ અર્થ સમજાય તેમ છે.

કર્મ શું છે ?

સર્વ પ્રથમ તો અહીંયા પહેલો પ્રશ્ન આપણા મનમાં એ ઉદ્‌ભવશે કે કર્મ જે આત્માને લાગે છે,- બંધાય છે તે મૂળમાં શું છે? પહેલા તો એ સ્પષ્ટ ખ્યાલ આવવો જ જોઇએ કે કર્મ હકીકતમાં શું છે ?

આ ચૌદરાજલોકના વિશાલ બ્રહ્માંડમાં મૂળભૂત સ્વતન્ત્ર એવા બે જ દ્રવ્યો છે.



જીવ (આત્મા) એક સ્વતંત્ર દ્રવ્ય છે, અને અજીવ દ્રવ્યો પાંચ છે. એમ ૧+૫=૬ ષડદ્રવ્યો મૂળભૂત છે.



ષડ્દ્રવ્યમય આ વિશ્વ છે. બસ, સંપૂર્ણ વિશ્વમાં આ છ થી વધારે બીજું કંઇ છે જ નહીં. તેમાં પણ કાળ સપ્રદેશી અસ્તિકાય દ્રવ્ય નથી. તે તો વ્યવહાર-પરિવર્તન-વર્તના નિયામક તત્ત્વ છે. જ્યારે કાળ સિવાયના પાંચ અસ્તિકાય રૂપે છે. અસ્તિત્વ ધરાવતા

સપ્રદેશી દ્રવ્યો છે.

પુદ્ગલાસ્તિકાયના પણ આ પ્રમાણે સ્કંધ, દેશ, પ્રદેશ, અને પરમાણું એવા મુખ્ય ચાર ભેદો છે, એક અખંડ દ્રવ્યને સ્કંધ કહેવાય, તેનોજ એક નાનો ભાગ જે સ્કંધની સાથેજ સંલગ્ન હોય તે દેશ, અને સ્કંધ સાથે સંલગ્ન એક નાનામાં નાનો ભાગ જે અવિભાજય હોય અદૃશ્ય હોય તે પ્રદેશ કહેવાય છે, અને એ જ પ્રદેશ જયારે દેશ, સ્કંધથી છુટો પડી જાય અને સ્વતંત્ર રહે ત્યારે તે પરમાણું કહેવાય છે. પરમ+અણુ=પરમાણું. અણુ એટલે સાવ નાનો, સૂક્ષ્મ સ્વરૂપ. જે પુદ્ગલનો કણ અત્યંત સૂક્ષ્મ સ્વરૂપે રહે, અવિભાજય, અદાહ્ય, અછેદ્ય, અભેદ્ય, અકાટ્ય, અદૃશ્ય હોય તેને પરમાણું કહેવામાં આવે છે. અણું કહો કે પરમાણું કહો બન્ને એક જ શબ્દો છે. પરમ વિશેષણ જોડવાથી પરમાણું કહેવાય છે. પરમ વિશેષણ અણુની સૂક્ષ્મતા આદિનો દ્યોતક શબ્દ છે. આવા પરમાણુંઓ જગતમાં અનન્તા-નન્ત છે, પરમાણુઓનો જથ્થો તે વર્ગણા કહેવાય છે અને એવી વર્ગણા જગતમાં મુખ્યપણે આઠ છે.



કાર્મણ વર્ગણા ....

(આઠ વર્ગણાઓનું વિવેચન આગળ કરી ગયા છીએ) આત્માની સાથે બંધાઈને જે કર્મસંજ્ઞા ધારણ કરે છે, કર્મ રૂપે જે પરિણમે છે તે કાર્મણ વર્ગણા કહેવાય છે. જેમ ધૂળના રજકણો હોય છે. તેવી જ અત્યન્ત સૂક્ષ્મ કાર્મણ વર્ગણા ચૌદ રાજલોકના અનન્ત બ્રહ્માંડમાં પ્રસરેલી છે. સર્વત્ર છે સર્વ લોકાકાશમાં પ્રદેશે પ્રદેશે.. પ્રસરેલી છે.

આપણા શરીર ઉપર પરસેવો થતા જે ધૂળના રજકણો ચોંટીને ચામડી ઉપર એક થર જામી જાય છે, જેને આપણે મેલ કહીએ છીએ, ભીના કપડાં ઉપર જેમ ધૂળ ચોંટી જાય છે તેમ આત્મા ઉપર ચોંટતી રજકણોને કાર્મણ વર્ગણા કહેવામાં આવે છે. કર્મરૂપે જે પરિણમે છે, કર્મ યોગ્ય જે પુદ્‌ગલ પરમાણુઓનો જથ્થો (સમૂહ) તે કાર્મણ વર્ગણા.

સપ્રદેશી આત્મા....



આ ચિત્રમાં દેખાડયા પ્રમાણે એક ઉભો દોરો અને એક આડો દોરો ગોઠવતા જેમ કપડું બને છે. અને તેના ક્રોસ પોઇન્ટો છે એ જ પ્રમાણે આત્મા પણ અસંખ્ય પ્રદેશી છે. અને આત્મામાં પણ એવી જાળીની જેમ આડા ઉભા તારની જેમ આત્મપ્રદેશો છે. એવા પ્રદેશોની સંખ્યા અસંખ્ય છે.

જીવ કાર્મણવર્ગણાને ખેંચે છે



આત્મામાં જયારે આંદોલનો (સ્પંદનો) થાય છે. ત્યારે ગ્રહણ કરે છે. આ ચૌદરાજલોકમાં જે ઠાંસી ઠાંસીને ભરેલી છે તે કાર્મણ વર્ગણા જીવ ગ્રહણ કરે છે. પોતાની રાગદ્વેષની પરિણતિના કારણે જ. અને ગ્રહણ કરાતી તે કાર્મણ વર્ગણા આત્મામાં પ્રવેશીને આત્માના પ્રદેશો ઉપર ગોઠવાઇ જાય છે. દા. ત. જેમ એક લોહચુંબક છે. તેમાં પોતામાં જ ચુંબકીય શક્તિ છે. અને પોતાની ચારે તરફ રહેલા લોખંડના ટુકડાઓને તે પોતાની તરફ ખેંચીને ગ્રહણ કરે છે. લોખંડના ટુકડાઓ પોતાની મેળે જઇને ચુંબકને ચોંટી નથી જતા. પણ ચુંબકમાં રહેલી



ચુંબકીય શક્તિ જ તેને ખેંચીને પોતાની તરફ આકૃષ્ટ કરીને પોતાની સાથે ચોંટાડે છે.

એજ પ્રમાણે જીવાત્મા અનન્ત શક્તિનો માલિક છે. પણ રાગ-દ્વેષાદિને આધીન થાય છે ત્યારે વર્ગણાનો જથ્થો ખેંચાઈને આત્મામાં ગોઠવાઈ જાય છે.



જયારે આત્મામાં કાર્મણ વર્ગણાઓ ભરાઈ જાય છે ત્યારે આત્મા આવો દેખાય છે. જે આત્મપ્રદેશો છે તેના ઉપર એક એક પ્રદેશે અસંખ્ય કાર્મણ વર્ગણા ભરાઈ જાય છે. જેમ કપડાં ઉપર ધૂળ ચોંટે પછી કપડું કેવું મેલું દેખાય છે તેવો આત્મા મલીન દેખાય છે. આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આત્માના એક એક પ્રદેશે અસંખ્ય કાર્મણ વર્ગણા ભરાએલી દેખાય છે.

ભરબપોરે જેમ સૂર્ય ઉપર વાદળા છવાઇ જતા સૂર્ય ઢંકાઇ જાય છે તેમ આત્મા કર્મના વાદળાઓથી છવાઇ જાય છે. હવે આત્મા સ્વયં મૂળ દ્રવ્ય કયાંયથી શુદ્ધ દેખાતો નથી.

તપેલા ગરમ લોખંડના ગોળા જેવો બંધ ...



લાકડામાં તો હજી ખીલી નાખવામાં આવે તો તે અંદર જતી રહે છે. કારણ લાકડામાં રહેલ પોલાણ જગ્યામાં ખીલી પ્રવેશી શકે છે. પણ માનો કે એક લોખંડનો ગોળો છે તો તેમાં શું ખીલી જઇ શકશે ? ના, સંભવ જ નથી. પણ તે લોખંડનો ગોળો સર્વ પ્રથમ પોતાના મૂળ સ્વરૂપમાં હોય છે ત્યારે કેવો દેખાય છે? કાળો અને જો એ જ લોખંડના કાળા ગોળાને સગડી ઉપર મૂકવામાં આવે અને સળગતા અંગારાની વચ્ચે

તપાવવામાં આવે તો શું થાય ? આગમાં ગરમ થઈને લાલચોળ થઈ જાય, પણ પ્રશ્ન એ છે કે આગ લોખંડના ગોળામાં પ્રવેશી કયાંથી. કારણ કે ખીલી ન્હોતી પ્રવેશી તે ખીલી માટે જગ્યા ન હતી. તો આગ માટે જગ્યા કેવી રીતે થઈ.? અગ્નિને પ્રવેશવા માટે ખીલીને પ્રવેશવા જેટલી જગ્યા નથી જોઈતી. અગ્નિ લોખંડના ગોળાને સ્પર્શ કરે છે અને એના એક એક કણ (ભાગ)ને સ્પર્શતી સ્પર્શતી આગળ વધે છે અને થોડીવારમાં તો લોખંડના ગોળાના સર્વ પ્રદેશમાં પ્રસરી જાય છે. અને પહેલા કાળો દેખાતું લોખંડનો ગોળો હવે અગ્નિમાં તપેલો લાલચોળ દેખાય છે. હવે લોખંડ એના મૂળ સ્વરૂપમાં નથી દેખાતો પણ તેના ઉપર આગની લાલાશ જ દેખાય છે. બસ, ઠીક તે જ પ્રકારે આત્મા ઉપર જ્યારે કાર્મણ વર્ગણાનો જથ્થો છવાઇ જાય છે ત્યારે આત્માનું પણ પોતાના મૂળ સ્વરૂપ ન દેખાતાં કર્મ સ્વરૂપે દેખાય છે. એટલે કાર્મણ વર્ગણાનો આત્મામાં આશ્રવ થયા પછી એક બીજાનો બંધ જે થાય છે તે કેવો ? તો એમ કહેવાય છે કે - तप्तायः पिण्डवत् તપેલાં લોખંડના ગોળા જેવો આત્મા અને કર્મનો બંધ થાય છે.

દૂધ-પાણી જેવો કર્મબંધ....

આત્મા સાથે કર્મના બંધ ને સમજવા માટે બીજું દૃષ્ટાંત છે દૂધ+પાણીનું. જેમ દૂધ અને પાણી બન્ને સ્વતંત્ર દ્રવ્યો છે. બન્ને જુદા જુદા દ્રવ્યો હોવા છતાં એક તપેલામાં બન્ને ભેગાં કરીએ ત્યારે એકબીજામાં મળી જાય છે. મિશ્રણ થઈ ગયા પછી આપણે બન્નેને જુદાં જુદાં નહીં પણ એક રૂપે જોઈએ છીએ. એ જ પ્રમાણે આત્મા અને કર્મનો બંધ પણ એવો જ થાય છે. એને કહેવાય છે "क्षीरनीरवत् आत्मकर्मसंयोग :" અર્થાત્ આત્મા અને કર્મનો સંયોગ-સંબંધ કેવો છે. તો ક્ષીરનીરવત્-ક્ષીર=દૂધ, નીર=પાણી. એ બન્ને જેમ મળીને એકરસ થઇ ગયા છે તેમ આત્મા સાથે કર્મ મળીને એકરસ થઇ ગયા છે. આ બંધને ક્ષીર+નીરવત્ બંધ કહીએ છીએ. આત્માની સાથે કર્મ મળ્યા પછી દૂધની સાથે પાણી મળ્યા પછી જેમ દૂધ પાણી જેવું પાતળું દેખાય છે. તે જ પ્રમાણે હવે આત્મા કર્મમય દેખાય છે. એના શુદ્ધ સ્વરૂપમાં નથી દેખાતો. આ છે બંધ તત્ત્વની સિદ્ધિ અને તેનો અનુભવ આપણને દરેક જીવને સ્પષ્ટ થાય છે, પ્રત્યક્ષ થાય છે. આ ભીતની પાછળનું કેમ કંઇ દેખાતું નથી ? દરિયાપારનું કેમ અહીં બેઠા સ્પષ્ટ દેખાતું નથી? આત્મામાં તો અનન્ત બ્રહ્માંડ એકસાથે જોવાની અનન્ત દર્શનશક્તિ પડી છે, છતાં પણ નથી દેખાતું તેનું કારણ કર્મનાં આવરણ છે. આવરણ



આચ્છાદક હોય છે. (આવરણ એટલે ઢાંકણું). જેમ તપેલા ઉપર ઢાંકણું ઢાંકી દેતાં તપેલામાં ચા-દૂધ વગેરે શું છે તે નથી જણાતું. તેમ આત્મા ઉપર પણ કર્મનું આવરણ આવી જતાં આત્માના ગુણો મુખ્ય રૂપ, પૂર્ણ સ્વરૂપે પ્રગટ નથી થઈ શકતા. માટે કર્મ આત્માના તે તે ગુણોના આવરક છે.

આશ્રવ પછી બંધ



આશ્રવ એટલે કર્મનું આત્મામાં આગમન. (આવવું) અને આવ્યા પછી બંધ. આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે દૃષ્ટાંતથી જોઈએ તો સ્પષ્ટ સમજાશે કે પ્રથમ એક ગ્લાસમાં ચમચી વડે સાકર નાખવામાં આવી રહી છે. સાકર ગ્લાસમાં જઈને નીચે બેસી જશે. આને કહેવાય આશ્રવ. સાકર દૂધમાં મળી. આશ્રવ (આગમન) થયા પછી હવે બંધ થશે. ચમચાથી હલાવતા-હલાવતા સાકર ધીમે ધીમે દૂધમાં ભળી જશે. એકરસ થઈ જશે. ઓગળી જશે. અને પરિણામે દૂધ ગળ્યું થશે.

બસ, એ જ પ્રમાણે પ્રથમ આત્મામાં કાર્મણ વર્ગણાનું આગમન-(આશ્રવ) થાય છે, અને પછી તે આત્મામાં ક્ષીરનીરવત્, અથવા તપ્તાયઃપિણ્ડવત્ એકરસ થઈને બંધાઈ જાય છે. બંધવાળા બીજા ગ્લાસમાં હવે સાકર નથી દેખાતી. અંદર દૂધમાં ઓગળી ગઈ છે. એ જ પ્રમાણે કાર્મણ વર્ગણા આત્મા સાથે એકરસ થઈ જાય છે. આ પ્રમાણે આશ્રવ પછી બંધ થાય છે.

આશ્રવ કેટલા માર્ગે થાય છે ?

इन्दिअ-कसाय-अव्वय-जोगा पंच चउ पंचतिन्नि कमा ।
किरियाओ पणवीसं- इमा ·उ ताओ अणुक्कमसो ।।

૫ ઈંદ્રિયો, ૪ ક્રોધ-માન માયા-લોભ વગેરે કષાયો, હિંસા વગેરે પાંચ અવ્રત, મન, વચન અને કાયા આ ત્રણ યોગો અને પ્રાણાતિપાતિકી વગેરે ૨૫ ક્રિયાઓ આટલા માર્ગે આત્મામાં કર્મોનો આશ્રવ- (આગમન) થાય છે. દા. ત. સરોવરમાં ચાલતી એક હોડીમાં કાણું પડતાં જેમ નીચેથી પાણી આવીને હોડીમાં ભરાઇ જાય છે અને હોડી ડૂબતી જાય છે તે જ પ્રમાણે આત્મામાં આ ઇન્દ્રિયાદિ માર્ગે બહારી વાતાવરણમાંથી કાર્મણ વર્ગણા આત્મામાં આવતી જાય છે. અને તે આત્માની સાથે બંધાઇને આત્માને ડૂબાડતી જાય

છે અથવા તો અહીંયા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જુદા જુદા ડુંગરાઓમાંથી ઝરણા તથા નદીના માર્ગે પાણી આવીને સરોવરમાં ભરાતું જાય છે. એ જ પ્રમાણે આ ડુંગરાઓમાંથી આવતી નદીની જેમ ઇન્દ્રિય, કષાય, અવ્રત, યોગ, ક્રિયા આદિના માર્ગે કાર્મણ વર્ગણાઓ આત્મામાં આવતી જાય છે, અને એથી આત્મામાં કર્મનો ભરાવો થતો જાય છે. આ આશ્રવ માર્ગ છે.





''सकषायत्वात्जीवः कर्मणः योग्यान् पुद्गलानादत्ते ।''

शुभः पुण्यस्य । अशुभः पापस्य ।

કષાય સહિત સ્થિતિમાં જીવ કર્મ યોગ્ય પુદ્ગલોને ખેંચે છે અને તે આત્મામાં આવે છે. તેમાંના શુભ કર્મ પુદ્ગલો પુણ્ય રૂપે તથા અશુભ કર્મ પુદ્ગલો પાપ રૂપે ઓળખાય છે. આ આશ્રવ પછી કર્મનો બંધ થાય છે.

કર્મબંધના કારણો-હેતુઓ કયા ? તે જણાવતાં કહ્યું છે કે-

मिथ्यादर्शनाविरति प्रमाद-कषाय-योगा बन्ध हेतवः ॥

૧. –મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચને કર્મબંધના હેતુઓ (મુખ્ય કારણો) કહ્યા છે. મિથ્યાત્વ એટલે વિપરીત જ્ઞાન. જે પદાર્થ, જે વસ્તુ, જે તત્ત્વ જેવું સત્ય સ્વરૂપે છે તેવું ન માનતા તેનાથી વિપરીત માનવું તે મિથ્યાત્વ છે. મિથ્યા જ્ઞાન છે. દા. ત., સાચા અરિહંત-વીતરાગને ભગવાન ન માનતા રાગી-દ્વેષીઓને ભગવાન માનવા. ત્યાગી તપસ્વી, કંચન-કામિનીના ત્યાગી, પંચમહાવ્રતધારીને ગુરુ ન માનતાં સંસારના રંગ-રાગીને ગુરૂ માનવા, સર્વજ્ઞ વીતરાગ કથિત ધર્મને ધર્મ ન માનવો, પણ ભોગપ્રધાનતાને ધર્મ માનવો, પોતાના સુખ-દુઃખનું કારણ કર્મને ન માનતાં ઈશ્વરને માનવો વગેરે વિપરીત બુદ્ધિને મિથ્યાત્વ કહેવામાં આવે છે. 'कर्म मूलं च मिथ्यात्वं' કર્મ બંધનું મૂળ એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં જીવો ભારે કર્મ બાંધે છે.

૨. **અવિરતિ-** અહિંસા, સત્ય આદિ વ્રત-વિરતિમાં ન રહેતા જે જીવો હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિ અવિરતિમાં રહે છે તેમાં પણ ભારે કર્મબંધ કરે છે. કર્મબંધ માટે આ હિંસાદિ અવ્રત- (અવિરતિ) મોટું કારણ છે. આ મહાપાપની જાળમાં જીવો કર્મથી બંધાય છે.

૩. પ્રમાદ - પ્રમાદ એટલે ફકત આળસ જ છે એવું નથી અથવા પ્રમાદ એટલે ઊંઘતા રહેવું એટલુ જ નથી. પણ પ્રમાદ મુખ્યરૂપે પાંચ પ્રકારનો કહ્યો છે -

मज्जं -विषय कषाया- निदा विकहाय पञ्चहा भणिया ।
एए पंच पमाया जीवा पाडंति संसारे ।।

મદ - વિષય - કષાય – નિંદ્રા + વિકથા - ૫

૮ + ૫ + ૪ + ૫ + ૪ = ૨૬

જાતિ, કુળ, બળ, લાભ, રૂપ, ઐશ્વર્ય, તપ, અને શ્રુત આ આઠેયનું અભિમાન (મદ) કરવામાં આવે તો તેના વડે ભારે કર્મનો બંધ થાય છે અને જેનો મદ કર્યો હોય તે જ વસ્તુ તેને હીનપણે મળે. દા. ત., ભગવાન મહાવીરના જીવે મરીચિના ભવમાં કૂળમદ કર્યો હતો. તેનાથી બંધાયેલા નીચ ગોત્ર કર્મના કારણે કેટલી વાર નીચ ગોત્રમાં જવું પડ્યું. હરિકેશી તથા મેતારજ મુનિ જેવાને પણ શું થયું ? નીચગોત્રના કારણે જ ચંડાળ કૂળમાં ઉત્પન્ન થવું પડ્યું.

પાંચે ઇન્દ્રિયના ૨૩ વિષયોનો પ્રમાદ તથા વિષય વાસનાના વૈષયિક સુખોનો પ્રમાદ પણ આત્માને કર્મ બંધાવનાર છે. કારણ એ વખતે આત્મા સ્વભાવમાં સ્થિર ન રહેતાં અન્યના દેહવડે દેહસુખ ભોગવવામાં વિભાવદશામાં રહેવાથી પ્રમાદ વડે કર્મબંધ કરે છે.

કષાયમાં મુખ્ય રાગદ્વેષ. અને તે રાગ-દ્વેષના પેટાભેદમાં ક્રોધ-માન, માયા અને લોભ આવે છે.



આ ચારે કષાયના અનન્તાનુબંધી, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની, અને સંજવલનના ચાર-ચાર ભેદથી ૧૬ પેટાભેદો થાય છે. કષાયના સેવનથી જીવો ભારે કર્મ બાંધે છે અને બંધાયેલા કર્મથી સંસાર વધે છે. કષ્=સંસાર, આય=લાભ. કષાય=સંસારનો લાભ અર્થાત્ જે કારણે સંસારનો લાભ થાય સંસાર વધે તેને કષાય કહેવાય. અર્થાત્ કષાય કરવાથી કર્મ બંધાય અને તેથી સંસાર વધે છે.

નિંદ્રા=ઉંઘ, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપચલા, સ્ત્યાનર્ધિ-થિણદ્ધિ, આ પ્રમાણે પાંચ પ્રકારની નિદ્રા છે. આત્મા નિદ્રાને આધીન થઈને પ્રમાદમાં રહે છે. એમાં આત્માને કર્મબંધ થાય છે.

વિકથા-આત્માને જેમાં કોઇ લાભ નથી થતો એવી વિપરીત કથાઓ કરીને કર્મ બાંધવા તે વિકથા કહેવાય છે. વિકથા મુખ્યરૂપે ચાર છે-સ્ત્રીકથા, ભોજનકથા દેશકથા, તથા રાજયકથા. આ ચારે પ્રકારની પ્રપંચમાં પંચાત કરનારને શું મળે છે ? કંઇ જ નહીં? આત્માને કોઇ લાભ નથી. માટે આ ચારે વિકથા ભારે કર્મ બંધાવે છે. આ પ્રમાણે પ્રમાદના મુખ્ય પાંચ ભેદ અને ૨૬ પેટાભેદના કારણે ભારે કર્મ બંધાય છે. કષાય-બંધ હેતુથી પાપ બંધાય છે.

યોગબંધ હેતુ....

આત્માને મન, વચન અને કાયા આ ત્રણ યોગો મળ્યા છે. આ ત્રણે યોગ વડે જીવ ધારે તો કર્મ બાંધે, અને જો જીવ ધારે તો અદ્‌ભૂત કર્મની નિર્જરા પણ કરી શકે છે : "काय-वाङ·मनः कर्मयोगः" કાયા, વચન અને મન વડે જીવ કર્મની સાથે જોડાય છે. અહીંયાં યોગ એટલે જોડાણ કહ્યું છે. "मनः एव मनुष्याणां कारणं बंध मोक्षयो :" ખરેખર મન એ જ મનુષ્યો માટે કર્મના બંધ અને મોક્ષનું પ્રબલ કારણ છે.

ચોખાના દાણા જેવડા આકારવાળો તંદુલમત્સ્ય, જે માત્ર મગરની આંખની પાંપણમાં રહે છે અને માત્ર વિચાર કરીને ભયંકર પાપકર્મ બાંધીને સાતમી નરકમાં જાય છે.

સ્મશાનમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિના કાને દુર્મુખના શબ્દો પડયા અને એ ઋષિનું મન ચકડોળે ચઢયું... મનથી વિચારો કરતાં કરતાં માનસિક યુદ્ધ શરૂ કર્યું અને સાતમી નરકમાં જવા સુધીના કર્મ દલિકો બંધાવા માંડયા. પણ એક ક્ષણ પછી મનને સમજાવી લીધું, અને ગાડી સાચી દીશામાં સીધી ચલાવીને નિર્જરા કરવા માંડયા... થોડીવારમાં તો કેવળજ્ઞાન પામી ગયા અને મહાત્માજી મોક્ષે ગયા.. આ છે મનની રમત.

એ જ પ્રમાણે વચન છે અને કાયયોગ પણ છે. આ ત્રણે યોગો દ્વારા પણ આત્માને કર્મનો બંધ થાય છે.

બે પ્રકારનો કર્મ બંધ ....

"सकषायाऽकषाययोः साम्परायिकैर्यापथयोः"

ગુણસ્થાનકની શ્રેણીએ વિવિધ પ્રકારના જીવો છે. કેટલાક જીવો કષાયવૃત્તિમાં કર્મ બાંધે છે અને કોઇ વિરલાત્માઓ કષાયરહિત વૃત્તિમાં પણ કર્મ બાંધે છે.



(૧) સાંપરાયિક બંધ-સંપરાય=કષાય, કષાય વડે અર્થાત્ સંપરાય વડે કર્મ બાંધવા

તે સાંપરાયિક બંધ કહેવાય છે. અહીં ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે એક વિદ્યાર્થી ભીનો કાદવ લઈને ઘરની ભીંત ઉપર નાંખે છે. શું પરિણામ આવશે? કાદવ ભીંત ઉપર ચોંટી જશે. ભીંતને ડાઘ પડશે. પણ જો એ કાદવમાં પાણીનો અંશ ન હોત, અર્થાત્ કાદવ સૂકો હોત તો ? પરિણામ જુદું આવત. સૂકો કાદવ ભીંત ઉપર ચોંટત નહીં. નીચે પડી જાત. એ જ પ્રમાણે સાંપરાયિક કર્મબંધ છે. જે મનથી કરાતા માનસિક વિચારો, વચનયોગની ભાષા તથા કાયાની ક્રિયામાં કષાયની માત્રા જેટલા પ્રમાણમાં ભળેલી છે તેટલા પ્રમાણમાં તે જીવ કર્મ પણ બાંધવાનો. કષાયના પ્રમાણ ઉપર કર્મબંધનો આધાર છે.

ઈર્યાપથિક બંધ- આ ચિત્રમાં બતાવવામાં આવેલ બીજો વિદ્યાર્થી ઘરની ભીંત ઉપર દડો ફેંકે છે. હવે વિચાર કરજો કે એ દડો ભીંત ઉપર કેટલો ટાઇમ રહેશે ? એક ક્ષણ અને તુરંત તે દડો ફેંકનારની સામે પાછો આવે છે. દડો ભીંત ઉપર ચોંટયો કેમ નહીં? તુરંત પડી કેમ ગયો ? ભીંત ઉપર શું કોઇ ડાઘ વગેરે લાગ્યો ? અને જો એ દડો ભીનો કાદવવાળો હોત તો ? ડાઘ જરૂર લાગત. પણ દડો કોરો સૂકો છે. તરત પડી જાય છે. ભીંત ઉપર ટકતો નથી.

તીર્થંકર પરમાત્મા તેરમા ગુણસ્થાને છે. તેઓ પણ વિહાર કરે છે, ગોચરી - આહાર-પાણી લે છે. ઇત્યાદિ ક્રિયા કરે છે. તેમાં પણ તેમને કર્મબંધ થાય છે. પણ તે કર્મ બંધ ઐર્યાપથિક બંધ થાય છે. દડો જેમ ભીંતને અડયો અને પાછો પડી ગયો. તેમ તેમના આત્માને કર્મ લાગ્યા અને ખરી ગયા. કારણ કે તેઓ વીતરાગ જ છે. રાગ-દ્વેષ-કષાય રહિત છે. એટલે કષાય ન હોવાથી તે કર્મની સ્થિતિ દીર્ઘ નથી બંધાતી. સંપરાય એટલે કષાય છે જ નહીં.... કષાયજન્ય સાંપરાયિક બંધ ન હોવાથી તે કર્મનો બંધ ઐર્યાપથિક બંધ થાય છે અને અલ્પકાળમાં તો ખરી પણ જાય છે.

જ્યારે આપણને થતો બંધ સાંપરાયિક બંધ છે. કારણ કે આપણી દરેક પ્રવૃત્તિમાં રાગ-દ્વેષ રૂપ સંપરાય છે. એક ગમે – બીજું નથી ગમતું. ગમા-અણગમામાં રાગ-દ્વેષ બન્ને છે. અને તે કારણથી રહેલી કષાયની માત્રાના કારણે આપણને સાંપરાયિક બંધ થાય છે.

સમયે-સમયે કર્મ બંધ થાય છે

સર્વજ્ઞ શ્રી વીરપરમાત્માએ મંડિકને સમજાવતાં કહ્યું - હે મંડિક ! એવી એક પણ ક્ષણ નથી કે જે સમયે આત્મા કર્મ નહીં બાંધતો હોય, કારણ કે જીવ પ્રત્યેક સમયે વિચાર કરતો હોય છે. સર્વથા વિચારરહિત થઇ જવું જીવ માટે સંભવ નથી. સર્વથા વિચારશૂન્યાવસ્થામાં જીવો રહી શકતો નથી. વિચારધારા સતત પ્રવાહબદ્ધ ચાલુ જ રહે છે. નિદ્રાવસ્થામાં પણ વિચાર ચાલતા જ હોય છે. એથી જીવને કર્મનો બંધ સતત થતો જ રહે છે.

એક આંખના પલકારામાં અસંખ્ય સમય વીતે છે. એમાંનાં પ્રત્યેક સમયે જીવ સાત અથવા આઠ કર્મો બાંધે છે. આયુષ્ય કર્મ ન બાંધે ત્યારે સાત, અને આયુષ્ય કર્મ બાંધે ત્યારે આઠ.

એક વાર આંખ ઉઘડીને બંધ થાય તે પલકારારૂપે ગણાય. એવા એક આંખના પલકારામાં અસંખ્ય સમય થઇ જાય છે. સમય એ કાળની નાનામાં નાની અવિભાજ્ય ઇકાઇ છે. એવા અસંખ્ય સમયો એક પલકારામાં થાય છે. અને તેમાંના સમયે-સમયે જીવ સાત-આઠ કર્મ બાંધે છે.

દા..ત. એક હજાર પાનાના પુસ્તકમાં મશીન વડે ઝડપથી પિન મારવામાં આવે તો કેટલો ટાઈમ લાગે ? એ પિન એક સેકંડમાં ઝડપી મશીન વડે એક હજાર પાનામાં ગઈ તો એ પિનને પહેલા પાનેથી બીજા પાનામાં જતા કેટલો સમય લાગ્યો ? કંઈક તો ટાઈમ લાગ્યો જ હશેને ? એમ કહેવું પડશે કે સેકંડના હજારમા ભાગ જેટસો સમય લાગ્યો.

એ જ પ્રમાણે એક આંખના પલકારે વીતેલા અસંખ્ય સમયોમાં પ્રત્યેક સમયે આત્માને ૭ અથવા ૮ કર્મનો બંધ થાય છે. એવી તો એક દિવસમાં આંખ કેટલીવાર ફરકી એક અઠવાડીયામાં ? એક મહિનામાં ? એક વર્ષમાં ? એક જન્મમાં ? અને અનન્તા વર્ષોમાં અનન્તીવાર...અને તેમાં કેટલા કર્મો બંધાયા ? અનન્તા....આ તો પ્રવાહબદ્ધ રીતે જીવને કર્મ બંધાતાજ જાય છે. પણ પ્રયત્ન વિશેષ વડે જીવને વધુ ભારે..... ચીકણા કર્મો પણ બંધાય.

કર્મ બંધ ની ચાર અવસ્થા....



કર્મ આત્માની સાથે ચોંટીને ક્ષીરનીરવત્ એક રસ થાય છે ત્યારે તે કર્મબંધ કહેવાય અને તે જ બંધાયેલા કર્મો એના સમયે ઉદયમાં આવીને સુખ-દુઃખના વિપાકો (ફળ) વિશેષ આપે ત્યારે તે કર્મનો ઉદય કહેવાય. અને જે કર્મો ઘણા વર્ષો પછી, ઘણા ટાઈમ પછી ઉદયમાં આવવાનાં છે તેમને આજે જ ખેંચીને ઉદયમાં લાવવાં તે ઉદીરણા છે. અને જે બંધાયેલાં કર્મ ઉદયમાં પણ ન આવે અને સત્તામાં પડયા રહે છે. આ ચારે અવસ્થા કર્મની છે.

ચાર પ્રકારના બંધ - બંધ તત્ત્વ ચાર પ્રકારનું છે. આત્માની સાથે બંધાતા કર્મના ચાર ભેદ પડે છે. ૧.પ્રકૃતિ બંધ ૨. પ્રદેશ બંધ ૩. રસ બંધ ૪. સ્થિતિ બંધ.

पयइ सहावो वुत्तो ठिई कालावहारणं ।
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ।।

નવ તત્ત્વમાં આ ચાર બંધોને સમજાવતા કહ્યું છે. કે - પ્રકૃતિ એ સ્વભાવ છે, અને કર્મ આત્મા સાથે કેટલો ટાઈમ ટકી રહેશે ? જે કાળની અવધિ સુધી આત્મા સાથે કર્મ ટકી રહે તેને સ્થિતિ બંધ કહેવાય છે. અને અનુભાગ એટલે કર્મનો રસ, તથા પ્રદેશ બંધમાં કયાં કર્મના કેટલા દલિયા આપણે ખેંચ્યા છે તે પ્રદેશબંધ કહેવાય છે.

પ્રકૃતિબંધ....

પ્રકૃતિ એટલે સ્વભાવ. સંસારમાં દરેક જડ-ચેતનનો પોત-પોતાનો સ્વભાવ છે. લાકડું પાણી ઉપર તરે છે, અગ્નિ દઝાડે છે, પાણી શીતલ છે, ધૂમાડો ઉપર જાય છે, હવા તિર્યગ્‌ગમન કરે છે. આપણા પણ સ્વભાવો છે. સંસારના લોકવ્યવહારમાં આપણા ભિન્ન ભિન્ન સ્વભાવો છે. એ જ પ્રમાણે આત્મા ઉપર ચોટનાર કાર્મણ વર્ગણાની રજનો પણ સ્વભાવ છે. તેને પ્રકૃતિ કહેવાય છે. આત્મા સાથે બંધાઈને એકરસ થઈ ગયેલી તે કાર્મણવર્ગણા જે કર્મરૂપે પરિણમી છે તેનો કેવો સ્વભાવ ? શી પ્રકૃતિ ? આ વાત પ્રકૃતિબંધ તત્ત્વ જણાવે છે.

આત્માના ૮ ગુણો પ્રધાનપણે છે. તે આઠ ગુણોને રોકવા એ તે તે કર્મની પ્રકૃતિ છે, સ્વભાવ છે. આત્મા ઉપર ચોટેલા કર્મના રજકણો આત્માના ગુણોને ઢાંકે છે. અને આત્માને તેના કારણે તદ્દન વિપરીત વ્યવહાર કરવો પડે છે.આ કર્મો આઠ છે.

इहनाणदंसणावरण वेयमोहाउ नाम गोआणि ।
विग्घं च पण नव दु–अट्ठवीस चउ तिसय दु पणविहं ।।

(કર્મનામ) મૂળ પ્રકૃતિ	ઉત્તર પ્રકૃતિ
૧– જ્ઞાનાવરણીય કર્મ -	૫
૨– દર્શનાવરણીય કર્મ-	૯
૩– વેદનીય કર્મ–	૨
૪– મોહનીય નાર્મ-	૨૮
૫– આયુષ્ય કર્મ –	૪
૬– નામકર્મ–	૧૦૩
૭– ગોત્રકર્મ-	૨
૮– અંતરાય કર્મ–	૫
	૧૫૮

આત્માના આઠ ગુણો.....

જડ તત્ત્વથી ભિન્ન, અજીવ તત્ત્વથી સર્વથા ભિન્ન એવો આત્મા મૂળમાં આઠ ગુણોથી યુકત છે. ૧. અનન્તજ્ઞાન ગુણ, ૨. અનન્ત દર્શન ગુણ, ૩. અનન્ત ચારિત્રગુણ (યથા-ખ્યાતસ્વરૂપ), ૪. અનન્ત વીર્ય (શકિત) ૫. અનામી અરૂપી ગુણ, ૬. અગુરુ લઘુ-નાનો-મોટો પણ નથી. હલકો-ભારે પણ નથી, ૭. અવ્યાબાધ સુખ. કોઇથી પણ વ્યાબાધ ન પામે તેવું અનન્ત સુખ ૮. અક્ષયસ્થિતિ.... એટલે અનન્તકાળ સુધી પણ આત્મા પોતે પાતાના આત્મ દ્રવ્ય સ્વરૂપે રહી શકે. પોતાના સ્વરૂપનો ક્ષય ન થાય. તે અક્ષય સ્થિતિ. જીવાત્મા જડથી ભિન્ન છે. તેના સૂચક સ્પષ્ટ આ ગુણો છે. ગુણથી જ દ્રવ્ય-દ્રવ્યથી જુદો સિદ્ધ થાય છે.

આત્મગુણોના આવરક કર્મ

આત્માના આઠ ગુણો અને તેના આવરક આઠ કર્મો



કર્મ શું છે ? કર્મ કોને કહેવાય ? અને કર્મ કેવી રીતે બન્યાં ? આ બધા પ્રશ્નોના ઉત્તરમાં એટલું જ સમજવાનું છે કે, આત્માના તે તે ગુણોના આવરક તે કર્મ કહેવાય છે. જેમ સૂર્ય ભરબપોરે પણ ચમકતો હોય છે, પણ તેની ચારે બાજુ વાદળાં છવાઇ જાય છે અને સૂર્ય ઢંકાઇ જાય છે તે વાદળાં સૂર્યના આવરક, આચ્છાદક બન્યાં. તે આવરક એવા વાદળાં એ સૂર્યને ઢાંકી દીધો અથવા આ ચિત્રમાં રજૂ કર્યા પ્રમાણે જુઓ કેટલાંક તપેલાં છે. દરેકમાં કંઇક ખાદ્ય-પેય પદાર્થ છે. કોઇમાં દૂધ, કોઇમાં દાળ, ભાત, વગેરે. પણ તે દરેક ઉપર ઢાંકણાં (આવરણ) મૂકી દીધા પછી કયા તપેલામાં શું છે તે આપણને નહીં જણાય, નહીં દેખાય. ઢાંકણાં તે વસ્તુને ઢાંકનાર છે. બસ, ઉપરના ચિત્રમાં જણાવ્યા પ્રમાણે આત્માના આઠ ગુણો ઉપર આવેલી કાર્મણ વર્ગણાનાં રજકણો આત્મગુણોને ઢાંકી દે છે. તે કર્મ આવરક બની જાય છે. ઢાંકણાં-આચ્છાદક જેવાં દબાવી દે છે. દા.ત., આત્માના જ્ઞાન ગુણ ઉપર આવેલું આવરણ તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.



આત્માના ૮ ગુણ –	તેના આવરક ૮ કર્મ
૧. અનન્ત જ્ઞાન ગુણ.	૧. જ્ઞાનાવરણીય કર્મ
૨. અનન્ત દર્શન ગુણ.	૨. દર્શનાવરણીય કર્મ
૩. અનન્ત ચારિત્ર ગુણ	૩. મોહનીય કર્મ
૪. અનન્ત વીર્ય ગુણ.	૪. અન્તરાય કર્મ
૫. અનામી (અરૂપી) ગુણ.	૫. નામકર્મ
૬. અગુરુ લઘુ ગુણ.	૬. ગોત્રકર્મ
૭. અવ્યાબાધ સુખ.	૭. વેદનીયકર્મ
૮. અક્ષય સ્થિતિ ગુણ.	૮. આયુષ્યકર્મ

આ પ્રમાણે આત્માના આઠ ગુણો ઉપર આવેલા આવરણ તે કર્મ કહેવાય છે. જેમ તપેલા ઉપરનું ઢાંકણું તેમાં રહેલ પદાર્થને જોવા નથી દેતું. તેમ આત્મામાં રહેલ ગુણોને તેના ઉપર આવેલા આવરક કર્મ પૂર્ણ પણે પ્રગટ થવા નથી દેતાં આ કર્મ તે કાર્મણ વર્ગણાના રજકણો છે. ઘરમાં આરસની લાદી ઉપર જેમ ધૂળ-કચરો છવાઇ જાય અને મહિનાઓ સુધી છવાઇ ગયા પછી તો લાદી પણ ચોખ્ખી નથી દેખાતી, કપડાં ઉપર ચોંટેલી ધૂળ જે મલરૂપે પરિણમી ગઇ છે. તે કપડાની સફેદીના ચળકાટને ઢાંકી દે છે. રસોડામાં ઘસાતું એ કપડું ધીમે ધીમે મસોતું બની જાય છે- કાળું મેશ જેવું દેખાય છે. હવે એની સફેદાઇ કયાં ગઇ ? કયાંય ગઇ નથી. ફકત ઢંકાઇ ગઇ છે. એમ અનાદિ કાળ (અનન્તા વર્ષો)થી આત્મા ઉપર લાગતી-ચોટતી કાર્મણ વર્ગણાથી આત્માના ગુણો એકદમ ઢંકાઇ ગયા છે, દબાઇ ગયા છે. જેથી આજે પૂરા દેખાતા નથી, પ્રગટ નથી.

આત્માની સાથે કર્મનો બંધ...

સીમેન્ટ-રેતી વગેરેનું મિશ્રણ કરી, તેમાં પાણી નાંખી, ઘોળ કરીને સાંચામાં રેડીને એક થાંભલો બનાવવામાં આવે છે. અમુક દિવસો પછી સાંચાનાં પાટિયા કાઢી લેવામાં આવે છે. અને ત્યાર પછી પાણી છાંટી વધુ મજબૂત બનાવવામાં આવે છે. અને ધીમે ધીમે થાંભલો સુકાતો જાય છે...' હવે સુકાઇ ગયા પછી મજબૂત થઇ ગયા પછી તેની કાળ અવધિ કેટલી ? અર્થાત્ હવે થાંભલો કેટલા વર્ષ ટકશે ? ૫૦, ૮૦, ૧૦૦, વર્ષ સુધી કોઇ વાંધો નહિ આવે ?

એ જ પ્રમાણે આત્માના રાગ-દ્વેષના પરિણામથી જે કાર્મણ વર્ગણા આત્મા સાથે ચોટે છે. તેમાં લેશ્યા કષાય વડે આત્મા રસ રેડે છે. સિમેન્ટમાં પાણી (રસ) ન રેડવામાં આવ્યું હોત તો શું થાંભલો બની શક્ત ? શું થાળીમાં ઘઉંનો લોટ લઇને ઉપર વેલણ ફેરવવાથી રોટલી બની જશે ? ના, રોટલી બનાવવા માટે લોટમાં પાણી (રસ) નાંખીને કણક બાંધવી પડે છે. અને પછી જ વેલણ ફેરવવાથી રોટલી બને છે.

એ જ પ્રમાણે આત્મા સાથે આશ્રવ માર્ગે આવીને ચોંટેલી કાર્મણ વર્ગણા નાં અસંખ્ય -અનંત રજકણોમાં પણ રસ રેડવો પડે છે. તે રસ કષાયાદિ માર્ગે આવે છે. અને પછી તે કાર્મણ વર્ગણાનો ઘૉળ (લેપ) થાય છે. અને તે આત્મા ઉપર લેપાઇ જાય છે. ઘૉળ (લેપ) આત્મા ઉપર લીંપણની જેમ લાગી જાય છે. ચોંટી જાય છે. ચોંટયા પછી તે કયાં સુધી ચોંટેલો રહેશે ? એની ટાઇમ લિમિટ કેટલી? કાળ-અવધિ-સ્થિતિ કેટલી? ચોંટેલી કાર્મણ વર્ગણાઓની સંખ્યા કેટલી? અને તેનો સ્વભાવ કેવો? વગેરે વિચારધારા બંધ તત્ત્વમાં આવે છે.

તે બંધ ૪ ચાર પ્રકારના છે....



૧. પ્રકૃતિ બંધ એટલે બંધાયેલ કર્મની પ્રકૃતિઓના સ્વભાવ કેવા ? તે નકકી કરનાર પ્રકૃતિ બંધ (૨) સ્થિતિ=અવધિ કાળમર્યાદા. એક વાર આત્મા સાથે બંધાયેલા કર્મ આત્મા સાથે કેટલા કાળ સુધી રહેશે ?

(૩) રસબંધ- રસ- એટલે કર્મ બાંધવા માટે રેડવામાં આવેલ કષાય-લેશ્યાનું પ્રમાણ. કેટલો તીવ્ર, તીવ્રતર, વગેરે કેવો બંધાય છે તે રસબંધ.

(૪) પ્રદેશબંધ- આત્મા આવેલ કાર્મણા વર્ગણાના પ્રદેશોની સંખ્યા. દલિકોની સંખ્યા કેટલી ? તે પ્રદેશબંધ ? આ પ્રમાણે બંધાતાં કર્મના ચાર પ્રકારે વિભાગ પડે છે.

प्रदेशबंध-

પ્રદેશ એટલે કાર્મણવર્ગણાના પરમાણુઓની સંખ્યા. દલિકોની સંખ્યા.

૧	૨	૩	૪
બુંદીનો લાડુ	મેથીનો લાડુ	તલનો લાડુ	સૂંઠનો લાડુ

દૃષ્ટાંત તરીકે, વિચાર કરો કે, આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચાર જાતના લાડવા છે. ૧. બુંદીને લાડુ છે. તો તે લાડવામાં બુંદીની સંખ્યા કેટલી ? (૧,૦૦૦). બીજો મેથીનો લાડુ છે. તેમાં મેથીની સંખ્યા કેટલી ? (૧૦,૦૦૦) ત્રીજો તલનો લાડુ છે. તેમાં તલની સંખ્યા કેટલી ? (૧ લાખ), ચોથો સૂંઠના ચૂર્ણનો લાડુ છે, તો તેમાં સૂંઠની કણ-કણની સંખ્યા કેટલી ? (એક કરોડ). આ ચારે સમાન આકારમાં દેખાતા લાડવામાં તેના ઘટકપદાર્થની સંખ્યા જુદી જુદી છે.

તે જ પ્રમાણે આત્માની સાથે ચોંટેલાં કર્મ રજકણો જેને પ્રદેશ (દળિયા, દલિકો) કહેવાય છે. તે પ્રદેશો કેટલી સંખ્યામાં આત્મા સાથે ચોંટયા છે ? દાખલા તરીકે હાથમાં એક ચપટી મીઠું લીધું અથવા દૂધમાં એક ચમચી સાકર નાંખી તો તેમાં મીઠાના કણ, અને સાકરના કણ કેટલી સંખ્યામાં છે ? આપણે ગણી શકીએ છીએ ? સંભવ છે ?

એ જ પ્રમાણે, કાર્મણ વર્ગણાના રજકણો જેવા પ્રદેશો કેટલી સંખ્યામાં ? કેટલા પ્રમાણમાં આત્મા સાથે બંધાયા છે ? તેનો વિચાર કરવો પ્રદેશબંધ કહેવાય છે.

પ્રકૃતિ બંધ....

પ્રકૃતિ એટલે સ્વભાવ, જે પ્રદેશોનો ઘોળ, અથલા લેપ થઈને આત્મા સાથે ચોટી ગયા છે. પછી હવે તે કર્મનાં રજકણોનો લેપ આત્મા ઉપર શો ભાગ ભજવે છે તે જોવાનું છે. જેમ દરેકનો સ્વભાવ હોય છે, મનુષ્યનો પણ સ્વભાવ હોય છે લાકડાનો, અગ્નિનો, પાણીનો, પશુનો, ઇત્યાદિ દરેકનો પોતપોતાનો સ્વભાવ નિશ્ચિત હોય છે, તે જ પ્રમાણે અહીં પણ આત્મા ઉપર બંધાયેલા કાર્મણ વર્ગણાના (રજકણો) પ્રદેશોનો હવે સ્વભાવ શો? તેઓ શો ભાગ ભજવવાના છે ? કર્મ પોતાની રીતે આત્મા ઉપર શું કરવાનાં છે ? તેને પ્રકૃતિ બંધ કહેવાય છે. બંધાયેલા કર્મની પ્રકૃતિ એટલે તેનો સ્વભાવ નક્કી થાય છે. અમુક પ્રકારનું કર્મ અમુક કરશે ? આત્મા પાસે કરાવશે વગેરે. તેને પ્રકૃતિબંધ કહેવાય છે.

કર્મો આઠ છે. તો તે આઠેયના આઠ પ્રકારના સ્વભાવ છે. (પ્રકૃતિ છે.) તે તે કર્મનો કેવો સ્વભાવ છે તે સમજવા માટે ઉપમાનાં આઠ દૃષ્ટાન્તો શાસ્ત્રોકાર ભગવંતોએ આપ્યાં છે. એ ઉપમાનાં દૃષ્ટાન્તો તે કર્મનો કાર્ય સ્વભાવ આપણને ખ્યાલ આવી જશે.

કર્મ પ્રકૃતિ માટે ઉપમાનાં આ ૮ દૃષ્ટાન્તો....

પડ પડિહારસિમજ્જ, હડચિત્તકુલાલ ભંડગારિણં ।
જહ એએસિં ભાવા, કમ્માણ વિ જાણ તહ ભાવા ॥

૧. આંખ ઉપર બાંધેલ પાટો, ૨. પ્રતિહાર (દ્વારપાલ), ૩. તલવાર, ૪. મદિરાપાન, ૫. બેંડી, ૬. ચિત્રકાર, ૭. કુંભાર, ૮. ભંડારી. આ બધાના જેવા સ્વભાવ છે તેવા આઠ કર્મોના પણ સ્વભાવ છે. આ ઉપમાનાં આઠ દૃષ્ટાન્તો છે. હવે ક્રમસર એક એકને જોઇએ.

૧. આંખે પાટા બાંધ્યા જેવું જ્ઞાનાવરણીય કર્મ....

આંખ વડે જોઈને વસ્તુ જાણી શકાય છે. પણ માનો કે એક માણસની આંખે પાટા બાંધ્યા હોય તો ? હવે જોઈ-જાણી શકશે? ના. જોવાની શકિત અંદર આંખમાં છે. છતાં પાટો બંધાવાના કારણે નથી જોઈ-જાણી શકતો. એ જ પ્રમાણે આત્મામાં જ્ઞાન ગુણ છે. 'નાણેણ જાણઇ ભાવે' જ્ઞાન ગુણથી પદાર્થોને જાણે છે. પણ જ્ઞાનગુણ ઉપર આવેલ આવરણ જ્ઞાનાવરણ તે આંખે પાટા બાંધ્યા જેવું છે. તેથી હવે પૂર્ણપણે જાણી જોઇ નથી શકાતું.

૨. દ્વારપાલ જેવું દર્શનાવરણીય કર્મ ....

એક માણસ રાજ ને મળવા જાય છે. રાજાને જોવાની ઘણી ઇચ્છા છે. પણ દ્વારપાલ (પ્રતિહારી) રોકે છે, અટકાવે છે. રાજાને જોવા નથી જવા દેતો. તે જ પ્રમાણે આત્મામાં અનન્ત દર્શન ગુણ છે. જેનાથી બધું જ જોઇ શકે છે. પણ તે ગુણ ઉપર આવેલ દર્શનાવરણીય કર્મ આત્માને દ્વારપાલની જેમ જોતાં અટકાવે છે. માટે દર્શનાવરણીય કર્મને દ્વારપાલ (પ્રતિહારી)ની ઉપમા આપી છે.

૩. મધ લગાડેલી તલવાર જેવું વેદનીય કર્મ....

એક તલવાર ઉપર મધ લગાડીને એક માણસ જીભ વડે ચાટે છે. મધ હશે ત્યાં સુધી તો ચાટતાં ગળ્યું લાગશે, સારું લાગશે. પણ મધ ચટાઇ ગયા પછી તલવારની ધારે જીભ કપાતાં વેદના થશે. આના જેવું વેદનીય કર્મ છે. અનન્ત સુખ ગુણ ઉપર આવેલ આવરણ વેદનીય કર્મ પણ પ્રથમ સુખ અને પછી દુઃખ દેખાડે છે.

૪. દારૂ પીધેલા માણસ જેવું મોહનીય કર્મ ....

એક માણસે દારૂ પીધો. પછી ભાન ગુમાવ્યું અને હવે નશામાં ઘરે આવીને જેમ-તેમ બોલવા લાગ્યો. ભાન ગુમાવ્યા પછી વિવેક પણ ભૂલી જાય છે. અને પત્નીને મા કહે છે, માને પત્ની કહે છે, બહેનને દીકરી કહે છે, અને દીકરીને બહેન કહીને

તેમના પ્રત્યે તેવો વ્યવહાર કરે છે. આના જેવું મોહનીય કર્મ છે. આ કર્મના ઉદયે માણસ દારૂડીયાની જેમ ભાન વિવેક બધું ગુમાવી બેસે છે, અને જે પોતાનું નથી એને પોતાનું માને છે, પારકુ એ મારું અને જે મારું આત્માનું છે તેને પારકું માને છે. સર્વત્ર મારું મારું કરે છે.

૫.બેડી જેવું આયુષ્ય કર્મ....

સ્વતંત્ર રીતે આકાશમાં ઊડતું પક્ષી અથવા સ્વેચ્છા પ્રમાણે હરતો ફરતો માણસ હોય, પરન્તુ અપરાધના કારણસર તેના હાથે લોખંડની બેડી (સાંકળ) બાંધીને તેને બંદી (કેદી) બનાવીને જેલમાં લોખંડના સળિયા પાછળ પૂરી દેવામાં આવ્યો હોય. હવે તે માણસ બંધનમાં આવી ગયો. અને જેટલાં વર્ષ માટે સજા ફરમાવી હોય તેટલાં વર્ષ તેને બેડીના બંધનમાં રહેવું પડે. એ જ પ્રમાણે અક્ષય સ્થિતિવાળો સ્વતંત્ર આત્મા આયુષ્ય કર્મના કારણે આ શરીરરૂપી જેલ બેડીના બંધનમાં આવે છે. અને જેટલા વર્ષનું આયુષ્ય બાંધ્યું હોય તેટલા વર્ષ એક શરીરમાં રહેવું પડે છે. માટે આયુષ્ય કર્મને બેડીની ઉપમા આપી છે.

૬. ચિત્રકાર જેવું નામકર્મ....

એક ચિત્રકાર જેમ એક ચિત્ર દોરતો હોય ત્યારે તેમાં એક સ્ત્રી-પુરુષ બનાવતી વખતે તેના હાથ - પગ, મોઢું, નાક, આંખ, કાન, વગેરે સર્વ અંગ -ઉપાંગ સાથે શરીર બનાવશે, રંગ ભરશે, એ જ પ્રમાણે અનામી અરૂપી એવા આત્માને પણ સશરીરી નામી, વર્ણ-ગંધ-રૂપ-રસ વાળો બનાવનાર નામકર્મ છે. નામકર્મના આધારે શરીર બને છે. સ્વર, યશ, વગેરે પણ મળે છે. માટે નામ કર્મ ચિત્રકાર જેવું છે.

૭. કુંભાર જેવું ગોત્ર કર્મ ....

એક કુંભાર એના વ્યવસાયમાં જેમ નાના, મોટા, સારા ઉત્તમ, અને હલકા-ભારે ઘડા બનાવે છે. તેના જેવું ગોત્ર કર્મ છે, બાંધેલા ગોત્ર પ્રમાણે જીવોને આ સંસારમાં કુળ મળે છે. ઘણાંને નીચ કુળ પણ મળે છે. આત્મા તો નાનો પણ નથી, અને મોટો પણ નથી. સર્વ આત્મા સમાન જ છે. પણ બાંધેલા કુળ પ્રમાણે જ દરેક જીવને ઊંચ-નીચ કુળ પ્રાપ્ત થાય છે અને તે કારણે સંસારમાં જીવો હરિજન, ચંડાળ, બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિયાદિ

ગણાય છે. માટે આ ગોત્ર કર્મને કુંભારના ઘડા જેવી ઉપમા આપી છે.

૮. ભંડારી જેવું અંતરાય કર્મ ....

એક રાજાનો ભંડારી (ખજાનચી) છે. અને તે રાજાની આજ્ઞા પ્રમાણે વહીવટ કરે છે. એક માણસ રાજા પાસે માંગવા ગયો . રાજા રાજી થયો અને ૧૦૦૦ રૂપિયા આપવાનું કહ્યું . અને ભંડારીને હુકમ પણ કર્યો કે, આ માણસને ૧૦૦૦ રૂપિયા આપજો. રાજા હુકમ કરીને ચાલ્યો ગયો.

પરન્તુ ભંડારી પેલા માણસને અનેક વાત પૂછે છે. એ ! તું શું કરીશ આ રૂપિયાને ? શા માટે જોઈએ છે ? અરે, આ કામ માટે હજાર શેના જોઈએ ? અને એક વર્ષ પહેલાં લીધેલા પૈસાનું શું કર્યું ? વગેરે ઘણા પ્રશ્નો પુછીને સ્પષ્ટ ના પાડીને રવાના કરે છે. જા, નહીં મળે. એક પૈસો પણ નહીં મળે. અફસોસ ! રાજાનો હુકમ હોવા છતાં પણ ભંડારી પાસેથી કંઈ જ ન મળ્યું. એ જ પ્રમાણે અંતરાય કર્મ છે. કંઈ સામે દેખાતી વસ્તુ મળશે એવી આશા છતાં નથી મળતી તેને અંતરાય કહેવાય . કોઈ આપણને દાન આપવા તૈયાર હોય અને છતાં ન મળે, સામે ખાવાનું તૈયાર છે, છતાં નથી ખાઈ શકાતું, તે આપણું ભારે અંતરાય કર્મ છે. છતી વસ્તુએ નથી વાપરી શકતા તે અંતરાય કર્મ છે. માટે આ અંતરાય કર્મને ભંડારીની સાથે સરખાવીને ભંડારીના જેવી ઉપમા આપવામાં આવે છે.

આ છે પ્રકૃતિ બંધ. પ્રકૃતિ એટલે સ્વભાવ. ''जह एएसिं भावा कम्माण वि जाण तह भावा'' અર્થાત્ આ આઠે ઉપમાનાં દૃષ્ટાંતોના જેવા ભાવ-સ્વભાવ છે તેવા જ આ આઠે કર્મોના પણ સ્વભાવ છે. આ તો ઉપર ઉપરથી મૂળ કર્મ પ્રકૃતિઓના સ્વભાવની વાત કરી અને અંદર ઉતરીએ એટલે આઠે મૂળ કર્મોની ૧૫૮ પ્રકૃતિઓના સ્વભાવને તપાસતાં તે જ સ્પષ્ટપણે ખ્યાલ આવશે. બંધાયેલાં કર્મ પછી ગ્રહણ કરેલા કર્મ પ્રદેશો પ્રમાણે પ્રદેશ બંધ પછી તે કર્મની પ્રકૃતિ (સ્વભાવ) શું છે ? તે શું કરશે ? આત્માને આ કર્મની પ્રકૃતિ પ્રમાણે કેવો ભાગ ભજવવો પડશે તેની વિચારણા પ્રકૃતિ બંધની અંતર્ગત કરવામાં આવે છે.

અત્યારે આત્મા પોતાની આત્મપ્રકૃતિ (સ્વભાવ) પ્રમાણે નથી વર્તતો. હવે જીવ જે કર્મના બંધનમાં બંધાયેલો છે તે કર્મને આધીન કર્મપ્રકૃતિ (સ્વભાવ) પ્રમાણે વર્તે છે. 'कर्म नचावे तिमही नाचत' કર્મ જેમ નચાવે છે તેમ આત્માએ નાચવું પડે છે. જો કે આત્મા બળવાન છે. અનન્ત શક્તિનો માલિક છે, એમાં ના નહીં ! પણ અત્યારે તો આત્મા ગ્રહણ કરેલા કર્મને આધીન છે. બંધાયેલા પ્રકૃતિ બંધના કર્મને આધીન થઈને કર્મની પ્રકૃતિ (સ્વભાવ) પ્રમાણે વર્તન- વ્યવહાર કરી રહ્યો છે. દા. ત., ગાડીમાં જોડાયેલો ઘોડો, બળદ

વગેરે હવે માલિક (ગાડી ચાલક)ની આજ્ઞા પ્રમાણે ચાલે છે. માલિક જે બાજુ લગામ ખેંચે, જેમ ચાબુક મારે તેમ ચાલવું પડે છે. ઘોડાની ઇચ્છા હોય કે ન પણ હોય પણ હવે પોતાની ઇચ્છા છોડીને જેને આધીન હોય તેની ઇચ્છા મુજબ ચાલવું પડે છે. આધીન-વશ રહેવું પડે છે. માલિકનો જેવો સ્વભાવ હોય તે પ્રમાણે ઘોડાને દોડવું પડે છે. એ જ પ્રમાણે, આત્મા પણ અત્યારે પોતાના ઉપર ઢગલાબંધ ખૂબ બંધાયેલા કર્મના સ્વભાવ પ્રમાણે ચાલે છે. સંસારી આત્મા કર્માધીન છે. કર્યા કર્મ પ્રમાણે, તેના સ્વભાવ પ્રમાણે વર્તન-વ્યવહાર કરવાં પડે છે. કર્મનો સ્વભાવ આત્મગુણોને ઢાંકી દે છે, દબાવી દે છે.

આઠ કર્મો, આત્માના આઠ ગુણોને ઢાંકે છે....



૧. જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ આત્માના અનન્ત જ્ઞાનગુણને ઢાંકવાનો છે. જેમ એક ચાલુ લાઇટના ગોળાને કપડાથી ઢાંકીએ તો તેનો પ્રકાશ કપડાની પાછળ કેટલો ઝાંખો આવશે ? એ જ પ્રમાણે, ૨, ૩, ૪, ૫, કપડાં જો રાખીએ તો ? હવે પાંચ કપડામાંથી નીકળતો પ્રકાશ કેટલો ઝાંખો હશે ? સાવ અંશમાત્ર પણ હશે કે કેમ ? એ જ પ્રમાણે, અનન્તજ્ઞાની એવા આ આત્મામાં પાંચ પ્રકારનાં જ્ઞાન છે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન, આત્માના આ પાંચે જ્ઞાનો ઉપર કર્મરજનાં આવરણ આવી જવાથી તે તે જ્ઞાન ગુણ તે તે કર્મની નીચે દબાઇ ગયા છે. અને કર્મ બની ગયા છે.

(૧) મતિ જ્ઞાનાવરણીયકર્મ; (૨) શ્રુતજ્ઞાનાવરણીય કર્મ,

(૩) અવધિજ્ઞાનાવરણીય કર્મ (૪) મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ

(૫) કેવળજ્ઞાનાવરણીય કર્મ.

આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આત્મા આ પાંચે જ્ઞાનાવરણીય કર્મની નીચે દબાયેલો પડ્યો છે હવે લાઇટના ગોળાનો પ્રકાશ જેમ આ પાંચ પરદાની વચ્ચેથી બહાર કેટલો આવશે ? બસ, તો વર્તમાનમાં આ પાંચે જ્ઞાનાવરણીય કર્મનો આપણને બધાને ઉદય છે. એમાંથી બહાર આવતો સાવ ઝાંખો જ્ઞાનપ્રકાશ આપણને દરેકને અનુભવ થાય છે કે આપણને કેટલી બુદ્ધિ મળી છે ? આપણું જ્ઞાન કેટલું છે ? કેટલી આપણી સમજણ શક્તિ છે ? આત્માનું અનન્ત જ્ઞાન આ પાંચ આવરણો (પરદા)માંથી બહાર આવતું કેટલું છે?... કેટલું ઝાંખું છે ?

જે સ્થિતિ જ્ઞાનાવરણીય કર્મ નીચે દબાયેલા આત્માના આ જ્ઞાનગુણની છે, તે જ સ્થિતિ આઠે કર્મ નીચે દબાયેલા આત્માના આઠે ગુણોની છે.

(૨) દર્શનાવરણીય કર્મની નીચે આત્માનો અનન્ત દર્શન ગુણ ઢંકાયેલો છે.

(૩) મોહનીય કર્મે આત્માનું યથાખ્યાત સ્વરૂપ અર્થાત્ જેવું આત્માનું વાસ્તવિક સ્વરૂપ હતું તે ઢાંકી દીધું છે. અનન્ત ચારિત્ર ગુણ ઢંકાઇ જતા આત્મા હવે આ સંસારમાં કર્મની પ્રકૃતિ (સ્વભાવ) પ્રમાણે વિષયવાસના તથા કલેશ કષાયના ચાળા પાડતો નાચી રહ્યો છે.

(૪) અન્તરાયકર્મે આત્માના અનન્ત વીર્ય (શકિત)ના ગુણને ઢાંકી દીધો છે. હવે આત્માને દાન-લાભ-ભોગ, ઉપભોગ, શકિત-સ્ફુરણા આદિમાં વિઘ્ન અનુભવવું પડે છે આ અન્તરાય કર્મના કારણે જીવને પુણ્ય યોગે મળ્યું છતાં ભોગવી નથી શકતો, ખાઇ નથી શકતો, આપી નથી શકતો, મળતું નથી. વગેરે... વગેરે.....

(૫) નામકર્મે આત્માના અરૂપી-અનામીપણાને ઢાંકી દીધું છે. જે આત્મા અરૂપી હતો તેને એક દેહના પીંજરામાં ગૉરો-કાળો વગેરે રૂપી બનાવ્યો. જે આત્માનું કોઇ નામ જ નથી તેને એક શરીરમાં પૂરીને નામકર્મે અમથાભાઇ, પેથાભાઇ, ગાંડાભાઇ, વગેરે નામો પાડયાં, સ્વતંત્ર આત્માને ઇન્દ્રિયોનાં બારી-બારણાંવાળા કેદખાનામાં (શરીર)માં પૂર્યો તેને એક ગતિમાંથી બીજી ગતિમાં આવ-જા કરાવે છે. ગતિ, જાતિ, શરીર, ઇન્દ્રિયો; યશ, અપયશ, સુસ્વર, દુઃસ્વર, અંગોપાંગ, વગેરે કેટલી વિગતોનો આ મોટો-બહોળો સંસાર ઉભો કરીને જીવને આ નામકર્મે કેવો ચિત્રવિચિત્ર બનાવી દીધો છે ?

(૬) આત્માએ પોતે બાંધીને ઊભા કરેલા ગોત્રકર્મે આત્માની અગુરુલઘુપણાની સ્વતંત્રતા હણી લીધી છે. ન નાનો કે ન મોટો, ન હલકો કે ન ભારે. આ આત્મા આજે ગોત્રકર્મના દબાણ નીચે ઉચ્ચ નીચ કુળમાં જન્મીને બ્રાહ્મણ શૂદ્ર-વૈશ્ય-ક્ષત્રિય વગેરે બન્યો છે. એક રાજકુળમાં જન્મે છે તો બીજો ઝૂંપડપટ્ટીમાં જન્મે છે. આ બધી ગોત્ર કર્મની લીલા છે.

(૭) અનન્ત અવ્યાબાધ સુખ એ આત્માનો ગુણ-સ્વભાવ હતો. પણ તેના ઉપર આવરણરૂપે આવેલા વેદનીય કર્મે આત્માને સુખ-દુઃખનો અનુભવ કરાવવા માંડયો. વ્યાબાધ; એટલે પીડા, પરાભવ, કોઇથી પણ વ્યાબાધ ન પામનારો અવ્યાબાધ સુખના સ્વભાવવાળો આત્મા આજે આ શરીરમાં સેંકડો જાતના વ્યાબાધો સહન કરે છે. તેનું વેદન-સંવેદન કરે છે. તે કારણ વેદનીય કર્મનું છે. આના કારણે જીવો સંસારમાં ભિન્ન-ભિન્ન રોગોથી ઘેરાઇને વેદના અનુભવે છે. કોઇ સુખની શાતા વેદના અનુભવે છે. તો કોઇ ભારે દુઃખની અશાતા વેદના અનુભવે છે. સચ્ચિદાનંદ, આનન્દઘન એવા આત્માને આજે સંસારમાં આ વેદનીય કર્મના દબાણની નીચે શાતા અને અશાતા (સુખ-દુઃખ) અનુભવવી પડે છે.



(૮) અક્ષય "न क्षय इति अक्षय" કોઇ કાળે જે આત્માની સ્વતંત્રતા ન હણાય, ક્ષય ન થાય તેવી અક્ષય સ્થિતિ હતી. પણ આત્માના આ ગુણ ઉપર આયુષ્ય કર્મે તરાપ મારી. અને આત્માનો સ્વતંત્ર રહેવાનો અધિકાર છીનવી લીધો. અને આત્માને એક દેહના પિંજરાના બંધનમાં નાંખી દીધો. અને તેની પણ કાળમર્યાદા નક્કી કરી દીધી. અને તે કાળમર્યાદાની અવધિ પૂરી થતાં આત્માને એકમાંથી બીજામાં નાંખવો. મનુષ્યમાંથી પશુમાં, પશુમાંથી નરકમાં, નરકમાંથી પાછો પશુમાં, ત્યાંથી દેવમાં એમ ચારે ગતિના ચક્કરમાં ફેરવતો ફેરવતો, બધે થોડાં-ઘણાં વર્ષોનાં નાટક નચાવીને પોતાના બંધનમાં રાખતું આ આયુષ્ય કર્મ આત્માને જન્મ-મરણનાં ઝોલાં ખવરાવી રહ્યું છે.

ઘરમાં જેમ એક વડીલ વ્યક્તિનો સ્વભાવ હોય છે તેમ આપણે તેમના સ્વભાવને અનુકૂળ થઇને વર્તવું પડે છે. પત્નીને પણ પતિના સ્વભાવને અનુરૂપ વર્તવું પડે છે. તે જ પ્રમાણે આત્માને આ પ્રકૃતિ બંધમાં કર્મના બંધનમાં રહીને કર્મના સ્વભાવ (પ્રકૃતિ) પ્રમાણે વર્તવું પડે છે. વર્તન અને વ્યવહારનાં નાટકો નાચવાં પડે છે.

આઠ કર્મોના આવરણ નીચે દબાયેલો આત્મા....

વાદળાઓથી ઢંકાયેલા સૂર્યનો પ્રકાશ કેટલો ઝાંખો હોય છે ? એ જ પ્રમાણે આત્મા જે સૂર્ય જેવો તેજસ્વી છે, તેના ઉપર ઉપરા ઉપરી આવતા કર્મનાં આઠ પડળો (વાદળ) નીચે ઢંકાયેલો છે. હવે વિચાર કરો કે આત્માના જ્ઞાન- દર્શનાદિ ગુણોનો પ્રકાશ આ આઠ પડળોના આવરણોમાંથી પસાર થઇને બહાર આવે તો કેટલો આવે? પોતાના મૂળ સ્થાનમાં તો આત્મા સૂર્ય જેવો તેજસ્વી પ્રકાશમાન ઝળહળતો છે, પણ આ આઠ પડળો (આવરણો)માંથી બહાર આવતો પ્રકાશ સાવ ઝાંખો-આછો થઇ જાય છે; જે આપણે બધા જ અનુભવ કરી રહ્યા છીએ. આ ચિત્રમાં જોતાં તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

રસબંધ....

જેમ ખારો, તીખો, કડવો, મીઠો, તૂરો, ખાટો, વગેરે ખાદ્ય પદાર્થોના રસો છે અને તેમાં પણ સારા ખરાબ છે. મીઠા રસો સ્વાદમાં ઘણા સારા લાગે છે- ગમે છે. પણ કડવો, તૂરો વગેરે રસો નથી ગમતા. તે અશુભ છે.

એ જ પ્રમાણે જીવ જયારે કર્મ બાંધે છે, ત્યારે તેમાં રસ પણ રેડાય છે. રસબંધ પડે છે. જેમ સિમેન્ટમાં પાણી મેળવવામાં આવે છે, રોટલી બનાવવા ઘઉંના લોટમાં જેમ પાણી રસ તરીકે રેડવામાં આવે છે, ત્યારે જ કણક બંધાય, એ જ પ્રમાણે આત્માએ આશ્રવ માર્ગે ખેંચીને ગ્રહણ કરેલ કાર્મણ વર્ગણાના પ્રદેશો જે પ્રદેશબંધ રૂપે પરિણમેલ છે, તેનો બંધ કરવા માટે, આત્મા સાથે ચોંટાડીને એક રસ કરવા માટે તે કાર્મણ વર્ગણાના પ્રદેશોમાં રસ રેડવો પડે છે. તો જ તે બંધાશે. પાણી નાખ્યા વગર એકલા સિમેન્ટથી થાંભલો નહીં બની જાય. પાણીનો રસ રેડયા વગર ઘઉંના લોટ ઉપર વેલણ ફેરવવાથી રોટલી નહીં વણાઇ જાય. તેમાં પાણી રેડવું આવશ્યક છે. એ જ પ્રમાણે, એકલા રસ વિનાના કાર્મણ વર્ગણાના પ્રદેશો આત્મા સાથે ચોંટશે નહીં. માટે જીવ તેમાં રાગ-દ્વેષ-ક્રોધ–માન-માયા-લોભાદિ કષાયો વડે રસ રેડે છે. તે કષાયના રસથી હવે તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓ સાથે ચોટીને એક-રસ થઈને બંધાઇ જશે.



જેવો રસ હશે તેવો સ્વાદ આવશે. જો રસ લીંબડાનો હશે તો ઘણો કડવો લાગશે. અને જો રસ શેરડીનો હશે તો ગળ્યો મીઠો લાગશે. એ જ પ્રમાણે અશુભ પાપનો બંધ અને શુભ પુણ્યનો બંધ જીવ શુભાશુભ પરિણામોના આધારે બાંધે છે. પુણ્યનો રસ શેરડીના રસ જેવો મીઠો હોય છે. તેથી પુણ્યનો ઉદય ભોગવતાં સુખ સારું મીઠું લાગે છે. અને પાપનો ઉદય ભોગવતા લીંબડાના રસ જેવો કડવો, અશુભ લાગે છે.

રસબંધનો આધાર જીવોના અધ્યવસાય ઉપર હોય છે. અધ્યવસાય એટલે વિચારધારા. આપણી વિચારધારામાં કલેશ-કષાય તથા લેશ્યાની માત્રા કેટલી છે તે જોવાની છે. આપણામાંથી કોઇ પણ એવો નથી જેની અધ્યવસાય ધારામાં શુભાશુભ કષાય

-લેશ્યાની માત્રા ન હોય. દીકરા ઉપર ઓછો ક્રોધ આવે છે અને નોકર ઉપર વધારે ક્રોધ આવે છે. પણ આવે તો છે જ. એકને પાછળથી આગળ બોલાવીને જગ્યા કરીને બેસાડવામાં રાગભાવ છે, અને એક આગળવાળાને પાછળ મોકલવામાં દ્વેષની માત્રા પણ પડી છે. કમાઉ દીકરા ઉપર સ્વાભાવિક રીતે માતાને રાગ વધારે હોય છે જ્યારે ન કમાનાર દીકરા ઉપર માતાનો રાગ પણ ઓછો હોય છે.

અધ્યવસાયોની તરતમતા દરેક જીવની ભિન્ન ભિન્ન હોય છે. સંસારમાં જીવો અનન્તા છે. એટલે જ અધ્યવસાયના પ્રકારો પણ અનન્તા કહ્યા છે. અને આવતા કષાયોમાં પણ અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની તથા સંજવલનના ચાર ભેદ છે. અને ક્રોધ-માન-માયા લોભ આ એક એકના ઉપરોકત ચાર-ચાર ભેદ એમ ચારે કષાયના ૧૬ ભેદ થયા અને તેના પણ પરસ્પર ગુણાકારાદિથી ૧૬ના ૬૪ ભેદપણ થાય છે. અને જીવોની દૃષ્ટિએ તો અનંત ભેદ તરતમતા- અધ્યવસાયોના થાય છે. તેમાં પાછી છ લેશ્યા ભેગી ભળે છે. લેશ્યાઓ ૬ છે. તેમાં પણ આદ્ય ત્રણ અશુભ, અને પછીની



ત્રણ શુભ, પ્રથમ વધુ અશુભ હોય છે, અને પછી ધીમે ધીમે આગળ વધતાં શુભ-શુભતર થતી જાય છે.

આત્માના અધ્યવસાયોની તરતમતાને આ ૬ લેશ્યાઓમાં વિભાજિત કરવામાં આવે છે. આપણા પરિણામોમાં કેટલા ટકા ક્રોધાદિ કષાયોની માત્રા રહે છે તે જોવા માટે આ ૬ લેશ્યાઓને રંગના દૃષ્ટાન્તથી આપવામાં આવી છે. Colour Psycho logyમાં આ એક અદ્‌ભૂત વાત છે કે માણસના સ્વભાવના પણ કાળા-પીળા વગેરે વિવિધ રંગો બતાવ્યા છે. તેમ આ ૬ લેશ્યાઓનાં નામો પણ રંગોના આધારે આપવામાં આવ્યાં છે.



પહેલી લેશ્યા એકદમ કાળી (કૃષ્ણ) છે. પછી તેની કાળાશ ક્રમે ક્રમે ઓછી થતી થતી છેલ્લે સફેદ (શુકલ) થઇ જાય છે.

આ ૬ લેશ્યાઓને દૃષ્ટાન્તથી સમજવા માટે છ મિત્રોનું દૃષ્ટાન્ત આપ્યું છે. છ મિત્રોને ભૂખ લાગી અને તેઓ જાંબુ ખાવા એ ઝાડ નીચે ગયા. ૧. પહેલો તો કહે છે, કુહાડાથી આખું ઝાંડ જ મૂળમાંથી કાપી નાંખો. ૨. બીજો કહે છે, ના. ઉપરથી મુખ્ય મોટી ડાળો તોડી નાંખો. ૩. ત્રીજો કાપોતલેશ્યાવાળો કહે છે. ના... ના.... નાની ડાળો કાપી નાખો. ૪. ચોથો પીત લેશ્યાવાળો કહે છે, ના... ના... આખા ગુમખાંજ તોડી નાખો. ૫. પાંચમો પદ્મ લેશ્યાવાળો કહે છે, નાના... નાના..... ગુમખામાંથી પણ પાકા પાકા જાંબુ જ તોડો. ૬. અને છઠ્ઠો શુકલ લેશ્યાવાળો કહે છે ના... ના.. કંઇજ તોડવાની જરૂર નથી આટલા પાકા જાંબુ તો અહીંયા નીચે જ પડયા છે. તે જ વીણી લઇએ તોય ઘણાં છે.

આ દૃષ્ટાન્તથી સમજશો કે છએ મિત્રોને ખાવું એમાં ના નથી પણ બધાની વિચારધારા જુઓ. અને દરેકના આચારોમાં રહેલી હિંસક ભાવના અને ક્રૂરતાની તરતમતા જૂઓ. પહેલાંમાં ઘણી લાગે છે, અને પછી ધીમે ધીમે ઓછી થતી જાય છે. છઠ્ઠામાં એકદમ ઓછી થઇ જાય છે. સંસારમાં દરેકે દરેક વિચારધારા, કષાયધારા, વગેરેમાં આ પ્રમાણે જ ભેદની તરતમતા હોય છે. એટલે જે જીવની જેવી પરિણામધારા હોય છે તે જીવ તેટલો રસ રેડે છે. અને તે જીવને તેટલા પ્રમાણમાં કર્મ દૃઢ અને સામાન્ય વગેરે બંધાય છે. આ છે રસ બંધ.

લીંબડાના રસને જેમ જેમ ઉકાળતા જઇશું અને ઉકાળતા ઉકાળતા ઘટ્ટ કરતા જઇશું તેમ તેમ તેની કડવાશ પણ ખૂબ વધતી જશે, ગાઢ થતી જશે. અને તે કડવાશ મોઢામાં

એક ટીપું જ નાખતા મોઢું બગડી જશે. એ જ પ્રમાણે, શેરડીના રસને ઉકાળતા-ઉકાળતા જેમ ઘટ્ટ કરતા જઈશું તેમ તેમ તે ઘટ્ટ થતા ગોળ બની જશે. અને ગોળ મોઢામાં નાંખતા તે ગળ્યો લાગશે. આ જ પ્રમાણે, શુભ-અશુભ કર્મો બંધાય છે. તેમાં પણ અનંતાનુબંધી આદિના અધ્યવસાયોના આધારે એક ઠાણીયો, બેઠાણીઓ, ત્રણ ઠાણીઓ, ચાર ઠાણીઓ વગેરે તીવ્ર બંધ, તીવ્રતર બંધ અને તીવ્રતમ કર્મનો બંધ પડે છે. આ પ્રમાણે અધ્યવસાય પ્રમાણે કર્મનો રસબંધ પ્રમાણે બંધાયેલા કર્મોના ઉદય વખતે ભોગવાતા પુણ્ય અને પાપમાં પણ સુખ દુઃખની તીવ્રતા, મન્દતા વગેરે રહે છે.

સ્થિતિ બંધ....

રસ બંધના આધારે કર્મની સ્થિતિ નકકી થાય છે. સ્થિતિ એટલે કાળ મર્યાદા-સમયાવધિ (Time Limit) જેમ આપણે ભાતા માટે બનાવેલ પુરી જો પાણીમાં બનાવી હશે તો બીજા દિવસે નહીં ટકે, દૂધમાં બનાવી હોય તો બીજા દિવસે ટકશે. છાશમાં બનાવી હોય તો ત્રીજા દિવસે પણ ટકશે. તેલમાં તળી નાંખી હોય, ખાખરા શેકી નાંખ્યા હોય તો વધુ ટાઇમ ટકે. એ જ પ્રમાણે ચારે લાડવામાં પણ કાળની અવધિ રહે છે. અને સિમેન્ટમાં એકવાર પાણી નાંખીને થાંભલો બાંધ્યો હોય પછી તે કેટલો કાળ ટકશે ? ૬૦, ૭૦, ૮૦, વગેરે વર્ષો R. C.C.ના બાંધકામ માટે કહેવાય છે.

દરેકમાં જેમ કાળ અવધિ છે. તે જ પ્રમાણે એક વાર આત્મા સાથે બંધાયેલા ચોંટીને બંધાયેલાં કર્મો કેટલા કાળ સુધી આત્મા સાથે ટકશે ? તેનો વિચાર ''સ્થિતિ બંધ''માં કરવામાં આવ્યો છે. જે કર્મ જે વખતે બંધાય છે. તે જ વખતે તેની સમય મર્યાદા પણ નકકી થઇ જ જાય છે, આ કર્મ આત્મા સાથે આટલા વર્ષ સુધી ચોંટીને રહેશે. આ કર્મ તો આત્મા સાથે આટલા કાળ સુધી બંધ રહેશે. અને પછી આત્માથી છૂટું પડશે.

સ્થિતિ બંધનો આધાર રસબંધ ઉપર રહે છે. રસ કેવા પ્રકારનો રેડયો છે તેના ઉપર સ્થિતિનો આધાર રહે છે. આપણે બધાય અને જગતના સર્વ જડ-ચેતન પદાર્થો સાથે કાળતત્ત્વ પણ સંકળાયેલુ રહે છે. આ જગતનું એક પણ તત્ત્વ-પદાર્થ કાળતત્ત્વની બહાર નથી. બધા જ કાળતત્ત્વની અસર નીચે સંકળાયેલા છે. એ જ પ્રમાણે, આત્માની સાથે બંધાયેલા આઠેય કર્મોની કાળ અવધિ-સ્થિતિ કેટલી તે જ્ઞાની ભગવંતે જણાવી છે. સ્થિતિબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને પ્રકારનો છે.

જઘન્ય એટલે ઓછામાં ઓછી સ્થિતિ એક અંતર્મુહૂર્ત અર્થાત્ ૨ ઘડી-૪૮ મિનિટ અર્થાત્ એકવાર કર્મ આત્મા સાથે બંધાયા પછી ઓછામાં ઓછી ૪૮ મિનિટમાં પણ ઉદયમાં આવી શકે છે. એટલા ટાઇમમાં ખલાસ થઇને ચાલ્યું જાય.

ઉત્કૃષ્ટ સ્થિતિ- એટલે વધુમાં વધુ કાળ, અર્થાત્ એકવાર આત્મા સાથે બંધાયેલ કર્મ વધુમાં વધુ જો આત્મા સાથે બંધાઇ રહે તો ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી રહી શકે.

		સ્થિતિબંધ	
		૧	૨
		જઘન્યસ્થિતિ	**ઉત્કૃષ્ટસ્થિતિ**
૧. જ્ઞાનાવરણીયકર્મ-૧	અંતર્મુહૂર્ત	૩૦	કોડા કોડી સાગરોપમ
૨. દર્શનાવરણીયકર્મ-૧	,,	૩૦	,, ,,
૩. મોહનીયકર્મ - ૧	,,	૭૦	,, ,,
૪. અન્તરાયકર્મ - ૧	,,	૩૦	,, ,,
૫. નામકર્મ - ૮	,,	૨૦	,, ,,
૬. ગોત્રકર્મ - ૧	,,	૨૦	,, ,,
૭. વેદનીયકર્મ - ૧૨	,,	૩૦	,, ,,
૮. આયુષ્યકર્મ- ૧	,,	૩૩	સાગરોપમ

અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ થાય.

૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.

કરોડોને કરોડો સાથે ગુણતા કોડાકોડી આવે છે. કોડાકોડી =

૧૦૦,૦૦,૦૦૦ ×૧૦૦,૦૦,૦૦૦=૧,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ આટલા વર્ષ એ એક કોડાકોડી થયા. એવા ૭૦ કોડાકોડી સાગરોપમ વર્ષની મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં બંધાયેલા કર્મો એક વાર આત્મા સાથે બંધાયા પછી આટલા વર્ષો સુધી આત્મા સાથે સંકળાઈને રહી શકે છે, અને દુઃખ આપે છે. ભગવાન મહાવીર સ્વામીને ત્રીજા મરીચિના ભવમાં બંધાયેલા કર્મો ૨૭માં ભવે પણ ઉદયમાં આવ્યા. ૨૭ ભવોમાં કેટલો કાળ ગયો હશે? કેટલા વર્ષો વીત્યા હશે ?

ગાઢ મિથ્યાત્વાદિમાં બંધાયેલા ભારે ક્રૂર અધ્યવસાયો, કૃષ્ણ લેશ્યા અને આર્ત-રૌદ્રધ્યાનમાં સ્થિતિ ઘણી લાંબી સ્થિતિ બંધાય છે. એટલા કાળ સુધી જીવને આ સંસારમાં રખડવું જ પડશે એ નકકી થઈ ગયું.

અબાધાકાળ

બંધાતાની સાથે જ તરત કર્મ ઉદયમાં નથી આવી જતું. બંધાયા પછી શરૂઆતના અનેક વર્ષો તો તે કર્મની સજા વિનાના બાધા=પીડા=દુઃખ=અ+બાધા=પીડા- દુઃખ વિનાનો કાળ તે અબાધાકાળ કહેવાય છે. અને પછી તે કર્મ ઉદયમાં આવે છે. જયાં સુધી કર્મ ઉદયમાં આવી ફળ ન આપે ત્યાં સુધીનો સમય અબાધાકાળ કહેવાય છે. કર્મની બાધા-પીડા ન ઉપજાવનાર કાળ દા. ત. નરકનું આયુષ્ય બાંધ્યુ હોય તો તે અત્યારે આ ચાલુ જન્મમાં કશી હરકત ન કરી શકે. પણ નરકમાં ગયા પછી બાધા-પીડા ચાલુ. જેમ દારૂ

પીતાની સાથે તરત જ નશો નથી ચઢી જતો. ત્યાં પણ સમય લાગે છે.

સામાન્ય નિયમ એવો છે કે કોઇ પણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા કોડાકોડી સાગરોપમ વર્ષની હોય, તેટલા સો વર્ષનો તે કર્મનો અબાધાકાળ કહેવાય છે. દા. ત. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ વર્ષ છે તો તેનો અબાધાકાળ ૭૦૦૦ (સીત્તેરસો) વર્ષનો હોય, ૩૦ કોડાકોડી સાગરોપમ વર્ષની સ્થિતિવાળા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મ, અને વેદનીય કર્મનો અબાધાકાળ ૩૦૦૦ ત્રણ હજાર વર્ષનો છે. આટલો કાળ કર્મબંધ પછી વચ્ચે અબાધાનો કાળ ગયા પછી તો કર્મના ઉદયની શરૂઆત થાય છે.

આ પ્રમાણે પ્રકૃતિ-પ્રદેશ-રસ અને સ્થિતિ એમ ચાર પ્રકારનું બંધ તત્ત્વ કહ્યું. કર્મ કેવી રીતે બંધાય છે ? કેટલા બંધાય છે ? તેનો સ્વભાવ શું ? તેની સ્થિતિ કેટલી ? વગેરે કર્મના બંધનો વિચાર કર્યો.

કર્મના બંધની પધ્ધતિ....

ચાર પ્રકારના બંધ તત્ત્વનો વિચાર કર્યો. હવે થોડો વિચાર એ પણ કરી લઇએ કે જે કર્મો આત્માની સાથે બંધાય છે તો તે કેવી રીતે બંધાય છે. તેના બંધની પદ્ધતિ (રીત)નો વિચાર કરીએ. જેમ દૂધમાં પાણી નાંખતાની સાથે જ તે દૂધમાં ભળી જાય છે. એ જ પ્રમાણે ઓછા–વધારે કષાયાદિના કારણે રસ વડે જે કર્મ પુદ્‌ગલો સાથે બંધાય છે તે પણ ચાર પ્રકારના છે. ૧. સ્પૃષ્ટ, ૨.બદ્ધ ૩. નિધત્ત, ૪. નિકાચિત, નીચેના ચિત્ર ઉપરથી આ ચારે સમજી શકાશે. સોયના પ્રયોગોના ચિત્ર ઉપરથી ખ્યાલ આવશે.

(૧) સ્પૃષ્ટ (શિથિલ)

કર્મબંધ વખતના પરિણામને સમજવા માટે આ સોયના દૃષ્ટાંતનો વિચાર કરીએ. પ્રથમ સ્પૃષ્ટ બંધ તે શિથિલ ગણાય છે. સોયના ઢગલામાંથી સોય જુદી પાડવી સહેલી છે. દોરાની ઢીલી ગાંઠને જેમ સહેલાઈથી છોડી શકાય છે, તે જ પ્રકારે કપડાં ઉપર લાગેલી ધૂળ ખંખેરવાની જેમ કેટલાક બંધાયેલાં પાપકર્મો પશ્ચાતાપ કરવા માત્રથી પણ ખપી શકે છે. તેને સ્પૃષ્ટ બંધ એટલે શિથિલ (ઢીલો) બંધ કહેવાય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિને પશ્ચાતાપ કરતા કર્મ ખપી ગયાં અને કેવળજ્ઞાન થયું.

૨. બદ્ધ (ગાઢ)....

સોયના બંડલને બાંધ્યા પછી જો તેમાંથી સોયને છૂટી પાડવી હોય તો તકલીફ પડે તેમ છે. કારણ ગાઢ બંધાયેલ છે. જેમ મજબુત બંધાયેલી દોરાની ગાંઠને ખોલવા માટે થોડી વધુ તકલીફ પડે છે. એવી જ રીતે એવા કર્મો જે શિથિલ નહીં પણ ગાઢ બંધાયા હોય તેમને 'બદ્ધ' બંધ કહેવાય. તેને ખપાવવા થોડી વધુ મહેનત કરવી પડે. જેમ કે અઇમુત્તામુનિને મહેનત કરવી પડી.

૩. નિધત્ત....

અંદર અંદર ભેજના કારણે કાટ લાગી જતાં ચોંટી ગયેલી સોયોને છૂટી પાડવી જેમ અઘરી છે. રેશમના દોરામાં લગાડેલી પાકી ગાંઠની જેમ કેટલાક કર્મો આત્માની સાથે ખૂબ મજબુતાઈપૂર્વક ગાઢ બંધાય છે. તેને નિધત્ત બંધ કહેવાય છે. આવા કર્મોને ખપાવવા ઉગ્ર તપ આદિ વડે નિર્જરા કરવી પડે છે. જેમ અર્જુનમાલીને કરવી પડી અને બીજાઓને પણ કરવી પડી. ઉપરના બન્ને કરતાં આ નિધત્ત વધુ દૃઢ બંધ છે..

૪. નિકાચિત બંધ -

સોયો કટાઇ જવાથી એકમેક થઇ ગયેલી સોયો જે હવે લોખંડની પ્લેટ જેવી જ થઇ છે તેમાંથી એક સોય છૂટી પાડવી અસંભવ લાગે છે, હથોડીથી ટીપો કે અગ્નિમાં તપાવો તો પણ તે છૂટી પડે તેમ નથી. કારણ એકરસ થઇ ગયેલ છે. રેશમના દોરામાં બાંધેલ મજબૂત પાકી ગાંઠ અને તેના ઉપર પણ મીણ કે તેલ ચઢાવવામાં આવેલ હોય તો ઉઘાડવી અશકય લાગે છે. તેમ કેટલાક કર્મો આત્માની સાથે નિકાચિત બંધાઇ ગયા હોય છે. કે જે હવે ગમે એટલી તપશ્ચર્યા કે ધર્મધ્યાન કરવા છતાં પણ ન ખપી શકે. તે તો ભોગવવા જ પડે. તેને નિકાચિત બંધ કહેવાય. ભગવાન મહાવીરને પણ ૨૭મા ભવે કાનમાં ખીલા ઠોકાયા તે ૧૮માં ભવમાં બંધાયેલા નિકાચિત કર્મ હતા.

આ ચારે પ્રકારના બંધને કપડા ઉપર લાગેલા રંગ કે ડાઘના દૃષ્ટાન્તથી પણ સમજી શકાય છે. એક ડાઘ જે હળદરનો છે તે સ્પૃષ્ટ છે. તડકે મૂકતા ઉડી જાય છે. બીજો જે

ચા વગેરેનો વધુ ગાઢ છે, તેને ધોવા માટે વધારે મહેનત કરવાની છે, ત્રીજો જે કારખાનામાં કામ કરતાં લાગેલ છે તેને ધોવા તો કેરોસીન ઘસવું પડે. અને એવો ચોળમજીઠનો રંગ કપડાને લાગ્યો હોય કે કપડું ફાટે તોય જવો મુશ્કેલ છે, તેવાં નિકાચિત કર્મ છે. જેવા કર્મો બાંધ્યા હોય તેને ખપાવવા સામે તેવી જ મહેનત પણ કરવી પડે છે.



પ્રથમ આત્માની સાથે કર્મ બંધાય છે. ક્ષીરનીરવત્ સંયોગ, અથવા તપ્તાય પિણ્ડવત્ આત્મા અને કર્મનો મેળ થાય છે તે બંધ. પછી તે બંધાયેલા શુભાશુભ કર્મ જયારે ઉદયમાં આવે છે ત્યારે જીવ શાતા-અશાતા (સુખ-દુઃખ) ભોગવે છે તે ઉદય.

અને જાણી જોઇને વર્ષો પછી ઉદયમાં આવનારા કર્મોને આજે જ ઉદયમાં લાવીને, ઉપસર્ગો-પરિષહો સહન કરીને ખપાવવા તે ઉદીરણા કહેવાય.



સત્તા. બંધાયેલા કર્મ સત્તામાં પડયા રહે છે. તીજોરીમાં જેમ હીરા-ઝવેરાત પડયા રહે છે. તેમ બંધાયેલા કર્મ આત્માની તીજોરીમાં પડયા રહે તેને કર્મની સત્તા કહેવામાં આવે છે. (બંધ તત્ત્વને સમજવા માટે પ્રાસંગિક વિવેચન કર્યું છે)

આત્મા અને કર્મમાં પહેલા-પછી કોણ ?

છઠ્ઠા ગણધર શ્રી મંડિક સ્વામીનો પ્રશ્ન હતો કે હે ભગવંત ! જીવ અને કર્મ આ બન્નેમાં પ્રથમ સત્તા કોની માનવી ? પહેલા કોણ હતો અને પછી કોણ ? આ બન્નેમાં શું નિર્ણય કરવો ?

કારણ કે જીવની પહેલા તો કર્મ હોઇ શકે નહીં? અને કર્મ પહેલા આત્માની ઉત્પત્તિ પણ કેવી રીતે ઘટે? અને બન્નેને એક સાથે માનો તો પણ કેમ ચાલે? કરૂણાસાગર શ્રી વીરપ્રભુએ ઉપદેશમાં કહ્યું- હે આસન્ન કલ્યાણી મંડિક !

सताणोऽणाईओ परोप्परं हेउं हेउभावाओ !
देहस्स य कम्मस्स य मंडिय । बीयं-कुराणं व ॥ १८१३ ॥
अत्थि स देहो जो कम्मकारणं जोय कज्जमण्णस्स ।
कम्मं च देहकारणमत्थि य जं कज्जमण्णस्स ॥ १८१४ ॥

હે મંડિક ! આ સંસારમાં જેમ બીજ અને અંકુર ઈંડાં અને મરઘીની પરંપરા અનાદિ છે. આપણે જેમ નિર્ણયાત્મક કહી નથી શકતા કે પહેલાં ઈંડું કે પહેલાં મરઘી ? બીજમાંથી અંકુર ફુટે છે અને અંકુરમાંથી એક દિવસ છેલ્લે ફરી બીજ બને છે. તો પછી પહેલા અંકુર કે પહેલાં બીજ ? એ જ પ્રમાણે અહીંયા તને શંકા થઇ છે કે પહેલા જીવ કે પહેલા કર્મ? અલબત ઈંડામાંથી મરઘીની અને મરઘીમાંથી ઈંડાની જેમ ઉત્પત્તિ છે, જન્ય જનકભાવ સંબંધ છે, તેવો જન્યજનક ભાવ સંબંધ આત્મા અને કર્મમાં નથી. જીવ કર્મમાં નથી. જીવ કર્મનું નિર્માણ કરે છે. પણ કર્મ જીવનું નિર્માણ નથી કરતો. માટે હે મંડિક ! આની અનાદિ સંતાન (પરંપરા) માનવી પડશે. શરીર અને કર્મ એ બન્નેનો પરસ્પર હેતુ-હેતુમદ્‌ભાવ સબંધ છે. માટે અનાદિ પરંપરા જ માનવી પડશે. ઈંડા-મરઘી, બીજ- અંકુરમાં પણ છેલ્લે ક્યાંક તો વિરામ લેવો જ પડશે અટકવું જ પડશે. માટે તે બન્નેની અનાદિતા સ્વીકાર્યા વિના ચાલશે જ નહીં. તે જ પ્રમાણે શરીર અને કર્મની વચ્ચે પણ અનાદિ સંતાન (પરંપરા જ માનવી પડશે.)

શરીર કર્મનું કારણ છે. અને ભૂતકાળના કર્મનું કાર્ય પણ શરીર છે. એ પ્રમાણે ભૂતકાળની પરંપરાનો વિચાર કરતા અનાદિ સંબંધ જ વચ્ચે આવશે. જીવ કર્મનો કર્તા છે. કર્મરૂપ કારણથી જ જીવ શરીરનો પણ કર્તા છે. જેમ કુંભાર દંડ આદિ દ્વારા ઘટને ઉત્પન્ન કરનાર, ઘટ બનાવનાર કર્તા કહેવાય છે. એ જ પ્રમાણે જીવ જ કર્મનો કર્તા છે. શરીરના કરણ વડે પણ કર્મનો કર્તા છે. અને શરીરનો પણ કર્તા છે. માટે કર્મ હતા ત્યારે જીવ પણ હતો જ. અને જીવ હતો ત્યારે કર્મ પણ હતા જ. માટે હે મંડિક જીવ-પહેલા કે કર્મ પહેલાં વગેરે વિચારને અહીંયા અવકાશ નથી રહેતો. એના બદલે બન્નેની પરંપરા (સંતાન) અનાદિ છે. આ પ્રમાણે બન્નેની સત્તા અનાદિ સિદ્ધ થાય છે.

જે કર્મ કરાય છે તેનો જ બંધ છે એટલે કર્મ પરંપરા અનાદિ છે માટે બંધ પણ અનાદિ છે. જીવ-કર્મનો બંધ સંબંધ પણ અનાદિ છે.

કર્મ અતીન્દ્રિય-સૂક્ષ્મ ભલે હોય, પણ સાવ છે જ નહીં. અસિદ્ધ છે એ જો તું કહેતો હોય તો તે યોગ્ય નથી. કારણ કે કારણની સિદ્ધિ કાર્ય દ્વારા થાય છે. કાર્ય જોઇને કારણના

અસ્તિત્વનું અનુમાન સ્પષ્ટ કરી શકાય છે. કોઈને પણ સુખી-દુઃખી જોઈને તેના કારણરૂપે શુભ-અશુભ-કર્મને કારણરૂપે માની શકાય છે. પ્રથમ પ્રમાણ તો શરીરની નિર્મિતિ એ જ પ્રબળ પુરાવો છે. શરીર કર્મજન્ય છે. તેનો કર્તા આત્મા છે. આત્માએ તથાપ્રકારના બંધાયેલા કર્માનુસારે દેહરચના કરી છે. અને દેહથી ફરી કર્મ પણ બાંધ્યા છે. જીવ શરીર એ બન્નેને કોઈ કારણનો સંબંધ હોવો જ જોઈએ. કારણ તેમાં જીવ કર્તા છે, અને શરીર કાર્ય છે, અને બન્ને વચ્ચે કર્મ કારણ છે. જેમ ઘડા માટેકુંભાર, અને દંડ–માટી વગેરેનો સંબંધ છે તેમ.

શરીર વિના તો જીવ સંસારમાં રહેતો જ નથી. અશરીરી જીવ તે તો મુકત કહેવાય છે અને આ સંસારમાં અસંખ્ય પ્રકારના જીવોના ભિન્ન ભિન્ન આકારના શરીરો છે. શરીર-શરીરમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિનો તફાવત ઘણો છે. એકથી બીજામાં જોવા મળે છે. વળી કોઇ બે પગવાળા, કોઇ ચાર પગવાળા, કોઇ ૬, કોઇ ૮, કોઇ ૧૬ કોઇ વગર પગવાળા વગેરે ઘણી જાતના શરીરો છે. જેમાં જીવાત્મા રહે છે. તો આવા પ્રકારની શરીર રચનાનો કર્તા કોણ ? શરીરોની વિચિત્રતા ઘણી મોટી છે. આ વિચિત્રતા કર્મબંધ વિના સંભવ જ નથી. માટે શરીરરૂપી કાર્ય માટે કારણ. તે કર્મ અને તેનો કર્તા આત્માને માનવો જ પડે. આ જન્મના શરીર માટે પૂર્વ-જન્મનું કર્મ કારણ છે. પૂર્વ જન્મના શરીર માટે તેના પણ પૂર્વ જન્મનું કર્મ કારણ છે, તેના પણ પહેલાના શરીર માટે તેનાય પૂર્વભવનું કર્મ કારણરૂપ આ પ્રમાણે પૂર્વ... પૂર્વ... નું શરીર... અને તેની પૂર્વનું કર્મ એમ વિચારતાં અનાદિતા જ સિદ્ધ થશે. અનન્તો કાળ આંખ સામે સિદ્ધ થશે.

બીજુ હે મંડિક ! ધુમાડો જોઈને જેમ કારણરૂપે અગ્નિની અનુમાનથી સિદ્ધિ કરાય છે, કોઇ પણ ફળની પાછળ કારણ હોવું જ જોઈએ. તેમ આ સંસારમાં સુખ-દુઃખના ફળની પાછળ પણ કર્મબંધને કારણ માનવું જ પડશે. દાનાદિ ક્રિયાને પણ કારણ માનવા પડશે.

જીવ કર્મનો સંબંધ....

तो किं जीव नहाण व अह जोगो कंचणो-वलाणं व ? !
जीवस्स य कम्मस्स य भण्णाइ दुविहोऽबि न विसुद्धो ॥

જેમ આપણે બધા આકાશમાં રહીએ છીએ. એટલે આકાશની સાથેનો સંબંધ સર્વેનો છે. અને તે અનાદિ-અનન્ત છે. એ જ પ્રમાણે અભવ્ય પ્રકારના જીવોનો જે કર્મની સાથે સંબંધ છે તે અનાદિ-અનન્ત સંબંધ છે.

पढमोऽत्थाऽभव्वाणं भव्वाणं कंचणो वलाणं व ।
जीवत्ते सामण्णे भव्वोऽभव्वोंत्ति को भेआ ? ॥

જેમ જીવનો આકાશની સાથેનો સંબંધ કયારેય છૂટવાનો જ નથી. તે જ પ્રમાણે

અભવ્ય જીવોનો કર્મની સાથેનો સંબંધ કયારેય છુટવાનો જ નથી. માટે તે કર્મ સંબંધને અનાદિ અનન્ત કહેવામાં આવે છે.

પણ જે ભવ્ય જીવો છે તેમની સાથેના કર્મ સંબંધને સુવર્ણ અને માટીના સંબંધ જેવી ઉપમા આપવામાં આવેલ છે. જેમ ખાણમાં સોનું અને માટીનો સંબંધ અનાદિ છે. પણ બહાર કાઢયા પછી ભઠ્ઠીમાં તપાવીને સુવર્ણ જુદુ પાડીને માટી છુટી પાડી શકાય છે. બન્નેના સંબંધનો અન્ત લાવી શકાય છે. માટે તે સુવર્ણ અને માટીનો સંબંધ અનાદિ સાન્ત છે. એ જ પ્રમાણે ભવ્યજીવોનો કર્મની સાથેનો ભૂતકાળનો સંબંધ અનાદિ જરૂર છે. પણ એક દિવસ તેનો અન્ત આવે છે. અને ભવ્ય જીવ મોક્ષે જાય છે ત્યારે કર્મના સંબંધનો અન્ત આવે છે. માટે ભવ્ય જીવ સાથે કર્મનો સંબંધ અનાદિ સાન્ત છે.

મંડિક સ્વામીની કર્મબંધ સંબંધી શંકાનું સમાધાન....

જીવની સાથે કર્મનો બંધ થાય છે, તે બંધ ક્ષીરનીરવત્ કેવા પ્રકારનો હોય છે? કેટલા પ્રકારનો હોય છે ? બંધ કયા હેતુઓથી થાય છે ? ઈત્યાદિ રીતે ચરમતીર્થપતિ શ્રી વીરપરમાત્માએ મંડિક વશિષ્ઠની શંકાનું સમાધાન કરવા માટે અનેક પ્રમાણોથી જીવની સાથે કર્મના બંધની વાત સમજાવી. અને કહ્યું હે મંડિક ! સશરીરસ્ય આ જે પદ ન હ વૈ ઈત્યાદિ જે વેદ વાકય છે તેમાં જે સશરીરી જીવ છે તેને બાહ્ય અને આભ્યંતર અનાદિ શરીરના સંતાન (પરંપરા) સ્વરૂપ કર્મબંધ કહ્યો છે. તે સ્પષ્ટ છે.

હે મંડિક ! જીવ -કર્મના બંધ નો જ આ સંસાર છે. માટે કર્મ બંધ વિના તો સંસાર સંભવે જ નહીં માટે બંધ તત્ત્વને માનવો જ હિતાવહ છે. પ્રભુના વચનાનુસારે મંડિક કર્મબંધના વિષયમાં તો સમજી ગયા. પણ કર્મના મોક્ષ વિષેની શંકા બાકી છે. તેના વિષે ચર્ચા કરવાની છે.

મંડિકની શંકામાં બે પદાર્થ છે કર્મનો જીવની સાથે બંધ અને મોક્ષ છે કે નહીં ? એટલે મંડિક બન્ને માનતા ન હતા.

આ ચર્ચામાં પ્રથમ તેમને કર્મનો બંધ આત્માની સાથે થાય છે તે સમજાયું અને તેમને પોતાની વિચારધારા બદલી સાચું જ્ઞાન પામ્યા બંધ તત્ત્વ સ્વીકાર્યો.

હવે પછી મોક્ષ તત્ત્વની ચર્ચા-વિચારણા કરીશું. મંડિકની શંકાના વિષયનાં બે વિભાગ પાડયા છે.

(૧) કર્મ બંધ સિદ્ધિ.

(૨) કર્મ મોક્ષ (ક્ષય) સિદ્ધિ.

આ પ્રથમ ભાગમાં ''પ્રથમ કર્મ બંધની સિદ્ધિ''નો વિચાર કર્યો. હવે આગળ ''કર્મ મોક્ષ સિદ્ધિનો વિચાર કરીશું.''

(બંધ તત્ત્વનું પ્રાસંગિક વિવેચન અત્રે કર્યું છે)

卐 શુભં ભવતુ શ્રી સંઘસ્ય. 卐

જ્ઞાનપ્રદાનનું સ્તુત્ય કાર્ય કરી રહ્યા છે. હજારો ગુમરાહ યુવકોના ઉદ્ધારક આપ બન્યા છો. તાત્વિક પ્રવચનોની સાથે-સાથે આપ સિદ્ધહસ્ત લેખકના રૂપમાં જાહેરમાં આવ્યા છો. હિન્દી-ગુજરાતી ભાષામાં આપે અનેક મૌલિક ચિન્તનાત્મક પુસ્તકો લખી પ્રસિદ્ધ કર્યા છે; અનેક આગમો પણ સંપાદિત કરી પ્રગટ કર્યા છે, જે આજે પણ ઘેર-ઘેર વંચાય છે.

અનેક ભાષાઓના જ્ઞાતા બહુમુખી પ્રતિભા સંપન્ન આપશ્રીએ અખિલ ભારતીય સંસ્કૃત પંડિત પરિષદોનું સફળ આયોજન અનેકવાર કરી સંસ્કૃત ભાષામાં દાર્શનિક તત્ત્વોની ચર્ચા-વિચારણા કરી છે. સંસ્કૃતમાં વ્યાખ્યાનો આપી લેખો લખ્યા છે. વિશ્વવિદ્યાલયસ્તરે સેમિનારોમાં ભાગ લીધો છે.

શ્રી હથૂણ્ડી તાતા મહાવીરજી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી સર્વાંગીણ વિકાસ કરાવ્યો છે. અને ત્યાં વિશ્વનું એક અનોખી ભાતનું "શ્રી મહાવીર વાણી સમવસરણ મહામંદિર" સાકાર કરાવ્યું છે. જે અદ્‌ભૂત અને અદ્વિતીય છે. પૂજ્યશ્રીએ સ્વ હસ્તે હથૂણ્ડી તીર્થમાં અને પુના શહેરમાં તથા માતૃઆશિષ સોસા. મુંબઈમાં અંજનશલાકા પ્રતિષ્ઠાઓ કરાવી છે. વર્તમાનમાં પુનાના કાત્રજઘાટમાં "શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન ધ્યાન-યોગ-સાધના કેન્દ્ર "વીરાલયમ્"નું વિરાટ આયોજન હાથ ધર્યું છે. તેને સફળ કરવામાં વ્યસ્ત છે.

પૂજ્યશ્રીએ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ આદિ અનેક રાજ્યોમાં હજારો માઈલોનું વિચરણ કરી શાસન પ્રભાવનાના અનેક કાર્યો કર્યા છે. જયપુર, ઉદયપુર, ઈન્દૌર, મુંબઈ, પુના, વડોદરા, સુરત, અમદાવાદ, બેંગલોર, મદ્રાસ આદિ અનેક શહેરોમાં સફળ યશસ્વી ચાતુર્માસો કર્યા છે. દેશભરના સંઘોમાં, મહોત્સવો, શિબિરો આદિના અનેક આયોજનો પૂજ્યશ્રીની નિશ્રામાં અનેકવાર થયા છે.

'શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર' સંસ્થાની મારફત આપ જ્ઞાન પ્રસાર કાર્ય કરી રહ્યા છો. "શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્રની સંસ્થા મદ્રાસ, બેંગલોર, મુંબઈ, પુના, જોધપુરાદિ શહેરોમાં આપના ઉપદેશથી સ્થપાણી છે. જે સેંકડો સાધર્મિક પરિવારોનો ઉદ્ધાર કરી રહી છે. આવી સંસ્થાઓ અને કાર્યોના આદ્ય પ્રણેતા રહીને આપે દેશમાં ચારે બાજુ જૈન સંઘ-સમાજનું હિત કર્યું છે.

જુગ જુગ જીવો
દીર્ઘાયુષી બનો
અમર બનો ગુરૂદેવ અમારા.











श्री हस्तुण्डी राजा महावीर स्वामी तीर्थ.
पो. कोजागपुर वाया आणी. ज्यरे कालना राज.
पिन कोड: ३०६०००.

प्रकाशक सुत्रः श्री महावीर विद्यार्थी कल्याण के
३४ वसन्तविलास, बीजे माळे,
डी. डी. आठे मार्ग, वी. पी. रोड, प्रार्थना समाज
मुंबई: ४०००८